
# શ્રી પદ્મનંદિ-પંચવિંશતિ



આચાર્યવર શ્રી પદ્મનંદિસ્વામી

પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦

ભગવાનશ્રીકુંદકુંદ-કહાન-જૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૧૮૭

ૐ

શ્રીમત્પદ્મનંદિ-આચાર્ય વિરચિત

શ્રી

# પદ્મનંદિ-પંચવિંશતિ

**(ધાર્મિક અને નૈતિક ૨૬ પ્રકરણોનો સંગ્રહ)**

પં બાલચંદ્ર સિદ્ધાન્તશાસ્ત્રીના હિન્દી અનુવાદનું

ગુજરાતી ભાષાંતર

સહજ ચિદાનંદ.

—: ભાષાંતરકાર :—

**બ્ર૦ વ્રજલાલ ગિરધરલાલ શાહ**

વઢવાણ શહેર

—: પ્રકાશક :—

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

**સોનગઢ**–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

| | | |
|---|---|---|
| પ્રથમ આવૃત્તિ ૧૦૦૦ | વીર સં. ૨૫૨૫ | વિ. સ. ૨૦૫૫ |
| દ્વિતીય આવૃત્તિ ૧૦૦૦ | વીર સં ૨૫૩૪ | વિ. સ. ૨૦૬૪ |


શ્રી પદ્મનંદિ-પંચવિંશતિ (ગુજરાતી)ના

**❋ સ્થાયી પ્રકાશન પુરસ્કર્તા ❋**

શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ,


પાર્લા-સાંતાક્રૂઝ

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા. ૮૫=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા. ૮૦=૦૦ થાય છે. તેમાંથી ૫૦ % શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ–પરિવાર તરફથી કિંમત ઘટાડવામાં આવતાં, આ ગ્રંથની વેચાણ કિંમત રૂા. ૪૦=૦૦ રાખવામાં આવી છે.

કિંમત : રૂા. ૪૦=૦૦

મુદ્રક :
કહાન મુદ્રણાલય
જૈન વિદ્યાર્થી ગૃહ,
સોનગઢ ૩૬૪૨૫૦ ✆ (02846) 244081

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# 'પદ્મનંદિ-પંચવિંશતિ'ના પ્રકાશન પ્રસંગે

## પ્રકાશકીય નિવેદન

આ 'પદ્મનંદિ-પંચવિંશતિ' (ગુજરાતી ભાષાંતર સહિત) પ્રકાશિત કરતાં અતિ હર્ષ થાય છે. આ ગ્રંથની રચના વિક્રમની ૧૧મી સદીમાં થઈ હોય તેમ સંભવે છે. અનેક જૂની પ્રતોના આધારે પ્રો૦ એ. એન. ઉપાધ્યે અને પ્રો૦ હીરાલાલ જૈને આ ગ્રન્થનું સંપાદન કરેલ અને તેનો હિંદી ભાષામાં અનુવાદ પં. બાલચંદ્ર સિદ્ધાન્તશાસ્ત્રીએ કરેલ, જે 'જીવરાજ ગ્રંથમાલા'માં પ્રકાશિત થયેલ તેના ઉપરથી આ ગુજરાતી ભાષાંતર બ્ર૦ વ્રજલાલ ગિરધરલાલ શાહે (વઢવાણ શહેર) કરી આપેલ છે. બ્રહ્મચારી ભાઈ શ્રી વજુભાઈએ આ ઉપરાંત બીજાં અનેક શાસ્ત્રોનાં ભાષાંતર નિસ્પૃહપણે કરેલ છે. તે બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે.

આ શાસ્ત્રના શ્લોકનાં, ઉદ્ધરણ અનેક દિગંબર શાસ્ત્રોમાં જોવામાં આવે છે, તેથી એમ ફલિત થાય છે કે તેમના પછી થયેલ દિગંબર સંતોએ આ શાસ્ત્રને આધારભૂત ગણ્યું છે. વર્તમાનમાં પણ આ શાસ્ત્રના અનેક શ્લોકો વિદ્વદ્વર્ગમાં અતિશય પ્રચલિત છે.

પ્રસ્તુત શાસ્ત્ર પદ્મનંદિસ્વામી વિરચિત છવ્વીસ લઘુ ગ્રંથોનો સંગ્રહ છે. પ્રત્યેક ગ્રંથમાં વિષયને અનુસરીને નૈતિક અને ધાર્મિક રીતે વિષયનું માર્મિક પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જેનો રસાસ્વાદ સ્વાધ્યાયપૂર્વક કરવા વાચકવર્ગને ભલામણ છે. પ્રતિપાદનની શૈલી ઘણી જ સરળ અને રુચિકર છે. બે સ્તુતિ (૧૩-૧૪) પ્રાકૃત ભાષામાં રચેલી છે. બાકીની તમામ રચના સંસ્કૃત શ્લોકોમાં છે. કુલ ૯૩૯ પદોનો સંગ્રહ આ ગ્રંથમાં છે.

આ ગ્રન્થ, શ્રી જીવરાજ ગ્રંથમાલા પ્રકાશિત હિંદી અનુવાદ પરથી, ગુજરાતી મુમુક્ષુ સમાજને માતૃભાષામાં સમજી શકાય તે હેતુથી, પ્રકાશિત કરવામાં આવેલ છે, તેથી ઉક્ત ગ્રંથમાલાના અધિકારીવર્ગનો તથા હિંદી અનુવાદકનો આભાર માનવામાં આવે છે. ગુજરાતી ભાષાંતર સહિત આ શાસ્ત્ર પ્રથમવાર આ પહેલાં શ્રી વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગરથી પ્રકાશિત થયેલ છે.

પરમપૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકારપ્રતાપે મુમુક્ષુ સમાજમાં અધ્યાત્મતત્ત્વની રુચિનો પ્રસાર ઘણો થયેલ છે. મુમુક્ષુઓની રુચિના પોષણ અર્થે આ ટ્રસ્ટ દ્વારા અધ્યાત્મપ્રધાન શાસ્ત્રોનાં પ્રકાશનનું કાર્ય અવિરતપણે પ્રવર્તી રહ્યું છે. તે અંતર્ગત શ્રી 'પદ્મનંદિ-પંચવિંશતિ' ગુજરાતી ભાષાંતરની આ આવૃત્તિ પ્રસિદ્ધ થઈ રહી છે. વર્તમાનમાં જે કાંઈ પભાવના, અને અનેક જીવોની આધ્યાત્મિક વિષયમાં રુચિ થઈ છે તે પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય ભગવતી માતા (બહેનશ્રી ચંપાબેન)ના ધર્મોપકારને જ આભારી છે.

અંતમાં આ પવિત્ર શાસ્ત્ર–“જેને આત્મજ્ઞ સત્પુરુષ શ્રી રાજચંદ્રજીએ ‘વનશાસ્ત્ર’ કહ્યું છે”—નો સ્વાધ્યાય કરી મુમુક્ષુ જીવ આત્મકલ્યાણ પામે એ જ ભાવના.

દશલક્ષણપર્યુષણપર્વ
વિ. સં. ૨૦૫૫

સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

# પ્રકાશકીય નિવેદન

(દ્વિતીય આવૃત્તિ પ્રસંગે)

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ખપી જવાથી તેની દ્વિતીય આવૃત્તિ ફરી છપાવવામાં આવેલ છે. આગળની આવૃત્તિમાં જે મુદ્રણ-અશુદ્ધિઓ હતી તે સુધારીને આ આવૃત્તિ મુદ્રિત કરવામાં આવી છે. આ ગ્રંથના પઠન-પાઠનથી મુમુક્ષુજીવ આત્મલક્ષી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી આત્માર્થને વિશેષ પુષ્ટ કરે એ જ ભાવના.

વિ. સં. ૨૦૬૪
કારતક સુદ એકમ

સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

[ ૫ ]

# વિષય-સૂચી


| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| **૧. ધર્મોપદેશામૃત** | **૧-૧૯૮** | **૧ થી ૯૮** |
| આદિ જિનેન્દ્રનું સ્મરણ | ૧-૪ | ૧-૩ |
| શાન્તિનાથનું સ્મરણ | ૫ | ૪ |
| ધર્મોપદેષ્ટા જિનદેવનું સ્મરણ | ૬ | ૪ |
| ધર્મનું સ્વરૂપ અને તેના ભેદ | ૭ | ૪ |
| ધર્મના મૂળભૂત દયા ધારણાની પ્રેરણા | ૮ | ૫ |
| પ્રાણીઓના વધમાં પિતૃ આદિના વધનો દોષ સંભવે છે | ૯ | ૬ |
| જીવનનું દાન સર્વશ્રેષ્ઠ દાન છે. | ૧૦ | ૬ |
| દયા વિના દાન, તપ અને ધ્યાનાદિ નિરર્થક છે | ૧૧ | ૭ |
| મુનિધર્મનું આલંબન સદ્‌ગૃહસ્થ છે. | ૧૨ | ૭ |
| ગૃહસ્થાશ્રમનું સ્વરૂપ | ૧૩ | ૮ |
| ગૃહસ્થધર્મના અગિયાર સ્થાનોનો નિર્દેશ | ૧૪ | ૮ |
| સમસ્ત વ્રતવિધાન વ્યસનોના પરિત્યાગ ઉપર નિર્ભર છે | ૧૫ | ૯ |
| મહાપાપસ્વરૂપ સાત વ્યસનોનો નામ નિર્દેશ | ૧૬ | ૧૦ |
| દ્યૂત (જુગાર) સર્વ વ્યસનોમાં મુખ્ય છે | ૧૭-૧૮ | ૧૦-૧૧ |
| માંસનું સ્વરૂપ અને તેના ભક્ષણમાં નિર્દયતા | ૧૯-૨૦ | ૧૧-૧૨ |
| મદ્યનું સ્વરૂપ અને મદ્યપાનથી થતી હાનિ | ૨૧-૨૨ | ૧૨-૧૩ |
| ધોબીની શિલા સમાન વેશ્યાઓ નરકનું દ્વાર છે | ૨૩-૨૪ | ૧૩-૧૪ |
| શિકારમાં નિર્દયતાથી દીન હીન પ્રાણીઓનો વ્યર્થ વધ કરવામાં આવે છે. | ૨૫-૨૬ | ૧૪-૧૫ |
| પરવધ અને દગાબાજીનું ફળ પરભવમાં તે જ રીતે ભોગવવું પડે છે. | ૨૭-૨૮ | ૧૫ |
| પરસ્ત્રી અને પરધનના અનુરાગથી થતી હાનિ | ૨૯-૩૦ | ૧૬ |
| ઉક્ત દ્યૂતાદિ સાત વ્યસનોને કારણે કષ્ટ પ્રાપ્ત થયેલ યુધિષ્ઠિર આદિના ઉદાહરણ | ૩૧ | ૧૭ |
| વ્યસન સાત જ નથી બીજા પણ અનેક છે. | ૩૨ | ૨૨ |
| વ્યસનોથી થતી હાનિ બતાવીને તેમનાથી વિમુખ રહેવાની પ્રેરણા | ૩૩ | ૨૨ |
| મિથ્યાદૃષ્ટિ આદિનો સંગ છોડીને સત્પુરુષોના સંગની પ્રેરણા | ૩૪-૩૫ | ૨૩ |
| કળિકાળમાં દુષ્ટોની વચ્ચે સાધુજનોનું (સજ્જનોનું) જીવિત રહેવું મુશ્કેલ છે. | ૩૬ | ૨૪ |
| દુર્જનની સંગતિની અપેક્ષાએ તો મરવું સારું છે | ૩૭ | ૨૪ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
| --- | --- | --- |
| મુનિધર્મનું સ્વરૂપ | ૩૮ | ૨૪ |
| ચેતન આત્માને છોડી પરમાં અનુરાગ કર્મબંધનું કારણ છે. | ૩૯ | ૨૫ |
| મૂળગુણો વિના ઉત્તરગુણોના પાલનનો પ્રયત્ન ઘાતક છે. | ૪૦ | ૨૫ |
| વસ્ત્રના દોષ દેખાડીને દિગંબરત્વની પ્રશંસા | ૪૧ | ૨૬ |
| કેશલોચ વૈરાગ્યાદિને વધારનાર છે. | ૪૨ | ૨૬ |
| સ્થિતિભોજનની પ્રતિજ્ઞા | ૪૩ | ૨૭ |
| સમતાભાવ | ૪૪-૪૫ | ૨૭-૨૮ |
| પ્રમાદ રહિત થઈને એકાન્તવાસની પ્રતિજ્ઞા | ૪૬ | ૨૮ |
| સંસારનું સ્વરૂપ જોઈને હર્ષ-વિષાદની વ્યર્થતા | ૪૭ | ૨૮ |
| રાગ-દ્વેષના પરિત્યાગ વિના સંવર અને નિર્જરા સંભવિત નથી | ૪૮ | ૨૯ |
| સંસારસમુદ્રથી પાર થવાની સામગ્રી | ૪૯ | ૨૯ |
| મોહને કૃશ કર્યા વિના તપ આદિનો ક્લેશ સહેવો વ્યર્થ છે | ૫૦ | ૩૦ |
| જે કષાયોનો નિગ્રહ કરતો નથી તેના પરિષહ સહવા માયાચાર છે | ૫૧ | ૩૦ |
| સમસ્ત અનર્થોનું કારણ અર્થ (ધન) જ છે | ૫૨ | ૩૧ |
| શય્યા માટે ઘાસ આદિની પણ અપેક્ષા રાખવાથી નિર્ગ્રન્થપણું નાશ પામે છે | ૫૩ | ૩૧ |
| ક્રોધાદિથી કદાચિત્ અને પરિગ્રહથી શાશ્વત કર્મનો બંધ થાય છે | ૫૪ | ૩૧ |
| મોક્ષની પણ અભિલાષા તેની પ્રાપ્તિમાં બાધક છે | ૫૫ | ૩૨ |
| પરિગ્રહાદિની નિંદા | ૫૬ | ૩૨ |
| સાધુ પ્રશંસા | ૫૭-૫૮ | ૩૩ |
| આચાર્યનું સ્વરૂપ | ૫૯-૬૦ | ૩૩-૩૪ |
| ઉપાધ્યાયનું સ્વરૂપ | ૬૧ | ૩૪ |
| સાધુઓનું સ્વરૂપ અને તેમની સહનશીલતા | ૬૨-૬૬ | ૩૫-૩૬ |
| આત્મજ્ઞાન વિના કરવામાં આવેલ કાયક્લેશ ધાન્યરહિત ખેતરની રક્ષા કરવા સમાન વ્યર્થ છે | ૬૭ | ૩૭ |
| મુનિઓની પૂજા જિનાગમ અને જિનપૂજાની જેમ જ ફળપ્રદ છે | ૬૮ | ૩૭ |
| તીર્થનું સ્વરૂપ | ૬૯ | ૩૮ |
| રત્નત્રયધારક મુનિનો તિરસ્કાર કરનાર નરકના પાત્ર થાય છે | ૭૦ | ૩૮ |
| મુનિઓની સ્તુતિ અસંભવ છે | ૭૧ | ૩૮ |
| વ્યવહારસમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ અને તે ત્રણે વિના મુક્તિની અસંભવના | ૭૨-૭૬ | ૩૯-૪૧ |
| સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર મિથ્યા કહેવાય છે | ૭૭ | ૪૧ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| રત્નત્રય પ્રશંસા | ૭૮ | ૪૨ |
| ઉક્ત સમ્યગ્દર્શનાદિ આત્મસ્વરૂપ છે | ૭૯ | ૪૨ |
| શુદ્ધનયનું આત્મતત્ત્વ અખંડ છે | ૮૦ | ૪૨ |
| નિશ્ચય સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ | ૮૧ | ૪૩ |
| ઉત્તમ ક્ષમાનું સ્વરૂપ | ૮૨ | ૪૩ |
| ક્રોધ મુનિધર્મનો વિઘાતક છે | ૮૩ | ૪૪ |
| ક્રોધના કારણો ઉપસ્થિત થતાં મુનિજન શું વિચાર કરે છે | ૮૪-૮૬ | ૪૪-૪૫ |
| માર્દવ ધર્મનું સ્વરૂપ | ૮૭-૮૮ | ૪૫-૪૬ |
| આર્જવ ધર્મનું સ્વરૂપ | ૮૯-૯૦ | ૪૬ |
| સત્ય વચનનું સ્વરૂપ અને તેની ઉપાદેયતા | ૯૧-૯૩ | ૪૭ |
| શૌચ ધર્મનું સ્વરૂપ અને બાહ્ય શૌચનું અકિંચિત્કરપણું | ૯૪-૯૫ | ૪૮ |
| સંયમનું સ્વરૂપ અને તેની ઉપાદેયતા | ૯૬-૯૭ | ૪૮-૪૯ |
| તપનું સ્વરૂપ અને તેની ઉપાદેયતા | ૯૮-૧૦૦ | ૪૯-૫૧ |
| ત્યાગ અને આકિંચન્યનું સ્વરૂપ | ૧૦૧ | ૫૧ |
| મુનિઓની દુર્લભતા | ૧૦૨ | ૫૨ |
| મમત્વના અભાવમાં શરીર અને શાસ્ત્ર આદિને પરિગ્રહ કહી શકાતો નથી | ૧૦૩ | ૫૨ |
| બ્રહ્મચર્યનું સ્વરૂપ અને તેના ધારકોની પ્રશંસા | ૧૦૪-૫ | ૫૩ |
| આ દસ ધર્મ મોક્ષમહેલમાં જવા માટે નીસરણીના પગથિયા સમાન છે. | ૧૦૬ | ૫૪ |
| સ્વાસ્થ્યનું સ્વરૂપ | ૧૦૭ | ૫૪ |
| ચિદ્રૂપનું સ્વરૂપ | ૧૦૮ | ૫૫ |
| મુક્તિનું સ્વરૂપ | ૧૦૯ | ૫૫ |
| અતીન્દ્રિય આત્મા સંબંધી કાંઈક કહેવાની પ્રતિજ્ઞા | ૧૧૦ | ૫૫ |
| શૃંગારાદિ પ્રધાન કાવ્ય અને તેમની રચના કરનાર કવિઓની નિન્દા | ૧૧૧-૧૩ | ૫૬-૫૭ |
| સ્ત્રી શરીરનું સ્વરૂપ | ૧૧૪-૧૫ | ૫૭ |
| સ્ત્રીની ભયંકરતા | ૧૧૬-૧૮ | ૫૮ |
| મોહનો મહિમા દેખાડી તેના ત્યાગનો ઉપદેશ | ૧૧૯-૨૩ | ૫૯-૬૦ |
| વીતરાગ અને સર્વજ્ઞ આપ્તનું જ વચન પ્રમાણ હોઈ શકે છે, તેમના વચનમાં સંદેહ કરવો એ મૂર્ખાઈ છે | ૧૨૪-૨૫ | ૬૧ |
| અનેક ભેદ-પ્રભેદરૂપ સમસ્ત શ્રુતમાં આત્માને જ ઉપાદેય કહ્યો છે. | ૧૨૬-૨૭ | ૬૨ |
| પરોક્ષ પદાર્થના વિષયમાં જિનવચનને પ્રમાણ માનવું જોઈએ | ૧૨૮ | ૬૩ |
| જ્ઞાનનો મહિમા | ૧૨૯-૩૧ | ૬૩-૬૪ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| અર્થપરિજ્ઞાનનું કારણ જિનવાણી છે | ૧૩૨ | ૬૫ |
| આત્માનું જ નામ ધર્મ છે | ૧૩૩ | ૬૫ |
| માધ્યમિક આદિ અન્ય વાદીઓ દ્વારા કલ્પિત આત્માના સ્વરૂપનો નિર્દેશ કરીને તેના યથાર્થ સ્વરૂપનું દિગ્દર્શન | ૧૩૪ | ૬૬ |
| આત્માના અસ્તિત્વની સિદ્ધિ | ૧૩૫-૩૬ | ૬૭-૬૮ |
| અન્ય વાદીઓ દ્વારા પરિકલ્પિત આત્માના વ્યાપકત્વ આદિનું નિરાકરણ | ૧૩૭ | ૬૮ |
| આત્માનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ | ૧૩૮ | ૭૦ |
| તે આત્માનું સ્વરૂપ નય-પ્રમાણાદિનો આશ્રયથી ગ્રહણ કરવું જોઈએ | ૧૩૯ | ૭૧ |
| રાગ-દ્વેષના પરિત્યાગનો ઉપદેશ | ૧૪૦-૧૪૫ | ૭૩-૭૫ |
| પરમાત્મા આ જ શરીરની અંદર સ્થિત છે | ૧૪૬ | ૭૫ |
| પર પદાર્થોમાં ઇષ્ટાનિષ્ટ કલ્પનાનો નિષેધ | ૧૪૭-૪૯ | ૭૬ |
| તત્ત્વવિત્ કોણ છે? | ૧૫૦ | ૭૭ |
| સુખ-દુઃખનો અવિવેક | ૧૫૧ | ૭૭ |
| આત્માને પરથી ભિન્ન સમજવો એ જ સમસ્ત ઉપદેશનું રહસ્ય છે | ૧૫૨ | ૭૭ |
| યોગીનું સ્વરૂપ | ૧૫૩ | ૭૮ |
| પરથી ભિન્ન આત્મતત્ત્વનો વિચાર અને તેનું ફળ | ૧૫૪-૬૧ | ૭૮-૮૨ |
| ગુરુનો ઉપદેશ દિવ્ય અમૃત સમાન છે | ૧૬૨ | ૮૨ |
| યોગી-પથિકોનું સ્વરૂપ અને તેમને નમસ્કાર | ૧૬૩ | ૮૩ |
| તે ધર્મનું વર્ણન કેવળી જ કરી શકે છે | ૧૬૪ | ૮૩ |
| આ ધર્મ-રસાયણ મિથ્યાત્વાદિ બંધકારણોનો પરિત્યાગ કરતાં જ પ્રાપ્ત થઈ શકે છે | ૧૬૫ | ૮૩ |
| મનુષ્ય પર્યાય અને ઉત્તમ કુળ આદિ દુર્લભ છે, તો પછી તે પામીને પણ ધર્મ ન કરવો એ મૂર્ખાઈ છે | ૧૬૬-૬૯ | ૮૪-૮૫ |
| શરીરને સ્વસ્થ અને આયુષ્યને દીર્ઘ સમજીને ભવિષ્યમાં ધર્માચરણ કરવાનો વિચાર કરવો તે નિતાન્ત જડતા છે | ૧૭૦ | ૮૫ |
| અવસ્થા સાથે ઘણું કરીને તૃષ્ણા પણ વધે જ છે | ૧૭૧-૭૨ | ૮૬ |
| પરીવર્તનશીલ સંસારમાં જીવન અને ધનાદિની નશ્વરતા | ૧૭૩-૭૬ | ૮૭-૮૮ |
| મૃત્યુ અનિવાર્ય હોવાથી વિવેકીજનો તેને માટે શોક કરતા નથી | ૧૭૭ | ૮૮ |
| ધર્મનું ફળ | ૧૭૮-૮૧ | ૮૯-૯૦ |
| ધર્મની રક્ષાથી જ આત્મરક્ષા સંભવે છે | ૧૮૨-૮૩ | ૯૦-૯૧ |
| ધર્મનો મહિમા | ૧૮૪-૯૬ | ૯૧-૯૬ |
| પ્રકરણના અંતે ગ્રન્થકારની ગુરુ પાસે વર યાચના | ૧૯૭ | ૯૭ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| ધર્મોપદેશામૃત-પાનની પ્રેરણા | ૧૯૮ | ૯૭ |
| **૨. દાનોપદેશના** | **૧–૫૪** | **૯૯–૧૨૨** |
| વ્રત-તીર્થના પ્રવર્તક આદિ જિનેન્દ્ર અને દાન-તીર્થના પ્રવર્તક શ્રેયાંસ રાજાનું સ્મરણ | ૧ | ૯૯. |
| શ્રેયાંસ રાજાની પ્રશંસા | ૨-૩ | ૧૦૦ |
| લોભી જીવોના ઉદ્ધાર અર્થે દાનોપદેશની પ્રતિજ્ઞા | ૪ | ૧૦૧ |
| સત્પાત્રદાન મોહનો નાશ કરીને મનુષ્યને સદ્‌ગૃહસ્થ બનાવે છે | ૫-૬ | ૧૦૧ |
| ધનની સફળતા દાનમાં છે | ૭ | ૧૦૨ |
| સત્પાત્રદાનથી દ્રવ્ય વડના બીજ સમાન વધે જ છે | ૮ | ૧૦૩ |
| ભક્તિથી આપવામાં આવેલું દાન દાતા અને પાત્ર બન્નેને માટે હિતકર થાય છે | ૯ | ૧૦૩ |
| દાનનો મહિમા | ૧૦-૧૬ | ૧૦૩-૧૦૬ |
| સત્પાત્રદાન વિના ગૃહસ્થ જીવન નિષ્ફળ છે | ૧૭ | ૧૦૬ |
| દાન વિના વૈભવની નિષ્ફળતાનાં ઉદાહરણ | ૧૮ | ૧૦૭ |
| દાન વશીકરણ મંત્ર સમાન છે | ૧૯ | ૧૦૭ |
| દાનજનિત પુણ્યની રાજ્ય લક્ષ્મી સાથે તુલના | ૨૦ | ૧૦૭ |
| દાન વિના મનુષ્યભવની વિફળતા | ૨૧-૨૨ | ૧૦૮ |
| દાન રહિત વૈભવની અપેક્ષાએ તો નિર્ધનતા જ શ્રેષ્ઠ છે | ૨૩ | ૧૦૯ |
| દાન વિના ગૃહસ્થાશ્રમની વ્યર્થતા | ૨૪-૨૫ | ૧૦૯ |
| સત્પાત્રદાન પરલોકયાત્રામાં નાશ્તા સમાન છે | ૨૬ | ૧૧૦ |
| દાનનો સંકલ્પ માત્ર પણ પુણ્યવર્ધક છે | ૨૭ | ૧૧૦ |
| પાત્ર આવતાં દાનાદિથી તેનું સન્માન ન કરવું એ અશિષ્ટતા છે | ૨૮ | ૧૧૦ |
| દાન વિનાનો દિવસ પુત્રના મૃત્યુદિનથી પણ ખરાબ છે | ૨૯ | ૧૧૧ |
| ધર્મના નિમિત્તે થતા સર્વ વિકલ્પો દાનથી જ સફળ થાય છે | ૩૦ | ૧૧૧ |
| દાન વિના પણ પોતાને દાની તરીકે પ્રગટ કરનાર મહાન દુઃખનું પાત્ર થાય છે | ૩૧ | ૧૧૨ |
| પોતાની સમ્પત્તિ અનુસાર ગૃહસ્થે થોડું ઘણું દાન દેવું જોઈએ | ૩૨ | ૧૧૨ |
| દાનની અનુમોદનાથી મિથ્યાદૃષ્ટિ પશુ પણ ઉત્તમ ભોગભૂમિ પ્રાપ્ત કરે છે. | ૩૩ | ૧૧૩ |
| દાનરહિત મનુષ્યના અવિવેકનું ઉદાહરણ | ૩૪-૩૬ | ૧૧૩-૧૧૪ |
| જે ધન દાનના ઉપયોગમાં આવે છે તે જ ધન વાસ્તવમાં પોતાનું છે | ૩૭ | ૧૧૫ |
| ધનનો ક્ષય પુણ્યના ક્ષયથી થાય છે, નહિ કે દાનથી | ૩૮ | ૧૧૫ |
| લોભ બધા જ ઉત્તમ ગુણોનો ઘાતક છે | ૩૯ | ૧૧૫ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| દાનથી જેની કીર્તિનો ફેલાવો થયો નથી તે જીવવા છતાં મૃતક સમાન છે | ૪૦ | ૧૧૬ |
| મનુષ્યભવની સફળતા દાનમાં છે, અન્યથા ઉદરપૂર્તિ તો કૂતરા પણ કરે છે | ૪૧ | ૧૧૬ |
| દાન સિવાય અન્ય પ્રકારે કરવામાં આવતો ધનનો ઉપયોગ કષ્ટદાયક છે | ૪૨ | ૧૧૭ |
| પ્રાણી સાથે પરલોકમાં ધર્મ જ જાય છે, નહિ કે ધન | ૪૩ | ૧૧૭ |
| સર્વ અભિષ્ટ સામગ્રી પાત્રદાનથી જ પ્રાપ્ત થાય છે | ૪૪ | ૧૧૮ |
| જે વ્યક્તિ ધનનો સંચય અને પુત્રવિવાહાદિ લક્ષ્યમાં રાખીને ભવિષ્યમાં દાનની ભાવના રાખે છે તેના જેવો મૂર્ખ બીજો નથી | ૪૫ | ૧૧૮ |
| કૃપણ ગૃહસ્થથી તો કાગડો પણ સારો છે | ૪૬ | ૧૧૮ |
| કૃપણના ધનની સ્થિરતા ઉપર ગ્રન્થકારની કલ્પના | ૪૭ | ૧૧૯ |
| ઉત્તમ પાત્ર આદિનું સ્વરૂપ અને તેમને આપેલા દાનનું ફળ | ૪૮-૪૯ | ૧૧૯-૧૨૦ |
| દાનના ચાર ભેદ | ૫૦ | ૧૨૦ |
| જિનાલય માટે કરવામાં આવેલું ભૂમિદાન સંસ્કૃતિની સ્થિરતાનું કારણ છે | ૫૧ | ૧૨૦ |
| કૃપણને દાનનો ઉપદેશ રુચતો નથી, તે તો આસન્નભવ્યને જ પ્રીતિ ઉત્પન્ન કરે છે | ૫૨-૫૩ | ૧૨૧ |
| પ્રકરણના અંતે ગુરુ વીરનન્દીના ઉપકારનું સ્મરણ | ૫૪ | ૧૨૨ |
| **૩. અનિત્યપંચાશત્** | **૧–૫૫** | **૧૨૩–૧૪૭** |
| પ્રકરણના આરંભમાં જિનનું સ્મરણ | ૧ | ૧૨૩ |
| શરીરનું સ્વરૂપ અને તેની અસ્થિરતા | ૨-૩ | ૧૨૩-૧૨૪ |
| શરીરાદિ સ્વભાવથી અસ્થિર હોવાથી તેમનો હર્ષ-શોક માનવો યોગ્ય નથી | ૪-૩૦ | ૧૨૪-૧૩૫ |
| યમ સર્વત્ર વિદ્યમાન છે. | ૩૧ | ૧૩૬ |
| ઉદય પ્રાપ્ત કર્મનું ફળ બધાને ભોગવવું પડે છે | ૩૨ | ૧૩૬ |
| દૈવની પ્રબળતાનું ઉદાહરણ | ૩૩ | ૧૩૭ |
| મૃત્યુનો ગ્રાસ થવા છતાં પણ અજ્ઞાની જીવો સ્થિરતાનો અનુભવ કરે છે. | ૩૪-૪૧ | ૧૩૭-૧૪૦ |
| સંસારની પરીવર્તનશીલતા જોઈને ગર્વનો અવસર રહેતો નથી | ૪૨-૪૩ | ૧૪૧ |
| મનુષ્ય સમ્પત્તિ માટે કેવા અનર્થ કરે છે | ૪૪ | ૧૪૨ |
| શોકથી થનારી હાનિનું દિગ્દર્શન | ૪૫ | ૧૪૨ |
| આપત્તિસ્વરૂપ સંસારમાં વિષાદ કરવો ઉચિત નથી | ૪૬ | ૧૪૩ |
| જીવનાદિને નશ્વર દેખીને પણ આત્મહિત ન કરવું એ પાગલપણાનું સૂચક છે | ૪૭ | ૧૪૩ |
| મૃત્યુ પાસે કોઈ પણ પ્રયત્ન ચાલતો નથી | ૪૮ | ૧૪૪ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| મનુષ્ય સ્ત્રી-પુત્રાદિમાં 'મારા-મારા' કરતો થકો કાળનો કોળિયો બની જાય છે. | ૪૯ | ૧૪૪ |
| દિવસોને મૃત્યુ દ્વારા વિભક્ત આયુષ્યના ખંડ જ ગણવા જોઈએ | ૫૦ | ૧૪૫ |
| બીજાની તો શી વાત? ઇન્દ્ર અને ચન્દ્ર પણ મૃત્યના ગ્રાસ બને છે | ૫૧ | ૧૪૫ |
| સંયોગ-વિયોગ અને જન્મ-મરણાદિ અવિનાભાવી છે | ૫૨ | ૧૪૫ |
| દૈવની પ્રબળતા જોઈને ધર્મમાં રત થવું જોઈએ | ૫૩-૫૪ | ૧૪૬ |
| અનિત્ય પંચાશત્ જયવંત હો | ૫૫ | ૧૪૭ |
| **૪. એકત્વસપ્તતિ** | **૧–૮૦** | **૧૪૮–૧૭૦** |
| પરમાત્મા અને ચિદાત્મક જ્યોતિને નમસ્કાર | ૧-૩ | ૧૪૮ |
| ચિત્તત્વ પ્રત્યેક પ્રાણીમાં છે, પણ અજ્ઞાની તેને જાણતા નથી | ૪ | ૧૪૯ |
| અનેક શાસ્ત્રોને જાણનાર પણ તેને કાષ્ટમાં સ્થિત અગ્નિની જેમ જાણતા નથી | ૫ | ૧૪૯ |
| કેટલાક સમજાવવા છતાં પણ તેનો સ્વીકાર નથી કરતા | ૬ | ૧૪૯ |
| કેટલાક અનેકાન્તાત્મક વસ્તુસ્વરૂપનું એકાન્તરૂપે ગ્રહણ કરીને જન્માંધ પુરુષોની જેમ નષ્ટ થાય છે | ૭ | ૧૪૯ |
| કેટલાક થોડુંક જાણીને પણ તેનું અભિમાન વશે ગ્રહણ કરતા નથી | ૮ | ૧૫૦ |
| લોકોએ ધર્મનું સ્વરૂપ વિકૃત કરી નાખ્યું છે | ૯ | ૧૫૧ |
| ક્યો ધર્મ યથાર્થ છે | ૧૦ | ૧૫૧ |
| ચૈતન્યનું જ્ઞાન અને તેનો સંયોગ દુર્લભ છે | ૧૧ | ૧૫૧ |
| ભવ્ય જીવ પાંચ લબ્ધિઓ પામીને મોક્ષમાર્ગમાં સ્થિત થાય છે | ૧૨ | ૧૫૧ |
| મુક્તિના કારણભૂત સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ | ૧૩-૧૪ | ૧૫૩ |
| શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ તે સમ્યગ્દર્શનાદિ ભિન્ન ન હોતાં અખંડ આત્મસ્વરૂપ છે | ૧૫ | ૧૫૩ |
| પ્રમાણ, નય અને નિક્ષેપ અર્વાચીન પદમાં ઉપયોગી છે | ૧૬ | ૧૫૩ |
| નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિમાં આત્માવલોકન | ૧૭ | ૧૫૪ |
| જે એક અખંડ આત્માને જાણે છે તે જ મુક્તિ પામે છે | ૧૮-૧૯ | ૧૫૪ |
| કેવળજ્ઞાન-દર્શનસ્વરૂપ આત્મા જ જાણવા દેખવા યોગ્ય છે | ૨૦-૨૧ | ૧૫૪-૧૫૫ |
| યોગી ગુરુ ઉપદેશથી આત્માને જાણીને કૃતકૃત્ય થઈ જાય છે | ૨૨ | ૧૫૫ |
| જે પ્રેમથી તે પરમ જ્યોતિની વાત પણ સાંભળે છે તે મુક્તિનું ભાજન ભવ્ય છે એમ સમજવું જોઈએ. | ૨૩ | ૧૫૫ |
| જે કર્મથી ભિન્ન એક આત્માને જાણે છે તે તેનું સ્વરૂપ પ્રાપ્ત કરી લે છે. | ૨૪ | ૧૫૫ |
| પરનો સંબંધ બંધનું કારણ છે | ૨૫ | ૧૫૬ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| કર્મના અભાવમાં આત્મા એવો શાન્ત થઈ જાય છે જેવો વાયુના અભાવમાં સમુદ્ર | ૨૬ | ૧૫૬ |
| આત્મ-પરનો વિચાર | ૨૭-૩૮ | ૧૫૬-૧૫૯ |
| તે જ આત્મજ્યોતિ જ્ઞાન-દર્શનાદિરૂપ સર્વસ્વ છે | ૩૯-૫૨ | ૧૬૦-૧૬૩ |
| મોક્ષની પણ ઇચ્છા મોક્ષપ્રાપ્તિમાં બાધક છે | ૫૩ | ૧૬૩ |
| ભવ્ય જીવે ચૈતન્યસ્વરૂપ આત્માનો વિચાર કરી જન્મપરંપરા નષ્ટ કરવી જોઈએ. | ૫૪-૫૭ | ૧૬૩-૧૬૪ |
| અનેક રૂપોને પ્રાપ્ત તે પરમજ્યોતિનું વર્ણન કરવું સંભવ નથી | ૫૮-૬૧ | ૧૬૪-૧૬૫ |
| જે જીવ તે આત્મતત્ત્વનો વિચાર જ કરે છે તે દેવો દ્વારા પૂજાય છે | ૬૨ | ૧૬૬ |
| સર્વજ્ઞદેવે તે પરમજ્યોતિની પ્રાપ્તિનો ઉપાય સામ્યભાવ બતાવ્યો છે | ૬૩ | ૧૬૬ |
| સામ્યના સમાનાર્થક નામ અને તેનું સ્વરૂપ | ૬૪-૬૯ | ૧૬૬-૧૬૭ |
| સમતા-સરોવરના આરાધક આત્મ-હંસને નમસ્કાર | ૭૦ | ૧૬૭ |
| જ્ઞાની જીવને તાપકારી મૃત્યુ પણ અમૃત (મોક્ષ)ના સંગનું કારણ છે | ૭૧ | ૧૬૮ |
| વિવેક વિના મનુષ્ય પર્યાય આદિની વ્યર્થતા | ૭૨ | ૧૬૮ |
| વિવેકનું સ્વરૂપ | ૭૩ | ૧૬૮ |
| વિવેકી જીવને સંસારમાં બધું જ દુઃખરૂપ પ્રતિભાસે છે | ૭૪ | ૧૬૮ |
| વિવેકી જીવને હેય શું છે અને ઉપાદેય શું છે? | ૭૫ | ૧૬૯ |
| હું ક્યા સ્વરૂપે છું | ૭૬ | ૧૬૯ |
| એકત્વ સપ્તતિને ગંગા નદીની ઉપમા | ૭૭ | ૧૬૯ |
| તે એકત્વ સપ્તતિ સંસાર-સમુદ્રથી પાર થવામાં પુલ સમાન છે | ૭૮ | ૧૬૯ |
| મને કર્મ અને તત્કૃત વિકૃતિ આદિ સર્વ આત્માથી ભિન્ન પ્રતિભાસે છે | ૭૯ | ૧૭૦ |
| એકત્વ સપ્તતિના અભ્યાસ આદિનું ફળ | ૮૦ | ૧૭૦ |
| **૫. યતિભાવનાષ્ટક** | **૧–૯** | **૧૭૧–૧૭૪** |
| મોહકર્મજનિત વિકલ્પોથી રહિત મુનિ જયવંત હો | ૧ | ૧૭૧ |
| મુનિ શું વિચાર કરે છે | ૨-૪ | ૧૭૧-૧૭૨ |
| કૃતિ કોણ કહેવાય છે | ૫ | ૧૭૨ |
| ઋતુ વિશેષ અનુસાર કષ્ટ સહન કરનાર શાન્ત મુનિઓના માર્ગે જવાની અભિલાષા | ૬ | ૧૭૩ |
| ઉત્કૃષ્ટ સમાધિનું સ્વરૂપ અને તેના ધારક | ૭ | ૧૭૩ |
| અંતસ્તત્ત્વના જ્ઞાતા તે મુનિ આપણને શાન્તિનું નિમિત્ત થાવ | ૮ | ૧૭૪ |
| યતિભાવનાષ્ટકના અભ્યાસનું ફલ | ૯ | ૧૭૪ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| **૬. ઉપાસક સંસ્કાર** | **૧–૬૨** | **૧૭૫–૧૯૨** |
| ધર્મસ્થિતિના કારણભૂત આદિ જિનેન્દ્ર અને શ્રેયાંસ રાજાનું સ્મરણ | ૧ | ૧૭૫ |
| ધર્મનું સ્વરૂપ | ૨ | ૧૭૫ |
| દીર્ઘતર સંસાર કોનો છે? | ૩ | ૧૭૫ |
| ધર્મના બે ભેદ અને તેના સ્વામી | ૪ | ૧૭૬ |
| ગૃહસ્થ ધર્મના હેતુ કેમ મનાય છે? | ૫ | ૧૭૬ |
| કળિકાળમાં, જિનાલય, મુનિઓની સ્થિતિ અને દાનધર્મનું મૂળ કારણ શ્રાવક છે | ૬ | ૧૭૬ |
| ગૃહસ્થોના છ કર્મ | ૭ | ૧૭૬ |
| સામાયિક વ્રતનું સ્વરૂપ | ૮ | ૧૭૬ |
| સામાયિક માટે સાત વ્યસનોનો ત્યાગ આવશ્યક | ૯-૧૦ | ૧૭૭ |
| વ્યસનીને ધર્માન્વેષણની યોગ્યતા હોતી નથી | ૧૧ | ૧૭૭ |
| સાત નરકોએ જાણે પોતાની સમૃદ્ધિ માટે એક એક વ્યસનની નિમણૂંક કરી છે | ૧૨ | ૧૭૭ |
| પાપરૂપ રાજાએ ધર્મશત્રુના વિનાશ માટે પોતાનું રાજ્ય સાત વ્યસનો વડે સાત અંગરૂપ બનાવ્યું છે | ૧૩ | ૧૭૮ |
| ભક્તિથી જિનદર્શનાદિ કરનાર સ્વયં વંદનીય થઈ જાય છે | ૧૪ | ૧૭૮ |
| જિનદર્શનાદિ ન કરનારાઓનું જીવવું વ્યર્થ છે | ૧૫ | ૧૭૮ |
| ઉપાસકોએ પ્રાતઃકાળે અને ત્યારપછી શું કરવું જોઈએ | ૧૬-૧૭ | ૧૭૮-૧૭૯ |
| જ્ઞાન-લોચનની પ્રાપ્તિના કારણભૂત ગુરુઓની ઉપાસના | ૧૮-૧૯ | ૧૭૯ |
| ચક્ષુ અને કાન સહિત હોવા છતાં પણ આંધળા અને બહેરા કોણ છે | ૨૦-૨૧ | ૧૭૯-૧૮૦ |
| દેશવ્રત સફળ ક્યારે થાય છે | ૨૨ | ૧૮૦ |
| આઠ મૂળગુણો અને બાર ઉત્તર ગુણોનો નિર્દેશ | ૨૩-૨૪ | ૧૮૦-૧૮૧ |
| પર્વોમાં શું કરવું જોઈએ | ૨૫ | ૧૮૨ |
| શ્રાવકે એવા દેશાદિનો આશ્રય ન કરવો જોઈએ કે જ્યાં સમ્યક્ત્વ અને વ્રત સુરક્ષિત ન રહી શકે | ૨૬ | ૧૮૨ |
| ભોગોપભોગપરિમાણની વિધેયતા | ૨૭ | ૧૮૩ |
| રત્નત્રયનું પાલન એવી રીતે કરવું કે જેથી જન્માન્તરમાં તત્ત્વશ્રદ્ધાન વૃદ્ધિગત થાય | ૨૮ | ૧૮૩ |
| ઉપાસકે યથાયોગ્ય પરમેષ્ઠી, રત્નત્રય અને તેના ધારકોનો વિનય કરવો જોઈએ | ૨૯ | ૧૮૩ |
| વિનયને મોક્ષનું દ્વાર કહેવામાં આવે છે | ૩૦ | ૧૮૩ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| ઉપાસકે દાન પણ કરવું જોઈએ | ૩૧ | ૧૮૪ |
| દાન વિના ગૃહસ્થ જીવન કેવું છે | ૩૨-૩૫ | ૧૮૪-૧૮૫ |
| સાધર્મીઓમાં વાત્સલ્ય વિના ધર્મ સંભવતો નથી | ૩૬ | ૧૮૫ |
| દયા વિના ધર્મ સંભવતો નથી | ૩૭ | ૧૮૫ |
| દયાનો મહિમા | ૩૮-૩૯ | ૧૮૫-૧૮૬ |
| મુનિ અને શ્રાવકોના વ્રત એક માત્ર અહિંસાની સિદ્ધિ માટે છે | ૪૦ | ૧૮૬ |
| કેવળ પ્રાણી પીડન જ પાપ નથી, પરંતુ તેનો સંકલ્પે ય પાપ છે | ૪૧ | ૧૮૬ |
| બાર અનુપ્રેક્ષાઓનું સ્વરૂપ અને તેમના ચિંતનની પ્રેરણા | ૪૨-૫૮ | ૧૮૬-૧૯૧ |
| દસ ભેદરૂપ ધર્મના સેવનની પ્રેરણા | ૫૯ | ૧૯૧ |
| મોક્ષપ્રાપ્તિ માટે અંતસ્તત્ત્વ અને બહિસ્તત્ત્વ બન્નેનો જ આશ્રય લેવો જોઈએ | ૬૦ | ૧૯૧ |
| આત્માનું સ્વરૂપ અને તેના ચિંતનની પ્રેરણા | ૬૧ | ૧૯૧ |
| ઉપાસક સંસ્કારના અનુષ્ઠાનથી અતિશય નિર્મળ ધર્મની પ્રાપ્તિ થાય છે | ૬૨ | ૧૯૨ |
| **૭. દેશવ્રતોદ્યોતન** | **૧–૨૭** | **૧૯૩–૨૦૪** |
| ધર્મોપદેશમાં સર્વજ્ઞના જ વચન પ્રમાણ છે. | ૧ | ૧૯૩ |
| સમ્યગ્દષ્ટિ એક હોય તોપણ પ્રશંસનીય છે, મિથ્યાદષ્ટિ ઘણા હોય તો પણ નહીં | ૨ | ૧૯૩ |
| મોક્ષવૃક્ષનું બીજ સમ્યગ્દર્શન અને સંસારવૃક્ષનું બીજ મિથ્યાદર્શન છે | ૩ | ૧૯૪ |
| દેશવ્રત કઈ અવસ્થામાં ગ્રહણ કરવું યોગ્ય છે | ૪ | ૧૯૪ |
| ઉપાસક દ્વારા અનુષ્ઠેય સમસ્ત વ્રતવિધાન | ૫ | ૧૯૫ |
| વ્રતી ગૃહસ્થનું સ્વરૂપ | ૬ | ૧૯૫ |
| દેશવ્રતીના દેવારાધનાદિ કાર્યોમાં દાન પ્રમુખ છે | ૭ | ૧૯૫ |
| આહારાદિ ચતુર્વિધ દાનનું સ્વરૂપ અને તેની આવશ્યકતા | ૮-૧૧ | ૧૯૬-૧૯૭ |
| સર્વ દાનોમાં અભયદાન મુખ્ય કેમ છે | ૧૧-૧૨ | ૧૯૭-૧૯૮ |
| પાપથી ઉપાર્જિત ધનનો સદુપયોગ દાન છે | ૧૩-૧૪ | ૧૯૮ |
| પાત્રોના ઉપયોગમાં આવનારું ધન જ સુખપ્રદ છે | ૧૫ | ૧૯૯ |
| દાન પરંપરાએ મોક્ષનું પણ કારણ છે | ૧૬-૧૭ | ૧૯૯-૨૦૦ |
| જિનદર્શનાદિ વિના ગૃહસ્થાશ્રમ પથ્થરની નાવ જેવો છે | ૧૮ | ૨૦૦ |
| દાતા ગૃહસ્થ ચિન્તામણિ આદિથી શ્રેષ્ઠ છે | ૧૯ | ૨૦૦ |
| ધર્મસ્થિતિની કારણભૂત જિનપ્રતિમા અને જિનભવનના નિર્માણની આવશ્યકતા | ૨૦-૨૩ | ૨૦૧-૨૦૨ |
| અણુવ્રતો ધારણ કરવાથી સ્વર્ગ-મોક્ષ પ્રાપ્ત થાય છે | ૨૪ | ૨૦૩ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| ચાર પુરુષાર્થોમાં મોક્ષ ઉપાદેય અને બાકીના હેય છે | ૨૫ | ૨૦૩ |
| અણુવ્રતો અને મહાવ્રતોથી એક માત્ર મોક્ષ જ સાધ્ય છે | ૨૬ | ૨૦૪ |
| દેશવ્રતોદ્યોતન જયવંત હો | ૨૭ | ૨૦૪ |
| **૮. સિદ્ધ સ્તુતિ** | **૧-૨૯** | **૨૦૫-૨૧૮** |
| અવધિજ્ઞાનીઓને પણ અવિષયભૂત સિદ્ધોનું વર્ણન અશક્ય છે | ૧ | ૨૦૫ |
| નમસ્કારપૂર્વક સિદ્ધો પાસે મંગળ યાચના | ૨-૪ | ૨૦૫-૨૦૬ |
| આત્માને સર્વવ્યાપક કેમ કહેવામાં આવે છે | ૫ | ૨૦૭ |
| આઠ કર્મોના ક્ષયથી પ્રગટ થનાર ગુણોનો નિર્દેશ | ૬ | ૨૦૭ |
| કર્મોની દુઃખપ્રદતા | ૭ | ૨૦૮ |
| જ્યારે એકેન્દ્રિયાદિ જીવ પણ ઉત્તરોત્તર હીન કર્માવરણથી અધિક સુખ અને જ્ઞાનથી સંયુક્ત છે, તો કર્મથી સર્વથા રહિત સિદ્ધ પૂર્ણ સુખ અને જ્ઞાન સંયુક્ત કેમ ન હોય? | ૮-૧૦ | ૨૦૮-૨૦૯ |
| કર્મજન્ય ક્ષુધા આદિના અભાવમાં સિદ્ધ સદાય તૃપ્ત રહે છે | ૧૧ | ૨૧૦ |
| સિદ્ધજ્યોતિના આરાધનથી યોગી સ્વયં પણ સિદ્ધ થઈ જાય છે | ૧૨ | ૨૧૦ |
| સિદ્ધજ્યોતિની વિવિધરૂપતા | ૧૩ | ૨૧૧ |
| અનેકાન્ત સિદ્ધાન્તનું અવગાહન કરનાર જ સિદ્ધાત્માનું રહસ્ય જાણી શકે છે | ૧૪ | ૨૧૧ |
| તત્ત્વજ્ઞ અને અતત્ત્વજ્ઞની દૃષ્ટિ કઈ રીતે શુદ્ધ અને અશુદ્ધ પદ કરે છે | ૧૫-૧૭ | ૨૧૨-૨૧૩ |
| સાંગોપાંગ શ્રુતના અભ્યાસનું ફળ સિદ્ધત્વની પ્રાપ્તિ છે | ૧૮ | ૨૧૩ |
| આ સિદ્ધોનું વર્ણન મારે માટે મોક્ષમહેલ ઉપર ચડવા માટે નિસરણી જેવું છે | ૧૯ | ૨૧૪ |
| મુક્તાત્મસ્વરૂપ તેજનું સ્વરૂપ | ૨૦ | ૨૧૪ |
| નય-નિક્ષેપાદિના આશ્રિત વિવરણ રહિત સિદ્ધ જયવંત હો | ૨૧ | ૨૧૪ |
| સિદ્ધસ્વરૂપના જાણકાર સામ્રાજ્યને પણ તૃણ સમાન તુચ્છ સમજે છે | ૨૨ | ૨૧૫ |
| સિદ્ધોનું સ્મરણ કરનાર પણ વંદનીય છે | ૨૩ | ૨૧૫ |
| બુદ્ધિમાનોમાં અગ્રણી કોણ છે, એ માટે બાણનું ઉદાહરણ | ૨૪ | ૨૧૬ |
| સિદ્ધાત્મજ્ઞાનથી શૂન્ય શાસ્ત્રાન્તરોનું જ્ઞાન વ્યર્થ છે | ૨૫ | ૨૧૬ |
| અનંત જ્ઞાન-દર્શનથી સમ્પન્ન સિદ્ધો પાસે શિવસુખની યાચના | ૨૬ | ૨૧૭ |
| આત્માને ગૃહની ઉપમા | ૨૭ | ૨૧૭ |
| સિદ્ધોની જ ગતિ આદિ અભીષ્ટ છે | ૨૮ | ૨૧૮ |
| સિદ્ધોની આ સ્તુતિ કેવળ ભક્તિવશ કરવામાં આવી છે | ૨૯ | ૨૧૮ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| **૯. આલોચના** | **૧–૩૩** | **૨૧૯–૨૩૩** |
| મનથી પરમાત્મસ્વરૂપનું ચિંતન કરતાં અભીષ્ટની પ્રાપ્તિમાં બાધા આવી શકતી નથી | ૧ | ૨૧૯ |
| સત્પુરુષો જિનચરણોની આરાધના કેમ કરે છે | ૨ | ૨૧૯ |
| જિનસેવાથી સંસાર-શત્રુનો ભય રહેતો નથી | ૩ | ૨૨૦ |
| ત્રણે લોકોમાં સારભૂત એક પરમાત્મા જ છે | ૪ | ૨૨૦ |
| અનન્ત ચતુષ્ટય સ્વરૂપ પરમાત્માને જાણી લીધા પછી કાંઈ જાણવાનું બાકી રહેતું નથી | ૫ | ૨૨૦ |
| એક માત્ર પરમાત્માને શરણે જવાથી બધું જ સિદ્ધ થાય છે | ૬ | ૨૨૧ |
| મન, વચન, કાયા અને કૃત, કારિત, અનુમોદનારૂપ નવ સ્થાનો દ્વારા કરવામાં આવેલું પાપ મિથ્યા થાવ | ૭ | ૨૨૧ |
| સર્વજ્ઞ જિન જાણતા હોવા છતાં પણ દોષોની આલોચના આત્મશુદ્ધિ માટે કરવામાં આવે છે | ૮-૯ | ૨૨૨ |
| આગમાનુસાર અસંખ્યાતનું પ્રાયશ્ચિત્ત સંભવ નથી | ૧૦ | ૨૨૨ |
| જે નિસ્પૃહતાપૂર્વક ભગવાનને દેખે છે તે ભગવાનની નિકટ પહોંચી જાય છે | ૧૧ | ૨૨૩ |
| મનનું નિયંત્રણ અતિશય કઠણ છે | ૧૨-૧૪ | ૨૨૩-૩૩૪ |
| મન ભગવાન સિવાય બાહ્ય પદાર્થો તરફ કેમ જાય છે | ૧૫ | ૨૨૫ |
| સર્વ કર્મોમાં મોહ જ અતિશય બળવાન છે | ૧૬ | ૨૨૫ |
| જગતને ક્ષણભંગુર જોઈને મન પરમાત્મા તરફ લગાડવું જોઈએ | ૧૭ | ૨૨૬ |
| અશુભ, શુભ અને શુદ્ધ ઉપયોગનું કાર્ય | ૧૮ | ૨૨૬ |
| હું જે જ્યોતિસ્વરૂપ છું તે કેવી છે? | ૧૯ | ૨૨૭ |
| જીવ અને પરમાત્મા વચ્ચે ભેદ કરનાર કર્મ છે | ૨૦ | ૨૨૭ |
| શરીર અને તેનાથી સંબંદ્ધ ઇન્દ્રિયો તથા રોગ આદિ પુદ્ગલસ્વરૂપ છે જે આત્માથી સર્વથા ભિન્ન છે | ૨૧-૨૪ | ૨૨૮-૨૨૯ |
| ધર્માદિ પાંચ દ્રવ્યોમાં એક પુદ્ગલ જ રાગ-દ્વેષને વશે કર્મ–નોકર્મરૂપ થઈને જીવનું અહિત કર્યા કરે છે | ૨૫-૨૬ | ૨૨૯-૨૩૦ |
| સાચું સુખ બાહ્ય વિકલ્પો છોડીને આત્મસન્મુખ થવાથી થાય છે | ૨૭-૨૮ | ૨૩૦ |
| વાસ્તવમાં દ્વૈતબુદ્ધિ જ સંસાર અને અદ્વૈત જ મોક્ષ છે | ૨૯ | ૨૩૧ |
| આ કળિકાળમાં ચારિત્રનું પરિપાલન ન થઈ શકવાથી આપની ભક્તિ જ સંસારમાંથી મારો ઉદ્ધાર કરે | ૩૦ | ૨૩૧ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| મુક્તિપ્રદ મોક્ષમાર્ગ પૂર્ણ કરવાની પ્રાર્થના | ૩૧ | ૨૩૨ |
| વીરનન્દી ગુરુના સદુપદેશથી મને ત્રણ લોકનું રાજ્ય પણ અભીષ્ટ નથી | ૩૨ | ૨૩૨ |
| આલોચનાના અભ્યાસનું ફળ | ૩૩ | ૨૩૨ |
| **૧૦. સદ્‌બોધચન્દ્રોદય** | **૧–૫૦** | **૨૩૪–૨૪૯** |
| અપરિમિત અને અનિર્વચનીય અનેક ધર્માત્મક ચિત્તત્વ જયવંત હો | ૧-૨ | ૨૩૪ |
| મુક્તિ-હંસીના અભિલાષી હંસને નમસ્કાર | ૩ | ૨૩૫ |
| ચિત્સ્વરૂપનો મહિમા | ૪-૭ | ૨૩૫-૨૩૬ |
| મન પોતાના મરણના ભયથી પરમાત્મામાં સ્થિત થતું નથી | ૮ | ૨૩૬ |
| અજ્ઞાની આત્મગત તત્ત્વને અન્યત્ર દેખે છે | ૯-૧૦ | ૨૩૭ |
| પ્રતીતિ રહિત તપસ્વી નાટકના પાત્ર જેવા છે | ૧૧ | ૨૩૭ |
| ભવભ્રમણનું કારણ અનેક ધર્માત્મક ચિત્તત્ત્વને અંધ-હસ્તિ-ન્યાયથી જાણવું તે છે | ૧૨ | ૨૩૮ |
| આત્માની અનેકધર્માત્મકતા | ૧૩-૧૪ | ૨૩૮ |
| સ્વાભાવિક ચેતનાના આશ્રયે જીવ નિજ સ્વરૂપ પ્રાપ્ત કરી લે છે | ૧૫ | ૨૩૯ |
| આત્મસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય | ૧૬-૨૦ | ૨૩૯-૨૪૦ |
| યોગીને સુખ-દુઃખની કલ્પના કેમ નથી થતી | ૨૧ | ૨૪૦ |
| મનની ગતિ નિરાલંબ થતાં અજ્ઞાન બાધક થતું નથી | ૨૨ | ૨૪૦ |
| રોગ અને જરા આદિ શરીરાશ્રિત છે, આત્માશ્રિત નથી | ૨૩-૨૫ | ૨૪૧ |
| યોગનો મહિમા | ૨૬ | ૨૪૧ |
| આત્માનું રમણીય પદ શુદ્ધ બોધ છે | ૨૭ | ૨૪૨ |
| આત્મબોધરૂપ તીર્થમાં સ્નાન કરવાથી અભ્યંતર મળ નષ્ટ થાય છે | ૨૮ | ૨૪૨ |
| ચિત્ સમુદ્રના તટના આરાધનથી રત્નોનો સંચય અવશ્ય થાય છે | ૨૯ | ૨૪૨ |
| સમ્યગ્દર્શનાદિરૂપ રત્નત્રય નિશ્ચયથી એક જ છે | ૩૦ | ૨૪૩ |
| સમ્યગ્દર્શનાદિરૂપ બાણોનું ફળ | ૩૧ | ૨૪૩ |
| મુનિની વૃત્તિ કેવી હોય છે | ૩૨ | ૨૪૪ |
| સમીચીન સમાધિનું ફળ | ૩૩-૩૪ | ૨૪૪ |
| યોગની કલ્પવૃક્ષ સાથે સમાનતા | ૩૫ | ૨૪૪ |
| જ્યાં સુધી પરમાત્મબોધ થતો નથી ત્યાં સુધી જ શ્રુતનું પરિશીલન હોય છે | ૩૬ | ૨૪૫ |
| ચિત્પ્રદીપ મોહાન્ધકારનો ક્યારે નાશ કરે છે | ૩૭ | ૨૪૫ |
| બાહ્ય શાસ્ત્રોમાં વિચરનારી બુદ્ધિ દુરાચારિણી સ્ત્રી જેવી છે | ૩૮ | ૨૪૫ |
| ગુરુના ઉપદેશનો પ્રભાવ | ૩૯-૪૦ | ૨૪૬ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| યોગસિદ્ધિનું કારણ સામ્યભાવ છે | ૪૧ | ૨૪૬ |
| પરમાત્માનું કેવળ નામસ્મરણ પણ અનેક જન્મોના પાપ નષ્ટ કરે છે | ૪૨ | ૨૪૬ |
| યોગીનાયક કોણ? | ૪૩ | ૨૪૭ |
| યોગીએ સ્વ-પરને સમાન દેખવા જોઈએ | ૪૪ | ૨૪૭ |
| અજ્ઞાનીના વિકારો દેખીને યોગી ક્ષુબ્ધ થતા નથી | ૪૫ | ૨૪૭ |
| આ શાસ્ત્ર ભણવાથી પ્રબોધ પ્રાપ્ત થાય છે | ૪૬ | ૨૪૭ |
| પદ્મનન્દીરૂપ ચન્દ્રથી કરવામાં આવેલી રમણીયતા જયવંત હો | ૪૭ | ૨૪૮ |
| યોગીનું સ્વરૂપ | ૪૮ | ૨૪૮ |
| ગુરુદ્વારા ઉપદિષ્ટ તત્ત્વ હૃદયસ્થ થતાં મને કોઈનો ભય નથી | ૪૯ | ૨૪૮ |
| સદ્‌બોધચન્દ્રોદય જયવંત હો | ૫૦ | ૨૪૯ |
| **૧૧. નિશ્ચયપંચાશત્** | **૧–૬૨** | **૨૫૦–૨૬૭** |
| ચિન્મયજ્યોતિ જયવંત હો | ૧-૩ | ૨૫૦ |
| મોહાન્ધકારના નાશક ગુરુ જયવંત હો | ૪ | ૨૫૧ |
| સાચું સુખ દુઃસાધ્ય મુક્તિમાં છે | ૫ | ૨૫૧ |
| શુદ્ધ આત્મજ્યોતિની ઉપલબ્ધિ સુલભ નથી | ૬ | ૨૫૧ |
| આત્મબોધની અપેક્ષાએ તેનો અનુભવ વિશેષ દુર્લભ છે | ૭ | ૨૫૧ |
| વ્યવહાર અને શુદ્ધનયનું સ્વરૂપ અને તેમનું પ્રયોજન | ૮-૧૦ | ૨૫૨ |
| મુખ્ય અને ઉપચાર વિવરણોને જાણવાના ઉપાયભૂત હોવાથી જ વ્યવહાર પૂજ્ય છે | ૧૧ | ૨૫૨ |
| રત્નત્રયનું સ્વરૂપ અને તેનું આત્મા સાથે અભિન્નપણું | ૧૨-૧૪ | ૨૫૩ |
| સમ્યગ્દર્શનાદિરૂપ બાણોની સફળતા | ૧૫ | ૨૫૩ |
| સમ્યગ્જ્ઞાન વિના સાધુ વનમાં સ્થિત વૃક્ષની જેમ સિદ્ધ થઈ શકતા નથી | ૧૬ | ૨૫૪ |
| શુદ્ધનયનિષ્ઠ કોણ હોય છે | ૧૭ | ૨૫૪ |
| શુદ્ધ અને અશુદ્ધ નયોનું કાર્ય | ૧૮ | ૨૫૪ |
| રત્નત્રયની પૂર્ણતા થતાં જન્મપરંપરા ચાલુ રહી શકતી નથી | ૧૯ | ૨૫૫ |
| ચિત્તતરુના નાશનો ઉપાય | ૨૦ | ૨૫૫ |
| કર્મરૂપ કીચડ ભેદજ્ઞાનરૂપ કતકફળથી નષ્ટ થાય છે | ૨૧ | ૨૫૫ |
| શરીર, તદાશ્રિત રોગાદિ અને કર્મકૃત ક્રોધાદિ વિકારોની આત્માથી ભિન્નતા | ૨૨-૩૪ | ૨૫૫-૨૫૯ |
| સર્વ ચિન્તા ત્યાજ્ય છે, આ બુદ્ધિ દ્વારા આવિષ્કૃત તત્ત્વ ચૈતન્ય-સમુદ્રને શીઘ્ર વધારે છે | ૩૫ | ૨૫૯ |
| મારું સ્વરૂપ આવું છે | ૩૬ | ૨૫૯ |
| બન્ધના કારણભૂત મનના નિયંત્રણથી તે, તે બંધનથી મુક્ત કરી દેશે | ૩૭ | ૨૫૯ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| મનુષ્યરૂપી વૃક્ષને પામીને અમૃત-ફળ ગ્રહણ કરવું યોગ્ય છે | ૩૮ | ૨૬૦ |
| યોગીઓનું નિર્દોષ મન અજ્ઞાનાંધકારને નષ્ટ કરે છે | ૩૯ | ૨૬૦ |
| યોગી ક્યારે સિદ્ધ થાય છે | ૪૦ | ૨૬૧ |
| આત્મસ્વરૂપનો વિચાર | ૪૧-૬૦ | ૨૬૧-૨૬૬ |
| નિશ્ચય પંચાશત્ રચવાનો ઉલ્લેખ | ૬૧ | ૨૬૭ |
| ચિત્તમાં આત્મતત્ત્વ સ્થિત હોતાં ઇન્દ્રની સંપદાનું પ્રયોજન રહેતું નથી | ૬૨ | ૨૬૭ |
| **૧૨. બ્રહ્મચર્યરક્ષાવર્તિ** | **૧–૨૨** | **૨૬૮–૨૭૭** |
| કામવિજેતા યતિઓને નમસ્કાર | ૧ | ૨૬૮ |
| બ્રહ્મચર્ય અને બ્રહ્મચારીઓનું સ્વરૂપ | ૨ | ૨૬૮ |
| જો બ્રહ્મચર્યની બાબતમાં સ્વપ્નમાં કોઈ દોષ ઉત્પન્ન હોય તો પણ રાત્રિ વિભાગાનુસાર મુનિએ તેનું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ | ૩ | ૨૬૯ |
| બ્રહ્મચર્યની રક્ષા મનના સંયમથી જ થાય છે | ૪ | ૨૬૯ |
| બાહ્ય અને અભ્યંતર બ્રહ્મચર્યનું સ્વરૂપ અને તેમનું કાર્ય | ૫ | ૨૭૦ |
| પોતાના વ્રતોની વિધિના રક્ષણ માટે મુનિએ સ્ત્રી માત્રનો પરિત્યાગ કરવો જોઈએ | ૬ | ૨૭૦ |
| સ્ત્રીની વાર્તા પણ મુનિધર્મને નષ્ટ કરનાર છે | ૭ | ૨૭૦ |
| રાગપૂર્વક સ્ત્રીમુખનું અવલોકન અને સ્મરણ પ્રતિષ્ઠા, યશ અને તપ આદિને નષ્ટ કરનાર છે | ૮-૯ | ૨૭૧ |
| મુનિને કોઈ પણ સ્ત્રીની પ્રાપ્તિની સંભાવના ન રહેવાથી તદ્વિષયક અનુરાગ છોડવો જ જોઈએ | ૧૦ | ૨૭૨ |
| શ્રાવક સ્ત્રીરૂપ ગૃહથી ગૃહસ્થ અને મુનિ તેના પરિત્યાગથી બ્રહ્મચારી (અણગાર) થાય છે | ૧૧ | ૨૭૨ |
| સ્ત્રીનું અસ્થિર સૌન્દર્ય મૂર્ખ મનુષ્યોને જ આનંદજનક થાય છે | ૧૨-૧૪ | ૨૭૩ |
| સ્ત્રીનું શરીર ઘૃણાસ્પદ છે | ૧૫ | ૨૭૪ |
| સ્ત્રીના વિષયમાં અનુરાગવર્ધક કાવ્ય રચનાર કવિ કેવી રીતે પ્રશંસનીય કહેવાય? | ૧૬-૧૭ | ૨૭૪-૨૭૫ |
| જો પરધનરૂપ સ્ત્રીની અભિલાષા ન કરનાર ગૃહસ્થ દેવ કહેવાય છે તો મુનિ કેમ દેવોનો દેવ ન હોય? | ૧૮ | ૨૭૫ |
| સુખ અને સુખાભાસ | ૧૯ | ૨૭૫ |
| સ્ત્રીનો પરિત્યાગ કરનાર સાધુઓને પુણ્યાત્મા મનુષ્યો પણ નમસ્કાર કરે છે | ૨૦ | ૨૭૬ |
| તપનું અનુષ્ઠાન મનુષ્ય પર્યાયમાં જ સંભવ છે | ૨૧ | ૨૭૬ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| ગ્રન્થકાર દ્વારા કામરોગની નાશકબત્તી (બ્રહ્મચર્યરક્ષાબત્તી)ના સેવનની પ્રેરણા | ૨૨ | ૨૭૭ |
| **૧૩. ઋષભ સ્તોત્ર** | **૧-૬૧** | **૨૭૮-૨૯૬** |
| નાભિરાજના પુત્ર ઋષભ જિનેન્દ્ર જયવંત હો | ૧ | ૨૭૮ |
| ઋષભ જિનેન્દ્રના દર્શનાદિ પુણ્યાત્મા જીવો દ્વારા જ કરવામાં આવે છે | ૨ | ૨૭૮ |
| જિનદર્શનનું માહાત્મ્ય | ૩ | ૨૭૮ |
| જિનેન્દ્રની સ્તુતિ કરવી અસંભવ છે | ૪ | ૨૭૯ |
| જિનના નામસ્મરણથી પણ અભીષ્ટ લક્ષ્મી પ્રાપ્ત થાય છે | ૫ | ૨૭૯ |
| ઋષભ જિનેન્દ્ર સર્વાર્થસિદ્ધિમાંથી અવતીર્ણ થતાં તેનું સૌભાગ્ય નષ્ટ થઈ ગયું હતું | ૬ | ૨૭૯ |
| પૃથ્વીની ‘વસુમતી’ નામની સાર્થકતા | ૭ | ૨૮૦ |
| પુત્રવતી સ્ત્રીઓમાં મરુદેવીની શ્રેષ્ઠતા | ૮ | ૨૮૦ |
| ઈન્દ્રના નિર્નિમેષ સહસ્ર નેત્રોની સફળતા | ૯ | ૨૮૦ |
| સૂર્ય આદિ જ્યોતિષી મેરુની પ્રદક્ષિણા કર્યા કરે છે | ૧૦ | ૨૮૧ |
| મેરુ ઉપર જન્માભિષેક | ૧૧-૧૨ | ૨૮૧ |
| કલ્પવૃક્ષો નષ્ટ થઈ જતાં તેમનું કાર્ય એક ઋષભજિનેન્દ્રે જ પૂર્ણ કર્યું | ૧૩ | ૨૮૧ |
| પૃથ્વીની રોમાંચકતા | ૧૪ | ૨૮૨ |
| ઋષભજિનેન્દ્રની વિરક્તતા અને પૃથ્વીનો પરિત્યાગ | ૧૫-૧૬ | ૨૮૨-૨૮૩ |
| ધ્યાનમાં અવસ્થિત ઋષભ જિનેન્દ્રની શોભા | ૧૭-૧૮ | ૨૮૩ |
| ઘાતિચતુષ્કનો ક્ષય અને કેવળજ્ઞાનની ઉત્પત્તિ | ૧૯ | ૨૮૪ |
| ઘાતિચતુષ્કના અભાવમાં અઘાતિ ચતુષ્કની અવસ્થા | ૨૦ | ૨૮૪ |
| સમવસરણ અને ત્યાં સ્થિત જિનેન્દ્રની શોભા | ૨૧-૨૨ | ૨૮૪ |
| આઠ પ્રાતિહાર્યોની શોભા | ૨૩-૩૦ | ૨૮૫-૨૮૭ |
| જિનવાણીનો મહિમા | ૩૧-૩૪ | ૨૮૮-૨૮૯ |
| નયોનો પ્રભાવ | ૩૫ | ૨૮૯ |
| જિનેન્દ્રની સ્તુતિમાં બૃહસ્પતિ આદિ પણ અસમર્થ છે | ૩૬ | ૨૮૯ |
| પ્રભુ દ્વારા પ્રકાશિત પથના પથિક નિરુપદ્રવ મોક્ષનો લાભ કરે છે | ૩૭ | ૨૮૯ |
| મોક્ષનિધિ સામે અન્ય સર્વ નિધિઓ તુચ્છ છે | ૩૮ | ૨૯૦ |
| જિનેન્દ્રોક્ત ધર્મની અન્ય ધર્મ કરતાં વિશેષતા | ૩૯-૪૦ | ૨૯૦ |
| જિનના નખ-કેશ ન વધવામાં ગ્રન્થકારની કલ્પના | ૪૧ | ૨૯૧ |
| ત્રણે લોકના જનો અને ઈન્દ્રનું નેત્ર દ્વારા જિનેન્દ્રદર્શન | ૪૨-૪૩ | ૨૯૧ |
| દેવો દ્વારા પ્રભુચરણોની નીચે સુવર્ણકમળોની રચના | ૪૪ | ૨૯૨ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| મૃગે ચન્દ્ર (મૃગાંક)નો આશ્રય કેમ લીધો? | ૪૫ | ૨૯૨ |
| કમળા કમળમાં નહિ પણ જિનચરણોમાં રહે છે | ૪૬ | ૨૯૨ |
| જિનેન્દ્રના દ્વેષીઓનો અપરાધ પોતાનો છે | ૪૭ | ૨૯૨ |
| જિનેન્દ્રની સ્તુતિ અને નમસ્કારનો પ્રભાવ | ૪૮-૫૦ | ૨૯૩ |
| બ્રહ્મા વિષ્ણુ આદિ નામ આપના જ છે | ૫૧ | ૨૯૩ |
| જિનેન્દ્રનો મહિમા | ૫૨-૫૭ | ૨૯૪-૨૯૫ |
| જિનેન્દ્રની સ્તુતિ શક્ય નથી | ૫૮-૫૯ | ૨૯૫-૨૯૬ |
| સ્તુતિના અંતે જિનચરણોના પ્રસાદની પ્રાર્થના | ૬૦ | ૨૯૬ |
| **૧૪. જિનદર્શનસ્તવન** | **૧-૩૪** | **૨૯૭-૩૦૫** |
| (જિનદર્શનનો મહિમા) | | |
| **૧૫. શ્રુતદેવતા સ્તુતિ** | **૧-૩૧** | **૩૦૬-૩૧૬** |
| સરસ્વતીના ચરણ કમળ જયવંત હો | ૧ | ૩૦૬ |
| સરસ્વતીના પ્રસાદથી તેના સ્તવનની પ્રતિજ્ઞા અને પોતાની અસમર્થતા | ૨-૪ | ૩૦૬-૩૦૭ |
| સરસ્વતીની દીપકથી વિશેષતા | ૫ | ૩૦૭ |
| સરસ્વતીના માર્ગની વિશેષતા | ૬ | ૩૦૮ |
| સરસ્વતીના પ્રભાવથી મોક્ષપદ પણ શીઘ્ર પ્રાપ્ત થઈ જાય છે | ૭ | ૩૦૮ |
| સરસ્વતી વિના જ્ઞાનની પ્રાપ્તિ સંભવ નથી | ૮-૯ | ૩૦૯ |
| સરસ્વતી વિના પ્રાપ્ત મનુષ્ય પર્યાય એમને એમ જ નાશ પામે છે | ૧૦ | ૩૦૯ |
| સરસ્વતીની પ્રસન્નતા વિના તત્ત્વનિશ્ચય થતો નથી | ૧૧ | ૩૦૯ |
| મોક્ષપદ સરસ્વતીના આશ્રયથી જ પ્રાપ્ત થાય છે | ૧૨-૧૩ | ૩૧૦ |
| સરસ્વતીનો અન્ય પણ મહિમા | ૧૪-૨૮ | ૩૧૦-૩૧૫ |
| કાવ્ય રચનામાં સરસ્વતીનો પ્રસાદ જ કામ કરે છે | ૨૯ | ૩૧૬ |
| સરસ્વતીનું આ સ્તોત્ર ભણવાનું ફળ | ૩૦ | ૩૧૬ |
| સરસ્વતીના સ્તવનમાં અસમર્થ હોવાથી ક્ષમા યાચના | ૩૧ | ૩૧૬ |
| **૧૬. સ્વયંભૂસ્તુતિ** | **૧-૨૪** | **૩૧૭-૩૨૪** |
| (ઋષભાદિ મહાવીરાન્ત તીર્થંકરોનું ગુણકીર્તન) | | |
| **૧૭. સુપ્રભાતાષ્ટક** | **૧-૮** | **૩૨૫-૩૨૯** |
| ઘાતિકર્મોનો નાશ કરીને સ્થિર સુપ્રભાતને પ્રાપ્ત કરનાર જિનેન્દ્રોને નમસ્કાર | ૧ | ૩૨૫ |
| જિનેન્દ્રના સુપ્રભાતના સ્તવનની પ્રતિજ્ઞા | ૨ | ૩૨૫ |
| અર્હંત્ પરમેષ્ઠીના સુપ્રભાતનું સ્વરૂપ અને તેની સ્તુતિ | ૩-૮ | ૩૨૬-૩૨૯ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| **૧૮. શાન્તિનાથ સ્તોત્ર** | **૧–૯** | **૩૩૦–૩૩૪** |
| ત્રણ છત્રાદિરૂપ આઠ પ્રાતિહાર્યોના આશ્રયથી ભગવાન (શાન્તિનાથ તીર્થંકરની સ્તુતિ) | ૧-૮ | ૩૩૦-૩૩૩ |
| જે સ્તુતિ ઇન્દ્રાદિ પણ કરી શકતા નથી તે મેં ભક્તિવશ કરી છે | ૯ | ૩૩૪ |
| **૧૯. જિનપૂજાષ્ટક** | **૧–૧૦** | **૩૩૫–૩૩૯** |
| જળ, ચંદનાદિ આઠ દ્રવ્યો વડે પૂજા અને તેના ફળનો ઉલ્લેખ | ૧-૮ | ૩૩૫-૩૩૮ |
| પુષ્પાંજલિ આપવી | ૯ | ૩૩૮ |
| વીતરાગજિનની પૂજા કેવળ આત્મકલ્યાણ માટે કરવામાં આવે છે | ૧૦ | ૩૩૮ |
| **૨૦. કરુણાષ્ટક** | **૧–૮** | **૩૪૦–૩૪૨** |
| (પોતાની ઉપર દયા કરીને જન્મપરંપરાથી મુક્ત કરવાની પ્રાર્થના) | | |
| **૨૧. ક્રિયાકાંડચૂલિકા** | **૧–૮** | **૩૪૩–૩૫૦** |
| દોષોએ જિનેન્દ્રમાં સ્થાન ન પામીને જાણે ગર્વથી જ તેમને છોડી દીધા | ૧ | ૩૪૩ |
| સ્તુતિ કરવાની અસમર્થતા પ્રગટ કરીને ભક્તિની પ્રમુખતા અને તેનું ફળ | ૨-૭ | ૩૪૩-૩૪૫ |
| રત્નત્રયની યાચના | ૮ | ૩૪૬ |
| આપના ચરણ-કમળ પામીને હું કૃતાર્થ થઈ ગયો | ૯ | ૩૪૬ |
| અભિમાન કે પ્રમાદવશ થઈને જે રત્નત્રય આદિ વિષયમાં અપરાધ થયો છે તે મિથ્યા હો | ૧૦ | ૩૪૭ |
| મન, વચન, કાયા અને કૃત, કારિત, અનુમોદનાથી જે પ્રાણીઓને પીડા થઈ છે તે મિથ્યા હો | ૧૧ | ૩૪૭ |
| મન, વચન અને કાયા દ્વારા ઉપાર્જિત મારું કર્મ આપના પાદ સ્મરણથી નાશને પ્રાપ્ત થાવ | ૧૨ | ૩૪૭ |
| સર્વજ્ઞનું વચન પ્રમાણ છે | ૧૩ | ૩૪૮ |
| મન, વચન અને કાયાની વિકળતાથી જે સ્તુતિમાં ન્યૂનતા થઈ છે તેને હે વાણી! તું ક્ષમા કર | ૧૪ | ૩૪૮ |
| આ અભીષ્ટ ફળ આપનાર ક્રિયાકાંડરૂપ કલ્પવૃક્ષનું એક પત્ર છે | ૧૫ | ૩૪૯ |
| ક્રિયાકાંડ સંબંધી આ ચૂલિકા ભણવાથી અપૂર્ણ ક્રિયા પૂર્ણ થાય છે | ૧૬ | ૩૪૯ |
| જિન ભગવાનના શરણમાં જવાથી સંસાર નષ્ટ થાય છે | ૧૭ | ૩૪૯ |
| મેં આપની પાસે આ વાચાળતા કેવળ ભક્તિવશ કરી છે | ૧૮ | ૩૫૦ |
| **૨૨. એકત્વદશક** | **૧–૧૧** | **૩૫૧–૩૫૩** |
| પરમજ્યોતિના કથનની પ્રતિજ્ઞા | ૧ | ૩૫૧ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| જે આત્મતત્ત્વને જાણે છે તે બીજાઓના સ્વયં આરાધ્ય બની જાય છે | ૨ | ૩૫૧ |
| એકત્વના જ્ઞાતા અનેક કર્મોથી પણ ડરતા નથી | ૩ | ૩૫૧ |
| ચૈતન્યની એકતાનું જ્ઞાન દુર્લભ છે, પણ મુક્તિદાતા તે જ છે | ૪ | ૩૫૨ |
| જે યથાર્થ સુખ મોક્ષમાં છે તે સંસારમાં અસંભવ છે | ૫ | ૩૫૨ |
| ગુરુના ઉપદેશથી અમને મોક્ષપદ જ પ્રિય છે | ૬ | ૩૫૨ |
| અસ્થિર સ્વર્ગસુખ મોહોદયરૂપ વિષથી વ્યાપ્ય છે | ૭ | ૩૫૨ |
| આ લોકમાં જે આત્મોન્મુખ રહે છે તે પરલોકમાં પણ તેવા રહે છે | ૮ | ૩૫૨ |
| વીતરાગ માર્ગે પ્રવૃત્ત યોગીને મોક્ષસુખની પ્રાપ્તિમાં કોઈ પણ બાધક થઈ શકતું નથી | ૯ | ૩૫૩ |
| આ ભાવના પદના ચિન્તનથી મોક્ષ પ્રાપ્ત થાય છે | ૧૦ | ૩૫૩ |
| ધર્મ રહેતાં મૃત્યુનો ભય રહેતો નથી | ૧૧ | ૩૫૩ |
| **૨૩. પરમાર્થવિંશતિ** | **૧–૨૦** | **૩૫૪–૩૬૪** |
| આત્માનું અદ્વૈત જયવંત હો | ૧ | ૩૫૪ |
| અનન્તચતુષ્ટયરૂપ સ્વસ્થતાની વંદના | ૨ | ૩૫૪ |
| એકત્વની સ્થિતિ માટે થનારી બુદ્ધિ પણ આનંદજનક હોય છે | ૩ | ૩૫૫ |
| અદ્વૈત તરફ ઝુકાવ થતાં ઈષ્ટાનિષ્ટ બુદ્ધિ નષ્ટ થઈ જાય છે | ૪ | ૩૫૫ |
| હું ચૈતન્યસ્વરૂપ છું, કર્મજનિત ક્રોધાદિ ભિન્ન છે | ૫ | ૩૫૬ |
| જો એકત્વમાં મન સંલગ્ન હોય તો તીવ્ર તપ ન હોવા છતાં પણ અભીષ્ટસિદ્ધ થાય છે | ૬ | ૩૫૬ |
| કર્મો સાથે એકમેક હોવા છતાં પણ હું તે પરમજ્યોતિસ્વરૂપ જ છું | ૭ | ૩૫૬ |
| લક્ષ્મીના મદથી ઉન્મત્ત રાજાઓનો સંગ મૃત્યુથી પણ ભયાનક હોય છે | ૮ | ૩૫૭ |
| હૃદયમાં ગુરુવચને જાગૃત રહેતાં આપત્તિમાં ખેદ થતો નથી | ૯ | ૩૫૮ |
| ગુરુ દ્વારા પ્રકાશિત પથ પર ચાલવાથી નિર્વાણપુર પ્રાપ્ત થાય છે | ૧૦ | ૩૫૮ |
| કર્મને આત્માથી ભિન્ન સમજનારાઓને સુખદુઃખનો વિકલ્પ જ થતો નથી | ૧૧ | ૩૫૮ |
| દેવ અને જિનપ્રતિમા આદિનું આરાધન વ્યવહારમાર્ગમાં જ થાય છે | ૧૨ | ૩૫૯ |
| જો મુક્તિ તરફ બુદ્ધિ લાગી ગઈ તો પછી કોઈ ગમે એટલું કષ્ટ દે, તેનો તેને ભય રહેતો નથી | ૧૩ | ૩૬૦ |
| સર્વશક્તિમાન આત્મા–પ્રભુ સંસારને નષ્ટ કરીને સમાન દેખે છે | ૧૪ | ૩૬૦ |
| આત્માની એકતાને જાણનાર પાપથી લિપ્ત થતો નથી | ૧૫ | ૩૬૧ |
| ગુરુના પાદપ્રસાદથી નિર્ગ્રન્થતા પ્રાપ્ત કરી લીધા પછી ઈન્દ્રિયસુખ દુઃખરૂપ જ પ્રતીત થાય છે | ૧૬ | ૩૬૧ |

| વિષય | શ્લોક | પૃષ્ઠાંક |
|---|---|---|
| નિર્ગ્રન્થતાજન્ય આનંદ સામે ઇન્દ્રિયસુખનું સ્મરણ પણ થતું નથી | ૧૭ | ૩૬૧ |
| મોહના નિમિત્તે થનારી મોક્ષની પણ અભિલાષા સિદ્ધિમાં બાધક થાય છે | ૧૮ | ૩૬૨ |
| ચિદ્રૂપના ચિન્તનમાં બીજી તો શું, શરીર સાથે પણ પ્રીતિ રહેલી નથી | ૧૯ | ૩૬૨ |
| શુદ્ધનયથી તત્ત્વ અનિર્વચનીય છે | ૨૦ | ૩૬૩ |
| **૨૪. શરીરાષ્ટક** | **૧–૮** | **૩૬૫-૩૬૯** |
| (શરીરના સ્વભાવનું નિરૂપણ) | | |
| **૨૫. સ્નાનાષ્ટક** | **૧–૮** | **૩૭૦–૩૭૪** |
| મળ-મૂત્રાદિથી પરિપૂર્ણ શરીર સદા અશુચિ અને આત્મા સ્વભાવથી પવિત્ર છે, માટે બન્ને પ્રકારે સ્નાન વ્યર્થ છે | ૧-૨ | ૩૭૦ |
| સત્પુરુષોનું સ્નાન વિવેક છે જે મિથ્યાત્વાદિરૂપ અભ્યંતર મળને નષ્ટ કરે છે | ૩ | ૩૭૧ |
| સમીચીન પરમાત્મારૂપ તીર્થોમાં સ્નાન કરવું તે જ શ્રેષ્ઠ છે | ૪ | ૩૭૨ |
| જેમણે જ્ઞાનરૂપ સમુદ્ર જોયો નથી તેઓ જ ગંગા આદિ તીર્થાભાસોમાં સ્નાન કરે છે | ૫ | ૩૭૨ |
| મનુષ્ય શરીરને શુદ્ધ કરી શકનાર કોઈપણ તીર્થ સંભવ નથી | ૬ | ૩૭૨ |
| કપૂરાદિનો લેપ કરવા છતાં પણ શરીર સ્વભાવથી દુર્ગન્ધ જ છોડે છે | ૭ | ૩૭૩ |
| ભવ્ય જીવ આ સ્નાનાષ્ટક સાંભળીને સુખી થાવ | ૮ | ૩૭૩ |
| **૨૬. બ્રહ્મચર્યાષ્ટક** | **૧–૯** | **૩૭૫–૩૭૮** |
| મૈથુન સંસારવૃદ્ધિનું કારણ છે | ૧ | ૩૭૫ |
| મૈથુનકર્મમાં પશુઓ રત રહેવાથી તેને પશુકર્મ કહેવામાં આવે છે | ૨ | ૩૭૫ |
| જો મૈથુન પોતાની સ્ત્રી સાથે પણ સારું હોય તો તેનો પર્વોમાં ત્યાગ શા માટે કરવામાં આવત? | ૩ | ૩૭૬ |
| અપવિત્ર મૈથુનસુખમાં વિવેકી જીવને અનુરાગ થતો નથી | ૪ | ૩૭૬ |
| અપવિત્ર મૈથુન અનુરાગનું કારણ મોહ છે | ૫ | ૩૭૬ |
| મૈથુન સંયમનો ઘાતક છે | ૬ | ૩૭૭ |
| મૈથુનમાં પ્રવૃત્તિ પાપના કારણે થાય છે | ૭ | ૩૭૭ |
| વિષયસુખ વિષ સદૃશ છે | ૮ | ૩૭૭ |
| આ બ્રહ્મચર્યાષ્ટકનું નિરૂપણ મુમુક્ષુ જીવો માટે કરવામાં આવ્યું છે | ૯ | ૩૭૮ |

ૐ

॥ નમઃ સિદ્ધેભ્યોઃ ॥

શ્રીમદ્ પદ્મનન્દિ વિરચિત

# પદ્મનન્દિ-પંચવિંશતિઃ

## ૧. ધર્મોપદેશામૃતમ્

(स्रग्धरा)

कायोत्सर्गायताङ्गो जयति जिनपतिर्नाभिसूनुर्महात्मा
मध्याह्ने यस्य भास्वानुपरि परिगतो राजति स्मोग्रमूर्तिः ।
चक्रं कर्मेन्धनानामतिबहु दहतो दूरमौदास्यवात-
स्फूर्जत्सद्ध्यानवह्नेरिव रुचिरतरः प्रोद्गतो विस्फुलिङ्गः ॥१॥

**અનુવાદ :** કાયોત્સર્ગના નિમિત્તે જેમનું શરીર લંબાયેલું છે એવા નાભિરાયના પુત્ર મહાત્મા આદિનાથ જિનેન્દ્ર જયવંત હો, જેમના ઉપર પ્રાપ્ત થયેલ મધ્યાહ્નનો તેજસ્વી સૂર્ય એવો શોભે છે જાણે કર્મરૂપી ઈન્ધનના સમૂહને અતિશયપણે બાળનાર અને ઉદાસીનતારૂપ વાયુના નિમિત્તે પ્રગટ થયેલ સમીચીન ધ્યાનરૂપી અગ્નિની તેજસ્વી ચિનગારી જ ઉત્પન્ન થઈ હોય.

**વિશેષાર્થ :** ભગવાન આદિનાથ જિનેન્દ્રની ધ્યાનાવસ્થામાં તેમની ઉપર જે મધ્યાહ્ન કાળનો તેજસ્વી સૂર્ય આવતો હતો તે વિષયમાં ગ્રંથકાર ઉત્પ્રેક્ષા કરે છે કે તે સૂર્ય ન હતો

પણ જાણે કે સમતાભાવથી આઠ કર્મરૂપી ઇન્ધનને જલાવવા માટે ઇચ્છુક થઈને ભગવાન આદિનાથ જિનેન્દ્ર દ્વારા કરવામાં આવેલ ધ્યાનરૂપી અગ્નિનો તણખો જ ઉત્પન્ન થયો હતો. ૧.

(शार्दूलविक्रीडित)

नो किंचित्करकार्यमस्ति गमनप्राप्यं न किंचिद् दृशो-
र्दृश्यं यस्य न कर्णयोः किमपि हि श्रोतव्यमप्यस्ति न ।
तेनालम्बितपाणिरुज्झितगतिर्नासाग्रदृष्टी रहः
संप्राप्तोऽतिनिराकुलो विजयते ध्यानैकतानो जिनः ।।२।।

**અનુવાદ :** હાથથી કરવા યોગ્ય કોઈ પણ કાર્ય બાકી ન રહેવાથી જેમણે પોતાના બન્ને હાથ નીચે લટકાવી દીધા હતા, ગમન કરીને મેળવવા યોગ્ય કાંઈ પણ કાર્ય ન રહેવાથી જે ગમનરહિત થઈ ગયા હતા. આંખો વડે જોવા યોગ્ય કોઈ પણ વસ્તુ ન રહેવાથી જેઓ પોતાની દૃષ્ટિ નાકની અણી ઉપર ઠેરવતા હતા, તથા કાનને સાંભળવા યોગ્ય કાંઈ પણ બાકી ન રહેવાથી જે આકુળતા રહિત થઈને એકાન્ત સ્થાનમાં રહ્યા હતા; એવા તે ધ્યાનમાં એકાગ્રચિત્ત થયેલા જિન ભગવાન જયવંત હો.

**વિશેષાર્થ :** અન્ય સમસ્ત પદાર્થો તરફથી ચિંતા ખસેડીને કોઈ એક જ પદાર્થ તરફ તેને નિયમિત કરવી, તેને ધ્યાન કહેવામાં આવે છે. આ ધ્યાન ક્યાંક એકાંત સ્થાનમાં જ કરી શકાય છે. જો ઉક્ત ધ્યાન કાયોત્સર્ગવડે કરવામાં આવે તો તેમાં બન્ને હાથ નીચે લટકતા રાખી દૃષ્ટિ નાકની અણી ઉપર રાખવામાં આવે છે. આ ધ્યાનની અવસ્થા લક્ષમાં રાખીને જ અહીં એમ કહેવામાં આવ્યું છે કે તે વખતે જિન ભગવાનને ન હાથ વડે કરવા યોગ્ય કાંઈ કાર્ય બાકી કહ્યું હતું, ન ગમન વડે પ્રાપ્ત કરવા યોગ્ય ધનાદિની અભિલાષા શેષ હતી ન કોઈ પણ દૃશ્ય તેમની આંખોને રુચિકર બાકી રહ્યું હતું અને ન કોઈ ગીત આદિ પણ તેમના કાનને મુગ્ધ કરે એવું બાકી રહ્યું હતું. ૨.

(शार्दूलविक्रीडित)

रागो यस्य न विद्यते क्वचिदपि प्रध्वस्तसंगग्रहात्
अस्त्रादेः परिवर्जनान्न च बुधैर्द्वेषोऽपि संभाव्यते ।
तस्मात्साम्यमथात्मबोधनमतो जातः क्षयः कर्मणा-
मानन्दादिगुणाश्रयस्तु नियतं सोऽर्हन्सदा पातु वः ।।३।।

**અનુવાદ :** જે અરિહંત પરમેષ્ઠીને પરિગ્રહરૂપી પિશાચ રહિત થઈ જવાને

લીધે કોઈ પણ ઇન્દ્રિય વિષયમાં રાગ નથી, ત્રિશૂળ આદિ આયુધ રહિત હોવાને લીધે ઉક્ત અરિહંત પરમેષ્ઠીને વિદ્વાનો દ્વારા દ્વેષની પણ સંભાવના કરી શકાતી નથી. તેથી રાગ-દ્વેષ રહિત થઈ જવાને લીધે તેમને સમતાભાવ પ્રગટ્યો છે, અને આ સમતાભાવ પ્રગટવાથી તેમને આત્મજ્ઞાન તથા તેનાથી તેમને કર્મોનો વિયોગ થયો છે. માટે કર્મોના ક્ષયથી જે અરિહંત પરમેષ્ઠી અનંત સુખ આદિ ગુણોનો આશ્રય પામ્યા છે. તે અરિહંત પરમેષ્ઠી સર્વદા તમારી રક્ષા કરો. ૩.

(शार्दूलविक्रीडित)

**इन्द्रस्य प्रणतस्य शेखरशिखारत्नार्कभासा नख-**
**श्रेणीतेक्षणबिम्बशुम्भदलिभृद्दूरोल्लसत्पाटलम् ।**
**श्रीसद्माङ्घ्रियुगं जिनस्य दधदप्यम्भोजसाम्यं रज-**
**स्त्यक्तं जाड्यहरं परं भवतु नश्चेतोऽर्पितं शर्मणे ।।४।।**

**અનુવાદ :** જે જિન ભગવાનના શ્રેષ્ઠ બન્ને ચરણ નમસ્કાર કરતી વખતે નમેલા ઇન્દ્રના મુગટની કલગીમાં જડેલા રત્નરૂપી સૂર્યના પ્રકાશથી કાંઈક ધવલતા સહિત લાલ વર્ણના છે તથા જે નખોમાં પડતા ઇન્દ્રના નેત્રોના પ્રતિબિંબરૂપ ભ્રમરોને ધારણ કરે છે, જે શોભાના સ્થાનરૂપ છે તેથી જે કમળની ઉપમા ધારણ કરવા છતાં પણ ધૂળના સંસર્ગ વિનાના હોઈને જડતાને (અજ્ઞાનને) હરનાર છે; તે બન્ને ચરણો અમારા ચિત્તમાં સ્થિર થઈને સુખના કારણ થાવ.

**વિશેષાર્થ :** અહીં જિનભગવાનના ચરણોને કમળની ઉપમા આપતાં એમ બતાવ્યું છે કે જેમ કમળ પાટલ (કાંઈક સફેદ સાથે લાલ) વર્ણનું હોય છે તેમ જિન ભગવાનના ચરણોમાં જ્યારે ઇન્દ્ર નમસ્કાર કરતા હતા ત્યારે તેના મુકુટમાં જડેલા રત્નની છાયા તેના ઉપર પડતી હતી તેથી તે પણ કમળની જેમ પાટલ વર્ણના થઈ જતા હતા. જો કમળમાં ભમરા રહે છે તો જિન ભગવાનના પગના નખોમાં પણ નમસ્કાર કરતા ઇન્દ્રના નેત્ર પ્રતિબિંબરૂપ ભમરા વિદ્યમાન હતા. કમળ જો શ્રી (લક્ષ્મી)નું સ્થાન મનાય છે તો તે જિન ચરણ પણ શ્રી (શોભા)નું સ્થાન હતા. આમ કમળની ઉપમા ધારણ કરવા છતાં પણ જિનચરણોમાં તેનાથી કાંઈક અધિક વિશેષતા હતી. જેમ કે—કમળ તો રજ અર્થાત્ પરાગ સહિત હોય છે પણ જિનચરણ તે રજ (ધૂળ)ના સંપર્કથી સદા રહિત હતા. એવી જ રીતે કમળ જડતા (અચેતનપણું) ધારણ કરે છે પરંતુ જિનચરણ તે જડતા(અજ્ઞાન)ને નષ્ટ કરનાર હતા. ૪.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(मालिनी)

जयति जगदधीशः शान्तिनाथो यदीयं
स्मृतमपि हि जनानां पापतापोपशान्त्यै ।
विबुधकुलकिरीटप्रस्फुरन्नीलरत्न-
द्युतिचलमधुपालीचुम्बितं पादपद्मम् ।।५।।

**અનુવાદ :** દેવોના સમૂહોના મુકુટોમાં પ્રકાશમાન નીલરત્નોની કાંતિરૂપી ચંચળ ભમરાઓની પંક્તિથી સ્પર્શાયેલા જે શાન્તિનાથ જિનેન્દ્રના ચરણકમળ સ્મરણ કરવા માત્રથી જ લોકોના પાપરૂપ સંતાપને દૂર કરે છે તે લોકના અધિનાયક ભગવાન શાન્તિનાથ જિનેન્દ્ર જયવંત હો. ૫.

(मालिनी)

स जयति जिनदेवः सर्वविद्विश्वनाथो
वितथवचनहेतुक्रोधलोभाद्विमुक्तः ।
शिवपुरपथपान्थप्राणिपाथेयमुच्चै-
र्जनितपरमशर्मा येन धर्मोऽभ्यधायि ।।६।।

**અનુવાદ :** જે જિન ભગવાન અસત્ય ભાષણના કારણરૂપ ક્રોધ અને લોભ આદિથી રહિત છે અને જેણે મોક્ષપુરીના માર્ગે ચાલતા મુસાફરોને નાસ્તારૂપ તેમ જ ઉત્તમ સુખ ઉત્પન્ન કરનાર એવા ધર્મનો ઉપદેશ આપ્યો છે તે સમસ્ત પદાર્થોને જાણનાર ત્રણ લોકના અધિપતિ જિનદેવ જયવંત હો. ૬.

(शार्दूलविक्रीडित)

धर्मो जीवदया गृहस्थशमिनोर्भेदाद्विधा च त्रयं
रत्नानां परमं तथा दशविधोत्कृष्टक्षमादिस्ततः ।
मोहोद्भूतविकल्पजालरहिता वागङ्गसङ्गोज्झिता
शुद्धानन्दमयात्मनः परिणतिर्धर्माख्यया गीयते ।।७।।

**અનુવાદ :** પ્રાણીઓ ઉપર દયાભાવ રાખવો તે ધર્મનું સ્વરૂપ છે. તે ધર્મ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ગૃહસ્થ (શ્રાવક) અને મુનિના ભેદથી બે પ્રકારનો છે. તે જ ધર્મ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ ઉત્કૃષ્ટ રત્નત્રયના ભેદથી ત્રણ પ્રકારનો તથા ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ આદિના ભેદથી દસ પ્રકારનો પણ છે. પરંતુ નિશ્ચયથી તો મોહના નિમિત્તે ઉત્પન્ન થતાં માનસિક વિકલ્પોથી તથા વચન અને શરીરના સંસર્ગથી પણ રહિત જે શુદ્ધ આનંદરૂપ આત્માની પરિણતિ થાય છે તેને જ 'ધર્મ' નામે કહેવામાં આવે છે.

**વિશેષાર્થ :** પ્રાણીઓ ઉપર દયાભાવ રાખવો, રત્નત્રય ધારણ કરવા, તથા ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મોનું પરિપાલન કરવું; એ બધું વ્યવહારધર્મનું સ્વરૂપ છે. નિશ્ચયધર્મ તો શુદ્ધ આનંદમય આત્માની પરિણતિને જ કહેવામાં આવે છે. ૭.

(शार्दूलविक्रीडित)

**आद्या सद्व्रतसंचयस्य जननी सौख्यस्य सत्संपदां**
**मूलं धर्मतरोरनश्वरपदारोहैकनिःश्रेणिका ।**
**कार्या सद्भिरिहाङ्गिषु प्रथमतो नित्यं दया धार्मिकैः**
**धिङ्नामाप्यपदयस्य तस्य च परं सर्वत्र शून्या दिशः ।।८।।**

**અનુવાદ :** અહીં ધર્માત્મા સજ્જનોએ સૌથી પહેલાં પ્રાણીઓના વિષયમાં સદાય દયા રાખવી જોઈએ, કેમકે તે દયા સમીચીન વ્રતો, સુખ અને ઉત્કૃષ્ટ સંપદાઓની મુખ્ય જનની અર્થાત્ ઉત્પાદક છે; ધર્મરૂપી વૃક્ષનું મૂળ છે, તથા અવિનશ્વર પદ અર્થાત્ મોક્ષ મહેલમાં ચડવાની અપૂર્વ નિસરણીનું કામ કરે છે. નિર્દય પુરુષનું નામ લેવું પણ નિન્દ્ય છે, તેના માટે બધે દિશાઓ શૂન્ય જેવી છે.

**વિશેષાર્થ :** જેવી રીતે મૂળ વિના વૃક્ષની સ્થિતિ ટકતી નથી તેવી જ રીતે પ્રાણીદયા વિના ધર્મની સ્થિતિ પણ રહી શકતી નથી. તેથી તે ધર્મરૂપી વૃક્ષના મૂળ સમાન છે. એ સિવાય પ્રાણીદયા થતાં જ ઉત્તમ વ્રત, સુખ અને સમીચીન સંપદાઓ તથા અંતે મોક્ષ પણ પ્રાપ્ત થાય છે; માટે જ ધર્માત્માઓનું એ પ્રથમ કર્તવ્ય છે કે તે સમસ્ત પ્રાણીધારીઓ પ્રત્યે દયાભાવ રાખે. જે પ્રાણી નિર્દયતાથી જીવઘાતની પ્રવૃત્તિ કરે છે તેનું નામ લેવું પણ ખરાબ સમજવામાં આવે છે. તેને ક્યાંય પણ સુખ સામગ્રી પ્રાપ્ત થવાની નથી. તેથી સત્પુરુષોને આ પહેલો ઉપદેશ છે કે તેમણે સમસ્ત પ્રાણીઓ પ્રત્યે દયાયુક્ત આચરણ કરવું. ૮.

(शार्दूलविक्रीडित)

संसारे भ्रमतश्चिरं तनुभृतः के के न पित्रादयो
जातास्तद्वधमाश्रितेन खलु ते सर्वे भवन्त्याहताः ।
पुंसात्मापि हतो यदत्र निहतो जन्मान्तरेषु ध्रुवम्
हन्तारं प्रतिहन्ति हन्त बहुशः संस्कारतो नु क्रुधः ।।९।।

**અનુવાદ :** સંસારમાં ચિરકાળથી પરિભ્રમણ કરનાર પ્રાણીને ક્યા ક્યા જીવ પિતા, માતા, ભાઈ આદિ નથી થયા? તેથી તે જીવોના ઘાતમાં પ્રવર્તતો પ્રાણી નિશ્ચયથી તે બધાને મારે છે. આશ્ચર્ય તો એ છે કે તે પોતે પોતાનો પણ ઘાત કરે છે. આ ભવમાં જે બીજા દ્વારા મરાયો છે તે નિશ્ચયથી અન્ય ભવમાં ક્રોધની વાસનાથી પોતાના તે ઘાતકનો અનેકવાર ઘાત કરે છે, એ ખેદની વાત છે.

**વિશેષાર્થ :** જન્મ-મરણનું નામ સંસાર છે. આ સંસારમાં પરિભ્રમણ કરતાં પ્રાણીને ભિન્ન-ભિન્ન ભવોમાં ઘણાખરા જીવો માતા-પિતા આદિ સંબંધો પામ્યા છે. તેથી જે પ્રાણી નિર્દય થઈને તે જીવોનો ઘાત કરે છે તે પોતાના માતા-પિતા આદિનો જ ઘાત કરે છે. બીજું તો શું કહીએ, ક્રોધી જીવ આત્મઘાત પણ કરી બેસે છે. આ ક્રોધની વાસનાથી આ જન્મમાં કોઈ અન્ય પ્રાણી દ્વારા મરાયેલો જીવ પોતાના તે ઘાતકનો જન્માન્તરોમાં અનેકવાર ઘાત કરે છે. તેથી અહીં એમ ઉપદેશ આપવામાં આવ્યો છે કે જે ક્રોધ અનેક પાપોનો જનક છે તેનો પરિત્યાગ કરીને જીવદયામાં પ્રવૃત્ત થવું જોઈએ. ૯.

(शार्दूलविक्रीडित)

त्रैलोक्यप्रभुभावतो ऽपि सरुजो ऽप्येकं निजं जीवितं
प्रेयस्तेन बिना स कस्य भवितेत्याकांक्षतः प्राणिनः ।
निःशेषव्रतशीलनिर्मलगुणाधारात्ततो निश्चितं
जन्तोर्जीवितदानतस्त्रिभुवने सर्वप्रदानं लघु ।।१०।।

**અનુવાદ :** રોગી પ્રાણીને પણ ત્રણે લોકની પ્રભુતાની અપેક્ષાએ એક માત્ર પોતાનું જીવન જ પ્રિય હોય છે. કારણ એ છે કે તે વિચારે છે કે જીવન નષ્ટ થઈ ગયા પછી તે ત્રણે લોકોની પ્રભુતા ભલા કોને પ્રાપ્ત થવાની? નિશ્ચયથી તે જીવનદાન સમસ્ત વ્રત, શીલ અને અન્ય અન્ય નિર્મળ ગુણોના આધારભૂત છે તેથી

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦**



જ લોકમાં જીવને જીવનદાનની અપેક્ષાએ અન્ય સમસ્ત સંપત્તિ આદિનું દાન પણ તુચ્છ મનાય છે.

**વિશેષાર્થ :** પ્રાણોનો ઘાત કરવામાં આવતાં જો કોઈને ત્રણ લોકનું પ્રભુત્વ પણ પ્રાપ્ત થતું હોય તો તે તેને નહિ ચાહે, પરંતુ પોતાના જીવનની જ અપેક્ષા કરશે. કારણ કે તે સમજે છે કે જીવનનો ઘાત થયા પછી છેવટે તેને ભોગવશે કોણ? તે સિવાય વ્રત, શીલ, સંયમ અને તપ આદિનો આધાર ઉક્ત જીવનદાન જ છે તેથી બીજા બધા દાનોની અપેક્ષાએ જીવનદાન ને જ શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે. ૧૦.

(शार्दूलविक्रीडित)

**स्वर्गायाव्रतिनाऽपि सार्द्रमनसः श्रेयस्करी केवला**
**सर्वप्राणिदया तया तु रहितः पापस्तपस्थोऽपि वा।**
**तद्दानं बहु दीयतां तपसि वा चेतश्चिरं धीयतां**
**ध्यानं वा क्रियतां जना न सफलं किंचिद्दयावर्जितम् ।।११।।**

**અનુવાદ :** જેનું ચિત્ત દયાથી ભિંજાયેલું છે તે જો  વ્રતરહિત હોય તોપણ તેની કલ્યાણ કારિણી એક માત્ર સર્વપ્રાણીદયા સ્વર્ગની પ્રાપ્તિનું નિમિત્ત થાય છે. એનાથી ઉલ્ટું ઉક્ત પ્રાણીદયાથી રહિત પ્રાણી તપમાં સ્થિત હોવા છતાં પણ પાપિષ્ઠ મનાય છે. તેથી હે ભવ્ય પ્રાણીઓ! ભલે તમે ઘણું દાન ઘો, ભલે લાંબો સમય ચિત્તને તપમાં લગાડો અથવા ભલે ધ્યાન પણ કરો, પરંતુ દયા વિના તે બધું નિષ્ફળ જશે. ૧૧.

(शार्दूलविक्रीडित)

**सन्तः सर्वसुरासुरेन्द्रमहितं मुक्तेः परं कारणं**
**रत्नानां दधति त्रयं त्रिभुवनप्रद्योति काये सति।**
**वृत्तिस्तस्य यदन्नतः परमया भक्त्यार्पिताज्ञायते**
**तेषां सद्गृहमेधिनां गुणवतां धर्मो न कस्य प्रियः ।।१२।।**

**અનુવાદ :** જે રત્નત્રય (સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર) સર્વ સુરેન્દ્રો અને અસુરેન્દ્રો દ્વારા પૂજ્ય છે, મોક્ષનું અદ્વિતીય કારણ છે અને ત્રણે લોકને

**Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250**

પ્રકાશિત કરનાર છે તેને મુનિઓ શરીર હોય ત્યારે જ ધારણ કરે છે. તે શરીરની સ્થિતિ ઉત્કૃષ્ટ ભક્તિથી આપવામાં આવેલ જે સદ્‌ગૃહસ્થોના અન્નથી રહે છે તે ગુણવાન સદ્‌ગૃહસ્થો (શ્રાવકો)નો ધર્મ ભલા કોને પ્રિય ન લાગે? અર્થાત્ સર્વને પ્રિય લાગે. ૧૨.

(स्रग्धरा)

**आराध्यन्ते जिनेन्द्रा गुरुषु च विनतिर्धार्मिकैः प्रीतिरुच्चैः**
**पात्रेभ्यो दानमापन्निहतजनकृते तच्च कारुण्यबुद्धया।**
**तत्त्वाभ्यासः स्वकीयव्रतरतिरमलं दर्शनं यत्र पूज्यं**
**तद्गार्हस्थ्यं बुधानामितरदिह पुनर्दुःखदो मोहपाशः ॥१३॥**

**અનુવાદ :** જે ગૃહસ્થ અવસ્થામાં જિનેન્દ્રોની આરાધના કરાય છે, નિર્ગ્રંથ ગુરુઓના વિષયમાં વિનયયુક્ત વ્યવહાર કરાય છે, ધર્માત્મા પુરુષો પ્રત્યે અતિશય વાત્સલ્ય ભાવ રાખવામાં આવે છે, પાત્રોને દાન આપવામાં આવે છે, તે દાન આપત્તિથી પીડિત પ્રાણીઓને પણ દયાબુદ્ધિથી આપવામાં આવે છે, તત્ત્વોનું પરિશીલન કરવામાં આવે છે, પોતાના વ્રતો પ્રત્યે અર્થાત્ ગૃહસ્થ ધર્મ પ્રત્યે પ્રેમ રાખવામાં આવે છે, તથા નિર્મળ સમ્યગ્દર્શન ધારણ કરવામાં આવે છે તે ગૃહસ્થ અવસ્થા વિદ્વાનોને પૂજ્ય છે. અને તેનાથી વિપરીત ગૃહસ્થ અવસ્થા અહીં લોકમાં દુઃખદાયક મોહજાળ જ છે. ૧૩.

(शार्दूलविक्रीडित)

**आदौ दर्शनमुन्नतं व्रतमितः सामायिकं प्रोषध—**
**स्त्यागश्चैव सचित्तवस्तुनि दिवाभुक्तं तथा ब्रह्म च।**
**नारम्भो न परिग्रहोऽननुमतिर्नोद्दिष्टमेकादश**
**स्थानानीति गृहिव्रते व्यसनितात्यागस्तदाद्यः स्मृतः ॥१४॥**

**અનુવાદ :** સર્વ ઉન્નતિને પ્રાપ્ત થયેલું સમ્યગ્દર્શન, ત્યાર પછી વ્રત, ત્યાર પછી ક્રમ પ્રમાણે સામાયિક, પ્રોષધોપવાસ, સચિત્ત વસ્તુનો ત્યાગ, દિવસે ભોજન કરવું અર્થાત્ રાત્રિભોજનનનો ત્યાગ, ત્યાર પછી બ્રહ્મચર્ય ધારણ કરવું, આરંભ ન કરવો, પરિગ્રહ ન રાખવો, ગૃહસ્થના કાર્યોમાં સંમતિ ન આપવી, ઉદ્દિષ્ટ ભોજન ગ્રહણ ન

કરવું; આ રીતે આ શ્રાવકધર્મમાં અગિયાર પ્રતિમાઓ કહેવામાં આવી છે. તે બધાની શરૂઆતમાં જૂગાર વગેરે વ્યસનોનો ત્યાગ કહેવામાં આવ્યો છે.

**વિશેષાર્થ :** સકળ ચારિત્ર અને વિકળ ચારિત્રના ભેદથી ચારિત્ર બે પ્રકારનું છે. એમાં સકળ ચારિત્ર મુનિઓને અને વિકળ ચારિત્ર શ્રાવકોને હોય છે. તેમાં શ્રાવકોની નીચે પ્રમાણે અગિયાર શ્રેણીઓ (પ્રતિમાઓ) છે. દર્શન, વ્રત, સામાયિક, પ્રૌષધોપવાસ, સચિત્તત્યાગ, દિવાભુક્તિ, બ્રહ્મચર્ય, આરંભત્યાગ, પરિગ્રહ ત્યાગ, અનુમતિ ત્યાગ, અને ઉદ્દિષ્ટ ત્યાગ. (૧) વિશુદ્ધ સમ્યગ્દર્શન સાથે સંસાર, શરીર અને ઇન્દ્રિયના વિષયભોગોથી વિરક્ત થઈને પાક્ષિક શ્રાવકના આચાર સન્મુખ થવું તેનું નામ દર્શન પ્રતિમા છે. (૨) માયા, મિથ્યાત્વ અને નિદાનરૂપ ત્રણ શલ્યથી રહિત થઈને અતિચાર રહિત પાંચ અણુવ્રત અને સાત શીલવ્રતોને ધારણ કરવા તે વ્રત પ્રતિમા કહેવાય છે. (૩) નિયમિત સમય સુધી હિંસાદિ પાંચે પાપોનો પૂર્ણરીતે ત્યાગ કરીને અનિત્ય, અશરણ આદિ ભાવનાઓનો તથા સંસાર અને મોક્ષના સ્વરૂપ આદિનો વિચાર કરવો, તેને સામાયિક કહે છે. ત્રીજી પ્રતિમાધારી શ્રાવક તે સવારે, બપોરે અને સાંજે નિયમિત રૂપે કરે છે. (૪) પ્રત્યેક આઠમ અને ચૌદશે સોળ પહોર સુધી ચાર પ્રકારના ભોજન (અશન, પાન, ખાદ્ય અને લેહ)ના પરિત્યાગનું નામ પ્રૌષધોપવાસ છે. અહીં પ્રોષધ શબ્દનો અર્થ એકાશન અને ઉપવાસનો અર્થ સર્વ પ્રકારના ભોજનનો પરિત્યાગ છે. જેમ કે–જો આઠમને દિવસે પ્રોષધોપવાસ કરવાનો હોય તો સાતમના દિવસે એકાશન કરીને આઠમે ઉપવાસ કરવો જોઈએ અને ત્યાર પછી નોમે પણ એકાશન જ કરવું જોઈએ. પ્રોષધોપવાસના સમયે હિંસાદિ પાપ સહિત શરીરશ્રૃંગારાદિનો પણ ત્યાગ કરવો અનિવાર્ય હોય છે. (૫) જે વનસ્પતિઓ નિગોદના જીવથી વ્યાપ્ત હોય તેના ત્યાગને સચિત્તત્યાગ કહેવામાં આવે છે. (૬) રાત્રે ભોજનનો પરિત્યાગ કરીને દિવસે જ ભોજન કરવાનો નિયમ કરવો, એ દિવાભુક્તિપ્રતિમા કહેવાય છે. કેટલાક આચાર્યોના અભિપ્રાય પ્રમાણે દિવસે મૈથુનના પરિત્યાગને દિવાભુક્તિ (છઠી પ્રતિમા) કહે છે. (૭) શરીરના સ્વભાવનો વિચાર કરીને કામભોગથી વિરકત થવાનું નામ બ્રહ્મચર્ય પ્રતિમા છે. (૮) કૃષિ અને વેપાર આદિ આરંભના પરિત્યાગને આરંભત્યાગ પ્રતિમા કહે છે. (૯) ધન–ધાન્યાદિરૂપ દસ પ્રકારના બાહ્ય પરિગ્રહમાં મમત્વબુદ્ધિ છોડીને સંતોષનો અનુભવ કરવો, તેને પરિગ્રહત્યાગપ્રતિમા કહે છે. (૧૦) આરંભ પરિગ્રહ અને આ લોક સંબંધી અન્ય કાર્યોના વિષયમાં સંમતિ ન દેવાનું નામ અનુમતિત્યાગ છે. (૧૧) ગૃહવાસ છોડીને ભિક્ષાવૃત્તિથી ભોજન કરતાં ઉદ્દિષ્ટ ભોજનનો ત્યાગ કરવો તેને ઉદ્દિષ્ટત્યાગ કહેવામાં આવે છે. આ પ્રતિમાઓમાં પૂર્વની પ્રતિમાઓનો નિર્વાહ થતાં જ આગળની પ્રતિમામાં પરિપૂર્ણતા થાય છે, અન્યથા નહીં. ૧૪.

(शार्दूलविक्रीडित)

**यत्प्रोक्तं प्रतिमाभिराभिरभितो विस्तारिभिः सूरिभिः**
**ज्ञातव्यं तदुपासकाध्ययनतो गेहिव्रतं विस्तरात् ।**

तत्रापि व्यसनोज्झनं यदि तदप्यासूत्र्यते ऽत्रैव यत्
तन्मूलः सकलः सतां व्रतविधिर्याति प्रतिष्ठां पराम् ।।१५।।

**અનુવાદ :** આ પ્રતિમાઓ દ્વારા જે ગૃહસ્થ વ્રત (વિકળ ચારિત્ર)નું અહીં આચાર્યોએ વિસ્તારપૂર્વક કથન કર્યું છે તેને જો અધિક વિસ્તારથી જાણવું હોય તો ઉપાસકાધ્યયન અંગમાંથી જાણવું જોઈએ. ત્યાં પણ જે વ્યસનનો પરિત્યાગ બતાવવામાં આવ્યો છે તેનો નિર્દેશ અહીં પણ કરી દેવામાં આવ્યો છે. એનું કારણ એ છે કે સાધુઓના સમસ્ત વ્રત વિધાનાદિની ઉત્કૃષ્ટ પ્રતિષ્ઠા વ્યસનોના પરિત્યાગ ઉપર જ આધાર રાખે છે. ૧૫.

(अनुष्टुप)

द्यूतमांससुरावेश्याखेटचौर्यपराङ्गनाः ।
महापापानि सप्तेति व्यसनानि त्यजेद्‌बुधः ।।१६।।

**અનુવાદ :** જુગાર, માંસ, મદ્ય, વેશ્યા, શિકાર, ચોરી અને પરસ્ત્રી; આ રીતે આ સાત મહાપાપરૂપ વ્યસન છે. બુદ્ધિમાન પુરુષે આ બધાનો ત્યાગ કરવો જોઈએ.

**વિશેષાર્થ :** ખરાબ ટેવને વ્યસન કહેવામાં આવે છે. આવા વ્યસન સાત છે—૧ જુગાર રમવો, ૨ માંસ ભક્ષણ કરવું, ૩ દારૂ પીવો, ૪ વેશ્યા સાથે સંબંધ રાખવો, ૫ શિકાર કરવો (મૃગ વગેરે પશુઓના ઘાતમાં આનંદ માનવો), ૬ ચોરી કરવી અને ૭ અન્યની સ્ત્રી પ્રત્યે અનુરાગ રાખવો. આ સાતે વ્યસન મહાપાપ ઉત્પન્ન કરનાર છે, તેથી વિવેકી જીવે એનો પરિત્યાગ અવશ્ય કરવો જોઈએ. ૧૬.

(मालिनी)

भवनमिदमकीर्तेश्चौर्यवेश्यादिसर्व-
व्यसनपतिरशेषापन्निधिः पापबीजम् ।
विषमनरकमार्गेष्वग्रयायीति मत्वा
क इह विशदबुद्धिर्द्यूतमङ्गीकरोति ।।१७।।

**અનુવાદ :** આ જુગાર નિંદાનું સ્થાન છે, ચોરી અને વેશ્યા આદિ અન્ય સર્વ વ્યસનોમાં મુખ્ય છે, સમસ્ત આપત્તિઓનું સ્થાન છે, પાપનું કારણ છે તથા દુઃખદાયક નરકના માર્ગોમાં અગ્રગામી છે; આ રીતે જાણીને અહીં લોકમાં ક્યો નિર્મળ બુદ્ધિનો

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ધારક મનુષ્ય ઉપર્યુક્ત જુગારનો સ્વીકાર કરે છે? અર્થાત્ નથી કરતો. જે દુર્બુદ્ધિ મનુષ્ય છે તે જ આ અનેક આપત્તિઓના ઉત્પાદક જુગારને અપનાવે છે, વિવેકી મનુષ્ય નહિ. ૧૭.

(शार्दूलविक्रीडित)

**क्वाकीर्तिः क्व दरिद्रता क्व विपदः क्व क्रोधलोभादयः**
**चौर्यादिव्यसनं क्व च क्व नरके दुःखं मृतानां नृणाम् ।**
**चेतश्चेद्गुरुमोहतो न रमते द्यूते वदन्त्युन्नत-**
**प्रज्ञा यद्भुवि दुर्णयेषु निखिलेष्वेतद्धुरि स्मर्यते ॥१८॥**

**અનુવાદ :** જો ચિત્ત મહામોહથી જુગારમાં રમતું ન હોય તો પછી અપયશ અથવા નિંદા ક્યાંથી થઈ શકે? ગરીબાઈ ક્યાં રહે? વિપત્તિઓ ક્યાંથી આવે? ક્રોધ અને લોભ આદિ કષાયો ક્યાંથી ઉત્પન્ન થાય? ચોરી આદિ અન્ય અન્ય વ્યસન ક્યાં રહે? તથા મરીને નરકોમાં ઉત્પન્ન થયેલ મનુષ્યોને દુઃખ ક્યાંથી પ્રાપ્ત થઈ શકે? (અર્થાત્ જુગારથી વિરક્ત થયેલ મનુષ્યને ઉપર્યુક્ત આપત્તિઓમાંથી કોઈ પણ આપત્તિ પ્રાપ્ત થતી નથી.) આમ ઉન્નત બુદ્ધિવાળા વિદ્વાનો કહે છે. તે યોગ્ય જ છે કેમ કે સમસ્ત બુરા વ્યસનોમાં આ જુગાર ગાડાની ધરી (ધોંસરી) સમાન મુખ્ય મનાય છે. ૧૮.

સહજ ચિદાનંદ

(स्नग्धरा)

**बीभत्सु प्राणिघातोद्भवमशुचि कृमिस्थानमश्लाघ्यमूलं**
**हस्तेनाक्ष्णापि शक्यं यदिह न महतां स्प्रष्टुमालोकितुं च ।**
**तन्मांसं भक्ष्यमेतद्वचनमपि सतां गर्हितं यस्य साक्षात्**
**पापं तस्यात्र पुंसो भुवि भवति कियत्का गतिर्वा न विद्मः ॥१९॥**

**અનુવાદ :** જે માંસ ઘૃણા ઉત્પન્ન કરે છે, મૃગ આદિ પ્રાણીઓના ઘાતથી ઉત્પન્ન થાય છે, અપવિત્ર છે, કૃમિ આદિ ક્ષુદ્ર જંતુઓનું સ્થાન છે, જેની ઉત્પત્તિ નિંદનીય છે, તથા મહાપુરુષ જેનો હાથથી સ્પર્શ કરતા નથી અને આંખથી જેને દેખતા પણ નથી 'તે માંસ ખાવા યોગ્ય છે' એવું કહેવું પણ સજ્જનોને માટે નિંદા જનક છે. તો પછી એવું અપવિત્ર માંસ જે પુરુષ સાક્ષાત્ ખાય છે તેને અહીં લોકમાં કેટલું પાપ થાય છે તથા તેની કેવી હાલત થાય છે, એ વાત અમે જાણતા નથી.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

વિશેષાર્થ :—માંસ પ્રથમ તો મૃગ આદિ મૂંગા પ્રાણીઓના વધથી ઉત્પન્ન થાય છે બીજું તેમાં અસંખ્ય અન્ય ત્રસ જીવ પણ ઉત્પન્ન થઈ જાય છે જેની હિંસા થવી અનિવાર્ય છે. આ કારણે તેના ભક્ષણમાં હિંસા જનિત પાપનું થવું અવશ્યંભાવી છે. માટે સજ્જન મનુષ્ય તેનો કેવળ પરિત્યાગ જ નથી કરતા, પણ તેનો તેઓ હાથથી સ્પર્શ કરવો અને આંખે દેખવું પણ ખરાબ સમજે છે. માંસભક્ષક જીવોની દુર્ગતિ અનિવાર્ય છે. ૧૯.

(शिखरणी)

**गतो ज्ञातिः कश्चिद्वहिरपि न यद्येति सहसा**
**शिरो हत्वा हत्वा कलुषितमना रोदिति जनः ।**
**परेषामुत्कृत्य प्रकटितमुखं खादति पलं**
**कले रे निर्विण्णा वयमिह भवच्चित्रचरितैः ॥२०॥**

**અનુવાદ :** જો કોઈ પોતાનો સંબંધી પોતાના ઠેકાણેથી બહાર જઈને શીઘ્ર આવતો નથી તો મનુષ્ય મનમાં વ્યાકુળ થતો થકો વારંવાર માથું પીટીને રોવે છે. તે જ મનુષ્ય અન્ય મૃગ આદિ પ્રાણીઓનું માંસ કાપીને પોતાનું મુખ પહોળું કરીને ખાય છે. હે કળિ કાળ! અહીં અમે તારી આ વિચિત્ર પ્રવૃત્તિઓથી નિર્વેદ પામ્યા છીએ.

**વિશેષાર્થ :** જ્યારે પોતાના કોઈ ઈષ્ટ સગા સંબંધી કાર્યવશ ક્યાંય બહાર જાય છે અને જો તે સમયસર ઘેર પાછા આવતા નથી તો આ માણસ અનિષ્ટની આશંકાથી વ્યાકુળ થઈને માથું દીવાલ વગેરે સાથે પછાડીને રુદન કરે છે. પાછો તે જ માણસ જે અન્ય પશુ-પક્ષીઓને મારીને તેમની માતા આદિથી સદા માટે વિયોગ કરાવીને માંસભક્ષણમાં અનુરક્ત થાય છે, એ આ કળિકાળનો જ પ્રભાવ છે. કાળની આવી પ્રવૃત્તિઓથી વિવેકી જનોનું ચિત્ત વિરક્ત થાય તે સ્વાભાવિક છે. ૨૦

(मालिनी)

**सकलपुरुषधर्मभ्रंशकार्यत्र जन्म–**
**न्यधिकमधिकमग्रे यत्परं दुःखहेतुः ।**
**तदपि न यदि मद्यं त्यज्यते बुद्धिमद्भिः**
**स्वहितमिह किमन्यत्कर्म धर्माय कार्यम् ॥२१॥**

**અનુવાદ :** જે દારૂ આ જન્મમાં સમસ્ત પુરુષાર્થો (ધર્મ, અર્થ અને કામ)નો નાશ કરનાર છે અને પછીના જન્મમાં અતિ દુઃખનું કારણ છે તે મદ્ય જો બુદ્ધિમાન

મનુષ્ય છોડતા નથી તો પછી અહીં લોકમાં ધર્મ માટે પોતાને હિતકારક બીજું ક્યું કામ કરવા યોગ્ય છે? કોઈ નહીં. અર્થાત્ મદ્ય પીનાર મનુષ્ય એવું કોઈ પણ પવિત્ર કામ કરી શકતો નથી જે તેને માટે આત્મહિતકારી હોય.

**વિશેષાર્થ :** શરાબી મનુષ્ય ન તો ધર્મકાર્ય કરી શકે છે કે ન અર્થ ઉપાર્જન કરી શકે છે અને ન યથેચ્છ ભોગ પણ ભોગવી શકે છે. આવી રીતે તે આ ભવમાં ત્રણે પુરુષાર્થથી રહિત થાય છે. પરભવમાં તે મદ્યજનિત દોષોથી નરકાદિ દુર્ગતિઓમાં પડીને અસહ્ય દુઃખ પણ ભોગવે છે. આ જ વિચારથી બુદ્ધિમાન મનુષ્ય તેનો સદાને માટે પરિત્યાગ કરે છે. ૨૧.

(मन्दाक्रान्ता)

**आस्तामेतद्यदिह जननीं वल्लभां मन्यमाना**
**निन्द्याश्चेष्टा विदधति जना निस्त्रपाः पीतमद्याः ।**
**तत्राधिक्यं पथि निपतिता यत्किरत्सारमेयाद्–**
**वक्त्रे मूत्रं मधुरमधुरं भाषमाणाः पिबन्ति ।।२२।।**

**અનુવાદ :** દારૂડિયો નિર્લજ્જ થઈને અહીં જે માતાને પત્ની સમજીને નિન્દનીય ચેષ્ટા (સંભોગ આદિ) કરે છે એ તો દૂર રહો. પણ અધિક ખેદની વાત તો એ છે કે માર્ગમાં પડેલા તેમના મુખમાં કૂતરા મૂતરે છે અને તેઓ તેને અતિશય મધુર કહીને પીધા કરે છે. ૨૨.

(शार्दूलविक्रीडित)

**या खादन्ति पलं पिबन्ति च सुरां जल्पन्ति मिथ्यावचः**
**स्निह्यन्ति द्रविणार्थमेव विदधत्यर्थप्रतिष्ठाक्षतिम् ।**
**नीचानामपि दूरवक्रमनसः पापात्मिकाः कुर्वते**
**लालापानमहर्निशं न नरकं वेश्या विहायापरम् ।।२३।।**

**અનુવાદ :** મનમાં અત્યન્ત કુટિલતા ધારણ કરનારી જે પાપિષ્ઠ વેશ્યાઓ માંસ ખાય છે, શરાબ પીએ છે, અસત્ય વચન બોલે છે, કેવળ ધનપ્રાપ્તિ માટે જ સ્નેહ કરે છે. ધન અને પ્રતિષ્ઠા એ બન્નેનોય નાશ કરે છે તથા જે વેશ્યાઓ નીચ પુરુષોની પણ લાળ પીએ છે. તે વેશ્યાઓ સિવાય બીજું કોઈ નરક નથી. અર્થાત્ તે વેશ્યાઓ નરકગતિની પ્રાપ્તિના કારણ છે. ૨૩.

( आर्या )

**रजकशिलासदृशीभिः कुर्कुरकर्परसमानचरिताभिः ।**
**गणिकाभिर्यदि संगः कृतमिह परलोकवार्ताभिः ।।२४।।**

**અનુવાદ :** જે વેશ્યાઓ ધોબીના કપડા ધોવાની શિલા સમાન છે તથા જેમનું આચરણ કુતરાના હાડકા સમાન છે એવી વેશ્યાઓનો જો સંગ કરવામાં આવે તો પછી અહીં પરભવની વાતોથી બસ થાવ.

**વિશેષાર્થ :** જેવી રીતે ધોબીના પત્થર ઉપર સારા ખરાબ બધી જાતના કપડા ધોવામાં આવે છે તથા જેમ એક હાડકાના ટૂકડાને અનેક કૂતરા ખેંચે છે તેવી જ રીતે જે વેશ્યાઓ સાથે ઊંચ અને નીચ બધી જાતના માણસો સંબંધ રાખે છે તે વેશ્યાઓમાં અનુરક્ત રહેવાથી આ ભવમાં ધન અને પ્રતિષ્ઠાનો નાશ થાય છે તથા પરભવમાં નરકાદિનું મહાન કષ્ટ ભોગવવું પડે છે. તેથી આ ભવ અને પરભવમાં આત્મ-કલ્યાણ ઇચ્છનારા સત્પુરુષોએ વેશ્યા વ્યસનનો પરિત્યાગ કરવો જોઈએ. ૨૪.

( स्रग्धरा )

**या दुर्दुहैकवित्ता वनमधिवसति त्रातृसंबन्धहीना**
**भीतिर्यस्यां स्वभावाद्दशनधृततृणा नापराधं करोति ।**
**वध्यालं सापि यस्मिन् ननु मृगवनितामांसपिण्डप्रलोभात्**
**आखेटेऽस्मिन्रतानामिह किमु न किमन्यत्र नो यद्विरूपम् ।।२५।।**

**અનુવાદ :** જે હરણી દુઃખદાયક એક માત્ર શરીરરૂપ ધનને ધારણ કરતી વનમાં રહે છે, રક્ષકના સંબંધ વિનાની છે અર્થાત્ જેને કોઈ રક્ષક નથી, જેને સ્વભાવથી જ ભય રહે છે તથા જે દાંતોમાં ઘાસ ધારણ કરતી થકી અર્થાત્ ઘાસ થકી કોઈનો અપરાધ કરતી નથી; આશ્ચર્ય છે કે તે પણ મૃગની સ્ત્રી અર્થાત્ હરણી માંસ પિંડના લોભથી જે મૃગયાના વ્યસનમાં શિકારીઓ દ્વારા મરાય છે તે મૃગયા (શિકાર)માં આસક્ત મનુષ્યોને આ લોકમાં અને પરલોકમાં ક્યું પાપ થતું નથી?

**વિશેષાર્થ :** એ એક પ્રાચીન પદ્ધતિ છે કે જે શત્રુ દાંતતળે ઘાસનું તણખલું રાખીને સામે આવે તેને વીર પુરુષો પરાજિત સમજીને છોડી દેતા હતા, પછી તેમની ઉપર તેઓ શસ્ત્ર પ્રહાર કરતા નહિ. પરંતુ ખેદ એ વાતનો છે કે શિકારીઓ એવા નિરપરાધ મૃગ આદિ પ્રાણીઓનો પણ ઘાત કરે છે જે ઘાસનું ભક્ષણ કરતાં મુખમાં તૃણ દબાવી રહે છે. એ જ ભાવ 'दर्शनधृततृणा' આ પદદ્વારા ગ્રંથકારે અહીં સૂચવ્યો છે. ૨૫.

(मालिनी)

तनुरपि यदि लग्ना कीटिका स्याच्छरीरे
भवति तरलचक्षुर्व्याकुलो यः स लोकः ।
कथमिह मृगयाप्तानन्दमुत्खातशस्त्रो
मृगमकृतविकारं ज्ञातदुःखोऽपि हन्ति ॥२६॥

**અનુવાદ :** જ્યારે પોતાના શરીરમાં નાનકડી કીડી કે જંતુ ચડી જાય ત્યારે તે મનુષ્ય વ્યાકુળ થઈને ચપળ નેત્રોથી તેને આમતેમ શોધે છે. પાછો તે જ મનુષ્ય પોતાની જેમ બીજા પ્રાણીઓના દુઃખનો અનુભવ કરીને પણ શિકારથી પ્રાપ્ત થનાર આનંદની ખોજમાં ક્રોધાદિ વિકાર રહિત નિરપરાધ મૃગ આદિ પ્રાણીઓ ઉપર શસ્ત્ર ચલાવીને કેવી રીતે તેમનો વધ કરે છે? ૨૬.

(शार्दूलविक्रीडित)

यो येनैव हतः स तं हि बहुशो हन्त्येव यैर्वञ्चितो
नूनं वञ्चयते स तानपि भृशं जन्मान्तरे ऽप्यत्र च ।
स्त्रीबालादिजनादपि स्फुटमिदं शास्त्रादपि श्रूयते
नित्यं वञ्चनहिंसनोज्झनविधौ लोकाः कुतो मुह्यत ॥२७॥

**અનુવાદ :** જે મનુષ્ય જેના દ્વારા મરાય છે તે મનુષ્ય પોતાને મારનાર તે મનુષ્યને પણ અનેક વાર મારે જ છે. એવી જ રીતે જે પ્રાણી બીજા લોકો દ્વારા છેતરાયો છે તે નિશ્ચયથી તો લોકોને પણ જન્માન્તરમાં અને આ જન્મમાં પણ અવશ્ય ઠગે છે. આ વાત સ્ત્રી અને બાળક આદિ પાસેથી તેમ જ શાસ્ત્ર પાસેથી પણ સ્પષ્ટપણે સાંભળવામાં આવે છે. છતાં લોકો હંમેશાં દગાબાજી અને હિંસાનો ત્યાગ કરવામાં કેમ મોહ પામે છે? અર્થાત્ તેમણે મોહ છોડીને હિંસા અને અન્યને છેતરવાનો પરિત્યાગ સદા માટે અવશ્ય કરી દેવો જોઈએ. ૨૭.

(शार्दूलविक्रीडित)

अर्थादौ प्रचुरप्रपञ्चरचनैर्ये वञ्चयन्ते परान्
नूनं ते नरकं व्रजन्ति पुरतः पापव्रजादन्यतः ।

प्राणाः प्राणिषु तन्निबन्धनतया तिष्ठन्ति नष्टे धने
यावान् दुःखभरो नरे न मरणे तावानिह प्रायशः ॥२८॥

**અનુવાદ :** જે મનુષ્ય ધન આદિ કમાવામાં અનેક પ્રપંચો રચીને બીજાઓને છેતર્યા કરે છે તેઓ નિશ્ચયથી તે પાપના પ્રભાવથી બીજાઓની સામે જ નરકમાં જાય છે. કારણ એ છે કે પ્રાણીઓમાં પ્રાણ ધનના નિમિત જ રહે છે, ધન નષ્ટ થઈ જતાં મનુષ્યને જેટલું અધિક દુઃખ થાય છે તેટલું ઘણું કરીને મરતી વખતે પણ થતું નથી. ૨૮.

(शार्दूलविक्रीडित)

चिन्ताव्याकुलताभयारतिमतिभ्रंशातिदाहभ्रम–
क्षुत्तृष्णाहतिरोगदुःखमरणान्येतान्यहो आसताम् ।
यान्यत्रैव पराङ्गनाहितमतेस्तद्भूरि दुःखं चिरं
श्वभ्रे भावि यदग्निदीपितवपुर्लोहाङ्गनालिङ्गनात् ॥२९॥

**અનુવાદ :** પરસ્ત્રીમાં અનુરાગબુદ્ધિ રાખનાર વ્યક્તિને જે આ જન્મમાં ચિંતા, આકુળતા, ભય, દ્વેષભાવ, બુદ્ધિનો વિનાશ, અત્યન્ત સંતાપ, ભ્રાંતિ, ભૂખ, તરસ, આઘાત, રોગ વેદના અને મરણરૂપ દુઃખ પ્રાપ્ત થાય છે; એ તો દૂર રહો, પરંતુ પરસ્ત્રી સેવનજનિત પાપના પ્રભાવથી અન્ય જન્મમાં નરકગતિ પ્રાપ્ત થતાં અગ્નિમાં તપાવેલા લોહમય સ્ત્રીઓના આલિંગનથી જે ચિરકાળ સુધી ઘણું દુઃખ પ્રાપ્ત થવાનું છે તે તરફ પણ તેનું ધ્યાન જતું નથી, એ કેટલા આશ્ચર્યની વાત છે. ૨૯.

(शार्दूलविक्रीडित)

धिक् तत्पौरुषमासतामनुचितास्ता बुद्धयस्ते गुणाः
मा भून्मित्रसहायसंपदपि सा तज्जन्म यातु क्षयम् ।
लोकानामिह येषु सत्सु भवति व्यामोहमुद्राङ्कितं
स्वप्ने ऽपि स्थितिलङ्घनात्परधनस्त्रीषु प्रसक्तं मनः ॥३०॥

**અનુવાદ :** જે પૌરુષ આદિ હોતાં લોકોનું વ્યામોહ પામેલું મન મર્યાદાનું ઉલ્લંઘન કરીને સ્વપ્નમાં પણ પરધન અને પરસ્ત્રીઓમાં આસક્ત થાય છે તે પૌરુષને ધિક્કાર છે તે અયોગ્ય વિચાર અને તે અયોગ્ય ગુણ દૂર જ રહો, એવા

મિત્રોની સહાયતારૂપ સંપત્તિ પણ પ્રાપ્ત ન થાવ તથા તે જન્મ પણ નાશ પામો. અભિપ્રાય એ છે કે જો ઉપર્યુક્ત સામગ્રી હોતાં લોકોનું મન લોકમર્યાદા છોડીને પરધન અને પરસ્ત્રીમાં આસક્ત થાય છે તો તે બધી સામગ્રી ધિક્કારવા યોગ્ય છે. ૩૦.

(शार्दूलविक्रीडित)

द्यूताद्धर्मसुतः पलादिह बको मद्याद्यदोर्नन्दनाः
चारुः कामुकया मृगान्तकतया स ब्रह्मदत्तो नृपः ।
चौर्यत्वाच्छिवभूतिरन्यवनितादोषाद्दशास्यो हठात्
एकैकव्यसनाहता इति जनाः सर्वैर्न को नश्यति ।।३१।।

**અનુવાદ :** અહીં જુગારથી યુધિષ્ઠિર, માંસથી બક રાજા, મદ્યથી યાદવો, વેશ્યાસેવનથી ચારુદત્ત, મૃગોના વિનાશરૂપ શિકારથી બ્રહ્મદત્ત રાજા, ચોરીથી શિવભૂતિ બ્રાહ્મણ તથા પરસ્ત્રીદોષથી રાવણ; આ રીતે એક એક વ્યસનના સેવનથી આ સાતેય જણ મહાન કષ્ટ પામ્યા છે. તો પછી જે બધા વ્યસનોનું સેવન કરે છે તેનો વિનાશ કેમ ન થાય? અવશ્ય થાય.

**વિશેષાર્થ :** 'यत् पुंसः श्रेयसः व्यस्यति तत् व्यसनम्' અર્થાત્ જે મનુષ્યોને કલ્યાણના માર્ગથી ભ્રષ્ટ કરીને દુઃખ પ્રાપ્ત કરાવે છે તેને વ્યસન કહેવામાં આવે છે. આવા વ્યસન મુખ્યપણે સાત છે. તેમનું વર્ણન આગળ થઈ ગયું છે. એમાંથી કેવળ એક એક વ્યસનમાં જ તત્પર રહેવાથી જે યુધિષ્ઠિર આદિ મહાન દુઃખ પામ્યા છે, તેમના નામોનો નિર્દેશ માત્ર અહીં કરવામાં આવ્યો છે. સંક્ષેપમાં તેમની કથા આ રીતે છે.

૧. યુધિષ્ઠિર :—હસ્તિનાપુરમાં ધૃતરાજ નામના એક પ્રસિદ્ધ રાજા હતા. તેને અંબિકા, અંબાલિકા અને અંબા નામની ત્રણ રાણીઓ હતી. એમાંથી અંબિકાથી ધૃતરાષ્ટ્ર, અંબાલિકાથી પાંડુ અને અંબાથી વિદુર ઉત્પન્ન થયા હતા. એમાં ધૃતરાષ્ટ્રને દુર્યોધન આદિ સો પુત્ર તથા પાંડુને યુધિષ્ઠિર, અર્જુન, ભીમ, નકુલ અને સહદેવ નામના પાંચ પુત્ર હતા. પાંડુ રાજા સ્વર્ગવાસી થયા પછી કૌરવો અને પાંડવોમાં રાજ્ય નિમિત્તે પરસ્પર વિવાદ થવા લાગ્યો હતો. એક વખત યુધિષ્ઠિર દુર્યોધન સાથે ધૃતક્રીડા કરવા તૈયાર થયા. તેઓ તેમાં બધી સંપત્તિ હારી ગયા. અંતે તેમણે દ્રૌપદી આદિને પણ દાવમાં મૂકી અને દુર્યોધને એને પણ જીતી લીધી. તેથી દ્રૌપદીને અપમાનિત થવું પડ્યું તથા કુંતી અને દ્રૌપદી સાથે પાંચે ભાઈઓને બાર વર્ષ સુધી વનમાં રહેવું પડ્યું. તે સિવાય તેમને જુગારના વ્યસનને કારણે બીજા પણ અનેક દુઃખ સહેવા પડ્યા.

૨. બકરાજા :—કુશાગ્રપુરમાં ભૂપાળ નામનો રાજા હતો. તેની પત્નીનું નામ લક્ષ્મીમતી હતું. એમને બક નામનો એક પુત્ર હતો જે માંસભક્ષણનો બહુ લોલુપી હતો. રાજા દર વર્ષે અષ્ટાહ્નિકા પર્વ આવતાં જીવહિંસા ન કરવાની ઘોષણા કરાવતા હતા. તેણે માંસભક્ષી પોતાના પુત્રની પ્રાર્થનાથી કેવળ એક પ્રાણીની હિંસાની છૂટ આપીને તેને પણ બીજા પ્રાણીની હિંસા ન કરવાનો નિયમ કરાવ્યો હતો. તે પ્રમાણે જ તેણે પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખી હતી. એક વખતે રસોઈયો માંસ મૂકીને કાર્ય પ્રસંગે ક્યાંક બહાર ચાલ્યો ગયો હતો. એટલામાં એક બિલાડી તે માંસ ખાઈ ગઈ હતી. રસોઇયાને તેથી ખૂબ ચિંતા થઈ, તે વ્યાકુળ થઈને માંસની શોધમાં શહેરની બહાર ગયો. તેણે એક મરેલા બાળકને જમીનમાં દાટતા જોયું. તક મેળવીને તે તેને કાઢી લાવ્યો અને તેનું માંસ રાંધીને બક રાજકુમારને ખવરાવી દીધું, તે દિવસનું માંસ તેને ખૂબ સ્વાદિષ્ટ લાગ્યું. બકે કોઈ પણ ઉપાયે રસોઇયા પાસેથી યથાર્થ સ્થિતિ જાણી લીધી. તેણે દરરોજ આ જ પ્રકારનું માંસ ખવરાવવા માટે રસોઈયાને ફરજ પાડી. બિચારો રસોઇયો રોજ ચણા અને લાડુ વગેરે લઈને જતો અને કોઈ એક બાળકને ફોસલાવીને લઈ આવતો. તેથી નગરમાં બાળકો ઘટવા માંડ્યા. નગરજનો તેથી ખૂબ ચિંતાતુર થઈ ગયા હતા. છેવટે એક દિવસે તે રસોઈયાને બાળક સાથે પકડી લેવામાં આવ્યો. લોકોએ તેને ઢીંકા પાટુ મારવાનું શરૂ કરી દીધું. તેથી ગભરાઈને તેણે સાચી વસ્તુ જણાવી દીધી. તે દરમ્યાન પિતા દીક્ષિત થઈ જવાથી બકને રાજ્યની પણ પ્રાપ્તિ થઈ ગઈ હતી. નગરજનોએ મળીને તેને રાજ્યથી ભ્રષ્ટ કર્યો. તે શહેરની બહાર રહીને મરેલા મનુષ્યોના મડદા ખાવા લાગ્યો. જ્યારે કોઈવાર તેને જો જીવતો માણસ મળી જતો તો તે તેને પણ ખાઈ જતો. લોકો તેને રાક્ષસ કહેવા લાગ્યો હતા. છેવટે તેને કોઈ રીતે વસુદેવે મારી નાખ્યો હતો. તેને માંસ ભક્ષણના વ્યસનથી આ રીતે દુઃખ સહેવું પડ્યું.

૩ યાદવ :—કોઈ વખતે ભગવાન નેમિનાથ જિનેશ્વરનું સમવસરણ ગિરનાર પર્વત ઉપર આવ્યું હતું. તે વખતે અનેક નગરજનો તેમને વંદન કરવા અને તેમનો ઉપદેશ શ્રવણ કરવા માટે ગિરનાર પર્વત ઉપર પહોંચ્યા હતા, ધર્મશ્રવણના અંતે બળદેવે પૂછ્યું કે ભગવન્! આ દ્વારકાપુરી કુબેરે બનાવી છે. તેનો નાશ ક્યારે અને કેવી રીતે થશે? ઉત્તરમાં ભગવાન નેમિજિન બોલ્યા કે આ નગર મદ્યના નિમિત્તે બાર વર્ષમાં દ્વીપાયનકુમાર દ્વારા ભસ્મીભૂત થશે. આ સાંભળીને રોહિણીનો ભાઈ દ્વીપાયનકુમાર દીક્ષિત થઈ ગયો અને આ અવધિ પૂરી કરવા માટે પૂર્વદેશમાં જઈને તપ કરવા લાગ્યો. ત્યાર પછી તે દ્વીપાયનકુમાર ભ્રમથી 'હવે બાર વર્ષ વીતી ગયા' એમ સમજીને ફરીથી પાછો આવી ગયો અને દ્વારકાની બહાર પર્વત પાસે તપ કરવા લાગ્યો. અહીં જિનવચન અનુસાર મદ્યને દ્વારકાદહનનું કારણ સમજીને કૃષ્ણે પ્રજાને મદ્ય અને તેની સાધનસામગ્રીને પણ દૂર ફેંકી દેવાનો આદેશ આપ્યો હતો. તે પ્રમાણે દારૂ પીનારાઓએ મદ્ય અને તેના સાધનો કાદંબ પર્વત પાસે એક ખાડામાં ફેંકી દીધા હતા. એ જ સમયે શંબુ આદિ રાજકુમારો વનક્રીડા માટે ત્યાં ગયા હતા. તેમણે તરસથી પીડાઈને પહેલા ફેંકી દીધેલ તે મદ્યને

પાણી સમજીને પી ગયા. તેથી ઉન્મત્ત થઈને તે નાચતા ગાતા દ્વારકા તરફ પાછા આવી રહ્યા હતા. તેમણે માર્ગમાં દ્વીપાયન મુનિને ઉભેલા જોઈને તેમને દ્વારિકાના બાળનાર સમજીને તેમના ઉપર પથ્થર ફેંકવા શરૂ કર્યા. જેથી ક્રોધવશ મરણ પામીને તે અગ્નિકુમાર દેવ થયા. તેણે ચારે બાજુથી દ્વારિકાપુરીને અગ્નિથી પ્રજ્વલિત કરી દીધી. આ દુર્ઘટનામાં કૃષ્ણ અને બળદેવ સિવાય બીજું કોઈ પણ પ્રાણી જીવિત રહી શક્યું નહિ. આ બધું મદ્યપાનના દોષથી થયું હતું.

૪. **ચારુદત્ત** :—ચંપાપુરીમાં એક ભાનુદત્ત નામના શેઠ હતા. તેમની પત્નીનું નામ સુભદ્રા હતું. આ બન્નેની યુવાન અવસ્થા પુત્ર વિના જ વીતી ગઈ. ત્યાર પછી તેમને એક પુત્ર ઉત્પન્ન થયો જેનું નામ ચારુદત્ત રાખવામાં આવ્યું, તેને બાળપણમાં જ અણુવ્રતની દીક્ષા આપવામાં આવી હતી. તેનો વિવાહ મામા સર્વાર્થની પુત્રી મિત્રવતી સાથે થયો હતો. ચારુદત્તને શાસ્ત્રનું વ્યસન હતું, તેથી પત્ની પ્રત્યે તેને જરા પણ પ્રેમ નહોતો. ચારુદત્તની માતાએ તેને કામભોગમાં આસક્ત કરવા માટે રુદ્રદત્ત (ચારૂદત્તના કાકા) ને પ્રેરણા કરી. તે કોઈ પણ બહાને ચારુદત્તને કલિંગસેના વેશ્યાને ત્યાં લઈ ગયો. તેને એક વસન્તસેના નામની સુંદર પુત્રી હતી. ચારુદત્તને તેના પ્રત્યે પ્રેમ થઈ ગયો. તેનામાં આસક્ત હોવાથી કલિંગસેનાએ વસન્તસેના સાથે ચારૂદત્તના લગ્ન કરી દીધા હતા. તે વસન્તસેનાને ત્યાં બાર વર્ષ રહ્યો. તેનામાં અત્યંત આસક્ત હોવાથી જ્યારે ચારૂદત્તે કદી માતા, પિતા અને પત્નીને પણ યાદ ન કરી તો પછી બીજા કામની બાબતમાં શું કહેવાય? આ દરમ્યાન કલિંગસેનાને ત્યાં ચારુદત્તના ઘરેથી સોળ કરોડ દીનાર આવી ગઈ હતી. ત્યાર પછી જ્યારે કલિંગસેનાએ મિત્રવતીના આભૂષણો પણ આવતા જોયા ત્યારે તેણે વસન્તસેનાને ધનહીન ચારુદત્તને છોડી દેવાનું કહ્યું. માતાના આ વચનો સાંભળીને વસન્તસેનાને અત્યન્ત દુઃખ થયું. તેણે કહ્યું હે માતા! ચારુદત્ત સિવાય હું કુબેર જેવા સંપત્તિવાન બીજા પુરુષને ચાહતી નથી. માતાએ પુત્રીનો દુરાગ્રહ જોઈને અન્ય ઉપાય વડે ચારૂદત્તને પોતાના ઘરમાંથી કાઢી મૂક્યો. ત્યાર પછી તેણે ઘેર જઈને દુઃખમાં સમય વીતાવતી માતા અને પત્નીને જોઈ તેમને આશ્વાસન આપીને ચારુદત્ત ધન મેળવવા માટે બીજા દેશમાં ચાલ્યો ગયો. તે અનેક દેશો અને દ્વીપોમાં ગયો, પરંતુ બધે તેને મહાન કષ્ટોનો સામનો કરવો પડ્યો. અંતે તે પૂર્વના ઉપકારી બે દેવોની સહાયથી મહાન વૈભવ સહિત ચંપાપુરીમાં પાછો આવી ગયો. તેણે વસન્તસેનાને પોતાને ઘેર બોલાવી લીધી. પછી મિત્રવતી અને વસન્તસેના આદિ સાથે સુખપૂર્વક કેટલોક કાળ વીતાવીને ચારુદત્તે જિનદીક્ષા લઈ લીધી. આ રીતે તપશ્ચરણ કરતો થકો તે મરણ પામીને સર્વાર્થસિદ્ધિમાં દેવ થયો. જે વેશ્યા વ્યસનને કારણે ચારુદત્તને અનેક કષ્ટ સહન કરવા પડ્યા તેને વિવેકી જીવોએ સદાને માટે છોડી દેવા જોઈએ.

૫. **બ્રહ્મદત્ત** :—ઉજ્જયિની નગરીમાં એક બ્રહ્મદત્ત નામનો રાજા હતો. તે મૃગયા (શિકાર)ના વ્યસનમાં અત્યંત આસક્ત હતો. કોઈ વખતે તે શિકાર માટે વનમાં ગયો હતો. તેણે ત્યાં એક શિલા ઉપર ધ્યાન સ્થિત મુનિને જોયા. તેથી તેનું શિકારનું કામ નિષ્ફળ થઈ ગયું. તે બીજે દિવસે પણ ઉક્ત વનમાં શિકાર કરવા માટે ગયો, પરંતુ મુનિના પ્રભાવથી ફરીથી પણ તેને

આ કાર્યમાં સફળતા ન મળી. આ રીતે તે કેટલાય દિવસ ત્યાં ગયો, પરંતુ તેને આ કાર્યમાં સફળતા ન મળી શકી. તેથી તેને મુનિ ઉપર અતિશય ક્રોધ ઉત્પન્ન થયો. કોઈ એક દિવસ જ્યારે મુનિ આહાર માટે નગરમાં ગયા હતા ત્યારે બ્રહ્મદત્તે અવસર જોઈને તે શિલાને અગ્નિથી બાળી નાખી. એ દરમ્યાન મુનિરાજ પણ ત્યાં પાછા આવ્યા અને ઝડપથી તે બળતી શિલા ઉપર બેસી ગયા. તેમણે ધ્યાન છોડ્યું નહિ, તેથી તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. તેઓ અંતઃકૃત્ કેવળી થઈને મુક્તિ પામ્યા. અહીં બ્રહ્મદત્ત રાજા શિકારના વ્યસન અને મુનિના તીવ્રદ્વેષના કારણે સાતમી નરકમાં નારકી થયો. ત્યાર પછી વચ્ચે વચ્ચે ક્રૂર હિંસક તિર્યંચ થઈને ક્રમપૂર્વક છટ્ઠી અને પાંચમી આદિ બાકીની નરકભૂમિમાં પણ ગયો. શિકારના વ્યસનમાં આસકત હોવાથી પ્રાણીઓને આવા જ ભયાનક કષ્ટ સહન કરવા પડે છે.

૬. શિવભૂતિ :—બનારસ નગરમાં રાજા જયસિંહ રાજ્ય કરતો હતો. રાણીનું નામ જયાવતી હતું. આ રાજાને એક શિવભૂતિ નામનો પૂરોહિત હતો. તે પોતાના સત્યવાદિતાને કારણે પૃથ્વી પર 'સત્યઘોષ' નામે પ્રસિદ્ધ થઈ ગયો હતો. તેણે પોતાની યજ્ઞોપવીતમાં એક છરી બાંધી રાખી હતી. તે કહ્યા કરતો કે જો હું કદાચ જૂઠું બોલું તો આ છરીથી મારી જીભ કાપી નાખીશ. આ વિશ્વાસથી ઘણા માણસો એની પાસે સાચવવા માટે પોતાનું ધન રાખતા હતા. કોઈ એક દિવસે પદ્મપુરથી એક ધનપાળ નામનો શેઠ આવ્યો અને એની પાસે પોતાના અત્યંત કિંમતી ચાર રત્નો રાખીને વ્યાપાર માટે પરદેશમાં ચાલ્યો ગયો. તે બાર વર્ષ વિદેશમાં રહીને અને ઘણું ધન કમાઈને પાછો આવી રહ્યો હતો. રસ્તામાં તેની નાવ ડૂબી ગઈ અને બધું ધન નાશ પામ્યું. આ રીતે તે ધનહીન થઈને બનારસ પાછો પહોંચ્યો. તેણે શિવભૂતિ પુરોહિત પાસે પોતાના ચાર રત્નો પાછા માગ્યાં. પુરોહિતે ગાંડો ગણાવીને તેને ઘરમાંથી બહાર કઢાવી મૂક્યો. ગાંડો સમજીને જ તેની વાત રાજા વગેરે કોઈએ પણ ન સાંભળી. એક દિવસ રાણીએ તેની વાત સાંભળવા માટે રાજાને આગ્રહ કર્યો. રાજાએ તેને પાગલ કહ્યો તે સાંભળીને રાણીએ કહ્યું કે પાગલ તે નથી પણ તમે જ છો. ત્યાર પછી રાજાની આજ્ઞા પ્રમાણે રાણીએ તેને માટે કાંઈક ઉપાય વિચાર્યો. તેણે પુરોહિત સાથે જુગાર રમતાં તેની વીંટી અને છરી સહિત યજ્ઞોપવીત પણ જીતી લીધી અને તેને ઓળખાણની નિશાની તરીકે પુરોહિતની સ્ત્રી પાસે મોકલીને તે ચારેય રત્નો મંગાવી લીધા. રાજાને શિવભૂતિના આ વ્યવહારથી ખૂબ દુઃખ થયું. રાજાએ તેને છાણનું ભક્ષણ, મુષ્ટિઓનો પ્રહાર અથવા પોતાના દ્રવ્યનું સમર્પણ આ ત્રણમાંથી કોઈ પણ એક દંડ સહન કરવાની ફરજ પાડી. તે પ્રમાણે તે છાણ ખાવા તૈયાર થયો પરંતુ ખાઈ ન શક્યો. તેથી મુષ્ટિના પ્રહારની ઈચ્છા પ્રગટ કરી. તે પ્રમાણે મલ્લોએ મુષ્ટિઓનો પ્રહાર કરતાં તે મરી ગયો અને રાજાના ભંડારમાં સર્પ થયો. આ રીતે તેને ચોરીના વ્યસનના કારણે આ કષ્ટ સહન કરવું પડ્યું.

૭. રાવણ :—કોઈ સમયે અયોધ્યા નગરીમાં રાજા દશરથ રાજ્ય કરતા હતા. તેમને ચાર પત્ની હતી. કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી અને સુપ્રભા. એમને ક્રમશઃ આ ચાર પુત્ર ઉત્પન્ન

થયા હતા. રામચન્દ્ર, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન. એક દિવસ રાજા દશરથને પોતાનો વાળ સફેદ દેખાયો. તેથી તેમને ઘણો વૈરાગ્ય થયો. તેમણે રામચંદ્રને રાજ્ય આપીને જિનદીક્ષા લેવાનો નિશ્ચય કર્યો. પિતાની સાથે ભરતનો પણ દીક્ષા લેવાનો વિચાર જાણીને તેની માતા કૈકેયી બહુ દુઃખી થઈ. તેણીએ એનો એક ઉપાય વિચારીને રાજા દશરથ પાસે પૂર્વે અપાયેલું વરદાન માગ્યું. રાજાનો સ્વીકાર મેળવીને તેણે ભરતને રાજ્ય આપવાની ઇચ્છા પ્રગટ કરી. રાજા વિચારમાં પડી ગયા. તેમને ખેદખિન્ન જોઈને રામચંદ્રે મંત્રીઓને તેનું કારણ પૂછ્યું અને તેમની પાસેથી ઉપર્યુક્ત સમાચાર જાણીને પોતે જ ભરતને પ્રસન્નતાથી રાજ્યતિલક કરી દીધું. ત્યાર પછી 'મારા અહીં રહેવાથી ભરતની પ્રતિષ્ઠા નહિ રહી શકે' આ વિચારથી તે સીતા અને લક્ષ્મણ સાથે અયોધ્યાથી બહાર ચાલ્યા ગયા. આ પ્રમાણે જતાં તેઓ દંડકવનની મધ્યમાં પહોંચીને ત્યાં સ્થિર થયા. અહીં વનની શોભા જોતાં લક્ષ્મણ આમ તેમ ઘૂમી રહ્યા હતા. તેમને એક વાંસોના સમૂહમાં લટકતું એક ખડ્ગ (ચન્દ્રહાસ) જોવામાં આવ્યું. તેમણે ઝડપીને તે હાથમાં લઈ લીધું અને પરીક્ષા માટે તે જ વાંસના સમૂહ ઉપર ચલાવ્યું. તેથી વાસના સમૂહ સાથે તેની અંદર બેઠેલા શંબૂકકુમારનું મસ્તક કપાઈને જુદું થઈ ગયું. આ શંબૂકકુમાર જ તેને અહીં બેસીને બાર વર્ષથી સિદ્ધ કરી રહ્યો હતો. આ ઘટનાના થોડા જ સમય પછી ખરદૂષણની પત્ની અને શમ્બૂકની માતા સૂર્પનખા ત્યાં આવી પહોંચી. પુત્રની આવી દશા જોઈને તે વિલાપ કરતી આમ તેમ શત્રુની શોધ કરવા લાગી. તે થોડે જ દૂર રામચંદ્ર અને લક્ષ્મણને જોઈને તેમના રૂપ ઉપર મોહિત થઈ ગઈ. તેણીએ એ માટે બંનેને પ્રાર્થના કરી, પરંતુ જ્યારે બન્નેમાંથી કોઈએ પણ તેનો સ્વીકાર ન કર્યો ત્યારે તે પોતાનું શરીર વિકૃત કરીને ખરદૂષણ પાસે પહોંચી અને તેને યુદ્ધ માટે ઉત્તેજિત કર્યો. ખરદૂષણ પણ પોતાના સાળા રાવણને એને સૂચના કરાવીને યુદ્ધ માટે નીકળી પડ્યો. સેના સહિત ખરદૂષણને આવતો જોઈને લક્ષ્મણ પણ યુદ્ધ માટે ચાલી નીકળ્યો. તે જતી વખતે રામચંદ્રને એમ કહેતા ગયા કે હું વિપત્તિગ્રસ્ત થઈને સિંહનાદ કરૂં તો જ તમે મારી સહાય માટે આવજો, નહિ તો અહીં સ્થિત રહીને સીતાની રક્ષા કરજો. એ દરમ્યાન પુષ્પકવિમાનમાં બેસીને રાવણ પણ ખરદૂષણની મદદ માટે લંકાથી અહીં આવી રહ્યો હતો. તે અહીં સીતાને બેઠેલી જોઈને તેના રૂપ ઉપર મોહિત થઈ ગયો અને તેને ઉપાડી જવાનો ઉપાય વિચારવા લાગ્યો, તેણે ખાસ વિદ્યાથી જાણીને થોડે દૂરથી સિંહનાદ કર્યો. તેથી રામચંદ્ર લક્ષ્મણને આપત્તિમાં પડેલા સમજીને તેમને મદદ કરવા માટે ચાલ્યા ગયા. આ રીતે રાવણ તક મેળવીને સીતાને હરીને લઈ ગયો. આ તરફ લક્ષ્મણ ખરદૂષણને મારીને યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરી ચૂક્યો હતો. તે અકસ્માત્ રામચંદ્રને આ તરફ આવતા જોઈને ખૂબ ચિન્તાતુર થયા. તેણે તરત જ રામચંદ્રને પાછા જવા માટે કહ્યું. તેમને પાછા ફરતાં ત્યાં સીતા જોવામાં આવી નહિ. તેથી તે બહુ વ્યાકુળ થયા. થોડી વારમાં લક્ષ્મણ પણ ત્યાં આવી પહોંચ્યા. તે વખતે તેમને સુગ્રીવ આદિ વિદ્યાધરોનો પરિચય થયો. કોઈ પણ ઉપાયે હનુમાન લંકા પહોંચી ગયા. તેમણે ત્યાં રાવણના બગીચામાં બેઠેલા સીતાને અત્યંત વ્યાકુળ જોઈને આશ્વાસન આપ્યું અને તરત જ પાછા આવીને રામચંદ્રને બધી

હકીકત કહી સંભળાવી. અંતે યુદ્ધની તૈયારી કરીને રામચંદ્ર સેના સહિત લંકા જઈ પહોંચ્યા. તેમણે સીતાને પાછી આપવા માટે રાવણને બહુ સમજાવ્યો પણ તે સીતાને પાછી આપવા તૈયાર થયો નહિ. તેને આવી રીતે પરસ્ત્રીમાં આસક્ત જોઈને તેનો પોતાનો ભાઈ વિભીષણ પણ રીસાઈને રામચંદ્રની સેનામાં આવી મળ્યો. છેવટે બન્ને વચ્ચે ધમસાણ યુદ્ધ થયું, જેમાં રાવણના અનેક કુટુંબીઓ અને તે પોતે પણ માર્યો ગયો. પરસ્ત્રીના મોહથી રાવણની બુદ્ધિ નાશ પામી હતી, તેથી તેને બીજા હિતેચ્છક માણસોના પ્રિય વચનો પણ અપ્રિય જ લાગ્યા અને અંતે તેને આ જાતનું દુઃખ સહન કરવું પડ્યું. ૩૧.

(आर्या)

**न परमियन्ति भवन्ति व्यसनान्यपराण्यपि प्रभूतानि ।**
**त्यक्त्वा सत्पथमपथप्रवृत्तयः क्षुद्रबुद्धीनाम् ।।३२।।**

**અનુવાદ :** કેવળ આટલા (સાત) જ વ્યસન નથી, પણ બીજા ય ઘણા વ્યસનો છે કારણ કે અલ્પમતિ મનુષ્ય સમીચીન માર્ગ છોડીને કુત્સિત માર્ગમાં પ્રવૃત્ત થયા કરે છે.

**વિશેષાર્થ :** જે અસત્ પ્રવૃત્તિઓ મનુષ્યને સન્માર્ગથી ભ્રષ્ટ કરે છે તેમનું નામ વ્યસન છે. એવા વ્યસન ઘણા હોઈ શકે છે. તેમની આ સાતની સંખ્યા સ્થૂળપણે જ નક્કી કરવામાં આવી છે. કારણ કે મંદબુદ્ધિ મનુષ્ય સન્માર્ગથી ચ્યુત થઈને વિવિધ રીતે કુમાર્ગમાં પ્રવૃત્ત થાય છે. તેમની આ બધી પ્રવૃત્તિઓ વ્યસનમાં જ સમાયેલી તેથી વ્યસનોની આ સાતની સંખ્યા સ્થૂળરૂપે જ સમજવી જોઈએ. ૩૨.

(शार्दूलविक्रीडित)

**सर्वाणि व्यसनानि दुर्गतिपथाः स्वर्गापवर्गार्गलाः**
**वज्राणि व्रतपर्वतेषु विषमाः संसारिणां शत्रवः ।**
**प्रारम्भे मधुरेषु पाककटुकेष्वेतेषु सद्धीधनैः**
**कर्तव्या न मतिर्मनागपि हितं वाञ्छद्भिरत्रात्मनः ।।३३।।**

**અનુવાદ :**—બધા વ્યસનો નરકાદિ દુર્ગતિઓના કારણ હોઈને સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિમાં આગળિયા સમાન છે, એ સિવાય તે વ્રતરૂપી પર્વતોને નષ્ટ કરવા માટે વજ્ર જેવા હોઈને સંસારી જીવો માટે દુર્દમ શત્રુ સમાન જ છે. આ વ્યસનો જો કે શરૂઆતમાં મધુર લાગે છે પરંતુ પરિણામે તે કડવા જ છે. તેથી જ અહીં

આત્મહિતની ઇચ્છા રાખનાર બુદ્ધિમાન પુરુષોએ આ વ્યસનોમાં જરા પણ બુદ્ધિ ન લગાવવી જોઈએ. ૩૩.

(वसंततिलका)

**मिथ्यादृशां विसदृशां च पथच्युतानां**
**मायाविनां व्यसनिनां च खलात्मनां च ।**
**संगं विमुञ्चत बुधाः कुरुतोत्तमानां**
**गन्तुं मतिर्यदि समुन्नतमार्ग एव ।।३४।।**

**અનુવાદ :** જો ઉત્તમ માર્ગમાં જ ગમન કરવાની અભિલાષા હોય તો બુદ્ધિમાન પુરુષોનું એ આવશ્યક કર્તવ્ય છે કે તે મિથ્યાદૃષ્ટિઓ, વિસદૃશો અર્થાત્ વિરુદ્ધ ધર્મના અનુયાયીઓ, સન્માર્ગથી ભ્રષ્ટ થયેલાઓ, માયાચારીઓ, વ્યસનના પ્રેમીઓ તથા દુષ્ટ જનોનો સંગ છોડીને ઉત્તમ પુરુષોનો સત્સંગ કરે . ૩૪.

(वसंततिलका)

**स्निग्धैरपि व्रजत मा सह संगमेभिः**
**क्षुद्रैः कदाचिदपि पश्यत सर्षपाणाम् ।**
**स्नेहो ऽपि संगतिकृतः खलताश्रितानां**
**लोकस्य पातयति निश्चितमश्रु नेत्रात् ।।३५।।**

**અનુવાદ :** ઉપર્યુક્ત મિથ્યાદૃષ્ટિ આદિ તુચ્છ જીવો જો પોતાના સગા પણ હોય તો પણ તેમનો સંગ કદી યે ન કરવો જોઈએ. જુઓ, ખલતા (તેલ નીકળી ગયા પછી પ્રાપ્ત થનાર સરસવની ખોળરૂપ અવસ્થા, બીજા પક્ષે દુષ્ટતા)નો આશ્રય કરનાર ક્ષુદ્ર સરસવના દાણાનો સ્નેહ (તેલ) પણ સંગ પામીને નિશ્ચયથી લોકોની આંખમાંથી આંસુ પડાવે છે.

**વિશેષાર્થ :** જેમ નાના હોવા છતાં સરસવના દાણામાંથી નીકળેલ સ્નેહ (તેલ)ના સંયોગથી તેની તીક્ષ્ણતાને કારણે માણસની આંખમાંથી આંસુ નીકળવા લાગે છે તેવી જ રીતે ઉપર્યુક્ત ક્ષુદ્ર મિથ્યાદૃષ્ટિ આદિ દુષ્ટ પુરુષોના સ્નેહ (પ્રેમ, સંગ)થી થનાર ઐહિક અને પારલૌકિક દુઃખનો અનુભવ કરનાર પ્રાણીની પણ આંખોમાંથી પશ્ચાત્તાપને કારણે આંસુ નીકળવા લાગે છે. તેથી આત્મહિત ઇચ્છનાર જીવોએ આવા દુષ્ટ મનુષ્યોના સંગનો પરિત્યાગ કરવો જ જોઈએ . ૩૫.

(शिखरिणी)

कलावेकः साधुर्भवति कथमप्यत्र भुवने
स चाघ्रातः क्षुद्रैः कथमकरुणैर्जीवति चिरम् ।
अतिग्रीष्मे शुष्यत्सरसि विचरच्चञ्चुचरतां
बकोटानामाग्रे तरलशफरी गच्छति कियत् ।।३६।।

**અનુવાદ :** આ લોકમાં કળિકાળના પ્રભાવથી ખૂબ મુશ્કેલીથી એકાદ જ સાધુ હોય છે. તે પણ જ્યાં નિર્દય દુષ્ટ પુરુષો દ્વારા સતાવાય ત્યાં ભલા કેવી રીતે ચિરકાળ જીવિત રહી શકે? અર્થાત્ રહી શકતા નથી. યોગ્ય જ છે–જ્યારે આકરા ઉનાળામાં તળાવનું પાણી સૂકાવા માંડે છે ત્યારે ચાંચ હલાવીને ચાલતા બગલાઓ આગળ ચંચળ માછલી કેટલો સમય સુધી ચાલી શકે? અર્થાત્ બહુ લાંબા સમય સુધી તે ચાલી શકતી નથી, પણ તેના દ્વારા મારીને ખવાઈ જાય છે. ૩૬.

(मालिनी)

इह वरमनुभूतं भूरि दारिद्रदुःखं
वरमतिविकराले कालवक्त्रे प्रवेशः ।
भवतु वरमितो ऽपि क्लेशजालं विशालं
न च खलजनयोगाज्जीवितं वा धनं वा ।।३७।।

**અનુવાદ :** સંસારમાં ગરીબાઈના ભારે દુઃખનો અનુભવ કરવો ક્યાંય સારો છે, એવી જ રીતે અત્યંત ભયાનક મૃત્યુના મુખમાં પ્રવેશ કરવો પણ ક્યાંય સારો છો, એ જો અહીં બીજા પણ અતિશય કષ્ટ પ્રાપ્ત થાય છે તો તે પણ ભલે થાવ; પરંતુ દુષ્ટોના સંબંધથી જીવન અથવા ધન ચાહવું શ્રેષ્ઠ નથી. ૩૭.

(शार्दूलविक्रीडित)

आचारो दशधर्मसंयमतपोमूलोत्तराख्या गुणाः
मिथ्यामोहमदोज्झनं शमदमध्यानाप्रमादस्थितिः ।
वैराग्यं समयोपबृंमहणगुणा रत्नत्रयं निर्मलं
पर्यन्ते च समाधिरक्षयपदानन्दाय धर्मो यतेः ।।३८।।

**અનુવાદ :** જ્ઞાનાચારાદિ સ્વરૂપ પાંચ પ્રકારના આચાર; ઉત્તમ ક્ષમાદિરૂપ દસ પ્રકારના ધર્મ; સંયમ, તપ તથા મૂળગુણ અને ઉત્તરગુણ; મિથ્યાત્વ, મોહ અને મદનો પરિત્યાગ; કષાયોનું શમન, ઈન્દ્રિયોનું દમન, ધ્યાન, પ્રમાદ રહિત અવસ્થાન, સંસાર, શરીર અને ઈન્દ્રિયવિષયોથી વિરક્તિ; ધર્મને વધારનાર અનેક ગુણ, નિર્મળ રત્નત્રય, તથા અંતે સમાધિમરણ; આ બધા મુનિના ધર્મો છે જે અવિનશ્વર મોક્ષપદના આનંદ (અવ્યાબાધ સુખ)નું કારણ છે. ૩૮.

(शार्दूलविक्रीडित)

**स्वं शुद्धं प्रविहाय चिद्गुणमयं भ्रान्त्याणुमात्रे ऽपि यत्**
**संबन्धाय मतिः परे भवति तद्बन्धाय मूढात्मनः ।**
**तस्मात्त्याज्यमशेषमेव महतामेतच्छरीरादिकं**
**तत्कालादिविनादियुक्तित इदं तत्त्यागकर्म व्रतम् ।।३९।।**

**અનુવાદ :** ચૈતન્ય ગુણસ્વરૂપ શુદ્ધ આત્માને છોડીને ભ્રાંતિથી જે અજ્ઞાની જીવની બુદ્ધિ પરમાણુ પ્રમાણ પણ બાહ્ય વસ્તુવિષયક સંયોગ માટે હોય છે તે તેના કર્મબંધનું કારણ થાય છે. તેથી મહાન પુરુષોએ આ શરીર આદિ સર્વનો ત્યાગ કાળાદિ વિના પ્રથમ યુક્તિએ કરવો જોઈએ. આ ત્યાગકર્મ વ્રત છે.

**વિશેષાર્થ :** આનો અભિપ્રાય એ છે કે શરીર આદિ જે કોઈ બાહ્ય પદાર્થ છે તેમાં મમત્વબુદ્ધિ રાખીને તેમના સંયોગ આદિ માટે જે કાંઈ પણ પ્રયત્ન કરવામાં આવે છે તેનાથી કર્મનો બંધ થાય છે અને પછી આનાથી જીવ પરાધીનતાને પ્રાપ્ત થાય છે. આનાથી વિપરીત શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને ઉપાદેય સમજીને તેમાં સ્થિરતા પ્રાપ્ત કરવા માટે જે પ્રયત્ન કરવામાં આવે છે તેનાથી કર્મબંધનો અભાવ થઈને જીવને સ્વાધીનતા પ્રાપ્ત થાય છે. તેથી અહીં એ ઉપદેશ આપવામાં આવ્યો છે કે જ્યાં સુધી ઉપર્યુક્ત શરીર આદિ રત્નત્રયની પરિપૂર્ણતામાં સહાય કરે છે ત્યાં સુધી જ મમત્વબુદ્ધિ છોડીને શુદ્ધ આહાર આદિ દ્વારા તેમનું રક્ષણ કરવું જોઈએ. પરંતુ જ્યારે તે અસાધ્ય રોગાદિના કારણે ઉક્ત રત્નત્રયની પૂર્ણતામાં બાધક બની જાય છે ત્યારે તેના નાશ થવાના કાળ આદિની અપેક્ષા ન કરતાં ધર્મની રક્ષા કરતાં સંલ્લેખના વિધિથી તેમનો ત્યાગ કરી દેવો જોઈએ. એ જ ત્યાગકર્મની વિશેષતા છે. ૩૯.

(शार्दूलविक्रीडित)

**मुक्त्वा मूलगुणान् यतेर्विदधतः शेषेषु यत्नं परं**
**दण्डो मूलहरो भवत्यविरतं पूजादिकं वाञ्छतः ।**

**एकं प्राप्तमरेः प्रहारमतुलं हित्वा शिरच्छेदकं**
**रक्षत्यङ्गुलिकोटिखण्डनकरं को ऽन्यो रणे बुद्धिमान् ।।४०।।**

**અનુવાદ :** મૂળગુણો છોડીને કેવળ બાકીના ઉત્તરગુણોના પરિપાલનમાં જ પ્રયત્ન કરનાર તથા નિરંતર પૂજા આદિની ઈચ્છા રાખનાર સાધુનો આ પ્રયત્ન મૂળઘાતક થશે. કારણ કે ઉત્તર ગુણોમાં દ્રઢતા આ મૂળ ગુણોના નિમિત્તે જ પ્રાપ્ત થાય છે તેથી આ તેનો પ્રયત્ન એવો છે કે જેમ કોઈ મૂર્ખ સુભટ પોતાના મસ્તકનું છેદન કરનાર શત્રુના અનુપમ પ્રહારની પરવા ન કરતા કેવળ આંગળીના અગ્રભાગના ખંડન કરનાર પ્રહારથી જ પોતાની રક્ષા કરવાનો પ્રયત્ન કરે છે. ૪૦.

(शार्दूलविक्रीडित)

**म्लाने क्षालनतः कुतः कृतजलाद्यारम्भतः संयमो**
**नष्टे व्याकुलचित्तताथ महतामप्यन्यतः प्रार्थनम् ।**
**कौपीनेऽपि हते परैश्च झटिति क्रोधः समुत्पद्यते**
**तन्नित्यं शुचि रागहृत् शमवतां वस्त्रं ककुम्मण्डलम् ।।४१।।**

**અનુવાદ :** વસ્ત્ર મલિન થતાં તેને ધોવા માટે પાણી, સોડા, સાબુ વગેરેનો આરંભ કરવો પડે છે અને આ હાલતમાં સંયમનો ઘાત થવો અવશ્યંભાવી છે તે સિવાય તે વસ્ત્ર નાશ પામતાં મહાન પુરુષોનું મન પણ વ્યાકુળ થઈ જાય છે તેથી બીજા પાસે તે મેળવવા માટે પ્રાર્થના કરવી પડે છે. જો બીજાઓ દ્વારા કેવળ લંગોટીનું જ અપહરણ કરવામાં આવે તો ઝટ ક્રોધ ઉત્પન્ન થાય છે. આ જ કારણે મુનિઓ સદા પવિત્ર અને રાગભાવને દૂર કરનાર દિશાઓના સમૂહરૂપ અવિનશ્વર વસ્ત્ર (દિગંબરપણા)નો આશ્રય લે છે. ૪૧.

(शार्दूलविक्रीडित)

**काकिन्या अपि संग्रहो न विहितः क्षौरं यया कार्यते**
**चित्तक्षेपकृदस्त्रमात्रमपि वा तत्सिद्धये नाश्रितम् ।**
**हिंसाहेतुरहो जटाद्यपि तथा यूकाभिरप्रार्थनैः**
**वैराग्यादिविवर्धनाय यतिभिः केशेषु लोचः कृतः ।।४२।।**

**અનુવાદ :** મુનિઓ કોડી માત્ર પણ ધનનો સંગ્રહ કરતા નથી, કે જેથી મુંડન કાર્ય કરાવી શકાય; અથવા ઉક્ત મુંડન કાર્ય સિદ્ધ કરવા માટે તેઓ અસ્તરો, કાતર વગેરે ઓજારનો પણ આશ્રય લેતા નથી કેમ કે તેનાથી ચિત્તમાં ક્ષોભ ઉત્પન્ન થાય છે. તેથી તેઓ જટા ધારણ કરી લેતા હોય એ પણ શક્ય નથી કેમકે એ અવસ્થામાં તેમાં ઉત્પન્ન થનાર જૂ આદિ જંતુઓની હિંસા ટાળી શકાતી નથી. તેથી અયાચકવૃત્તિ ધારણ કરનાર સાધુઓ વૈરાગ્ય આદિ ગુણ વધારવા માટે વાળનો લોચ કરે છે. ૪૨.

(શાર્દૂલવિક્રીડિત)

यावन्मे स्थितिभोजनेऽस्ति दृढता पाण्योश्च संयोजने
भुञ्जे तावदहं रहाम्यथ विधावेषा प्रतिज्ञा यतेः ।
कायेऽप्यस्पृहचेतसोऽन्त्यविधिषु प्रोल्लासिनः सन्मतेः
न ह्येतेन दिवि स्थितिर्न नरके संपद्यते तद्विना ।।४३।।

**અનુવાદ :** જ્યાં સુધી મારામાં ઊભા રહીને ભોજન કરવાની દૃઢતા છે તથા બન્ને હાથ જોડવાની પણ દૃઢતા છે ત્યાં સુધી હું ભોજન કરીશ, નહિ તો ભોજનનો પરિત્યાગ કરીને ભોજન વિના જ રહીશ; આ રીતે જે યતિ પ્રતિજ્ઞાપૂર્વક પોતાના નિયમમાં દૃઢ રહે છે તેનું ચિત્ત શરીરમાં નિઃસ્પૃહ થઈ જાય છે. તેથી તે સદ્‌બુદ્ધિમાન સાધુ સમાધિમરણના નિયમોમાં આનંદનો અનુભવ કરે છે. આ રીતે મરીને તે સ્વર્ગમાં સ્થિત થાય છે તથા આનાથી વિપરીત આચરણ કરનાર બીજા સાધુ નરકમાં સ્થિત થાય છે. ૪૩.

(શાર્દૂલવિક્રીડિત)

एकस्यापि ममत्वमात्मवपुषः स्यात्संसृतेः कारणं
का बाह्यार्थकथा प्रथीयसि तपस्याराध्यमानेऽपि च ।
तद्वास्यां हरिचन्दनेऽपि च समः संश्लिष्टतोऽप्यङ्गतो
भिन्नं स्वं स्वयमेकमात्मनि धृतं पश्यत्यजस्रं मुनिः ।।४४।।

**અનુવાદ :** મહાન તપનું આરાધન કરવા છતાં પણ જો એક માત્ર પોતાના શરીરમાં જ રહેવાવાળો મમત્વભાવ સંસારનું કારણ થાય છે તો ભલા પ્રત્યક્ષ જુદા દેખાતા અન્ય બાહ્ય પદાર્થોના વિષયમાં શું કહેવું? અર્થાત્ તેમના મોહથી તો સંસાર પરિભ્રમણ થશે જ. તેથી મુનિઓ નિરંતર કુહાડી અને હરિત ચંદન એ બન્નેમાંય

સમભાવ ધારણ કરતાં આત્મા સાથે સંયોગ પામેલ શરીરથી ભિન્ન એક માત્ર આત્માને જ આત્મામાં ધારણ કરીને તેની ભિન્નતાનું સ્વયં અવલોકન કરે છે. ૪૪.

(शिखरिणी)

तृणं वा रत्नं वा रिपुरथ परं मित्रमथवा
सुखं वा दुःखं वा पितृवनमहो सौधमथवा ।
स्तुतिर्वा निन्दा वा मरणमथवा जीवितमथ
स्फुटं निर्ग्रंथानां द्वयमपि समं शान्तमनसाम् ॥४५॥

**અનુવાદ :** જેમનું મન શાન્ત થઈ ગયું છે એવા નિર્ગ્રંથ મુનિઓને ઘાસ અને રત્ન, શત્રુ અને ઉત્તમ મિત્ર, સુખ અને દુઃખ, સ્મશાન અને મહેલ, સ્તુતિ અને નિંદા તથા મરણ અને જીવન; આ ઈષ્ટ અને અનિષ્ટ પદાર્થોમાં સ્પષ્ટપણે સમાનબુદ્ધિ હોય છે. અભિપ્રાય એ છે કે તેઓ તૃણ અને શત્રુ આદિ અનિષ્ટ પદાર્થોમાં દ્વેષબુદ્ધિ રાખતા નથી તથા તેમનાથી વિપરીત રત્ન અને મિત્ર આદિ ઈષ્ટ પદાર્થોમાં રાગબુદ્ધિ પણ રાખતા નથી, પરંતુ બન્નેમાં સમાન સમજે છે. ૪૫.

(मालिनी)

वयमिह निजयूथभ्रष्टसारङ्गकल्पाः
परपरिचयमीताः क्वापि किंचिच्चरामः ।
विजनमिह वसामो न व्रजामः प्रमादं
स्वकृतमनुभवामो यत्र तत्रोपविष्टाः ॥४६॥

**અનુવાદ :** મુનિ વિચાર કરે છે કે અહીં અમે પોતાના સમૂહમાંથી જુદા પડી ગયેલા મૃગ જેવા છીએ. તેથી તેની જેમ જ અમે પણ બીજાના પરિચયથી ભયભીત થઈને ક્યાંય પણ (કોઈ શ્રાવકને ત્યાં) કાંઈક ભોજન કરીએ છીએ, અહીં એકાન્ત સ્થાનમાં નિવાસ કરીએ છીએ, પ્રમાદ કરતા નથી, તથા કોઈ પણ જગ્યાએ રહીને પોતે કરેલા શુભ અથવા અશુભ કર્મનો અનુભવ કરીએ છીએ. ૪૬.

(मालिनी)

कति न कति न वारान्भूपतिर्भूरिभूतिः
कति न कति न वारानत्र जातोऽस्मि कीटः ।

नियतमिति न कस्याप्यस्ति सौख्यं न दुःखं
जगति तरलरूपे किं मुदा किं शुचा वा ।।४७।।

**અનુવાદ :** હું કેટલીક વાર બહુ સંપત્તિવાન રાજા નથી થયો? અર્થાત્ અનેક વાર અત્યન્ત વૈભવશાળી રાજા પણ થયો છું. આનાથી ઉલ્ટું કેટલીયે વાર હું તુચ્છ જંતુ પણ નથી થયો? અર્થાત્ અનેક ભવોમાં હું તુચ્છ જંતુ પણ થઈ ચુક્યો છું. આ પરિવર્તનશીલ સંસારમાં કોઈને ય ન તો સુખ નિયત છે અને ન દુઃખે ય નિયત છે. એવી દશામાં હર્ષ અથવા વિષાદ કરવાથી શું લાભ છે? કાંઈ પણ નહિ.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે આ પ્રાણી કોઈ વાર તો મહા વૈભવશાળી રાજા થાય છે અને કોઈ વાર અનેક દુઃખ સહનાર તુચ્છ જંતુ પણ થાય છે. આથી એ નિશ્ચિત છે કે કોઈ પણ પ્રાણી સદા સુખી અથવા દુઃખી રહી શકતું નથી. પરંતુ કોઈ વાર તે સુખી પણ થાય છે અને કોઈ વાર દુઃખી પણ એવી અવસ્થામાં વિવેકી મનુષ્ય ન તો સુખમાં રાગ કરે છે અને ન દુઃખમાં દ્વેષ. ૪૭.

(पृथ्वी)

प्रतिक्षणमिदं हृदि स्थितमतिप्रशान्तात्मनो
मुनेर्भवति संवरः परमशुद्धिहेतुर्ध्रुवम् ।
रजः खलु पुरातनं गलति नो नवं ढौकते
ततो ऽतिनिकटं भवेदमृतधाम दुःखोज्झितम् ।।४८।।

**અનુવાદ :** જેમનો આત્મા અત્યંત શાંત થઈ ગયો છે એવા મુનિના હૃદયમાં સદાય ઉપર્યુક્ત વિચાર સ્થિત રહે છે. તેથી તેમને અવશ્યમેવ અતિશય વિશુદ્ધિના કારણરૂપ સંવર થાય છે, જેનાથી નિયમથી પૂર્વકર્મની નિર્જરા થાય છે અને નવા કર્મનું આગમન પણ થતું નથી. માટે જ ઉક્ત મુનિને દુઃખોથી રહિત અને ઉત્તમ સુખના સ્થાનભૂત જે મોક્ષપદ છે તે અત્યંત નિકટ થઈ જાય છે. ૪૮.

(शिखरिणी)

प्रबोधो नीरन्ध्रं प्रवहणममन्दं पृथुतपः
सुवायुर्यैः प्राप्तो गुरुगणसहायाः प्रणयिनः ।
कियन्मात्रस्तेषां भवजलधिरेषोऽस्य च परः
कियद्दूरे पारः स्फुरति महतामुद्यमयुताम् ।।४९।।

**અનુવાદ :** જે મુનિઓને સમ્યગ્જ્ઞાનરૂપી છિદ્ર રહિત અને શીઘ્ર ગતિવાળું જહાજ પ્રાપ્ત થયું છે, જેમણે વિપુલ તપસ્વરૂપ ઉત્તમ વાયુની પણ પ્રાપ્તિ કરી લીધી છે તથા સ્નેહી ગુરુજનો જેમના સહાયક છે; એવા ઉદ્યમશી મહામુનિઓને આ સંસાર-સમુદ્ર કેવડોક મોટો છે? અર્થાત્ તે તેમને તુચ્છ જ જણાય છે. તથા તેમને માટે તેનો બીજો કિનારો કેટલો દૂર છે? અર્થાત્ કાંઈ પણ દૂર નથી.

**વિશેષાર્થ :** જેમ અનુભવી ચાલકોથી સંચાલિત, છિદ્રવિનાનું, શીઘ્રગામી અને અનુકૂળ પવનવાળા જહાજમાં ગમન કરનાર મનુષ્યોને અત્યંત ગંભીર અને અપાર સમુદ્ર પણ તુચ્છ જ લાગે છે તેવી જ રીતે મોક્ષમાર્ગમાં પ્રયત્નશીલ જે મહામુનિઓએ નિર્દોષ ઉત્કૃષ્ટ સમ્યગ્જ્ઞાન સાથે વિપુલ તપ પણ પ્રાપ્ત કરી લીધુ છે તથા સ્નેહી ગુરુઓ જેમના માર્ગદર્શક છે તેમને માટે આ સંસાર-સમુદ્રથી પાર થવું કાંઈ પણ કઠિન નથી. ૪૯.

(वसंततिलका)

**अभ्यस्यतान्तरदृशं किमु लोकभक्त्या**
**मोहं कृशीकुरुत किं वपुषा कृशेन ।**
**एतद्द्वयं यदि न किं बहुभिर्नियोगैः**
**क्लेशैश्च किं किमपरैः प्रचुरैस्तपोभिः ॥५०॥**

**અનુવાદ :** હે મુનિઓ! સમ્યગ્જ્ઞાનરૂપ અભ્યંતર નેત્રનો અભ્યાસ કરો, તમારે લોકભક્તિનું કાંઈ પણ પ્રયોજન નથી. તે સિવાય તમે મોહને કૃશ કરો, કેવળ શરીરને કૃશ કરવાથી કાંઈ પણ લાભ નથી. કારણ કે જો ઉક્ત બન્ને નહિ હોય તો પછી તેમના વિના ઘણા યમ-નિયમોથી, કાયક્લેશોથી અને બીજા પ્રચુર તપોથી કાંઈ પણ પ્રયોજન સિદ્ધ થઈ શકતું નથી. ૫૦.

(वंशस्थ)

**जुगुप्सते संसृतिमत्र मायया**
**तितिक्षते प्राप्तपरीषहानपि ।**
**न चेन्मुनिर्दृष्टकषायनिग्रहा-**
**च्चिकित्सति स्वान्तमघप्रशान्तये ॥५१॥**

**અનુવાદ :** જો મુનિ પાપની શાંતિ માટે દુષ્ટ કષાયોનો નિગ્રહ કરીને પોતાના મનનો ઉપચાર કરતો નથી અર્થાત્ તેને નિર્મળ કરતો નથી તે એમ સમજવું જોઈએ કે તે જે સંસારની ઘૃણા કરે છે અને પરિષહો પણ સહન કરે છે તે કેવળ માયાચારથી

જ એમ કરે છે, નહિ કે અંતરની પ્રેરણાથી. ૫૧.

(शार्दूलविक्रीडित)

हिंसा प्राणिषु कल्मषं भवति सा प्रारम्भतः सो ऽर्थतः
तस्मादेव भयादयो ऽपि नितरां दीर्घा ततः संसृतिः ।
तत्रासातमशेषमर्थत इदं मत्वेति यस्त्यक्तवान्
मुक्त्यर्थी पुनरर्थमाश्रितवता तेनाहतः सत्पथः ॥५२॥

**અનુવાદ :** પ્રાણીઓની હિંસા પાપ ઉત્પન્ન કરે છે, તે હિંસા પ્રકૃષ્ટ આરંભથી થાય છે, તે આરંભ ધનના નિમિત્તે થાય છે, તે ધનથી જ ભયાદિ ઉત્પન્ન થાય છે તથા ઉક્ત ભયાદિથી સંસાર અતિશય દીર્ઘ બને છે. આ રીતે આ સમસ્ત દુઃખનું કારણ ધન જ છે. એમ સમજીને જે મોક્ષાભિલાષી મુનિએ ધનનો પરિત્યાગ કરી દીધો છે તે જો ફરીથી ઉક્ત ધનનો આશ્રય લે છે તો સમજવું જોઈએ કે તેણે મોક્ષમાર્ગનો નાશ કર્યો છે. ૫૨.

(शार्दूलविक्रीडित)

दुर्ध्यानार्थमवद्यकारणमहो निर्ग्रन्थताहानये
शय्याहेतु तृणाद्यपि प्रशमिनां लज्जाकरं स्वीकृतम् ।
यत्तत्किं न गृहस्थयोग्यमपरं स्वर्णादिकं सांप्रतं
निर्ग्रन्थेष्वपि चेत्तदस्ति नितरां प्रायः प्रविष्टः कलिः ॥५३॥

**અનુવાદ :** જો શય્યાના નિમિત્ત સ્વીકારવામાં આવેલ લજ્જાજનક તૃણ આદિ પણ મુનિઓને આર્ત-રૌદ્રસ્વરૂપ દુર્ધ્યાન અને પાપનું કારણ હોઈને તેમનું નિર્ગ્રન્થપણું (નિષ્પરિગ્રહપણું) નષ્ટ કરે છે તો પછી ગૃહસ્થને યોગ્ય અન્ય સુવર્ણ આદિ શું તે નિર્ગ્રન્થપણાના ઘાતક નહિ થાય? અવશ્ય થશે. વળી જો વર્તમાનમાં નિર્ગ્રંથ કહેવાતા મુનિઓને પણ ઉપર્યુક્ત ગૃહસ્થ યોગ્ય સુવર્ણ આદિ પરિગ્રહ રહે છે તો સમજવું જોઈએ કે ઘણું કરીને કળિકાળનો પ્રવેશ થઈ ગયો છે. ૫૩.

(आर्या)

कादचित्को बन्धः क्रोधादेः कर्मणः सदा संगात् ।
नातः क्वापि कदाचित्परिग्रहग्रहवतां सिद्धि ॥५४॥

**અનુવાદ :** ક્રોધાદિ કષાયોના નિમિત્તે જે બંધ થાય છે તે કદાચિત્ હોય છે અર્થાત્ કોઈ વાર થાય છે અને કોઈ વાર નથી પણ થતો. પરંતુ પરિગ્રહના નિમિત્તે જે બંધ થાય છે તે સદા કાળ થાય છે તેથી જે સાધુઓ પરિગ્રહરૂપી ગ્રહથી પીડાયેલા છે તેમને ક્યાંય અને કદી પણ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. ૫૪.

(इन्द्रवज्रा)

मोक्षेऽपि मोहादभिलाषदोषो
विशेषतो मोक्षनिषेधकारी ।
यतस्ततो ऽध्यात्मरतो मुमुक्षु-
र्भवेत् किमन्यत्र कृताभिलाषः ॥५५॥

**અનુવાદ :** જ્યાં અજ્ઞાનથી મોક્ષના વિષયમાં પણ કરવામાં આવતી અભિલાષા દોષરૂપ હોઈને વિશેષરૂપે મોક્ષની નિષેધક હોય છે તો શું પોતાના શુદ્ધ આત્મામાં લીન થયેલ મોક્ષના અભિલાષી સાધુ સ્ત્રી-પુત્ર-મિત્રાદિ રૂપ અન્ય બાહ્ય વસ્તુઓની અભિલાષા કરશે? અર્થાત્ કદી નહિ કરે. ૫૫.

(पृथ्वी)

परिग्रहवतां शिवं यदि तदानलः शीतलो
यदीन्द्रियसुखं सुखं तदिह कालकूटः सुधा ।
स्थिरा यदि तनुस्तदा स्थिरतरं तडिड्डम्बरं
भवेऽत्र रमणीयता यदि तदिन्द्रजालेऽपि च ॥५६॥

**અનુવાદ :** જો પરિગ્રહયુક્ત જીવોનું કલ્યાણ થઈ શકતું હોય તો અગ્નિ પણ શીતળ થઈ શકે, જો ઇન્દ્રિયજન્ય સુખ વાસ્તવિક સુખ હોઈ શકે તો તીવ્ર વિષ પણ અમૃત બની શકે, જો શરીર સ્થિર રહી શકે તો આકાશમાં ઉત્પન્ન થનારી વીજળી તેનાથી પણ અધિક સ્થિર થઈ શકે તથા આ સંસારમાં જો રમણીયતા હોઈ શકે તો તે ઇન્દ્રજાળમાં પણ હોઈ શકે.

**વિશેષાર્થ :** આનો અભિપ્રાય એ છે કે જેમ અગ્નિનું શીતળ હોવું અસંભવ છે. તેવી જ રીતે પરિગ્રહથી કલ્યાણ થવું પણ અસંભવ જ છે. એવી જ રીતે જેમ વિષ કદી અમૃત થઈ શકતું નથી; આકાશમાં ચંચળ વિજળી કદી સ્થિર રહી શકતી નથી અને ઇન્દ્રજાળ કદી રમણીય

હોઈ શકતું નથી; તેમ ક્રમશઃ ઇન્દ્રિયસુખ કદી સુખ થઈ શકતું નથી, શરીર કદી સ્થિર રહી શકતું નથી અને આ સંસાર કદી રમણીય હોઈ શકતો નથી. ૫૬.

(मालिनी)

स्मरमपि हृदि येषां ध्यानवह्निप्रदीप्ते
सकलभुवनमल्लं दह्यमानं विलोक्य ।
कृतभिय इव नष्टास्ते कषाया न तस्मिन्
पुनरपि हि समीयुः साधवस्ते जयन्ति ॥५७॥

**અનુવાદ :** જે મુનિઓના ધ્યાનરૂપી અગ્નિથી પ્રજ્વલિત હૃદયમાં ત્રિલોકવિજયી કામદેવને પણ બળતો જોઈને જાણે અતિશય ભયભીત થયેલા કષાયો એવી રીતે નષ્ટ થઈ ગયા કે તેમાં તે ફરીથી પ્રવેશી ન શક્યા, તે મુનિઓ જયવંત વર્તે છે. ૫૭.

(उपेन्द्रवज्रा)

अनर्ध्यरत्नत्रयसंपदोऽपि निर्ग्रन्थतायाः पदमद्वितीयम् ।
अपि प्रशान्ताः स्मरवैरिवध्वा वैधव्यदास्ते गुरवो नमस्याः ॥५८॥

**અનુવાદ :** જે ગુરુ અમૂલ્ય રત્નત્રયસ્વરૂપ સંપત્તિયુક્ત હોવા છતાં પણ નિર્ગ્રંથપણાનું અનુપમ પદ પામ્યા છે તથા જે અત્યંત શાન્ત હોવા છતાં પણ કામદેવરૂપ શત્રુની પત્નીને વૈધવ્ય પ્રાપ્ત કરાવનાર છે, તે ગુરુ નમસ્કાર કરવા યોગ્ય છે.

**વિશેષાર્થ :** જે અમૂલ્ય ત્રણ રત્નો સહિત હોય તે નિર્ગ્રંથ (દરિદ્ર) હોઈ શકે નહિ એવી જ રીતે જે પ્રશાન્ત હોય-ક્રોધાદિ વિકારોથી રહિત હોય-તે શત્રુ પત્નીને વિધવા બનાવી શકે નહિ. આ રીતે અહીં વિરોધાભાસ પ્રગટ કરીને તેનો પરિહાર કરતાં ગ્રંથકાર એમ બતાવે છે કે જે ગુરુ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ અનુપમ રત્નત્રયના ધારક થઈને નિર્ગ્રંથ-મૂર્છારહિત થયા થકા દિગંબરત્વ-અવસ્થાને પ્રાપ્ત થયા છે; તથા જે અશાન્તિના કારણભૂત ક્રોધાદિ કષાયોને નષ્ટ કરીને કામવાસનાથી રહિત થઈ ગયા છે તે ગુરુઓને નમસ્કાર કરવા જોઈએ. ૫૮.

(शार्दूलविक्रीडित)

ये स्वाचारमपारसौख्यसुतरोर्बीजं परं पञ्चधा ।
सद्बोधाः स्वयमाचरन्ति च परानाचारयन्त्येव च ।

**ग्रन्थग्रन्थिविमुक्तमुक्तिपदवीं प्राप्ताश्च यैः प्रापिताः**
**ते रत्नत्रयधारिणः शिवसुखं कुर्वन्तु नः सूरयः ।।५९।।**

**અનુવાદ :** જે વિવેકી આચાર્ય અપરિમિત સુખરૂપી ઉત્તમ વૃક્ષના બીજભૂત પોતાના પાંચ પ્રકારના (જ્ઞાન, દર્શન, તપ, વીર્ય અને ચારિત્ર) ઉત્કૃષ્ટ આચારનું સ્વયં પાલન કરે છે તથા અન્ય શિષ્યાદિકોને પણ પાલન કરાવે છે જે પરિગ્રહરૂપી ગાંઠ રહિત એવા મોક્ષમાર્ગને સ્વયં પ્રાપ્ત થઈ ચુક્યા છે તથા જેમણે અન્ય આત્મહિતૈષીઓને પણ ઉક્ત મોક્ષમાર્ગ પ્રાપ્ત કરાવ્યો છે, તે રત્નત્રયના ધારક આચાર્ય પરમેષ્ઠી અમને મોક્ષસુખ પ્રદાન કરે. ૫૯.

(वसंततिलका)

**भ्रान्तिप्रदेषु बहुवर्त्मसु जन्मकक्षे**
**पन्थानमेकममृतस्य परं नयन्ति ।**
**ये लोकमुन्नतधियः प्रणमामि तेभ्यः**
**तेनाप्यहं जिगमिषुर्गुरुनायकेभ्यः ।।६०।।**

**અનુવાદ :** જે ઉન્નતબુદ્ધિના ધારક આચાર્ય આ જન્મ-મરણ સ્વરૂપ સંસારરૂપી વનમાં ભ્રાન્તિ ઉત્પન્ન કરનાર અનેક માર્ગ હોવા છતાં પણ બીજા માણસોને કેવળ મોક્ષના માર્ગે જ લઈ જાય છે તે અન્ય મુનિઓને સન્માર્ગે લઈ જનાર આચાર્યોને હું પણ તે જ માર્ગે જવાનો ઇચ્છુક હોઈને નમસ્કાર કરું છું. ૬૦.

(शार्दूलविक्रीडित)

**शिष्याणामपहाय मोहपटलं कालेन दीर्घेण य–**
**ज्ञातं स्यात्पदलाञ्छितोज्ज्वलवचोदिव्याञ्जनेन स्फुटम् ।**
**ये कुर्वन्ति दृशं परामतितरां सर्वावलोकक्षमां**
**लोके कारणमन्तरेण भिषजास्ते पान्तु नो ऽध्यापकाः ।।६१।।**

**અનુવાદ :** જે લોકમાં અકારણ (નિસ્વાર્થ) વૈદ્ય સમાન હોઈને શિષ્યોના ચિરકાળથી ઉત્પન્ન થયેલ અજ્ઞાન સમૂહનો નાશ કરીને 'સ્યાત્' પદથી ચિહ્નિત અર્થાત્ અનેકાન્તમય નિર્મળ વચનરૂપી દિવ્ય અંજનથી તેમની અત્યંત શ્રેષ્ઠ દૃષ્ટિને સ્પષ્ટપણે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સમસ્ત પદાર્થોને દેખવામાં સમર્થ કરી દે છે તે ઉપાધ્યાય પરમેષ્ઠી અમારી રક્ષા કરો. ૬૧.

(शार्दूलविक्रीडित)

उन्मुच्यालयबन्धनादपि दृढात्काये ऽपि वीतस्पृहा–
श्चित्ते मोहविकल्पजालमपि यद्दुर्भेद्यमन्तस्तमः ।
भेदायास्य हि साधयन्ति तदहो ज्योतिर्जितार्कप्रभं
ये सद्बोधमयं भवन्तु भवतां ते साधवः श्रेयसे ।।६२।।

**અનુવાદ :** જે મજબૂત ગૃહરૂપી બંધનથી છૂટીને પોતાના શરીરના વિષયમાં પણ નિસ્પૃહ (મમત્વરહિત) થઈ ચુક્યા છે તથા જે મનમાં સ્થિત દુર્ભેદ્ય (મુશ્કેલીથી નષ્ટ કરાય તેવું) મોહજનિત વિકલ્પ સમૂહરૂપી અભ્યંતર અંધકારને નષ્ટ કરવા માટે સૂર્યના તેજને પણ જીતનાર એવી ઉત્તમ જ્ઞાનરૂપી જ્યોતિને સિદ્ધ કરવામાં તત્પર છે તે સાધુઓ આપનું કલ્યાણ કરો. ૬૨.

(वसंततिलका)

वज्रे पतत्यपि भयद्रुतविश्वलोक-
मुक्ताध्वनि प्रशमिनो न चलन्ति योगात् ।
बोधप्रदीपहतमोहमहान्धकाराः
सम्यग्दशः किमुत शेषपरीषहेषु ।।६३।।

**અનુવાદ :** ભયથી શીઘ્રતાપૂર્વક ભાગનાર સમસ્ત જનસમૂહ દ્વારા જેનો માર્ગ છોડી દેવામાં આવે છે એવું વજ્ર પડતાં પણ જે મુનિઓ સમાધિમાંથી વિચલિત થતા નથી. તે જ્ઞાનરૂપી દીપક દ્વારા અજ્ઞાનરૂપી ઘોર અંધકારનો નાશ કરનાર સમ્યગ્દૃષ્ટિ મુનિઓ શું બાકીના પરીષહો આવતાં વિચલિત થઈ શકે? કદી નહિ. ૬૩.

(शार्दूलविक्रीडित)

प्रोद्यत्तिग्मकरोग्रतेजसि लसच्चण्डानिलोद्यद्दिशि
स्फारीभूतसुतप्तभूमिरजसि प्रक्षीणनद्यम्भसि ।
ग्रीष्मे ये गुरुमेदिनीध्रशिरसि ज्योतिर्निधायोरसि
ध्वान्तध्वंसकरं वसन्ति मुनयस्ते सन्तु नः श्रेयसे ।।६४।।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**અનુવાદ :** જે ગ્રીષ્મકાળ ઉગતા સૂર્યના કિરણોના તીક્ષ્ણ તેજથી સંયુક્ત હોય છે, જેમાં તીક્ષ્ણ પવન (લૂ)થી દિશાઓ પરિપૂર્ણ થઈ જાય છે, જેમાં અત્યંત સંતપ્ત થયેલી પૃથ્વીની ધૂળ અધિક પ્રમાણમાં ઉત્પન્ન થાય છે તથા જેમાં નદીઓનાં જળ સુકાઈ જાય છે તે ગ્રીષ્મ કાળમાં જે મુનિઓ હૃદયમાં અજ્ઞાન અંધકારને નષ્ટ કરનાર જ્ઞાનજ્યોતિને ધારણ કરીને મહાપર્વતના શિખર ઉપર નિવાસ કરે છે તે મુનિઓ અમારું કલ્યાણ કરો. ૬૪.

(शार्दूलविक्रीडित)

ते वः पान्तु मुमुक्षवः कृतरवैरब्दैरतिश्यामलैः
शश्वद्वारिवमद्भिरब्धिविषयक्षारत्वदोषादिव ।
काले मज्जदिले पतद्वरिकुले धावद्धुनीसंकुले
झञ्झावातविसंस्थुले तरुतले तिष्ठन्ति ये साधवः ।।६५।।

**અનુવાદ :** જે વર્ષાકાળમાં ગર્જના કરતાં, અતિશય કાળા તથા સમુદ્રના ક્ષારત્વ (ખારાશ)ના દોષથી જ જાણે હમેશાં પાણી વરસાવનારા એવા વાદળાઓ દ્વારા પૃથ્વી જળમાં ડૂબવા લાગે છે, જેમાં પાણીના પ્રબળ પ્રવાહથી પર્વતોના સમૂહ પડવા લાગે છે, જે વેગથી વહેતી નદીઓથી વ્યાપ્ત હોય છે તથા જે ઝંઝાવાતથી (જળમિશ્રિત તીક્ષ્ણ વાયુથી) સંયુક્ત હોય છે. એવા તે વર્ષાકાળમાં જે મોક્ષની ઈચ્છાવાળા સાધુઓ વૃક્ષની નીચે સ્થિત રહે છે તે અમારી રક્ષા કરો. ૬૫.

(शार्दूलविक्रीडित)

म्लायत्कोकनदे गलत्कपिमदे भ्रश्यद् द्रुमौघच्छदे
हर्षद्रोमदरिद्रके हिमऋतावत्यन्तदुःखप्रदे ।
ये तिष्ठन्ति चतुष्पथे पृथुतपःसौधस्थिताः साधवः
ध्यानोष्मप्रहतोग्रशैत्यविधुरास्ते मे विदध्युः श्रियम् ।।६६।।

**અનુવાદ :** જે ઋતુમાં કમળ કરમાવા લાગે છે, વાંદરાનું અભિમાન નાશ પામે છે, વૃક્ષો ઉપરથી પાંદડા નાશ પામે છે તથા ઠંડીથી ગરીબોના રુંવાટા કંપી ઉઠે છે; તે અત્યંત દુઃખ આપનારી શિયાળાની ઋતુમાં વિશાળ તપરૂપી મહેલમાં સ્થિત અને ધ્યાનરૂપી ઉષ્ણતાથી નષ્ટ કરવામાં આવેલ તીક્ષ્ણ ઠંડીથી રહિત જે સાધુ ચોકમાં સ્થિત રહે છે તે સાધુઓ મને લક્ષ્મી આપો. ૬૬.

(वसंततिलका)

कालत्रये बहिरवस्थितिजातवर्षा-
शीतातपप्रमुखसंघटितोग्रदुःखे ।
आत्मप्रबोधविकले सकलो ऽपि काय-
क्लेशो वृथा वृतिरिवोज्झितशालिवप्रे ।।६७।।

**અનુવાદ :** જે સાધુ ત્રણે ઋતુઓમાં ઘર છોડીને બહાર રહેવાથી ઉત્પન્ન થયેલ વર્ષા, ઠંડી અને ગરમી આદિનું તીવ્ર દુઃખ સહન કરે છે તે જો તે ત્રણ ઋતુઓમાં અધ્યાત્મજ્ઞાનથી રહિત હોય છે તો તેમનો આ બધો ય કાયક્લેશ એવો જ નિષ્ફળ છે જેવું અનાજના છોડ વિનાના ખેતરમાં વાંસ અને કાંટા આદિથી વાડનું રચવું નિષ્ફળ છે. ૬૭.

(शार्दूलविक्रीडित)

संप्रत्यस्ति न केवली किल कलौ त्रैलोक्यचूडामणिः
तद्वाचः परमासते ऽत्र भरतक्षेत्रे जगद्द्योतिकाः ।
सद्रत्नत्रयधारिणो यतिवरास्तासां समालम्बनं
तत्पूजा जिनवाचि पूजनमतः साक्षाज्जिनः पूजितः ।।६८।।

**અનુવાદ :** અત્યારે આ કળિકાળ (પંચમકાળ)માં ભરતક્ષેત્રમાં જો કે ત્રણે લોકમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠભૂત કેવળી ભગવાન વિરાજમાન નથી છતાં પણ લોકને પ્રકાશિત કરનાર તેમના વચન તો અહીં વિદ્યમાન છે જ અને તે વચનોના આશ્રયરૂપ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ ઉત્તમ રત્નત્રયના ધારક શ્રેષ્ઠ મુનિરાજ છે, તેથી ઉક્ત મુનિઓની પૂજા વાસ્તવમાં જિનવચનોની જ પૂજા છે અને એનાથી પ્રત્યક્ષમાં જિન ભગવાનની જ પૂજા કરવામાં આવી છે એમ સમજવું જોઈએ.

**વિશેષાર્થ :** આ પંચમ કાળમાં ભરત અને ઐરાવત ક્ષેત્રોમાં સાક્ષાત્ કેવળી વિદ્યમાન હોતા નથી છતાં પણ જીવોના અજ્ઞાન અંધકારને હરનાર તેમના વચનો (જિનાગમ) પરંપરાથી પ્રાપ્ત છે જ. તે વચનોના જ્ઞાતા શ્રેષ્ઠ મુનિઓ જ છે તેથી તેઓ પૂજનીય છે. આ રીતે કરવામાં આવેલી ઉક્ત મુનિઓની પૂજાથી જિનાગમની પૂજા અને એનાથી સાક્ષાત્ જિન ભગવાનની જ પૂજા કરાઈ છે એમ સમજવું જોઈએ. ૬૮.

(शार्दूलविक्रीडित)

स्पृष्टा यत्र मही तदङ्घ्रिकमलैस्तत्रैति सत्तीर्थतां
तेभ्यस्ते ऽपि सुराः कृताञ्जलिपुटा नित्यं नमस्कुर्वते ।
तन्नामस्मृतिमात्रतोऽपि जनता निष्कल्मषा जायते
ये जैना यतयश्चिदात्मनि परं स्नेहं समातन्वते ।।६९।।

**અનુવાદ :** જે જૈન મુનિ જ્ઞાન દર્શન સ્વરૂપ ચૈતન્યમય આત્મામાં ઉત્કૃષ્ટ સ્નેહ કરે છે તેમના ચરણકમળો દ્વારા જ્યાં પૃથ્વીનો સ્પર્શ થાય છે ત્યાંની તે પૃથ્વી ઉત્તમ તીર્થ બની જાય છે, તેમને બન્ને હાથ જોડીને દેવો પણ નિત્ય નમસ્કાર કરે છે તથા તેમના નામના સ્મરણમાત્રથી જ જનસમૂહ પાપરહિત થઈ જાય છે. ૬૯.

(शार्दूलविक्रीडित)

सम्यग्दर्शनबोधवृत्तनिचितः शान्तः शिवैषी मुनि–
र्मन्दैः स्यादवधीरितो ऽपि विशदः साम्यं यदालम्बते ।
आत्मा तैर्विहतो यदत्र विषमध्वान्तश्रिते निश्चितं
संपातो भवितोग्रदुःखनरके तेषामकल्याणिनाम् ।।७०।।

**અનુવાદ :** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી સંપન્ન, શાન્ત અને આત્મકલ્યાણ (મોક્ષ)ના અભિલાષી મુનિ અજ્ઞાનીઓ દ્વારા તિરસ્કૃત થઈને ય સમતા (વીતરાગતા)નો જ આશ્રય લે છે તેથી તે તો નિર્મળ જ રહે છે પણ તેમ કરવાથી તે અજ્ઞાનીઓ જ પોતાના આત્માનો ઘાત કરે છે કારણ કે કલ્યાણમાર્ગથી ભ્રષ્ટ થયેલા તે અજ્ઞાનીઓનું ગાઢ અંધકારથી વ્યાપ્ત અને તીવ્ર દુઃખોથી સંયુક્ત એવા નરકમાં નિયમથી પતન થશે. ૭૦.

(स्रग्धरा)

मानुष्यं प्राप्य पुण्यात्प्रशममुपगता रोगवद्भोगजातं
मत्वा गत्वा वनान्तं दृशि विदि चरणे ये स्थिताः संगमुक्ताः ।
कः स्तोता वाक्पथातिक्रमणपटुगुणैराश्रितानां मुनीनां
स्तोतव्यास्ते महद्भिर्भुवि य इह तदङ्घ्रिद्वये भक्तिभाजः ।।७१।।

**અનુવાદ :** જે મુનિ પુણ્યના પ્રભાવથી મનુષ્ય ભવ પામીને શાન્તિ પામ્યા

થકા ઇન્દ્રિયજનિત ભોગોને રોગ સમાન કષ્ટદાયક સમજી લે છે અને તેથી જે ગૃહથી વનની મધ્યમાં જઈને સમસ્ત પરિગ્રહથી રહિત થયા થકા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં સ્થિત થઈ જાય છે; વચનઅગોચર એવા ઉત્તમોત્તમ ગુણોના આશ્રયભૂત તે મુનિઓની સ્તુતિ કરવામાં ક્યો સ્તુતિકાર સમર્થ છે? કોઈ પણ નહિ. જે મનુષ્યો ઉક્ત મુનિઓના બન્ને ચરણોમાં અનુરાગ કરે છે તે અહીં પૃથ્વી ઉપર મહાપુરુષો દ્વારા સ્તુતિ કરવાને યોગ્ય છે. ૭૧.

(शार्दूलविक्रीडित)

**तत्त्वार्थाप्ततपोभृतां यतिवराः श्रद्धानमाहुर्दृशं**
**ज्ञानं जानदनूनमप्रतिहतं स्वार्थावसंदेहवत् ।**
**चारित्रं विरतिः प्रमादविलसत्कर्मास्रवाद्योगिनां**
**एतन्मुक्तिपथस्त्रयं च परमो धर्मो भवच्छेदकः ।।७२।।**

**અનુવાદ :** આ રીતે મુનિના આચારધર્મનું નિરૂપણ થયું. સાત તત્ત્વ, દેવ અને ગુરુનું શ્રદ્ધાન કરવું; એને મુનિઓમાં શ્રેષ્ઠ ગણધર આદિ સમ્યગ્દર્શન કહે છે. સ્વ અને પર પદાર્થ બન્નેની ન્યૂનતા, બાધા અને સંદેહ રહિત થઈને જે જાણે છે તેને જ્ઞાન કહેવામાં આવે છે. યોગિઓના પ્રમાદથી થતા કર્માસ્રવથી રહિત થઈ જવાનું નામ ચારિત્ર છે. આ ત્રણે મોક્ષના માર્ગ છે. આ જ ત્રણેને ઉત્તમ ધર્મ કહેવામાં આવે છે જે સંસારનો વિનાશક થાય છે. ૭૨.

(मालिनी)

**हृदयभुवि दृगेकं बीजमुप्तं त्वशङ्का–**
**प्रभुतिगुणसदम्भःसारणी सिक्तमुच्चैः ।**
**भवदवगमशाखश्चारुचारित्र पुष्प–**
**स्तरुरमृतफलेन प्रीणयत्याशु भव्यम् ।।७३।।**

**અનુવાદ :** હૃદયરૂપી પૃથ્વીમાં વાવેલું એક સમ્યગ્દર્શનરૂપી બીજ નિઃશંકિત આદિ આઠ અંગરવરૂપ ઉત્તમ જળથી પરિપૂર્ણ નાની નદી દ્વારા અતિશય સીંચાઈને ઉત્પન્ન થયેલી સમ્યગ્જ્ઞાનરૂપી શાખાઓ અને મનોહર સમ્યક્ચારિત્રરૂપી પુષ્પોથી સંપન્ન થતું થકું વૃક્ષરૂપે પરિણમે છે, જે ભવ્યજીવને તરત જ મોક્ષરૂપી ફળ આપીને પ્રસન્ન કરે છે. ૭૩.

(मालिनी)

दृगवगमचरित्रालंकृतः सिद्धिपात्रं
लघुरपि न गुरुः स्यादन्यथात्वे कदाचित् ।
स्फुटमवगतमार्गो याति मन्दोऽपि गच्छ-
न्नभिमतपदमन्यो नैव तूर्णो ऽपि जन्तुः ।।૭૪।।

**અનુવાદ :** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી વિભૂષિત પુરુષ જો તપ આદિ અન્ય ગુણોમાં મંદ પણ હોય તોય તે સિદ્ધિને પાત્ર છે અર્થાત્ તેને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પણ એનાથી વિપરીત જો રત્નત્રય રહિત પુરુષ અન્ય ગુણોમાં મહાન્ પણ હોય તોય તે કદી યે સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી. યોગ્ય જ છે–સ્પષ્ટ રીતે માર્ગથી પરિચિત મનુષ્ય જો ચાલવામાં મંદ પણ હોય તોય તે ધીરે ધીરે ચાલીને ઇચ્છિત સ્થાને પહોંચી જાય છે. પણ એનાથી વિપરીત જે અન્ય મનુષ્ય માર્ગથી અજાણ છે તે ચાલવામાં ખૂબ ઝડપી હોય તો પણ ઇચ્છિત સ્થાને પહોંચી શકતો નથી. ૭૪.

(मालिनी)

वनशिखिनि मृतो ऽन्धः संचरन् बाढमङ्घ्रि-
द्वितयविकलमूर्तिवीक्षमाणो ऽपि खञ्जः ।
अपि सनयनपादो ऽश्रद्दधानश्च तस्माद-
दृगवगमचरित्रैः संयुतैरेव सिद्धिः ।।૭૫।।

**અનુવાદ :** દાવાનળથી સળગતા વનમાં શીઘ્ર ગમન કરનાર અંધ મનુષ્ય મરી જાય છે, તેવી જ રીતે બન્ને પગ વિનાનો લંગડો માણસ દાવાનળને જોતો હોવા છતાં પણ ચાલવામાં અસમર્થ હોવાથી બળીને મરી જાય છે. અગ્નિનો વિશ્વાસ ન કરનાર મનુષ્ય નેત્ર અને પગ સંયુક્ત હોવા છતાં પણ ઉક્ત દાવાનળમાં ભસ્મ થઈ જાય છે. તેથી જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેની એકતાને પ્રાપ્ત થતાં જ તેમનાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, એમ નક્કી સમજવું જોઈએ.

**વિશેષાર્થ :** જેવી રીતે ઉક્ત ત્રણે મનુષ્યોમાં એક જણ તો આંખોથી અગ્નિ દેખીને અને

ભાગવામાં સમર્થ હોવા છતાં પણ કેવળ અવિશ્વાસને કારણે મરે છે, બીજો (આંધળો) માણસ અગ્નિનું જ્ઞાન ન હોવાથી મૃત્યુ પામે છે, તથા ત્રીજો (લંગડો) માણસ અગ્નિનો વિશ્વાસ કરીને અને તેને જાણીને પણ ચાલવામાં અસમર્થ હોવાથી જ મૃત્યુના મુખમાં પ્રવેશે છે. તેવી જ રીતે જ્ઞાન અને ચારિત્રરહિત જે પ્રાણી તત્ત્વાર્થનું કેવળ શ્રદ્ધાન કરે છે, શ્રદ્ધાન અને ચારિત્રથી રહિત જેને એક માત્ર તત્ત્વાર્થનું પરિજ્ઞાન જ છે અથવા શ્રદ્ધા અને જ્ઞાન રહિત જે જીવ કેવળ ચારિત્રનું જ પરિપાલન કરે છે; એ ત્રણમાંથી કોઈને પણ મોક્ષ પ્રાપ્ત થઈ શકતો નથી. તે તો આ ત્રણેની એકતામાં જ પ્રાપ્ત થઈ શકે છે. ૭૫.

(मालिनी)

**बहुभिरपि किमन्यैः प्रस्तरै रत्नसंज्ञै–**
**र्वपुषि जनितखेदैर्भारकारित्वयोगात् ।**
**हतदुरिततमोभिश्चारुरत्नैरनर्घ्यै–**
**स्त्रिभिरपि कुरुतात्मालंकृतिं दर्शनाद्यैः ।।७६।।**

**અનુવાદ :** ‘રત્ન’ સંજ્ઞા ધારણ કરનાર અન્ય ઘણા પત્થરોથી શું લાભ? કારણ કે ભારયુક્ત હોવાથી તેમના દ્વારા કેવળ શરીરમાં ખેદ જ ઉત્પન્ન થાય છે. તેથી પાપરૂપ અંધકારને નષ્ટ કરનાર સમ્યગ્દર્શનાદિરૂપ અમૂલ્ય ત્રણેય સુંદર રત્નોથી પોતાના આત્માને વિભૂષિત કરવો જોઈએ. ૭૬.

(मालिनी)

**जयति सुखनिधानं मोक्षवृक्षैकबीजं**
**सकलमलविमुक्तं दर्शनं यद्विना स्यात् ।**
**मतिरपि कुमतिर्नु दुश्चरित्रं चरित्रं**
**भवति मनुजजन्म प्राप्तमप्रातमेव ।।७७।।**

**અનુવાદ :** જે સમ્યગ્દર્શન વિના જ્ઞાન મિથ્યાજ્ઞાન અને ચારિત્ર મિથ્યાચારિત્ર રહ્યા કરે છે તે સુખના સ્થાનભૂત, મોક્ષરૂપી વૃક્ષના અદ્વિતીય બીજરૂપ તથા સમસ્ત દોષરહિત સમ્યગ્દર્શન જયવંત વર્તે છે. ઉક્ત સમ્યગ્દર્શન વિના પ્રાપ્ત થયેલો મનુષ્ય જન્મ પણ નહિ પ્રાપ્ત થવા બરાબર જ રહે છે. [કારણ કે મનુષ્ય જન્મની સફળતા સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં જ હોઈ શકે છે, પણ તેને તો પ્રાપ્ત કર્યું નથી.] ૭૭.

(आर्या)

**भवभुजगनागदमनी दुःखमहादावशमनजलवृष्टिः ।**
**मुक्तिसुखामृतसरसी जयति दृगादित्रयी सम्यक् ।।७८।।**

**અનુવાદ :** જે સમ્યગ્દર્શન આદિ ત્રણ રત્ન સંસારરૂપી સર્પનું દમન કરવા માટે નાગદમની સમાન છે, દુઃખરૂપી દાવાનળને શાન્ત કરવા માટે જળવૃષ્ટિ સમાન છે તથા મોક્ષસુખરૂપ અમૃતના તળાવ સમાન છે; તે સમ્યગ્દર્શનાદિ ત્રણ રત્ન સારી રીતે જયવંત વર્તે છે. ૭૮.

(मालिनी)

**वचनविरचितैवोत्पद्यते भेदबुद्धि–**
**र्दृगवगमचरित्राण्यात्मनः स्वं स्वरूपम् ।**
**अनुपचरितमेतच्चेतनैकस्वभावं**
**व्रजति विषयभावं योगिनां योगदृष्टेः ।।७९।।**

**અનુવાદ :** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણે આત્માના પોતાના સ્વરૂપ છે. આમાં જે ભિન્નતાની બુદ્ધિ થાય છે તે કેવળ શબ્દજનિત જ હોય છે–વાસ્તવમાં તે ત્રણે અભિન્ન જ છે. આત્માનું આ સ્વરૂપ ઉપચારરહિત અર્થાત્ પરમાર્થભૂત અને ચેતના જ છે એક સ્વભાવ જેનો એવું થયું થકું યોગીજનોની યોગરૂપ દૃષ્ટિના વિષયપણાને પામે છે અર્થાત્ તેનું અવલોકન યોગીઓ જ પોતાની યોગદૃષ્ટિથી કરી શકે છે. ૭૯.

(उपेन्द्रवज्रा)

**निरूप्य तत्त्वं स्थिरतामुपागता**
**मतिः सतां शुद्धनयावलम्बिनी ।**
**अखण्डमेकं विशदं चिदात्मकं**
**निरन्तरं पश्यति तत्परं महः ।।८०।।**

**અનુવાદ :** શુદ્ધનયનો આશ્રય લેનારી સાધુઓની બુદ્ધિ તત્ત્વનું નિરૂપણ કરીને સ્થિરતાને પામતી થકી નિરંતર, અખંડ, એક, નિર્મળ અને ચેતનસ્વરૂપ તે ઉત્કૃષ્ટ જ્યોતિનું જ અવલોકન કરે છે. ૮૦.

(स्रग्धरा)

दृष्टिर्निर्णीतिरात्माह्वयविशदमहस्यत्र बोधः प्रबोधः
शुद्धं चारित्रमत्र स्थितिरिति युगपद्बन्धविध्वंसकारि ।
बाह्यं बाह्यार्थमेव त्रितयमपि परं स्याच्छुभो वाशुभो वा
बन्धः संसारमेवं श्रुतनिपुणधियः साधवस्तं वदन्ति ।।८१।।

**અનુવાદ :** આત્મા નામના નિર્મળ તેજનો નિર્ણય કરવો અર્થાત્ પોતાના શુદ્ધ આત્મરૂપમાં રુચિ ઉત્પન્ન થવાનું નામ સમ્યગ્દર્શન છે. તે જ આત્મસ્વરૂપના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. તે જ આત્મસ્વરૂપમાં લીન થવાને સમ્યક્ચારિત્ર કહે છે. આ ત્રણે એક સાથે ઉત્પન્ન થઈને બંધનો વિનાશ કરે છે. બાહ્ય રત્નત્રય કેવળ બાહ્ય પદાર્થો (જીવાજીવાદિ)ને જ વિષય કરે છે અને તેનાથી શુભ અથવા અશુભ કર્મનો બંધ થાય છે જે સંસાર પરિભ્રમણનું જ કારણ છે. આ રીતે આગમના જાણકાર સાધુઓ નિરૂપણ કરે છે.

**વિશેષાર્થ :** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણેમાંથી પ્રત્યેક વ્યવહાર અને નિશ્ચયના ભેદથી બબ્બે પ્રકારના છે. એમાં જીવાદિક સાત તત્ત્વોના યથાર્થ સ્વરૂપનું શ્રદ્ધાન કરવું તે વ્યવહાર સમ્યગ્દર્શન કહેવાય છે. તેમના સ્વરૂપને જાણવાનું નામ વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે. અશુભ ક્રિયાઓનો પરિત્યાગ કરીને શુભ ક્રિયાઓમાં પ્રવૃત્ત થવાને વ્યવહાર સમ્યક્ચારિત્ર કહેવાય છે. દેહાદિથી ભિન્ન આત્મામાં રુચિ થવાનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન છે. તે જ દેહાદિથી ભિન્ન આત્માના સ્વરૂપના અવબોધને નિશ્ચય સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આત્મસ્વરૂપમાં લીન રહેવાને નિશ્ચય સમ્યક્ચારિત્ર કહે છે. એમાં વ્યવહાર રત્નત્રય શુભ અને અશુભ કર્મોના બંધનું કારણ હોવાથી સ્વર્ગાદિ અભ્યુદયનું નિમિત્ત થાય છે. પરંતુ નિશ્ચય રત્નત્રય શુભ અને અશુભ બન્ને પ્રકારના કર્મોના બંધને નષ્ટ કરીને મોક્ષસુખનું કારણ થાય છે. ૮૧.

(मालिनी)

जडजनकृतबाधाक्रोशहासाप्रियादा–
वपि सति न विकारं यन्मनो याति साधोः ।
अमलविपुलचित्ते रुत्तमा सा क्षमादौ
शिवपथपथिकानां सत्सहायत्वमेति ।।८२।।

**અનુવાદ :** આ રીતે રત્નત્રયના સ્વરૂપનું નિરૂપણ થયું. અજ્ઞાની જનો દ્વારા

શારીરિક બાધા, અપશબ્દોનો પ્રયોગ, હાસ્ય અને બીજા પણ અપ્રિય કાર્ય કરવા છતાં જે નિર્મળ અને વિપુલ જ્ઞાનના ધારક સાધુનું મન ક્રોધાદિ વિકારને પ્રાપ્ત થતું નથી તેને ઉત્તમ ક્ષમા કહે છે. તે મોક્ષમાર્ગમાં ચાલનાર પથિક જનોને સર્વ પ્રથમ સહાયક થાય છે. ૮૨.

(वसंततिलका)

**श्रामण्यपुण्यतरुरुच्चगुणौघशाखा–**
**पत्रप्रसूननिचितो ऽपि फलान्यदत्त्वा ।**
**याति क्षयं क्षणत एव घनोग्रकोप–**
**दावानलात् त्यजत तं यतयो ऽतिदूरम् ।।८३।।**

**અનુવાદ :** મુનિધર્મરૂપી પવિત્ર વૃક્ષ ઉન્નત ગુણોના સમૂહરૂપ ડાળીઓ, પાંદડા અને ફૂલોથી પરિપૂર્ણ થયું થકું પણ ફળો ન આપતાં અતિશય તીવ્ર ક્રોધરૂપી દાવાગ્નિથી ક્ષણમાત્રમાં જ નાશ પામી જાય છે. તેથી હે મુનિજનો, આપ તે ક્રોધને દૂરથી જ છોડી દ્યો. ૮૩.

(शार्दूलविक्रीडित)

**तिष्ठामो वयमुज्ज्वलेन मनसा रागादिदोषोज्झिताः**
**लोकः किंचिदपि स्वकीयहृदये स्वेच्छाचरो मन्यताम् ।**
**साध्या शुद्धिरिहात्मनः शमवतामत्रापरेण द्विषा**
**मित्रेणापि किमु स्वचेष्टितफलं स्वार्थः स्वयं लप्स्यते ।।८४।।**

**અનુવાદ :** અમે રાગાદિ દોષોથી રહિત થઈને વિશુદ્ધ મનથી સ્થિર થઈએ છીએ. એને યથેચ્છ આચરણ કરનારા લોકો પોતાના હૃદયમાં ગમે તેમ માને. લોકમાં શાન્તિના અભિલાષી મુનિઓએ પોતાની આત્મશુદ્ધિ સિદ્ધ કરવી જોઈએ. તેમને અહીં બીજા શત્રુ અથવા મિત્રનું પણ શું પ્રયોજન છે? તે (શત્રુ કે મિત્ર) તો પોતાના કરેલા કાર્ય અનુસાર સ્વયં જ ફળ પ્રાપ્ત કરશે. ૮૪.

(स्रग्धरा)

**दोषानाघुष्य लोके मम भवतु सुखी दुर्जनश्चेद्धनार्थी**
**तत्सर्वस्वं गृहीत्वा रिपुरथ सहसा जीवितं स्थानमन्यः ।**

**मध्यस्थस्त्वेवमेवाखिलमिह जगज्ञायतां सौख्यराशिः**
**मत्तो माभूदसौख्यं कथमपि भविनः कस्यचित्पूत्करोमि ।।८५।।**

**અનુવાદ :** જો દુર્જન મનુષ્ય મારા દોષો જાહેર કરીને સુખી થતો હોય તો થાવ, જો ધનનો અભિલાષી મનુષ્ય મારું સર્વસ્વ ગ્રહણ કરીને સુખી થતો હોય તો થાવ. જો શત્રુ મારું જીવન ગ્રહણ કરીને સુખી થતો હોય તો થાવ, જો બીજા કોઈ મારું સ્થાન લઈને સુખી થતા હોય તો થાવ અને જે મધ્યસ્થ છે–રાગદ્વેષરહિત છે– તે એવા જ મધ્યસ્થ બની રહે. અહીં આખુંય જગત અતિશય સુખનો અનુભવ કરો. મારા નિમિત્તે કોઈ પણ સંસારી પ્રાણીને કોઈ પણ પ્રકારે દુઃખ ન થાવ, એમ હું ઊંચા સ્વરે કહું છું. ૮૫.

(शार्दूलविक्रीडित)

**कि जानासि न वीतरागमखिलत्रैलोक्यचूडामणिं**
**किं तद्धर्म समाश्रितं न भवता किं वा न लोको जडः ।**
**मिथ्यादृग्भिरसज्ञनैरपटुभिः किंचित्कृतोपद्रवात्**
**यत्कर्मार्जनहेतुमस्थिरतया बाधां मनो मन्यसे ।।८६।।**

**અનુવાદ :** હે મન! શું તું સમ્પૂર્ણ ત્રણે લોકમાં ચૂડામણિ સમાન એવા શ્રેષ્ઠ વીતરાગ જિનને નથી જાણતું? શું તેં વીતરાગકથિત ધર્મનો આશ્રય નથી લીધો? શું જડસમૂહ જડ અર્થાત્ અજ્ઞાની નથી? કે જેથી તું મિથ્યાદૃષ્ટિ અને અજ્ઞાની દુષ્ટ પુરુષો દ્વારા કરવામાં આવેલા થોડાક ઉપદ્રવોથી પણ વિચલિત થઈને બાધા સમજે છે કે જે કર્માસ્રવનું કારણ છે. ૮૬.

(वसंततिलका)

**धर्माङ्गमेतदिह मार्दवनामधेयं**
**जात्यादिगर्वपरिहारमुशन्ति सन्तः ।**
**तद्धार्यते किमु न बोधदृशा समस्तं**
**स्वप्नेन्द्रजालसदृशं जगदीक्षमाणैः ।।८७।।**

**અનુવાદ :** જાતિ અને કુળ આદિનો ગર્વ ન કરવો, એને સજ્જન પુરુષો માર્દવ

નામનો ધર્મ બતાવે છે. એ ધર્મનું અંગ છે. જ્ઞાનમય ચક્ષુથી સમસ્ત જગતને સ્વપ્ન અથવા ઈન્દ્રજાળ સમાન દેખનાર સાધુઓ શું તે માર્દવ ધર્મ ધારણ નથી કરતા? અવશ્ય ધારણ કરે છે. ૮૭.

(शार्दूलविक्रीडित)

**कास्था सद्मनि सुन्दरेऽपि परितो दन्दह्यमानाग्निभिः**
**कायादौ तु जरादिभिः प्रतिदिनं गच्छत्यवस्थान्तरम् ।**
**इत्यालोचयतो हृदि प्रशमिनः शश्वद्विवेकोज्ज्वले**
**गर्वस्यावसरः कुतो ऽत्र घटते भावेषु सर्वेष्वपि ।।८८।।**

**અનુવાદ :** સર્વ તરફથી અતિશય સળગતી અગ્નિઓથી ખંડેરરૂપ બીજી અવસ્થાને પ્રાપ્ત થનાર સુન્દર ગૃહ સમાન પ્રતિદિન વૃદ્ધત્વ આદિ દ્વારા બીજી (જીર્ણ) અવસ્થાને પ્રાપ્ત થનાર શરીરાદિ બાહ્ય પદાર્થોમાં નિત્યતાનો વિશ્વાસ કેવી રીતે કરી શકાય? અર્થાત્ કરી શકાતો નથી. આ રીતે સર્વદા વિચારનાર સાધુના વિવેકયુક્ત નિર્મળ હૃદયમાં જાતિ, કુળ અને જ્ઞાન આદિ સર્વ પદાર્થોના વિષયમાં અભિમાન કરવાનો અવસર ક્યાંથી પ્રાપ્ત થઈ શકે? અર્થાત્ પ્રાપ્ત થઈ શકતો નથી. ૮૮.

સહજ ચિદાનંદ

(आर्या)

**हृदि यत्तद्वाचि बहिः फलति तदेवार्जवं भवत्येतत् ।**
**धर्मो निकृतिरधर्मो द्वाविह सुरसद्मनरकपथौ ।।८९।।**

**અનુવાદ :** જે વિચાર હૃદયમાં રહ્યો હોય તે જ વચનમાં રહે તથા તે જ બહાર પરિણમે અર્થાત્ શરીર વડે પણ તે પ્રમાણે જ કાર્ય કરવામાં આવે, તે આર્જવ ધર્મ છે. એનાથી વિપરીત બીજાને દગો દેવો, એ અધર્મ છે. આ બંને અહીં ક્રમશઃ દેવગતિ અને નરકગતિના કારણ છે. ૮૯.

(शार्दूलविक्रीडित)

**मायित्वं कुरुते कृतं सकृदपि च्छायाविघातं गुणे-**
**ष्वाजातेर्यमिनोऽर्जितेष्विह गुरुक्लेशैः समादिष्वलम् ।**

सर्वे तत्र यदासते ऽतिनिभृताः क्रोधादयस्तत्त्वत–
स्तत्पापं बत येन दुर्गतिपथे जीवश्चिरं भ्राम्यति ।।९०।।

**અનુવાદ :** અહીં લોકમાં એક વાર પણ કરવામાં આવેલો કપટ વ્યવહાર જન્મથી માંડીને ભારે કષ્ટોથી ઉપાર્જિત મુનિના સમ (રાગ–દ્વેષની નિવૃત્તિ) આદિ ગુણોનો અતિશય છાયાવિઘાત કરે છે, અર્થાત્ ઉક્ત માયાચારથી સમ આદિ ગુણોની છાયા પણ બાકી રહેતી નથી–તે મૂળમાંથી નષ્ટ થઈ જાય છે, કારણ કે તે કપટપૂર્ણ વ્યવહારમાં વાસ્તવમાં ક્રોધાદિ બધા જ દુર્ગુણ પરિપૂર્ણ થઈને રહે છે. ખેદ છે કે તે કપટવ્યવહાર એવું પાપ છે કે જેના કારણે આ જીવ નરકાદિ દુર્ગતિઓના માર્ગમાં ચિર કાળ સુધી પરિભ્રમણ કરે છે. ૯૦.

(आर्या)

स्वपरहितमेव मुनिभिर्मितममृतसमं सदैव सत्यं च ।
वक्तव्यं वचनमथ प्रविधेयं धीधनेर्मौनम् ।।९१।।

**અનુવાદ :** મુનિઓએ સદાય એવું સત્ય વચન બોલવું જોઈએ જે પોતાને અને પરને પણ હિતકારી હોય, પરિમિત હોય, તથા અમૃત સમાન મધુર હોય જો કદાચ આવું સત્ય વચન બોલવામાં બાધા જણાય તો એવી હાલતમાં બુદ્ધિરૂપ ધનને ધારણ કરનાર તે મુનિઓએ મૌનનું જ અવલંબન લેવું જોઈએ. ૯૧.

(आर्या)

सति सन्ति व्रतान्येव सूनृते वचसि स्थिते ।
भवत्याराधिता सद्भिर्जगत्पूज्या च भारती ।।९२।।

**અનુવાદ :** સત્ય વચનની સ્થિતિ થતાં જ વ્રત થાય છે તેથી સજ્જન પુરુષ જગત્ પૂજ્ય તે સત્ય વચનની આરાધના કરે છે. ૯૨.

(शार्दूलविक्रीडित)

आस्तामेतदमुत्र सूनृतवचाः कालेन यल्लप्स्यते
सद्भूपत्वसुरत्वसंसृतिसरित्पाराप्तिमुख्यं फलम् ।
यत्प्राप्नोति यशः शशाङ्कविशदं शिष्टेसु यन्मान्यतां
तत्साधुत्वमिहैव जन्मनि परं तत्केन संवर्ण्यते ।।९३।।

**અનુવાદ :** સત્ય વચન બોલનાર પ્રાણી સમયાનુસાર પરલોકમાં ઉત્તમ રાજ્ય, દેવ પર્યાય અને સંસારરૂપી નદીના પારની પ્રાપ્તિ અર્થાત્ મોક્ષપદરૂપ પ્રમુખ ફળ પામશે એ તો દૂર રહો. પણ તે આ જ ભવમાં જે ચંદ્ર સમાન નિર્મળ યશ, સજ્જન પુરુષોમાં પ્રતિષ્ઠા અને સાધુતા પ્રાપ્ત કરે છે; તેનું વર્ણન કોણ કરી શકે છે? અર્થાત્ કોઈ નહીં. ૯૩.

(आर्या)

**यत्परदारार्थादिषु जन्तुषु निःस्पृहमहिंसकं चेतः ।**
**दुश्छेद्यान्तर्मलहृत्तदेव शौचं परं नान्यत् ।।९४।।**

**અનુવાદ :** જે ચિત્ત પરસ્ત્રી અને પરધનની અભિલાષા ન કરતુ થકું ષટ્કાય જીવોની હિંસાથી રહિત થઈ જાય છે, તેને જ દુર્ભેદ્ય અભ્યંતર કલુષતાને દૂર કરનાર ઉત્તમ શૌચધર્મ કહેવામાં આવે છે. એનાથી ભિન્ન બીજો કોઈ શૌચ ધર્મ હોઈ શકતો નથી. ૯૪.

(शार्दूलविक्रीडित)

**गङ्गासागरपुष्करादिषु सदा तीर्थेषु सर्वेष्वपि**
**स्नातस्यापि न जायते तनुभृतः प्रायो विशुद्धिः परा ।**
**मिथ्यात्वादिमलीमसं यदि मनो बाह्ये ऽतिशुद्धोदकै-**
**र्धौतः किं बहुशो ऽपि शुद्ध्यति सुरापूरप्रपूर्णो घटः ।।९५।।**

**અનુવાદ :** જો પ્રાણીનું મન મિથ્યાત્વ આદિ દોષોથી મલિન થઈ રહ્યું હોય તો ગંગા, સમુદ્ર અને પુષ્કર આદિ બધા તીર્થોમાં સદા સ્નાન કરવા છતાં પણ ઘણું કરીને તે અતિશય વિશુદ્ધ થઈ શકતું નથી. તે યોગ્ય જ છે–મદ્યના પ્રવાહથી પરિપૂર્ણ ઘટ જો બહારથી અતિશય વિશુદ્ધ પાણીથી અનેકવાર ધોવામાં આવે તો પણ શું તે શુદ્ધ થઈ શકે છે? અર્થાત્ થઈ શકતો નથી.

**વિશેષાર્થ :** આનો અભિપ્રાય એ છે કે જો મન શુદ્ધ હોય તો સ્નાનાદિ વિના ય ઉત્તમ શૌચ હોઈ શકે છે. પણ એનાથી વિપરીત જો મન અપવિત્ર હોય તો ગંગા આદિ અનેક તીર્થોમાં વારંવાર સ્નાન કરવા છતાં પણ શૌચધર્મ કદી ય હોઈ શકતો નથી. ૯૫.

(आर्या)

**जन्तुकृपार्दितमनसः समितिषु साधोः प्रवर्तमानस्य ।**
**प्राणेन्द्रियपरिहारं संयममाहुर्महामुनयः ।।९६।।**

**અનુવાદ :** જેમનું મન જીવોની અનુકંપાથી ભીંજાયેલું છે તથા જે ઈર્યાભાષા આદિ પાંચ સમિતિઓમાં પ્રવર્તમાન છે એવા સાધુ દ્વારા જે છકાય જીવોની રક્ષા અને પોતાની ઈન્દ્રિયોનું દમન કરવામાં આવે છે તેને ગણધરદેવ આદિ મહામુનિઓ સંયમ કહે છે. ૯૬.

(शार्दूलविक्रीडित)

**मानुष्यं किल दुर्लभं भवभृतस्तत्रापि जात्यादय-**
**स्तेष्वेवाप्तवचःश्रुतिः स्थितिरतस्तस्याश्च दृग्बोधने ।**
**प्राप्ते ते अतिनिर्मले अपि परं स्यातां न येनोज्झिते**
**स्वर्मोक्षैकफलप्रदे स च कथं न श्लाघ्यते संयमः ॥९७॥**

**અનુવાદ :** આ સંસારી પ્રાણીને મનુષ્ય ભવ પ્રાપ્ત થવો અત્યંત કઠણ છે, જો મનુષ્યભવ પ્રાપ્ત પણ થઈ જાય તો તેમાં ય ઉત્તમ જાતિ આદિ મળવાં કઠણ છે, ઉત્તમ જાતિ આદિ પ્રાપ્ત થાય તો જિનવાણીનું શ્રવણ દુર્લભ છે, જિનવાણીનું શ્રવણ મળવા છતાં પણ લાંબુ આયુષ્ય મળવું દુર્લભ છે અને એનાથી પણ દુર્લભ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. જો અત્યંત નિર્મળ તે બન્ને પણ પ્રાપ્ત થઈ જાય તો જે સંયમ વિના તે સ્વર્ગ અને મોક્ષરૂપ અદ્વિતીય ફળ આપી શકતા નથી એવો તે સંયમ કેમ પ્રશંસનીય ન હોય? અર્થાત્ તે અવશ્યમેવ પ્રશંસાને યોગ્ય છે. ૯૭.

(आर्या)

**कर्ममलविलयहेतोर्बोधदृशा तप्यते तपः प्रोक्तम् ।**
**तद् द्वेधा द्वादशधा जन्माम्बुधियानपात्रमिदम् ॥९८॥**

**અનુવાદ :** સમ્યગ્જ્ઞાનરૂપી નેત્રને ધારણ કરનાર સાધુ દ્વારા જે કર્મરૂપી મેલ દૂર કરવા માટે તપવામાં આવે છે તેને તપ કહેલ છે. તે બાહ્ય અને અભ્યંતરના ભેદથી બે પ્રકારનું તથા અનશનાદિ ભેદથી બાર પ્રકારનું છે. આ તપ જન્મરૂપી સમુદ્ર પાર કરવાને માટે જહાજ સમાન છે.

**વિશેષાર્થ :** જે કર્મોનો ક્ષય કરવાના ઉદ્દેશથી તપવામાં આવે છે તેને તપ કહે છે. તે બાહ્ય અને અભ્યંતરના ભેદથી બે પ્રકારનું છે. જે તપ બાહ્ય દ્રવ્યની અપેક્ષા રાખે છે તથા બીજા દ્વારા પ્રત્યક્ષરૂપે દેખી શકાય છે તે બાહ્ય તપ કહેવાય છે. તેના નીચે પ્રમાણે છ ભેદ છે.

૧. અનશન—સંયમ આદિની સિદ્ધિ માટે ચાર પ્રકારના (અન્ન, પેય, ખાદ્ય અને લેહ્ય) આહારનો પરિત્યાગ કરવો. ૨. અવમૌદર્ય—બત્રીસ કોળિયા પ્રમાણ સ્વાભાવિક આહારમાંથી એક-બે-ત્રણ આદિ કોળિયા ઓછા કરીને એક કોળિયા સુધી ગ્રહણ કરવો, ૩. વૃત્તિપરિસંખ્યાન—ગૃહપ્રમાણ તથા દાતા અને ભોજન આદિનો નિયમ કરવો. ગૃહપ્રમાણ—જેમ કે આજે હું બે ઘેર જ જઈશ. જો એમાં આહાર પ્રાપ્ત થશે તો લઈશ, નહિ તો (બે કરતાં વધારે ઘેર જઈને) નહિ. એ જ રીતે દાતા આદિના વિષયમાં પણ સમજવું જોઈએ. ૪. રસપરિત્યાગ—દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને મીઠું આ છ રસોમાંથી એક બે વગેરે રસોનો ત્યાગ કરવો અથવા તીખા, કડવા, કષાયલા, ખાટા અને મધુર રસોમાંથી એક બે વગેરે રસોનો પરિત્યાગ કરવો. ૫. વિવિક્ત શય્યાસન–જંતુઓની પીડાથી રહિત નિર્જન શૂન્ય ગૃહ આદિમાં શય્યા કે આસન માંડવું (સૂવું કે બેસવું). ૬. કાયક્લેશ-તડકામાં, વૃક્ષના મૂળમાં અથવા ખુલ્લા મેદાનમાં સ્થિત રહીને ધ્યાન કરવું.

જે તપ મનને નિયમમાં રાખે છે તેને અભ્યંતર તપ કહે છે. તેના પણ નીચે પ્રમાણે છ ભેદ છે.

૧. પ્રાયશ્ચિત્ત—પ્રમાદથી ઉત્પન્ન થયેલા દોષો દૂર કરવા. ૨. વિનય–પૂજ્ય પુરુષોમાં આદરભાવ રાખવો. ૩. વૈયાવૃત્ય–શરીરની ચેષ્ટાથી અથવા અન્ય દ્રવ્યથી રોગી અને વૃદ્ધ આદિ સાધુઓની સેવા કરવી. ૪. સ્વાધ્યાય–આળસ છોડીને જ્ઞાનનો અભ્યાસ કરવો. તે વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય અને ધર્મોપદેશના ભેદથી પાંચ પ્રકારે છે.—૧. નિર્દોષ ગ્રન્થ, અર્થ અને બન્નેયનું પ્રદાન કરવું તેને વાચના કહેવામાં આવે છે. ૨. સંશય દૂર કરવા માટે વિશિષ્ટ વિદ્વાનોને પૂછવું તેને પૃચ્છના કહે છે. ૩. જાણેલા પદાર્થનો મનથી વિચાર કરવો તેનું નામ અનુપ્રેક્ષા છે. ૪. શુદ્ધ ઉચ્ચારણ સાથે પાઠનું પરિશીલન કરવું તેનું નામ આમ્નાય છે. ૫. ધર્મકથા વગેરે અનુષ્ઠાનને ધર્મોપદેશ કહેવામાં આવે છે. ૫. વ્યુત્સર્ગ–અહંકાર અને મમકારનો ત્યાગ કરવો. ૬. ધ્યાન–ચિત્તને આમ તેમથી ખસેડીને કોઈ એક પદાર્થના ચિન્તનમાં લગાવવું. ૯૮.

(પૃથ્વી)

**कषायविषयोद्भटप्रचुरतस्करौघो हठात्**
**तपःसुभटताडितो विघटते यतो दुर्जयः ।**
**अतो हि निरुपद्रवश्चरति तेन धर्मश्रिया**
**यतिः समुपलक्षितः पथि विमुक्तिपुर्याः सुखम् ।।९९।।**

**અનુવાદ :** જે ક્રોધાદિ કષાયો અને પંચેન્દ્રિય વિષયોરૂપ ઉદ્‌ભટ અને અનેક ચોરોનો સમુદાય ઘણી મુશ્કેલીથી જીતી શકાય છે તે તપરૂપી સુભટ દ્વારા બળપૂર્વક

માર ખાઈને નાશ પામે છે. તેથી જ તપ અને ધર્મરૂપ લક્ષ્મીથી સંયુક્ત સાધુ મોક્ષ નગરીના માર્ગે સર્વ પ્રકારના વિઘ્ન-બાધાઓથી રહિત થઈને સુખેથી ગમન કરે છે.

**વિશેષાર્થ :** જેમ ચોરોનો સમુદાય માર્ગમાં ચાલતા પથિક જનોના ધનનું અપહરણ કરીને તેમને આગળ જવામાં બાધા પહોંચાડે છે તેવી જ રીતે ક્રોધાદિ કષાયો અને પંચેન્દ્રિય વિષય-ભોગ મોક્ષમાર્ગે ચાલનાર સત્પુરુષોના સમ્યગ્દર્શનાદિરૂપ ધનનું અપહરણ કરીને તેમને આગળ જવામાં બાધક થાય છે. ઉપર્યુક્ત ચોરોનો સમુદાય જેમ કોઈ શક્તિશાળી સુભટથી પીડિત થઈને જ્યાં ત્યાં નાસી જાય છે તેવી જ રીતે તપ દ્વારા તે વિષય કષાયો પણ નષ્ટ કરાય છે. તેથી ચોર ન રહેવાથી જેમ પથિક જન નિરુપદ્રવ થઈને માર્ગમાં ગમન કરે છે તેવી જ રીતે વિષય કષાયોનો નાશ થવાથી સમ્યગ્દર્શનાદિ ગુણોથી સંપન્ન સાધુઓ પણ નિર્બાધપણે મોક્ષમાર્ગે ગમન કરે છે. ૯૯.

(मन्दाक्रान्ता)

**मिथ्यात्वादेर्यदिह भविता दुःखमुग्रं तपोभ्यो**
**जातं तस्मादुदककणिकैकेव सर्वाब्धिनीरात् ।**
**स्तोकं तेन प्रभवमखिलं कृच्छ्रलब्धे नरत्वे**
**यद्येतर्हि स्खलति तदहो का क्षतिर्जीव ते स्यात् ।।१००।।**

**અનુવાદ :** લોકમાં મિથ્યાત્વ આદિના નિમિત્તે જે તીવ્ર દુઃખ પ્રાપ્ત થવાનું છે તેની અપેક્ષાએ તપથી ઉત્પન્ન થતું દુઃખ એટલું અલ્પ હોય છે જેટલું સમુદ્રના સંપૂર્ણ જળની અપેક્ષાએ તેનું એક ટીપું હોય છે. તે તપથી બધું જ ( સમતા આદિ) પ્રગટે છે. તેથી હે જીવ! કઠિનાઈથી પ્રાપ્ત થતી મનુષ્ય પર્યાય પ્રાપ્ત થતા છતાં પણ જો તું આ વખતે તપથી ભ્રષ્ટ થશે તો તને કેટલી હાનિ થશે એ જાણે છે? અર્થાત્ તે અવસ્થામાં તારું સર્વસ્વ નષ્ટ થઈ જશે. ૧૦૦.

(शार्दूलविक्रीडित)

**व्याख्या यत् क्रियते श्रुतस्य यतये यद्दीयते पुस्तकं**
**स्थानं संयमसाधनादिकमपि प्रीत्या सदाचारिणा ।**
**स त्यागो वपुरादिनिर्ममतया नो किंचनास्ते यते-**
**राकिंचन्यमिदं च संसृतिहरो धर्मः सतां संमतः ।।१०१।।**

**અનુવાદ :** સદાચારી પુરુષ દ્વારા મુનિને જે પ્રેમપૂર્વક આગમનું વ્યાખ્યાન

કરવામાં આવે છે, પુસ્તક આપવામાં આવે છે તથા સંયમના સાધનભૂત પીંછી આદિ પણ આપવામાં આવે છે તેને ઉત્તમ ત્યાગ ધર્મ કહેવામાં આવે છે. શરીર આદિમાં મમત્વબુદ્ધિ ન રહેવાથી મુનિની પાસે જે કિંચિત માત્ર પણ પરિગ્રહ રહેતો નથી તેનું નામ ઉત્તમ આકિંચન્ય ધર્મ છે. સજ્જન પુરુષોને ઇચ્છિત તે ધર્મ સંસારનો નાશ કરનાર છે. ૧૦૧.

(शिखरिणि)

विमोहा मोक्षाय स्वहितनिरताश्चारुचरिताः
गृहादि त्यक्त्वा ये विदधति तपस्तेऽपि विरलाः ।
तपस्यन्तो ऽन्यस्मिन्नपि यमिनि शास्त्रादि ददतः
सहायाः स्युर्ये ते जगति यतयो दुर्लभतराः ।।१०२।।

**અનુવાદ :** મોહ રહિત, પોતાના આત્મહિતમાં લવલીન અને ઉત્તમ ચારિત્રથી સંયુક્ત જે મુનિઓ મોક્ષપ્રાપ્તિ માટે ઘર આદિ છોડીને તપ કરે છે તે પણ વિરલ છે અર્થાત્ બહુ થોડા છે. વળી જે મુનિ સ્વયં તપશ્ચરણ કરતાં થકાં અન્ય મુનિને પણ શાસ્ત્રાદિ આપીને તેમને મદદ કરે છે તે તો આ સંસારમાં પૂર્વોક્ત મુનિઓની અપેક્ષાએ વિશેષપણે દુર્લભ છે. ૧૦૨.

(शिखरिणी)

परं मत्वा सर्वं परिहृतमशेषं श्रुतविदा
वपुःपुस्ताद्यास्ते तदपि निकटं चेदिति मतिः ।
ममत्वाभावे तत्सदपि न सदन्यत्र घटते
जिनेन्द्राज्ञाभङ्गो भवति च हठात्कल्मषमृषेः ।।१०३।।

**અનુવાદ :** આગમના જાણકાર મુનિએ સમસ્ત બાહ્ય વસ્તુઓને પર અર્થાત્ આત્માથી ભિન્ન જાણીને તે બધાનો ત્યાગ કરી દીધો છે. છતાં પણ જ્યારે શરીર અને પુસ્તકાદિ તેમની પાસે રહે છે તો એવી અવસ્થામાં તે નિષ્પરિગ્રહી કેવી રીતે કહી શકાય. જો એવી અહીં આશંકા કરવામાં આવે તો તેનો ઉત્તર એ છે કે તેમને જોકે ઉક્ત શરીર અને પુસ્તકાદિ પ્રત્યે કોઈ મમત્વભાવ રહેતો નથી તેથી જ તેઓ વિદ્યમાન હોવા છતાં અવિદ્યમાન સમાન જ છે. હા, જો ઉક્ત મુનિને તેમના પ્રત્યે

મમત્વભાવ હોય તો પછી તે નિષ્પરિગ્રહી કહી શકાતા નથી. અને એવી અવસ્થામાં તેને સમસ્ત પરિગ્રહના ત્યાગરૂપ જિનેન્દ્ર આજ્ઞાનો ભંગ કરવાનો દોષ પ્રાપ્ત થાય છે કે જેથી તેને બળપૂર્વક પાપબંધ થાય છે. ૧૦૩.

(स्रग्धरा)

**यत्संगाधारमेतच्चलति लघु च यत्तीक्ष्णदुःखौघधारं**
**मृत्पिण्डीभूतभूतं कृतबहुविकृतिभ्रान्ति संसारचक्रम् ।**
**ता नित्यं यन्मुमुक्षुर्यतिरमलमतिः शान्तमोहः प्रपश्ये-**
**ज्जामीः पुत्रीःसवित्रीरिव हरिणदृशस्तत्परं ब्रह्मचर्यम् ।।१०४।।**

**અનુવાદ :** જે તીવ્ર દુઃખોના સમૂહરૂપ ધારા સહિત છે, જેના પ્રભાવથી પ્રાણી માટીના પિંડાની જેમ ઘૂમે છે અને જે અનેક વિકાર રૂપ ભ્રમ કરનાર છે એવું આ સંસારરૂપી ચક્ર જે સ્ત્રીઓના આધારે શીઘ્રતાથી ફરે છે તે મૃગ સમાન નેત્રવાળી સ્ત્રીઓને, મોહને ઉપશાન્ત કરનાર, મોક્ષના અભિલાષી, નિર્મળ બુદ્ધિવાળા મુનિ સદા બહેન, દીકરી અને માતા સમાન જુઓ. એ જ ઉત્તમ બ્રહ્મચર્યનું સ્વરૂપ છે.

વિશેષાર્થ :—અહીં સંસારમાં ચક્રનો આરોપ મૂકવામાં આવ્યો છે. તે આ કારણે—જેમ ચક્ર (કુંભારનો ચાકડો) ખીલીના આધારે ચાલે છે તેવી જ રીતે આ સંસારચક્ર (સંસાર પરિભ્રમણ) સ્ત્રીઓના આધારે ચાલે છે. ચક્રમાં જો તીક્ષ્ણ ધાર હોય તો આ સંસાર ચક્રમાં જે અનેક દુઃખોનો સમૂહ રહે છે તે જ તેની તીક્ષ્ણ ધાર છે. કુંભારના ચાકડા ઉપર જેમ માટીનો પિંડો પરિભ્રમણ કરે છે તેમ આ સંસારચક્ર ઉપર સમસ્ત દેહધારી પ્રાણીઓ પરિભ્રમણ કરે છે. જેમ કુંભારનો ચાકડો ઘૂમતા ઘૂમતા માટીના પિંડામાંથી અનેક વિકારો–શકોરૂ, ઘડો, કુંડુ વગેરેને ઉત્પન્ન કરે છે તેવી જ રીતે આ સંસારચક્ર પણ અનેક વિકારો–જીવની નરનારકાદિરૂપ પર્યાયોને ઉત્પન્ન કરીને તેમને ઘુમાવે છે. તાત્પર્ય એ છે કે સંસારપરિભ્રમણના કારણભૂત સ્ત્રીઓ છે તેમના વિષયનો અનુરાગ છે. તે સ્ત્રીઓને અવસ્થાવિશેષ પ્રમાણે માતા, બહેન અને દીકરી સમાન સમજીને તેમના પ્રત્યે અનુરાગ ન કરવો એ બ્રહ્મચર્ય છે જે તે સંસારચક્રથી જીવોની રક્ષા કરે છે. ૧૦૪.

(मालिनी)

**अविरतमिह तावत्पुण्यभाजो मनुष्याः**
**हृदि विरचितरागाः कामिनीनां वसन्ति ।**
**कथमपि न पुनस्ता जातु येषां तदङ्घ्री**
**प्रतिदिनमतिनम्रास्ते ऽपि नित्यं स्तुवन्ति ।।१०५।।**

**અનુવાદ :** લોકમાં પુણ્યવાન પુરુષો રાગ ઉત્પન્ન કરીને નિરંતર સ્ત્રીઓના હૃદયમાં નિવાસ કરે છે. એ પુણ્યવાન પુરુષો પણ, જે મુનિઓના હૃદયમાં તે સ્ત્રીઓ કદી અને કોઈ પ્રકારે પણ રહેતી નથી તે મુનિઓના ચરણની પ્રતિદિન અત્યંત નમ્ર બનીને નિત્ય સ્તુતિ કરે છે. ૧૦૫.

(स्रग्धरा)

**वैराग्यत्यागदारुद्वयकृतरचना चारुनिश्रेणिका यैः**
**पादस्थानैरुदारैर्दशभिरनुगता निश्चलैर्ज्ञानदृष्टेः ।**
**योग्या स्यादारुरुक्षोः शिवपदसदनं गन्तुमित्येषु केषां**
**नो धर्मेषु त्रिलोकीपतिभिरपि सदा स्तूयमानेषु हृष्टिः ।।१०६।।**

**અનુવાદ :** વૈરાગ્ય અને ત્યાગરૂપ બે લાકડાથી બનાવેલી સુન્દર નિસરણી જે દસ મહાન સ્થિર પગથિયાવાળી હોઈને મોક્ષ-મહેલમાં જવા માટે ચડવાની અભિલાષા રાખનાર મુનિઓને માટે યોગ્ય છે. ત્રણલોકના અધિપતિઓ (ઇન્દ્ર, ધરનેન્દ્ર અને ચક્રવર્તી) દ્વારા સ્તૂયમાન તે દસ ધર્મોના વિષયમાં ક્યા પુરુષોને હર્ષ ન થાય? ૧૦૬.

(शार्दूलविक्रीडित)

**निःशेषामलशीलसद्गुणमयीमत्यन्तसाम्यस्थितां**
**वन्दे तां परमात्मनः प्रणयिनीं कृत्यान्तगां स्वस्थताम् ।**
**यत्रानन्तचतुष्टयामृतसरित्यात्मानमन्तर्गतं**
**न प्राप्नोति जरादिदुःखदहशिखः संसारदावानलः ।।१०७।।**

**અનુવાદ :** જે સ્વસ્થતા નિર્મળ સમસ્ત શીલ અને સમીચીન ગુણોથી રચાયેલી છે, અત્યંત સમતાભાવ ઉપર સ્થિત છે તથા કાર્યના અંતને પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થઈ ચુકી છે; તે પરમાત્માની પ્રિયાસ્વરૂપ સ્વસ્થતાને હું નમસ્કાર કરું છું. અનંત ચતુષ્ટયરૂપ અમૃતની નદી સમાન તે સ્વસ્થતામાં સ્થિત આત્માને વૃદ્ધત્વ આદિરૂપ દુઃસહ જ્વાળાઓથી સંયુક્ત એવા સંસારરૂપી દાવાનલ (જંગલની આગ) પ્રાપ્ત થતો નથી. ૧૦૭.

(शार्दूलविक्रीडित)

आयाते ऽनुभवं भवारिमथने निर्मुक्तमूर्त्याश्रये
शुद्धे ऽन्यादृशि सोमसूर्यहुतभुक्कान्तेरनन्तप्रभे ।
यस्मिन्नस्तमुपैति चित्रमचिरान्निःशेषवस्त्वन्तरं
तद्वन्दे विपुलप्रमोदसदनं चिद्रूपमेकं महः ॥१०८॥

**અનુવાદ :** જે ચૈતન્યરૂપ તેજ સંસારરૂપી શત્રુને મથનાર છે, રૂપ, રસ, ગંધ, સ્પર્શરૂપ મૂર્તિના આશ્રય રહિત અર્થાત્ અમૂર્તિક છે, શુદ્ધ છે, અનુપમ છે તથા ચન્દ્ર, સૂર્ય અને અગ્નિની પ્રભાની અપેક્ષાએ અનંતગુણી પ્રભાથી યુક્ત છે; તે ચૈતન્યરૂપ તેજનો અનુભવ થઈ જતાં આશ્ચર્ય છે કે અન્ય સમસ્ત પર પદાર્થ શીઘ્ર જ નષ્ટ થઈ જાય છે અર્થાત્ તેમનો પછી વિકલ્પ જ રહેતો નથી. અતિશય આનંદ ઉત્પન્ન કરનાર તે એક ચૈતન્યરૂપ તેજને હું નમસ્કાર કરૂં છું. ૧૦૮.

(शार्दूलविक्रीडित)

जातिर्याति न यत्र यत्र च मृतो मृत्युर्जरा जर्जरा
जाता यत्र न कर्मकायघटना नो वाग् न च व्याधयः ।
यत्रात्मैव परं चकास्ति विशदज्ञानैकमूर्तिः प्रभु-
र्नित्यं तत्पदमाश्रिता निरुपमाः सिद्धाः सदा पान्तु वः ॥१०९॥

**અનુવાદ :** જે મોક્ષપદમાં જન્મ થતો નથી, મૃત્યુ મરી ગયું છે, જરા જીર્ણ થઈ ગઈ છે, કર્મ અને શરીરનો સંબંધ રહ્યો નથી, વચન નથી, વ્યાધિઓ પણ બાકી રહી નથી, જ્યાં કેવળ નિર્મળજ્ઞાનરૂપ અદ્વિતીય શરીરને ધારણ કરનાર પ્રભાવશાળી આત્મા જ સદા પ્રકાશમાન છે; તે મોક્ષપદ પામેલા અનુપમ સિદ્ધ પરમેષ્ઠી સર્વદા આપની રક્ષા કરો. ૧૦૯.

(शार्दूलविक्रीडित)

दुर्लक्ष्ये ऽपि चिदात्मनि श्रुतबलात् किंचित्स्वसंवेदनात्
ब्रूमः किंचिदिह प्रबोधनिधिभिर्ग्राह्यं न किंचिच्छलम् ।
मोहे राजनि कर्मणामतितरां प्रौढान्तराये रिपौ
दृग्बोधावरणद्वये सति मतिस्तादृक्कुतो मादृशाम् ॥११०॥

**અનુવાદ :** જો કે ચૈતન્યસ્વરૂપ આત્મા અદેશ્ય છે છતાં પણ શાસ્ત્રના બળથી થતા કાંઈક સ્વાનુભવથી પણ અહીં તેના સંબંધમાં કાંઈક નિરૂપણ કરીએ છીએ. સમ્યગ્જ્ઞાનરૂપ નિધિને ધારણ કરનાર વિદ્વાનોએ આમાં કાંઈ છળ નહીં સમજવું જોઈએ. કારણ કે સર્વ કર્મોના અધિપતિસ્વરૂપ મોહ, શક્તિશાળી અંતરાયરૂપ શત્રુ તથા દર્શનાવરણ અને જ્ઞાનાવરણ આ ચાર ઘાતિ કર્મો વિદ્યમાન હોય ત્યારે મારા જેવા અલ્પજ્ઞાનીઓને તેવી ઉત્કૃષ્ટ બુદ્ધિ ક્યાંથી હોઈ શકે? ૧૧૦.

(शार्दूलविक्रीडित)

**विद्वन्मन्यतया सदस्यतितरामुद्दण्डवाग्डम्बराः**
**शृङ्गारादिरसैः प्रमोदजनकं व्याख्यानमातन्वते ।**
**ये ते च प्रतिसद्म सन्ति बहवो व्यामोहविस्तारिणो**
**येभ्यस्तत्परमात्मतत्त्वविषयं ज्ञानं तु ते दुर्लभाः ।।१११।।**

**અનુવાદ :** વિદ્વતાના અભિમાનથી સભામાં અત્યંત ઉદ્દંડ વચનોનો આડંબર કરનારા જે કવિઓ શૃંગારાદિ રસો દ્વારા બીજાઓને આનંદ ઉત્પન્ન કરનાર વ્યાખ્યાનનો વિસ્તાર કરીને તેમને મુગ્ધ કરે છે તે કવિઓ તો અહીં ઘરે ઘરે અનેક છે. પણ જેમની પાસેથી પરમાત્મતત્ત્વ સંબંધી જ્ઞાન પ્રાપ્ત થાય છે તે તો દુર્લભ જ છે. ૧૧૧.

(शार्दूलविक्रीडित)

**आपद्धेतुषु रागरोषनिकृतिप्रायेषु दोषेष्वलं**
**मोहात्सर्वजनस्य चेतसि सदा सत्सु स्वभावादपि ।**
**तन्नाशाय च संविदे च फलवत्काव्यं कवेर्जायते**
**शृङ्गारादिरसं तु सर्वजगतो मोहाय दुःखाय च ।।११२।।**

**અનુવાદ :** જે રાગ, ક્રોધ અને માયા આદિ દોષ અત્યંત દુઃખના કારણભૂત છે તે તો મોહને વશ થયેલા સ્વભાવથી જ સર્વદા સર્વ જીવોના ચિત્તમાં નિવાસ કરે છે. ઉક્ત દોષોનો નાશ કરવા તથા સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી રચવામાં આવેલું કવિનું કાવ્ય સફળ થાય છે. એનાથી વિપરીત શૃંગારાદિ રસપ્રધાન કાવ્ય તો સર્વ જીવોને મોહ અને દુઃખ જ ઉત્પન્ન કરનાર થાય છે. ૧૧૨.

(वसंततिलका)

कालादपि प्रसृतमोहमहान्धकारे
मार्गं न पश्यति जनो जगति प्रशस्तम् ।
क्षुद्राः क्षिपन्ति दृशि दुःश्रुतिधूलिमस्य
न स्यात्कथं गतिरनिश्चितदुःपथेषु ॥११३॥

**અનુવાદ :** કાળના પ્રભાવથી જ્યાં મોહરૂપ મહાન અંધકાર ફેલાયેલો છે એવા આ લોકમાં મનુષ્ય ઉત્તમ માર્ગ જોઈ શકતો નથી. તે સિવાય નીચ મિથ્યાદૃષ્ટિ જીવો તેની આંખમાં મિથ્યા ઉપદેશરૂપ ધૂળ પણ ફેંકે છે. તો પછી એવી હાલતમાં તેનું ગમન અનિશ્ચિત ખોટા માર્ગે કેમ ન થાય? અર્થાત્ અવશ્ય થાય. ૧૧૩.

(शार्दूलविक्रीडित)

विण्मूत्रक्रिमिसंकुले कृतघृणैरन्त्रादिभिः पूरिते
शुक्रासृग्वरयोषितामपि तनुर्मातुः कुगर्भे ऽजनि ।
सापि क्लिष्टरसादिधातुकलिता पूर्णा मलाद्यैरहो
चित्रं चन्द्रमुखीति जातमतिभिर्विद्वद्भिरावर्ण्यते ॥११४॥

**અનુવાદ :** જે માતાની કુત્સિત કુક્ષિ વિષ્ટા, મૂત્ર અને તુચ્છ જંતુઓથી વ્યાપ્ત તથા ઘૃણાજનક આંતરડા આદિથી પરિપૂર્ણ છે એવી તે કૂખમાં ઉત્તમ સ્ત્રીઓનું પણ વીર્ય અને રજથી નિર્મિત શરીર ઉત્પન્ન થયું છે. તે ઉત્તમ સ્ત્રી પણ ક્લેશજનક રસ આદિ ધાતુઓથી યુક્ત અને મળ આદિથી પરિપૂર્ણ છે. છતાં પણ આશ્ચર્ય છે કે તેને પ્રતિભાશાળી વિદ્વાન્ ચન્દ્રમુખી (ચન્દ્ર જેવા મુખવાળી) બતાવે છે. ૧૧૪.

(शिखरणी)

कचा यूकावासा मुखमजिनबद्धास्थिनिचयः
कुचौ मांसोच्छ्रायौ जठरमपि विष्ठादिघटिका ।
मलोत्सर्गे यन्त्रं जघनमबलायाः क्रमयुगं
तदाधारस्थूणे किमिह किल रागाय महताम् ॥११५॥

**અનુવાદ :** જે સ્ત્રીના વાળ જૂ ના સ્થાનરૂપ છે, મુખ ચામડાથી સમ્બદ્ધ

હાડકાના સમૂહથી સંયુક્ત છે. સ્તન માંસથી ઉન્નત છે. ઉદર પણ વિષ્ટા આદિના તુચ્છ ઘડા સમાન છે જઘન મળ છોડવાના યંત્ર સમાન છે અને બન્ને પગ તે યંત્રના આધારભૂત સ્તંભો સમાન છે; આવી તે સ્ત્રી શું મહાન પુરુષો માટે રાગનું કારણ થઈ શકે? અર્થાત્ થઈ શકતી નથી. ૧૧૫.

(द्रुतविलम्बित)

**परमधर्मनदाज्ञनमीनकान् शशिमुखीबडिशेन समुद्धतान् ।**
**अतिसमुल्लसिते रतिमुर्मुरे पचति हा हतकः स्मरधीवरः ।।११६।।**

**અનુવાદ** : હત્યારો કામદેવરૂપી માછીમાર ઉત્તમ ધર્મરૂપી નદીમાંથી મનુષ્યોરૂપી માછલીઓને સ્ત્રી રૂપ કાંટા દ્વારા કાઢીને તેમને અત્યંત બળનારી અનુરાગરૂપી અગ્નિમાં રાંધે છે, એ ઘણા ખેદની વાત છે.

**વિશેષાર્થ** : જેમ માછીમાર કાંટા દ્વારા નદીમાંથી માછલીઓ કાઢીને તેમને અગ્નિમાં રાંધે છે તે જ પ્રમાણે કામદેવ (ભોગાભિલાષા) પણ મનુષ્યોને સ્ત્રીઓ દ્વારા ધર્મથી ભ્રષ્ટ કરીને તેમને વિષયભોગોથી સંતપ્ત કરે છે. ૧૧૬.

(शार्दूलविक्रीडित)

**येनेदं जगदापदम्बुधिगतं कुर्वीत मोहो हठात्**
**येनैते प्रतिजन्तु हन्तुमनसः क्रोधादयो दुर्जयाः ।**
**येन भ्रातरियं च संसृति सरित्संजायते दुस्तरा**
**तज्ज्ञानीहि समस्तदोषविषमं स्त्रीरूपमेतद्ध्रुवम् ।।११७।।**

અનુવાદ :—જે સ્ત્રીના સૌન્દર્યના પ્રભાવથી આ મોહ જગતના પ્રાણીઓને બળપૂર્વક આપત્તિરૂપ સમુદ્રમાં પ્રવેશ કરાવે છે, જેના દ્વારા આ દુર્જય ક્રોધ આદિ શત્રુ પ્રત્યેક પ્રાણીના ઘાતમાં તત્પર રહે છે તથા જેના દ્વારા આ સંસારરૂપી નદી પાર કરવી અશક્ય બની જાય છે. હે ભાઈ! તું તે સ્ત્રીના સૌન્દર્યને નિશ્ચયથી સમસ્ત દોષોવાળું હોવાને કારણે કષ્ટદાયક સમજ. ૧૧૭.

(शार्दूलविक्रीडित)

**मोहव्याधभटेन संसृतिवने मुग्धैणबन्धापदे**
**पाशाः पङ्कजलोचनादिविषयाः सर्वत्र सज्जीकृताः ।**

मुग्धास्तत्र पतन्ति तानपि वरानास्थाय वाञ्छन्त्यहो
हा कष्टं परजन्मने ऽपि न विदः क्वापीति धिङ्मूर्खताम् ।।११८।।

અનુવાદ :—સુભટ મોહરૂપી પારધીએ સંસારરૂપી વનમાં મૂર્ખજનરૂપી મૃગોને બન્ધન- જનિત આપત્તિમાં ધકેલવા માટે સર્વત્ર કમળ સમાન નેત્રોવાળી સ્ત્રી આદિ વિષયરૂપી જાળો તૈયાર કરી લીધી છે. આ મૂર્ખ પ્રાણી તે ઇન્દ્રિય વિષયરૂપી જાળમાં ફસાઈ જાય છે અને તે વિષય ભોગોને ઉત્તમ અને સ્થાયી સમજીને પરલોકમાં પણ તેમની ઇચ્છા કરે છે, એ ઘણા ખેદની વાત છે. પરંતુ વિદ્વાન્ પુરુષ તેમની અભિલાષા આ લોક અને પરલોકમાંથી ક્યાંય પણ કરતા નથી. તે મૂર્ખતાને ધિક્કાર છે. ૧૧૮.

(शार्दूलविक्रीडित)

एतन्मोहठकप्रयोगविहितभ्रान्तिभ्रमच्चक्षुषा
पश्यत्येष जनो ऽसमञ्जसमसद्बुधिर्ध्रुवं व्यापदे ।
अप्येतान् विषयाननन्तनरकक्लेशप्रदानस्थिरान्
यत् शश्वत्सुखसागरानिव सतश्चेतःप्रियान् मन्यते ।।११९।।

**અનુવાદ :** આ દુર્બુદ્ધિ મનુષ્ય મોહરૂપી ઠગના પ્રયોગથી કરવામાં આવેલી ભ્રાન્તિથી ભ્રમિત થયેલી આંખો દ્વારા આ વિષયસુખને વિપરીત દેખે છે અર્થાત્ તે દુ:ખદાયક વિષયસુખને સુખદાયક માને છે. પરંતુ વાસ્તવમાં તે નિશ્ચયથી આપત્તિજનક જ છે. જે આ વિષયભોગ નરકમાં અનંત દુ:ખ આપનાર અને અસ્થિર છે તેમને તે સર્વદા ચિત્તને પ્રિય લાગનારા સુખના સમુદ્ર સમાન માને છે. ૧૧૯.

(शार्दूलविक्रीडित)

संसारे ऽत्र घनाटवीपरिसरे मोहष्टकः कामिनी-
क्रोधाद्याश्च तदीयपेटकमिदं तत्संनिधौ जायते ।
प्राणी तद्विहितप्रयोगविकलस्तद्वश्यतामागतो
न स्वं चेतयते लभेत विपदं ज्ञातुः प्रभोः कथ्यताम् ।।१२०।।

**અનુવાદ :** સઘન વનની અંત્ય ભૂમિ સમાન આ સંસારમાં મોહરૂપ ઠગ વિદ્યમાન છે. સ્ત્રી અને ક્રોધાદિ કષાયો તેની પેટી સમાન છે અર્થાત્ તેઓ તેના પ્રબળ

સહાયક છે. કારણ કે એ તેના (મોહના) રહેવાથી જ રહે છે. ઉક્ત મોહદ્વારા કરવામાં આવેલા પ્રયોગથી વ્યાકુળ થયેલ પ્રાણી તેને વશ થઈને પોતાના આત્મસ્વરૂપનો વિચાર કરતા નથી, તેથી તે વિપત્તિને પ્રાપ્ત થાય છે. તે મોહરૂપ ઠગથી પ્રાણીની રક્ષા કરનાર જ્ઞાતા પ્રભુ (સર્વદા) છે તેથી જ તે જ્ઞાતા પ્રભુની જ પ્રાર્થના કરવી. ૧૨૦.

(शार्दूलविक्रीडित)

ऐश्वर्यादिगुणप्रकाशनतया मूढा हि ये कुर्वते
सर्वेषां टिरिटिल्लितानि पुरतः पश्यन्ति नो व्यापदः।
विद्युल्लोलमपि स्थिरं परमपि स्वं पुत्रदारादिकं
मन्यन्ते यदहो तदत्र विषमं मोहप्रभोः शासनम् ॥१२१॥

**અનુવાદ :** જે મૂર્ખજનો પોતાના ઐશ્વર્ય આદિ ગુણો પ્રકટ કરવાના વિચારથી અન્ય સર્વ મનુષ્યોની ઠેકડી ઉડાડ્યા કરે છે તેઓ ભવિષ્યમાં આવનારી આપત્તિઓને જોતા નથી. આશ્ચર્ય છે કે જે પુત્ર અને પત્ની આદિ વિજળી સમાન ચંચળ (અસ્થિર) છે તેમને તે લોકો સ્થિર માને છે તથા પ્રત્યક્ષ પર (ભિન્ન) દેખાવા છતાં તેમને સ્વકીય સમજે છે આ મોહરૂપી રાજાનું વિષમ શાસન છે. ૧૨૧.

(शिखरणी)

क्व यामः किं कुर्मः कथमिह सुखं किं च भविता
कुतो लभ्या लक्ष्मीः क इह नृपतिः सेव्यत इति।
विकल्पानां जालं जडयति मनः पश्यत सतां
अपि ज्ञातार्थनामिह महदहो मोहचरितम् ॥१२२॥

**અનુવાદ :** અમે ક્યાં જઈએ, શું કરીએ, અહીં સુખ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે? અને શું થશે? લક્ષ્મી ક્યાંથી પ્રાપ્ત થઈ શકે? એના માટે ક્યા રાજાની સેવા કરવી? ઈત્યાદિ વિકલ્પોનો સમૂહ અહીં તત્ત્વજ્ઞ સજ્જન પુરુષોના મનને પણ જડ બનાવી દે છે, એ શોચનીય છે. આ બધી મોહની મહાલીલા છે. ૧૨૨.

(शिखरिणी)

विहाय व्यामोहं धनसदनतन्वादिविषये
कुरुध्वं तत्तूर्णं किमपि निजकार्यं ऐबत बुधाः।

न येनेदं जन्म प्रभवति सुनृत्वादिघटना
पुनः स्यान्न स्याद्वा किमपरवचोडम्बरशतैः ।।१२३।।

અનુવાદ :—હે વિદ્વદ્જનો! ધન, મહેલ અને શરીર આદિના વિષયમાં મમત્વબુદ્ધિ છોડીને શીઘ્રતાથી કાંઈ પણ પોતાનું એવું કાર્ય કરો કે જેથી આ જન્મ ફરીથી પ્રાપ્ત ન કરવો પડે. બીજા સેંકડો વચનોના બાહ્ય ડોળથી તમારું કાંઈ પણ ઈષ્ટ સિદ્ધ થવાનું નથી. આ જે તમને ઉત્તમ મનુષ્ય પર્યાય આદિ સ્વહિત સાધક સામગ્રી પ્રાપ્ત થઈ છે તે ફરીથી પ્રાપ્ત થશે અથવા નહિ થાય એ કાંઈ નક્કી નથી. અર્થાત્ તેનું ફરી પ્રાપ્ત થવું બહુ જ કઠણ છે. ૧૨૩.

(स्रग्धरा)

वाचस्तस्य प्रमाणं य इह जिनपतिः सर्वविद्वीतरागो
रागद्वेषादिदोषैरुपहतमनसो नेतरस्यानृतत्वात् ।
एतन्निश्चित्य चित्ते श्रयत बत बुधा विश्वतत्त्वोपलब्धौ
मुक्तेर्मूलं तमेकं भ्रमत किमु बहुष्वन्धवद्दुःपथेषु ।।१२४।।

**અનુવાદ :** અહીં જે જિનેન્દ્રદેવ સર્વજ્ઞ થયા થકા રાગ–દ્વેષરહિત છે તેનું વચન પ્રમાણ (સત્ય) છે. એનાથી વિપરીત જેનું અંતઃકરણ રાગ-દ્વેષાદિથી દુષિત છે એવા અન્ય કોઈનું વચન પ્રમાણ હોઈ શકતું નથી કારણ કે તે સત્યથી રહિત છે એવો મનમાં નિશ્ચય કરીને હે બુદ્ધિમાન્ સજ્જનો! જે સર્વજ્ઞ થઈ જવાથી મુક્તિનું મૂળ કારણ છે તે જ એક જિનેન્દ્રદેવનો તમે સમસ્ત તત્ત્વોના પરિજ્ઞાન માટે આશ્રય કરો, આંધળાની જેમ અનેક કુમાર્ગોમાં પરિભ્રમણ કરવું યોગ્ય નથી. ૧૨૪.

(वसंततिलका)

यः कल्पयेत् किमपि सर्वविदोऽपि वाचि
संदिह्य तत्त्वमसमञ्जसमात्मबुद्ध्या ।
खे पत्रिणां विचरतां सुदृशेक्षितानां
संख्यां प्रति प्रविदधाति स वादमन्धः ।।१२५।।

**અનુવાદ :** જે સર્વજ્ઞના પણ વચનમાં સંદેહ કરીને પોતાની બુદ્ધિથી તત્ત્વના વિષયમાં અન્યથા કાંઈક કલ્પના કરે છે તે અજ્ઞાની પુરુષ નિર્મળ નેત્રોવાળા

પુરુષદ્વારા જોવામાં આવેલ આકાશમાં વિહરતા પક્ષીઓની સંખ્યાની બાબતમાં વિવાદ કરનાર આંધળા સમાન આચરણ કરે છે. ૧૨૫.

(इन्द्रवज्रा)

**उक्तं जिनैर्द्वादशभेदभङ्गं श्रुतं, ततो बाह्यमनन्तभेदम् ।**
**तस्मिन्नुपादेयतया चिदात्मा, ततः परं हेयतयाभ्यधायि ।।१२६।।**

**અનુવાદ :** જિનદેવે અંગશ્રુતના બાર તથા અંગ બાહ્યના અનંત ભેદ બતાવ્યા છે. આ બન્નેય પ્રકારના શ્રુતમાં ચેતન આત્માને ગ્રાહ્યરૂપે અને તેનાથી ભિન્ન પર પદાર્થોને હેયરૂપે બતાવેલ છે.

**વિશેષાર્થ :** મતિજ્ઞાનના નિમિત્તે જે જ્ઞાન થાય છે તેને શ્રુતજ્ઞાન કહે છે આ શ્રુતના મૂળમાં બે ભેદ છે—અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય. આમાં અંગપ્રવિષ્ટના નીચે પ્રમાણે બાર ભેદ છે—૧. આચારાંગ ૨. સૂત્રકૃતાંગ ૩. સ્થાનાંગ ૪. સમવાયાંગ ૫. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિઅંગ ૬. જ્ઞાતૃધર્મકથાંગ ૭. ઉપાસકાધ્યયનાંગ ૮. અંતકૃતદશાંગ ૯. અનુત્તરૌપપાદિકદશાંગ ૧૦. પ્રશ્નવ્યાકરણાંગ ૧૧. વિપાકસૂત્રાંગ અને ૧૨. દૃષ્ટિવાદાંગ આમાં દૃષ્ટિવાદ પણ પાંચ પ્રકારના છે—૧. પરિકર્મ ૨. સૂત્ર ૩. પ્રથમાનુયોગ ૪. પૂર્વગત અને ૫. ચૂલિકા. આમાં પૂર્વગતના પણ નીચે પ્રમાણે ચૌદ ભેદ છે—૧. ઉત્પાદ પૂર્વ ૨. અગ્રાયણીપૂર્વ ૩. વીર્યાનુપ્રવાદ ૪. અસ્તિનાસ્તિપ્રવાદ ૫. જ્ઞાનપ્રવાદ ૬. સત્યપ્રવાદ ૭. આત્મપ્રવાદ ૮. કર્મપ્રવાદ ૯. પ્રત્યાખ્યાનનામધેય ૧૦. વિદ્યાનુપ્રવાદ ૧૧. કલ્યાણનામધેય ૧૨. પ્રાણાવાય ૧૩. ક્રિયાવિશાળ અને ૧૪ લોકબિન્દુસાર. અંગબાહ્ય દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન આદિ ભેદથી અનેક પ્રકારના છે. છતાં પણ તેના મુખ્યપણે નીચેના ચૌદ ભેદ બતાવ્યા છે—૧. સામાયિક ૨. ચતુર્વિશતિસ્તવ ૩. વંદના ૪. પ્રતિક્રમણ ૫. વૈનયિક ૬. કૃતિકર્મ ૭. દશવૈકાલિક ૮. ઉત્તરાધ્યયન ૯. કલ્પ-વ્યવહાર ૧૦. કલ્પ્યાકલ્પ્ય ૧૧. મહાકલ્પ્ય ૧૨. પુંડરીક ૧૩. મહાપુંડરીક અને ૧૪. નિષિદ્ધિકા (વિશેષ જાણકારી માટે ષટ્ખંડાગમ–કૃતિઅનુયોગદ્વાર (પુ. ૯) પૃ. ૧૮૭–૨૨૪ જુઓ). આ બધા જ શ્રુતમાં એક માત્ર આત્માને ઉપાદેય બતાવીને બીજા બધા પદાર્થોને હેય બતાવ્યા છે. શ્રુતના અભ્યાસનું પ્રયોજન પણ એ જ છે, અન્યથા અગિયાર અંગ નવ પૂર્વોનો અભ્યાસ કરીને પણ દ્રવ્યલિંગી મુનિ સંસારમાં જ પરિભ્રમણ કર્યા કરે છે. ૧૨૬.

(उपजाति)

**अल्पायुषामल्पधियामिदानीं कुतः समस्तश्रुतपाठशक्तिः ।**
**तदत्र मुक्तिं प्रति बीजमात्रमभ्यस्यतामात्महितं प्रयत्नात् ।।१२७।।**

**અનુવાદ :** વર્તમાન કાળમાં મનુષ્યોનું આયુષ્ય અલ્પ અને બુદ્ધિ અતિશય મંદ થઈ ગઈ છે તેથી તેમનામાં ઉપર્યુક્ત સમસ્ત શ્રુતના પાઠની શક્તિ રહી નથી. આ કારણે તેમણે અહીં એટલા જ શ્રુતનો પ્રયત્નપૂર્વક અભ્યાસ કરવો જોઈએ જે મોક્ષનું બીજભૂત થઈને આત્માનું હિત કરનાર હોય. ૧૨૭.

(स्रग्धरा)

**निश्चेतव्यो जिनेन्द्रस्तदतुलवचसां गोचरेऽर्थे परोक्षे**
**कार्यः सोऽपि प्रमाणं वदत किमपरेणालकोलाहलेन ।**
**सत्यां छद्मस्थतायामिह समयपथस्वानुभूतिप्रबुद्धा**
**भो भो भव्या यतध्वं दृगवगमनिधावात्मनि प्रीतिभाजः ॥१२८॥**

**અનુવાદ :** હે ભવ્ય જીવો! આપે જિનેન્દ્રદેવના વિષયમાં નિશ્ચય કરવો જોઈએ અને તેમના અનુપમ વચનોના વિષયભૂત પરોક્ષ પદાર્થના વિષયમાં તેને જ પ્રમાણ માનવા જોઈએ. બીજા વ્યર્થ કોલાહલથી શું પ્રયોજન સિદ્ધ થશે, એ આપ જ બતાવો. તેથી છદ્મસ્થ (અલ્પજ્ઞ) અવસ્થા વિદ્યમાન હોવા છતાં સિદ્ધાંતના માર્ગે પ્રાપ્ત થયેલ આત્માનુભવવડે પ્રબોધને પામીને આપ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની નિધિસ્વરૂપ આત્માના વિષયમાં પ્રીતિયુક્ત થઈને પ્રયત્ન કરો–તેની જ આરાધના કરો.

**વિશેષાર્થ :** અલ્પજ્ઞતાને કારણે આપણે જે પરોક્ષ પદાર્થોના વિષયમાં કાંઈ પણ નિશ્ચય કરી શકતા નથી તેમના વિષયમાં આપણે જિનેન્દ્રદેવને કે જે રાગ-દ્વેષ રહિત હોઈને સર્વજ્ઞ પણ છે, પ્રમાણ માનવા જોઈએ. જો કે વર્તમાનમાં તે અહી વિદ્યમાન નથી તોપણ પરંપરાપ્રાપ્ત તેમના વચન (જિનાગમ) તો વિદ્યમાન છે જ. તેના દ્વારા પ્રબોધ પ્રાપ્ત કરીને ભવ્ય જીવ આત્મકલ્યાણ કરવામાં પ્રયત્નશીલ થઈ શકે છે. ૧૨૮.

(आर्या)

**तद्ध्यायत तात्पर्याज्ज्योतिः सच्चिन्मयं विना यस्मात् ।**
**सदपि न सत् सति यस्मिन् निश्चितमाभासते विश्वम् ॥१२९॥**

**અનુવાદ :** ચૈતન્યમય તે ઉત્કૃષ્ટ જ્યોતિનું તત્પરતાથી ધ્યાન કરો, જેના વિના વિદ્યમાન વિશ્વ પણ અવિદ્યમાન સમાન પ્રતિભાસે છે તથા જે ઉપસ્થિત હોતાં તે વિશ્વ નિશ્ચિતપણે યથાર્થસ્વરૂપે પ્રતિભાસે છે. ૧૨૯.

(शार्दूलविक्रीडित)

अज्ञो यद्भवकोटिभिः क्षपयति वं कर्म तस्माद्बहु
स्वीकुर्वन् कृतसंवरः स्थिरमना ज्ञानी तु तत्तत्क्षणात् ।
तीक्ष्णक्लेशहयाश्रितो ऽपि हि पदं नेष्टं तपःस्यन्दनो
नेयं तन्नयति प्रभुं स्फुटतरज्ञानैकसूतोज्झितः ।।१३०।।

**અનુવાદ :** અજ્ઞાની જીવ પોતાના જે કર્મ કરોડો જન્મોમાં નષ્ટ કરે છે તથા તેનાથી અનેક ગણા ગ્રહણ કરે છે તેને જ્ઞાની જીવ સ્થિરચિત્ત થઈને સંવરને પ્રાપ્ત થતા થકા તત્ક્ષણ અર્થાત્ ક્ષણમાત્રમાં નષ્ટ કરી દે છે. તે યોગ્ય જ છે–તીક્ષ્ણ ક્લેશરૂપી ઘોડાનો આશ્રય લેવા છતાં પણ તપરૂપી રથ જો અતિશય નિર્મળ જ્ઞાનરૂપી અદ્વિતીય સારથી વિનાનો હોય તો તે પોતાના લઈ જવા યોગ્ય પ્રભુ (આત્મા અને રાજા) ને ઈષ્ટ સ્થાને લઈ જઈ શકતો નથી.

**વિશેષાર્થ :** જેમ અનુભવી સારથી (ચલાવનાર) વિના શીઘ્રગામી ઘોડા દ્વારા ખેંચાતો રથ પણ તેમાં બેઠેલા રાજા આદિને પોતાના ઈષ્ટ સ્થાને પહોંચાડી શકતો નથી તેવી જ રીતે સમ્યગ્જ્ઞાન વિના કરવામાં આવેલું તપ દુઃસહ કાયકલેશોથી સંયુક્ત હોવા છતાં પણ આત્માને મોક્ષપદમાં પહોંચાડી શકતું નથી. એ જ કારણે જે કર્મો અજ્ઞાની જીવ કરોડો ભવોમાં પણ નષ્ટ કરી શકતો નથી તેમનો સમ્યક્જ્ઞાની જીવ ક્ષણમાત્રમાં જ નાશ કરી નાખે છે. એનું કારણ એ છે કે અજ્ઞાની જીવને નિર્જરાની સાથો સાથ નવા કર્મોનો આસ્રવ પણ થયા કરે છે, તેથી તે કર્મરહિત થઈ શકતો નથી. પરંતુ એનાથી ઉલ્ટું જ્ઞાની જીવને જ્યાં નવા કર્મનો આસ્રવ અટકી જાય છે ત્યાં પૂર્વસંચિત કર્મની નિર્જરા પણ થાય છે. તેથી જ તે શીઘ્ર કર્મોથી રહિત થઈ જાય છે. ૧૩૦.

(स्रग्धरा)

कर्माब्धौ तद्विचित्रोदयलहरिभरव्याकुले व्यापदुग्र-
भ्राम्यन्नक्रादिकीर्णे मृतिजननलसद्वाडवावर्तगर्ते ।
मुक्तः शक्त्या हताङ्गः प्रतिगति स पुमान् मज्जनोन्मज्ज्नाभ्या–
मप्राप्य ज्ञानपोतं तदनुगतजडः पारगामी कथं स्यात् ।।१३१।।

**અનુવાદ :** જે કર્મરૂપી સમુદ્ર પોતાના વિવિધ પ્રકારના ઉદયરૂપી લહરીઓના ભારથી વ્યાપ્ત છે, આપત્તિઓ રૂપ આમ તેમ ઘૂમતા મહાન્ મગર આદિ જળજંતુઓથી પરિપૂર્ણ છે, તથા મૃત્યુ અને જન્મરૂપી વડવાગ્નિ અને વમળના ખાડારૂપ

છે; તેમાં પડેલો તે અજ્ઞાની મનુષ્ય–જેનું શરીર પ્રત્યેક ગતિમાં (ડગલે પગલે) વારંવાર ડૂબવા અને ઉપર આવવાના કારણે પિડાઈ રહ્યું છે તથા જે (સમુદ્રને) ઓળંગવાની શક્તિરહિત છે–જ્ઞાનરૂપી જહાજને પ્રાપ્ત કર્યા વિના કેવી રીતે પારગામી થઈ શકે? અર્થાત્ જ્યાં સુધી તેને જ્ઞાનરૂપી જહાજ પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી તે કર્મરૂપી સમુદ્રનો પાર કોઈ પણ રીતે પામી શકતો નથી. ૧૩૧.

(शार्दूलविक्रीडित)

**शश्वन्मोहमहान्धकारकलिते त्रैलोक्यसद्मन्यसौ**
**जैनी वागमलप्रदीपकलिका न स्याद्यदि द्योतिका ।**
**भावानामुपलब्धिरेव न भवेत् सम्यक्तदिष्टेतर-**
**प्राप्तित्यागकृते पुनस्तनुभृतां दूरे मतिस्तादृशी ।।१३२।।**

**અનુવાદ :** જે ત્રણે લોકરૂપ ભવન સર્વદા મોહરૂપ સઘન અંધકારથી વ્યાપ્ત થઈ રહ્યું છે તેને પ્રકાશિત કરનાર જો જિનવાણી રૂપી નિર્મળ દીપકની જ્યોત ન હોય તો પદાર્થોનું સારી રીતે જ્ઞાન જ થઈ શકતું નથી તો પછી એવી અવસ્થામાં ઈષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટના પરિત્યાગ માટે પ્રાણીઓને તે પ્રકારની બુદ્ધિ કેવી રીતે થઈ શકે? થઈ શકે નહિ. ૧૩૨.

(मन्दाक्रान्ता)

**शान्ते कर्मण्युचितसकलक्षेत्रकालादिहेतौ**
**लब्धवा स्वास्थ्यं कथमपि लसद्योगमुद्रावशेषम् ।**
**आत्मा धर्मो यदयमसुखस्फीतसंसारगर्ता-**
**दुद्धृत्य स्वं सुखमयपदे धारयत्यात्मनैव ।।१३३।।**

**અનુવાદ :** કર્મના ઉપશાન્ત થવા સાથે યોગ્ય સમસ્ત ક્ષેત્ર–કાળાદિરૂપ સામગ્રી પ્રાપ્ત થઈ જતાં કેવળ ધ્યાનમુદ્રાથી સંયુક્ત સ્વાસ્થ્ય (આત્મસ્વરૂપસ્થતા) કોઈ પણ પ્રકારે પ્રાપ્ત કરીને આ આત્મા દુઃખોથી પરિપૂર્ણ સંસારરૂપ ખાડામાંથી પોતાને કાઢીને પોતાની જાતે જ સુખમય પદ અર્થાત્ મોક્ષમાં ધારણ કરે છે તેથી તે આત્મા જ ધર્મ કહેવાય છે.

**વિશેષાર્થ :** 'इष्टस्थाने धरति इति धर्मः' આ વ્યાખ્યા પ્રમાણે જે જીવને સંસારના

દુઃખમાંથી કાઢીને ઈષ્ટ પદ (મોક્ષ)માં પ્રાપ્ત કરાવે છે તેને ધર્મ કહેવામાં આવે છે. કર્મો ઉપશાન્ત થવાથી પ્રાપ્ત થયેલી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ સામગ્રી દ્વારા અનંતચતુષ્ટયરૂપ સ્વાસ્થ્યનો લાભ થાય છે. આ અવસ્થામાં એક માત્ર ધ્યાનમુદ્રા જ બાકી રહે છે. બાકીના બધા સંકલ્પ-વિકલ્પ છૂટી જાય છે. હવે આત્મા પોતાને પોતા દ્વારા જ સંસારરૂપ ખાડામાંથી કાઢીને મોક્ષમાં પહોંચાડી દે છે. તેથી ઉપર્યુક્ત વ્યાખ્યા પ્રમાણે વાસ્તવમાં આત્માનું નામ જ ધર્મ છે–તે સિવાય બીજો કોઈ ધર્મ હોઈ શકે નહિ. ૧૩૩.

(शार्दूलविक्रीडित)

**नो शून्यो न जडो न भूतजनितो नो कर्तृभावं गतो**
**नैको न क्षणिको न विश्वविततो नित्यो न चैकान्ततः ।**
**आत्मा कायमितश्चिदेकनिलयः कर्ता च भोक्ता स्वयं**
**संयुक्तः स्थिरताविनाशजननैः प्रत्येकमेकक्षणे ।।१३४।।**

**અનુવાદ :** આ આત્મા એકાન્તરૂપે ન તો શૂન્ય છે, ન જડ છે, ન પૃથ્વી આદિ ભૂતોથી ઉત્પન્ન થયો છે, ન કર્તા છે, ન એક છે, ન ક્ષણિક છે, ન વિશ્વવ્યાપક છે અને ન નિત્ય પણ છે. પરંતુ ચૈતન્ય ગુણના આશ્રયભૂત તે આત્મા પ્રાપ્ત થયેલ શરીર પ્રમાણે થતો થકો સ્વયં જ કર્તા અને ભોક્તા પણ છે. તે આત્મા પ્રત્યેક ક્ષણે સ્થિરતા (ધ્રૌવ્ય), વિનાશ (વ્યય) અને જનન (ઉત્પાદ)થી યુક્ત રહે છે.

**વિશેષાર્થ :** ભિન્ન ભિન્ન મતવાદીઓ દ્વારા આત્માના સ્વરૂપની જે વિવિધ પ્રકારે કલ્પના કરવામાં આવી છે તેનું અહીં નિરાકરણ કરવામાં આવ્યું છે. જેમ કે—શૂન્યૈકાન્તવાદી (માધ્યમિક) કેવળ આત્માને જ નહિ પણ સમસ્ત વિશ્વને ય શૂન્ય માને છે. તેમના મતનું નિરાકરણ કરવા માટે અહીં 'एकान्ततः नो शून्यः' અર્થાત્ આત્મા સર્વથા શૂન્ય નથી, એમ કહેવામાં આવ્યું છે. વૈશેષિક મુક્તિ અવસ્થામાં બુદ્ધિ આદિ નવ વિશેષ ગુણોનો ઉચ્છેદ માનીને તેને જડ જેવો માને છે. સંસાર અવસ્થામાં પણ તેઓ તેને સ્વયં ચેતન નથી માનતા પણ ચેતન જ્ઞાનના સમવાયથી તેને ચેતન સ્વીકારે છે. જે ઔપચારિક છે. આવી અવસ્થામાં તે સ્વરૂપથી જડ જ કહેવાશે. તેમના આ અભિપ્રાયનું નિરાકરણ કરવા માટે અહીં 'न जडः' અર્થાત્ તે જડ નથી, એવો નિર્દેશ કરવામાં આવ્યો છે. ચાર્વાક મતાનુયાયી આત્માને પૃથ્વી આદિ પાંચ ભૂતોથી ઉત્પન્ન થયેલો માને છે. તેમના અભિપ્રાય પ્રમાણે તેનું અસ્તિત્વ ગર્ભથી મરણ પર્યન્ત જ રહે છે.–ગર્ભના પહેલાં અને મરણ પછી તેનું અસ્તિત્વ રહેતું નથી. તેમના આ અભિપ્રાયને દોષવાળું બતાવીને અહીં 'नभूतजनितः' અર્થાત્ તે પાંચ ભૂતોથી ઉત્પન્ન થયો નથી, એમ કહેવામાં આવ્યું છે. નૈયાયિક આત્માને સર્વથા કર્તા માને છે. તેમના અભિપ્રાયનું લક્ષ્ય કરીને અહીં 'नो कर्मभावं गतः અર્થાત્ તે

સર્વથા કર્તૃત્વ અવસ્થાને પ્રાપ્ત નથી, એમ કહેવામાં આવ્યું છે. પુરુષાદ્વૈતવાદી કેવળ પરંબ્રહ્મનો જ સ્વીકાર કરીને તેના સિવાય સમસ્ત પદાર્થોનો નિષેધ કરે છે. લોકમાં જે વિવિધ પ્રકારના પદાર્થ જોવામાં આવે છે તેનું કારણ અવિદ્યાજનિત સંસ્કાર છે. એમના ઉપર્યુક્ત મતનું નિરાકરણ કરતાં અહીં 'नैकः' અર્થાત્ આત્મા એક જ નથી, એવો નિર્દેશ કરવામાં આવ્યો છે. બૌદ્ધ (સૌત્રાન્તિક) તેને સર્વથા ક્ષણિક માને છે. તેમનો અભિપ્રાય સદોષ બતાવતાં અહીં 'न क्षणिकः' અર્થાત્ આત્મા સર્વથા ક્ષણમાં નાશ પામનાર નથી, એમ કહ્યું છે. વૈશેષિક આદિ આત્માને વિશ્વવ્યાપક માને છે. તેમના મતને દોષપૂર્ણ બતાવીને અહીં 'न विश्वविततः'અર્થાત્ તે સમસ્ત લોકમાં વ્યાપ્ત નથી, એવો નિર્દેશ કર્યો છે. સાંખ્યમતાનુયાયી આત્માને સર્વથા નિત્ય સ્વીકારે છે. તેમના આ અભિમતને દૂષિત ઠરાવીને અહીં 'न नित्यः' અર્થાત્ તે સર્વથા નિત્ય નથી, એવો નિર્દેશ કરવામાં આવ્યો છે. અહીં 'एकान्ततः' આ પદનો સંબંધ સર્વત્ર સમજવો જોઈએ. જેમ કે–'एकान्ततः नो शून्यः, एकान्ततः न : जडः' ઈત્યાદિ. જૈનમતાનુસાર આત્માનું સ્વરૂપ કેવું છે, એનો નિર્દેશ કરતાં આગળ એમ બતાવ્યું છે કે નયવિવક્ષા પ્રમાણે તે આત્મા પ્રાપ્ત શરીરની બરાબર અને ચેતન છે. તે વ્યવહારથી સ્વયં કર્મોનો કર્તા અને તેમના ફળનો ભોક્તા પણ છે. પ્રકૃતિ કર્તા અને પુરુષ ભોક્તા છે, આ સાંખ્ય સિદ્ધાંત અનુસાર કર્તા એક (પ્રકૃતિ) અને ફળનો ભોક્તા બીજો (પુરુષ) હોય; એમ સંભવતું નથી. જીવાદિ છ દ્રવ્યોમાંથી પ્રત્યેક ક્ષણે ક્ષણે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી સંયુક્ત રહે છે. કોઈ પણ દ્રવ્ય સર્વથા ક્ષણિક અથવા નિત્ય નથી. ૧૩૪.

(शार्दूलविक्रीडित)

**क्वात्मा तिष्ठति कीद्दशः स कलितः केनात्र यस्येद्दशी**
**भ्रान्तिस्तत्र विकल्पसंभृतमना यः कोऽपि स ज्ञायताम् ।**
**किंचान्यस्य कुतो मतिः परमियं भ्रान्ताशुभात्कर्मणो**
**नित्वा नाशमुपायतस्तदखिलं जानाति ज्ञाता प्रभुः ।।१३५।।**

**અનુવાદ :** આત્મા ક્યાં રહે છે, તે કેવો છે તથા અહીં કોણે તેને જાણ્યો છે; આ જાતની ભ્રાન્તિ જેને થઈ રહી છે ત્યાં ઉપર્યુક્ત વિકલ્પોથી પરિપૂર્ણ ચિત્તવાળો જે કોઈ પણ છે તેણે આત્મા જાણવો જોઈએ. કારણ કે આ પ્રકારની બુદ્ધિ અન્ય (જડ)ને થઈ શકતી નથી. વિશેષતા કેવળ એટલી છે કે આત્માને ઉત્પન્ન થયેલો ઉપર્યુક્ત વિચાર અશુભ કર્મના ઉદયથી ભ્રાંતિયુક્ત છે. આ ભ્રાન્તિનો પ્રયત્નપૂર્વક નાશ કરીને જ્ઞાતા સમસ્ત વિશ્વને જાણે છે.

**વિશેષાર્થ :** આત્મા અતીન્દ્રિય છે. તેથી તેને અલ્પજ્ઞાની આ ચર્મચક્ષુઓથી જોઈ શકતા નથી. અદૃશ્ય હોવાથી જ અનેક પ્રાણીઓને 'આત્મા ક્યાં રહે છે, કેવો છે અને કોના દ્વારા જોવામાં

આવ્યો છે’ ઈત્યાદિ પ્રકારનો સંદેહ ઘણું કરીને આત્માના વિષયમાં થયા કરે છે આ સંદેહ દૂર કરતાં અહીં એમ બતાવ્યું છે કે જે કોઈનેય ઉપર્યુક્ત સંદેહ થાય છે, વાસ્તવમાં તે જ આત્મા છે કારણ કે એવો વિકલ્પ શરીર આદિ જડ પદાર્થને થઈ શકતો નથી. તે તો ‘अहम् अहम्’ અર્થાત્ હું જાણું છું, હું અમુક કાર્ય કરૂં છું; એ રીતે ‘હું હું’ એ ઉલ્લેખથી પ્રતીતિમાં આવતા ચેતન આત્માને જ થઈ શકે છે. એટલું અવશ્ય છે કે જ્યાં સુધી મિથ્યાત્વ આદિ અશુભ કર્મોનો ઉદય રહે છે ત્યાં સુધી જીવને ઉપર્યુક્ત ભ્રાંતિ રહી શકે છે. ત્યાર પછી તે તપશ્ચરણાદિ દ્વારા જ્ઞાનાવરણાદિને નષ્ટ કરીને પોતાના સ્વભાવાનુસાર અખિલ પદાર્થોનો જ્ઞાતા (સર્વજ્ઞ) બની જાય છે. ૧૩૫.

(शार्दूलविक्रीडित)

आत्मा मूर्तिविवर्जितो ऽपि वपुषि स्थित्वापि दुर्लक्षतां
प्राप्तोऽपि स्फुरति स्फुटं यदहमित्युल्लेखतः संततम् ।
तत्किं मुह्यत शासनादपि गुरोर्भ्रान्तिः समुत्सृज्यता-
मन्तः पश्यत निश्चलेन मनसा तं तन्मुखाक्षव्रजाः ।।१३६।।

**અનુવાદ :** આત્મા મૂર્તિ (રૂપ, રસ, ગંધ, સ્પર્શ) રહિત હોવા છતાં પણ શરીરમાં સ્થિતિ હોવા છતાં પણ તથા અદૃશ્ય અવસ્થાને પ્રાપ્ત હોવા છતાં પણ નિરંતર ‘अहम्’ અર્થાત્ ‘હું’ આ ઉલ્લેખથી સ્પષ્ટપણે પ્રતીતિમાં આવે છે. એવી અવસ્થામાં હે ભવ્ય જીવો! તમે આત્મોન્મુખ ઈન્દ્રિય સમૂહથી સંયુક્ત થઈને કેમ મોહને પ્રાપ્ત થાવ છો? ગુરુની આજ્ઞાથી પણ ભ્રમ છોડો અને અભ્યંતરમાં નિશ્ચળ મનથી તે આત્માનું અવલોકન કરો. ૧૩૬.

(शार्दूलविक्रीडित)

व्यापी नैव शरीर एव यदसावात्मा स्फुरत्यन्वहं
भूतानन्वयतो न भूतजनितो ज्ञानी प्रकृत्या यतः ।
नित्ये वा क्षणिके ऽथवा न कथमप्यर्थक्रिया युज्यते
तत्रैकत्वमपि प्रमाणदृढ्या भेदप्रतीत्याहतम् ।।१३७।।

**અનુવાદ :** આત્મા વ્યાપક નથી જ કારણ કે તે નિરંતર શરીરમાં જ પ્રતિભાસિત થાય છે. તે ભૂતોથી ઉત્પન્ન પણ નથી કેમકે તેની સાથે ભૂતોનો અન્વય જોવામાં આવતો નથી તથા તે સ્વભાવથી જ્ઞાતા પણ છે. તેને સર્વથા નિત્ય અથવા ક્ષણિક સ્વીકારવાથી તેમાં કોઈ પ્રકારે અર્થ ક્રિયા બની શકતી નથી. તેમાં એકત્વ પણ

નથી કેમકે તે પ્રમાણથી દૃઢતાને પામેલી ભેદ પ્રતીતિ દ્વારા બાધિત છે.

**વિશેષાર્થ :** જે વૈશેષિક આદિ આત્માને વ્યાપક માને છે તેમનું લક્ષ કરીને અહીં એમ કહેવામાં આવ્યું છે કે 'આત્મા વ્યાપક નથી' કેમકે તે શરીરમાં જ પ્રતિભાસિત થાય છે. જો આત્મા વ્યાપક હોય તો તેની પ્રતીતિ કેવળ શરીરમાં જ કેમ થાય? બીજે પણ થવી જોઈતી હતી. પરંતુ શરીર સિવાય બીજે ક્યાંય પણ તેની પ્રાપ્તિ થતી નથી. તેથી નિશ્ચિત છે કે આત્મા શરીર પ્રમાણ જ છે, નહિ કે સર્વવ્યાપક. 'આત્મા પાંચ ભૂતોથી ઉત્પન્ન થયો છે' આ ચાર્વાક મતને દૂષિત બતાવતાં અહીં એમ કહ્યું છે કે આત્મા સ્વભાવથી જ જ્ઞાતા દૃષ્ટા છે તેથી તે ભૂતજનિત નથી. જો એમ હોય તો આત્મામાં સ્વભાવથી ચૈતન્યગુણ પ્રાપ્ત થવો જોઈતો ન હતો. એનું પણ કારણ એ છે કે કાર્ય પ્રાયઃ પોતાના ઉપાદાન કારણ અનુસાર જ ઉત્પન્ન થાય છે, જેમ માટીમાંથી ઉત્પન્ન થનાર ઘડામાં માટીના જ ગુણ (મૂર્તિકપણું અને અચેતનપણું આદિ) પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે જો આત્મા પંચભૂતથી ઉત્પન્ન થયો હોત તો તેમાં ભૂતના ગુણ અચેતનપણું આદિ જ પ્રાપ્ત થવા જોઈતા હતા, નહિ કે સ્વાભાવિક ચેતનત્વ આદિ. પરંતુ તેમાં અચેતનપણાની વિરુદ્ધ ચેતનપણું જ પ્રાપ્ત થાય છે, માટે સિદ્ધ છે કે તે આત્મા પૃથ્વી આદિ ભૂતોથી ઉત્પન્ન થયો નથી. આત્માને સર્વથા નિત્ય અથવા ક્ષણિક માનતાં તેમાં ઘટની જળધારણ આદિ અર્થક્રિયાની જેમ કાંઈ પણ અર્થક્રિયા ન થઈ શકે. જેમ–જો આત્માને કૂટસ્થ નિત્ય (ત્રણે કાળે એક જ સ્વરૂપે રહેનાર) સ્વીકારવામાં આવે તો તેમાં કોઈ પણ ક્રિયા (પરિણામ કે પરિસ્પન્દનરૂપ) થઈ શકે નહિ. એવી અવસ્થામાં કાર્યની ઉત્પત્તિ પહેલાં કારણનો અભાવ કેવી રીતે કહી શકાશે? કારણ કે જ્યાં આત્મામાં કદી કોઈ પ્રકારનો વિકાર સંભવિત જ નથી ત્યાં તે આત્મા જેવો ભોગરૂપ કાર્ય કરતી વખતે હતો તેવો જ તે તેના પહેલાં પણ હતો. તો પછી શું કારણ છે કે પહેલાં પણ ભોગરૂપ કાર્ય ન હોય? કારણ હોવાથી તે હોવું જ જોઈતું હતું અને જો તે પહેલાં ન હોય તો પછી પાછળથી પણ ઉત્પન્ન ન થવું જોઈએ. કેમ કે ભોગરૂપ ક્રિયાનો કર્તા આત્મા સદા એકરૂપ જ રહે છે. નહિ તો તેની કૂટસ્થ નિત્યતાનો વિઘાત અવશ્ય થાય. કારણ કે પહેલાં જે તેની અકર્તાપણારૂપ અવસ્થા હતી તેનો વિનાશ થઈને કર્તાપણારૂપ નવી અવસ્થાનો ઉત્પાદ થયો છે. આ જ કૂટસ્થ નિત્યતાનો વિઘાત છે. એ જ રીતે જો આત્માને સર્વથા ક્ષણિક જ માનવામાં આવે તો પણ કોઈ પ્રકારની અર્થક્રિયા થઈ શકશે નહિ કારણ કે કોઈ પણ કાર્ય કરવા માટે સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, અને ઈચ્છા આદિનું રહેવું આવશ્યક હોય છે. તે આ ક્ષણિક એકાન્ત પક્ષમાં સંભવ નથી. એનું પણ કારણ એ છે કે જેણે પહેલાં કોઈ પદાર્થને પ્રત્યક્ષ કરી લીધો હોય તેને જ પાછળથી તેનું સ્મરણ થાય છે અને ત્યાર પછી જ તેના ઉક્ત અનુભૂત પદાર્થના સ્મરણપૂર્વક ફરીથી પ્રત્યક્ષ થતાં પ્રત્યભિજ્ઞાન પણ થાય છે. પરંતુ જો આત્મા સર્વથા ક્ષણિક જ હોય તો જે ચિત્તક્ષણને પ્રત્યક્ષ થયું હતું તે તો તે જ ક્ષણે નષ્ટ થઈ ગયું છે. એવી હાલતમાં તેના સ્મરણ અને પ્રત્યભિજ્ઞાનની સંભાવના કેવી રીતે કરી શકાય? તથા ઉક્ત સ્મરણ અને પ્રત્યભિજ્ઞાન વિના કોઈ પણ કાર્ય કરવું અસંભવ છે. આ રીતે ક્ષણિક

એકાન્ત પક્ષમાં બંધ મોક્ષાદિની પણ વ્યવસ્થા થઈ શકતી નથી. તેથી આત્મા આદિને સર્વથા નિત્ય અથવા ક્ષણિક ન માનતાં કથંચિત્ (દ્રવ્યદૃષ્ટિએ) નિત્ય અને કથંચિત્ (પર્યાયદૃષ્ટિએ) અનિત્ય સ્વીકારવા જોઈએ. જે પુરુષાદ્વૈતવાદી આત્માને પરબ્રહ્મસ્વરૂપમાં સર્વથા એક સ્વીકારીને વિભિન્ન આત્માઓ અને અન્ય સર્વ પદાર્થોનો નિષેધ કરે છે તેમના મતનું નિરાકરણ કરતાં અહીં એમ બતાવ્યું છે કે સર્વથા એકત્વની કલ્પના પ્રત્યક્ષાદિ પ્રમાણોથી બાધિત છે. જ્યાં વિવિધ પ્રાણીઓ અને ઘટ-પટાદિ પદાર્થોની જુદી જુદી સત્તા પ્રત્યક્ષ જ સ્પષ્ટપણે દેખવામાં આવે છે ત્યાં ઉપર્યુક્ત સર્વથા એકત્વની કલ્પના ભલા કેવી રીતે યોગ્ય કહી શકાય છે? કદાપિ નહિ. એ જ રીતે શબ્દાદ્વૈત, વિજ્ઞાનાદ્વૈત અને ચિત્રાદ્વૈત આદિની કલ્પના પણ પ્રત્યક્ષાદિથી બાધિત હોવાના કારણે ગ્રાહ્ય નથી; એવો નિશ્ચય કરવો જોઈએ. ૧૩૭.

(शार्दूलविक्रीडित)

**कुर्यात्कर्म शुभाशुभं स्वयमसौ भुङ्क्ते स्वयं तत्फलं**
**सातासातगतानुभूतिकलनादात्मा न चान्यादृशः ।**
**चिद्रुपः स्थितिजन्मभङ्गकलितः कर्मावृतः संसृतौ**
**मुक्तौ ज्ञानदृगेकमूर्तिरमलस्त्रैलोक्यचूडामणिः ।।१३८।।**

**અનુવાદ :** તે આત્મા સ્વયં શુભ અને અશુભ કાર્ય કરે છે અને સ્વયં તેનું ફળ પણ ભોગવે છે, કારણ કે શુભાશુભ કર્મના ફળ સ્વરૂપ સુખદુઃખનો અનુભવ પણ તેને જ થાય છે. આનાથી ભિન્ન આત્માનું બીજું સ્વરૂપ હોઈ જ શકે નહિ. સ્થિતિ (ધ્રૌવ્ય), જન્મ (ઉત્પાદ) અને ભંગ (વ્યય) સહિત જે ચેતન આત્મા સંસાર અવસ્થામાં કર્મોના આવરણ સહિત હોય છે તે જ મુક્તિ અવસ્થામાં કર્મમળ રહિત થઈને જ્ઞાન-દર્શનરૂપ અદ્વિતીય શરીર સંયુક્ત થયો થકો ત્રણે લોકમાં ચૂડામણિ રત્ન સમાન શ્રેષ્ઠ થઈ જાય છે.

**વિશેષાર્થ :** સાંખ્ય પ્રકૃતિને કર્તા અને પુરુષને ભોક્તા માને છે. આ જ અભિપ્રાય લક્ષમાં રાખીને અહીં એમ બતાવ્યું છે કે જે આત્મા કર્મોનો કર્તા છે તે જ તેમના ફળનો ભોક્તા પણ થાય છે. કર્તા એક અને ફળનો ભોક્તા અન્ય જ હોય, એ કલ્પના યુક્તિ સંગત નથી. એ સિવાય અહીં જે બે વાર 'स्वयम्' પદનો પ્રયોગ થયો છે તેથી એ પણ જણાય છે કે જેવી રીતે ઈશ્વર કર્તૃત્વ વાદીઓના મતમાં કર્મોનું કરવું અને તેમના ફળનું ભોગવવું ઈશ્વર પ્રેરણાથી થાય છે તેવું જૈન સિદ્ધાંત અનુસાર સંભવિત નથી. જૈનમત પ્રમાણે આત્મા સ્વયં કર્તા અને પોતે જ તેમના ફળનો ભોક્તા પણ છે. તથા તે જ પુરુષાર્થ પ્રગટ કરીને કર્મમળ રહિત થયો થકો સ્વયં પરમાત્મા પણ બની જાય છે. અહીં સર્વથા નિત્યપણું અથવા

અનિત્યત્વની કલ્પનાને દોષયુક્ત પ્રગટ કરતાં એ પણ બતાવ્યું છે કે આત્મા આદિ પ્રત્યેક પદાર્થ સદા ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી સંયુક્ત રહે છે. જેમ માટીમાંથી ઉત્પન્ન થનાર ઘટમાં માટીરૂપ પૂર્વપર્યાયનો વ્યય, ઘટરૂપ નવીન પર્યાયનો ઉત્પાદ તથા પુદ્‌ગલ દ્રવ્ય ઉક્ત બન્નેય અવસ્થામાં ધ્રુવ સ્વરૂપે સ્થિત રહે છે. ૧૩૮.

(वसंततिलका)

**आत्मानमेवमधिगम्य नयप्रमाण-**
**निक्षेपकादिभिरभिश्रयतैकचित्ताः ।**
**भव्या यदीच्छत भवार्णवमुत्तरीतु–**
**मुत्तुङ्गमोहमकरोग्रतरं गभीरम् ।।१३९।।**

**અનુવાદ :** આ રીતે નય, પ્રમાણ અને નિક્ષેપ આદિ દ્વારા આત્માનું સ્વરૂપ જાણીને હે ભવ્ય જીવો! જો તમે ઉન્નત મોહરૂપી મગરોથી અતિશય ભયાનક અને ગંભીર આ સંસારરૂપ સમુદ્રથી પાર થવાની ઈચ્છા રાખતા હો તો પછી એકાગ્રચિત્ત થઈને ઉપર્યુક્ત આત્માનો આશ્રય કરો.

**વિશેષાર્થ :** જ્ઞાતાના અભિપ્રાયને નય કહે છે. તાત્પર્ય એ છે કે પ્રમાણ દ્વારા ગ્રહણ કરવામાં આવેલ વસ્તુના એકદેશ (દ્રવ્ય અથવા પર્યાય આદિમાં) માં વસ્તુનો નિશ્ચય કરવો તેને નય કહેવામાં આવે છે. તે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના ભેદથી બે પ્રકારના છે. જે દ્રવ્યની મુખ્યતાથી વસ્તુને ગ્રહણ કરે છે તે દ્રવ્યાર્થિક તથા જે પર્યાયની પ્રધાનતાથી વસ્તુને ગ્રહણ કરે છે તે પર્યાયાર્થિકનય કહેવાય છે. એમાં દ્રવ્યાર્થિક નયના ત્રણ ભેદ છે–નૈગમ, સંગ્રહ અને વ્યવહાર. જે પર્યાયકલંકથી રહિત સત્તા આદિ સામાન્યની વિવક્ષાથી સર્વમાં અભેદ (એકત્વ)ને ગ્રહણ કરે છે તે શુદ્ધ દ્રવ્યાર્થિક સંગ્રહનય કહેવાય છે. એનાથી વિપરીત જે પર્યાયની પ્રધાનતાથી બે આદિ અનંત ભેદરૂપ વસ્તુને ગ્રહણ કરે છે તેને અશુદ્ધ દ્રવ્યાર્થિક વ્યવહારનય કહેવામાં આવે છે. જે સંગ્રહ અને વ્યવહાર આ બન્નેય નયોના પરસ્પર ભિન્ન બન્ને (અભેદ અને ભેદ) વિષયોને ગ્રહણ કરે છે તેનું નામ નૈગમનય છે. પર્યાયાર્થિક નય ચાર પ્રકારનો છે—ૠજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત. એમાં જે ત્રણ કાળ વિષયક પર્યાયોને છોડીને કેવળ વર્તમાનકાળ વિષયક પર્યાયને ગ્રહણ કરે છે તે ૠજુસૂત્રનય છે. જે લિંગ, સંખ્યા (વચન), કાળ, કારક અને પુરુષ (ઉત્તમાદિ) આદિનો વ્યભિચાર દૂર કરીને વસ્તુનું ગ્રહણ કરે છે તેને શબ્દનય કહે છે. લિંગવ્યભિચાર–જેમ સ્ત્રીલિંગમાં પુલ્લિંગનો પ્રયોગ કરવો. જેમકે તારાને માટે સ્વાતિ શબ્દનો પ્રયોગ કરવો. ઈત્યાદિ વ્યભિચાર શબ્દનયની દૃષ્ટિએ અગ્રાહ્ય નથી. જે એક જ અર્થ શબ્દભેદથી અનેક રૂપે ગ્રહે છે તેને શબ્દનય કહે છે. જેમ એક જ વ્યક્તિ ઈન્દન (શાસન) ક્રિયાના નિમિત્તે ઈન્દ્ર, શકન (સામર્થ્યરૂપ) ક્રિયાથી

શક્ર તથા પુરોના (નગરોના) વિદારણ કરવાથી પુરંદર કહેવાય છે. આ નયની દૃષ્ટિમાં પર્યાય શબ્દોનો પ્રયોગ અગ્રાહ્ય છે કેમકે એક અર્થનો બોધક એક જ શબ્દ હોય છે.–સમાનાર્થક અન્ય શબ્દ તેનો બોધ કરાવી શકતો નથી. પદાર્થ જે ક્ષણે જે ક્રિયામાં પરિણત હોય તેને જે તે જ ક્ષણે તે જ સ્વરૂપે ગ્રહે છે તેને એવંભૂતનય કહે છે. આ નયની અપેક્ષાએ ઇન્દ્ર જ્યારે શાસનક્રિયામાં પરિણત હોય ત્યારે જ તે ઇન્દ્ર શબ્દનું વાચ્ય થાય, નહિ કે અન્ય સમયમાં પણ. પ્રમાણ સમ્યગ્જ્ઞાનને કહેવામાં આવે છે. તે પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદથી બે પ્રકારનું છે. જે જ્ઞાન ઇન્દ્રિય, મન, પ્રકાશ અને ઉપદેશાદિ બાહ્ય નિમિત્તની અપેક્ષાએ ઉત્પન્ન થાય છે તે પરોક્ષ કહેવાય છે. તેના બે ભેદ છે—મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન. જે જ્ઞાન ઇન્દ્રિયો અને મનની સહાયતાથી ઉત્પન્ન થાય છે તેને મતિજ્ઞાન કહે છે. તે મતિજ્ઞાનથી જાણેલી વસ્તુના વિષયમાં જે વિશેષ વિચાર ઉત્પન્ન થાય છે તે શ્રુતજ્ઞાન કહેવાય છે. પ્રત્યક્ષ પ્રમાણ ત્રણ પ્રકારનું છે. —અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન. એમાં જે ઇન્દ્રિય આદિની અપેક્ષા ન કરતાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાપૂર્વક રૂપી (પુદ્ગલ અને તેનાથી સંબદ્ધ સંસારી પ્રાણી) પદાર્થનું ગ્રહણ કરે છે તેને અવધિજ્ઞાન કહે છે. જે જીવોના મનોગત પદાર્થને જાણે છે તે મનઃપર્યયજ્ઞાન કહેવાય છે. સમસ્ત વિશ્વને યુગપદ ગ્રહણ કરનાર જ્ઞાન કેવળજ્ઞાન કહેવાય છે. આ ત્રણેય જ્ઞાન અતીન્દ્રિય છે. નિક્ષેપ શબ્દનો અર્થ મૂકવું થાય છે. પ્રત્યેક શબ્દનો પ્રયોગ અનેક અર્થોમાં થયા કરે છે. તેમાંથી ક્યા વખતે ક્યો અર્થ ઇષ્ટ છે, એ બતાવવું તે નિક્ષેપ વિધિનું કાર્ય છે. તે નિક્ષેપ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવના ભેદથી ચાર પ્રકારના છે. વસ્તુમાં વિવક્ષિત ગુણ અને ક્રિયા આદિ ન હોવા છતાં પણ કેવળ લોકવ્યવહાર માટે તેનું નામ રાખવાને નામનિક્ષેપ કહેવાય છે.–જેમ કોઈ વ્યક્તિનું નામ લોકવ્યવહાર માટે દેવદત્ત (દેવ દ્વારા ન અપાવા છતાં) રાખવું. કાષ્ટકર્મ, પુસ્તકર્મ, ચિત્રકર્મ અને પાસાઓના નિક્ષેપ આદિમાં 'તે આ છે' એ પ્રકારની જે કલ્પના કરવામાં આવે છે તેને સ્થાપના નિક્ષેપ કહે છે. તે બે પ્રકારનો છે–સદ્ભાવ સ્થાપના નિક્ષેપ અને અસદ્ભાવ સ્થાપના નિક્ષેપ. સ્થાપ્યમાન વસ્તુના આકારવાળી કોઈ અન્ય વસ્તુમાં જે તેની સ્થાપના કરવામાં આવે છે તેને સદ્ભાવ સ્થાપના નિક્ષેપ કહેવામાં આવે છે–જેમ ઋષભ જિનેન્દ્રના આકારભૂત પાષાણમાં ઋષભ જિનેન્દ્રની સ્થાપના કરવી. જે વસ્તુ સ્થાપ્યમાન પદાર્થના આકારની નથી છતાં પણ તેમાં તે વસ્તુની કલ્પના કરવી તેને અસદ્ભાવ સ્થાપના નિક્ષેપ કહેવાય છે,–જેમ શતરંજની ગોટીમાં હાથી, ઘોડા આદિની કલ્પના કરવી. ભવિષ્યમાં થનારી પર્યાયની મુખ્યતાથી વસ્તુનું કથન કરવું તે દ્રવ્ય નિક્ષેપ કહેવાય છે. વર્તમાન પર્યાયથી લક્ષિત વસ્તુના કથનને ભાવનિક્ષેપ કહેવામાં આવે છે. આ રીતે આ નિક્ષેપોના વિધાનથી અપ્રકૃતનું નિરાકરણ અને પ્રકૃતનું ગ્રહણ થાય છે. ૧૩૯.

(मालिनी)

भवरिपुरिह तावद्दुःखदो यावदात्मन्
तव विनिहितधामा कर्मसंश्लेषदोषः ।

स भवति किल रागद्वेषहेतोस्तदादौ
झटिति शिवसुखार्थी यत्नतस्तौ जहीहि ।।१४०।।

**અનુવાદ :** હે આત્મન્! અહીં સંસારરૂપ શત્રુ ત્યાં સુધી જ દુઃખ દઈ શકે છે જ્યાં સુધી તારામાં જ્ઞાનરૂપ જ્યોતિને નષ્ટ કરનાર કર્મબંધરૂપ દોષે સ્થાન પ્રાપ્ત કરેલું છે. તે કર્મબંધરૂપ દોષ નિશ્ચયથી રાગ અને દ્વેષના નિમિત્તે થાય છે. તેથી મોક્ષસુખનો અભિલાષી થઈને તું સર્વપ્રથમ શીઘ્રતાથી પ્રયત્નપૂર્વક તે બન્નેને છોડી દે. ૧૪૦.

(स्रग्धरा)

लोकस्य त्वं न कश्चिन्न स तव यदिह स्वार्जितं भुज्यते कः
संबन्धस्तेन सार्धं तदसति सति वा तत्र कौ रोषतोषौ ।
काये ऽप्येवं जडत्वात्तदनुगतसुखादावपि ध्वंसभावा-
देवंनिश्चित्य हंस स्वबलमनुसर स्थायि मा पश्य पार्श्वम् ।।१४१।।

**અનુવાદ :** હે આત્મન્! ન તો તમે લોક (કુટુંબી જન આદિ)ના કોઈ છો અને ન તે પણ તમારું કોઈ હોઈ શકે. અહીં તમે જે કાંઈ કમાયા છો તે જ (તમારે) ભોગવવું પડે છે. તમારો તે લોક સાથે ભલા શું સંબંધ છે? અર્થાત્ કાંઈ પણ નથી. તો પછી લોક ન હોય તો વિષાદ અને તે હોય તો હર્ષ શા માટે કરો છો? એવી જ રીતે શરીરમાં રાગદ્વેષ ન કરવો જોઈએ, કેમ કે તે જડ (અચેતન) છે. તથા શરીર સાથે સંબંધવાળા ઇન્દ્રિયવિષય ભોગજનિત સુખાદિકમાં પણ તમારે રાગ-દ્વેષ કરવો ઉચિત નથી, કેમ કે તે વિનશ્વર છે. આ રીતે નિશ્ચય કરીને તમે તમારી સ્થિર આત્મશક્તિનું અનુસરણ કરો. તે નિકટવર્તી લોકને સ્થાયી ન સમજો.

**વિશેષાર્થ :** કુટુંબ અને ધન–ધાન્યાદિ બાહ્ય સર્વ પદાર્થોનો આત્મા સાથે કાંઈ પણ સંબંધ નથી. તે પ્રત્યક્ષ જ પોતાનાથી જુદા દેખાય છે. તેથી તેમના સંયોગમાં હર્ષિત અને વિયોગમાં ખેદખિન્ન થવું યોગ્ય નથી. બીજું તો શું કહીએ? જે શરીર સદા આત્માની સાથે જ રહે છે તેનો પણ સંબંધ આત્મા સાથે કાંઈ પણ નથી; કારણ કે આત્મા ચેતન છે અને શરીર અચેતન છે. સ્પર્શનાદિ ઇન્દ્રિયોનો સંબંધ પણ તે જ શરીર સાથે છે, નહિ કે તે ચેતન આત્મા સાથે. ઇન્દ્રિયવિષયભોગોથી ઉત્પન્ન થનારૂં સુખ વિનશ્વર છે–સ્થાયી નથી. તેથી હે આત્મન્! શરીર અને તેની સાથે સંબંધવાળા સુખ–દુઃખાદિમાં રાગ-દ્વેષ ન કરતાં પોતાના સ્થાયી આત્મરૂપનું અવલોકન કર. ૧૪૧.

(शार्दूलविक्रीडित)

आस्तामन्यगतौ प्रतिक्षणलसद्दुःखाश्रितायामहो
देवत्वेऽपि न शान्तिरस्ति भवतो रम्ये ऽणिमादिश्रिया ।
यत्तस्मादपि मृत्युकालकलयाधस्ताद्धठात्पात्यसे
तत्तन्नित्यपदं प्रति प्रतिदिनं रे जीव यत्नं कुरु ।।१४२।।

**અનુવાદ :** હે આત્મન્! ક્ષણે ક્ષણે થતાં દુઃખના સ્થાનભૂત અન્ય નરક, તિર્યંચ અને મનુષ્યગતિ તો દૂર રહો; પરંતુ આશ્ચર્ય તો એ છે કે અણિમા આદિરૂપ લક્ષ્મીથી રમણીય દેવગતિમાં પણ તને શાન્તિ નથી. કારણ કે ત્યાંથી પણ તું મૃત્યુકાળ દ્વારા બળજોરીથી નીચે પડાય છે. તેથી તું પ્રતિદિન તે નિત્યપદ અર્થાત્ અવિનશ્વર મોક્ષ પ્રત્યે પ્રયત્ન કર. ૧૪૨.

(शार्दूलविक्रीडित)

यद् दृष्टं बहिरङ्गनादिषु चिरं तत्रानुरागो ऽभवत्
भ्रान्त्या भूरि तथापि ताम्यसि ततो मुक्त्वा तदन्तर्विश ।
चेतस्तत्र गुरोः प्रबोधवसतेः किंचित्तदाकर्ण्यते
प्राप्ते यत्र समस्तदुःखविरमाल्लभ्येत नित्यं सुखम् ।।१४३।।

**અનુવાદ :** હે ચિત્ત! તે બાહ્ય સ્ત્રી આદિ પદાર્થોમાં જે સુખ જોયું છે તેમાં તને ભ્રાંતિથી ચિરકાળ સુધી અનુરાગ થયો છે. છતાં પણ તું તેનાથી અધિક સંતપ્ત થઈ રહ્યો છે. તેથી તેને છોડીને પોતાના અંતરાત્મામાં પ્રવેશ કર. તેના વિષયમાં સમ્યગ્જ્ઞાનના આધારભૂત ગુરુ પાસેથી એવું કાંઈક સાંભળવામાં આવે છે કે જે પ્રાપ્ત થતાં સમસ્ત દુઃખોથી છૂટકારો પામીને અવિનશ્વર (મોક્ષ) સુખ પ્રાપ્ત કરી શકાય છે. ૧૪૩.

(पृथ्वी)

किमालकोलाहलैरमलबोधसंपन्निधेः
समस्ति यदि कौतुकं किल तवात्मनो दर्शने ।
निरुद्धसकलेन्द्रियो रहसि मुक्तसंगग्रहः
कियन्त्यपि दिनान्यतः स्थिरमना भवान् पश्यतु ।।१४४।।

**અનુવાદ :** હે જીવ! જો તને નિર્મળ જ્ઞાનરૂપ સંપત્તિના આશ્રયભૂત આત્માના

દર્શનનું કૌતૂહલ હોય તો નકામા કોલાહલ (બકવાદ)થી શું? પોતાની સમસ્ત ઇન્દ્રિયોનો નિરોધ કરીને તું પરિગ્રહ પિચાશને છોડી દે. એનાથી સ્થિરચિત્ત થઈને તું કેટલાક દિવસોમાં એકાન્તમાં તે અંતરાત્માનું અવલોકન કરી શકીશ. ૧૪૪.

(शार्दूलविक्रीडित)

हे चेतः किमु जीव तिष्ठसि कथं चिन्तास्थितं सा कुतो
रागद्वेषवशात्तयोः परिचयः कस्माच्च जातस्तव ।
इष्टानिष्टसमागमादिति यदि श्वभ्रं तदावां गतौ
नोचेन्मुञ्च समस्तमेतदचिरादिष्टादिसंकल्पनम् ।।१४५।।

**અનુવાદ :** અહીં જીવ પોતાના ચિત્તને કેટલાક પ્રશ્ન કરે છે અને તે પ્રમાણે ચિત્ત તેમનો ઉત્તર આપે છે–હે ચિત્ત! એવું સંબોધન કરતાં ચિત્ત કહે છે કે હે જીવ શું છે? ત્યારે જીવ તેને પૂછે છે કે તું કેવી રીતે રહે છે? હું ચિન્તામાં સ્થિત રહું છું. તે ચિન્તા કોનાથી ઉત્પન્ન થઈ છે? તે રાગદ્વેષના વશે ઉત્પન્ન થઈ છે. તે રાગ-દ્વેષનો પરિચય તને ક્યા કારણે થયો? તેમની સાથે મારો પરિચય ઇષ્ટ અને અનિષ્ટ વસ્તુઓના સમાગમથી થયો. અંતે જીવ કહે છે કે હે ચિત્ત! જો એમ હોય તો આપણે બન્નેય નરક પ્રાપ્ત કરીશું. તે જો તને ઇષ્ટ ન હોય તો આ સમસ્ત ઇષ્ટ-અનિષ્ટની કલ્પના શીઘ્રતાથી છોડી દે. ૧૪૫.

(शार्दूलविक्रीडित)

ज्ञानज्योतिरुदेति मोहतमसो भेदः समुत्पद्यते
सानन्दा कृतकृत्यता च सहसा स्वान्ते समुन्मीलति ।
यस्यैकस्मृतिमात्रतो ऽपि भगवानत्रैव देहान्तरे
देवस्तिष्ठति मृग्यतां सरभसादन्यत्र किं धावत ।।१४६।।

**અનુવાદ :** જે ભગવાન આત્માના કેવળ સ્મરણમાત્રથી પણ જ્ઞાનરૂપી તેજ પ્રગટ થાય છે, અજ્ઞાનરૂપ અંધકારનો વિનાશ થાય છે તથા કૃતકૃત્યતા અકસ્માત્ જ આનંદપૂર્વક પોતાના મનમાં પ્રગટ થઈ જાય છે; તે ભગવાન આત્મા આ જ શરીરમાં બિરાજમાન છે. તેનું શીઘ્ર અન્વેષણ કરો. બીજી જગ્યાએ (બાહ્ય પદાર્થો તરફ) કેમ દોડી રહ્યા છો. ૧૪૬.

(शार्दूलविक्रीडित)

जीवाजीवविचित्रवस्तुविविधाकारर्द्धिरूपादयो
रागद्वेषकृतो ऽत्र मोहवशतो दृष्टाः श्रुताः सेविताः ।
जातास्ते दृढबन्धनं चिरमतो दुःखं तवात्मन्निदं
नूनं जानत एव किं बहिरसावद्यापि धीर्धावति ।।१४७।।

**અનુવાદ :** હે આત્મન્! અહીં જે જીવ અને અજીવરૂપ વિચિત્ર વસ્તુઓ, અનેક પ્રકારના આકાર, ઋદ્ધિઓ અને રૂપ આદિ રાગ-દ્વેષ ઉત્પન્ન કરનાર છે. તે તેમને મોહને વશ થઈને જોયા છે, સાંભળ્યા છે તથા તેમનું સેવન પણ કર્યું છે. તેથી તેઓ તારા માટે ચિરકાળથી દૃઢ બંધનરૂપ થયા છે કે જેથી તને દુઃખ ભોગવવું પડે છે. આ બધું જાણવા છતાં પણ તારી તે બુદ્ધિ આજે ય કેમ બાહ્ય પદાર્થો તરફ દોડી રહી છે? ૧૪૭.

(शार्दूलविक्रीडित)

भिन्नोऽहं वपुषो बहिर्मलंकृतान्नानाविकल्पौघतः
शब्दादेश्च चिदेकमूर्तिरमलः शान्तः सदानन्दभाक् ।
इत्यास्था स्थिरचेतसो दृढतरं साम्यादनारम्भिणः
संसाराद्भयमस्ति किं यदि तदप्यन्यत्र कः प्रत्ययः ।।१४८।।

**અનુવાદ :** હું બાહ્ય મળથી (રજ–વીર્યથી) ઉત્પન્ન થયેલા આ શરીરથી, અનેક પ્રકારના વિકલ્પોના સમુદાયથી તથા શબ્દાદિકથી પણ ભિન્ન છું. સ્વભાવથી હું ચૈતન્યરૂપ, અદ્વિતીય શરીરથી સંપન્ન, કર્મમળ રહિત, શાન્ત અને સદા આનંદનો ઉપભોક્તા છું. આ પ્રકારના શ્રદ્ધાનથી જેનું ચિત્ત સ્થિરતા પામી ગયું છે તથા જે સમતાભાવ ધારણ કરીને આરંભરહિત થઈ ગયું છે તેને સંસારનો શો ભય છે? કાંઈ પણ નહિ. અને જો ઉપર્યુક્ત દૃઢ શ્રદ્ધાન હોવા છતાં પણ સંસારનો ભય છે તો પછી બીજે ક્યાં વિશ્વાસ કરી શકાય? ક્યાંય નહિ. ૧૪૮.

(शार्दूलविक्रीडित)

किं लोकेन किमाश्रयेण किमथ द्रव्येण कायेन किं
किं वाग्भिः किमुतेन्द्रियैः किमसुभिः किं तैर्विकल्पैरपि ।

सर्वे पुद्गलपर्यया बत परे त्वत्तः प्रमत्तो भवन्-
नात्मन्नेभिरभिश्रयस्यति तरामालेन किं बन्धनम् ॥१४९॥

**અનુવાદ :** હે આત્મન્! તારે લોકનું શું પ્રયોજન છે? આશ્ચર્યનું શું પ્રયોજન છે? દ્રવ્યનું શું પ્રયોજન છે? શરીરનું શું પ્રયોજન છે? વચનોનું શું પ્રયોજન છે? ઇન્દ્રિયોનું શું પ્રયોજન છે? પ્રાણોનું શું પ્રયોજન છે? તથા તે વિકલ્પોનું પણ તારે શું પ્રયોજન છે? અર્થાત્ આ બધાનું તારે કાંઈપણ પ્રયોજન નથી કારણ કે તે બધી પુદ્ગલની પર્યાયો છે અને તેથી તારાથી ભિન્ન છે. તું પ્રમાદને વશ થઈને વ્યર્થ જ આ વિકલ્પો દ્વારા કેમ અતિશય બંધનનો આશ્રય કરે છે. ૧૪૯.

(अनुष्टुप)

सतताभ्यस्तभोगानामप्यसत्सुखमात्मजम् ।
अप्यपूर्वं सदित्यास्था चित्ते यस्य स तत्त्ववित् ॥१५०॥

**અનુવાદ :** જે જીવોએ નિરંતર ભોગોનો અનુભવ કર્યો છે તેમનું તે ભોગોથી ઉત્પન્ન થયેલું સુખ અવાસ્તવિક (કલ્પિત) છે પરંતુ આત્માથી ઉત્પન્ન સુખ અપૂર્વ અને સમીચીન છે; એવો જેના હૃદયમાં દૃઢ વિશ્વાસ થઈ ગયો છે તે તત્ત્વજ્ઞ છે. ૧૫૦.

(पृथ्वी)

प्रतिक्षणमयं जनो नियतमुग्रदुःखातुरः
क्षुधादिभिरभिश्रयंस्तदुपशान्तये ऽन्नादिकम् ।
तदेव मनुते सुखं भ्रमवशाद्यदेवासुखं
समुल्लसति कच्छुकारुजि यथा शिखिस्वेदनम् ॥१५१॥

**અનુવાદ :** આ પ્રાણી સમયે સમયે ક્ષુધા–તૃષા આદિ દ્વારા અત્યંત તીવ્ર દુઃખથી વ્યાકુળ થઈને તેમને શાન્ત કરવા માટે અન્ન અને પાણી આદિનો આશ્રય લે છે અને તેને જ ભ્રમ વશે સુખ માને છે. પરંતુ વાસ્તવમાં તે દુઃખ જ છે. આ સુખની કલ્પના આ જાતની છે જેમ કે ખુજલીના રોગમાં અગ્નિના શેકથી થતું સુખ. ૧૫૧.

(शार्दूलविक्रीडित)

आत्मा स्वं परमीक्षते यदि समं तेनैव संचेष्टते
तस्मायेव हितस्ततो ऽपि च सुखी तस्यैव संबन्धभाक् ।

तस्मिन्नेव गतो भवत्यविरतानन्दामृताम्भोनिधिः
किंचान्यत्सकलोपदेशनिवहस्यैतद्रहस्यं परम् ।।१५२।।

**અનુવાદ :** જો આત્મા પોતાની જાતને ઉત્કૃષ્ટ દેખે, તેની સાથે ક્રીડા કરે, તેના જ માટે હિતસ્વરૂપ રહે, તેનાથી જ તે સુખી થાય, તેનો જ સંબંધ તે પામે અને તેમાં જ તે સ્થિત થાય; તો તે આનંદરૂપ અમૃતનો સમુદ્ર બની જાય છે. અધિક શું કહેવુ? સમસ્ત ઉપદેશોનું કેવળ આ જ રહસ્ય છે.

**વિશેષાર્થ :** આનો અભિપ્રાય એ છે કે બાહ્ય સર્વ પદાર્થોથી મમત્વબુદ્ધિ છોડીને એક માત્ર પોતાના આત્મામાં લીન થવાથી અપૂર્વ સુખ પ્રાપ્ત થાય છે. તે અવસ્થામાં કર્તા કર્મ આદિ કારકોનો કાંઈ પણ ભેદ રહેતો નથી–તે જ આત્મા કર્તા અને તે જ કર્મ આદિ સ્વરૂપ હોય છે. એ જ કારણે ગ્રન્થકર્તાએ આ શ્લોકમાં ક્રમશઃ તેના માટે સાતે વિભક્તિઓ (आत्मा, स्वम्, तेन, तस्मै, ततः, तस्य, तस्मिन्) ઉપયોગ કર્યો છે. ૧૫૨.

(आर्या)

परमानन्दाब्जरसं सकलविकल्पान्यसुमनसस्त्यक्त्वा ।
योगी स यस्य भजते स्तिमितान्तःकरणषट्चरणः ।।१५३।।

**અનુવાદ :** જેનો શાન્ત અંતઃકરણરૂપી ભ્રમર સમસ્ત વિકલ્પોરૂપ અન્ય પુષ્પોને છોડીને કેવળ ઉત્કૃષ્ટ આનંદરૂપ કમળના રસનું સેવન કરે છે તે યોગી કહેવાય છે. ૧૫૩.

(शार्दूलविक्रीडित)

जायन्ते विरसा रसा विघटते गोष्ठीकथाकौतुकं
शीर्यन्ते विषयास्तथा विरमति प्रीतिः शरीरेऽपि च ।
जोषं वागपि धारयत्यविरतानन्दात्मशुद्धात्मनः
चिन्तायामपि यातुमिच्छति समं दोषैर्मनः पञ्चताम् ।।१५४।।

**અનુવાદ :** નિત્ય આનંદસ્વરૂપ શુદ્ધ આત્માનો વિચાર કરતાં રસ નીરસ થઈ જાય છે, પરસ્પરના સંલાપરૂપ કથાનું કુતૂહલ નષ્ટ થઈ જાય છે, વિષય નષ્ટ થઈ જાય છે, શરીરના વિષયમાં પણ પ્રેમ રહેતો નથી, વચન પણ મૌન ધારણ કરી લે છે તથા મન દોષો સાથે મૃત્યુ પ્રાપ્ત કરવા ઈચ્છે છે . ૧૫૪.

(स्रग्धरा)

आत्मैकः सोपयोगो मम किमपि ततो नान्यदस्तीति चिन्ता-
भ्यासास्ताशेषवस्तोः स्थितपरममुदा यद्गतिर्नो विकल्पे ।
ग्रामे वा कानने वा जनजनितसुखे निःसुखे वा प्रदेशे
साक्षादाराधना सा श्रुतविशदमतेर्बाह्यमन्यत्समस्तम् ।।१५५।।

**અનુવાદ :** ઉપયોગ (જ્ઞાન-દર્શન) યુક્ત એક આત્મા જ મારો છે, તેના સિવાય બીજું કાંઈ પણ મારું નથી; આ જાતના વિચારના અભ્યાસથી સમસ્ત બાહ્ય પદાર્થો તરફથી જેનો મોહ હટી ગયો છે તથા જેની બુદ્ધિ આગમના અભ્યાસથી નિર્મળ થઈ ગઈ છે એવા સાધુ પુરુષના મનની પ્રવૃત્તિ વિકલ્પોમાં હોતી નથી. તે ગ્રામ અને વનમાં તથા પ્રાણી માટે સુખ ઉત્પન્ન કરનારા સ્થાનમાં અને તે સુખ રહિત સ્થાનમાં પણ સમબુદ્ધિ રહે છે અર્થાત્ ગ્રામ અને સુખયુક્ત સ્થાનમાં તે હર્ષિત થતો નથી તથા એનાથી વિપરીત વન અને દુઃખયુક્ત સ્થાનમાં તે ખેદ પણ પામતો નથી. આને જ સાક્ષાત્ આરાધના કહેવામાં આવે છે, બીજું બધું બાહ્ય છે. ૧૫૫.

(शार्दूलविक्रीडित)

यद्यन्तर्निहितानि खानि तपसा बाह्येन किं फल्गुना
नैवान्तर्निहितानि खानि तपसा बाह्येन किं फल्गुना ।
यद्यन्तर्बहिरन्यवस्तु तपसा बाह्येन किं फल्गुना
नैवान्तर्बहिरन्यवस्तु तपसा बाह्येन किं फल्गुना ।।१५६।।

**અનુવાદ :** જો ઇન્દ્રિયો અંતરાત્માની સન્મુખ હોય તો પછી વ્યર્થના બાહ્ય તપથી કાંઈ પ્રયોજન નથી અને જો તે ઇન્દ્રિયો અંતરાત્માની સન્મુખ ન હોય તો પણ બાહ્ય તપ કરવું વ્યર્થ જ છે—તેનાથી કાંઈ પ્રયોજન સિદ્ધ થતું નથી. જો અંતરંગ અને બાહ્યમાં અન્ય વસ્તુ પ્રત્યે અનુરાગ હોય તો બાહ્યમાં તપથી શું પ્રયોજન છે? તે વ્યર્થ જ છે. એનાથી ઉલટું જો અંતરંગ અને બાહ્યમાં પણ અન્ય વસ્તુ પ્રત્યે અનુરાગ ન હોય તો પણ વ્યર્થ બાહ્ય તપથી શું પ્રયોજન? અર્થાત્ કાંઈ પણ નથી.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે જો ઇન્દ્રિયોની પ્રવૃત્તિ આત્મસન્મુખ હોય તો ઇષ્ટ

પ્રયોજન એટલા માત્રથી જ સિદ્ધ થઈ જાય છે, પછી તેને માટે બાહ્ય તપશ્ચરણની કાંઈ પણ આવશ્યકતા નથી રહેતી. પરંતુ ઉક્ત ઇન્દ્રિયોની પ્રવૃત્તિ આત્મોન્મુખ ન હોતાં જો બાહ્ય પદાર્થો તરફ જઈ રહી હોય તો બાહ્ય તપ કરવા છતાં પણ યથાર્થ સુખની પ્રાપ્તિ થઈ શકતી નથી. તેથી આ અવસ્થામાં પણ બાહ્ય તપ વ્યર્થ જ ઠરે છે. એ જ રીતે જો અંતરંગમાં અને બાહ્યમાં પર વસ્તુ પ્રત્યે અનુરાગ રહ્યો ન હોય તો બાહ્ય તપનું પ્રયોજન આ સમતાભાવથી જ પ્રાપ્ત થઈ જાય છે, તેથી તેની આવશ્યકતા રહેતી નથી. અને જો અંતરંગ અને બાહ્યમાં પરપદાર્થો પ્રત્યેનો અનુરાગ હટ્યો ન હોય તો ચિત્ત રાગ-દ્વેષથી દૂષિત કહેવાને કારણે બાહ્ય તપનું આચરણ કરવા છતાં પણ તેનાથી કાંઈ પ્રયોજન સિદ્ધ નહિ થાય. તેથી આ અવસ્થામાં પણ બાહ્ય તપની આવશ્યકતા રહેતી નથી. તાત્પર્ય એ છે કે બાહ્ય તપશ્ચરણ પહેલાં ઇન્દ્રિયદમન, રાગ-દ્વેષનું શમન અને મન, વચન તથા કાયાની સરળ પ્રવૃત્તિ થવી અત્યાવશ્યક છે. એ થતાં જ તે બાહ્ય તપશ્ચરણ સાર્થક થઈ શકશે, અન્યથા તેની નિરર્થકતા અનિવાર્ય છે. ૧૫૬.

(शार्दूलविक्रीडित)

शुद्धं वागतिवर्तितत्त्वमितरद्वाच्यं च तद्वाचकं
शुद्धादेश इति प्रभेदजनकं शुद्धेतरत्कल्पितम् ।
तत्राद्यं श्रवणीयमेव सुदृशा शेषद्वयोपायतः
सापेक्षा नयसंहतिः फलवती संजायते नान्यथा ।।१५७।।

**અનુવાદ :** શુદ્ધ તત્ત્વ વચન અગોચર છે, એનાથી વિપરીત અશુદ્ધ તત્ત્વ વચન ગોચર છે અર્થાત્ શબ્દ દ્વારા કહી શકાય છે. શુદ્ધ તત્ત્વને જે ગ્રહણ કરે છે તે શુદ્ધાદેશ કહેવાય છે અને જે ભેદને પ્રગટ કરે છે તે શુદ્ધથી ઇતર અર્થાત્ અશુદ્ધનય કલ્પિત કરાયો છે. સમ્યગ્દષ્ટિએ શેષ બે ઉપાયોમાંથી પ્રથમ શુદ્ધ તત્ત્વનો આશ્રય લેવો જોઈએ. બરાબર છે–નયોનો સમુદાય પરસ્પર સાપેક્ષ હોવાથી જ પ્રયોજનભૂત થાય છે. પરસ્પરની અપેક્ષા ન કરવાથી તે નિષ્ફળ જ રહે છે. ૧૫૭.

(शार्दूलविक्रीडित)

ज्ञानं दर्शनमप्यशेषविषयं जीवस्य नार्थान्तरं
शुद्धादेशविवक्षया स हि ततश्चिद्रूप इत्युच्यते ।
पर्यायैश्च गुणैश्च साधु विदिते तस्मिन् गिरा सद्गुरो-
र्ज्ञातं किं न विलोकितं न किमथ प्राप्तं न किं योगिभिः ।।१५८।।

**અનુવાદ :** શુદ્ધનયની અપેક્ષાએ સમસ્ત પદાર્થોનો વિષય કરનાર જ્ઞાન અને દર્શન જ જીવનું સ્વરૂપ છે જે તે જીવથી પૃથક્ નથી. આથી ભિન્ન બીજું કોઈ જીવનું સ્વરૂપ હોઈ શકતું નથી. માટે તે 'ચિદ્રૂપ' અર્થાત્ ચેતનસ્વરૂપ એમ કહેવાય છે. ઉત્તમ ગુરુના ઉપદેશથી પોતાના ગુણો અને પર્યાયો સાથે તે જ્ઞાન-દર્શન સ્વરૂપ જીવને સારી રીતે જાણી લેતાં યોગીઓએ શું નથી જાણ્યું, શું નથી દેખ્યું અને શું નથી પ્રાપ્ત કર્યું? અર્થાત્ ઉપર્યુક્ત જીવનું સ્વરૂપ જાણી લેતાં બીજું બધું જ જાણી લીધું, જોઈ લીધું અને પ્રાપ્ત કરી લીધું છે એમ સમજવું જોઈએ. ૧૫૮.

(शार्दूलविक्रीडित)

**यन्नान्तर्न बहिः स्थितं न च दिशि स्थूलं न सूक्ष्मं पुमान्**
**नैव स्त्री न नपुंसकं न गुरुतां प्राप्तं न यल्लाघवम् ।**
**कर्मस्पर्शशरीरगन्धगणनाव्याहारवर्णोज्झितं**
**स्वच्छं ज्ञानदृगेकमूर्ति तदहं ज्योतिः परं नापरम् ।।१५९।।**

**અનુવાદ :** હું તે ઉત્કૃષ્ટ જ્યોતિ સ્વરૂપ છું જે ન અંદર સ્થિત છે, ન બહાર સ્થિત છે, ન દિશામાં સ્થિત છે, ન સ્થૂળ છે, ન સૂક્ષ્મ છે, ન પુરુષ છે, ન સ્ત્રી છે, ન નપુંસક છે, ન ગુરુ છે, ન લઘુ છે; તથા જે કર્મ, સ્પર્શ, શરીર, ગંધ, ગણના, શબ્દ અને વર્ણ રહિત થઈને નિર્મળ અને જ્ઞાન-દર્શનરૂપ અદ્વિતીય શરીર ધારણ કરે છે. એનાથી ભિન્ન બીજું કોઈ મારું સ્વરૂપ નથી. ૧૫૯.

(शार्दूलविक्रीडित)

**जानन्ति स्वयमेव यद्विमनसश्चिद्रूपमानन्दवत्**
**प्रोच्छिन्ने यदनाद्यमन्दमसकृन्मोहान्धकारे हठात् ।**
**सूर्याचन्द्रमसावतीत्य यदहो विश्वप्रकाशात्मकं**
**तज्जीयात्सहजं सुनिष्कलमहं शब्दाभिधेयं महः ।।१६०।।**

**અનુવાદ :** જેને અનાદિકાલીન પ્રચુર મોહરૂપ અંધકાર બળપૂર્વક નષ્ટ થઈ જવાથી મનરહિત થયેલા સર્વજ્ઞ સ્વયં જ જાણે છે, જે ચેતનસ્વરૂપ છે, આનંદ–સંયુક્ત છે, અનાદિ છે, તીવ્ર છે, નિરંતર રહેનાર છે અને જે આશ્ચર્યની વાત છે કે સૂર્ય તથા ચન્દ્રમાને પણ તિરસ્કૃત કરીને સમસ્ત જગતને પ્રકાશિત કરનાર છે; તે 'अहम्'

શબ્દથી કહેવાતું શરીર રહિત સ્વાભાવિક તેજ જયવંત હો. ૧૬૦.

(वसंततिलका)

यज्जायते किमपि कर्मवशादसातं
सातं च यत्तदनुयायि विकल्पजालम् ।
जातं मनागपि न यत्र पदं तदेव
देवेन्द्रवन्दितमहं शरणं गतो ऽस्मि ॥१६१॥

**અનુવાદ :** કર્મના ઉદયથી જે કાંઈ પણ દુઃખ અને સુખ થાય છે તથા તેમનું અનુસરણ કરનાર જે વિકલ્પ સમૂહ પણ થાય છે તે જે પદમાં જરાય રહેતો નથી, હું દેવેન્દ્રોથી વંદિત તે જ (મોક્ષ) પદના શરણે જાઉં છું. ૧૬૧.

(शार्दूलविक्रीडित)

धिक्कान्तास्तनमण्डलं धिगमलप्रालेयरोचिः करान्
धिक्कर्पूरविमिश्रचन्दनरसं धिक् ताञ्जलादीनपि ।
यत्प्राप्तं न कदाचिदत्र तदिदं संसारसंतापहृत्
लग्नं चेदतिशीतलं गुरुवचोदिव्यामृतं मे हृदि ॥१६२॥

**અનુવાદ :** જે પૂર્વે કદી પ્રાપ્ત થયું નથી એવું સંસારનો સંતાપ નષ્ટ કરનાર અત્યંત શીતળ ગુરુના ઉપદેશરૂપ દિવ્ય અમૃત જો મારા હૃદયમાં સંલગ્ન છે તો પછી પત્નીના સ્તનમંડળને ધિક્કાર છે, નિર્મળ ચંદ્રમાના કિરણોને ધિક્કાર છે, કપૂર મિશ્રિત ચંદનરસને ધિક્કાર છે તથા અન્ય જળ આદિ શીતળ વસ્તુઓને પણ ધિક્કાર છે.

**વિશેષાર્થ :** સ્ત્રીનું સ્તનમંડળ, ચંદ્રકિરણ, કપૂર સાથે મળેલો ચંદનરસ, અને બીજા પણ જે જળ આદિ શીતળ પદાર્થો લોકમાં દેખવામાં આવે છે તે બધા પ્રાણીના બાહ્ય શારીરિક સંતાપને જ થોડા સમય માટે દૂર કરી શકે છે, નહિ કે અભ્યંતર સંસાર સંતાપને. તે સંસાર સંતાપને જો કોઈ દૂર કરી શકે તો તે સદ્ગુરુના વચન જ દૂર કરી શકે છે. અમૃત સમાન અતિશય શીતળતા ઉત્પન્ન કરનાર જો તે ગુરુનો દિવ્ય ઉપદેશ પ્રાણીને પ્રાપ્ત થઈ ગયો હોય તો પછી લોકમાં શીતળ ગણાતા તે સ્ત્રીનાં સ્તનમંડળ આદિને ધિક્કાર છે, કારણ કે આ બધા પદાર્થ તે સંતાપ નષ્ટ કરવામાં સર્વથા અસમર્થ છે. ૧૬૨.

(मन्दाक्रान्ता)

जित्वा मोहमहाभटं भवपथे दत्तोग्रदुःखश्रमे
विश्रान्ता विजनेषु योगिपथिका दीर्घे चरन्तः क्रमात् ।
प्राप्ता ज्ञान धनाश्चिरादभिमतस्वात्मोपलम्भालयं
नित्यानन्दकलत्रसंगसुखिनो ये तत्र तेभ्यो नमः ॥१६३॥

**અનુવાદ :** અત્યંત તીવ્ર દુઃખ અને પરિશ્રમ ઉત્પન્ન કરનાર લાંબા સંસારના માર્ગમાં ક્રમશઃ ગમન કરનાર જે યોગીરૂપ પથિક મોહરૂપી મહાન યોદ્ધાને જીતીને એકાન્ત સ્થાનમાં વિશ્રામ પામે છે. ત્યાર પછી જે જ્ઞાનરૂપી ધનથી સંપન્ન થયા થકા સ્વાત્મોપલબ્ધિના સ્થાનભૂત પોતાના ઈષ્ટ સ્થાન (મોક્ષ) ને પ્રાપ્ત થઈને ત્યાં અવિનશ્વર-સુખ (મુક્તિ) રૂપી સ્ત્રીનાં સંગથી સુખી થઈ જાય છે તેમને નમસ્કાર હો. ૧૬૩.

(स्रग्धरा)

इत्यादिर्धर्म एषः क्षितिपसुरसुखानर्घ्यमाणिक्यकोशः
पाथो दुःखानलानां परमपदलसत्सौधसोपानराजिः ।
एतन्माहात्म्यमीशः कथयति जगतां केवली साध्वधीता
सर्वस्मिन् वाङ्मये ऽथ स्मरति परमहो मादृशस्तस्य नाम ॥१६४॥

**અનુવાદ :** ઈત્યાદિ (ઉપર્યુક્ત) આ ધર્મ, રાજા અને દેવોના સુખરૂપ અમૂલ્ય રત્નોનો ખજાનો છે, દુઃખરૂપ અગ્નિને શાંત કરવા માટે જળ સમાન છે તથા ઉત્તમ પદ અર્થાત્ મોક્ષરૂપ મહેલની સીડીઓની પંક્તિ સમાન છે. તેના મહિમાનું વર્ણન તે કેવળી જ કરી શકે છે જે ત્રણે લોકના અધિપતિ હોવાથી સમસ્ત આગમમાં નિષ્ણાત છે. મારા જેવો અલ્પજ્ઞ મનુષ્ય તો કેવળ તેનું નામસ્મરણ કરે છે. ૧૬૪.

(शार्दूलविक्रीडित)

शाश्वज्जन्मजरान्तकालविलसद्दुःखौघसारीभवत्-
संसारोग्रमहारुजोपहतये ऽनन्तप्रमोदाय च ।
एतद्धर्मरसायनं ननु बुधाः कर्तुं मतिश्चेत्तदा
मिथ्यात्वाविरतिप्रमादनिकरक्रोधादि संत्यज्यताम् ॥१६५॥

**અનુવાદ :** હે વિદ્વાનો! નિરંતર જન્મ, જરા અને મરણરૂપ દુઃખોના સમૂહમાં સારભૂત એવા સંસારરૂપ તીવ્ર મહારોગને દૂર કરીને અનંત સુખ પ્રાપ્ત કરવા માટે જો આપની આ ધર્મરૂપી રસાયણ પ્રાપ્ત કરવાની ઇચ્છા છે તો મિથ્યાત્વ, અવિરતિ અને પ્રમાદના સમૂહનો તથા ક્રોધાદિ કષાયોનો પરિત્યાગ કરો. ૧૬૫.

(शार्दूलविक्रीडित)

**नष्टं रत्नमिवाम्बुधौ निधिरिव प्रभ्रष्टदृष्टेर्यथा**
**योगो यूपशलाकयोश्च गतयोः पूर्वापरौ तोयधी।**
**संसारे ऽत्र तथा नरत्वमसकृद्दुःखप्रदे दुर्लभं**
**लब्धे तत्र च जन्म निर्मलकुले तत्रापि धर्मे मतिः ॥१६६॥**

**અનુવાદ :** જેમ સમુદ્રમાં વિલીન થયેલા રત્નનું ફરીથી પ્રાપ્ત થવું દુર્લભ છે. આંધળાને નિધિ મળવાનું દુર્લભ છે તથા જુદી જુદી પૂર્વ અને પશ્ચિમ સમુદ્રને પ્રાપ્ત થયેલ યૂપ (યજ્ઞમાં પશુને બાંધવાનું લાકડું) અને શલાકા (યજ્ઞમાં ખોડવામાં આવેલી ખીલી) નો ફરી સંયોગ થવો દુર્લભ છે; તેવી જ રીતે નિરંતર દુઃખ આપનાર આ સંસારમાં મનુષ્ય પર્યાયને પ્રાપ્ત કરવી પણ અતિશય દુર્લભ છે. જો કદાચિત્ આ મનુષ્ય પર્યાય પ્રાપ્ત થઈ પણ જાય તોય નિર્મળ કુળમાં જન્મ લેવો અને ત્યાં પણ ધર્મમાં બુદ્ધિ લાગવી, એ ઘણું જ દુર્લભ છે. ૧૬૬.

(शार्दूलविक्रीडित)

**न्यायादन्धकवर्तकीयकजनाख्यानस्य संसारिणां**
**प्राप्तं वा बहुकल्पकोटिभिरिदं कृच्छ्रान्नरत्वं यदि।**
**मिथ्यादेवगुरूपदेशविषयव्यामोहनीचान्वय-**
**प्रायैः प्राणभृतां तदेव सहसा वैफल्यमागच्छति ॥१६७॥**

**અનુવાદ :** સંસારી પ્રાણીઓને આ મનુષ્ય પર્યાય 'अन्धकवर्तकीयक' રૂપ જન આખ્યાનના ન્યાયે કરોડો કલ્પ કાળોમાં મહા કષ્ટે પ્રાપ્ત થઈ છે, અર્થાત્ જેવી રીતે આંધળા મનુષ્યના હાથમાં બટેર પક્ષીનું આવવું દુર્લભ છે તેવી જ રીતે આ મનુષ્ય પર્યાય પ્રાપ્ત થવી પણ અત્યંત દુર્લભ છે. વળી જો તે કરોડો કલ્પકાળમાં કોઈ પ્રકારે

પ્રાપ્ત પણ થઈ ગઈ તો તે મિથ્યા દેવ અને મિથ્યા ગુરુના ઉપદેશ, વિષય અનુરાગ અને નીચ કુળમાં ઉત્પત્તિ આદિ દ્વારા સહસા નિષ્ફળ જાય છે. ૧૬૭.

(वसंततिलका)

लब्धे कथं कथमपीह मनुष्यजन्म-
न्यङ्ग प्रसंगवशतो हि कुरु स्वकार्यम् ।
प्राप्ते तु कामपि गतिंकुमते तिरश्चां
कस्त्वां भविष्यति विबोधयितुं समर्थः ।।१६८।।

**અનુવાદ :** હે દુર્બુદ્ધિ પ્રાણી! જો અહીં તને કોઈ પણ પ્રકારે મનુષ્ય જન્મ પ્રાપ્ત થઈ ગયો છે તો પછી પ્રસંગ પામીને પોતાનું કાર્ય (આત્મહિત) કરી લે. નહિ તો જો તું મરીને કોઈ તિર્યંચ પર્યાય પામીશ તો પછી તને સમજાવવા માટે કોણ સમર્થ થશે? અર્થાત્ કોઈ સમર્થ થઈ શકશે નહિ. ૧૬૮.

(शार्दूलविक्रीडित)

जन्म प्राप्य नरेषु निर्मलकुले क्लेशान्मतेः पाटवं
भक्तिं जैनमते कथं कथमपि प्रागर्जितश्रेयसः ।
संसारार्णवतारकं सुखकरं धर्मं न ये कुर्वते
हस्तप्राप्तमनर्घ्यरत्नमपि ते मुञ्चन्ति दुर्बुद्धयः ।।१६९।।

**અનુવાદ :** જે મનુષ્યો મનુષ્ય પર્યાયમાં ઉત્તમ કુળમાં જન્મ લઈને કષ્ટપૂર્વક બુદ્ધિચાતુર્યને પામ્યા છે તથા જેમણે પૂર્વોપાર્જિત પુણ્યકર્મના ઉદયથી કોઈપણ પ્રકારે જૈનમતમાં ભક્તિ પણ પ્રાપ્ત કરી લીધી છે છતાં પણ જો તેઓ સંસાર-સમુદ્રનો પાર કરાવીને સુખ ઉત્પન્ન કરનાર ધર્મ કરતા નથી તો સમજવું જોઈએ કે તે દુર્બુદ્ધિજનો હાથમાં પ્રાપ્ત થવા છતાં પણ અમૂલ્ય રત્ન છોડી દે છે. ૧૬૯.

(शार्दूलविक्रीडित)

तिष्ठत्या युरतीव दीर्घमखिलान्यङ्गानि दूरं दृढा-
न्येषा श्रीरपि मे वशं गतवती किं व्याकुलत्वं मुधा ।
आयत्यां निरवग्रहो गतवया धर्मं करिष्ये भरा-
दित्येवं बत चिन्तयन्नपि जडो यात्यन्तकग्रासताम् ।।१७०।।

**અનુવાદ :** મારું આયુષ્ય ઘણું લાંબુ છે, હાથ પગ વગેરે બધા અવયવો ખૂબ મજબૂત છે, આ લક્ષ્મી પણ મારા વશમાં છે તો પછી હું નકામો વ્યાકુળ શા માટે થાઉં? ઉત્તર કાળમાં જ્યારે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થશે ત્યારે હું નિશ્ચિંત થઈને ખૂબ ધર્મ કરીશ. ખેદની વાત છે કે આ જાતનો વિચાર કરતાં કરતાં આ મૂર્ખ પ્રાણી કાળનો કોળિયો બની જાય છે. ૧૭૦

(आर्या)

**पलितैकदर्शनादपि सरति सतश्चित्तमाशु वैराग्यम् ।**
**प्रतिदिनमितरस्य पुनः सह जरया वर्धते तृष्णा ।।१७१।।**

**અનુવાદ :** સાધુ પુરુષનું ચિત્ત એક પાકો (શ્વેત) વાળ દેખવાથી જ શીઘ્ર વૈરાગ્ય પામી જાય છે. પરંતુ એનાથી વિપરીત અવિવેકી મનુષ્યની તૃષ્ણા પ્રતિદિન વૃદ્ધત્વ સાથે વધતી જાય છે અર્થાત્ જેમ જેમ તેની વૃદ્ધાવસ્થા વધતી જાય છે તેમ તેમ ઉત્તરોત્તર તેની તૃષ્ણા પણ વધતી જાય છે. ૧૭૧.

(मन्दाक्रान्ता)

**आजातेर्नस्त्वमसि दयिता नित्यमासन्नगासि**
**प्रौढास्याशे किमथ बहुना स्त्रीत्वमालम्बितासि ।**
**अस्मत्केशग्रहणमकरोदग्रतस्ते जरेयं**
**मर्षस्येतन्मम च हतके स्नेहलाद्यापि चित्रम् ।।१७२।।**

**અનુવાદ :** હે તૃષ્ણા! તું અમને જન્મથી માંડીને જ પ્રિય છો, સદા પાસે રહેનારી છો, અને વૃદ્ધિ પામેલી છો. ઘણું શું કહીએ? તું અમારી પત્નીની અવસ્થાને પામી છો. આ જરા (ઘડપણ) રૂપ બીજી સ્ત્રી તારી સામે જ અમારા વાળ પકડી ચૂકી છે. હે ઘાતક તૃષ્ણા! તું મારા આ વાળ ગ્રહણરૂપ અપમાનને સહન કરતી થકી આજે પણ સ્નેહ રાખનાર બની રહો છો એ આશ્ચર્યની વાત છે.

**વિશેષાર્થ :** લોકમાં જોવામાં આવે છે કે જો કોઈ પુરુષ કોઈ અન્ય સ્ત્રી સાથે પ્રેમ કરે છે તો ચિરકાળથી પ્રેમ કરનારી પણ તેની સ્ત્રી તેના તરફ વિરક્ત થઈ જાય છે–તેને છોડી દે છે. પણ ખેદની વાત છે કે તે તૃષ્ણારૂપ સ્ત્રી પોતાના પ્રિયતમને અન્ય જરારૂપ નારીમાં આસક્ત જોવા છતાં પણ તેને છોડતી નથી અને તેના પ્રત્યે અનુરાગ જ કરે છે. તાત્પર્ય એ છે કે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતાં પુરુષનું શરીર શિથિલ થઈ જાય છે અને સ્મૃતિ પણ ક્ષીણ થઈ જાય છે. છતાં પણ

તે વિષયતૃષ્ણા છોડીને આત્મહિતમાં પ્રવૃત્ત થતો નથી, એ કેટલા ખેદની વાત છે. ૧૭૨.

(वसंततिलका)

रङ्कायते परिदृढोऽपि दृढोऽपि मृत्यु-
मभ्येति दैववशतः क्षणतोऽत्र लोके ।
तत्कः करोति मदमम्बुजपत्रवारि-
बिन्दूपमैर्धनकलेवरजीवितार्द्यैः ।।१७३।।

**અનુવાદ :** અહીં સંસારમાં રાજા પણ દૈવવશ થઈને રંક જેવો બની જાય છે તથા પુષ્ટ શરીરવાળો મનુષ્ય પણ કર્મોદયથી ક્ષણવારમાં જ મૃત્યુ પામી જાય છે.એવી અવસ્થામાં ક્યો બુદ્ધિમાન પુરુષ કમળપત્ર ઉપર રહેલા જળબિંદુ સમાન વિનાશ પામનાર ધન, શરીર અને જીવન આદિ વિષયમાં અભિમાન કરે? અર્થાત્ ક્ષણમાં ક્ષીણ થનાર આ પદાર્થોના વિષયમાં વિવેકી જન કદી પણ અભિમાન કરતા નથી. ૧૭૩.

(शार्दूलविक्रीडित)

प्रातर्दर्भदलाग्रकोटिघटितावश्यायबिन्दूत्कर-
प्रायाः प्राणधनाङ्गजप्रणयिनीमित्रादयो देहिनाम् ।
अक्षाणां सुखमेतदुग्रविषवद्धर्मं विहाय स्फुटं
सर्वं भङ्गुरमत्र दुःखदमहो मोहः करोत्यन्यथा ।।१७४।।

**અનુવાદ :** પ્રાણીઓના પ્રાણ, ધન, પુત્ર, સ્ત્રી અને મિત્ર આદિ પ્રાતઃકાળમાં દર્ભ ઘાસના પાંદડાની અણી ઉપર રહેલ ઝાકળના ટીપાઓ સમાન અસ્થિર છે. આ ઈન્દ્રિયજન્ય સુખ તીક્ષ્ણ વિષ સમાન પરિણામે દુઃખદાયક છે. તેથી એ સ્પષ્ટ છે કે અહીં ધર્મ સિવાય અન્ય સર્વ પદાર્થો વિનશ્વર અને કષ્ટદાયક છે પરંતુ આશ્ચર્ય છે કે આ સંસારી પ્રાણી મોહવશ થઈને આ વિનશ્વર પદાર્થોને સ્થિર માનીને તેમાં અનુરાગ કરે છે અને સ્થાયી ધર્મને ભૂલી જાય છે. ૧૭૪.

(शार्दूलविक्रीडित)

तावद्वल्गति वैरिणां प्रति चमूस्तावत्परं पौरुषं
तीक्ष्णस्तावदसिर्भुजौ दृढतरौ तावच्च कोपोद्गमः ।

भूपस्यापि यमो न यावददयः क्षुत्पीडितः सन्मुखं
धावत्यन्तरिदं विचिन्त्य विदुषा तद्रोधको मृग्यते ।।१७५।।

**અનુવાદ :** જ્યાં સુધી ભૂખથી પિડાયેલ નિર્દય યમરાજ (મૃત્યુ) સામે આવતા નથી ત્યાં સુધી રાજાની પણ સેના શત્રુઓ ઉપર આક્રમણ કરવા પ્રસ્થાન કરે છે, ત્યાં સુધી ઉત્કૃષ્ટ પુરુષાર્થ પણ રહે છે, ત્યાં સુધી તીક્ષ્ણ તરવાર પણ સ્થિર રહે છે, ત્યાં સુધી બન્ને હાથ પણ અતિશય દૃઢ રહે છે અને ત્યાં સુધી ક્રોધ પણ ઉદય પામે છે. આમ વિચાર કરીને વિદ્વાન પુરુષ ઉક્ત યમરાજનો નિગ્રહ કરનાર તપ આદિની ખોજ કરે છે. ૧૭૫.

(मालिनी)

रतिजलरममाणो मृत्युकैवर्तहस्त-
प्रसृतधनजरोरुप्रोल्लसज्ज्ञालमध्ये ।
निकटमपि न पश्यत्यापदां चक्रमुग्रं
भवसरसि वराको लोकमीनौघ एषः ।।१७६।।

**અનુવાદ :** જેની મધ્યમાં મૃત્યુરૂપી નાવિકે પોતાને હાથે સઘન જરારૂપી વિસ્તૃત જાળ ફેલાવી દીધી છે એવા સંસારરૂપી સરોવરમાં રાગરૂપી જળમાં રમણ કરનાર આ બિચારા જનરૂપી માછલીઓનો સમુદાય સમીપમાં આવેલી મહાન આપત્તિઓનો સમૂહ દેખતો નથી. ૧૭૬.

(शार्दूलविक्रीडित)

क्षुद् भुक्तेस्तृडपीह शीतलजलाद्भूतादिका मन्त्रतः
सामादेरहितो गदाद्गदगणः शान्तिं नृभिर्नीयते ।
नो मृत्युस्तु सुरैरपीति हि मृते मित्रे ऽपि पुत्रे ऽपि वा
शोको न क्रियते बुधैः परमहो धर्मस्ततस्तज्जयः ।।१७७।।

**અનુવાદ :** સંસારમાં મનુષ્ય ભોજનથી ક્ષુધાને, જળથી તરસને, મંત્રથી ભૂત-પિશાચાદિને, સામ, દામ, દંડ અને ભેદથી શત્રુને તથા ઔષધથી રોગોના સમૂહને શાન્ત કર્યા કરે છે. પરંતુ મૃત્યુને દેવ પણ શાન્ત કરી શકતા નથી. આ રીતે વિચાર કરીને વિદ્વાન્ મનુષ્યો મિત્ર અથવા પુત્ર મરવા છતાં શોક કરતા નથી, પણ એક માત્ર ધર્મનું

જ આચરણ કરે છે અને તેનાથી જ તે મત્યુ ઉપર વિજય મેળવે છે. ૧૭૭.

(मन्दाक्रान्ता)

त्यक्त्वा दूरं विधुरपयसो दुर्गतिक्लिष्टकृच्छ्रान्
लब्ध्वानन्दं सुचिरममरश्रीसरस्यां रमन्ते ।
एत्यैतस्या नृपपदसरस्यक्षयं धर्मपक्षा
यान्त्येतस्मादपि शिवपदं मानसं भव्यहंसा ।।१७८।।

**અનુવાદ :** ધર્મરૂપી પાંખો ધારણ કરનાર ભવ્ય જીવરૂપ હંસ નરકાદિક દુર્ગતિઓના ક્લેશયુક્ત દુઃખોરૂપ પાણી વિનાના જળાશયોને દૂરથી જ છોડીને આનંદપૂર્વક દેવોની લક્ષ્મીરૂપ સરોવરમાં ચિરકાળ સુધી રમણ કરે છે. ત્યાંથી આવીને તેઓ રાજ્યપદ રૂપ સરોવરમાં રમણ કરે છે. અંતે તેઓ ત્યાંથી પણ નીકળીને અવિનશ્વર મોક્ષપદરૂપી માનસ સરોવરને પ્રાપ્ત કરે છે.

**વિશેષાર્થ :** જેમ ઉત્તમ, પુષ્ટ પાંખોવાળા હંસ પક્ષી જળથી ખાલી થયેલા જળાશયો છોડી દઈને કોઈ અન્ય સરોવરમાં ચાલ્યા જાય છે અને પછી અંતે તેને પણ છોડી માનસ સરોવરમાં જઈ પહોંચે છે તેવી જ રીતે ધર્માત્મા ભવ્યજીવ તે ધર્મના પ્રભાવથી નરકાદિ દુર્ગતિઓના કષ્ટથી બચીને ક્રમશઃ દેવપદ અને રાજપદના સુખ ભોગવતા થકા અંતે મોક્ષપદ પ્રાપ્ત કરી લે છે. ૧૭૮.

(शार्दूलविक्रीडित)

जायन्ते जिनचक्रवर्तिबलभृद्भोगीन्द्रकृष्णादयो
धर्मादेव दिगङ्गनाङ्गविलसच्छश्वद्यशश्चन्दनाः ।
तद्धीना नरकादियोनिषु नरा दुःखं सहन्ते ध्रुवं
पापेनेति विजानता किमिति नो धर्मः सता सेव्यते ।।१७९।।

**અનુવાદ :** જેમનું યશરૂપી ચંદન સદા દિશાઓરૂપ સ્ત્રીઓના શરીરમાં સુશોભિત રહે છે અર્થાત્ જેમની કીર્તિ સમસ્ત દિશાઓમાં ફેલાયેલી છે એવા તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, નાગેન્દ્ર અને કૃષ્ણ (નારાયણ) આદિ પદ ધર્મથી જ પ્રાપ્ત થાય છે. ધર્મ રહિત મનુષ્ય નિશ્ચયથી પાપના પ્રભાવથી નરકાદિક દુર્ગતિઓમાં દુઃખ સહન કરે છે. આ વાતને જાણતા થકા સજ્જન પુરુષ ધર્મની આરાધના કેમ નથી કરતા? ૧૭૯.

(शार्दूलविक्रीडित)

स स्वर्गः सुखरामणीयकपदं ते ते प्रदेशाः पराः
सारा सा च विमानराजिरतुलप्रेङ्खत्पताकापटा।
ते देवाश्च पदातयः परिलसत्तन्नन्दनं ताः स्त्रियः
शक्रत्वं तदनिन्द्यमेतदखिलं धर्मस्य विस्फूर्जितम् ॥१८०॥

**અનુવાદ :** સુખ વડે રમણીયપણું પામેલ તે સ્વર્ગનું પદ, તે તે ઉત્કૃષ્ટ સ્થાન, લહેરાતા અનુપમ ધ્વજવસ્ત્રોથી સુશોભિત તે શ્રેષ્ઠ વિમાનપંક્તિ, તે દેવ, તે પાયદળ સૈનિકો, શોભાયમાન તે નંદનવન, તે સ્ત્રીઓ તથા તે અનિન્દ્ય ઈન્દ્રપદ; આ બધું ધર્મના પ્રકાશમાં પ્રાપ્ત થાય છે. ૧૮૦.

(शार्दूलविक्रीडित)

यत्षट्खण्डमही नवोरुनिधयो द्विःसप्तरत्नानि यत्
तुङ्गा यद्द्विरदा रथाश्च चतुराशीतिश्च लक्षाणि यत्।
यच्चाष्टादशकोटयश्च तुरगा योषित्सहस्त्राणि यत्।
षड्युक्ता नवतिर्यदेकविभुता तद्धर्मि धर्मप्रभोः ॥१८१॥

**અનુવાદ :** છ ખંડ (પૂર્ણ ભરત, ઐરાવત અથવા કચ્છા આદિ ક્ષેત્રે) રૂપ પૃથ્વીનો ઉપભોગ; મહાન નવનિધિ, બે વાર સાત (૭×૨) અર્થાત્ ચૌદ રત્ન, ઉન્નત ચોરાસી લાખ હાથી અને એટલા જ રથ, અઢાર કરોડ ઘોડા, છન્નુહજાર સ્ત્રીઓ અને એક છત્ર રાજ્ય; આ જે ચક્રવર્તીપણાની સંપત્તિ પ્રાપ્ત થાય છે તે બધી ધર્મપ્રભુના જ પ્રતાપે પ્રાપ્ત થાય છે. ૧૮૧.

(शार्दूलविक्रीडित)

धर्मो रक्षति रक्षितो ननु हतो हन्ति ध्रुवं देहिनां
हन्तव्यो न ततः स एव शरणं संसारिणां सर्वथा।
धर्मः प्रापयतीह तत्पदमपि ध्यायन्ति यद्योगिनो
नो धर्मात्सुहृदस्ति नैव च सुखी नो पण्डितो धार्मिकात् ॥१८२॥

**અનુવાદ :** જો ધર્મની રક્ષા કરવામાં આવે તો તે પણ ધર્માત્મા પ્રાણીની

નરકાદિથી રક્ષા કરે છે. એનાથી વિપરીત જો તે ધર્મનો ઘાત કરવામાં આવે તો તે પણ નિશ્ચયથી પ્રાણીઓનો ઘાત કરે છે અર્થાત્ તેમને નરકાદિ યોનિઓમાં પહોંચાડે છે. તેથી ધર્મનો ઘાત ન કરવો જોઈએ કારણ કે તે સંસારી પ્રાણીઓનું સર્વ પ્રકારે રક્ષણ કરનાર તે જ છે. ધર્મ અહીં તે (મોક્ષ) પદને પણ પ્રાપ્ત કરાવે છે કે જેનું ધ્યાન યોગીઓ કરતા રહે છે. ધર્મ સિવાય બીજો કોઈ મિત્ર (હિતેચ્છક) નથી તથા ધાર્મિક પુરુષની અપેક્ષાએ બીજો કોઈ ન તો સુખી હોઈ શકે અને ન પંડિત. ૧૮૨.

(શાર્દૂલવિક્રીડિત)

नानायोनिजलौघलङ्घितदिशि क्लेशोर्मिजालाकुले
प्रोद्‌भुताद्‌भुतभूरिकर्ममकरग्रासीकृतप्राणिनि ।
दुःपर्यन्तगभीरभीषणतरे जन्माम्बुधौ मज्ज्ञतां
नो धर्मादपरो ऽस्ति तारक इहाश्रान्तं यतध्वं बुधाः ।।१८३।।

**અનુવાદ :** જેણે અનેક યોનિરૂપ જળના સમૂહથી દિશાઓનું અતિક્રમણ કરી નાખ્યું છે, જે ક્લેશરૂપી લહેરોના સમૂહથી વ્યાપ્ત થઈ રહ્યો છે, જ્યાં પ્રાણી પ્રગટ થયેલ આશ્ચર્યજનક અનેક કર્મરૂપી મગરોના કોળિયા બની જાય છે, જેનો પાર ઘણી કઠિનતાથી પ્રાપ્ત કરી શકાય છે તથા જે ગંભીર અને અતિશય ભયાનક છે; એવા જન્મરૂપી સમુદ્રમાં ડૂબતા પ્રાણીઓનો ઉદ્ધાર કરનાર ધર્મ સિવાય બીજો કોઈ નથી. તેથી હે વિદ્વાનો! આપ નિરંતર ધર્મના વિષયમાં પ્રયત્ન કરો. ૧૮૩.

(શાર્દૂલવિક્રીડિત)

जन्मोच्चैःकुल एव संपदधिके लावण्यवारांनिधि-
र्नीरोगं वपुरादिरायुरखिलं धर्माद्ध्रुवं जायते ।
सा न श्रीरथवा जगत्सु न सुखं तत्ते न शुभ्रा गुणाः
यैरुत्कण्ठितमानसैरिव नरो नाश्रीयते धार्मिकः ।।१८४।।

**અનુવાદ :** નિશ્ચયથી ધર્મના પ્રભાવે અધિક સંપત્તિશાળી ઊંચ કુળમાં જ જન્મ થાય છે, સૌન્દર્યરૂપી સમુદ્ર પ્રાપ્ત થાય છે, નીરોગ શરીર આદિ પ્રાપ્ત થાય છે તથા આયુષ્ય પરિપૂર્ણ થાય છે અર્થાત્ અકાળ મરણ થતું નથી. અથવા સંસારમાં એવી કોઈ લક્ષ્મી નથી, એવું કોઈ સુખ નથી અને એવો કોઈ નિર્મળ ગુણ નથી કે જે

ઉત્કંઠાપૂર્વક ધાર્મિક પુરુષનો આશ્રય લેતા ન હોય. અભિપ્રાય એ છે કે ઉપર્યુક્ત સમસ્ત સુખની સામગ્રી એક માત્ર ધર્મથી જ પ્રાપ્ત થાય છે. માટે વિવેકી જીવોએ સદાય તે ધર્મનું આચરણ કરવું જોઈએ. ૧૮૪.

(શાર્દૂલવિક્રીડિત)

भृङ्गाः पुष्पितकेतकीमिव मृगा वन्यामिव स्वस्थलीं
नद्यः सिन्धुमिवाम्बुजाकरमिव श्वेतच्छदाः पक्षिणः ।
शौर्यत्यागविवेकविक्रमयशःसंपत्सहायादयः
सर्वे धार्मिकमाश्रयन्ति न हितं धर्मं विना किंचन ।।१८५।।

**અનુવાદ :** જેવી રીતે ભમરા ફૂલેલા કેતકી વૃક્ષનો આશ્રય લે છે, મૃગ જેવી રીતે પોતાના જંગલી સ્થાનનો આશ્રય લે છે, નદીઓ જેવી રીતે સમુદ્રનો સહારો લે છે અને જેવી રીતે હંસ પક્ષી સરોવરનું આલંબન લે છે; તેવી જ રીતે વીરતા, ત્યાગ, વિવેક, પરાક્રમ, કીર્તિ, સંપત્તિ અને સહાયક આદિ બધું ધાર્મિક પુરુષનો આશ્રય લે છે. બરાબર છે–ધર્મ સિવાય બીજું કોઈ પ્રાણીને હિતકારક નથી. ૧૮૫.

(શાર્દૂલવિક્રીડિત)

सौभागीयसि कामिनीयसि सुतश्रेणीयसि श्रीयसि
प्रासादीयसि यत्सुखीयसि सदा रूपीयसि प्रीयसि ।
यद्वानन्तसुखामृतम्बुधिपरस्थानीयसीह ध्रुवं
निर्धूताखिलदुःखदापदि सुहृद्धर्मे मतिर्धार्यताम् ।।१८६।।

**અનુવાદ :** હે મિત્ર! જો તમે અહીં સૌભાગ્યની ઈચ્છા રાખતા હો, સુંદર સ્ત્રીની ઈચ્છા રાખતા હો, પુત્રોની ઈચ્છા કરતા હો, લક્ષ્મીની ઈચ્છા કરતા હો, મહેલની ઈચ્છા કરતા હો, સુખની ઈચ્છા કરતા હો, સુંદર રૂપની ઈચ્છા કરતા હો, પ્રીતિની ઈચ્છા કરતા હો અથવા જો અનંત સુખરૂપ અમૃતના સમુદ્ર જેવા ઉત્તમ સ્થાન (મોક્ષ)ની ઈચ્છા રાખતા હો તો નિશ્ચયથી સમસ્ત દુઃખદાયક આપત્તિઓનો નાશ કરનાર ધર્મમાં તમારી બુદ્ધિ જોડો. ૧૮૬.

(શાર્દૂલવિક્રીડિત)

संछन्नं कर्मलैर्मरावपि सरः सौधं वने ऽप्युन्नतं
कामिन्यो गिरिमस्तके ऽपि सरसाः साराणि रत्नानि च ।

जायन्ते ऽपि च लेप [प्य] काष्ठघटिताः सिद्धिप्रदा देवताः
घर्मश्चेदिह वाञ्छितं तनुभृतां किं किं न संपद्यते ॥१८७॥

**અનુવાદ :** ધર્મના પ્રભાવથી મરુભૂમિમાં પણ કમળોથી વ્યાપ્ત સરોવર પ્રાપ્ત થઈ જાય છે, જંગલમાં પણ ઉન્નત મહેલ બની જાય છે, પર્વતના શિખર પર પણ આનંદોત્પાદક સ્ત્રીઓ અને શ્રેષ્ઠ રત્ન પણ પ્રાપ્ત થઈ જાય છે. એ સિવાય ઉક્ત ધર્મના જ પ્રભાવથી ભીંત ઉપર અથવા લાકડામાંથી બનાવેલ દેવતા પણ સિદ્ધિદાયક થાય છે. બરાબર છે–ધર્મ અહીં પ્રાણીઓને ક્યા ક્યા ઈષ્ટ પદાર્થ પ્રાપ્ત કરાવતો નથી? બધું જ પ્રાપ્ત કરાવે છે. ૧૮૭.

(वसंततिलका)

दूरादभीष्टभिगच्छति पुण्ययोगात्
पुण्याद्विना करतलस्थमपि प्रयाति ।
अन्यत्परं प्रभवतीह निमित्तमात्रं
पात्रं बुधा भवत निर्मलपुण्यराशेः ॥१८८॥

**અનુવાદ :** પુણ્યના યોગથી અહીં દૂરવર્તી ઈષ્ટ પદાર્થ પણ પ્રાપ્ત થઈ જાય છે અને પુણ્ય વિના હાથમાં રહેલા પદાર્થ પણ ચાલ્યા જાય છે. બીજા પદાર્થ તો કેવળ નિમિત્તમાત્ર થાય છે. તેથી હે પંડિતજનો! નિર્મળ પુણ્ય રાશિના ભાજન થાવ, અર્થાત્ પુણ્યનું ઉપાર્જન કરો. ૧૮૮.

(शार्दूलविक्रीडित)

कोप्यन्धोऽपि सुलोचनो ऽपि जरसा ग्रस्तो ऽपि लावण्यवान्
निःप्राणोऽपि हरिर्विरूपतनुरप्याधुष्यते मन्मथः ।
उद्योगोज्झितचेष्टितोऽपि नितरामालिङ्ग्यते च श्रिया
पुण्यादन्यमपि प्रशस्तमखिलं जायेत यद्दुर्घटम् ॥१८९॥

**અનુવાદ :** પુણ્યના પ્રભાવથી કોઈ આંધળું પ્રાણી પણ નિર્મળ નેત્રોનું ધારક થઈ જાય છે, વૃદ્ધાવસ્થા યુક્ત મનુષ્ય પણ લાવણ્યયુક્ત (સુંદર) થઈ જાય છે, નિર્બળ પ્રાણી પણ સિંહ જેવું બળવાન બની જાય છે, વિકૃત શરીરવાળો પણ કામદેવ સમાન સુંદર ગણવામાં આવે છે તથા ઉદ્યોગહીન ચેષ્ટાવાળો જીવ પણ લક્ષ્મી દ્વારા ગાઢપણે

આલિંગાય છે અર્થાત્ ઉદ્યોગ રહિત મનુષ્ય પણ અત્યંત સંપત્તિવાન્ બની જાય છે. જે કોઈ પ્રશંસનીય અન્ય સમસ્ત પદાર્થ અહીં દુર્લભ ગણાય છે તે બધા પુણ્યના ઉદયથી પ્રાપ્ત થઈ જાય છે. ૧૮૯.

(शार्दूलविक्रीडित)

**बन्धस्कन्धसमाश्रितां सृणिभृतामारोहकाणामलं**
**पृष्ठे भारसमर्पणं कृतवतां संचालनं ताडनम् ।**
**दुर्वाचं वदतामपि प्रतिदिनं सर्वं सहन्ते गजा**
**निःस्थाम्नां बलिनो ऽपि यत्तदखिलं दुष्टो विधिश्चेष्टते ।।१९०।।**

**અનુવાદ :** જે મહાવત હાથીને બાંધીને તેના સ્કંધ (કાંધ) ઉપર બેસે છે, અંકુશ ધારણ કરે છે, પીઠ ઉપર ભારે બોજો લાદે છે, સંચાલન અને તાડન કરે છે, તથા દુષ્ટ વચનો પણ બોલે છે, એવા તે પરાક્રમહીન મહાવતોના સમસ્ત દુર્વ્યવહારને પણ જે હાથી બળવાન હોવા છતાં પણ પ્રતિદિન સહન કરે છે એ બધી દુર્દૈવની લીલા છે, અર્થાત્ એને પાપકર્મનું જ ફળ સમજવું જોઈએ. ૧૯૦.

(शार्दूलविक्रीडित)

**सर्पो हारलता भवत्यसिलता सत्पुष्पदामायते**
**संपद्येत रसायनं विषमपि प्रीतिं विधत्ते रिपुः ।**
**देवा यान्ति वशं प्रसन्नमनसः किं वा बहु ब्रूमहे**
**धर्मो यस्य नभोऽपि तस्य सततं रत्नैः परैर्वर्षति ।।१९१।।**

**અનુવાદ :** ધર્માત્મા પ્રાણીને ઝેરી સાપ હાર બની જાય છે, તલવાર સુંદર ફૂલોની માળા બની જાય છે, ઝેર પણ ઉત્તમ ઔષધિ બની જાય છે, શત્રુ પ્રેમ કરવા માંડે છે અને દેવ પ્રસન્નચિત્ત થઈને આજ્ઞાકારી થઈ જાય છે. ઘણું શું કહેવું? જેની પાસે ધર્મ હોય તેની ઉપર આકાશ પણ નિરંતર રત્નોની વર્ષા કરે છે. ૧૯૧.

(शार्दूलविक्रीडित)

**उग्रग्रीष्मरविप्रतापदहनज्वालाभितप्तश्चिरं**
**यः पित्तप्रकृतिर्मरौ मृदुतरः पान्थः पथा पीडितः ।**

तद् द्राग्लब्धहिमाद्रिकुञ्जरचितप्रोद्दामयन्त्रोल्लसद्-
धारावेश्मसमो हि संसृतिपथे धर्मो भवेद्देहिनः ।।१९२।।

**અનુવાદ :** મરુભૂમિ (મારવાડ)માં ચાલનાર જે પિત્તપ્રકૃતિવાળો સુકુમાર મુસાફર ગ્રીષ્મ ઋતુના તીક્ષ્ણ સૂર્યના પ્રકૃષ્ટ તાપરૂપ અગ્નિની જ્વાળાથી સંતપ્ત થઈને લાંબા સમયથી માર્ગના શ્રમથી પીડા પામ્યો છે તેને જેમ તરત જ હિમાલયની લત્તાઓથી બનેલ અને ઉત્કૃષ્ટ ફુવારાઓથી શોભાયમાન ધારાગૃહ પ્રાપ્ત થતાં અપૂર્વ સુખનો અનુભવ થાય છે તેવી જ રીતે સંસારમાર્ગમાં ચાલતા પ્રાણીને ધર્મથી અભૂતપૂર્વ સુખનો અનુભવ થાય છે. ૧૯૨.

(शार्दूलविक्रीडित)

संहारोग्रसमीरसंहतिहतप्रोद्भूतनीरोल्लसत्-
तुङ्गोर्मिभ्रमितोरुनक्रमकरग्राहादिभिर्भीषणे ।
अम्भोधौ विधुतोग्रबाडवशिखिज्वालाकराले पत-
ज्जन्तोःखे ऽपि विमानमाशु कुरुते धर्मः समालम्बनम् ।।१९३।।

**અનુવાદ :** જે સમુદ્ર ઘાતક તીક્ષ્ણ વાયુ (પ્રલય પવન)ના સમૂહથી આઘાત પામીને જળમાં ઉત્પન્ન થનાર ઉન્નત લહરીઓથી આમતેમ ઉછળતા નક્ર, મગર અને ગ્રાહ આદિ હિંસક જળજંતુઓથી ભય ઉત્પન્ન કરનાર છે તથા કંપિત તીક્ષ્ણ વાડવાગ્નિની જ્વાળાથી ભયાનક છે એવા તે સમુદ્રમાં પડતા જીવોને ધર્મ શીઘ્રતાથી આકાશમાં પણ આલંબનભૂત વિમાન કરી દે છે. ૧૯૩.

(स्रग्धरा)

उह्यन्ते ते शिरोभिः सुरपतिभिरपि स्तूयमानाः सुरौघै-
र्गीयन्ते किन्नरीभिर्ललितपदलसद्गीतिभिर्भक्तिरागात् ।
बम्भ्रम्यन्ते च तेषां दिशि दिशि विशदाः कीर्तयः का न वा स्यात्
लक्ष्मीस्तेषु प्रशस्ता विदधति मनुजा ये सदा धर्ममेकम् ।।१९४।।

**અનુવાદ :** જે મનુષ્ય સદા અદ્વિતીય ધર્મનો આશ્રય લે છે તેમને ઈન્દ્રો

પણ મસ્તક ઉપર ધારણ કરે છે, દેવોનો સમૂહ તેમની સ્તુતિ કરે છે, કિન્નરીઓ લલિત પદોથી શોભાયમાન ગીતો દ્વારા તેમના ભક્તિપૂર્વક ગુણગાન કરે છે તથા તેમનો યશ પ્રત્યેક દિશામાં વારંવાર ભ્રમણ કરે છે અર્થાત્ તેમની કીર્તિ બધી જ દિશામાં ફેલાઈ જાય છે. અથવા તેમને કઈ પ્રશસ્ત લક્ષ્મી પ્રાપ્ત થતી નથી? અર્થાત્ તેમને બધા જ પ્રકારની શ્રેષ્ઠ લક્ષ્મી પ્રાપ્ત થઈ જાય છે. ૧૯૪.

(शार्दूलविक्रीडित)

**धर्मः श्रीवशमन्त्र ऐष परमो धर्मश्च कल्पद्रुमो**
**धर्मः कामगवीप्सितप्रदमणिर्धर्मः परं दैवतम् ।**
**धर्मः सौख्यपरंपरामृतनदीसंभूतिसत्पर्वतो**
**धर्मो भ्रातरुपास्यतां किमपरैः क्षुद्रैरसत्कल्पनैः ।।१९५।।**

**અનુવાદ :** આ ઉત્કૃષ્ટ ધર્મ લક્ષ્મીને વશ કરવા માટે વશીકરણ મન્ત્ર સમાન છે, આ ધર્મ કલ્પવૃક્ષ સમાન ઈચ્છિત પદાર્થ આપનાર છે, તે કામધેનુ અથવા ચિન્તામણિ સમાન ઈષ્ટ વસ્તુઓનું પ્રદાન કરનાર છે, તે ધર્મ ઉત્તમ દેવ સમાન છે તથા તે ધર્મ સુખપરંપરારૂપ અમૃતની નદી ઉત્પન્ન કરનાર ઉત્તમ પર્વત સમાન છે. તેથી હે ભાઈ! તમે બીજી તુચ્છ મિથ્યા કલ્પનાઓ છોડીને તે ધર્મની આરાધના કરો. ૧૯૫.

(शार्दूलविक्रीडित)

**आस्तामस्य विधानतः पथि गतिर्धर्मस्य वार्तापि यैः**
**श्रुत्वा चेतसि धार्यते त्रिभुवने तेषां न काः संपदः ।**
**दूरे सज्जलपानमज्जनसुखं शीतैः सरोमारुतैः**
**प्राप्तं पद्मरजः सुगन्धिभिरपि श्रान्तं जनं मोदयेत् ।।१९६।।**

**અનુવાદ :** આ ધર્મના અનુષ્ઠાનથી જે મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થાય છે તે તો દૂર રહો, પરંતુ જે મનુષ્ય તે ધર્મની વાત પણ સાંભળીને ચિત્તમાં ધારણ કરે છે તેમને ત્રણ લોકમાં કઈ સંપત્તિઓ પ્રાપ્ત થતી નથી? યોગ્ય જ છે. ઉત્તમ જળ પીવા અને તેમાં સ્નાન કરવાથી પ્રાપ્ત થનારૂં સુખ તો દૂર રહો, પરંતુ તળાવના શીતળ

અને સુગંધી વાયુ દ્વારા પ્રાપ્ત થતી કમળની રજ પણ થાકેલા મનુષ્યને આનંદિત બનાવી દે છે. ૧૯૬.

(वसंततिलका)

यत्पादपङ्कजरजोभिरपि प्रणामात्
लग्नैः शिरस्यमलबोधकलावतारः ।
भव्यात्मनां भवति तत्क्षणमेव मोक्षं
स श्रीगुरुर्दिशतु मे मुनिवीरनन्दी ॥१९७॥

**અનુવાદ :** નમસ્કાર કરતી વખતે મસ્તકમાં લાગેલ જેમના ચરણ-કમળોની ધૂળથી ભવ્ય જીવોને તત્કાળ જ નિર્મળ સમ્યગ્જ્ઞાનરૂપ કળાની પ્રાપ્તિ થાય છે તે શ્રીમુનિ વીરનન્દી ગુરુ મને મોક્ષ પ્રદાન કરો. ૧૯૭.

(वसंततिलका)

दत्तानन्दपारसंसृतिपथश्रान्तश्रमच्छेदकृत्
प्रायो दुर्लभमत्र कर्णपुटकैर्भव्यात्मभिः पीयताम् ।
निर्यातं मुनिपद्मनन्दिवदनप्रालेयरश्मेः परं
स्तोकं यद्यपि सारताधिकमिदं धर्मोपदेशामृतम् ॥१९८॥

इति धर्मोपदेशामृतं समाप्तम् ॥२॥

**અનુવાદ :** જે ધર્મોપદેશરૂપ અમૃત આનંદ આપનાર છે, અપાર સંસારના માર્ગમાં થાકેલા મુસાફરનો પરિશ્રમ દૂર કરનાર છે તથા ઘણું દુર્લભ છે, તેને ભવ્ય જીવ કાનોરૂપ અંજલિથી પીઓ અર્થાત્ કાનો દ્વારા તેનું શ્રવણ કરો. મુનિ પદ્મનન્દિના મુખરૂપ ચંદ્રમાંથી નીકળેલ આ ઉપદેશામૃત જો કે અલ્પ છે તોપણ શ્રેષ્ઠતાની અપેક્ષાએ તે અધિક છે.

**વિશેષાર્થ :** જેમ અમૃતનું પાન કરવાથી પથિકનો માર્ગનો થાક દૂર થઈ જાય છે અને તેને અતિશય આનંદ પ્રાપ્ત થાય છે તેવી જ રીતે આ ધર્મોપદેશ સાંભળવાથી ભવ્ય જીવોના સંસાર પરિભ્રમણનું દુઃખ દૂર થઈ જાય છે અને તેમને અનંત સુખનો લાભ થાય

છે. જેવી રીતે અમૃત દુર્લભ છે તેવી જ રીતે આ ઉપદેશ પણ દુર્લભ છે. અમૃત જો ચંદ્રમાંથી ઉત્પન્ન થાય છે તો આ ઉપદેશ તે ચન્દ્રમા સમાન મુનિ પદ્મનન્દીના મુખમાંથી ઉત્પન્ન થયો છે તથા જેમ અમૃત થોડું હોય તોપણ તે અધિક લાભકારી થાય છે તેવી જ રીતે જ આ ગ્રંથપ્રમાણની અપેક્ષાએ આ ઉપદેશ જો કે થોડો છે છતાં પણ તે લાભપ્રદ અધિક છે. આ રીતે આ ઉપદેશને અમૃત સમાન હિતકારી જાણીને ભવ્ય જીવોએ તેનુ નિરન્તર મનન કરવું જોઈએ. ૧૯૮.

**આ રીતે ધર્મોપદેશામૃત સમાપ્ત થયું. ૧.**

સહજ ચિદાનંદ.

# ૨. દાનનો ઉપદેશ

## [૨. दानोपदेशम् ]

(वसंततिलका)

जीयाज्जिनो जगति नाभिनरेन्द्रसूनुः
श्रेयो नृपश्च कुरुगोत्रगृहप्रदीपः ।
याभ्यां बभूवतुरिह व्रतदानतीर्थे
सारक्रमे परमधर्मरथस्य चक्रे ॥१॥

**અનુવાદ :** જેમના દ્વારા ઉત્તમ રીતે ચાલનારા શ્રેષ્ઠ ધર્મરૂપી રથના ચક્ર સમાન વ્રત અને દાનરૂપ બે તીર્થ અહીં પ્રગટ થયા છે તે નાભિરાજાના પુત્ર આદિ જિનેન્દ્ર અને કુરુવંશરૂપ ગૃહના દીપક સમાન રાજા શ્રેયાંસ પણ જયવંત હો.

**વિશેષાર્થ :** આ ભરત ક્ષેત્રમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય કાળમાં ભોગભૂમિની અવસ્થા હોય છે. તે સમયે આર્ય કહેવાતા પુરુષો અને સ્ત્રીઓમાં ન તો વિવાહાદિ સંસ્કાર હતા કે ન વ્રતાદિક તેઓ દસ પ્રકારના કલ્પવૃક્ષોમાંથી પ્રાપ્ત થયેલી સામગ્રી દ્વારા યથેચ્છ ભોગ ભોગવતા થકા કાળ નિર્ગમન કરતા હતા, કાળક્રમે જ્યારે તૃતીય કાળમાં પલ્યનો આઠમો ભાગ $\frac{૧}{૮}$ બાકી રહ્યો ત્યારે તે કલ્પવૃક્ષોની દાનશક્તિ ક્રમશઃ ક્ષીણ થવા લાગી હતી. તેથી જે સમયે તે આર્યોને મુશ્કેલીઓનો અનુભવ થયો તેને યથાક્રમે ઉત્પન્ન થનાર પ્રતિશ્રુતિ આદિ ચૌદ કુલકરોએ દૂર કર્યો હતો. તેમાં અંતિમ કુલકર નાભિરાજ હતા. પ્રથમ તીર્થંકર ભગવાન આદિનાથ તેમના જ પુત્ર હતા. અત્યાર સુધી જે વ્રતોનો પ્રચાર નહોતો તેને ભગવાન આદિનાથે પોતે જ પાંચ મહાવ્રતોનું ગ્રહણ કરીને પ્રચલિત કર્યો. એ જ પ્રમાણે અત્યાર સુધી કોઈને દાનવિધિનું પણ પરિજ્ઞાન નહોતું. એ જ કારણે છ માસના ઉપવાસ પરિપૂર્ણ કરીને ભગવાન આદિ જિનેન્દ્રને પારણાના નિમિત્તે બીજા પણ છ માસ પર્યંત ઘૂમવું પડ્યું. અંતે રાજા શ્રેયાંસને જાતિસ્મરણ દ્વારા આહાર-દાનની વિધિનું પરિજ્ઞાન થયું.

તે પ્રમાણે ત્યારે તેણે ભક્તિપૂર્વક ભગવાન આદિનાથને શેરડીના રસનો આહાર આપ્યો. બસ અહીંથી આહારાદિ દાનોની વિધિનો પણ પ્રચાર શરૂ થઈ ગયો. આ રીતે ભગવાન આદિનાથે વ્રતોનો પ્રચાર કરીને તથા શ્રેયાંસ રાજાએ દાનવિધિનો પણ પ્રચાર કરીને જગતનું કલ્યાણ કર્યું છે. તેથી ગ્રંથકાર શ્રી પદ્મનંદી મુનિએ અહીં તીર્થના પ્રવર્તક સ્વરૂપે ભગવાન આદિ જિનેન્દ્રનું તથા દાનતીર્થના પ્રવર્તક સ્વરૂપે શ્રેયાંસ રાજાનું સ્મરણ કર્યું છે. ૧.

(शार्दूलविक्रीडित)

**श्रेयोभिधस्य नृपतेः शरदभ्रशुभ्र-**
**भ्राम्यद्यशोभृतजगत्त्रितयस्य तस्य ।**
**किं वर्णयामि ननु सद्मनि यस्य भुक्तं**
**त्रैलोक्यवन्दितपदेन जिनेश्वरेण ।।२।।**

**અનુવાદ :** જે શ્રેયાંસ રાજાને ઘેર ત્રણે લોકોથી વન્દિત ચરણોવાળા ભગવાન ઋષભદેવ જિનેન્દ્રે આહાર ગ્રહણ કર્યો અને તેથી જેનો શરદઋતુના વાદળા સમાન ધવળ યશ ત્રણે લોકમાં ફેલાયો તે શ્રેયાંસ રાજાનું કેટલું વર્ણન કરવું? ૨.

(शार्दूलविक्रीडित)

**श्रेयान् नृपो जयति यस्य गृहे तदा खादेकाद्यमुनिपुंगवपारणायाम् ।**
**सा रत्नवृष्टिरभवज्जगदेकचित्रहेतुर्यया वसुमतीत्वमिता धरित्री ।।३।।**

**અનુવાદ :** જે શ્રેયાંસ રાજાને ઘેર ઈન્દ્રાદિકો દ્વારા વન્દનીય એક પ્રથમ મુનિપુંગવ (તીર્થંકર)ના આહાર લેવાના સમયે લોકોને અભૂતપૂર્વ આશ્ચર્યમાં નાખનારી આકાશમાંથી તે રત્નવૃષ્ટિ થઈ કે જેના દ્વારા આ પૃથ્વી ‘વસુમતી (ધનવાળી)’ એવી સાર્થક સંજ્ઞા પામી હતી; તે શ્રેયાંસ રાજા જયવંત હો.

**વિશેષાર્થ :** આ આગમમાં સારી રીતે પ્રસિદ્ધ છે કે જેના ઘેર કોઈ તીર્થંકરનું પ્રથમ પારણું થાય છે તેમને ત્યાં પાંચ આશ્ચર્ય થાય છે. (૧) રત્નવર્ષા (૨) દુંદુભીવાદન (૩) જય જય શબ્દનો પ્રસાર (૪) સુગંધી વાયુનો સંચાર અને (૫) પુષ્પોની વર્ષા. (જુઓ તિ. પ. ગાથા ૪, ૬૭૧ થી ૬૭૪). તે પ્રમાણે ભગવાન આદિનાથે જ્યારે રાજા શ્રેયાંસને ઘેર પ્રથમ પારણું કર્યું હતું. ત્યારે તેના ઘરમાં પણ રત્નોનો વરસાદ વરસ્યો હતો. તેનો જ નિર્દેશ અહીં શ્રી પદ્મનંદી મુનિએ કર્યો છે. ૩.

(શાર્દૂલવિક્રીડિત)

**प्राप्तेऽपि दुर्लभतरेऽपि मनुष्यभावे**
**स्वप्नेन्द्रजालसदृशेऽपि हि जीवितादौ ।**
**ये लोभकूपकुहरे पतिताः प्रवक्ष्ये**
**कारुण्यतः खलु तदुद्धरणाय किंचित् ॥४॥**

**અનુવાદ :** જે મનુષ્ય પર્યાય અતિશય દુર્લભ છે તે પ્રાપ્ત થવા છતાં પણ તથા જીવન આદિ સ્વપ્ન અને ઈન્દ્રજાળ સમાન વિનશ્વર હોવા છતાં પણ જે પ્રાણી લોભરૂપ અંધકારયુક્ત કૂવામાં પડેલા છે તેમના ઉદ્ધાર માટે દયાળુ બુદ્ધિથી અહીં કેટલુંક દાનનું વર્ણન કર્યું છે. ૪.

(શાર્દૂલવિક્રીડિત)

**कान्तात्मजद्रविणमुख्यपदार्थसार्थप्रोत्थातिघोरघनमोहमहासमुद्रे ।**
**पोतायते गृहिणि सर्वगुणाधिकत्वाद्दानं परं परमसात्त्विकभावयुक्तम् ॥५॥**

**અનુવાદ :** જે ગૃહસ્થ જીવન સ્ત્રી, પુત્ર અને ધન આદિ પદાર્થોના સમૂહથી ઉત્પન્ન થયેલ અત્યંત ભયાનક અને વિસ્તૃત મોહના વિશાળ સમુદ્ર સમાન છે તે ગૃહસ્થ જીવનમાં ઉત્તમ સાત્ત્વિક ભાવથી આપવામાં આવેલું ઉત્કૃષ્ટ દાન સમસ્ત ગુણોમાં શ્રેષ્ઠ હોવાથી નૌકાનું કામ કરે છે.

**વિશેષાર્થ :** આ ગૃહસ્થ જીવનમાં પ્રાણીને, સ્ત્રી, પુત્ર અને ધન આદિથી સદા મોહ રહ્યા કરે છે; કે જેથી તે અનેક પ્રકારના આરંભોમાં પ્રવૃત્ત થઈને પાપનો સંચય કર્યા કરે છે. આ પાપને નષ્ટ કરવાનો જો તેની પાસે કોઈ ઉપાય હોય તો તે દાન જ છે. આ દાન સંસારરૂપી સમુદ્રથી પાર થવાને માટે જહાજ સમાન છે. ૫.

(શાર્દૂલવિક્રીડિત)

**नानाजनाश्रितपरिग्रहसंभृतायाः**
**सत्पात्रदानविधिरेव गृहस्थतायाः ।**
**हेतुः परः शुभगतेर्विषमे भवेऽस्मिन्**
**नावः समुद्र इव कर्मठकर्णधारः ॥६॥**

**અનુવાદ :** આ વિષમ સંસારમાં જુદા જુદા કુટુંબી આદિ જનોના આશ્રયે પરિગ્રહથી પરિપૂર્ણ એવી ગૃહસ્થ અવસ્થાના શુભ પ્રવર્તનનું કારણ એક માત્ર સત્પાત્રદાનની વિધિ જ છે જેમ સમુદ્રથી પાર થવા માટે ચતુર નાવિકથી સંચાલિત નાવ કારણ છે.

**વિશેષાર્થ :** જે દાન દેવાને યોગ્ય છે તેને પાત્ર કહેવાય છે. તે ઉત્તમ, મધ્યમ અને જઘન્યના ભેદથી ત્રણ પ્રકારના છે. એમાં સકળ ચારિત્ર (મહાવ્રત) ધારણ કરનાર મુનિને ઉત્તમ પાત્ર, વિકળ ચારિત્ર (દેશવ્રત) ધારણ કરનાર શ્રાવકને મધ્યમ પાત્ર અને વ્રતરહિત સમ્યગ્દ્રષ્ટિને જઘન્ય પાત્ર સમજવા જોઈએ. આ પાત્રોને જો મિથ્યાદ્રષ્ટિ જીવ આહારાદિ આપે છે તો તે યથાક્રમે (ઉત્તમ પાત્ર આદિ અનુસાર) ઉત્તમ, મધ્યમ અને જઘન્ય ભોગભૂમિના સુખ ભોગવીને ત્યાર પછી યથા સંભવ દેવપર્યાયને પ્રાપ્ત કરે છે, પણ જો ઉપર્યુક્ત પાત્રોને જ સમ્યગ્દ્રષ્ટિ જીવ આહાર આદિ આપે છે તો તે નિયમથી ઉત્તમ દેવોમાં જ ઉત્પન્ન થાય છે. કારણ એ છે કે સમ્યગ્દ્રષ્ટિ જીવને એક માત્ર દેવાયુનો જ બંધ થાય છે. આમના સિવાય જે જીવ સમ્યગ્દર્શનથી રહિત હોવા છતાં પણ વ્રતોનું પરિપાલન કરે છે તે કુપાત્ર કહેવાય છે. કુપાત્રદાનના પ્રભાવથી પ્રાણી કુભોગભૂમિઓ (અંતરદ્વીપો)માં કુમનુષ્ય તરીકે ઉત્પન્ન થાય છે. જે પ્રાણી ન તો સમ્યગ્દ્રષ્ટિ છે, અને ન વ્રતોનું પણ પાલન કરે છે તે અપાત્ર કહેવાય છે અને એવા અપાત્રને આપવામાં આવેલું દાન વ્યર્થ જાય છે–તેનું કોઈ ફળ પ્રાપ્ત થતું નથી જેમ કે ઉજ્જડ ભૂમિમાં વાવેલું બીજ. એટલું અવશ્ય છે કે અપાત્ર હોવા છતાં પણ જે પ્રાણી વિકલાંગ (લંગડા, આંધળા વગેરે) અથવા અસહાય છે તેમને દયાપૂર્વક આપવામાં આવેલું દાન (દયાદત્તિ) વ્યર્થ નથી જતું. પરંતુ તેનાથી ય યથાયોગ્ય પુણ્ય કર્મનો બંધ અવશ્ય થાય છે. ૬.

(वसंततिलका)

**आयासकोटिभिरुपार्जितमङ्गजेभ्यो**
**यज्जीवितादपि निजाद्दयितं जनानाम् ।**
**वित्तस्य तस्य सुगतिः खलु दानमेक-**
**मन्या विपत्तय इति प्रवदन्ति सन्तः ॥७॥**

**અનુવાદ :** કરોડો પરિશ્રમોથી સંચિત કરેલું જે ધન પ્રાણીઓને પુત્રો અને પોતાના પ્રાણોથી પણ અધિક પ્રિય લાગે છે તેનો સદુપયોગ કેવળ દાન દેવામાં જ થાય છે, એનાથી વિરુદ્ધ દુર્વ્યસનાદિમાં તેનો ઉપયોગ કરવાથી પ્રાણીને કષ્ટ જ ભોગવવા પડે છે; એવું સાધુજનોનું કહેવું છે. ૭.

(वसंततिलका)

भुक्त्यादिभिः प्रतिदिनं गृहिणो न सम्यङ्-
नष्टा रमापि पुनरेति कदाचिदत्र ।
सत्पात्रदानविधिना तु गताप्युदेति
क्षेत्रस्थबीजमिव कोटिगुणं वटस्थ ॥८॥

**અનુવાદ :** લોકમાં પ્રતિદિન ભોજન આદિ દ્વારા નાશ પામેલી ગૃહસ્થની લક્ષ્મી (સંપત્તિ) અહીં ફરીથી કદી પણ પ્રાપ્ત થતી નથી. પરંતુ ઉત્તમ પાત્રોને આપવામાં આવેલ દાનની વિધિથી વ્યય પામેલી સંપત્તિ ફરીથી પણ પ્રાપ્ત થઈ જાય છે. જેમ ઉત્તમ ભૂમિમાં વાવેલું વડવૃક્ષનું બીજ કરોડગણું ફળ આપે છે. ૮.

(वसंततिलका)

यो दत्तवानिह मुमुक्षुजनाय भुक्तिं
भक्त्याश्रितः शिवपथे न धृतः स एव ।
आत्मापि तेन विदधत्सुरसद्म नून-
मुच्चैः पदं व्रजति तत्सहितोऽपि शिल्पी ॥९॥

**અનુવાદ :** જે શ્રાવકે અહીં મોક્ષાભિલાષી મુનિને ભક્તિપૂર્વક આહાર આપ્યો છે તેણે કેવળ તે મુનિને જ મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત નથી કર્યા પણ પોતાની જાતને પણ તેણે મોક્ષમાર્ગમાં લગાવી છે. બરાબર જ છે–મંદિર બનાવનાર કારીગર પણ નિશ્ચયથી તે મંદિરની સાથે જ ઊંચા સ્થાન ઉપર ચાલ્યો જાય છે.

**વિશેષાર્થ :** જેમ દેવાલયને બનાવનાર કારીગર જેમ જેમ દેવાલય ઊંચું થતું જાય છે તેમ તેમ તે પણ ઊંચા સ્થાને ચઢતો જાય છે. બરાબર એવી જ રીતે મુનિને ભક્તિપૂર્વક આહાર આપનાર ગૃહસ્થ પણ ઉક્ત મુનિની સાથે જ મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થઈ જાય છે. ૯.

(वसंततिलका)

यः शाकपिण्डमपि भक्तिरसानुविद्ध-
बुद्धिः प्रयच्छति जनो मुनिपुंगवाय ।
स स्यादनन्तफलभागथ बीजमुप्तं
क्षेत्रे न किं भवति भूरि कृषीवलस्य ॥१०॥

**અનુવાદ :** ભક્તિરસથી અનુરંજિત બુદ્ધિવાળો જે ગૃહસ્થ શ્રેષ્ઠ મુનિને શાકનો આહાર પણ આપે છે તે અનંત ફળ ભોગવનાર થાય છે. યોગ્ય છે–ઉત્તમ ખેતરમાં વાવેલું બીજ શું ખેડૂતને ઘણું ફળ નથી આપતું? અવશ્ય આપે છે. ૧૦.

(वसंततिलका)

साक्षान्मनोवचनकायविशुद्धिशुद्धः
पात्राय यच्छति जनो ननु भुक्तिमात्रम् ।
यस्तस्य संसृतिसमुत्तरणैकबीजे
पुण्ये हरिर्भवति सोऽपि कृताभिलाषः ॥११॥

**અનુવાદ :** મન, વચન અને કાયાની શુદ્ધિથી વિશુદ્ધ થયેલ જે મનુષ્ય સાક્ષાત્ પાત્ર (મુનિ આદિ)ને કેવળ આહાર જ આપે છે તેના સંસારથી પાર ઉતારવામાં અદ્વિતીય કારણસ્વરૂપ પુણ્યના વિષયમાં તે ઈન્દ્ર પણ અભિલાષા યુક્ત હોય છે. અભિપ્રાય એમ છે કે એનાથી જે તેને પુણ્યની પ્રાપ્તિ થવાની છે તેને ઈન્દ્ર પણ ઈચ્છે છે. ૧૧.

(वसंततिलका)

मोक्षस्य कारणमभिष्टुतमत्र लोके
तद्धार्यते मुनिभिरङ्गबलात्तदन्नात् ।
तद्दीयते च गृहिणा गुरुभक्तिभाजा
तस्माद्धृतो गृहिजनेन विमुक्तिमार्गः ॥१२॥

**અનુવાદ :** લોકમાં મોક્ષના કારણભૂત જે રત્નત્રયની સ્તુતિ કરવામાં આવે છે તે મુનિઓ દ્વારા શરીરની શક્તિથી ધારણ કરવામાં આવે છે, તે શરીરની શક્તિ ભોજનથી પ્રાપ્ત થાય છે અને તે ભોજન અતિશય ભક્તિપૂર્વક ગૃહસ્થ દ્વારા આપવામાં આવે છે. એ જ કારણે વાસ્તવમાં તે મોક્ષમાર્ગ ગૃહસ્થોએ જ ધારણ કર્યો છે. ૧૨.

(वसंततिलका)

नानागृहव्यतिकरार्जितपापपुञ्जैः
खञ्जीकृतानि गृहिणो न तथा व्रतानि ।
उच्चैः फलं विदधतीह यथैकदापि
प्रीत्यातिशुद्धमनसा कृतपात्रदानम् ॥१३॥

**અનુવાદ :** લોકમાં અત્યંત વિશુદ્ધ મનવાળા ગૃહસ્થદ્વારા પ્રીતિપૂર્વક પાત્રને એક વાર પણ આપવામાં આવેલું દાન જેવું ઉન્નત ફળ આપે છે તેવું ફલ ગૃહની અનેક ઝંઝટોથી ઉત્પન્ન થયેલ પાપ સમૂહો દ્વારા કૂબડા અર્થાત્ શક્તિહીન કરવામાં આવેલા ગૃહસ્થના વ્રત કરતા નથી. ૧૩.

(वसंततिलका)

**मूले तनुस्तदनु धावति वर्धमाना**
**यावच्छिवं सरिदिवानिशमासमुद्रम् ।**
**लक्ष्मीः सद्दष्टिपुरुषस्य यतीन्द्रदान–**
**पुण्यात्पुरः सह यशोभिरतीद्धफेनैः ।।१४।।**

**અનુવાદ :** સમ્યગ્દૃષ્ટિ પુરુષની લક્ષ્મી મૂળમાં અલ્પ હોવા છતાં પણ ત્યાર પછી મુનિરાજને આપવામાં આવેલ દાનથી ઉત્પન્ન થયેલ પુણ્યના પ્રભાવથી કીર્તિ સાથે નિરંતર ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી થકી મોક્ષપર્યંત જાય છે–જેમ–નદી મૂળમાં કૃશ હોવા છતાં પણ અતિશય તેજસ્વી ફીણ સાથે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સમુદ્ર સુધી જાય છે.

**વિશેષાર્થ :** જેમ નદીને ઉદ્‌ગમસ્થાનમાં તેનો વિસ્તાર જો કે બહુ જ થોડો હોય છે, છતાં પણ તે સમુદ્રપર્યંત પહોંચતા ઉત્તરોત્તર વધતો જ જાય છે. એની સાથે નદીના ફીણ પણ તે જ ક્રમે વધતા જાય છે. તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવની ધન–સંપત્તિ પણ જો કે શરૂઆતમાં બહુ થોડી હોય છે તોપણ તે આગળ ભક્તિપૂર્વક કરવામાં આવેલા પાત્રદાનથી જે પુણ્યબંધ થાય છે તેના પ્રભાવથી મુક્તિ પ્રાપ્ત થવા સુધી ઉત્તરોત્તર વૃદ્ધિ જ પામતી જાય છે. તેની સાથે જ ઉક્ત દાતા શ્રાવકની કીર્તિનો પ્રસાર પણ વધતો જાય છે. ૧૪.

(वसंततिलका)

**प्रायः कुतो गृहगते परमात्मबोधः**
**शुद्धात्मनो भुवि यतः पुरुषार्थसिद्धिः ।**
**दानात्पुनर्ननु चतुर्विधतः करस्था**
**सा लीलयैव कृतपात्रजनानुषंगात् ।।१५।।**

**અનુવાદ :** જગતમાં જે ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપના જ્ઞાનથી શુદ્ધ આત્માના પુરુષાર્થની સિદ્ધિ થાય છે તે આત્મજ્ઞાન ગૃહમાં સ્થિત મનુષ્યને પ્રાયઃ ક્યાંથી થઈ

શકે? અર્થાત્ થઈ શકતું નથી. પણ તે પુરુષાર્થની સિદ્ધિ પાત્ર જનોને આપવામાં આવેલ ચાર પ્રકારના દાનથી અનાયાસે જ પ્રાપ્ત થઈ જાય છે. ૧૫.

(वसंततिलका)

नामापि यः स्मरति मोक्षपथस्य साधो-<br>
राशु क्षयं व्रजति तद्दुरितं समस्तम् ।<br>
यो भक्तभेषजमठादिकृतोपकारः<br>
संसारमुत्तरति सोऽत्र नरो न चित्तम् ।।१६।।

**અનુવાદ :** જે મનુષ્ય મોક્ષમાર્ગમાં સ્થિત સાધુનું કેવળ નામસ્મરણ પણ કરે છે તેના સમસ્ત પાપ શીઘ્ર જ નાશ પામી જાય છે. વળી જે મનુષ્ય ઉક્ત સાધુને ભોજન, ઔષધ અને મઠ (ઉપાશ્રય) આદિ દ્વારા ઉપકાર કરે છે તે જો સંસારથી પાર થઈ જાય છે તો તેમાં ભલા આશ્ચર્ય જ શું છે? કાંઈ પણ નહિ. ૧૬.

(वसंततिलका)

किं ते गृहाः किमिह ते गृहिणो नु येषा-<br>
मन्तर्मनस्सु मुनयो न हि संचरन्ति ।<br>
साक्षादथ स्मृतिवशाच्चरणोदकेन<br>
नित्यं पवित्रितधराग्रशिरःप्रदेशाः ।।१७।।

**અનુવાદ :** જે મુનિઓ સાક્ષાત્ પોતાના પાદોદકથી ગૃહગત પૃથ્વીના અગ્રભાગને સદા પવિત્ર કરતા રહે છે એવા મુનિઓ જે ગૃહોમાં સાક્ષાત્ સંચાર કરતા નથી તે ઘર શું છે? અર્થાત્ એવા ગૃહોનું કાંઈ પણ મહત્ત્વ નથી. એ જ રીતે સ્મરણ વશે પોતાના ચરણ જળ દ્વારા શ્રાવકોના શિર પ્રદેશોને પવિત્ર કરનાર તે મુનિઓ જે શ્રાવકોનાં મનમાં સંચાર કરતા નથી તે શ્રાવક પણ શું છે? અર્થાત્ તેમનું કાંઈ પણ મહત્ત્વ નથી.

**વિશેષાર્થ :** અભિપ્રાય એવો છે કે જે ઘરોમાં આહારાદિના નિમિત્તે મુનિઓનું આવાગમન થતું રહે છે તે જ ઘર વાસ્તવમાં સફળ છે. એ જ રીતે જે ગૃહસ્થ તે મુનિઓનું મનથી ચિંતન કરે છે તથા તેમને આહારાદિ આપવામાં સદા ઉત્સુક રહે છે તે જ ગૃહસ્થ પ્રશંસાને યોગ્ય છે. ૧૭.

(वसंततिलका)

**देवः स किं भवति यत्र विकारभावो**
**धर्मः स किं न करुणाङ्गिषु यत्र मुख्या ।**
**तत् किं तपो गुरुरथास्ति न यत्र बोधः**
**सा किं विभूतिरिह यत्र न पात्रदानम् ॥१८॥**

**અનુવાદ :** જેમને ક્રોધાદિ વિકારભાવ વિદ્યમાન છે તે શું દેવ હોઈ શકે? અર્થાત્ તે કદાપિ દેવ હોઈ શકે નહિ. જ્યાં પ્રાણીઓની બાબતમાં દયા મુખ્ય નથી તેને શું ધર્મ કહી શકાય? કહી શકાય નહિ. જેમાં સમ્યગ્જ્ઞાન નથી તે શું તપ અને ગુરુ હોઈ શકે છે? હોઈ શકે નહિ. જે સંપત્તિમાંથી પાત્રોને દાન આપવામાં આવતું નથી તે સંપત્તિ શું સફળ હોઈ શકે? અર્થાત્ ન હોઈ શકે. ૧૮.

(वसंततिलका)

**किं ते गुणाः किमिह तत्सुखमस्ति लोके**
**सा किं विभूतिरथ या न वशं प्रयाति ।**
**दानव्रतादिजनितो यदि मानवस्य**
**धर्मो जगत्त्रयवशीकरणैकमन्त्रः ॥१९॥**

**અનુવાદ :** જો મનુષ્યની પાસે ત્રણે લોકને વશીભૂત કરવા માટે અદ્વિતીય વશીકરણમંત્ર સમાન દાન અને વ્રત આદિથી ઉત્પન્ન થયેલ ધર્મ વિદ્યમાન હોય તો એવા ક્યા ગુણ છે જે તેના વશ ન થઈ શકે? તે ક્યું સુખ છે જે તેને પ્રાપ્ત ન થઈ શકે? અને એવી કઈ વિભૂતિ છે જે તેને આધીન ન થતી હોય? અર્થાત્ ધર્માત્મા મનુષ્યને સર્વ પ્રકારના ગુણ, ઉત્તમ સુખ અને અનુપમ વિભૂતિ પણ સ્વયમેવ પ્રાપ્ત થઈ જાય છે. ૧૯.

(वसंततिलका)

**सत्पात्रदानजनितोन्नतपुण्यराशि-**
**रेकत्र वा परजने नरनाथलक्ष्मीः ।**
**आद्यात्परस्तदपि दुर्गत एव यस्मा-**
**दागामिकालफलदायि न तस्य किंचित् ॥२०॥**

**અનુવાદ :** એક મનુષ્ય પાસે ઉત્તમ પાત્રને આપેલ દાનથી ઉત્પન્ન પુણ્યનો સમૂહ છે અને બીજા મનુષ્ય પાસે રાજ્યલક્ષ્મી વિદ્યમાન છે. છતાં પણ પ્રથમ મનુષ્યની અપેક્ષાએ દ્વિતીય મનુષ્ય દરિદ્ર જ છે કારણ કે તેની પાસે આગામી કાળમાં ફળ આપનાર કાંઈ પણ બાકી નથી.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે સુખનું કારણ એક માત્ર પુણ્યનો સંચય જ હોય છે. એ જ કારણે જે વ્યક્તિએ પાત્રદાનાદિ દ્વારા એવા પુણ્યનો સંચય કરી લીધો છે તે આગામી કાળમાં સુખી રહેશે. પણ જે વ્યક્તિએ એવા પુણ્યનો સંચય કર્યો નથી તે વર્તમાનમાં રાજ્યલક્ષ્મીથી સંપન્ન હોવા છતાં પણ ભવિષ્યમાં દુઃખી જ રહેશે. ૨૦.

(वसंततिलका)

**दानाय यस्य न धनं न वपुर्व्रताय**
**नैवं श्रुतं च परमोपशमाय नित्यम् ।**
**तज्जन्म केवलमलं मरणाय भूरि-**
**संसारदुःखमृतिजातिनिबन्धनाय ।।२१।।**

**અનુવાદ :** જેનું ધન દાન માટે નથી, શરીર વ્રત માટે નથી એ જ રીતે શાસ્ત્રાભ્યાસ કષાયોના ઉત્કૃષ્ટ ઉપશમ માટે નથી; તેનો જન્મ કેવળ સાંસારિક દુઃખ, મરણ અને જન્મના કારણભૂત મરણ માટે જ હોય છે.

**વિશેષાર્થ :** જે મનુષ્ય પોતાના ધનનો સદુપયોગ દાનમાં કરતો નથી, શરીરનો સદુપયોગ વ્રત ધારણમાં કરતો નથી તથા આગમમાં નિપુણ હોવા છતાં પણ કષાયોનું દમન કરતો નથી તે વારંવાર જન્મ-મરણ ધારણ કરતો સાંસારિક દુઃખ જ સહન કર્યા કરે છે. ૨૧.

(वसंततिलका)

**प्राप्ते नृजन्मनि तपः परमस्तु जन्तोः**
**संसारसागरसमुत्तरणैकसेतुः ।**
**मा भूद्विभूतिरिह बन्धनहेतुरेव**
**देवे गुरौ शमिनि पूजनदानहीना ।।२२।।**

**અનુવાદ :** મનુષ્યજન્મ પ્રાપ્ત થતાં જીવે ઉત્તમ તપ ગ્રહણ કરવું જોઈએ કેમ કે તે સંસારરૂપી સમુદ્રથી પાર થવા માટે અપૂર્વ પુલ સમાન છે. તેની પાસે

દેવ, ગુરુ અને મુનિની પૂજા અને દાનથી રહિત વૈભવ ન હોવો જોઈએ, કેમકે એવો વૈભવ એક માત્ર બંધનું જ કારણ થાય છે. ૨૨.

(वसंततिलका)

भिक्षा वरं परिहृताखिलपापकारि-
कार्यानुबन्धविधुराश्रितचित्तवृत्तिः ।
सत्पात्रदानरहिता विततोग्रदुःख-
दुर्लँङ्घदुर्गतिकरी न पुनर्विभूतिः ।।२३।।

**અનુવાદ :** પાપ ઉત્પન્ન કરનાર સમસ્ત કાર્યોના સંબંધ રહિત એવી ચિત્તવૃત્તિનો આશ્રય કરનારી ભિક્ષા ક્યાંય શ્રેષ્ઠ છે પણ સત્પાત્રદાન રહિત થઈને વિપુલ અને તીવ્ર દુઃખોથી પરિપૂર્ણ દુર્લંઘ્ય નરકાદિરૂપ દુર્ગતિ કરનારી વિભૂતિ શ્રેષ્ઠ નથી. ૨૩.

(वसंततिलका)

पूजा न चेज्जिनपतेः पदपङ्कजेषु
दानं न संयतजनाय च भक्तिपूर्वम् ।
नो दीयते किमु ततः सदनस्थितायाः
शीघ्रं जलाञ्जलिरगाधजले प्रविश्य ।।२४।।

**અનુવાદ :** જે ગૃહસ્થાવસ્થામાં જિનેન્દ્ર ભગવાનના ચરણ–કમળોની પૂજા કરવામાં આવતી નથી તથા ભક્તિપૂર્વક સંયમીજનોને દાન આપવામાં આવતું નથી તે ગૃહસ્થ અવસ્થાને અગાધ જળમાં પ્રવેશીને શું શીઘ્ર ડૂબાડી ન દેવી જોઈએ? અર્થાત્ અવશ્ય ડૂબાડી દેવી જોઈએ. ૨૪.

(वसंततिलका)

कार्यं तपः परमिह भ्रमता भवाब्धौ
मानुष्यजन्मनि चिरादतिदुःखलब्धे ।
संपद्यते न तदणुव्रतिनापि भाव्यं
जायेत चेदहरहः किल पात्रदानम् ।।२५।।

**અનુવાદ :** અહીં સંસારરૂપ સમુદ્રમાં પરિભ્રમણ કરતાં જો ઘણાં કાળે મહાન દુઃખથી મનુષ્ય પર્યાય પ્રાપ્ત થઈ ગઈ છે તો તેને પામીને ઉત્કૃષ્ટ તપ કરવું જોઈએ. જો કદાચ તે તપ ન કરી શકાય તો અણુવ્રતી જ થઈ જવું જોઈએ કે જેથી પ્રતિદિન પાત્રદાન થઈ શકે. ૨૫.

(वसंततिलका)

ग्रामान्तरं व्रजति यः स्वगृहाद्गृहीत्वा
पाथेयमुन्नततरं स सुखी मनुष्यः ।
जन्मान्तरं प्रविशतो ऽस्य तथा व्रतेन
दानेन चार्जितशुभं सुखहेतुरेकम् ।।२६।।

**અનુવાદ :** જે મનુષ્ય પોતાના ઘેરથી ઘણો નાસ્તો (માર્ગમાં ખાવા યોગ્ય પકવાન્ન વગેરે) લઈને બીજા કોઈ ગામ જાય છે તે જેમ સુખી રહે છે તેવી જ રીતે બીજા જન્મમાં પ્રવેશવાને માટે પ્રવાસ કરનાર આ જીવને વ્રત અને દાનથી કમાયેલું એક માત્ર પુણ્ય જ સુખનું કારણ થાય છે. ૨૬.

(वसंततिलका)

यत्नः कृतोऽपि मदनार्थयशोनिमित्तं
दैवादिह व्रजति निष्फलतां कदाचित् ।
संकल्पमात्रमपि दानविधौ तु पुण्यं
कुर्यादसत्यपि हि पात्रजने प्रमोदात् ।।२७।।

**અનુવાદ :** અહીં કામ, અર્થ અને યશ માટે કરવામાં આવેલો પ્રયત્ન ભાગ્યવશ કદાચ નિષ્ફળ પણ થઈ જાય છે. પરંતુ પાત્રજનના અભાવમાં પણ હર્ષપૂર્વક દાનના અનુષ્ઠાનમાં કરવામાં આવેલો કેવળ સંકલ્પ પણ પુણ્ય કરે છે. ૨૭.

(वसंततिलका)

सद्मागते किल विपक्षजने ऽपि सन्तः
कुर्वन्ति मानमतुलं वचनासनाद्यैः ।
यत्तत्र चारुगुणरत्ननिधानभूते
पात्रे मुदा महति किं क्रियते न शिष्टैः ।।२८।।

**અનુવાદ :** પોતાના ઘેર શત્રુઓ આવે તો પણ સજ્જન મનુષ્ય વચન અને આસનદાન વગેરે દ્વારા તેનો અનુપમ આદર–સત્કાર કરે છે. તો પછી શું ઉત્તમ ગુણોરૂપ રત્નોના આશ્રયભૂત ઉત્કૃષ્ટ પાત્ર ત્યાં પહોંચતા સજ્જન હર્ષથી આદર–સત્કાર નથી કરતા? અર્થાત્ તેઓ અવશ્યમેવ દાનાદિ દ્વારા તેનું યથાયોગ્ય સન્માન કરે છે. ૨૮.

(वसंततिलका)

**सूनोर्मृतेरपि दिनं न सतस्तथा स्याद्**
**बाधाकरं बत यथा मुनिदानशून्यम् ।**
**दुर्वारदुष्टविधिना न कृते ह्यकार्ये**
**पुंसा कृते तु मनुते मतिमाननिष्टम् ।।२९।।**

**અનુવાદ :** સજ્જન મનુષ્યને માટે પોતાના પુત્રના મૃત્યુનો દિવસ પણ એટલો બાધક નથી હોતો જેટલો મુનિદાનથી રહિત દિવસ તેમને માટે બાધક હોય છે. બરાબર છે–દુર્નિવાર દુષ્ટ દૈવ દ્વારા કુત્સિત કાર્ય કરવામાં આવતા બુદ્ધિમાન મનુષ્ય તેને અનિષ્ટ નથી માનતા પરંતુ મનુષ્ય દ્વારા એવું કોઈ કામ કરવામાં વિવેકી પ્રાણી તેને અનિષ્ટ માને છે.

**વિશેષાર્થ :** જો કોઈ વિવેકી મનુષ્યના ઘરમાં પુત્રનું મરણ થઈ જાય તો તે શોકાકુળ થતા નથી કારણ કે તે જાણે છે કે આ પુત્ર વિયોગ પોતાના પૂર્વોપાર્જિત કર્મના ઉદયથી થયો છે કે જે કોઈ પણ પ્રકારે ટાળી શકાતો નથી. પરંતુ તેને ત્યાં જો કોઈ દિવસ સાધુ પુરુષને આહારદાન આપવામાં આવતું નથી તો તે એના માટે પશ્ચાત્તાપ કરે છે. એનું કારણ એ છે કે તે તેની અસાવધાનીથી થયું છે, એમાં દૈવ કાંઈ બાધક થયું નથી. જો તેણે સાવધાન રહીને દ્વાર પાસે પ્રતીક્ષા આદિ કરી હોત તો મુનિદાનનો સુયોગ તેને પ્રાપ્ત થઈ શક્યો હોત. ૨૯.

(वसंततिलका)

**ये धर्मकारणसमुल्लसिता विकल्पा-**
**स्त्यागेन ते धनयुतस्य भवन्ति सत्याः ।**
**स्पृष्टाः शशाङ्ककिरणैरमृतं क्षरन्त-**
**श्चन्द्रोपलाः किल लभन्त इह प्रतिष्ठाम् ।।३०।।**

**અનુવાદ :** ધર્મના સાધન માટે જે વિકલ્પો ઉત્પન્ન થાય છે તે ધનવાન

મનુષ્યના દાન દ્વારા સત્ય બને છે. બરાબર છે–ચન્દ્રકાન્તમણિ ચન્દ્રના કિરણોનો સ્પર્શ પામીને અમૃત વહેવરાવીને જ અહીં પ્રતિષ્ઠા પામે છે.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે પાત્રને દાન આપનાર શ્રાવક આ ભવમાં ઉક્ત દાન દ્વારા લોકમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. જેમ કે–ચન્દ્રકાન્તમણિથી બનાવેલ ભવનને જોવા છતાં પણ સાધારણ મનુષ્ય ઉક્ત ચન્દ્રકાન્ત મણિનો પરિચય પામતો નથી. પણ ચન્દ્રમાનો ઉદય થતાં જ્યારે ઉક્ત ભવનમાંથી પાણીનો પ્રવાહ વહેવા લાગે છે ત્યારે સામાન્યમાં સામાન્ય માણસ પણ એમ સમજી લે છે કે ઉક્ત ભવન ચન્દ્રકાન્ત મણિથી બનાવેલ છે, તેથી તે તેમની પ્રશંસા કરે છે. બરાબર એ જ રીતે વિવેકી દાતા જિનમંદિર આદિનું નિર્માણ કરાવીને પોતાની સંપત્તિનો સદુપયોગ કરે છે. તે જો કે પોતે પોતાની પ્રતિષ્ઠા ઇચ્છતા નથી છતાં પણ ઉક્ત જિનમંદિર આદિનું અવલોકન કરનાર અન્ય મનુષ્યો તેની પ્રશંસા કરે છે. આ તો થઈ આ જન્મની વાત. આની સાથે જ પાત્રદાનાદિ ધર્મકાર્યો દ્વારા જે તેને પુણ્યલાભ થાય છે તેનાથી તે પર જન્મમાં પણ સંપન્ન અને સુખી થાય છે. ૩૦.

(वसंततिलका)

मन्दायते य इह दानविधौ धने ऽपि<br>
सत्यात्मनो वदति धार्मिकतां च यत्तत् ।<br>
माया हृदि स्फुरति सा मनुजस्य तस्य<br>
या जायते तडिदमुत्र सुखाचलेषु ।।३१।।

**અનુવાદ :** જે મનુષ્ય ધન હોવા છતાં પણ દાન દેવામાં ઉત્સુક તો થતો નથી પરંતુ પોતાની ધાર્મિકતા પ્રગટ કરે છે તેના હૃદયમાં જે કુટિલતા રહે છે તે પરલોકમાં તેના સુખરૂપી પર્વતોના વિનાશ માટે વીજળીનું કામ કરે છે. ૩૧.

(वसंततिलका)

ग्रासस्तदर्धमपि देयमथार्धमेव<br>
तस्यापि संततमणुव्रतिना यथर्द्धि ।<br>
इच्छानुरूपमिह कस्य कदात्र लोके<br>
द्रव्यं भविष्यति सदुत्तमदानहेतुः ।।३२।।

**અનુવાદ :** અણુવ્રતી ગૃહસ્થે નિરંતર પોતાની સંપત્તિ પ્રમાણે એક ગ્રાસ, અડધો ગ્રાસ અથવા તેનો પણ અડધો ભાગ અર્થાત્ ગ્રાસનો એક ચતુર્થાંશ પણ દેવો

જોઈએ. કારણ એ કે અહીં લોકમાં પોતાની ઈચ્છાનુસાર દ્રવ્ય કોને ક્યારે મળશે કે જે ઉત્તમ પાત્રદાનનું કારણ થઈ શકે, એ કાંઈ પણ કહી શકાતું નથી.

**વિશેષાર્થ :** જેમની પાસે અધિક દ્રવ્ય હોતું નથી તેઓ ઘણું કરીને વિચાર કર્યા કરે છે કે જ્યારે પૂરતું ધન મળશે ત્યારે આપણે દાન કરીશું. એવા જ મનુષ્યોને લક્ષમાં રાખીને અહીં એમ કહેવામાં આવ્યું છે કે ઘણું કરીને ઈચ્છાનુસાર દ્રવ્ય કદી કોઈને પણ પ્રાપ્ત થતું નથી માટે પોતાની પાસે જે કાંઈ દ્રવ્ય છે તે પ્રમાણે પ્રત્યેક મનુષ્યે પ્રતિદિન થોડું દાન આપવું જ જોઈએ. ૩૨.

(वसंततिलका)

**मिथ्यादृशोऽपि रुचिरेव मुनीन्द्रदाने**
**दद्यात् पशोरपि हि जन्म सुभोगभूमौ।**
**कल्पाङ्घ्रिपा ददति यत्र सदेप्सितानि**
**सर्वाणि तत्र विदधाति न किं सुदृष्टेः ॥३३॥**

**અનુવાદ :** મિથ્યાદ્રષ્ટિ પશુને પણ મુનિરાજને દાન આપવામાં જે કેવળ રુચિ હોય છે તેનાથી જ તે, ઉત્તમ ભોગભૂમિમાં જન્મ લે છે કે જ્યાં કલ્પવૃક્ષ સદા તેને સર્વ પ્રકારના ઈચ્છિત પદાર્થો આપે છે. તો પછી જો સમ્યગ્દ્રષ્ટિ તે પાત્રદાનમાં રુચિ રાખે તો તેને શું પ્રાપ્ત ન થાય? અર્થાત્ તેને તો નિશ્ચિતપણે જ વાંછિત ફળ પ્રાપ્ત થાય છે. ૩૩.

(वसंततिलका)

**दानाय यस्य न समुत्सहते मनीषा**
**तद्योग्यसपदि गृहाभिमुखे च पात्रे।**
**प्राप्तं खनावतिमहार्घ्यतरं विहाय**
**रत्नं करोति विमतिस्तलभूमिभेदम् ॥३४॥**

**અનુવાદ :** દાન યોગ્ય સંપત્તિ હોવા છતાં અને પાત્ર પણ પોતાના ઘર સમીપે આવવા છતાં જે મનુષ્યની બુદ્ધિ દાન માટે ઉત્સાહિત થતી નથી તે દુર્બુદ્ધિ ખાણમાંથી પ્રાપ્ત થયેલ અતિશય મૂલ્યવાન રત્ન છોડી દઈને પૃથ્વીનું તળિયું વ્યર્થ ખોદે છે. ૩૪.

(वसंततिलका)

नष्टा मणीरिव चिराज्जलधौ भवे ऽस्मि-
न्नासाद्य चारुनरतार्थजिनेश्वराज्ञाः ।
दानं न यस्य स जडः प्रविशेत् समुद्रं
सच्छिद्रनावमधिरुह्य गृहीतरत्नः ।।३५।।

**અનુવાદ :** ઘણા લાંબા સમયથી સમુદ્રમાં નષ્ટ થયેલ મણિ સમાન આ ભવમાં ઉત્તમ મનુષ્ય પર્યાય, ધન અને જિનવાણી પામીને જે દાન કરતો નથી તે મૂર્ખ રત્નો લઈને છિદ્રવાળી નૌકામાં બેસીને સમુદ્રમાં પ્રવેશ કરે છે.

**વિશેષાર્થ :** જેવી રીતે સમુદ્રમાં પડેલું મણિનું ફરીથી પ્રાપ્ત થવું અતિશય કઠણ છે તેવી જ રીતે મનુષ્ય પર્યાય આદિનું પણ ફરીથી પ્રાપ્ત થવું અતિશય કઠણ છે, તે જો ભાગ્યવશે કોઈને પ્રાપ્ત થઈ જાય અને છતાં પણ જો તે દાનાદિ શુભ કાર્યોમાં પ્રવૃત્ત થતો નથી તો સમજવું જોઈએ કે જેવી રીતે કોઈ મનુષ્ય ખૂબ મૂલ્યવાન રત્નો સાથે લઈને છિદ્રવાળી નાવમાં બેસે છે અને તેથી તે તે રત્નો સાથે પોતે પણ સમુદ્રમાં ડૂબી જાય છે, આવી જ અવસ્થા ઉક્ત મનુષ્યની પણ થાય છે. કારણ કે ભવિષ્યમાં સુખી થવાનું સાધન જે દાનાદિ કાર્યોથી ઉત્પન્ન થનારું પુણ્ય હતું તેને તેણે મનુષ્ય પર્યાયની સાથે તેને યોગ્ય સંપત્તિ મેળવીને પણ કર્યું જ નહિ. ૩૫.

(वसंततिलका)

यस्यास्ति नो धनवतः किल पात्रदान-
मस्मिन् परत्र च भवे यशसे सुखाय ।
अन्येन केनचिदनूनसुपुण्यभाजा
क्षिप्तः स सेवकनरो धनरक्षणाय ।।३६।।

**અનુવાદ :** જે પાત્રદાન આ ભવમાં યશનું કારણ તથા પરભવમાં સુખનું કારણ છે તેને જે ધનવાન મનુષ્ય કરતો નથી તે મનુષ્ય જાણે કોઈ બીજા અતિશય પુણ્યશાળી મનુષ્ય દ્વારા ધનના રક્ષણ માટે સેવકના રૂપમાં જ રાખવામાં આવ્યો છે.

**વિશેષાર્થ :** જો ભાગ્યવશ ધન-સંપત્તિની પ્રાપ્તિ થઈ તો તેનો સદુપયોગ પોતાની યોગ્ય આવશ્યકતાની પૂર્તિ કરતા થકા પાત્રદાનમાં કરવો જોઈએ. પરંતુ જે મનુષ્ય પ્રાપ્ત સંપત્તિનો ન તો સ્વયં ઉપભોગ કરે છે અને ન પાત્રદાન પણ કરે છે તે મનુષ્ય અન્ય ધનવાન મનુષ્ય દ્વારા પોતાના ધનની રક્ષા માટે રાખવામાં આવેલ નોકર સમાન જ છે. કારણ કે જેવી

રીતે ધનની રક્ષા માટે રાખવામાં આવેલ દાસ (મુનીમ આદિ) સ્વયં તે ધનનો ઉપયોગ કરી શકતો નથી પણ કેવળ તેનું રક્ષણ જ કરે છે. બરાબર એ જ રીતે તે ધનવાન મનુષ્ય પણ જ્યારે તે ધન પોતાના ઉપભોગમાં ખરચતો નથી અને પાત્રદાનાદિ પણ કરતો નથી ત્યારે ભલા તે નોકરની અપેક્ષાએ આનામાં શું વિશેષતા રહે છે? કાંઈ પણ નહિ. ૩૬.

(वसंततिलका)

चैत्यालये च जिनसूरिबुधार्चने च
दाने च संयतजनस्य सुदुःखिते च ।
यच्चात्मनि स्वमुपयोगि तदेव नून-
मात्मीयमन्यदिह कस्यचिदन्यपुंसः ।।३७।।

**અનુવાદ :** લોકમાં જે ધન જિનાલયનું નિર્માણ કરાવવામાં, જિનદેવ, આચાર્ય અને પંડિત અર્થાત્ ઉપાધ્યાયની પૂજામાં, સંયમી જનોને દાન આપવામાં, અતિશય દુઃખી પ્રાણીઓને પણ દયાપૂર્વક દાન આપવામાં તથા પોતાના ઉપભોગમાં પણ કામ આવે છે. તેને જ નિશ્ચયથી પોતાનું ધન સમજવું જોઈએ. તેનાથી વિપરીત જે ધન આ ઉપર્યુક્ત કામોમાં ખરચવામાં આવતું નથી તેને કોઈ બીજા જ મનુષ્યનું ધન સમજવું જોઈએ. ૩૭.

(वसंततिलका)

पुण्यक्षयात्क्षयमुपैति न दीयमाना
लक्ष्मीरतः कुरुत संततपात्रदानम् ।
कूपे न पश्यत जलं गृहिणः समन्ता-
दाकृष्यमाणमपि वर्धत एव नित्यम् ।।३८।।

**અનુવાદ :** સંપત્તિ પુણ્યનો ક્ષય થવાથી ક્ષય પામે છે, નહિ કે દાન કરવાથી માટે હે શ્રાવકો! તમે નિરંતર પાત્રદાન કરો. શું તમે એ નથી જોતા કે કૂવામાંથી ચારે તરફથી કાઢવામાં આવતું હોવા છતાં પણ પાણી હંમેશા વધતું જ રહે છે. ૩૮.

(वसंततिलका)

सर्वान् गुणानिह परत्र च हन्ति लोभः
सर्वस्य पूज्यजनपूजनहानिहेतुः ।

**अन्यत्र तत्र विहिते ऽपि हि दोषमात्र-**
**मेकत्र जन्मनि परं प्रथयन्ति लोकाः ।।३९।।**

**અનુવાદ :** પૂજ્ય પુરુષોની પૂજામાં બાધા પહોંચાડનાર લોભ આ લોકમાં અને પરલોકમાં પણ બધાના બધા ગુણો નષ્ટ કરી દે છે. તે લોભ જો ગૃહસંબંધી કોઈ વિવાહાદિ કાર્યોમાં કરવામાં આવે તો લોકો કેવળ એક જન્મમાં જ તેના દોષમાત્રને પ્રસિદ્ધ કરે છે.

**વિશેષાર્થ :** જો કોઈ મનુષ્ય જિનપૂજન અને પાત્રદાનાદિના વિષયમાં લોભ કરે છે તો એનાથી તેને આ જન્મમાં કીર્તિ આદિનો લાભ થતો નથી અને અન્ય ભવમાં પૂજન-દાનાદિથી ઉત્પન્ન થનાર પુણ્ય રહિત હોવાના કારણે સુખ પણ પ્રાપ્ત થતું નથી. આ રીતે જે વ્યક્તિ ધાર્મિક કાર્યોમાં લોભ કરે છે તે બન્નેય લોકમાં પોતાનું અહિત કરે છે. એનાથી વિપરીત જે મનુષ્ય કેવળ વિવાહાદિરૂપ ગૃહસ્થના કાર્યોમાં લોભ કરે છે તેવો માણસ કૃપણ આદિ શબ્દો દ્વારા ફક્ત આ જન્મમાં જ તિરસ્કાર કરી શકે છે પરંતુ પરલોક તેનો સુખમય જ વીતે છે. તેથી જ ગૃહસ્થના કાર્યોમાં કરવામાં આવતો લોભ એટલો નિન્દ્ય નથી જેટલો ધાર્મિક કાર્યોમાં કરવામાં આવતો લોભ નિંદનીય છે. ૩૯.

(वसंततिलका)

**जातो ऽप्यजात इव स श्रियमाश्रितो ऽपि**
**रङ्कः कलङ्करहितो ऽप्यगृहीतनामा ।**
**कम्बोरिवाश्रितमृतेरपि यस्य पुंसः**
**शब्दः समुच्चलति नो जगति प्रकामम् ।।४०।।**

**અનુવાદ :** મુત્યુ પામતાં શંખ સમાન જે પુરુષનું નામ સંસારમાં અતિશય પ્રચલિત થતું નથી તે મનુષ્ય જન્મ લઈને પણ નહિ જન્મ્યા બરાબર થાય છે અર્થાત્ તેનો મનુષ્ય જન્મ લેવો વ્યર્થ થાય છે. કારણ કે તે લક્ષ્મી પ્રાપ્ત કરીને પણ દરિદ્રી જેવો રહે છે તથા દોષોથી રહિત હોવા છતાં પણ યશસ્વી થઈ શકતો નથી. ૪૦.

(वसंततिलका)

**श्वापि क्षितेरपि विभुर्जठरं स्वकीयं**
**कर्मोपनीतविधिना विदधाति पूर्णम् ।**

किंतु प्रशस्यनृभवार्थविवेकीताना-
मेतत्फलं यदिह संततपात्रदानम् ॥४१॥

**અનુવાદ :** પોતાના કર્મ પ્રમાણે કુતરો પણ પોતાનું પેટ ભરે છે અને રાજા પણ પોતાનું પેટ ભરે છે. પણ પ્રશંસનીય મનુષ્યભવ, ધન અને વિવેકબુદ્ધિ પ્રાપ્ત કરવાનું અહીં એ જ પ્રયોજન છે કે નિરંતર પાત્રદાન આપવામાં આવે. ૪૧.

(वसंततिलका)

आयासकोटिभिरुपार्जितमङ्गजेभ्यो
यज्जीवितादपि निजाद्दयितं जनानाम् ।
वित्तस्य तस्य नियतं प्रविहाय दान-
मन्या विपत्तय इति प्रवदन्ति सन्तः ॥४२॥

**અનુવાદ :** કરોડો પરિશ્રમો દ્વારા કમાયેલું જે ધન પુત્રો અને પોતાના જીવનથી પણ લોકોને અધિક પ્રિય હોય છે નિશ્ચયથી તે ધન માટે દાન સિવાયની બીજી વિપત્તિઓ જ છે એમ સાધુપુરુષો કહે છે.

**વિશેષાર્થ :** મનુષ્ય ધન ઘણા કઠોર પરિશ્રમ દ્વારા પ્રાપ્ત કરે છે. તેથી તે તેમને પોતાના પ્રાણોથી પણ અધિક પ્રિય જણાય છે. જો તેઓ તેનો સદુપયોગ પાત્રદાનાદિમાં કરે તો તે તેમને ફરીથી પણ પ્રાપ્ત થઈ જાય છે. પણ એનાથી ઉલ્ટું જો તેનો દુરુપયોગ ખોટા વ્યસનાદિમાં કરવામાં આવે અથવા દાન અને ભોગરહિત કેવળ તેનો જ સંચય જ કરવામાં આવે તો તે મનુષ્યોને વિપત્તિજનક જ થાય છે. એનું કારણ એ છે કે સુખનું કારણ જે પુણ્ય છે તેનો જ સંચય તેમણે પાત્રદાનાદિરૂપ સત્કાર્યો દ્વારા કદી કર્યો જ નથી. ૪૨.

(वसंततिलका)

नार्थः पदात्पदमपि व्रजति त्वदीयो
व्यावर्तते पितृववान्ननु बन्धुवर्गः ।
दीर्घे पथि प्रसवता भवतः सखैकं
पुण्यं भविष्यति ततः क्रियतां तदेव ॥४३॥

**અનુવાદ :** તમારું ધન પોતાના સ્થાનથી એક ડગલું પણ (તમારી સાથે) જતું નથી, એ જ રીતે તમારા સગાસંબંધી સ્મશાન સુધી તમારી સાથે જઈને ત્યાંથી પાછા

આવી જાય છે. લાંબા માર્ગે પ્રવાસ કરતાં તમારા માટે એક પુણ્ય જ મિત્ર છે. તેથી હે ભવ્ય જીવો! તમે તે જ પુણ્યનું ઉપાર્જન કરો. ૪૩.

(वसंततिलका)

सौभाग्यशौर्यसुखरूपविवेकिताद्या<br>
विद्यावपुर्धनगृहाणि कुले च जन्म ।<br>
संपद्यते ऽखिलमिदं किल पात्रदानात्<br>
तस्मात् किमत्र सततं क्रियते न यत्नः ।।४४।।

**અનુવાદ :** સૌભાગ્ય, શૂરવીરપણું, સુખ, સુંદરતા, વિવેકબુદ્ધિ આદિ વિદ્યા, શરીર, ધન અને મહેલ તથા ઉત્તમકુળમાં જન્મ થવો, આ બધું નિશ્ચયથી પાત્રદાન દ્વારા જ પ્રાપ્ત થાય છે. તો પછી હે ભવ્ય જન! તમે તે પાત્રદાનની બાબતમાં નિરંતર પ્રયત્ન કેમ નથી કરતા? ૪૪.

(वसंततिलका)

न्यासश्च सद्म च करग्रहणं च सूनो-<br>
र्र्थेन तावदिह कारयितव्यमास्ते ।<br>
धर्माय दानमधिकाग्रतया करिष्ये<br>
संचिन्तयन्नपि गृही मृतिमेति मूढः ।।४५।।

**અનુવાદ :** પહેલાં તો અહીં ધનમાંથી કાંઈક થાપણ મૂકવી છે (જમીનમાં દાટવા વગેરે), મકાન બનાવવું છે અને પુત્રના લગ્ન કરવા છે, ત્યાર પછી જો વધારે ધન થશે તો ધર્મના નિમિત્તે દાન કરીશ. આમ વિચાર કરતા કરતા જ તે મૂર્ખ ગૃહસ્થ મરણ પામી જાય છે. ૪૫.

(वसंततिलका)

किं जीवितेन कृपणस्य नरस्य लोके<br>
निर्भोगदानधनबन्धनबद्धमूर्तेः ।<br>
तस्माद्वरं बलिभुगुन्नतभूरिवाग्मि-<br>
व्यार्हूतकाककुल एव बलिं स भुङ्क्ते ।।४६।।

**અનુવાદ :** લોકમાં જે કંજૂસ મનુષ્યનું શરીર ભોગ અને દાન રહિત એવા ધનરૂપી બંધનથી બંધાયેલું છે તેના જીવનનું શું પ્રયોજન છે? અર્થાત્ તેના જીવવાથી કાંઈ પણ લાભ નથી. તેની અપેક્ષાએ તો તે કાગડો જ સારો છે જે ઊંચા અનેક વચનો (કા, કા) દ્વારા બીજા કાગડાઓને બોલાવીને જ બલિ (શ્રાદ્ધમાં અપાયેલું દ્રવ્ય) ખાય છે. ૪૬.

(वसंततिलका)

**औदार्ययुक्तजनहस्तपरम्पराप्त-**
**व्यावर्तनप्रसृतखेदभरातिखिन्नाः ।**
**अर्था गताः कृपणगेहमनन्तसौख्य-**
**पूर्णा इवानिशमबाधमतिस्वपन्ति ।।४७।।**

**અનુવાદ :** દાની પુરુષોના હાથો દ્વારા પરંપરાથી પ્રાપ્ત થયેલ જવા–આવવાના વિપુલ ખેદના ભારથી જાણે અત્યંત વ્યાકુળ થઈને જ તે ધન કંજૂસ મનુષ્યના ઘરને પ્રાપ્ત કરીને અનંત–સુખથી પરિપૂર્ણ થયું થકું નિરંતર નિર્બાધપણે સૂવે છે.

**વિશેષાર્થ :** દાની પુરુષ પ્રાપ્ત ધનનો ઉપયોગ પાત્રદાનમાં કર્યા કરે છે. તેથી પાત્રદાનજનિત પુણ્યના નિમિત્તે તે તેમને વારંવાર મળ્યા કરે છે, એનાથી ઉલ્ટું કંજૂસ મનુષ્ય પૂર્વના પુણ્યથી પ્રાપ્ત થયેલ તે ધનનો ઉપયોગ ન તો પાત્રદાનમાં કરે છે અને ન પોતાના ઉપયોગમાં ય. તે કેવળ તેનું સંરક્ષણ જ કરે છે. આ બાબતમાં ગ્રંથકાર ઉત્પ્રેક્ષા કરે છે કે તે ધન એમ વિચારી જ જાણે કે 'મને દાની પુરુષોને ત્યાં વારંવાર જવા–આવવાનું અસીમ કષ્ટ સહન કરવું પડે છે' કંજૂસ મનુષ્યના ઘરમાં આવી ગયું છે. અહીં આવીને તે વારંવાર થતા ગમનાગમનના કષ્ટથી બચીને નિશ્ચિન્ત રીતે સૂવે છે. ૪૭.

(वसंततिलका)

**उत्कृष्टपात्रमनगारमणुव्रताढ्यं**
**मध्यं व्रतेन रहितं सुदृशं जघन्यम् ।**
**निर्दर्शनं व्रतनिकाययुतं कुपात्रं**
**युग्मोज्झितं नरमपात्रमिदं च विद्धि ।।४८।।**

**અનુવાદ :** ગૃહ રહિત મુનિને ઉત્તમ પાત્ર, અણુવ્રતોથી યુક્ત શ્રાવકને મધ્યમ

પાત્ર, અવિરત સમ્યગ્દષ્ટિને જઘન્ય પાત્ર, સમ્યગ્દર્શન રહિત હોવા છતાં વ્રતોનું પાલન કરનાર મનુષ્યોને કુપાત્ર અને બન્ને (સમ્યગ્દર્શન તથા વ્રત) થી રહિત મનુષ્યને અપાત્ર સમજો. ૪૮.

(वसंततिलका)

तेभ्यः प्रदत्तमिह दानफलं जनाना-
मेतद्विशेषणविशिष्टमदुष्टभावात् ।
अन्यादृशे ऽथ हृदये तदपि स्वभावा-
दुच्चावचं भवति किं बहुभिर्वचोभिः ।।४९।।

**અનુવાદ :** તે ઉપર્યુક્ત પાત્રોને આપવામાં આવેલ દાનનું ફળ મનુષ્યોને આ જ (ઉત્તમ, મધ્યમ, જઘન્ય, કુત્સિત અને અપાત્ર) વિશેષણોથી વિશિષ્ટ પ્રકારનું પ્રાપ્ત થાય છે (જુઓ પાછળના શ્લોક ૨૦૪નો વિશેષાર્થ). અથવા ઘણું કહેવાથી શું? અન્ય પ્રકારના અર્થાત્ દૂષિત હૃદયમાં પણ તે દાનનું ફળ સ્વભાવથી અનેક પ્રકારનું પ્રાપ્ત થાય છે. ૪૯.

(वसंततिलका)

चत्वारि यान्यभयभेषजभुक्तिशास्त्र-
दानानि तानि कथितानि महाफलानि ।
नान्यानि गोकनकभूमिरथाङ्गनादि-
दानानि निश्चितमवद्यकराणि यस्मात् ।।५०।।

**અનુવાદ :** અભયદાન, ઔષધદાન, આહારદાન અને શાસ્ત્રદાન (જ્ઞાનદાન) આ જે ચાર દાન કહેવામાં આવ્યા છે તે મહાન ફળ આપનારા છે. એનાથી ભિન્ન ગાય, સોનું, પૃથ્વી, રથ અને સ્ત્રી આદિનાં દાન મહાન ફળ આપનાર નથી; કેમ કે તે નિશ્ચયથી પાપ ઉત્પાદક છે. ૫૦.

(वसंततिलका)

यद्दीयते जिनगृहाय धरादि किंचित्
तत्तत्र संस्कृतिनिमित्तमिह प्ररूढम् ।

आस्ते ततस्तदतिदीर्घतरं हि कालं
जैनं च शासनमतः कृतमस्ति दातुः ।।५१।।

**અનુવાદ :** જિનાલયના નિમિત્તે જે કાંઈ પૃથ્વી આદિનું દાન કરવામાં આવે છે તે અહીં ધાર્મિક સંસ્કૃતિનું કારણ હોઈને અંકુરિત થતું થકું અતિશય દીર્ઘ કાળ સુધી રહે છે. તેથી તે દાતા દ્વારા જૈન શાસન જ કરવામાં આવ્યું છે. ૫૧.

(वसंततिलका)

दानप्रकाशनमशोभनकर्मकार्य-
कार्पण्यपूर्णहृदयाय न रोचते ऽदः ।
दोषोज्झितं सकललोकसुखप्रदायि
तेजो रवेरिव सदा हतकौशिकाय ।।५२।।

**અનુવાદ :** જે નિર્દોષ દાનનો પ્રકાશ સમસ્ત જનોને સુખ આપે છે તે પાપકર્મની કાર્યભૂત કૃપણતા (કંજૂસાઈ)થી પરિપૂર્ણ હૃદયવાળા પ્રાણી (કંજૂસ મનુષ્ય)ને કદી રુચતો નથી. જેમ દોષો અર્થાત્ રાત્રિના સંસર્ગ રહિત હોવાને લીધે સમસ્ત પ્રાણીઓને સુખ આપનાર સૂર્યનું તેજ નિન્દનીય ઘુવડને રુચિકર લાગતું નથી. ૫૨.

(वसंततिलका)

दानोपदेशनमिदं कुरुते प्रमोद-
मासन्नभव्यपुरुषस्य न चेतरस्य ।
जातिः समुल्लसति दारु न भृङ्गसंगा-
दिन्दीवरं हसति चन्द्रकरैर्न चाश्मा ।।५३।।

**અનુવાદ :** આ દાનનો ઉપદેશ આસન્નભવ્ય પુરુષોને આનંદ આપનાર છે, નહિ કે અન્ય (દૂરભવ્ય અને અભવ્ય) પુરુષોને. બરાબર છે–ભમરાઓના સંસર્ગથી માલતી પુષ્પ શોભા પામે છે, પરંતુ તેમના સંસર્ગથી લાકડું શોભા પામતું નથી. તેવી જ રીતે ચન્દ્રકિરણો દ્વારા શ્વેત કમળ પ્રફુલ્લિત થાય છે, પરંતુ પથ્થર પ્રફુલ્લિત થતો નથી. ૫૩.

(वसंततिलका)

रत्नत्रयाभरणवीरमुनीन्द्रपाद-
पद्मद्वयस्मरणसंजनितप्रभावः ।
श्रीपद्मनन्दिमुनिराश्रितयुग्मदान-
पञ्चाशतं ललितवर्णचयं चकार ॥५४॥

**અનુવાદ :** રત્નત્રયરૂપ આભરણથી વિભૂષિત શ્રી વિરનન્દી મુનિરાજના ઉભય ચરણકમળના સ્મરણથી ઉત્પન્ન થયેલ પ્રભાવને ધારણ કરનાર શ્રી પદ્મનન્દી મુનિએ લલિત વર્ણોના સમૂહથી સંયુક્ત આ બે અધિક દાનપંચાશત્ અર્થાત્ બાવન પદ્યોવાળા દાનપ્રકરણની રચના કરી છે. ૫૪.

આ રીતે દાનપંચાશત્ પ્રકરણ સમાપ્ત થયું.

સહજ ચિદાનંદ.

# ૩. અનિત્ય પંચાશત્

[३. अनित्यपंञ्चाशत् ]

(आर्या)

जयति जिनो धृतिधनुषामिषुमाला भवति योगियोधानाम् ।
यद्वाक्करुणामय्यपि मोहरिपुप्रहतये तीक्ष्णा ।।१।।

**અનુવાદ :** જે જિન ભગવાનની વાણી ધૈર્યરૂપ ધનુષ ધારણ કરનાર યોગીજનો રૂપી યોદ્ધાઓને બાણપંક્તિ સમાન હોય છે તથા જેની તે વાણી દયામય હોવા છતાં પણ મોહ રૂપી શત્રુનો ઘાત કરવા માટે તીક્ષ્ણ તલવારનું કામ કરે છે તે જિન ભગવાન જયવંત હો .૧.

(शार्दूलविक्रीडित)

यद्येकत्र दिने विभुक्तिरथ वा निद्रा न रात्रौ भवेत्
विद्रात्यम्बुजपत्रवद्दहनतो ऽभ्यासस्थिताद्यद्ध्रुवम् ।
अस्त्रव्याधिजलादितो ऽपि सहसा यच्च क्षयं गच्छति
भ्रातः कात्र शरीरके स्थितिमतिर्नाशेऽस्य को विस्मयः ।।२।।

**અનુવાદ :** જો કોઈ વાર એક દિવસ ભોજન પ્રાપ્ત થતું નથી કે રાત્રે ઊંઘ આવતી નથી તો જે શરીર નિશ્ચયથી નિકટવર્તી અગ્નિથી સંતપ્ત થયેલા કમળના પાંદડાની જેમ મ્લાનતા પામે છે તથા જે અસ્ત્ર, રોગ અને જળ આદિ દ્વારા અકસ્માત્ નાશ પામે છે; હે ભાઈ! તે શરીરના વિષયમાં સ્થિરતાની બુદ્ધિ ક્યાંથી થઈ શકે? અને તેનો નાશ થઈ જાય તેમાં આશ્ચર્ય જ શું છે? અર્થાત્

તેને ન તો સ્થિર સમજવું જોઈએ અને ન તો નષ્ટ થતાં કાંઈ આશ્ચર્ય પણ થવું જોઈએ. ૨.

(शार्दूलविक्रीडित)

दुर्गन्धाशुचिधातुभित्तिकलितं संछादितं चर्मणा
विण्मूत्रादिभृतं क्षुधादिविलसद्दुःखाखुभिश्छिद्रितम् ।
क्लिष्टं कायकुटीरकं स्वयमपि प्राप्तं जरावह्निना
चेदेतत्तदपि स्थिरं शुचितरं मूढो जनो मन्यते ।।३।।

**અનુવાદ :** જે શરીરરૂપી ઝૂંપડી દુર્ગન્ધયુક્ત અપવિત્ર ધાતુઓ રૂપી દીવાલો સહિત છે, ચામડાથી ઢાંકેલી છે, વિષ્ટા અને મૂત્ર આદિથી પરિપૂર્ણ છે, તથા ભૂખ-તરસ આદિના દુઃખોરૂપ ઉંદરડાઓ દ્વારા કરવામાં આવેલા છિદ્રોથી સંયુક્ત છે, તે ક્લેશયુક્ત શરીરરૂપી ઝુંપડી જ્યારે પોતે જ ઘડપણરૂપી અગ્નિથી ઘેરાઈ જાય છે ત્યારે પણ આ મૂર્ખ પ્રાણી તેને સ્થિર અને અતિશય પવિત્ર માને છે. ૩.

(शार्दूलविक्रीडित)

अम्भोबुद्बुदसंनिभा तनुरियं श्रीरिन्द्रजालोपमा
दुर्वाताहतवारिवाहसदृशाः कान्तार्थपुत्रादयः ।
सौख्यं वैषयिकं सदैव तरलं मत्ताङ्गनापाङ्गवत्
तस्मादेतदुपप्लवाप्तिविषये शोकेन किं किं मुदा ।।४।।

**અનુવાદ :** આ શરીર પાણીના પરપોટા સમાન ક્ષણમાં નાશ પામનાર છે, લક્ષ્મી ઈન્દ્રજાળ સમાન વિનશ્વર છે; સ્ત્રી, ધન અને પુત્ર આદિ દુષ્ટ વાયુથી તાડિત વાદળાઓ સમાન જોત જોતામાં જ વિલીન થઈ જાય છે; તથા ઈન્દ્રિયવિષયજન્ય સુખ સદાય કામોન્મત્ત સ્ત્રીના કટાક્ષો સમાન ચંચળ છે. આ કારણે આ બધાના નાશમાં શોકથી અને તેમની પ્રાપ્તિના વિષયમાં હર્ષથી શું પ્રયોજન છે? કાંઈ પણ નહિ. અભિપ્રાય એ છે કે જો શરીર, ધન-સંપત્તિ, સ્ત્રી અને પુત્ર આદિ સમસ્ત ચેતન-અચેતન પદાર્થ સ્વભાવથી જ અસ્થિર છે તો વિવેકી મનુષ્યોએ તેમના સંયોગમાં હર્ષ અને વિયોગમાં શોક ન કરવો જોઈએ. ૪.

(वसंततिलका)

दुःखे वा समुपस्थिते ऽथ मरणे शोको न कार्यो बुधैः
संबन्धो यदि विग्रहेण यदयं संभूतिधात्र्येतयोः ।
तस्मात्तत्परिचिन्तनीयमनिशं संसारदुःखप्रदो
येनास्य प्रभवः पुरः पुनरपि प्रायो न संभाव्यते ।।५।।

**અનુવાદ :** જો શરીર સાથે સંબંધ હોય તો દુઃખ અથવા મરણ ઉપસ્થિત થતાં વિદ્વાન પુરુષોએ શોક ન કરવો જોઈએ. કારણ એ કે તે શરીર આ બન્ને (દુઃખ અને મરણ)ની જન્મભૂમિ છે અર્થાત્ આ બન્નેનો શરીર સાથે અવિનાભાવ છે. માટે જ નિરંતર તે આત્મસ્વરૂપનો વિચાર કરવો જોઈએ જેના દ્વારા આગળ પ્રાયઃ (ઘણું કરીને) સંસારના દુઃખ આપનાર આ શરીરની ઉત્પત્તિની ફરીથી સંભાવના જ ન રહે. ૫.

(शार्दूलविक्रीडित)

दुर्वारार्जितकर्मकारणवशादिष्टे प्रणष्टे नरे
यच्छोकं कुरुते तदत्र नितरामुन्मत्तलीलायितम् ।
यस्मात्तत्र कृते न सिध्यति किमप्येतत्परं जायते
नश्यन्त्येव नरस्य मूढमनसो धर्मार्थकामादयः ।।६।।

**અનુવાદ :** પૂર્વોપાર્જિત દુર્નિવાર કર્મના ઉદયવશે કોઈ ઈષ્ટ મનુષ્યનું મરણ થતાં જે અહીં શોક કરવામાં આવે છે તે અતિશય પાગલ મનુષ્યની ચેષ્ટા સમાન છે. કારણ કે તે શોક કરવાથી કાંઈ પણ સિદ્ધ થતું નથી પરંતુ તેનાથી કેવળ એ થાય છે કે તે મૂઢ બુદ્ધિવાળા મનુષ્યના ધર્મ, અર્થ અને કામરૂપી પુરુષાર્થ આદિ જ નષ્ટ થાય છે. ૬.

(उपेन्द्रवज्रा)

उदेति पाताय रविर्यथा तथा
शरीरमेतन्ननु सर्वदेहिनाम् ।
स्वकालमासाद्य निजेऽपि संस्थिते
करोति कः शोकमतः प्रबुद्धधीः ।।७।।

**અનુવાદ :** જેમ સૂર્યનો ઉદય અસ્ત થવા માટે થાય છે તેવી જ રીતે નિશ્ચયથી સમસ્ત પ્રાણીઓનું આ શરીર પણ નષ્ટ થવાને માટે ઉત્પન્ન થાય છે. તો પછી કાળ પામીને પોતાના કોઈ બંધુ વગેરેનું મરણ થતાં ક્યો બુદ્ધિમાન મનુષ્ય તેને માટે શોક કરે? અર્થાત્ તેને માટે કોઈ પણ બુદ્ધિમાન શોક કરતો નથી.

**વિશેષાર્થ :** જેવી રીતે સૂર્યનો ઉદય અસ્તનો અવિનાભાવી છે તેવી જ રીતે શરીરની ઉત્પત્તિ પણ વિનાશની અવિનાભાવી છે. આવી સ્થિતિમાં તે વિનશ્વર શરીરનો નાશ થતાં તેના વિષયમાં શોક કરવો વિવેકહીનતાનું દ્યોતક છે. ૭.

(वसंततिलका)

**भवन्ति वृक्षेषु पतन्ति नूनं पत्राणि पुष्पाणि फलानि यद्वत् ।**
**कुलेषु तद्वत्पुरुषाः किमत्र हर्षेण शोकेन च सन्मतीनाम् ।।८।।**

**અનુવાદ :** જેવી રીતે વૃક્ષોમાં પત્ર, પુષ્પ અને ફળ ઉત્પન્ન થાય છે અને તેઓ સમયાનુસાર નિશ્ચયથી પડે પણ છે, તેવી જ રીતે કુળો (કુટુંબ)માં જે પુરુષો ઉત્પન્ન થાય છે તેઓ મરે પણ છે. તો પછી બુદ્ધિમાન મનુષ્યોને તે ઉત્પન્ન થતાં હર્ષ અને મરતાં શોક શા માટે થવો જોઈએ? ન થવો જોઈએ. ૮.

(शार्दूलविक्रीडित)

**दुर्लङ्घयाद्भवितव्यताव्यतिकरान्नष्टे प्रिये मानुषे**
**यच्छोकः क्रियते तदत्र तमसि प्रारभ्यते नर्तनम् ।**
**सर्वं नश्वरमेव वस्तु भुवने मत्वा महत्या धिया**
**निर्धूताखिलदुःखसंततिरहो धर्मः सदा सेव्यताम् ।।९।।**

**અનુવાદ :** દુર્નિવાર દૈવના પ્રભાવથી કોઈ પ્રિય મનુષ્યનું મરણ થઈ જાય તો અહીં શોક કરવામાં આવે છે તે અંધારામાં નૃત્ય શરૂ કરવા બરાબર છે. સંસારમાં બધી વસ્તુઓ નાશ પામે છે, એમ ઉત્તમ બુદ્ધિદ્વારા જાણીને સમસ્ત દુઃખોની પરંપરાનો નાશ કરનાર ધર્મનું સદા આરાધન કરો.

**વિશેષાર્થ :** જેમ અંધારામાં નૃત્યનો આરંભ કરવો નિષ્ફળ છે તેવી રીતે કોઈ પ્રિયજનનો વિયોગ થતાં તેના માટે શોક કરવો પણ નિષ્ફળ જ છે. કારણ કે સંસારના બધા જ પદાર્થ સ્વભાવથી

નાશ પામે છે, એમ વિવેકબુદ્ધિથી નિશ્ચિત છે. તેથી જે ધર્મ સમસ્ત દુઃખોનો નાશ કરીને અનંત સુખ (મોક્ષ)ને પ્રાપ્ત કરાવે છે તેનું જ આરાધન કરવું જોઈએ. ૯.

(शार्दूलविक्रीडित)

पूर्वोपार्जितकर्मणा विलिखितं यस्यावसानं यदा
तज्जायेत तदैव तस्य भविनो ज्ञात्वा तदेतद्ध्रुवम् ।
शोकं मुञ्च मृते प्रिये ऽपि सुखदं धर्मं कुरुष्वादरात्
सर्पे दूरमुपागते किमिति भोस्तद्घृष्टिराहन्यते ।।१०।।

**અનુવાદ :** પૂર્વે કમાયેલ કર્મ દ્વારા જે પ્રાણીનો અંત જે સમયે લખવામાં આવ્યો છે તેનો તે જ સમયે અંત થાય છે એમ નિશ્ચિત જાણીને કોઈ પ્રિય મનુષ્યનું મરણ થવા છતાં પણ શોક છોડો અને વિનયપૂર્વક સુખદાયક ધર્મનું આરાધન કરો. ઠીક છે–જ્યારે સાપ દૂર ચાલ્યો જાય છે ત્યારે તેના લીસોટાને ક્યો બુદ્ધિમાન પુરુષ લાઠી દ્વારા પીટે છે? અર્થાત્ કોઈ પણ બુદ્ધિમાન તેમ કરતો નથી. ૧૦.

(शार्दूलविक्रीडित)

ये मूर्खा भुवि ते ऽपि दुःखहतये व्यापारमातन्वते
सा माभूदथवा स्वकर्मवशतस्तस्मान्न ते तादृशाः ।
मूर्खान् मूर्खशिरोमणीन् ननु वयं तानेव मन्यामहे
ये कुर्वन्ति शुचं मृते सति निजे पापाय दुःखाय च ।।११।।

**અનુવાદ :** આ પૃથ્વી ઉપર જે મૂર્ખ મનુષ્યો છે તેઓ પણ દુઃખનો નાશ કરવા માટે પ્રયત્ન કરે છે. છતાં પણ જો પોતાના કર્મના પ્રભાવથી તે દુઃખનો વિનાશ ન યે થાય તોપણ તેઓ એટલા મૂર્ખ નથી. અમે તો તે જ મૂર્ખોને મૂર્ખોમાં શ્રેષ્ઠ અર્થાત્ અતિશય મૂર્ખ માનીએ છીએ જે કોઈ ઇષ્ટ મનુષ્યનું મરણ થતાં પાપ અને દુઃખના નિમિત્તભૂત શોકને દૂર કરે છે.

**વિશેષાર્થ :** લોકમાં જે પ્રાણીને મૂર્ખ સમજવામાં આવે છે તેઓ પણ દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરે છે. જો કદાચ દૈવવશે તેમને પોતાના આ પ્રયત્નમાં સફળતા ન યે મળે તોપણ તેમને એટલા બધા જડ (મૂર્ખ) ગણવામાં આવતા નથી. પરંતુ જે મનુષ્ય કોઈ ઇષ્ટ જનનો વિયોગ થતાં શોક કરે છે તેમને મૂર્ખ જ નહિ પણ મૂર્ખશિરોમણિ (અતિશય જડ) ગણવામાં આવે છે. કારણ એ છે કે મૂર્ખ સમજવામાં આવતા તે પ્રાણીઓ તો આવેલું દુઃખ દૂર કરવા માટે જ કાંઈ ને કાંઈ

પ્રયત્ન કરે છે, પરંતુ આ મૂર્ખશિરોમણિ ઈષ્ટવિયોગમાં શોકાકુળ થઈને અને નવીન દુઃખને પણ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરે છે. એનું પણ કારણ એ છે કે તે શોકથી ''दुःख-शोक-तापाक्रन्दन-वध-परिदेवनान्यात्म–परोभयस्थान्यसद्वेद्यस्य'' આ સૂત્ર (ત. સૂ. ૬–૧૧) અનુસાર અશાતાવેદનીય કર્મનો જ બંધ થાય છે, કે જેથી ભવિષ્યમાં પણ તેમને તે દુઃખની પ્રાપ્તિ અનિવાર્ય બની જાય છે. ૧૧.

(शार्दूलविक्रीडित)

**किं जानासि न किं शृणोषि न न किं प्रत्यक्षमेवेक्षसे**
**निःशेषं जगदिन्द्रजालसदृशं रम्भेव सारोज्झितम् ।**
**किं शोकं कुरुषे ऽत्र मानुषपशो लोकान्तरस्थे निजे**
**तत्किंचित्कुरु येन नित्यपरमानन्दास्पदं गच्छसि ।।१२।।**

**અનુવાદ :** હે અજ્ઞાની મનુષ્ય! આ સમસ્ત જગત્ ઈન્દ્રજાળ સમાન વિનશ્વર અને કેળના થડ સમાન નિઃસાર છે; આ વાત શું તું નથી જાણતો? શું શાસ્ત્રમાં સાંભળ્યું નથી? અને શું પ્રત્યક્ષ નથી દેખતો? અર્થાત્ તમે એને અવશ્ય જાણો છો, સાંભળો છો અને પ્રત્યક્ષપણે દેખો છો. તો પછી ભલા અહીં પોતાના કોઈ સંબંધી મનુષ્યનું મરણ થતાં શોક કેમ કરો છો? અર્થાત્ શોક છોડીને એવો કાંઈક પ્રયત્ન કરો કે જેથી શાશ્વત, ઉત્તમ સુખના સ્થાનભૂત મોક્ષને પામી શકો. ૧૨.

(वसंततिलका)

**जातो जनो म्रियत एव दिने च मृत्योः**
**प्राप्ते पुनस्त्रिभुवने ऽपि न रक्षकोऽस्ति ।**
**तद्यो मृते सति निजे ऽपि शुचं करोति**
**पूत्कृत्य रोदिति वने विजने स मूढः ।।१३।।**

**અનુવાદ :** જે મનુષ્ય ઉત્પન્ન થયો છે તે મૃત્યુનો દિવસ આવતાં મરે જ છે, તે વખતે તેની રક્ષા કરનાર ત્રણે લોકમાં કોઈ પણ નથી. તેથી જે પોતાનું ઈષ્ટજન મૃત્યુ પામે ત્યારે શોક કરે છે તે મૂર્ખ નિર્જન વનમાં બૂમો પાડીને રુદન કરે છે. અભિપ્રાય એ છે કે જેવી રીતે જનશૂન્ય (મનુષ્ય વિનાના) વનમાં રુદન કરનારના રોવાથી કાંઈ પણ પ્રયોજન સિદ્ધ થતું નથી તેવી રીતે કોઈ ઈષ્ટ જન મૃત્યુ પામતાં, તેના માટે શોક કરવાવાળાને પણ કાંઈ પ્રયોજન સિદ્ધ થતું નથી, પરંતુ તેથી દુઃખદાયક નવીન કર્મોનો જ બંધ થાય છે. ૧૩.

(वसंततिलका)

इष्टक्षयो यदिह ते यदनिष्टयोगः
पापेन तद्भवति जीव पुराकृतेन ।
शोकं करोषि किमु तस्य कुरु प्रणाशं
पापस्य तौ न भवतः पुरतोऽपि येन ।।१४।।

અનવાદ :—હે જીવ! અહીં જે તને ઈષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ થાય છે તે તારા પૂર્વકૃત પાપના ઉદયથી થાય છે. તેથી તું શોક શા માટે કરે છે? તે પાપનો જ નાશ કરવાનો પ્રયત્ન કર કે જેથી આગળ પણ તે બન્ને (ઈષ્ટ વિયોગ અને અનિષ્ટસંયોગ) ન થઈ શકે. ૧૪.

(शार्दूलविक्रीडित)

नष्टे वस्तुनि शोभने ऽपि हि तदा शोकः समारभ्यते
तल्लाभो ऽथ यशोऽथ सौख्यमथ वा धर्मो ऽथ वा स्याद्यदि ।
यद्येको ऽपि न जायते कथमपि स्फारैः प्रयत्नैरपि
प्रायस्तत्र सुधीर्मुधा भवति कः शोकोग्ररक्षोवशः ।।१५।।

**અનુવાદ :** મનોહર વસ્તુનો નાશ થતાં જો શોક કરવાથી તેની પ્રાપ્તિ થતી હોય કીર્તિ મળતી હોય, સુખ થતું હોય અથવા ધર્મ થતો હોય; તો તો શોકનો પ્રારંભ કરવો બરાબર છે. પરંતુ જો અનેક પ્રયત્નો દ્વારા પણ તે ચારેમાંથી ઘણું કરીને કોઈ એક પણ ઉત્પન્ન ન થતું હોય તો પછી ક્યો બુદ્ધિમાન મનુષ્ય વ્યર્થ તે શોકરૂપી મહારાક્ષસને આધીન થાય? અર્થાત્ કોઈ નહીં. ૧૫.

(वसंततिलका)

एकद्रुमे निशि वसन्ति यथा शकुन्ताः
प्रातः प्रयान्ति सहसा सकलासु दिक्षु ।
स्थित्वा कुले बत तथान्यकुलानि मृत्वा
लोकाः श्रयन्ति विदुषा खलु शोच्यते कः ।।१६।।

**અનુવાદ :** જેવી રીતે પક્ષીઓ રાત્રે કોઈ એક વૃક્ષ ઉપર નિવાસ કરે છે અને પછી સવાર થતાં તેઓ સહસા સર્વ દિશાઓમાં ચાલ્યા જાય છે, ખેદ છે કે તેવી જ રીતે મનુષ્ય પણ કોઈ એક કુળમાં સ્થિત રહીને પછી મૃત્યુ પામીને અન્ય કુળોનો આશ્રય કરે છે. તેથી વિદ્વાન મનુષ્ય તેને માટે કાંઈ પણ શોક કરતા નથી. ૧૬.

(शार्दूलविक्रीडित)

**दुःखव्यालसमाकुलं भववनं जाडयान्धकाराश्रितं**
**तस्मिन् दुर्गतिपल्लिपातिकुपथैर्भ्राम्यन्ति सर्वे ऽङ्गिनः ।**
**तन्मध्ये गुरुवाक्प्रदीपममलं ज्ञानप्रभाभासुरं**
**प्राप्यालोक्य च सत्पथं सुखपदं याति प्रबुद्धो ध्रुवम् ।।१७।।**

**અનુવાદ :** જે સંસારરૂપી વન દુઃખોરૂપી સર્પોથી વ્યાપ્ત અને અજ્ઞાનરૂપી અંધકારથી પરિપૂર્ણ છે તેમાં સર્વે પ્રાણી દુર્ગતિરૂપ ભીલોની વસ્તી તરફ લઈ જતા ખોટા માર્ગે પરિભ્રમણ કરે છે. તે (સંસાર–વન)ની વચ્ચે વિવેકી પુરુષ જ્ઞાનરૂપી જ્યોતિથી દેદીપ્યમાન નિર્મળ ગુરુના વચન (ઉપદેશ) રૂપી દીપક પામીને અને તેનાથી સમીચીન માર્ગ જોઈને નિશ્ચયથી સુખના સ્થાનભૂત મોક્ષને પ્રાપ્ત કરી લે છે.

**વિશેષાર્થ :** જેવી રીતે કોઈ મુસાફર સર્પોથી ભરેલા અંધકારયુક્ત વનમાં ભૂલીને ખોટા માર્ગે ભીલોની વસ્તીમાં જઈ પહોંચે છે અને કષ્ટ સહન કરે છે. જો તેને ઉક્ત વનમાં કોઈ પ્રકારે દીવો પ્રાપ્ત થઈ જાય છે તો તે તેના સહારે યોગ્ય માર્ગની ખોજ કરીને તેના દ્વારા ઈષ્ટ સ્થાનમાં પહોંચી જાય છે. બરાબર એવી જ રીતે આ સંસારી પ્રાણી પણ દુઃખોથી ભરેલા આ અજ્ઞાનમય સંસારમાં મિથ્યાદર્શનાદિને વશીભૂત થઈને નરકાદિ દુર્ગતિઓમાં પહોંચે છે અને ત્યાં અનેક પ્રકારના કષ્ટો સહે છે. તેને જ્યારે નિર્મળ સદ્‌ગુરુનો ઉપદેશ મળે છે ત્યારે તે તેમાંથી પ્રબુદ્ધ થઈને મોક્ષમાર્ગનો આશ્રય કરે છે અને તેના દ્વારા મુક્તિપુરીમાં જઈ પહોંચે છે. ૧૭.

(वसंततिलका)

**यैव स्वकर्मकृतकालकलात्र जन्तु-**
**स्तत्रैव याति मरणं न पुरो न पश्चात् ।**
**मूढास्तथापि हि मृते स्वजने विधाय**
**शोकं परं प्रचुरदुःखभुजो भवन्ति ।।१८।।**

**અનુવાદ :** આ સંસારમાં પોતાના કર્મ દ્વારા જે મરણનો સમય નક્કી કરવામાં આવ્યો છે તે જ સમયે પ્રાણી મરણ પામે છે, તે તેનાથી ન તો પહેલાં મરે છે અને ન પછી, પણ છતાં ય મૂર્ખ મનુષ્યો પોતાના કોઈ સંબંધીનું મૃત્યુ થતાં અતિશય શોક કરીને બહુ જ દુઃખ ભોગવે છે. ૧૮.

(शार्दूलविक्रीडित)

वृक्षाद्वृक्षमिवाण्डजा मधुलिहः पुष्पाच्च पुष्पं यथा
जीवा यान्ति भवाद्भवान्तरमिहाश्रोन्तं तथा संसृतौ।
तज्जातेऽथ मृतेऽथ वा न हि मुदं शोकं न कस्मिन्नपि
प्रायः प्रारभतेऽधिगम्य मतिमानस्थैर्यमित्यङ्गिनाम् ॥१९॥

**અનુવાદ :** જેવી રીતે પક્ષી એક વૃક્ષથી બીજા વૃક્ષ ઉપર તથા ભમરો એક ફૂલથી બીજા ફૂલ ઉપર જાય છે તેવી જ રીતે અહીં સંસારમાં જીવ નિરંતર એક પર્યાયમાંથી બીજી પર્યાયમાં જાય છે. તેથી બુદ્ધિમાન મનુષ્ય ઉપર્યુક્ત પ્રકારે પ્રાણીઓની અસ્થિરતા જાણીને ઘણું કરીને કોઈ ઇષ્ટ સંબંધીનો જન્મ થતાં હર્ષ પામતા નથી અને તેનું મૃત્યુ થતાં શોક પામતાં નથી. ૧૯.

(शार्दूलविक्रीडित)

भ्राम्यन् कालमनन्तमत्र जनने प्राप्नोति जीवो न वा
मानुष्यं यदि दुष्कुले तदघतः प्राप्तं पुनर्नश्यति।
सज्ज्ञातावथ तत्र याति विलयं गर्भेऽपि जन्मन्यपि
द्राग्बाल्येऽपि ततोऽपि नो वृष इति प्राप्ते प्रयत्नो वरः ॥२०॥

**અનુવાદ :** આ જન્મ-મરણરૂપ સંસારમાં અનંતકાળથી પરિભ્રમણ કરતો જીવ મનુષ્ય પર્યાય પામે છે અથવા નથી પણ પામતો અર્થાત્ તેને તે મનુષ્ય પર્યાય ઘણી મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે. જો કદાચ તે મનુષ્યભવ પ્રાપ્ત પણ કરી લે છે તો પણ નીચ કુળમાં ઉત્પન્ન થવાથી તેનો તે મનુષ્યભવ પાપાચરણપૂર્વક જ નષ્ટ થઈ જાય છે. જો કોઈ પ્રકારે ઉત્તમ કુળમાં ય ઉત્પન્ન થયો તોપણ ત્યાં તે કાં તો ગર્ભમાં જ મરી જાય છે અથવા જન્મ લેતી વખતે મરી જાય છે અથવા બાલ્યાવસ્થામાં પણ શીઘ્ર મરણ પામી જાય છે. તેથી પણ ધર્મની પ્રાપ્તિ થઈ

શકતી નથી. પછી જો આયુષ્યની અધિકતામાં તે ધર્મ પ્રાપ્ત થઈ જાય તો તેના વિષયમાં ઉત્કૃષ્ટ પ્રયત્ન કરવો જોઈએ. ૨૦.

(मालिनी)

स्थिरं सदपि सर्वदा भृशमुदेत्यवस्थान्तरैः
प्रतिक्षणमिदं जगज्जलदकूटवन्नश्यति ।
तदत्र भवमाश्रिते मृतिमुपागते वा जने
प्रियेऽपि किमहो मुदा किमु शुचा प्रबुद्धात्मनः ॥२१॥

**અનુવાદ :** આ વિશ્વ દ્રવ્ય અપેક્ષાએ સ્થિર (ધ્રુવ) હોવા છતાં પણ પર્યાય-અપેક્ષાએ પ્રત્યેક ક્ષણે મેઘપટલ સમાન અન્ય-અન્ય અવસ્થાઓથી ઉત્પન્ન પણ થાય છે અને નષ્ટ પણ અવશ્ય થાય છે. આ કારણે અહીં જ્ઞાની જીવને કોઈ પ્રિયજનનો જન્મ થતાં હર્ષ અને તેનું મરણ થતાં શોક કેમ થવો જોઈએ? અર્થાત્ ન થવો જોઈએ. ૨૧.

(शार्दूलविक्रीडित)

लङ्घ्यन्ते जलराशयः शिखरिणो देशास्तटिन्यो जनैः
सा वेला तु मृतेर्नृपक्ष्मचलनस्तोकापि देवैरपि ।
तत्कस्मिन्नपि संस्थिते सुखकरं श्रेयो विहाय ध्रुवं
कः सर्वत्र दुरन्तदुःखजनकं शोकं विदध्यात् सुधीः ॥२२॥

**અનુવાદ :** મનુષ્ય સમુદ્રો, પર્વતો, દેશો અને નદીઓને ઓળંગી શકે છે; પરંતુ મૃત્યુના નિશ્ચિત સમયને દેવ પણ નિમેષ માત્ર (આંખના પલકારા બરાબર) જરા પણ ઓળંગી શકતો નથી. આ કારણે કોઈ પણ ઈષ્ટ જનનું મૃત્યુ થતાં ક્યો બુદ્ધિમાન મનુષ્ય સુખદાયક કલ્યાણમાર્ગ છોડીને સર્વત્ર અપાર દુઃખ ઉત્પન્ન કરનાર શોક કરે? અર્થાત્ કોઈ પણ બુદ્ધિમાન્ શોક કરતો નથી. ૨૨.

(शार्दूलविक्रीडित)

आक्रन्दं कुरुते यदत्र जनता नष्टे निजे मानुषे
जाते यच्च मुदं तदुन्नतधियो जल्पन्ति वातूलताम् ।
यज्जाड्यात्कृतदुष्टचेष्टितभवत्कर्मप्रबन्धोदयात्
मृत्यूत्पत्तिपरम्परामयमिदं सर्वं जगत्सर्वदा ॥२३॥

**અનુવાદ :** સંસારમાં લોકો પોતાના કોઈ સંબંધી મનુષ્યનું મૃત્યુ થતાં જે વિલાપપૂર્વક ચીસો પાડીને રુદન કરે છે તથા તેનો જન્મ થતાં જે હર્ષ કરે છે તેને ઉન્નત બુદ્ધિના ધારક ગણધર આદિ પાગલપણું કહે છે. કારણ કે મૂર્ખતાવશ જે ખોટી પ્રવૃત્તિઓ કરવામાં આવી હોય તેનાથી થતા કર્મના પ્રકૃષ્ટ બંધ અને તેના ઉદયથી સદા આ આખુંય વિશ્વ મૃત્યુ અને ઉત્પત્તિની પરંપરાસ્વરૂપ છે. ૨૩.

(शार्दूलविक्रीडित)

गुर्वी भ्रान्तिरियं जडत्वमथ वा लोकस्य यस्माद्वसन्
संसारे बहुदुःखजालजटिले शोकीभवत्यापदि ।
भूतप्रेतपिशाचफेरवचितापूर्णे श्मशाने गृहं
कः कृत्वा भयदादमङ्गलकृते भावाद्भवेच्छङ्कितः ।।२४।।

**અનુવાદ :** અનેક દુઃખોના સમૂહથી પરિપૂર્ણ એવા સંસારમાં રહેનાર મનુષ્ય આપત્તિ આવતાં જે શોકાકુળ થાય છે એ તેની ઘણી મોટી ભ્રાન્તિ અથવા અજ્ઞાનતા છે. બરાબર છે-જે વ્યક્તિ ભૂત, પ્રેત, પિશાચ, શિયાળ અને ચિત્તાઓથી ભરેસા એવા અમંગળકારી સ્મશાનમાં મકાન બનાવીને રહે છે તે શું ભય ઉત્પન્ન કરનાર પદાર્થોથી કદી શંકિત થાય? અર્થાત્ ન થાય.

**વિશેષાર્થ :** જેવી રીતે ભૂત-પ્રેતાદિથી વ્યાપ્ત સ્મશાનમાં ઘર બનાવીને રહેનાર મનુષ્ય કદી અન્ય પદાર્થોથી ભયભીત થતો નથી તેવી જ રીતે અનેક દુઃખોથી પરિપૂર્ણ આ જન્મ-મરણરૂપ સંસારમાં પરિભ્રમણ કરનાર જીવે પણ કોઈ ઇષ્ટવિયોગાદિરૂપ આપત્તિ આવતાં વ્યાકુળ ન થવું જોઈએ. છતાં જો એવી આપત્તિઓ આવતાં પ્રાણી શોકાદિથી સંતપ્ત થાય છે તો એમાં તેની અજ્ઞાનતા જ કારણ છે કેમ કે જ્યારે સંસાર સ્વભાવથી જ દુઃખમય છે તો આપત્તિઓનું આવવું જવું તો રહેવાનું જ. તો પછી એમાં રહેતા થકા ભલા હર્ષ અને વિષાદ કરવાથી ક્યું પ્રયોજન સિદ્ધ થવાનું? ૨૪.

(मालिनी)

भ्रमति नभसि चन्द्रः संसृतौ शश्वदङ्गी
लभत उदयमस्तं पूर्णतां हीनतां च ।
कलुषितहृदयः सन् याति राशिं च राशे-
स्तनुमिह तनुतस्तत्कात्र मुत्कश्च शोकः ।।२५।।

**અનુવાદ :** જેવી રીતે ચન્દ્રમા આકાશમાં નિરંતર ચક્કર લગાવ્યા કરે છે તેવી જ રીતે આ પ્રાણી સદા સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે; જેમ ચન્દ્રમા ઉદય, અસ્ત, અને કળાઓની હાનિ–વૃદ્ધિને પામ્યા કરે છે તેવી જ રીતે સંસારી પ્રાણી પણ જન્મ–મરણ અને સંપત્તિની હાનિ-વૃદ્ધિને પામ્યા કરે છે; જેમ ચંદ્ર મધ્યમાં કલુષિત (કાળો) રહે છે તેવી જ રીતે સંસારી પ્રાણીનું હૃદય પણ પાપથી કલુષિત રહે છે તથા જેમ ચંદ્ર એક રાશિ (મીન-મેષ વગેરે)થી બીજી રાશિને પ્રાપ્ત થાય છે તેવી જ રીતે સંસારી પ્રાણી પણ એક શરીર છોડીને બીજા શરીરનું ગ્રહણ કર્યા કરે છે. આવી સ્થિતિ હોતાં સંપત્તિ અને વિપત્તિની પ્રાપ્તિમાં જીવે હર્ષ અને વિષાદ શા માટે કરવો જોઈએ? અર્થાત્ ન કરવા જોઈએ . ૨૫.

(मालिनी)

**तडिदिव चलमेतत्पुत्रदारादि सर्वं**
**किमिति तदभिघाते खिद्यते बुद्धिमद्भिः ।**
**स्थितिजननविनाशं नोष्णतेवानलस्य**
**व्यभिचरति कदाचित्सर्वभावेषु नूनम् ।।२६।।**

**અનુવાદ :** આ બધા પુત્ર અને સ્ત્રી આદિ પદાર્થ જો વિજળી સમાન ચંચળ અર્થાત્ ક્ષણિક છે તો પછી તેમનો વિનાશ થતાં બુદ્ધિમાન મનુષ્ય ખેદખિન્ન કેમ થાય છે? અર્થાત્ તેમનો નશ્વર સ્વભાવ જાણીને તેમણે ખેદખિન્ન ન થવું જોઈએ. જેવી રીતે ઉષ્ણતા અગ્નિનો વ્યભિચાર કરતી નથી અર્થાત્ તે સદા અગ્નિ હોય ત્યાં હોય છે અને તેના અભાવમાં કદી પણ નથી હોતી; બરાબર એવી જ રીતે સ્થિતિ (ધ્રૌવ્ય), ઉત્પાદ અને વ્યય પણ નિશ્ચયથી પદાર્થો હોય ત્યાં અવશ્ય હોય છે અને તેમના અભાવમાં કદી પણ હોતા નથી. ૨૬.

(मालिनी)

**प्रियजनमृतिशोकः सेव्यमानो ऽतिमात्रं**
**जनयति तदसातं कर्म यच्चाग्रतो ऽपि ।**
**प्रसरति शतशाखं देहिनि क्षेत्र उप्तं**
**वट इव तनुबीजं त्यज्यतां स प्रयत्नात् ।।२७।।**

**અનુવાદ :** પ્રિયજનનું મૃત્યુ થતાં જે શોક કરવામાં આવે છે તે તીવ્ર અશાતાવેદનીય કર્મ ઉત્પન્ન કરે છે જે આગળ (ભવિષ્યમાં) પણ વિસ્તાર પામીને પ્રાણીને સેંકડો પ્રકારે દુઃખ આપે છે. જેમ યોગ્ય ભૂમિમાં વાવવામાં આવેલું નાનકડું વડનું બીજ પણ સેંકડો શાખાઓ સંયુક્ત વડવૃક્ષ રૂપે વિસ્તાર પામે છે તેથી જ આવો અહિતકારી તે શોક પ્રયત્નપૂર્વક છોડી દેવો જોઈએ. ૨૭.

(आर्या)

आयुःक्षतिः प्रतिक्षणमेतन्मुखमन्तकस्य तत्र गताः।
सर्वे जनाः किमेकः शोचयत्यन्यं मृतं मूढः ।।२८।।

**અનુવાદ :** પ્રત્યેક ક્ષણે જે આયુષ્યની હાનિ થઈ રહી છે એ યમરાજનું મુખ છે. તેમાં (યમરાજના મુખમાં) બધા જ પ્રાણી પહોંચે છે. અર્થાત્ બધા પ્રાણીઓનું મરણ અનિવાર્ય છે. છતાં એક પ્રાણી બીજા પ્રાણીનું મૃત્યુ થતાં શોક કેમ કરે છે? અર્થાત્ જો બધા સંસારી પ્રાણીઓનું મરણ અવશ્ય થનાર છે તો એક બીજા મરતાં શોક કરવો ઉચિત નથી. ૨૮.

(अनुष्टुभ्)

यो नात्र गोचरं मृत्योर्गतो याति न यास्यति।
स हि शोकं मृते कुर्वन् शोभते नेतरः पुमान् ।।२९।।

**અનુવાદ :** જે મનુષ્ય અહીં મૃત્યુના વિષયને ન તો ભૂતકાળમાં પ્રાપ્ત થયો હોય, ન વર્તમાનમાં પ્રાપ્ત થતો હોય અને ન ભવિષ્યમાં પ્રાપ્ત થવાનો હોય; અર્થાત્ જેનું મરણ ત્રણે કાળે સંભવ ન હોય તે જો કોઈ પ્રિયજનનું મરણ થતાં શોક કરે તો એમાં તેની શોભા છે. પરંતુ જે મનુષ્ય સમયાનુસાર પોતે જ મરણને પ્રાપ્ત થાય છે તેનું બીજા કોઈ પ્રાણીનું મરણ થતાં શોકાકુળ થવું અશોભનીય છે. અભિપ્રાય એ છે કે જો બધા સંસારી પ્રાણી સમય અનુસાર મૃત્યુને પ્રાપ્ત થાય છે તો એકે બીજાનું મૃત્યુ થતાં શોક કરવો ઉચિત નથી. ૨૯.

(मालिनी)

प्रथममुदयमुच्चैर्दूरमारोहलक्ष्मी-
मनुभवति च पातं सोऽपि देवो दिनेशः।

यदि किल दिनमध्ये तत्र केषां नराणां
वसति हृदि विषादः सत्स्ववस्थान्तरेषु ।।३०।।

**અનુવાદ :** જે સૂર્યદેવ એક જ દિવસમાં પ્રાતઃકાળે ઉદયનો અનુભવ કરે છે અને ત્યાર પછી મધ્યાહ્નમાં ખૂબ ઊંચે ચઢીને લક્ષ્મીનો અનુભવ કરે છે તે પણ જ્યારે સાયંકાળમાં નિશ્ચયથી અસ્ત પામે છે ત્યારે જન્મમરણાદિ–સ્વરૂપ ભિન્ન-ભિન્ન અવસ્થાઓ થતાં ક્યા મનુષ્યના હૃદયમાં વિષાદ રહે છે? અર્થાત્ એવી દશામાં કોઈએ પણ વિષાદ ન કરવો જોઈએ. ૩૦.

(वसंततिलका)

आकाश एव शशिसूर्यमरुत्खगाद्याः
भूपृष्ठ एव शकटप्रमुखाश्चरन्ति ।
मीनादयश्च जल एव यमस्तु याति
सर्वत्र कुत्र भविनां भवति प्रयत्नः ।।३१।।

**અનુવાદ :** ચંદ્ર, સૂર્ય, વાયુ અને પક્ષી આદિ આકાશમાં જ ગમન કરે છે; ગાડી આદિનું આવાગમન પૃથ્વી ઉપર જ થાય છે તથા મત્સ્યાદિ જળમાં જ સંચાર કરે છે. પરંતુ યમ(મૃત્યુ) આકાશ, પૃથ્વી અને જળમાં બધા સ્થળે પહોંચે છે. તેથી સંસારી પ્રાણીઓનો પ્રયત્ન ક્યાં થઈ શકે? અર્થાત્ કાળ જો બધા સંસારી પ્રાણીઓનો કોળિયો કરી જતો હોય તો તેનાથી બચવા માટે કરવામાં આવતો કોઈ પણ પ્રાણીનો પ્રયત્ન સફળ થઈ શકતો નથી. ૩૧.

(शार्दूलविक्रीडित)

किं देवः किमु देवता किमगदो विद्यास्ति किं किं मणिः
किं मन्त्रं किमुताश्रयः किमु सुहृत् किं वा स गन्धो ऽस्ति सः ।
अन्ये वा किमु भूपतिप्रभृतयः सन्त्यत्र लोकत्रये
यैः सर्वैरपि देहिनः स्वसमये कर्मोदितं वार्यते ।।३२।।

**અનુવાદ :** અહીં ત્રણે લોકમાં શું દેવ, શું દેવી, શું ઔષધિ, શું વિદ્યા, શું મણિ, શું મન્ત્ર, શું આશ્રય, શું મિત્ર, શું તે સુગંધ અથવા શું અન્ય રાજા આદિ પણ એવા શક્તિશાળી છે જે બધાય પોતાના ઉદય પામેલા કર્મને રોકી શકે? અર્થાત્

ઉદયમાં આવેલા કર્મનું નિવારણ કરવા માટે ઉપર્યુક્ત દેવાદિમાંથી કોઈ પણ સમર્થ નથી. ૩૨.

(शार्दूलविक्रीडित)

गीर्वाणा अणिमादिस्वस्थमनसः शक्ताः किमत्रोच्यते
ध्वस्तास्ते ऽपि परम्परेण स परस्तेभ्यः कियान् राक्षसः।
रामाख्येन च मानुषेण निहतः प्रोल्लङ्घ्य सो ऽप्यम्बुधिं
रामो ऽप्यन्तकगोचरः समभवत् को ऽन्यो बलीयान् विधेः ॥३३॥

**અનુવાદ :** અહીં અધિક શું કહેવું? અણિમા-મહિમા આદિ ઋદ્ધિઓથી સ્વસ્થ મનવાળા જે શક્તિશાળી ઈન્દ્રાદિ દેવ હતા તે પણ કેવળ એક શત્રુ દ્વારા નાશ પામ્યા છે. તે શત્રુ પણ રાવણ રાક્ષસ હતો જે તે ઈન્દ્રાદિની અપેક્ષાએ કાંઈ પણ નહોતો. વળી તે રાવણ રાક્ષસ પણ રામ નામના મનુષ્ય દ્વારા સમુદ્ર ઓળંગીને માર્યો ગયો. અંતે તે રામ પણ યમરાજનો વિષય બની ગયા અર્થાત્ તેને પણ મૃત્યુએ ન છોડ્યા. બરાબર છે–દૈવથી અધિક બળવાન બીજું કોણ છે? અર્થાત્ કોઈ પણ નથી. ૩૩.

(शार्दूलविक्रीडित)

सर्वत्रोद्गतशोकदावदहनव्याप्तं जगत्काननं
मुग्धास्तत्र वधूमृगीगतधियस्तिष्ठन्ति लोकैणकाः।
कालव्याध इमान् निहन्ति पुरतः प्राप्तान् सदा निर्दयः
तस्माज्जीवति नो शिशुर्न च युवा वृद्धोऽपि नो कश्चन ॥३४॥

**અનુવાદ :** આ સંસારરૂપી વન સર્વત્ર ઉત્પન્ન થયેલ શોકરૂપી દાવાનળ (જંગલની અગ્નિ)થી વ્યાપ્ત છે. તેમાં મૂઢ મનુષ્યરૂપી હરણ સ્ત્રીરૂપી હરણીમાં આસક્ત થઈને રહે છે. નિર્દય કાળ (મૃત્યુ) રૂપી વ્યાધ (શિકારી) સામે આવેલ આ મનુષ્યોરૂપી હરણોનો સદાય નાશ કર્યા કરે છે. તેનાથી ન કોઈ બાળક બચે છે, ન કોઈ યુવક બચે છે અને ન કોઈ વૃદ્ધ પણ જીવતો રહે છે. ૩૪.

(वसंततिलका)

संपच्चारुलतः प्रियापरिलसद्वल्लीभिरालिङ्गितः
पुत्रादिप्रियपल्लवो रतिसुखप्रायैः फलैराश्रितः।

जातः संसृतिकानने जनतरुः कालोग्रदावानल–
व्याप्तश्चेन्न भवेत्तदा बत बुधैरन्यत्किमालोक्यते ।।३५।।

**અનુવાદ :** સંસારરૂપી વનમાં ઉત્પન્ન થયેલ જે મનુષ્યરૂપી વૃક્ષ સંપત્તિરૂપી સુંદર લત્તા સહિત સ્ત્રીરૂપી શોભાયમાન વેલોથી વીંટાળાયેલ પુત્ર-પૌત્રાદિરૂપી મનોહર પર્ણોથી રમણીય તથા વિષયભોગજનિત સુખ જેવા ફળોથી પરિપૂર્ણ હોય છે; તે જો મૃત્યુરૂપી તીવ્ર દાવાનળથી વ્યાપ્ત ન હોત તો વિદ્વાનો બીજું શું દેખે? અર્થાત્ તે મનુષ્યરૂપી વૃક્ષ તે કાળરૂપી દાવાનળથી નષ્ટ થાય જ છે. આ જોવા છતાં પણ વિદ્વાનો આત્મહિતમાં પ્રવૃત્ત થતા નથી એ ખેદની વાત છે. ૩૫.

(शिखरिणी)

वाञ्छन्त्येव सुखं तदत्र विधिना दत्तं परं प्राप्यते
नूनं मृत्युमुपाश्रयन्ति मनुजास्तत्राप्यतो बिभ्यति ।
इत्थं कामभयप्रसक्तहृदया मोहान्मुधैव ध्रुवं
दुःखोर्मिप्रचुरे पतन्ति कुधियः संसारघोरार्णवे ।।३६।।

**અનુવાદ :** સંસારમાં મનુષ્ય સુખની ઈચ્છા કરે જ છે, પરંતુ તે તેમને ફક્ત કર્મ દ્વારા અપાયેલ પ્રાપ્ત થાય છે. તે મનુષ્ય નિશ્ચયથી મૃત્યુ તો પામે છે પરંતુ તેનાથી ડરે છે. આ રીતે તે દુર્બુદ્ધિ મનુષ્યો હૃદયમાં ઈચ્છા (સુખની અભિલાષા) અને ભય (મૃત્યુનો ભય) ધારણ કરતાં થકાં અજ્ઞાનથી અનેક દુઃખોરૂપી લહેરોવાળા સંસારરૂપી ભયાનક સમુદ્રમાં નકામા જ પડે છે. ૩૬.

(मालिनी)

स्वसुखपयसि दीव्यन्मृत्युकैवर्तहस्त-
प्रसृतधनजरोरुप्राल्लसज्जालमध्ये ।
निकटमपि न पश्यत्यापदां चक्रमुग्रं
भवसरसि वराको लोकमीनौघ एषः ।।३७।।

**અનુવાદ :** આ બિચારો મનુષ્યોરૂપી માછલીઓના સમૂહ સંસારરૂપી સરોવરમાં પોતાના સુખરૂપ જળમાં ક્રીડા કરતો થકો મૃત્યુરૂપી માછીમારના હાથે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ફેલાવવામાં આવેલ વૃદ્ધત્વરૂપી વિસ્તૃત જાળની વચ્ચે ફસાઈને નિકટવર્તી તીવ્ર આપત્તિઓના સમૂહને પણ દેખતો નથી.

**વિશેષાર્થ :** જેવી રીતે માછલીઓ સરોવરમાં પાણીમાં ક્રીડા કરતી થકી તેમાં એટલી આસક્ત થઈ જાય છે કે તેમને માછીમાર દ્વારા પોતાને પકડવા માટે ફેલાવવામાં આવેલી જાળનું પણ ધ્યાન રહેતું નથી તેથી તેમને તેમાં ફસાઈને મરણનું કષ્ટ સહન કરવું પડે છે. બરાબર એવી જ રીતે બિચારા આ પ્રાણીઓ પણ સંસારમાં શાતાવેદનીયજનિત અલ્પ સુખમાં એટલા અધિક મગ્ન થઈ જાય છે કે તેને મૃત્યુ પ્રાપ્ત કરાવનાર વૃદ્ધત્વની પ્રાપ્તિ થઈ જવા છતાં પણ તેનું ભાન નથી રહેતું અને તેથી અંતે તે કાળનો કોળિયો બનીને અસહ્ય દુ:ખ સહે છે. ૩૭.

(शार्दूलविक्रीडित)

**शृण्वन्नन्तकगोचरं गतवतः पश्यन्बहून् गच्छतो**
**मोहादेव जनस्तथापि मनुते स्थैर्यं परं ह्यात्मनः ।**
**संप्राप्ते ऽपि च वार्धके स्पृहयति प्रायो न धर्माय यत्**
**तद्बध्नात्यधिकाधिकं स्वमसकृत्पुत्रादिभिर्बन्धनैः ।।३८।।**

**અનુવાદ :** મનુષ્ય મરણ પામેલા જીવોના વિષયમાં સાંભળે છે તથા વર્તમાનમાં તે મરણ પામનાર ઘણા જીવોને સ્વયં દેખે પણ છે; તો પણ તે કેવળ મોહના કારણે પોતાને અતિશય સ્થિર માને છે. તેથી વૃદ્ધત્વને પ્રાપ્ત થવા છતાં પણ તે ઘણું કરીને ધર્મની અભિલાષા કરતો નથી અને તેથી જ પોતાને નિરંતર પુત્રાદિરૂપ બંધનોથી અત્યન્તપણે બાંધે છે. ૩૮.

(शार्दूलविक्रीडित)

**दुश्चेष्टाकृतकर्मशिल्पिरचितं दुःसन्धि दुर्बन्धनं**
**सापायस्थिति दोषधातुमलवत्सर्वत्र यन्नश्वरम् ।**
**आधिव्याधिजरामृतिप्रभृतयो यच्चात्र चित्रं न तत्**
**तच्चित्रं स्थिरता बुधैरपि वपुष्यत्रापि यन्मृग्यते ।।३९।।**

**અનુવાદ :** જે શરીર દુષ્ટ આચરણથી ઉપાર્જિત કર્મરૂપી કારીગર દ્વારા રચવામાં આવ્યું છે, જેના સાંધા અને બંધનો નિંદ્ય છે, જેની સ્થિતિ વિનાશ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

સહિત છે અર્થાત્ જે વિનશ્વર છે; જે રોગાદિ દોષો, સાત ધાતુઓ અને મળથી પરિપૂર્ણ છે; અને જે નષ્ટ થવાનું છે, તેની સાથે જો આધિ (માનસિક ચિંતા), રોગ, વૃદ્ધાવસ્થા અને મરણ આદિ રહેતા હોય તો એમાં કોઈ આશ્ચર્ય નથી. પરંતુ આશ્ચર્ય તો કેવળ એમાં છે કે વિદ્વાન્ મનુષ્ય પણ તે શરીરમાં સ્થિરતા શોધે છે. ૩૯.

(शार्दूलविक्रीडित)

लब्धा श्रीरिह वाञ्छिता वसुमती भुक्ता समुद्रावधिः
प्राप्तास्ते विषया मनोहरतराः स्वर्गे ऽपि ये दुर्लभाः ।
पश्चाच्चेन्मृतिरागमिष्यति ततस्तत्सर्वमेतद्विषा-
श्लिष्टं भोज्यमिवातिरम्यमपि धिग्मुक्तिः परं मृग्यताम् ।।४०।।

**અનુવાદ :** હે આત્મા! તેં ઇચ્છિત લક્ષ્મી પ્રાપ્ત કરી લીધી છે, સમુદ્ર પર્યંત પૃથ્વી પણ ભોગવી લીધી છે અને જે વિષયો સ્વર્ગમાં પણ દુર્લભ છે તે અતિશય મનોહર વિષયો પણ પ્રાપ્ત કરી લીધા છે. છતાં પણ જો પાછળ મૃત્યુ આવવાનું હોય તો આ બધું વિષયુક્ત આહાર સમાન અત્યંત રમણીય હોવા છતાં પણ ધિક્કારવા યોગ્ય છે. તેથી તું એક માત્ર મુક્તિની ખોજ કર. ૪૦.

(शार्दूलविक्रीडित)

युद्धे तावदलं रथेभतुरगा वाराश्च दृप्ता भृशं
मन्त्रः शौर्यमसिश्च तावदतुलाः कार्यस्य संसाधकाः ।
राज्ञो ऽपि क्षुधितोऽपि निर्दयमना यावज्जिघत्सुर्यमः
क्रुद्धो धावति नैव सन्मुखमितो यत्नो विधेयो बुधैः ।।४१।।

**અનુવાદ :** યુદ્ધમાં રાજાના રથ, હાથી, ઘોડા, અભિમાની સુભટો, મંત્ર, શૌર્ય અને તરવાર; આ બધી અનુપમ સામગ્રી દુષ્ટ, ભૂખ્યો યમરાજ (મૃત્યુ) ક્રોધિત થઈને મારવાની ઇચ્છાથી સામે દોડતો નથી ત્યાં સુધી જ કાર્ય સિદ્ધ કરી શકે છે. તેથી વિદ્વાન્ પુરુષોએ તે યમથી પોતાની રક્ષા કરવા માટે અર્થાત્ મોક્ષ પ્રાપ્તિ માટે જ પ્રયત્ન કરવો જોઈએ. ૪૧.

(शार्दूलविक्रीडित)

राजापि क्षणमात्रतो विविधवशाद्रङ्कायते निश्चितं
सर्वव्याधिविवर्जितो ऽपि तरुणो ऽप्याशु क्षयं गच्छति ।
अन्यैः किं किल सारतामुगपते श्रीजीविते द्वे तयोः
संसारे स्थितिरीदृशीति विदुषा क्वान्यत्र कार्यो मदः ॥४२॥

**અનુવાદ :** ભાગ્યવશે રાજા ય ક્ષણવારમાં નિશ્ચયે રંક સમાન થઈ જાય છે તથા સમસ્ત રોગ રહિત યુવાન પુરુષ પણ તરત જ મરણ પામે છે. આ રીતે અન્ય પદાર્થોના વિષયમાં તો શું કહેવું? પણ જે લક્ષ્મી અને જીવન બન્ને ય સંસારમાં શ્રેષ્ઠ ગણવામાં આવે છે તેમની પણ જો આવી (ઉપર્યુક્ત) સ્થિતિ છે તો વિદ્વાન્ મનુષ્યે બીજા કોના વિષયમાં અભિમાન કરવું જોઈએ? અર્થાત્ અભિમાન કરવા યોગ્ય કોઈ પદાર્થ અહીં સ્થાયી નથી. ૪૨.

(शार्दूलविक्रीडित)

हन्ति व्योम स मुष्टिनाथ सरितं शुष्कां तरत्याकुलः
तृष्णार्तो ऽथ मरीचिकाः पिबति च प्रायः प्रमत्तो भवन् ।
प्रोत्तुङ्गाचलचूलिकागतमरुत्प्रेङ्खत्प्रदीपोपमैः
यः सम्पत्सुतकामिनीप्रभृतिभिः कुर्यान्मदं मानवः ॥४३॥

**અનુવાદ :** સંપત્તિ, પુત્ર અને સ્ત્રી આદિ પદાર્થો ઊંચા પર્વતના શિખર પર સ્થિત અને વાયુથી ચલાયમાન દીપક સમાન શીઘ્ર જ નાશ પામનારા છે. છતાં પણ જે મનુષ્ય તેમના વિષયમાં સ્થિરતાનું અભિમાન કરે છે તે જાણે મુઠ્ઠીથી આકાશનો નાશ કરે છે અથવા વ્યાકુળ થઈને સૂકી (જળ રહિત) નદી તરે છે અથવા તરસથી પીડાઈને પ્રમાદયુક્ત થયો થકો રેતીને પીવે છે.

**વિશેષાર્થ :** જેમ મુઠ્ઠીથી આકાશને પ્રહાર કરવો, જળરહિત નદીમાં તરવું અને તરસથી પીડાઈને રેતીનું પાન કરવું; આ બધા કાર્ય અસંભવ હોવાથી મનુષ્યના અજ્ઞાનના દ્યોતક છે તેવી જ રીતે જે સંપત્તિ, પુત્ર અને સ્ત્રી આદિ પદાર્થો દેખતા દેખતા જ નષ્ટ થનારા છે તેમના વિષયમાં અભિમાન કરવું એ પણ મનુષ્યનું અજ્ઞાન પ્રગટ કરે છે. કારણ કે જો ઉક્ત પદાર્થો ચિરસ્થાયી હોત તો તેમના વિષયમાં અભિમાન કરવું ઉચિત કહી શકાતું હતું, પણ તેમ તો છે નહિ. ૪૩.

(शार्दूलविक्रीडित)

लक्ष्मी व्याधमृगीमतीव चपलामाश्रित्य भूपा मृगाः
पुत्रादीनपरान् मृगानतिरुषा निघ्नन्ति सेर्ष्यं किल।
सज्जीभूतघनापदुन्नतधनुःसंलग्नसंहृच्छरं
नो पश्यन्ति समीपमागतमपि क्रुद्धं यमं लुब्धकम् ॥४४॥

**અનુવાદ :** રાજા રૂપી મૃગ અત્યંત ચંચળ એવી લક્ષ્મી રૂપી શિકારીની હરણીનો આશ્રય લઈને ઈર્ષ્યાયુક્ત થતો થકો અતિશય ક્રોધથી પુત્રાદિ રૂપી બીજા મૃગોનો ઘાત કરે છે. તેઓ તે યમરૂપી શિકારીએ ઘણી આપત્તિઓ રૂપી ધનુષ્યને સુસજ્જ કરીને તેની ઉપર સંહાર કરનાર બાણ રાખી મૂક્યું છે તથા જે પોતાની સમીપે આવી ગયો છે એવા તે ક્રોધે ભરાયેલા યમરૂપી શિકારીને પણ દેખતા નથી.

**વિશેષાર્થ :** જેવી રીતે હરણ શિકારી દ્વારા પકડવામાં આવેલી (મરણોન્મુખ) હરણીના નિમિત્તે ઈર્ષ્યા યુક્ત થઈને બીજા હરણોનો તો ઘાત કરે છે પરંતુ તેઓ તે શિકારી તરફ જોતા નથી કે જે તેમનો વધ કરવા માટે ધનુષ્ય-બાણથી સુસજ્જ થઈને સમીપમાં આવી પહોચ્યો છે. બરાબર એવી જ રીતે રાજાઓ ચંચળ રાજ્યલક્ષ્મીના નિમિત્તે ક્રુદ્ધ બનીને બીજાઓની તો શું વાત પણ પુત્રાદિનો પણ ઘાત કરે છે, પરંતુ તેઓ તે યમરાજ (મૃત્યુ) ને જોતા નથી કે જે અનેક આપત્તિઓમાં નાખીને તેમને ગ્રહણ કરવા માટે સમીપમાં આવી ગયો છે. તાત્પર્ય એ છે કે જે ધન–સંપત્તિ થોડો જ સમય રહીને નિયમથી નષ્ટ થઈ જવાની છે તેના નિમિત્તે મનુષ્યોએ બીજા પ્રાણીઓને કષ્ટ ન પહોંચાડવું જોઈએ. પણ પોતાની જાતને ય નશ્વર સમજીને કલ્યાણના માર્ગમાં લાગી જવું જોઈએ. ૪૪.

(शार्दूलविक्रीडित)

मृत्योर्गोचरमागते निजजने मोहेन यः शोककृत्
नो गन्धोऽपि गुणस्य तस्य बहवो दोषाः पुनर्निश्चितम्।
दुःखं वर्धत एव नश्यति चतुर्वर्गो मतेर्विभ्रमः
पापं रुक् च मृतिश्च दुर्गतिरथ स्याद्दीर्घसंसारिता ॥४५॥

**અનુવાદ :** પોતાના કોઈ સંબંધી પુરુષનું મૃત્યુ થતાં જે અજ્ઞાન વશે શોક કરે છે તેની પાસે ગુણની ગંધ (લેશમાત્ર) પણ નથી, પરંતુ દોષ તેની પાસે ઘણા છે; એ નક્કી છે. આ શોકથી તેનું દુઃખ અધિક વધે છે; ધર્મ, અર્થ, કામ અને

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



મોક્ષરૂપ ચારે પુરુષાર્થ નષ્ટ થાય છે, બુદ્ધિમાં વિપરીતતા આવે છે તથા પાપ (અશાતાવેદનીય) કર્મનો બંધ પણ થાય છે. રોગ ઉત્પન્ન થાય છે અને અંતે મરણ પામીને તે નરકાદિ દુર્ગતિ પામે છે. આ રીતે તેનું સંસાર પરિભ્રમણ લાંબુ થઈ જાય છે. ૪૫.

(आर्या)

**आपन्मयसंसारे क्रियते विदुषा किमापदि विषादः ।**
**कस्त्रस्यति लङ्घनतः प्रविधाय चतुष्पथे सदनम् ।।४६।।**

**અનુવાદ :** આ આપત્તિ સ્વરૂપ સંસારમાં કોઈ વિશેષ આપત્તિ પ્રાપ્ત થતાં વિદ્વાન્ મનુષ્ય શું ખેદ કરે છે? અર્થાત્ નથી કરતો. બરાબર છે–ચોકમાં (જ્યાં ચારે તરફ રસ્તા જાય છે) મકાન બનાવીને ક્યો મનુષ્ય ઓળંગી જવાના ભયથી દુઃખી થશે? અર્થાત્ કોઈ નહિ થાય.

**વિશેષાર્થ :** જેવી રીતે ચોકમાં સ્થિત રહીને જો કોઈ મનુષ્ય ગાડી આદિ દ્વારા કચરાઈ જવાની આશંકા કરે તો એ તેનું અજ્ઞાન જ કહેવાય છે. બરાબર એ જ રીતે જ્યાં સંસારનું સ્વરૂપ જ આપત્તિમય છે ત્યાં ભલા એવા સંસારમાં રહીને કોઈ આપત્તિ આવતાં ખેદખિન્ન થવું, એ પણ અતિશય અજ્ઞાનપણાનું જ દ્યોતક છે. ૪૬.

(वसंततिलका)

**वातूल एष किमु किं ग्रहसंगृहीतो**
**भ्रान्तोऽथ वा किमु जनः किमथ प्रमत्तः ।**
**जानाति पश्यति शृणोति च जीवितादि**
**विद्युच्चलं तदपि नो कुरुते स्वकार्यम् ।।४७।।**

**અનુવાદ :** આ મનુષ્ય શું વાનો રોગી છે, શું ભૂત-પિશાચ આદિથી ગ્રહાયો છે, શું ભ્રાન્તિ પામ્યો છે અથવા શું પાગલ છે? કારણ કે તે 'જીવન આદિ વીજળી સમાન ચંચળ છે' આ વાત જાણે છે, દેખે છે અને સાંભળે પણ છે; તો પણ પોતાનું કાર્ય (આત્મહિત) કરતો નથી. ૪૭.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

(शार्दूलविक्रीडित)

दत्तं नौषधमस्य नैव कथितः कस्याप्ययं मन्त्रिणो
नो कुर्याच्छुचमेवमुन्नतमतिर्लोकान्तरस्थे निजे ।
यत्ना यान्ति यतो ऽङ्गिनः शिथिलतां सर्वे मृतेः संनिधौ
बन्धाश्चर्मविनिर्मिताः परिलसद्वर्षाम्बुसिक्ता इव ।।४८।।

**અનુવાદ :** કોઈ પ્રિય જન મરણ પામતાં વિવેકી મનુષ્ય 'આને દવા આપવામાં ન આવી અથવા આના વિષયમાં કોઈ મંત્ર જાણનારને ન કહેવામાં આવ્યું' એ પ્રકારે શોક કરતા નથી. કારણ કે મૃત્યુ પાસે આવતાં પ્રાણીઓના બધા પ્રયત્નો એવી રીતે શિથિલ થઈ જાય છે જેમ ચામડાના બનાવેલા બંધન વરસાદના પાણીમાં ભીંજાઈને શિથિલ થઈ જાય છે. અર્થાત્ મૃત્યુથી બચવા માટે કરવામાં આવતો પ્રયત્ન કદી કોઈનો સફળ થતો નથી. ૪૮.

(शिखरिणी)

स्वकर्मव्याघ्रेण स्फुरितनिजकालादिमहसा
समाघ्रातः साक्षाच्छरणरहिते संसृतिवने ।
प्रिया मे पुत्रा मे द्रविणमपि मे मे गृहमिदं
वदन्नेवं मे मे पशुरिव जनो याति मरणम् ।।४९।।

**અનુવાદ :** જે સંસારરૂપી વન રક્ષકો રહિત છે તેમાં પોતાના ઉદયકાળ આદિરૂપ પરાક્રમથી સંયુક્ત એવા કર્મરૂપી વાઘ દ્વારા ગ્રહાયેલ આ મનુષ્યરૂપી પશુ 'આ પ્રિયા મારી છે, આ પુત્ર મારા છે. આ દ્રવ્ય મારું છે, અને આ ઘર પણ મારું છે.' આમ 'મારું મારું કહેતો મરણ પામી જાય છે.

**વિશેષાર્થ :** જેવી રીતે વનમાં ગંધ પામીને ચિત્તા દ્વારા પકડાયેલ બકરા વગેરે પશુનું રક્ષણ કરનાર ત્યાં કોઈ નથી—તે 'મેં મેં' શબ્દ કરતા થકા ત્યાં જ મરણ પામે છે–તેવી જ રીતે આ સંસારમાં કર્મને આધીન થયેલ પ્રાણીનું પણ મૃત્યુથી રક્ષણ કરનાર કોઈ નથી. છતાં પણ મોહને વશીભૂત થઈને આ મનુષ્ય તે મૃત્યુ તરફ ધ્યાન ન દેતાં જે સ્ત્રી–પુત્રાદિ બાહ્ય પદાર્થ કદી પોતાના થઈ શકતા નથી તેમનામાં મમત્વ બુદ્ધિ રાખીને 'મારા મારા' (આ મારી સ્ત્રી છે, આ પુત્ર મારા છે આદિ) કરતો થકો નકામો સંક્લેશ પામે છે. ૪૯.

(वसन्ततिलका)

दिनानि खण्डानि गुरूणि मृत्युना
विहन्यमानस्य निजायुषो भृशम् ।
पतन्ति पश्यन्नपि नित्यमग्रतः स्थिर-
त्वमात्यन्यभिमन्यते जडः ।।५०।।

**અનુવાદ :** આ અજ્ઞાની પ્રાણી મૃત્યુ દ્વારા ખંડિત કરાતા પોતાના આયુષ્યના દિવસો રૂપી દીર્ઘ ટૂકડાઓને સદા પોતાની સામે પડતા જોવા છતાં પણ પોતાને સ્થિર માને છે. ૫૦.

(शार्दूलविक्रीडित)

कालेन प्रलयं व्रजन्ति नियतं तेऽपीन्द्रचन्द्रादयः
का वार्तान्यजनस्य कीटसदृशोऽशक्तेरदीर्घायुषः ।
तस्मान्मृत्युमुपागते प्रियतमे मोहं मुधा मा कथाः
कालः क्रीडति नात्र येन सहसा तत्किंचिदन्विष्यताम् ।।५१।।

**અનુવાદ :** જો તે ઈન્દ્ર અને ચંદ્ર આદિ પણ સમય પામીને નિશ્ચયથી મરણ પામે છે તો ભલા કીડા જેવા નિર્બળ અને અલ્પ આયુવાળા અન્ય મનુષ્યોની તો વાત જ શી? અર્થાત્ તે તો નિઃસંદેહ મરણ પામશે જ તેથી હે ભવ્ય જીવ! કોઈ અત્યંત પ્રિય મનુષ્ય મરણ પામતાં વ્યર્થ મોહ ન કર. પરંતુ કોઈ એવો ઉપાય શોધ કે જેથી તે કાળ (મૃત્યુ) સહસા અહીં ક્રીડા ન કરી શકે. ૫૧.

(शार्दूलविक्रीडित)

संयोगो यदि विप्रयोगविधिना चेज्जन्म तन्मृत्युना
सम्पच्चेद्विपदा सुखं यदि तदा दुःखेन भाव्यं ध्रुवम् ।
संसारेऽत्र मुहुर्मुहुर्बहुविधावस्थान्तरप्रोल्लसद्-
वेषान्यत्वनटीकृताङ्गिनि सतः शोको न हर्षः क्वचित् ।।५२।।

**અનુવાદ :** જ્યાં પ્રાણી વારંવાર અનેક પ્રકારની અવસ્થાઓરૂપ વેશોની ભિન્નતાથી નટ સમાન આચરણ કરે છે એવા તે સંસારમાં જો ઈષ્ટનો સંયોગ

થાય છે તો વિયોગ પણ તેનો અવશ્ય થવો જોઈએ, જો જન્મ છે તો મૃત્યુ પણ અવશ્ય હોવું જોઈએ, જો સંપત્તિ છે તો વિપત્તિ પણ અવશ્ય હોવી જોઈએ, તથા જો સુખ છે તો દુઃખ પણ અવશ્ય હોવું જોઈએ. તેથી સજ્જન મનુષ્યે ઈષ્ટસંયોગાદિ થતાં તો હર્ષ અને ઈષ્ટવિયોગાદિ થતાં શોક પણ ન કરવો જોઈએ.

**વિશેષાર્થ :** જેમ નટ (નાટકનું પાત્ર) આવશ્યકતા પ્રમાણે રાજા અને રંક આદિ અનેક પ્રકારના વેશોનું ગ્રહણ કરે છે; પરંતુ તે સંયોગ અને વિયોગ, જન્મ અને મરણ, સંપત્તિ અને વિપત્તિ તથા સુખ અને દુઃખ આદિમાં અંતઃકરણપૂર્વક હર્ષ અને વિષાદ પામતો નથી. કારણ કે તે પોતાની યથાર્થ અવસ્થા અને ગ્રહણ કરેલા તે કૃત્રિમ વેશોમાં તફાવત સમજે છે. તેવી જ રીતે વિવેકી મનુષ્ય પણ ઉપર્યુક્ત સંયોગ–વિયોગ અને નર-નારકાદિ અવસ્થાઓમાં કદી હર્ષ અને વિષાદ પામતો નથી. કારણ કે તે સમજે છે કે સંસારનું સ્વરૂપ જ જન્મ–મરણ છે. એમાં પૂર્વોપાર્જિત કર્મ અનુસાર પ્રાણીઓને કદી ઈષ્ટનો સંયોગ અને કદી તેનો વિયોગ પણ અવશ્ય થાય છે. સંપત્તિ અને વિપત્તિ કદી કોઈના નિયત નથી. જો મનુષ્ય કોઈ વાર સંપત્તિશાળી થાય છે તો કોઈ વાર તે અશુભ કર્મના ઉદયથી વિપત્તિગ્રસ્ત પણ જોવામાં આવે છે. તેથી તેમાં હર્ષ અને વિષાદ પામવો બુદ્ધિમત્તા નથી. ૫૨.

(शार्दूलविक्रीडित)

लोकाश्चेतसि चिन्तयन्त्यनुदिनं कल्याणमेवात्मनः
कुर्यात्सा भवितव्यतागतवती तत्तत्र यद्रोचते ।
मोहोल्लासवशादतिप्रसरतो हित्वा विकल्पान् बहून्
रागद्वेषविषोज्झितैरिति सदा सद्भिः सुखं स्थीयताम् ।।५३।।

**અનુવાદ :** મનુષ્ય મનમાં પ્રતિદિન પોતાના કલ્યાણનો જ વિચાર કરે છે, પરંતુ આવેલી ભવિતવ્યતા (દૈવ) તે જ કરે છે કે જે તેને રુચે છે. તેથી સજ્જન પુરુષ રાગ-દ્વેષરૂપી વિષ રહિત થઈને મોહના પ્રભાવથી અતિશય વિસ્તાર પામતા અનેક વિકલ્પોનો ત્યાગ કરીને સદા સુખપૂર્વક સ્થિતિ કરો. ૫૩.

(वसंततिलका)

लोका गृहप्रियतमासुतजीवितादि
वाताहतध्वजपटाग्रचलं समस्तम् ।

व्यामोहमत्र परिहृत्य धनादिमित्रे
धर्मे मतिं कुरुत किं बहुभिर्वचोभिः ।।५४।।

**અનુવાદ :** હે ભવ્ય જનો! અધિક કહેવાથી શું લાભ? જે ગૃહ, સ્ત્રી, પુત્ર અને જીવનાદિ સર્વ પવનથી પ્રતાડિત ધજાના વસ્ત્રના છેડા સમાન ચંચળ છે તેમના વિષયમાં તથા ધન અને મિત્ર આદિના વિષયમાં મોહ છોડીને ધર્મમાં બુદ્ધિ જોડો. ૫૪.

(वसंततिलका)

पुत्रादिशोकशिखिशान्तिकरी यतीन्द्र-
श्रीपद्मनन्दिवदनाम्बुधरप्रसूतिः ।
सद्बोधसस्यजननी जयतादनित्य-
पञ्चाशदुन्नतधियाममृतैक वृष्टिः ।।५५।।

इति अनित्यपञ्चाशत् ।।३।।

**અનુવાદ :** શ્રી પદ્મનન્દિ મુનીન્દ્રના મુખરૂપી મેઘથી ઉત્પન્ન થયેલ જે અનિત્યપંચાશત્ (પચાસ શ્લોકમય અનિત્યતાનું પ્રકરણ) રૂપ અદ્વિતીય અમૃતની વર્ષા વિદ્વાનોને માટે પુત્રાદિના શોકરૂપી અગ્નિને શાન્ત કરીને સમ્યગ્જ્ઞાનરૂપ ધાન્ય ઉત્પન્ન કરે છે તે જયવંત હો. ૫૫.

આ રીતે અનિત્યપંચાશત્ સમાપ્ત થયું. ૩.

# ૪. એકત્વસપ્તતિ

[४. एकत्वसप्तति]

(अनुष्टुभ्)

चिदानन्दैकसद्भावं परमात्मानमव्ययम् ।
प्रणमामि सदा शान्तं शान्तये सर्वकर्मणाम् ।।१।।

**અનુવાદ :** જે પરમાત્મામાં ચેતનસ્વરૂપ અનુપમ આનંદનો સદ્ભાવ છે તથા જે અવિનશ્વર અને શાન્ત છે તેમને હું (પદ્મનન્દીમુનિ) પોતાના સમસ્ત કર્મો શાન્ત કરવા માટે સદા નમસ્કાર કરૂં છું. ૧.

(अनुष्टुभ्)

खादिपञ्चकनिर्मुक्तं कर्माष्टकविवर्जितम् ।
चिदात्मकं परं ज्योतिर्वन्दे देवेन्द्रपूजितम् ।।२।।

**અનુવાદ :** જે આકાશાદિ પાંચ (આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી) દ્રવ્યોથી અર્થાત્ શરીરથી તથા જ્ઞાનાવરણાદિ આઠ કર્મોથી પણ રહિત થયેલ છે અને દેવોના ઈન્દ્રોથી પૂજ્ય છે એવી તે ચૈતન્યસ્વરૂપ ઉત્કૃષ્ટ જ્યોતિને હું નમસ્કાર કરું છું. ૨.

(अनुष्टुभ्)

यदव्यक्तमबोधानां व्यक्तं सद्बोधचक्षुषाम् ।
सारं यत्सर्ववस्तूनां नमस्तस्मै चिदात्मने ।।३।।

**અનુવાદ :** જે ચેતન આત્મા અજ્ઞાની પ્રાણીઓને અસ્પષ્ટ તથા સમ્યગ્જ્ઞાનીઓને

સ્પષ્ટ છે અને સમસ્ત વસ્તુઓમાં શ્રેષ્ઠ છે તે ચેતન આત્માને નમસ્કાર હો. ૩.

(अनुष्टुभ्)

चित्तत्वं तत्प्रतिप्राणिदेह एव व्यवस्थितम् ।
तमश्छन्ना न जानन्ति भ्रमन्ति च बहिर्बहिः ।।४।।

**અનુવાદ :** તે ચૈતન્ય તત્ત્વ પ્રત્યેક પ્રાણીના શરીરમાં જ સ્થિત છે. પરંતુ અજ્ઞાનરૂપ અંધકારથી વ્યાપ્ત જીવ તેને જાણતા નથી, તેથી તેઓ બહારને બહાર ઘૂમે છે અર્થાત્ વિષયભોગજનિત સુખને જ વાસ્તવિક સુખ માનીને તેને પ્રાપ્ત કરવા માટે જ પ્રયત્નશીલ રહે છે. ૪.

(अनुष्टुभ्)

भ्रमन्तो ऽपि सदा शास्त्रजाले महति केचन ।
न विदन्ति परं तत्त्वं दारुणीव हुताशनम् ।।५।।

**અનુવાદ :** કેટલાય મનુષ્યો સદા મહાન્ શાસ્ત્રસમૂહમાં પરિભ્રમણ કરતા હોવા છતાં પણ, અર્થાત્ અનેક શાસ્ત્રોનું પરિશીલન કરતા હોવા છતાં તે ઉત્કૃષ્ટ આત્મતત્ત્વને લાકડામાં શક્તિરૂપે વિદ્યમાન અગ્નિ સમાન જાણતા નથી. ૫.

(अनुष्टुभ्)

केचित्केनापि कारुण्यात्कथ्यमानमपि स्फुटम् ।
न मन्यन्ते न शृण्वन्ति महामोहमलीमसाः ।।६।।

**અનુવાદ :** જો કોઈ દયાથી પ્રેરાઈને તે ઉત્કૃષ્ટ તત્ત્વનું સ્પષ્ટપણે કથન કરે છે તો પણ કેટલાય પ્રાણીઓ મહામોહથી મલિન થઈને તેને માનતા ય નથી અને સાંભળતા ય નથી. ૬.

(अनुष्टुभ्)

भूरिधर्मात्मकं तत्त्वं दुःश्रुतेर्मन्दबुद्धयः ।
जात्यन्धहस्तिरूपेण ज्ञात्वा नश्यन्ति केचन ।।७।।

**અનુવાદ :** જેમ જન્માંધ મનુષ્ય હાથીનું યથાર્થ સ્વરૂપ ગ્રહણ કરી શકતો

નથી, પરંતુ તેના કોઈ એક જ અંગને પકડીને તેને જ હાથી માની લે છે બરાબર એવી જ રીતે કેટલાય મંદબુદ્ધિ મનુષ્યો એકાંતવાદીઓ દ્વારા પ્રકાશિત ખોટા શાસ્ત્રોના અભ્યાસથી પદાર્થને સર્વથા એકરૂપ જ માનીને તેના અનેક ધર્માત્મક (અનેકાન્તાત્મક) સ્વરૂપને જાણતા નથી અને તેથી તે વિનાશ પામે છે.

**વિશેષાર્થ :** જેવી રીતે એક જ પુરુષમાં પિતૃત્વ, પુત્રત્વ, ફુવાપણું, મામાપણું વગેરે અનેક ધર્મ ભિન્ન ભિન્ન અપેક્ષાએ રહે છે તથા અપેક્ષાકૃત હોવાથી તેમનામાં પરસ્પર કોઈ પ્રકારનો વિરોધ પણ આવતો નથી. એવી જ રીતે પ્રત્યેક પદાર્થમાં અનેક ધર્મ રહે છે. પરંતુ કેટલાય એકાન્તવાદી તેમની અપેક્ષાકૃત સત્યતા ન સમજતાં તેમનામાં પરસ્પર વિરોધ બતાવે છે. તેમનું કહેવું એમ છે કે જેવી રીતે કોઈ એક જ પદાર્થમાં એક સાથે શીતપણું અને ઉષ્ણપણું આ બન્ને ધર્મ રહી શકતા નથી તેવી જ રીતે એક જ પદાર્થમાં નિત્યપણું–અનિત્યપણું, પૃથકત્વ–અપૃથકત્વ તથા એકત્વ–અનેકત્વ આદિ પરસ્પર વિરોધી ધર્મ પણ એક સાથે રહી શકતા નથી. પરંતુ જો આના ઉપર ગંભીર દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો ઉક્ત ધર્મો રહેવામાં કોઈ પ્રકારનો વિરોધ પ્રતિભાસતો નથી. જેમ–કોઈ એક જ પુરુષમાં પોતાના પુત્રની અપેક્ષાએ પિતાપણું અને પિતાની અપેક્ષાએ પુત્રપણું આ બન્ને વિરોધી ધર્મ રહેવામાં, એક જ વસ્તુમાં શીતપણું અને ઉષ્ણપણું રહેવામાં જે વિરોધ બતાવવામાં આવે છે તેમાં પ્રત્યક્ષરૂપે બાધા આવે છે કેમકે ચિપિયા આદિમાં એક સાથે તે બન્ને (આગલા ભાગની અપેક્ષાએ ઉષ્ણપણું અને પાછલા ભાગની અપેક્ષાએ શીતપણું) ધર્મ પ્રત્યક્ષપણે જોવામાં આવે છે. એ જ રીતે ઘટ–પટાદિ બધા પદાર્થોમાં દ્રવ્યની અપેક્ષાએ નિત્યપણું અને પર્યાયની અપેક્ષાએ અનિત્યપણું આદિ પરસ્પર વિરોધી દેખાતા ધર્મ પણ પ્રાપ્ત થાય છે. કારણ કે જ્યારે ઘડાનો નાશ થાય છે ત્યારે તે કાંઈ નિરન્વય નાશ થતો નથી. પરંતુ જે પુદ્ગલ દ્રવ્ય ઘટ પર્યાયમાં હતું તેનું પુદ્ગલપણું તે નષ્ટ થઈ જતાં ઉત્પન્ન થયેલ ઠીકરાઓમાં પણ ટકી કહે છે. તેથી પર્યાયની અપેક્ષાએ જ તેનો નાશ કહેવાશે નહિ કે પુદ્ગલ દ્રવ્યની અપેક્ષાએ પણ. એવી જ રીતે અન્ય ધર્મોના સંબંધમાં પણ સમજવું જોઈએ. આ રીતે જે જડબુદ્ધિ પદાર્થમાં અનેક ધર્મો પ્રતીતિસિદ્ધ હોવા છતાં પણ તેમનામાંથી કોઈ એક જ ધર્મનો દુરાગ્રહ વશ થઈને સ્વીકાર કરે છે તેઓ પોતે જ પોતાનું અહિત કરે છે. ૭.

(अनुष्टुभ्)

**केचित् किंचित्परिज्ञाय कुतश्चिद्गर्विताशयाः ।**
**जगन्मन्दं प्रपश्यन्तो नाश्रयन्ति मनीषिणः ।।८।।**

**અનુવાદ :** કેટલાય જીવ કોઈ શાસ્ત્ર આદિના નિમિત્તે કાંઈક થોડું એક જ્ઞાન મેળવીને એટલા બધા અભિમાની થઈ જાય છે કે તે બધા લોકોને મૂર્ખ સમજીને અન્ય કોઈ પણ વિશિષ્ટ વિદ્વાનોનો આશ્રય લેતા નથી. ૮.

(अनुष्टुभ्)

**जन्तुमुद्धरते धर्मः पतन्तं दुःखसंकटे ।**
**अन्यथा स कृतो भ्रान्त्या लोकैर्ग्राह्यः परीक्षितः ।।९।।**

**અનુવાદ :** દુઃખરૂપ સંકુચિત માર્ગમાં (ખાડામાં) પડતા પ્રાણીનું રક્ષણ ધર્મ જ કરે છે. પરંતુ બીજાઓએ એનું સ્વરૂપ ભ્રાન્તિવશ થઈને વિપરીત કરી દીધું છે. તેથી મનુષ્યોએ તેનું (ધર્મનું) પરીક્ષાપૂર્વક ગ્રહણ કરવું જોઈએ. ૯.

(अनुष्टुभ्)

**सर्वविद्वीतरागोक्तो धर्मः सूनृततां व्रजेत् ।**
**प्रामाण्यतो यतः पुंसो वाचः प्रामाण्यमिष्यते ।।१०।।**

**અનુવાદ :** જે ધર્મ સર્વજ્ઞ અને વીતરાગ દ્વારા કહેવામાં આવ્યો હોય તે જ યથાર્થપણાને પ્રાપ્ત થઈ શકે છે, કેમ કે પુરુષની પ્રમાણતાથી જ વચનમાં પ્રમાણતા માનવામાં આવે છે.

**વિશેષાર્થ :** વચનમાં અસત્યપણું કાં તો અલ્પજ્ઞતાને કારણે હોય છે અથવા તો પછી હૃદય રાગ-દ્વેષથી દૂષિત હોવાના કારણે. તેથી જે પુરુષ અલ્પજ્ઞ અને રાગ-દ્વેષ સહિત છે તેનો કહેલો ધર્મ પ્રમાણ હોઈ શકે નહિ. પરંતુ જે પુરુષ સર્વજ્ઞ હોવાની સાથોસાથ રાગ-દ્વેષથી રહિત પણ થઈ ગયા છે તેમનો જ કહેલો ધર્મ પ્રમાણ માની શકાય છે. ૧૦.

(अनुष्टुभ्)

**बहिर्विषयसंबंधः सर्वः सर्वस्य सर्वदा ।**
**अतस्तद्भिन्नचैतन्यबोधयोगौ तु दुर्लभौ ।।११।।**

**અનુવાદ :** બધા બાહ્ય વિષયોનો સંબંધ બધા પ્રાણીઓને અને તે પણ સદા કાળ રહે છે. પરંતુ તેનાથી ભિન્ન ચૈતન્ય અને સમ્યગ્જ્ઞાનનો સંબંધ એ બન્ને દુર્લભ છે. ૧૧.

(अनुष्टुभ्)

**लब्धिपञ्चकसामग्रीविशेषात्पात्रतां गतः ।**
**भव्यः सम्यग्दृगादीनां यः स मुक्तिपथे स्थितः ।।१२।।**

અનુવાદ :—જે ભવ્યજીવ ક્ષયોપશમ, વિશુદ્ધિ, દેશના, પ્રાયોગ્ય અને કરણ આ પંચ લબ્ધિઓ રૂપ વિશેષ સામગ્રીથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને

સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રય ધારણ કરવાને યોગ્ય બની ગયો છે તે મોક્ષમાર્ગમાં સ્થિત થઈ ગયો છે.

**વિશેષાર્થ :**—પ્રથમોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ જે પાંચ લબ્ધિઓ દ્વારા થાય છે તેમનું સ્વરૂપ આ રીતે છે.

**૧. ક્ષયોપશમ લબ્ધિ :**—જ્યારે પૂર્વસંચિત કર્મોના અનુભાગ સ્પર્ધકો વિશુદ્ધિ દ્વારા પ્રત્યેક સમયે ઉત્તરોત્તર અનંતગુણા હીન થતા થકા ઉદીરણાને પ્રાપ્ત થાય છે ત્યારે ક્ષયોપશમ લબ્ધિ થાય છે.

**૨. વિશુદ્ધિલબ્ધિ :**—પ્રતિસમય અનંતગુણી હીનતાના ક્રમથી ઉદીરણાને પ્રાપ્ત કરાવવામાં આવેલા અનુભાગ સ્પર્ધકોથી ઉત્પન્ન થયેલ જે જીવના પરિણામ શાતા વેદનીય આદિ પુણ્ય પ્રકૃતિઓના બંધનું કારણ તથા અશાતા વેદનીય આદિ પાપ પ્રકૃતિઓના અબંધનું કારણ થાય છે તેને વિશુદ્ધિ કહે છે. આ વિશુદ્ધિની પ્રાપ્તિનું નામ વિશુદ્ધિલબ્ધિ છે.

**૩. દેશનાલબ્ધિ :**—જીવાદિ છ દ્રવ્ય તથા નવ પદાર્થોના ઉપદેશને દેશના કહેવામાં આવે છે. તે દેશનામાં લીન થયેલ આચાર્ય આદિની પ્રાપ્તિને તથા તેમના દ્વારા ઉપદિષ્ટ પદાર્થના ગ્રહણ, ધારણ અને વિચાર કરવાની શક્તિની પ્રાપ્તિને પણ દેશનાલબ્ધિ કહે છે.

**૪. પ્રાયોગ્યલબ્ધિ :**—બધા કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો ઘાત કરીને તેને અંતઃકોડાકોડી માત્ર સ્થિતિમાં સ્થાપિત કરવાને તથા ઉકત સર્વ કર્મોના ઉત્કૃષ્ટ અનુભાગનો ઘાત કરીને તેને દ્વિસ્થાનીય (ઘાતિયા કર્મોને લતા અને લાકડારૂપ તથા અન્ય પાપ પ્રકૃતિઓને લીંબડા અને કાંજી રૂપ) અનુભાગમાં સ્થાપિત કરવાને પ્રાયોગ્યલબ્ધિ કહેવામાં આવે છે.

**૫. કરણલબ્ધિ :**—અધઃપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ આ ત્રણ પ્રકારના પરિણામોની પ્રાપ્તિને કરણલબ્ધિ કહે છે. જે પરિણામોમાં ઉપરિતનસમયવર્તી પરિણામ અધસ્તનસમયવર્તી પરિણામોના સમાન હોય છે તેમને અધઃપ્રવૃત્તકરણ કહેવામાં આવે છે. (વિશેષ જાણવા માટે જુઓ ષટ્ખંડાગમ પુ. ૬, પૃ. ૨૧૪ વગેરે). પ્રત્યેક સમયે ઉત્તરોત્તર જે અપૂર્વ અપૂર્વ પરિણામ થાય છે તે અપૂર્વકરણ પરિણામ કહેવાય છે. આમાં ભિન્ન સમયવર્તી જીવોના પરિણામ સર્વથી વિસદૃશ અને એક સમયવર્તી જીવોના પરિણામ સદૃશ અને વિસદૃશ પણ હોય છે. જે પરિણામ એક સમયવર્તી જીવોના સર્વથા સદૃશ તથા ભિન્ન સમયવર્તી જીવોના સર્વથા વિસદૃશ જ હોય છે તેમને અનિવૃત્તિકરણ પરિણામ કહેવામાં આવે છે. પ્રથમોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ આ ત્રણ પ્રકારના પરિણામોના અંતિમ સમયે થાય છે. ઉપર્યુક્ત પાંચ લબ્ધિઓમાં પૂર્વની ચાર લબ્ધિઓ ભવ્ય અને અભવ્ય બન્નેનેય સમાનરૂપે થાય છે. પરંતુ પાંચમી કરણલબ્ધિ સમ્યક્ત્વ સન્મુખ થયેલા ભવ્ય જીવને જ હોય છે. ૧૨.

(अनुष्टुभ्)

सम्यग्दृग्बोधचारित्रत्रितयं मुक्तिकारणम् ।
मुक्तावेव सुखं तेन तत्र यत्नो विधीयताम् ।।१३।।

**અનુવાદ :** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણે એકત્રિત રૂપે મોક્ષનાં કારણ છે. અને વાસ્તવિક સુખ તે મોક્ષમાં જ છે. તેથી તે મોક્ષના વિષયમાં પ્રયત્ન કરવો જોઈએ. ૧૩.

(अनुष्टुभ्)

दर्शनं निश्चयः पुंसि बोधस्तद्बोध इष्यते ।
स्थितिरत्रैव चारित्रमिति योगः शिवाश्रयः ।।१४।।

**અનુવાદ :** આત્માના વિષયમાં જે નિશ્ચય થઈ જાય છે તેને સમ્યગ્દર્શન, તે આત્માનું જે જ્ઞાન થાય છે તેને સમ્યગ્જ્ઞાન તથા તે જ આત્મામાં સ્થિર થવાને સમ્યક્ચારિત્ર કહેવામાં આવે છે. આ ત્રણેનો સંયોગ મોક્ષનું કારણ થાય છે. ૧૪.

(अनुष्टुभ्)

एकमेव हि चैतन्यं शुद्धनिश्चयतोऽथवा ।
को ऽवकाशो विकल्पानां तत्राखण्डैकवस्तुनि ।।१५।।

**અનુવાદ :** અથવા શુદ્ધનિશ્ચયનયની અપેક્ષાએ આ (સમ્યગ્દર્શનાદિ) ત્રણે એક ચૈતન્યસ્વરૂપ જ છે. કારણ કે તે અખંડ એક વસ્તુ (આત્મા)માં ભેદોને સ્થાન જ ક્યાં છે?

**વિશેષાર્થ :** ઉપર જે સમ્યગ્દર્શન આદિનું પૃથક્ પૃથક્ સ્વરૂપ બતાવવામાં આવ્યું છે તે વ્યવહારનયની અપેક્ષાએ છે. શુદ્ધ નિશ્ચયનયથી તે ત્રણેમાં કોઈ ભેદ નથી કારણ કે તે ત્રણેય અખંડ આત્માથી અભિન્ન છે. તેથી તેમનામાં ભેદની કલ્પના પણ થઈ શકતી નથી. ૧૫.

(अनुष्टुभ्)

प्रमाणनयनिक्षेपा अर्वाचीने पदे स्थिताः ।
केवले च पुनस्तस्मिंस्तदेकं प्रतिभासते ।।१६।।

**અનુવાદ :** પ્રમાણ, નય અને નિક્ષેપ એ અર્વાચીન પદમાં સ્થિત છે અર્થાત્ જ્યારે વ્યવહારનયની મુખ્યતાથી વસ્તુનું વિવેચન કરવામાં આવે છે ત્યારે જ તેમનો ઉપયોગ થાય છે. પરંતુ શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિમાં કેવળ એક શુદ્ધ આત્મા જ

પ્રતિભાસિત થાય છે. ત્યાં તે ઉપર્યુક્ત સમ્યગ્દર્શનાદિ ત્રણે પણ અભેદરૂપમાં એક જ પ્રતિભાસિત થાય છે. ૧૬.

(अनुष्टुभ्)

**निश्चयैकदृशा नित्यं तदेवैकं चिदात्मकम् ।**
**प्रपश्यामि गतभ्रान्तिर्व्यवहारदृशा परम् ॥१७॥**

**અનુવાદ :** હું નિશ્ચયનય રૂપ અનુપમ નેત્રથી સદા ભ્રાંતિથી રહિત થઈને તે જ એક ચૈતન્યસ્વરૂપને દેખું છું. પરંતુ વ્યવહારનયરૂપ નેત્રથી ઉક્ત સમ્યગ્દર્શનાદિ પૃથક્ પૃથક્ સ્વરૂપે દેખું છું. ૧૭.

(अनुष्टुभ्)

**अजमेकं परं शान्तं सर्वोपाधिविवर्जितम् ।**
**आत्मानमात्मना ज्ञात्वा तिष्ठेदात्मनि यः स्थिरः ॥१८॥**

(अनुष्टुभ्)

**स एवामृतमार्गस्थः स एवामृतमश्नुते ।**
**स एवार्हन् जगन्नाथः स एव प्रभुरीश्वरः ॥१९॥**

**અનુવાદ :** જે મહાત્મા જન્મ-મરણ રહિત, એક, ઉત્કૃષ્ટ, શાન્ત અને સર્વ પ્રકારના વિશેષણો રહિત આત્માને આત્મા દ્વારા જાણીને તે જ આત્મામાં સ્થિર રહે છે, તે જ અમૃત અર્થાત્ મોક્ષના માર્ગે સ્થિત થાય છે, તે જ મોક્ષપદને પ્રાપ્ત કરે છે તથા તે જ અર્હન્ત, ત્રણે લોકના સ્વામી, પ્રભુ અને ઈશ્વર કહેવાય છે. ૧૮-૧૯.

(अनुष्टुभ्)

**केवलज्ञानदृक्सौख्यस्वभावं तत्परं महः ।**
**तत्र ज्ञाते न किं ज्ञातं दृष्टे दृष्टं श्रुते श्रुतम् ॥२०॥**

**અનુવાદ :** કેવળજ્ઞાન, કેવળદર્શન અને અનંત સુખસ્વરૂપ જે તે ઉત્કૃષ્ટ તેજ છે તેને જાણતાં બીજું શું ન જણાયું? તેને દેખી લેતાં બીજું શું ન દેખવામાં આવ્યું? અને તેને સાંભળતાં બીજું શું ન સાંભળવામાં આવ્યું? અર્થાત્ એક માત્ર તેને જાણી લેતાં બધું જ જણાઈ ગયું છે, તેને દેખી લેતાં બધું જ દેખવામાં આવી ગયું છે

અને તેને સાંભળી લેતાં બધું જ સાંભળી લીધું છે. ૨૦.

(अनुष्टुभ्)

इति ज्ञेयं तदेवैकं श्रवणीयं तदेव हि ।
द्रष्टव्यं च तदेवैकं नान्यन्निश्चयतो बुधैः ।।२१।।

**અનુવાદ :** આ કારણે વિદ્વાન્ મનુષ્યોએ નિશ્ચયથી તે જ એક ઉત્કૃષ્ટ આત્મતેજ જાણવા યોગ્ય છે, તે જ એક સાંભળવા યોગ્ય છે તથા તે જ એક દેખવા યોગ્ય છે; તેનાથી ભિન્ન અન્ય કાંઈ પણ ન જાણવા યોગ્ય છે, ન સાંભળવા યોગ્ય છે અને ન દેખવા યોગ્ય છે. ૨૧.

(अनुष्टुभ्)

गुरूपदेशतो ऽभ्यासाद्वैराग्यादुपलभ्य यत् ।
कृतकृत्यो भवेद्योगी तदेवैकं न चापरम् ।।२२।।

**અનુવાદ :** યોગીઓ ગુરુના ઉપદેશથી, અભ્યાસથી અને વૈરાગ્યથી તે જ એક આત્મતેજ પ્રાપ્ત કરીને કૃતકૃત્ય (મુક્ત) થાય છે, નહિ કે તેનાથી ભિન્ન કોઈ અન્યને પ્રાપ્ત કરીને. ૨૨.

(अनुष्टुभ्)

तत्प्रतिप्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता ।
निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाणभाजनम् ।।२३।।

**અનુવાદ :** તે આત્મતેજ પ્રત્યે મનમાં પ્રેમ ધારણ કરીને જેણે તેની વાત પણ સાંભળી છે તે નિશ્ચયથી ભવ્ય છે અને ભવિષ્યમાં પ્રાપ્ત થનારી મુક્તિનું પાત્ર છે. ૨૩.

(अनुष्टुभ्)

जानीते यः परं ब्रह्म कर्मणः पृथगेकताम् ।
गतं तद्गतबोधात्मा तत्स्वरूपं स गच्छति ।।२४।।

**અનુવાદ :** જે જ્ઞાનસ્વરૂપ જીવ કર્મથી પૃથક્ થઈને અભેદ અવસ્થાને પ્રાપ્ત થઈ તે ઉત્કૃષ્ટ આત્માને જાણે છે અને તેમાં લીન થાય છે તે પોતે જ તેના સ્વરૂપને પ્રાપ્ત થઈ જાય છે અર્થાત્ પરમાત્મા બની જાય છે. ૨૪.

(अनुष्टुभ्)

**केनापि हि परेण स्यात्संबन्धो बन्धकारणम् ।**
**परैकत्वपदे शान्ते मुक्तये स्थितिरात्मनः ।।२५।।**

**અનુવાદ :** કોઈ પણ પરપદાર્થ સાથે જે સંબંધ થાય છે તે બંધનું કારણ થાય છે, પરંતુ શાન્ત અને ઉત્કૃષ્ટ એકત્વપદમાં જે આત્માની સ્થિતિ થાય છે તે મુક્તિનું કારણ થાય છે. ૨૫.

(अनुष्टुभ्)

**विकल्पोर्मिभरत्यक्तः शान्तः कैवल्यमाश्रितः ।**
**कर्माभावे भवेदात्मा वाताभावे समुद्रवत् ।।२६।।**

**અનુવાદ :** કર્મના અભાવમાં આ આત્મા વાયુના અભાવમાં સમુદ્રસમાન વિકલ્પો-રૂપ લહેરોના ભારથી રહિત અને શાન્ત થઈને કૈવલ્ય અવસ્થાને પ્રાપ્ત થઈ જાય છે.

**વિશેષાર્થ :** જેવી રીતે વાયુનો સંચાર ન થતાં સમુદ્ર લહરિયોથી રહિત, શાન્ત અને એકત્વ અવસ્થા યુક્ત થાય છે તેવી જ રીતે જ્ઞાનાવરણાદિ કર્મોનો અભાવ થઈ જતાં આ આત્મા સર્વ પ્રકારના વિકલ્પોથી રહિત, શાન્ત (ક્રોધાદિ વિકારો રહિત) અને કેવળી અવસ્થાથી યુક્ત થઈ જાય છે. ૨૬.

(अनुष्टुभ्)

**संयोगेन यदायातं मत्तस्तत्सकलं परम् ।**
**तत्परित्यागयोगेन मुक्तो ऽहमिति मे मतिः ।।२७।।**

**અનુવાદ :** સંયોગથી જે કાંઈ પણ પ્રાપ્ત થયું છે તે સર્વ મારાથી ભિન્ન છે. તેનો પરિત્યાગ કરી દેવાના સંબંધથી હું મુક્ત થઈ ગયો છું એવો મારો નિશ્ચય છે.

**વિશેષાર્થ :** આ પ્રાણી સ્ત્રી, પુત્ર, મિત્ર અને ધન સંપત્તિ આદિ પર પદાર્થોના સંયોગથી જ અનેક પ્રકારના દુઃખો ભોગવે છે, તેથી ઉક્ત સંયોગનો જ પરિત્યાગ કરવો જોઈએ. એમ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. ૨૭.

(अनुष्टुभ्)

**किं मे करिष्यतः क्रूरौ शुभाशुभनिशाचरौ ।**
**रागद्वेषपरित्यागमहामन्त्रेण कीलितौ ।।२८।।**

**અનુવાદ :** જે પુણ્ય અને પાપરૂપ બન્ને દુષ્ટ રાક્ષસોને રાગ-દ્વેષના પરિત્યાગરૂપ મહામંત્ર દ્વારા કીલિત કરી દેવામાં આવ્યા છે તેઓ હવે મારું (આત્માનું) શું કરી શકશે? અર્થાત્ તેઓ કાંઈ પણ હાનિ કરી શકશે નહિ.

**વિશેષાર્થ :** જે પુણ્ય અને પાપરૂપ કર્મ પ્રાણીને અનેક પ્રકારનું કષ્ટ (પરતંત્રતા આદિ) આપ્યા કરે છે તેમનો બંધ રાગ અને દ્વેષના નિમિત્તે જ થાય છે. તેથી ઉક્ત રાગ–દ્વેષનો પરિત્યાગ કરી દેવાથી તેમનો બંધ સ્વયમેવ અટકી જાય છે અને આ રીતે આત્મા સ્વતંત્ર થઈ જાય છે. ૨૮.

(अनुष्टुभ्)

संबन्धेऽपि सति त्याज्यौ रागद्वेषौ महात्मभिः ।
विना तेनापि ये कुर्युस्ते कुर्युः किं न वातुलाः ॥२९॥

**અનુવાદ :** મહાત્માઓએ સંબંધ (નિમિત્ત) હોવા છતાં પણ તે રાગ-દ્વેષનો પરિત્યાગ કરવો જોઈએ. જે જીવ તે (સંબંધ) ના વિના પણ રાગ–દ્વેષ કરે છે તેઓ વાતરોગથી પિડાયેલા રોગી સમાન પોતાનું ક્યું અહિત નથી કરતા? અર્થાત્ તેઓ પોતાનું સર્વ પ્રકારે અહિત કરે છે. ૨૯.

(अनुष्टुभ्)

मनोवाक्कायचेष्टाभिस्तद्विधं कर्म जृम्भते ।
उपास्यते तदेवैकं ताभ्यो भिन्नं मुमुक्षुभिः ॥३०॥

**અનુવાદ :** મન, વચન અને કાયાની પ્રવૃત્તિથી તે પ્રકારનું અર્થાત્ તદનુસાર પુણ્ય-પાપરૂપ કર્મ વૃદ્ધિ પામે છે. માટે મુમુક્ષુઓએ ઉક્ત મન-વચન-કાયાની પ્રવૃત્તિથી ભિન્ન તે જ એક આત્મતત્ત્વની ઉપાસના કર્યા કરે છે. ૩૦.

(अनुष्टुभ्)

द्वैततो द्वैतमद्वैतादद्वैतं खलु जायते ।
लोहाल्लोहमयं पात्रं हेम्नो हेममय यथा ॥३१॥

**અનુવાદ :** દ્વૈત ભાવથી નિયમથી દ્વૈત અને અદ્વૈતભાવથી અદ્વૈત ઉત્પન્ન થાય છે. જેમ લોઢામાંથી લોઢાનું અને સોનામાંથી સોનાનું જ વાસણ ઉત્પન્ન થાય છે.

**વિશેષાર્થ :** આત્મા અને કર્મ તથા બંધ અને મોક્ષ ઈત્યાદિ પ્રકારની બુદ્ધિ તે દ્વૈતબુદ્ધિ કહેવાય છે. એવી બુદ્ધિથી દ્વૈતભાવ જ બની રહે છે કે જેથી સંસાર પરિભ્રમણ

અનિવાર્ય થઈ જાય છે. પરંતુ હું એક જ છું, અન્ય બાહ્ય પદાર્થો ન મારા છે અને ન હું તેમનો છું, આ જાતની બુદ્ધિ અદ્વૈતબુદ્ધિ કહેવાય છે. આ પ્રકારના વિચારથી તે અદ્વૈતભાવ સદા જાગૃત રહે છે કે જેથી અંતે મોક્ષ પણ પ્રાપ્ત થઈ જાય છે. એના આટે અહીં એ ઉદાહરણ આપવામાં આવ્યું છે કે જેવી રીતે લોઢાની ધાતુમાંથી લોહમય અને સુવર્ણમાંથી સુવર્ણમય જ પાત્ર બને છે તેવી જ રીતે દ્વૈતબુદ્ધિથી દ્વૈતભાવ તથા અદ્વૈતબુદ્ધિથી અદ્વૈતભાવ જ થાય છે. ૩૧.

(अनुष्टुभ्)

**निश्चयेन तदेकत्वमद्वैतममृतं परम् ।**
**द्वितीयेन कृतं द्वैतं संसृतिर्व्यवहारतः ।।३२।।**

**અનુવાદ :** નિશ્ચયથી જે એકત્વ છે તે જ અદ્વૈત છે કે જે ઉત્કૃષ્ટ અમૃત અર્થાત્ મોક્ષસ્વરૂપ છે. પરંતુ બીજા (કર્મ કે શરીર આદિ) ના નિમિત્તે જે દ્વૈતભાવ ઉત્પન્ન થાય છે તે વ્યવહારની અપેક્ષા રાખવાથી સંસારનું કારણ થાય છે. ૩૨.

(अनुष्टुभ्)

**बन्धमोक्षौ रतिद्वेषौ कर्मात्मानौ शुभाशुभौ ।**
**इति द्वैताश्रिता बुद्धिरसिद्धिरभिधीयते ।।३३।।**

**અનુવાદ :** બંધ અને મોક્ષ, રાગ અને દ્વેષ, કર્મ અને આત્મા તથા શુભ અને અશુભ; આ જાતની બુદ્ધિ દ્વૈતના આશ્રયે થાય છે જે સંસારનું કારણ કહેવાય છે. ૩૩.

(अनुष्टुभ्)

**उदयोदीरणा सत्ता प्रबन्धः खलु कर्मणः ।**
**बोधात्मधाम सर्वेभ्यस्तदेवैकं परं परम् ।।३४।।**

**અનુવાદ :** ઉદય, ઉદીરણા અને સત્ત્વ આ બધો નિશ્ચયથી કર્મનો વિસ્તાર છે. પરંતુ જ્ઞાનરૂપ જે આત્માનું તેજ છે તે તે બધાથી ભિન્ન, એક અને ઉત્કૃષ્ટ છે.

**વિશેષાર્થ :** સ્થિતિ પૂર્ણ થતાં જીર્ણ થયેલું કર્મ જે ફળદાનની સન્મુખ થાય છે તેને ઉદય કહેવામાં આવે છે. ઉદયકાળ પ્રાપ્ત ન થવા છતાં પણ અપકર્ષણ દ્વારા જે કર્મનિષેક ઉદયમાં સ્થાપિત કરાવવામાં આવે છે, તેને ઉદીરણા કહે છે. જ્ઞાનાવરણાદિ કર્મપ્રકૃતિઓના કર્મસ્વરૂપે અવસ્થિત રહેવાને સત્ત્વ કહેવામાં આવે છે. ૩૪.

(अनुष्टुभ्)

**क्रोधादिकर्मयोगेऽपि निर्विकारं परं महः ।**
**विकारकारिभिर्मेधैर्न विकारि नभो भवेत् ।।३५।।**

**અનુવાદ :** ક્રોધાદિ કર્મોનો સંયોગ થવા છતાં પણ તે ઉત્કૃષ્ટ આત્મતેજ વિકાર રહિત જ હોય છે. બરાબર પણ છે–વિકાર કરનારા વાદળાઓથી કદી આકાશ વિકારયુક્ત નથી થતું.

**વિશેષાર્થ :** જેમ આકાશમાં વિકાર ઉત્પન્ન કરનાર વાદળાઓ રહેવા છતાં પણ તે આકાશ વિકારી થતું નથી. પરંતુ સ્વભાવથી સ્વચ્છ જ રહે છે. તેવી જ રીતે આત્મા સાથે ક્રોધાદિ કર્મોનો સંયોગ રહેવા છતાં પણ આત્મામાં વિકાર ઉત્પન્ન નથી થતો, પરંતુ તે સ્વભાવથી નિર્વિકાર જ રહે છે. ૩૫.

(अनुष्टुभ्)

**नामापि हि परं तस्मान्निश्चयात्तदनामकम् ।**
**जन्ममृत्यादि चाशेषं वपुर्धर्मं विदुर्बुधाः ।।३६।।**

**અનુવાદ :** આત્માનો વાચક શબ્દ પણ નિશ્ચયથી તેનાથી ભિન્ન છે, કેમ કે નિશ્ચયનયની અપેક્ષાએ તે આત્મા સંજ્ઞા રહિત (અનિર્વચનીય) છે. અર્થાત્ વાચ્ય-વાચકભાવ વ્યવહારનયને આશ્રિત છે, નહિ કે નિશ્ચયનયને. વિદ્વાનો જન્મ અને મરણ આદિ બધાને શરીરનો ધર્મ સમજે છે. ૩૬.

(अनुष्टुभ्)

**बोधेनापि युतिस्तस्य चैतन्यस्य तु कल्पना ।**
**स च तच्च तयोरैक्यं निश्चयेन विभाव्यते ।।३७।।**

**અનુવાદ :** તે ચૈતન્યનો જ્ઞાન સાથે પણ જે સંયોગ છે તે કેવળ કલ્પના છે, કેમ કે જ્ઞાન અને ચૈતન્ય આ બન્નેમાં નિશ્ચયથી અભેદ માનવામાં આવે છે. ૩૭.

(अनुष्टुभ्)

**क्रियाकारकसंबन्धप्रबन्धोज्झितमूर्ति यत् ।**
**एवं ज्योतिस्तदेवैकं शरण्यं मोक्षकाङ्क्षिणाम् ।।३८।।**

**અનુવાદ :** જે આત્મજ્યોતિ ગમનાદિરૂપ ક્રિયા, કર્તા આદિ કારક અને તેમના

સંબંધના વિસ્તાર રહિત છે તે જ એક માત્ર જ્યોતિ મોક્ષાભિલાષી સાધુજનોને શરણભૂત છે. ૩૮.

(अनुष्टुभ्)

तदेकं परमं ज्ञानं तदेकं शुचि दर्शनम् ।
चारित्रं च तदेकं स्यात् तदेकं निर्मलं तपः ।।३९।।

**અનુવાદ :** તે જ એક આત્મજ્યોતિ ઉત્કૃષ્ટ જ્ઞાન છે, તે જ એક આત્મજ્યોતિ નિર્મળ સમ્યગ્દર્શન છે, તે જ એક આત્મજ્યોતિ ચારિત્ર છે તથા તે જ એક આત્મજ્યોતિ નિર્મળ તપ છે.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે જ્યારે સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થઈ જાય છે ત્યારે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એક માત્ર આત્માનો જ અનુભવ થાય છે. તે વખતે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને તપ આદિમાં કાંઈ પણ ભેદ નથી રહેતો. એ જ રીતે જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેયનો પણ કાંઈ ભેદ રહેતો નથી; કેમકે તે વખતે તે જ એક માત્ર આત્મા જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા બની જાય છે. તેથી આ અવસ્થામાં કર્તા અને કરણ આદિ કારકોનો પણ બધો ભેદ સમાપ્ત થઈ જાય છે. ૩૯.

(अनुष्टुभ्)

नमस्यं च तदेवैकं तदेवैकं च मङ्गलम् ।
उत्तमं च तदेवैकं तदेव शरणं सताम् ।।४०।।

**અનુવાદ :** તે જ એક આત્મજ્યોતિ નમસ્કાર કરવા યોગ્ય છે, તે જ એક આત્મજ્યોતિ મંગળસ્વરૂપ છે, તે જ એક આત્મજ્યોતિ ઉત્તમ છે તથા તે જ એક આત્મજ્યોતિ સાધુઓને શરણભૂત છે.

**વિશેષાર્થ :** "ચત્તારિ મંગલં, અરહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલિપણ્ણત્તો ધમ્મો મંગલં. ચત્તારિ લોગુત્તમા...." ઇત્યાદિ પ્રકારે જે અરહંત, સિદ્ધ, સાધુ અને કેવળીકથિત ધર્મ આ ચારને મંગળ, લોકોત્તમ તથા શરણભૂત બતાવવામાં આવ્યા છે તે વ્યવહારનયની પ્રધાનતાથી છે. શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ તો કેવળ એક તે આત્મજ્યોતિ જ મંગળ, લોકોત્તમ અને શરણભૂત છે. ૪૦.

(अनुष्टुभ्)

आचारश्च तदेवैकं तदेवावश्यकक्रिया ।
स्वाध्यायस्तु तदेवैकमप्रमत्तस्य योगिनः ।।४१।।

**અનુવાદ :** પ્રમાદ રહિત થયેલ મુનિને તે જ એક આત્મજ્યોતિ–આચાર છે, તે જ એક આત્મજ્યોતિ આવશ્યક ક્રિયા છે તથા તે જ એક આત્મજ્યોતિ સ્વાધ્યાય પણ છે. ૪૧.

(अनुष्टुभ्)

गुणाः शिलानि सर्वाणि धर्मश्चात्यन्तनिर्मलः ।
संभाव्यन्ते परं ज्योतिस्तदेकमनुतिष्ठतः ।।४२।।

**અનુવાદ :** કેવળ એ જ એક ઉત્કૃષ્ટ આત્મજ્યોતિનું અનુષ્ઠાન કરનાર સાધુને ગુણોની, સમસ્ત શીલોની અને અત્યન્ત નિર્મળ ધર્મની પણ સંભાવના છે. ૪૨.

(अनुष्टुभ्)

तदेवैकं परं रत्नं सर्वशास्त्रमहोदधेः ।
रमणीयेषु सर्वेषु तदेकं पुरतः स्थितम् ।।४३।।

**અનુવાદ :** સમસ્ત શાસ્ત્રરૂપી મહાસમુદ્રનું ઉત્કૃષ્ટ રત્ન તે જ એક આત્મજ્યોતિ છે તથા તે જ એક આત્મજ્યોતિ સર્વ રમણીય પદાર્થોમાં આગળ સ્થિત અર્થાત્ શ્રેષ્ઠ છે. ૪૩.

(अनुष्टुभ्)

तदेवैकं परं तत्त्वं तदेवैकं परं पदम् ।
भव्याराध्यं तदेवैकं तदेवैकं परं महः ।।४४।।

**અનુવાદ :** તે જ એક આત્મજ્યોતિ ઉત્કૃષ્ટ તત્ત્વ છે, તે જ એક આત્મજ્યોતિ ઉત્કૃષ્ટ પદ છે, તે જ એક આત્મજ્યોતિ ભવ્ય જીવો દ્વારા આરાધવા યોગ્ય છે, તથા તે જ એક આત્મજ્યોતિ ઉત્કૃષ્ટ તેજ છે. ૪૪.

(अनुष्टुभ्)

शस्त्रं जन्मतरुच्छेदि तदेवैकं सतां मतम् ।
योगिनां योगनिष्ठानां तदेवैकं प्रयोजनम् ।।४५।।

**અનુવાદ :** તે જ એક આત્મજ્યોતિ સાધુઓને જન્મરૂપી વૃક્ષ નષ્ટ કરનાર શસ્ત્ર માનવામાં આવે છે તથા સમાધિમાં સ્થિત યોગીજનોનું ઇષ્ટ પ્રયોજન તે જ એક આત્મજ્યોતિની પ્રાપ્તિ છે. ૪૫.

(अनुष्टुभ्)

मुमुक्षूणां तदेवैकं मुक्तेः पन्था न चापरः ।
आनन्दोऽपि न चान्यत्र तद्विहाय विभाव्यते ॥४६॥

**અનુવાદ :** મોક્ષાભિલાષી જનોને મોક્ષનો માર્ગ તે જ એક આત્મજ્યોતિ છે, બીજો નહિ. તેના સિવાય બીજા સ્થાનમાં આનંદની પણ સંભાવના નથી. ૪૬.

(अनुष्टुभ्)

संसारघोरधर्मेण सदा तप्तस्य देहिनः ।
यन्त्रधारागृहं शान्तं तदेव हिमशीतलम् ॥४७॥

**અનુવાદ :** શાન્ત અને બરફ સમાન શીતળ તે જ આત્મજ્યોતિ સંસારરૂપી ભયાનક તાપથી નિરંતર સંતાપ પામેલા પ્રાણીને યંત્રધારાગૃહ (ફુવારાઓ સહિતનું ઘર) સમાન આનંદદાયક છે. ૪૭.

(अनुष्टुभ्)

तदेवैकं परं दुर्गमगम्यं कर्मविद्विषाम् ।
तदेवैत्ततिरस्कारकारि सारं निजं बलम् ॥४८॥

**અનુવાદ :** તે જ એક આત્મજ્યોતિ કર્મરૂપી શત્રુઓને દુર્ગમ એવો ઉત્કૃષ્ટ દુર્ગ (કિલ્લો) છે તથા તે જ આ આત્મજ્યોતિ આ કર્મરૂપી શત્રુઓનો તિરસ્કાર કરનારી પોતાની શ્રેષ્ઠ સેના છે. ૪૮.

(अनुष्टुभ्)

तदेव महती विद्या स्फुरन्मन्त्रस्तदेव हि ।
औषधं तदपि श्रेष्टं जन्मव्याधिविनाशनम् ॥४९॥

**અનુવાદ :** તે જ આત્મજ્યોતિ વિપુલ બોધ છે, તે જ પ્રકાશમાન મંત્ર છે, તથા તે જ જન્મરૂપી રોગનો નાશ કરનારી શ્રેષ્ઠ ઔષધિ છે. ૪૯.

(अनुष्टुभ्)

अक्षयस्याक्षयानन्दमहाफलभरश्रियः ।
तदेवैकं परं बीजं निःश्रेयसलसत्तरोः ॥५०॥

**અનુવાદ :** તે જ આત્મજ્યોતિ શાશ્વત સુખરૂપી મહાફળોના ભારથી સુશોભિત એવા અવિનશ્વર મોક્ષરૂપી સુંદર વૃક્ષનું એક ઉત્કૃષ્ટ બીજ છે. ૫૦.

(अनुष्टुभ्)

**तदेवैकं परं विद्धि त्रैलोक्यगृहनायकम् ।**
**येनैकेन विना शङ्के वसदप्येतदुद्वसम् ।।५१।।**

**અનુવાદ :** તે જ એક ઉત્કૃષ્ટ આત્મજ્યોતિને ત્રણે લોકરૂપી ગૃહનો નાયક સમજવો જોઈએ, જે એક વિના આ ત્રણ લોકરૂપી ગૃહ નિવાસ સહિત હોવા છતાં પણ તેના વિનાનું નિર્જન વન સમાન જણાય છે. અભિપ્રાય એ છે કે અન્ય દ્રવ્યો હોવા છતાં પણ લોકની શોભા તે એક આત્મજ્યોતિથી જ છે. ૫૧.

(अनुष्टुभ्)

**शुद्धं यदेव चैतन्यं तदेवाहं न संशयः ।**
**कल्पनयानयाप्येतद्धीनमानन्दमन्दिरम् ।।५२।।**

**અનુવાદ :** આનંદના સ્થાનભૂત જે આ આત્મજ્યોતિ છે તે "જે શુદ્ધ ચૈતન્ય છે તે જ હું છું. એમાં સંદેહ નથી" આવી કલ્પનાથી પણ રહિત છે. ૫૨.

(अनुष्टुभ्)

**स्पृहा मोक्षे ऽपि मोहोत्था तन्निषेधाय जायते ।**
**अन्यस्मै तत्कथं शान्ताः स्पृहयन्ति मुमुक्षवः ।।५३।।**

**અનુવાદ :** મોહના ઉદયથી ઉત્પન્ન થયેલી મોક્ષપ્રાપ્તિની પણ અભિલાષા તે મોક્ષની પ્રાપ્તિમાં વિઘ્ન નાખનાર બને છે, તો પછી ભલા, શાન્ત મોક્ષાભિલાષી જીવ બીજી કઈ વસ્તુની ઇચ્છા કરે? અર્થાત્ કોઈની પણ નહિ. ૫૩.

(अनुष्टुभ्)

**अहं चैतन्यमेवैकं नान्यत्किमपि जातुचित् ।**
**संबन्धो ऽपि न केनापि दृढपक्षो ममेदृशः ।।५४।।**

**અનુવાદ :** હું એક ચૈતન્યસ્વરૂપ જ છું, તેનાથી ભિન્ન બીજું કોઈ પણ સ્વરૂપ મારૂં કદી પણ હોઈ શકે નહિ. કોઈ પરપદાર્થ સાથે મારો સંબંધ પણ નથી, એવો મારો દૃઢ નિશ્ચય છે. ૫૪.

(अनुष्टुभ्)

शरीरादि बहिश्चिन्ताचक्रसंपर्कवर्जितम् ।
विशुद्धात्मस्थितं चित्तं कुर्वन्नास्ते निरन्तरम् ।।५५।।

**અનુવાદ :** જ્ઞાની સાધુ શરીરાદિ બાહ્ય પદાર્થ વિષયક ચિન્તા સમૂહના સંયોગ રહિત પોતાના ચિત્તને નિરંતર શુદ્ધ આત્મામાં સ્થિર કરીને રહે છે. ૫૫.

(अनुष्टुभ्)

एवं सति यदेवास्ति तदस्तु किमिहापरैः ।
आसाद्यात्मन्निदं तत्त्वं शान्तो भव सुखी भव ।।५६।।

**અનુવાદ :** હે આત્મા, આવી સ્થિતિ હોવાથી જે કાંઈ છે તે ભલે હોય. અહીં અન્ય પદાર્થોથી ભલા શું પ્રયોજન છે? અર્થાત્ કાંઈ પણ નહિ. આ ચૈતન્યસ્વરૂપને પામીને તું શાન્ત અને સુખી રહે. ૫૬.

(अनुष्टुभ्)

अपारजन्मसन्तानपथभ्रान्तिकृतश्रमम् ।
तत्त्वामृतमिदं पीत्वा नाशयन्तु मनीषिणः ।।५७।।

**અનુવાદ :** બુદ્ધિમાન પુરુષ આ તત્ત્વરૂપી અમૃત પીને અપરિમિત જન્મપરંપરા (સંસાર)ના માર્ગમાં પરિભ્રમણ કરવાથી ઉત્પન્ન થયેલ થાક દૂર કરો. ૫૭.

(अनुष्टुभ्)

अतिसूक्ष्ममतिस्थूलमेकं चानेकमेव यत् ।
स्वसंवेद्यमवेद्यं च यदक्षरमनक्षरम् ।।५८।।

अनौपम्यमनिर्देश्यमप्रमेयमनाकुलम् ।
शून्यं पूर्णं च यन्नित्यमनित्यं च प्रचक्ष्यते ।।५९।।

**અનુવાદ :** તે આત્મજ્યોતિ અતિશય સૂક્ષ્મ પણ છે અને સ્થૂળ પણ છે, એક પણ છે અને અનેક પણ છે, સ્વસંવેદ્ય પણ છે અને અવેદ્ય પણ છે તથા અક્ષર પણ છે અને અનક્ષર પણ છે. તે જ્યોતિ અનુપમ, અનિર્દેશ્ય, અપ્રમેય અને અનાકુળ હોવાથી શૂન્ય પણ કહેવાય છે અને પૂર્ણ પણ, નિત્ય પણ કહેવાય છે અને અનિત્ય પણ.

**વિશેષાર્થ :** તે આત્મજ્યોતિ નિશ્ચયનયની અપેક્ષાએ રૂપ, રસ, ગંધ અને સ્પર્શ રહિત હોવાના કારણે સૂક્ષ્મ તથા વ્યવહારનયની અપેક્ષાએ શરીરાશ્રિત હોવાથી સ્થૂળ પણ કહેવાય છે. એ જ રીતે તે શુદ્ધ ચૈતન્યરૂપ સામાન્ય સ્વભાવની અપેક્ષાએ એક અને વ્યવહારનયની અપેક્ષાએ ભિન્ન ભિન્ન શરીર આદિને આશ્રિત રહેવાથી અનેક પણ કહેવાય છે. તે સ્વસંવેદન પ્રત્યક્ષદ્વારા જાણવા યોગ્ય હોવાથી સ્વસંવેદ્ય તથા ઇન્દ્રિયજનિત જ્ઞાનનો અવિષય હોવાથી અવેદ્ય પણ કહેવાય છે. તે નિશ્ચયથી વિનાશરહિત હોવાથી અક્ષર તથા અકારાદિ અક્ષરોથી રહિત હોવાને કારણે અથવા વ્યવહારની અપેક્ષાએ વિનષ્ટ હોવાથી અનક્ષર પણ કહેવાય છે. તે જ આત્મજ્યોતિ ઉપમા રહિત હોવાથી અનુપમ, નિશ્ચયનયથી શબ્દનો અવિષય હોવાથી અનિર્દેશ્ય (અવાચ્ય), સાંવ્યવહારિક પ્રત્યક્ષાદિ પ્રમાણોનો વિષય ન હોવાથી અપ્રમેય તથા આકુળતા રહિત હોવાને કારણે અનાકુળ પણ છે. એ સિવાય તે મૂર્તિક સમસ્ત બાહ્ય પદાર્થોના સંયોગથી રહિત છે માટે શૂન્ય અને પોતાના જ્ઞાનાદિ ગુણોથી પરિપૂર્ણ હોવાથી પૂર્ણ પણ મનાય છે. તે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ વિનાશરહિત હોવાથી નિત્ય તથા પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અનિત્ય પણ કહેવાય છે. ૫૮–૫૯.

(अनुष्टुभ्)

निःशरीरं निरालम्बं निःशब्दं निरुपाधि यत् ।
यिदात्मकं परंज्योतिरवाङ्मानसगोचरम् ।।६०।।

**અનુવાદ :** તે ઉત્કૃષ્ટ ચૈતન્યસ્વરૂપ જ્યોતિ શરીર, આલંબન, શબ્દ અને બીજા પણ અન્ય અન્ય વિશેષણોથી રહિત છે; તેથી તે વચન અને મનને પણ અગોચર છે. ૬૦.

(अनुष्टुभ्)

इत्यत्र गहने ऽत्यन्तदुर्लक्ष्ये परमात्मनि ।
उच्यते यत्तदाकाशं प्रत्यालेख्यं विलिख्यते ।।६१।।

**અનુવાદ :** આ રીતે તે પરમાત્મા દુરધિગમ્ય અને અત્યંત દુર્લક્ષ્ય (અદ્રશ્ય) હોવાથી તેના વિષયમાં જે કાંઈ પણ કહેવામાં આવે છે તે આકાશમાં ચિત્રલેખન સમાન છે.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે જેવી રીતે અમૂર્ત આકાશમાં ચિત્રનું નિર્માણ કરવું અસંભવ છે તેવી જ રીતે અતીન્દ્રિય આત્માના વિષયમાં કાંઈ વર્ણન કરવું પણ અસંભવ જ છે. તે તો કેવળ સ્વાનુભવ ગોચર છે. ૬૧.

(अनुष्टुभ्)

आस्तां तत्र स्थितो यस्तु चिन्तामात्रपरिग्रहः ।
तस्यात्र जीवितं श्लाध्यं देवैरपि स पूज्यते ॥६२॥

**અનુવાદ :** જે તે આત્મામાં લીન છે તે તો દૂર રહો. પણ જે તેનું ચિન્તન માત્ર કરે છે તેનું જીવન પ્રશંસાયોગ્ય છે, તે દેવો દ્વારા પણ પૂજાય છે. ૬૨.

(अनुष्टुभ्)

सर्वविद्भिरसंसारैः सम्यग्ज्ञानविलोचनैः ।
एतस्योपासनोपायः साम्यमेकमुदाहृतम् ॥६३॥

**અનુવાદ :** જે સર્વજ્ઞદેવ સંસારથી રહિત અર્થાત્ જીવનમુક્ત થઈને સમ્યગ્જ્ઞાનરૂપ નેત્ર ધારણ કરે છે તેમણે આ આત્માના આરાધનનો ઉપાય એક માત્ર સમતાભાવ બતાવ્યો છે. ૬૩.

(अनुष्टुभ्)

साम्यं स्वास्थ्यं समाधिश्च योगश्चेतोनिरोधनम् ।
शुद्धोपयोग इत्येते भवन्त्येकार्थवाचकाः ॥६४॥

**અનુવાદ :** સામ્ય, સ્વાસ્થ્ય, સમાધિ, યોગ, ચિત્તનિરોધ અને શુદ્ધોપયોગ; આ બધા શબ્દ એક જ અર્થના વાચક છે. ૬૪.

(अनुष्टुभ्)

नाकृतिर्नाक्षरं वर्णो नो विकल्पश्च कश्चन ।
शुद्धं चैतन्यमेवैकं यत्र तत्साम्यमुच्यते ॥६५॥

**અનુવાદ :** જ્યાં ન કોઈ આકાર છે, ન અકારાદિ અક્ષર છે, ન કૃષ્ણ-નીલાદિ વર્ણ છે અને ન કોઈ વિકલ્પેય છે; પરંતુ જ્યાં કેવળ એક ચૈતન્યસ્વરૂપ જ પ્રતિભાસિત થાય છે તેને જ સામ્ય કહેવામાં આવે છે. ૬૫.

(अनुष्टुभ्)

साम्यमेकं परं कार्यं साम्यं तत्त्वं परं स्मृतम् ।
साम्यं सर्वोपदेशानामुपदेशो विमुक्तये ॥६६॥

**અનુવાદ :** તે સમતાભાવ એક ઉત્કૃષ્ટ કાર્ય છે. તે સમતાભાવ ઉત્કૃષ્ટ તત્ત્વ

માનવામાં આવ્યું છે. તે જ સમતાભાવ સર્વ ઉપદેશોનો ઉપદેશ છે જે મુક્તિનું કારણ છે, અર્થાત્ સમતાભાવનો ઉપદેશ સમસ્ત ઉપદેશોનો સાર છે કેમ કે તેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. ૬૬.

(अनुष्टुभ्)

**साम्यं सद्बोधनिर्माणं शश्वदानन्दमन्दिरम् ।**
**साम्यं शुद्धात्मनो रूपं द्वारं मोक्षैकसद्मनः ।।६७।।**

**અનુવાદ :** સમતાભાવ સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન કરનાર છે, તે શાશ્વતિક (નિત્ય) સુખનું સ્થાન છે. તે સમતાભાવ શુદ્ધ આત્માનું સ્વરૂપ તથા મોક્ષરૂપી અનુપમ મહેલનું દ્વાર છે. ૬૭.

(अनुष्टुभ्)

**साम्यं निःशेषशास्त्राणां सारमाहुर्विपश्चितः ।**
**साम्यं कर्ममहाकक्षदाहे दावानलायते ।।६८।।**

**અનુવાદ :** પંડિતો સમતાભાવને સમસ્ત શાસ્ત્રોનો સાર બતાવે છે તે સમતાભાવ કર્મરૂપી મહાવનને ભસ્મ કરવા માટે દાવાનળ સમાન છે. ૬૮.

(अनुष्टुभ्)

**साम्यं शरण्यमित्याहुर्योगिनां योगगोचरम् ।**
**उपाधिरचिताशेषदोषक्षपणकारणम ।।६९।।**

**અનુવાદ :** જે સમતાભાવ યોગીઓને યોગનો વિષય થયો થકો બાહ્ય અને અભ્યંતર પરિગ્રહના નિમિત્તે ઉત્પન્ન થયેલ સમસ્ત દોષોનો નાશ કરનાર છે તે શરણભૂત કહેવાય છે. ૬૯.

(अनुष्टुभ्)

**निःस्पृहायाणिमाद्यब्जखण्डे साम्यसरोजुषे ।**
**हंसाय शुचये मुक्तिहंसीदत्तदृशे नमः ।।७०।।**

**અનુવાદ :** જે આત્મારૂપી હંસ અણિમાદિ ઋદ્ધિરૂપી કમળખંડ (સ્વર્ગ)ની અભિલાષા રહિત છે, સમતારૂપી સરોવરનો આરાધક છે, પવિત્ર છે તથા મુક્તિરૂપી હંસી તરફ દૃષ્ટિ રાખે છે તેને નમસ્કાર હો. ૭૦.

( अनुष्टुभ् )

ज्ञानिनोऽमृतसंगाय मृत्युस्तापकरोऽपि सन् ।
आमकुम्भस्य लोकेऽस्मिन् भवेत्पाकविधिर्यथा ।।७१।।

**અનુવાદ :** જેમ આ લોકમાં કાચા ઘડાનો પરિપાક અમૃતસંગ અર્થાત્ પાણીના સંયોગને કારણે થાય છે તેવી જ રીતે અવિવેકી મનુષ્યને સંતાપ કરનાર તે મૃત્યુ પણ જ્ઞાની મનુષ્યને અમૃતસંગ અર્થાત્ શાશ્વત સુખ (મોક્ષ) નું કારણ થાય છે. ૭૧.

( अनुष्टुभ् )

मानुष्यं सत्कुले जन्म लक्ष्मीर्बुद्धिः कृतज्ञता ।
विवेकेन विना सर्वं सदप्येतन्न किंचन ।।७२।।

**અનુવાદ :** મનુષ્ય પર્યાય, ઉત્તમકુળમાં જન્મ, સંપત્તિ, બુદ્ધિ અને કૃતજ્ઞતા (ઉપકારનું સ્મરણ); આ બધી સામગ્રી હોવા છતાં પણ વિવેક વિના કાંઈ પણ કાર્યકારી નથી. ૭૨.

( अनुष्टुभ् )

चिदचिद् द्वे परे तत्त्वे विवेकस्तद्विवेचनम् ।
उपादेयमुपादेयं हेयं हेयं च कुर्वतः ।।७३।।

**અનુવાદ :** ચેતન અને અચેતન એ બન્ને ભિન્ન તત્ત્વ છે. તેમના ભિન્ન સ્વરૂપનો વિચાર કરવો તેને વિવેક કહેવામાં આવે છે. તેથી હે આત્મા! તું આ વિવેકથી ગ્રહણ કરવા યોગ્ય જે ચૈતન્યસ્વરૂપ છે તેનું ગ્રહણ કર અને છોડવા યોગ્ય જડતાને છોડી દે. ૭૩.

( अनुष्टुभ् )

दुःखं किंचित्सुखं किंचिच्चित्ते भाति जडात्मनः ।
संसारे ऽत्र पुनर्नित्यं सर्वं दुःखं विवेकिनः ।।७४।।

**અનુવાદ :** અહીં સંસારમાં મૂર્ખ પ્રાણીના ચિત્તમાં કાંઈક તો સુખ અને કાંઈક દુઃખરૂપ પ્રતિભાસે છે. પરંતુ વિવેકી જીવના ચિત્તમાં સદા સર્વ દુઃખદાયક જ પ્રતિભાસે છે.

**વિશેષાર્થ :** આનો અભિપ્રાય એ છે કે અવિવેકી પ્રાણી કદી ઈષ્ટ સામગ્રી પ્રાપ્ત થતાં સુખ અને તેનો વિયોગ થઈ જતાં કદી દુઃખનો અનુભવ કરે છે. પરંતુ વિવેકી પ્રાણી ઈષ્ટ સામગ્રીની પ્રાપ્તિ અને તેના વિયોગ બન્નેને દુઃખપ્રદ સમજે છે. તેથી તે ઉક્ત બન્ને અવસ્થાઓમાં સમભાવ રાખે છે. ૭૪.

(अनुष्टुभ्)

हेयं हि कर्म रागादि तत्कार्यं च विवेकिनः ।
उपादेयं परं ज्योतिरुपयोगैकलक्षणम् ।।७५।।

**અનુવાદ :** વિવેકી મનુષ્યે કર્મ અને તેના કાર્યભૂત રાગાદિ પણ છોડવા યોગ્ય છે અને ઉપયોગરૂપ એક લક્ષણવાળી ઉત્કૃષ્ટ જ્યોતિ ગ્રહણ કરવા યોગ્ય છે. ૭૫.

(इन्द्रवज्रा)

यदेव चैतन्यमहं तदेव तदेव जानाति तदेव पश्यति ।
तदेव चैकं परमस्ति निश्चयाद् गतोऽस्मि भावेन तदेकतां परम् ।।७६।।

**અનુવાદ :** જે ચૈતન્ય છે તે જ હું છું. તે જ ચૈતન્ય જાણે છે અને તે જ ચૈતન્ય દેખે પણ છે. નિશ્ચયથી તે જ એક ચૈતન્ય ઉત્કૃષ્ટ છે. હું સ્વભાવથી કેવળ તેની સાથે એકતા પામ્યો છું. ૭૬.

(वसंततिलका)

एकत्वसप्ततिरियं सुरसिन्धुरुच्चैः
श्रीपद्मनन्दिहिमभूधरतः प्रसूता ।
यो गाहते शिवपदाम्बुनिधिं प्रविष्टा-
मेतां लभेत स नरः परमां विशुद्धिम् ।।७७।।

**અનુવાદ :** જે આ એકત્વસપ્તતિ (સીત્તેર પદ્યમય એકત્વવિષયક પ્રકરણ) રૂપી ગંગા ઉન્નત શ્રી પદ્મનન્દિરૂપી હિમાલય પર્વતથી ઉત્પન્ન થઈને મોક્ષપદરૂપી સમુદ્રમાં પ્રવેશી છે તેમાં જે મનુષ્ય સ્નાન કરે છે (એકત્વસપ્તતિના પક્ષે–અભ્યાસ કરે છે) તે મનુષ્ય અતિશય વિશુદ્ધિ પામે છે. ૭૭.

(वसंततिलका)

संसारसागरसमुत्तरणैकसेतु–
मेनं सतां सदुपदेशमुपाश्रितानाम् ।
कुर्यात्पदं मललवोऽपि किमन्तरङ्गे
सम्यक्समाधिविधिसंनिधिनिस्तरङ्गे ।।७८।।

**અનુવાદ :** જે સાધુ જનોએ સંસારરૂપી સમુદ્ર પાર થવામાં અદ્વિતીય પુલસ્વરૂપ આ ઉપદેશનો આશ્રય લીધો છે તેમના ઉત્તમ સમાધિવિધિની સમીપતાથી નિશ્ચલ બનેલ અંતઃકરણમાં શું મળને લેશ પણ સ્થાન પ્રાપ્ત થઈ શકે છે? અર્થાત્ પ્રાપ્ત થઈ શકતું નથી. ૭૮.

(मंदाक्रान्ता)

आत्मा भिन्नस्तदनुगतिमत्कर्म भिन्नं तयोर्या
प्रत्यासत्तेर्भवति विकृतिः सापि भिन्नं तथैव ।
कालक्षेत्रप्रमुखमपि यत्तच्च भिन्नं मतं मे
भिन्नं भिन्नं निजगुणकलालंकृतं सर्वमेतत् ।।७९।।

**અનુવાદ :** આત્મા ભિન્ન છે, તેને અનુસરનાર કર્મ મારાથી ભિન્ન છે, આ બન્નેના સંબંધથી જે વિકારભાવ ઉત્પન્ન થાય છે તે પણ તે જ પ્રકારે ભિન્ન છે, તથા અન્ય પણ જે કાળ અને ક્ષેત્ર આદિ છે તેમને પણ ભિન્ન માનવામાં આવ્યા છે. અભિપ્રાય એ છે કે પોતાના ગુણો અને કળાઓથી પણ વિભૂષિત આ સર્વ ભિન્ન ભિન્ન જ છે. ૭૯.

(वसंततिलका)

येऽभ्यासयन्ति कथयन्ति विचारयन्ति
संभावयन्ति च मुहुर्मुहुरात्मतत्त्वम् ।
ते मोक्षमक्षयमनूनमनन्तसौख्यं
क्षिप्रं प्रयान्ति नवकेवललब्धिरूपम् ।।८०।।

**અનુવાદ :** જે ભવ્યજીવ આ આત્મતત્ત્વનો વારંવાર અભ્યાસ કરે છે, વ્યાખ્યાન કરે છે, વિચાર કરે છે તથા સન્માન કરે છે; તે શીઘ્ર જ અવિનશ્વર, સંપૂર્ણ, અનંત સુખ સંયુક્ત અને નવ કેવળલબ્ધિ (કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિકદાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર) સ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે. ૮૦.

આ રીતે એકત્વસપ્તતિ પ્રકરણ સમાપ્ત થયું. ૪.

❀

# ૫. યતિભાવનાષ્ટક

## [ ५. यतिभावनाष्टकम् ]

(शार्दूलविक्रीडित)

आदाय व्रतमात्मतत्त्वममलं ज्ञात्वाथ गत्वा वनं
निःशेषामपि मोहकर्मजनितां हित्वा विकल्पावलिम् ।
ये तिष्ठन्ति मनोमरुच्चिदचलैकत्वप्रमोदं गता
निष्कम्पा गिरिवज्जयन्ति मुनयस्ते सर्वसंगोज्झिताः ।।१।।

**અનુવાદ :** જે મુનિ વ્રત ગ્રહણ કરીને, નિર્મળ આત્મતત્ત્વને જાણીને વનમાં જઈને, તથા મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થતા સર્વ વિકલ્પોનો સમૂહ છોડીને મનરૂપી વાયુથી વિચલિત ન થનાર સ્થિર ચૈતન્યમાં એકત્વના આનંદને પામતા થકા પર્વત સમાન નિશ્ચળ રહે છે તે સંપૂર્ણ પરિગ્રહ રહિત મુનિ જયવંત હો. ૧.

(शार्दूलविक्रीडित)

चेतोवृत्तिनिरोधनेन करणग्रामं विधायोद्वसं
तत्संहृत्य गतागतं च मरुतो धैर्यं समाश्रित्य च ।
पयङ्केन मया शिवाय विधिवच्छून्यैकभूभृद्दरी-
मध्यस्थेन कदा चिदर्पितदृशा स्थातव्यमन्तर्मुखम् ।।२।।

**અનુવાદ :** મુનિ વિચાર કરે છે કે હું મનનો વ્યાપાર રોકીને, ઇન્દ્રિયસમૂહને ઉજ્જડ કરીને (જીતીને), વાયુના ગમન-આગમનને સંકોચીને, ધૈર્યનું અવલંબન લઈને, તથા મોક્ષપ્રાપ્તિના નિમિત્તે વિધિપૂર્વક પર્વતની એક નિર્જન ગુફાની વચ્ચે પદ્માસનમાં

સ્થિત થઈને પોતાના સ્વરૂપમાં સ્થિત થઈને પોતાના સ્વરૂપમાં દૃષ્ટિ રાખતો થકો ક્યારે ચેતન આત્મામાં લીન થઈને સ્થિત થઈશ? ૨.

(शार्दूलविक्रीडित)

धूलीधूसरितं विमुक्तवसनं पर्यङ्कमुद्रागतं
शान्तं निर्वचनं निमीलितदृशं तत्त्वोपलम्भे सति।
उत्कीर्णं दृषदीव मां वनभुवि भ्रान्तो मृगाणां गणः
पश्यत्युद्गतविस्मयो यदि तदा मादृग्जनः पुण्यवान् ।।३।।

**અનુવાદ :** તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થતાં ધૂળથી મલિન(સ્નાન કર્યા વગરના), વસ્ત્ર રહિત, પદ્માસનમાં સ્થિત, શાન્ત, વચન રહિત અને આંખો બંધ હોય એવી અવસ્થાને પામેલા મને જો જંગલના પ્રદેશમાં ભ્રમ પ્રાપ્ત થયેલ મૃગોનો સમૂહ આશ્ચર્યચકિત થઈને પથ્થરમાં કોતરેલી મૂર્તિ સમજવા લાગે તો મારા જેવો મનુષ્ય પુણ્યશાળી હશે. ૩.

(शार्दूलविक्रीडित)

वासः शून्यमठे क्वचिन्निवसनं नित्यं ककुम्मण्डलं
संतोषो धनमुन्नतं प्रियतमा क्षान्तिस्तपो वर्तनम् ।
मैत्री सर्वशरीरिभिः सह सदा तत्त्वैकचिन्तासुखं
चेदास्ते न किमस्ति मे शमवतः कार्यं न किंचित् परैः ।।४।।

**અનુવાદ :** જો કોઈ નિર્જન ઉપાશ્રયમાં મારો નિવાસ હોય, સદા દિશા સમૂહ જ મારું વસ્ત્ર બની જાય, અર્થાત્ જો મારી પાસે કાંઈ પણ પરિગ્રહ ન રહે, સંતોષ જ મારૂં ઉન્નત ધન થઈ જાય, ક્ષમા જ મારી પ્યારી સ્ત્રી બની જાય, એક માત્ર તપ જ મારો વ્યાપાર થઈ જાય, બધા જ પ્રાણીઓ સાથે મૈત્રીભાવ થઈ જાય તથા જો હું સદાય એક માત્ર તત્ત્વવિચારથી ઉત્પન્ન થનાર સુખનો અનુભવ કરવા લાગું; તો પછી અતિશય શાન્તિને પ્રાપ્ત થયેલ મારી પાસે શું નથી? બધું જ છે. એવી અવસ્થામાં મને બીજાઓનું કાંઈ પણ પ્રયોજન નથી રહેતું. ૪.

(शार्दूलविक्रीडित)

लब्ध्वा जन्म कुले शुचौ वरवपुर्बुद्ध्वा श्रुतं पुण्यतो
वैराग्यं च करोति यः शुचि तपो लोके स एकः कृती ।

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



तेनैवोज्झितगौरवेण यदि वा ध्यानामृतं पीयते
प्रासादे कलशस्तदा मणिमयो हैमे समारोपितः ।।५।।

**અનુવાદ :** લોકમાં જે મનુષ્ય પુણ્યના પ્રભાવથી ઉત્તમ કુળમાં જન્મ લઈને, ઉત્તમ શરીર પામીને અને આગમ જાણીને વૈરાગ્ય પામ્યા થકા નિર્મળ તપ કરે છે તે અનુપમ પુણ્યશાળી છે. તે જ મનુષ્ય જો પ્રતિષ્ઠાનો મોહ (આદર સત્કારનો ભાવ) છોડીને ધ્યાનરૂપ અમૃતનું પાન કરે છે તો સમજવું જોઈએ કે તેણે સુવર્ણમય મહેલ ઉપર મણિમય કળશની સ્થાપના કરી છે. ૫.

(शार्दूलविक्रीडित)

ग्रीष्मे भूधरमस्तकाश्रितशिलां मूलं तरोः प्रावृषि
प्रोद्भूते शिशिरे चतुष्पथपदं प्राप्ताः स्थितिं कुर्वते ।
ये तेषां यमिनां यथोक्ततपसां ध्यानप्रशान्तात्मनां
मार्गे संचरतो मम प्रशमिनः कालः कदा यास्यति ।।६।।

**અનુવાદ :** જે સાધુ ગ્રીષ્મ ઋતુમાં પર્વતના શિખર ઉપર, સ્થિત શિલા ઉપર, વર્ષા ઋતુનાં વૃક્ષના મૂળમાં તથા શિયાળો આવતાં ચોકમાં સ્થાન પ્રાપ્ત કરીને ધ્યાનમાં સ્થિત થાય છે; જે આગમોક્ત અનશનાદિ તપનું આચરણ કરે છે અને જેમણે ધ્યાન દ્વારા પોતાના આત્માને અતિશય શાન્ત કરી લીધો છે; તેમના માર્ગે પ્રવર્તતા મારો સમય અત્યંત શાન્તિથી ક્યારે વીતશે? ૬.

(शार्दूलविक्रीडित)

भेदज्ञानविशेषसंहृतमनोवृत्तिः समाधिः परो
जायेताद्भुतधामधन्यशमिनां केषांचिदत्राचलः ।
वज्रे मुर्ध्नि पतत्यपि त्रिभुवने बह्निप्रदीप्ते ऽपि वा
येषां नो विकृतिर्मनागपि भवेत् प्राणेषु नश्यत्स्वपि ।।७।।

**અનુવાદ :** મસ્તક ઉપર વજ્ર પડવા છતાં અથવા ત્રણે લોક અગ્નિથી પ્રજ્વલિત થઈ જવા છતાં અથવા પ્રાણોનો નાશ થવા છતાં પણ જેમના ચિત્તમાં થોડોય વિકારભાવ ઉત્પન્ન થતો નથી; એવા આશ્ચર્યજનક આત્મતેજને ધારણ કરનાર કોઈ વિરલા જ શ્રેષ્ઠ મુનિઓને તે ઉત્કૃષ્ટ નિશ્ચળ સમાધિ હોય છે જેમાં

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ભેદજ્ઞાન વિશેષદ્વારા મનનો વ્યાપાર (દુષ્ટ પ્રવૃત્તિ) અટકી જાય છે. ૭.

(શાર્દૂલવિક્રીડિત)

अन्तस्तत्त्वमुपाधिवर्जितमहंव्याहारवाच्यं परं
ज्योतिर्यैः कलितं श्रितं च यतिभिस्ते सन्तु नः शान्तये ।
येषां तत्सदनं तदेव शयनं तत्संपदस्तत्सुखं
तद्वृत्तिस्तदपि प्रियं तदखिलश्रेष्ठार्थसंसाधकम् ।।८।।

**અનુવાદ :** જે મુનિઓએ બાહ્ય–અભ્યંતર પરિગ્રહ રહિત અને 'અર્હં' શબ્દ દ્વારા કહેવાતા ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ અંતસ્તત્ત્વ અર્થાત્ અંતરાત્માનું સ્વરૂપ જાણી લીધું છે તથા તેનો જ આશ્રય પણ લીધો છે અને જે મુનિઓને તે જ આત્મતત્ત્વ ભવન છે, તે જ શય્યા છે, તે જ સંપત્તિ છે, તે જ સુખ છે, તે જ વ્યાપાર છે, તે જ પ્યારૂં છે અને તે જ સમસ્ત શ્રેષ્ઠ પદાર્થોને સિદ્ધ કરનાર છે; તે મુનિઓ આપણને શાન્તિ આપે. ૮.

(શાર્દૂલવિક્રીડિત)

पापारिक्षयकारि दातृ नृपतिस्वर्गापवर्गश्रियं
श्रीमत्पङ्कजनन्दिभिर्विरचितं चिच्चेतनानन्दिभिः ।
भक्त्या यो यतिभावनाष्टकमिदं भव्यस्त्रिसंध्यं पठेत्
किं किं सिध्यति वाञ्छितं न भुवने तस्यात्र पुण्यात्मनः ।।९।।

**અનુવાદ :** આત્મચૈતન્યમાં આનંદનો અનુભવ કરનાર શ્રીમાન્ પદ્મનંદી (ભવ્ય જીવોને પ્રફુલ્લિત કરનાર ગણધરાદિ અથવા પદ્મનંદી મુનિ) દ્વારા રચવામાં આવેલું આ આઠ શ્લોકમય 'યતિભાવના' પ્રકરણ પાપરૂપ શત્રુનો નાશ કરીને રાજ્યલક્ષ્મી, સ્વર્ગલક્ષ્મી અને મોક્ષ આપનાર છે. જે ભવ્ય જીવ ત્રણે સંધ્યાકાળે (પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયંકાળે) ભક્તિપૂર્વક તે યતિભાવનાષ્ટક વાંચે છે તે પુણ્યાત્મા જીવને અહીં લોકમાં ક્યા ક્યા ઈષ્ટ પદાર્થ સિદ્ધ નથી થતા? અર્થાત્ તેને બધા ઈષ્ટ પદાર્થ સિદ્ધ થાય છે. ૯.

આ રીતે યતિભાવનાષ્ટક સમાપ્ત થયું. ૫

❀

# ૬. ઉપાસક સંસ્કાર

[ ६. उपासक संस्कार ]

(अनुष्टुभ्)

आद्यो जिनो नृपः श्रेयान् व्रतदानादिपुरुषौ ।
एतदन्योन्यसंबन्धे धर्मस्थितिरभूदिह ।।१।।

**અનુવાદ :** આદિ જિન અર્થાત્ ઋષભ જિનેન્દ્ર અને શ્રેયાંસ રાજા આ બન્ને ક્રમપૂર્વક વ્રતવિધિ અને દાનવિધિના આદિ પ્રવર્તક પુરુષ છે અર્થાત્ વ્રતોનો પ્રચાર ‘સર્વ પ્રથમ ઋષભ જિનેન્દ્ર દ્વારા શરૂ થયો અને દાનવિધિનો પ્રચાર રાજા શ્રેયાંસથી શરૂ થયો. એમનો પરસ્પર સંબંધ થતાં અહીં ભરતક્ષેત્રમાં ધર્મની સ્થિતિ થઈ. ૧.

(अनुष्टुभ्)

सम्यग्दृग्बोधचारित्रत्रितयं धर्म उच्यते ।
मुक्तेः पन्थाः स एव स्यात् प्रमाणपरिनिष्ठितः ।।२।।

**અનુવાદ :** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણેને ધર્મ કહેવામાં આવે છે તથા તે જ મુક્તિનો માર્ગ છે જે પ્રમાણથી સિદ્ધ છે. ૨.

(अनुष्टुभ्)

रत्नत्रयात्मके मार्गे संचरन्ति न ये जनाः ।
तेषां मोक्षपदं दूरं भवेद्दीर्घतरो भवः ।।३।।

**અનુવાદ :** જે જીવ રત્નત્રયસ્વરૂપ આ મોક્ષમાર્ગમાં સંચાર કરતા નથી તેમને મોક્ષસ્થાન તો દૂર અને સંસાર અતિશય દીર્ઘ થઈ જાય છે. ૩.

(अनुष्टुभ्)

सम्पूर्णदेशभेदाभ्यां स च धर्मो द्विधा भवेत् ।
आद्ये भेदे च निर्ग्रन्थाः द्वितीये गृहिणः स्थिताः ।।४।।

**અનુવાદ :** તે ધર્મ સંપૂર્ણ ધર્મ અને દેશધર્મના ભેદથી બે પ્રકારનો છે. આમાંથી પ્રથમ ભેદમાં દિગંબર મુનિ અને બીજા ભેદમાં ગૃહસ્થ સ્થિત હોય છે. ૪.

(अनुष्टुभ्)

संप्रत्यपि प्रवर्तेत धर्मस्तेनैव वर्त्मना ।
तेने तेऽपि च गण्यन्ते गृहस्था धर्महेतवः ।।५।।

**અનુવાદ :** વર્તમાનમાં પણ તે રત્નત્રયસ્વરૂપ ધર્મની પ્રવૃત્તિ તે જ માર્ગે અર્થાત્ પૂર્ણધર્મ અને દેશધર્મ સ્વરૂપે થઈ રહી છે. તેથી તે ગૃહસ્થ પણ ધર્મનું કારણ ગણાય છે. ૫.

(अनुष्टुभ्)

संप्रत्यत्र कलौ काले जिनगेहे मुनिस्थितिः ।
धर्मश्च दानमित्येषां श्रावका मूलकारणम् ।।६।।

**અનુવાદ :** અત્યારે અહીં આ કળિકાળ અર્થાત્ પંચમકાળમાં મુનિઓનો નિવાસ જિનાલયોમાં થઈ રહ્યો છે અને તેમના જ નિમિત્તે ધર્મ અને દાનની પ્રવૃત્તિ છે. આ રીતે મુનિઓની સ્થિતિ, ધર્મ અને દાન આ ત્રણેયનું મૂળકારણ ગૃહસ્થ શ્રાવક છે. ૬.

(अनुष्टुभ्)

देवपूजा गुरूपास्तिः स्वाध्यायः संयमस्तपः ।
दानं चेति गृहस्थानां षट्कर्माणि दिने दिने ।।७।।

**અનુવાદ :** જિનપૂજા, ગુરુની સેવા, સ્વાધ્યાય, સંયમ અને તપ આ છ કર્મ ગૃહસ્થોએ પ્રતિદિન કરવા યોગ્ય છે અર્થાત્ તે તેમના આવશ્યક કાર્ય છે. ૭.

(अनुष्टुभ्)

समता सर्वभूतेषु संयमे शुभभावना ।
आर्तरौद्रपरित्यागस्तद्धि सामायिकं व्रतम् ।।८।।

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**અનુવાદ :** સર્વ પ્રાણીઓ પ્રત્યે સમતાભાવ ધારણ કરવો, સંયમના વિષયમાં શુભ વિચાર રાખવો અને આર્ત તથા રૌદ્ર ધ્યાનોનો ત્યાગ કરવો, એને સામાયિકવ્રત માનવામાં આવે છે. ૮.

(अनुष्टुभ्)

**सामायिकं न जायेत व्यसनम्लानचेतसः ।**
**श्रावकेन ततः साक्षात्त्याज्यं व्यसनसप्तकम् ॥९॥**

**અનુવાદ :** જેમનું ચિત્ત જુગાર વગેરે વ્યસનોથી મલિન થઈ રહ્યું હોય તેને ઉપર્યુક્ત સામાયિકની સંભાવના નથી. તેથી શ્રાવકે સાક્ષાત્ તે સાત વ્યસનોનો પરિત્યાગ અવશ્ય કરવો જોઈએ. ૯.

(अनुष्टुभ्)

**द्यूतमांससुरावेश्याखेटचौर्यपराङ्गनाः ।**
**महापापानि सप्तैव व्यसनानि त्यजेद् बुधः ॥१०॥**

**અનુવાદ :** જુગાર, માંસ, મદ્ય, વેશ્યા, શિકાર, ચોરી અને પરસ્ત્રી આ સાતે ય વ્યસન મહાપાપસ્વરૂપ છે. વિવેકી મનુષ્યે એમનો ત્યાગ કરવો જોઈએ. ૧૦.

(अनुष्टुभ्)

**धर्मार्थिनो ऽपि लोकस्य चेदस्ति व्यसनाश्रयः ।**
**जायते न ततः सापि धर्मान्वेषणयोग्यता ॥११॥**

**અનુવાદ :** ધર્માભિલાષી મનુષ્ય પણ જો તે વ્યસનોનો આશ્રય લે છે તે એનાથી તેને તે ધર્મ શોધવાની યોગ્યતા પણ ઉત્પન્ન થતી નથી. ૧૧.

(अनुष्टुभ्)

**सप्तैव नरकाणि स्युस्तैरेकैकं निरूपितम् ।**
**आकर्षयन्नृणामेतद्व्यसनं स्वसमृद्धये ॥१२॥**

**અનુવાદ :** નરક સાત જ છે. તેમણે જાણે પોતાની સમૃદ્ધિ માટે મનુષ્યોને આકર્ષિત કરનાર આ એક એક વ્યસનને નિયુક્ત કર્યું છે. ૧૨.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

(अनुष्टुभ्)

धर्मशत्रुविनाशार्थं पापाख्यकुपतेरिह ।
सप्ताङ्गं बलवद्राज्यं सप्तभिर्व्यसनैः कृतम् ॥१३॥

**અનુવાદ :** આ સાત વ્યસનોએ જાણે ધર્મરૂપી શત્રુનો નાશ કરવા માટે પાપ નામથી પ્રસિદ્ધ નિકૃષ્ટ (હલકા) રાજાના સાત રાજ્યાંગો (રાજા, મંત્રી, મિત્ર, ખજાનો, દેશ, દુર્ગ અને સૈન્ય) થી યુક્ત રાજ્યને બળવાન કર્યું છે.

**વિશેષાર્થ :** અભિપ્રાય એનો એ છે કે આ વ્યસનોના નિમિત્તે ધર્મનો તો હ્રાસ (નાશ) થાય છે અને પાપ વધે છે. અહીં ગ્રન્થકર્તાએ આ ઉત્પ્રેક્ષા કરી છે કે જાણે પાપરૂપી રાજાએ પોતાના ધર્મરૂપી શત્રુનો નાશ કરવા માટે પોતાના રાજ્યને આ સાત વ્યસનોરૂપ સાત રાજ્યાંગોથી જ સુસજ્જ કરી લીધું છે. ૧૩.

(अनुष्टुभ्)

प्रपश्यन्ति जिनं भक्त्या पूजयन्ति स्तुवन्ति ये ।
ते च दृश्याश्च पूज्याश्च स्तुत्याश्च भुवनत्रये ॥१४॥

**અનુવાદ :** જે ભવ્ય પ્રાણી ભક્તિથી જિન ભગવાનના દર્શન, પૂજન અને સ્તુતિ કરતા રહે છે તે ત્રણે લોકમાં પોતે જ દર્શન, પૂજન અને સ્તુતિ યોગ્ય બની જાય છે. અભિપ્રાય એ છે કે તે પોતે પણ પરમાત્મા બની જાય છે. ૧૪.

(अनुष्टुभ्)

ये जिनेन्द्रं न पश्यन्ति पूजयन्ति स्तुवन्ति न ।
निष्फलं जीवितं तेषां तेषां धिक् च गृहाश्रमम् ॥१५॥

**અનુવાદ :** જે જીવ ભક્તિથી જિનેન્દ્ર ભગવાનના ન દર્શન કરે છે, ન પૂજન કરે છે અને ન સ્તુતિ પણ કરે છે તેમનું જીવન નિષ્ફળ છે; તથા તેમના ગૃહસ્થાશ્રમને ધિક્કાર છે. ૧૫.

(अनुष्टुभ्)

प्रातरुत्थाय कर्तव्यं देवतागुरुदर्शनम् ।
भक्त्या तद्वन्दना कार्या धर्मश्रुतिरुपासकैः ॥१६॥

**અનુવાદ :** શ્રાવકોએ પ્રાતઃકાળે ઉઠીને ભક્તિથી જિનેન્દ્રદેવ તથા નિર્ગ્રન્થ ગુરુના દર્શન અને તેમની વંદના કરીને ધર્મશ્રવણ કરવું જોઈએ. ૧૬.

(अनुष्टुभ्)

**पश्चादन्यानि कार्याणि कर्तव्यानि यतो बुधैः ।**
**धर्मार्थकाममोक्षाणामादौ धर्मः प्रकीर्तितः ॥१७॥**

**અનુવાદ :** ત્યાર પછી અન્ય કાર્ય કરવા જોઈએ, કેમ કે વિદ્વાન પુરુષોએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોમાં ધર્મને પ્રથમ બતાવ્યો છે. ૧૭.

(अनुष्टुभ्)

**गुरोरेव प्रसादेन लभ्यते ज्ञानलोचनम् ।**
**समस्तं दृश्यते येन हस्तरेखेव निस्तुषम् ॥१८॥**

**અનુવાદ :** ગુરુની જ પ્રસન્નતાથી તે જ્ઞાન (કેવળજ્ઞાન) રૂપી નેત્ર પ્રાપ્ત થાય છે કે જેના દ્વારા સમસ્ત જગત્ હાથની રેખા સમાન સ્પષ્ટપણે દેખાય છે. ૧૮.

(अनुष्टुभ्)

**ये गुरुं नैव मन्यन्ते तदुपास्तिं न कुर्वते ।**
**अन्धकारो भवेत्तेषामुदिते ऽपि दिवाकरे ॥१९॥**

**અનુવાદ :** જે અજ્ઞાની જન ન તો ગુરુને માને છે અને ન તેની ઉપાસના ય કરે છે તેમને માટે સૂર્યનો ઉદય હોવા છતાં પણ અંધકાર જેવું જ છે.

**વિશેષાર્થ :** એ ઉપર કહેવામાં આવી ગયું છે કે જ્ઞાનની પ્રાપ્તિ ગુરુના જ પ્રસાદથી થાય છે. તેથી જે મનુષ્ય આદરપૂર્વક ગુરુની સેવા–શુશ્રૂષા નથી કરતા તે અલ્પજ્ઞાની જ રહે છે. તેમનું અજ્ઞાન સૂર્યનો પ્રકાશ પણ દૂર નથી કરી શકતો. કારણ કે તે તો કેવળ સીમિત બાહ્ય પદાર્થોના અવલોકનમાં સહાયક થઈ શકે છે, નહિ કે આત્માવલોકનમાં. આત્માવલોકનમાં તો કેવળ ગુરુના નિમિત્તે પ્રાપ્ત થયેલું અધ્યાત્મજ્ઞાન જ સહાયક થાય છે. ૧૯.

(अनुष्टुभ्)

**ये पठन्ति न सच्छास्त्रं सद्गुरुप्रकटीकृतम् ।**
**तेऽन्धाः सचक्षुषोऽपीह संभाव्यन्ते मनीषिभिः ॥२०॥**

**અનુવાદ :** જે મનુષ્યો ઉત્તમ ગુરુ દ્વારા પ્રરૂપિત સમીચીન શાસ્ત્ર વાંચતા નથી તેમને બુદ્ધિમાન મનુષ્ય બન્ને આંખોવાળા હોવા છતાં આંધળા સમજે છે. ૨૦.

(अनुष्टुभ्)

**मन्ये न प्रायशस्तेषां कर्णाश्च हृदयानि च।**
**यैरभ्यासे गुरोः शास्त्रं न श्रुतं नावधारितम् ॥२१॥**

**અનુવાદ :** જેમણે ગુરુની સમીપે ન શાસ્ત્ર સાંભળ્યું છે અને ન તેને હૃદયમાં ધારણ પણ કર્યું છે તેમને ઘણું કરીને ન તો કાન છે અને ન હૃદય પણ છે, એમ હું સમજું છું.

**વિશેષાર્થ :** કાનનો સદુપયોગ એમાં જ છે કે તેમના દ્વારા શાસ્ત્રોનું શ્રવણ કરવામાં આવે–તેનાથી સદુપદેશ સાંભળવામાં આવે. તથા મનના લાભનો પણ એ જ સદુપયોગ છે કે તેના દ્વારા સાંભળેલા શાસ્ત્રનું ચિન્તન કરાય–તેનું રહસ્ય ધારણ કરાય. તેથી જે પ્રાણી કાન અને મન મેળવીને પણ તેમને શાસ્ત્રના વિષયમાં જોડતા નથી તેમના તે કાન અને મન નિષ્ફળ જ છે. ૨૧.

(अनुष्टुभ्)

**देशव्रतानुसारेण संयमो ऽपि निषेव्यते।**
**गृहस्थैर्येन तेनैव जायते फलवद्व्रतम् ॥२२॥**

**અનુવાદ :** શ્રાવક જો દેશવ્રત અનુસાર ઈન્દ્રિયોના નિગ્રહ અને પ્રાણીદયારૂપ સંયમનું પણ સેવન કરે છે તો તેનાથી તેમનું તે વ્રત (દેશવ્રત) સફળ થઈ જાય છે. અભિપ્રાય એ છે કે દેશવ્રતના પરિપાલનની સફળતા એમાં જ છે કે તેના પછી પૂર્ણ સંયમ પણ ધારણ કરવામાં આવે. ૨૨.

(अनुष्टुभ्)

**त्याज्यं मांसं च मद्यं च मधूदुम्बरपञ्चकम्।**
**अष्टौ मूलगुणाः प्रोक्ताः गृहिणो दृष्टिपूर्वकाः ॥२३॥**

**અનુવાદ :** માંસ, મદ્ય, મધ અને પાંચ ઉદુમ્બર ફળ (ઉમરડો, કઠુમર, પાકર, વડ અને પીપળો) નો ત્યાગ કરવો જોઈએ. સમ્યગ્દર્શન સાથે આ આઠ શ્રાવકના મૂળગુણ કહેવામાં આવે છે.

**વિશેષાર્થ :** મૂળ શબ્દનો અર્થ જડ થાય છે. જે વૃક્ષના મૂળિયાં ખૂબ ઊંડા અને બળવાન

હોય છે તેમની સ્થિતિ ઘણા સમય સુધી રહે છે. પરંતુ જેનાં મૂળિયાં વધારે ઊંડા અને બળવાન હોતા નથી તેમની સ્થિતિ લાંબા સમય સુધી રહી શકતી નથી.–તે આંધી આદિ દ્વારા તરત જ ઉખાડી નખાય છે. બરાબર એ જ રીતે આ ગુણો વિના શ્રાવકના ઉત્તર ગુણો (અણુવ્રતાદિ)ની સ્થિતિ પણ દૃઢ રહેતી નથી તેથી આ શ્રાવકના મૂળગુણ કહેવાય છે. એમની શરૂઆતમાં સમ્યગ્દર્શન અવશ્ય હોવું જોઈએ, કેમકે તેના વિના ઘણું કરીને વ્રત આદિ બધું નિષ્ફળ જ રહે છે. ૨૩.

(अनुष्टुभ्)

**अणुव्रतानि पञ्चैव त्रिप्रकारं गुणव्रतम् ।**
**शिक्षाव्रतानि चत्वारि द्वादशेति गृहिव्रते ।।२४।।**

**અનુવાદ :** ગૃહિવ્રત અર્થાત્ દેશવ્રતમાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત; આ રીતે બાર વ્રત હોય છે.

**વિશેષાર્થ :** હિંસા, અસત્ય વચન, ચોરી, મૈથુન અને પરિગ્રહ આ પાંચ સ્થૂળ પાપોનો પરિત્યાગ કરવો; તેને અણુવ્રત કહેવામાં આવે છે. તે પાંચ પ્રકારના છે. અહિંસાણુવ્રત, સત્યાણુવ્રત, અચૌર્યાણુવ્રત, બ્રહ્મચર્યાણુવ્રત અને પરિગ્રહપરિમાણાણુવ્રત. મન, વચન અને કાયા દ્વારા કૃત, કારિત અને અનુમોદનારૂપે (નવ પ્રકારે) જે સંકલ્પપૂર્વક ત્રસ જીવોની હિંસાનો પરિત્યાગ કરવામાં આવે છે તેને અહિંસાણુવ્રત કહે છે. સ્થૂળ અસત્ય વચન સ્વયં ન બોલવું, બીજાને એ માટે પ્રેરિત ન કરવા તથા જે સત્ય વચનથી બીજા વિપત્તિમાં પડતા હોય એવા સત્ય વચન પણ ન બોલવા, તેને સત્યાણુવ્રત કહે છે. મૂકેલું, પડેલું અથવા ભુલાઈ ગયેલું પરધન આપ્યા વિના લેવું નહિ તે અચૌર્યાણુવ્રત કહેવાય છે. પરસ્ત્રી સાથે ન તો પોતે સંબંધ રાખવો અને ન બીજાને પણ એ માટે પ્રેરિત કરવા, તેને બ્રહ્મચર્યાણુવ્રત અથવા સ્વદારસંતોષ વ્રત કહેવાય છે. ધન–ધાન્યાદિ પરિગ્રહનું પ્રમાણ કરીને તેનાથી અધિકની ઈચ્છા ન કરવી, તેને પરિગ્રહપરિમાણાણુવ્રત કહે છે. ગુણવ્રત ત્રણ છે–દિગ્વ્રત, અનર્થદંડવ્રત અને ભોગોપભોગપરિમાણવ્રત. પૂર્વાદિ દશ દિશાઓમાં પ્રસિદ્ધ કોઈ સમુદ્ર, નદી, વન અને પર્વત આદિની મર્યાદા કરીને તેની બહાર ન જવાનો મરણ પર્યન્ત નિયમ કરી લેવો તેને દિગ્વ્રત કહેવાય છે. જે કામોથી કોઈ પ્રકારનો લાભ ન થતાં કેવળ પાપ જ ઉત્પન્ન થાય છે તે અનર્થદંડ કહેવાય છે. અને તેના ત્યાગને અનર્થદંડવ્રત કહેવાય છે. જે વસ્તુ એક જ વાર ભોગવવામાં આવે છે તે ભોગ કહેવાય છે–જેમ કે, ભોજનાદિ. તથા જે વસ્તુ એકવાર ભોગવીને ફરીવાર પણ ભોગવવામાં આવે છે તેને ઉપભોગ કહેવાય છે–જેમ કે વસ્ત્રાદિ. આ ભોગ અને ઉપભોગરૂપ ઈન્દ્રિયવિષયોનું પ્રમાણ કરીને અધિકની ઈચ્છા ન કરવી, તેને ભોગોપભોગપરિમાણ વ્રત કહે છે. આ ત્રણે વ્રત મૂળગુણોની વૃદ્ધિનાં કારણ છે, તેથી એમને ગુણવ્રત કહેવામાં આવે છે. દેશાવકાશિક, સામાયિક, પ્રોષધોપવાસ અને વૈયાવૃત્ય એ ચાર

શિક્ષાવ્રત છે. દિગ્વ્રતમાં કરેલી મર્યાદાની અંદર પણ કેટલાક સમય માટે કોઈ ઘર, ગામ અને નગર આદિની મર્યાદા કરીને તેની અંદર જ રહેવાનો નિયમ કરવો તે દેશાવકાશિક વ્રત કહેવાય છે. નિશ્ચિત સમય સુધી પાંચે પાપોનો પૂર્ણરૂપે ત્યાગ કરવો તેને સામાયિક કહે છે. આ સામાયિક જિનચૈત્યાલયાદિ રૂપ કોઈ નિર્બાધ એકાન્ત સ્થાનમાં કરવામાં આવે છે. સામાયિકમાં સ્થિર થઈને એમ વિચાર કરવો જોઈએ કે જે સંસારમાં રહું છું તે અશરણ છે, અશુભ છે, અનિત્ય છે, દુઃખસ્વરૂપ છે તથા આત્મસ્વરૂપથી ભિન્ન છે. પરંતુ એનાથી વિપરીત મોક્ષ શરણ છે, નિત્ય છે, નિરાકુળ સુખસ્વરૂપ છે અને આત્મસ્વરૂપથી અભિન્ન છે; ઇત્યાદિ. અષ્ટમી અને ચતુર્દશીના દિવસે અન્ન, પાન (દૂધ આદિ), ખાદ્ય (લાડુ-પેંડા આદિ) અને લેહ્ય (ચાટવા યોગ્ય રાબડી આદિ) આ ચાર પ્રકારના આહારોનો પરિત્યાગ કરવો; તેને પ્રોષધોપવાસ કહેવાય છે. પ્રોષધોપવાસ એ પદ પ્રોષધ અને ઉપવાસ, આ બે શબ્દોના સમાસથી નિષ્પન્ન થયું છે. એમાં પ્રોષધ શબ્દનો અર્થ એકવાર ભોજન (એકાશન) તથા ઉપવાસ શબ્દનો અર્થ ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો એવો છે. અભિપ્રાય એ છે કે એકાશનપૂર્વક જે ઉપવાસ કરવામાં આવે છે તે પ્રોષધોપવાસ કહેવાય છે. જેમ કે— જો અષ્ટમીનો પ્રોષધોપવાસ કરવો હોય તો સપ્તમી અને નવમીના દિવસે એકાશન તથા અષ્ટમીના દિવસે ઉપવાસ કરવો જોઈએ. આ રીતે પ્રોષધોપવાસમાં સોળપહોર માટે આહારનો ત્યાગ કરવામાં આવે છે. પ્રોષધોપવાસના દિવસે પાંચ પાપ, સ્નાન, અલંકાર તથા સર્વ પ્રકારનો આરંભ છોડીને ધ્યાન અધ્યયનાદિમાં જ સમય વીતાવવો જોઈએ. કોઈ પ્રત્યુપકાર આદિની અભિલાષા ન રાખતાં જે મુનિ આદિ સત્પાત્રોને દાન આપવામાં આવે છે, તેને વૈયાવૃત્ય કહે છે. આ વૈયાવૃત્યમાં દાન સિવાય સંયમી જનોની યથાયોગ્ય સેવા-શુશ્રુષા કરીને તેમનું કષ્ટ પણ દૂર કરવું જોઈએ. કોઈ આચાર્યોના મત પ્રમાણે દેશાવકાશિક વ્રતનો ગુણવ્રતમાં તથા ભોગોપભોગપરિમાણવ્રતનો શિક્ષાવ્રતમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ૨૪.

(अनुष्टुभ्)

**पर्वस्वथ यथाशक्ति भुक्तित्यागादिकं तपः ।**
**वस्त्रपूतं पिबेत्तोयं रात्रिभोजनवर्जनम् ।।२५।।**

**અનુવાદ :** શ્રાવકે પર્વના દિવસો (આઠમ અને ચૌદશ આદિ) માં પોતાની શક્તિ અનુસાર ભોજનના પરિત્યાગ આદિરૂપ (અનશનાદિ) તપ કરવા જોઈએ. એની સાથોસાથ તેમણે રાત્રિભોજન છોડીને પાણી પણ વસ્ત્રથી ગાળેલું પીવું જોઈએ. ૨૫.

(अनुष्टुभ्)

**तं देशं तं नरं तत्स्वं तत्कर्माणि च नाश्रयेत् ।**
**मलिनं दर्शनं येन येन च व्रतखण्डनम् ।।२६।।**

**અનુવાદ :** જે દેશાદિના નિમિત્તે સમ્યગ્દર્શન મલિન થતું હોય અને વ્રતોનો નાશ થતો હોય એવા તે દેશ, તે મનુષ્ય, તે દ્રવ્ય તથા તે ક્રિયાઓનો પણ પરિત્યાગ કરી દેવો જોઈએ. ૨૬.

(अनुष्टुभ्)

**भोगोपभोगसंख्यानं विधेयं विधिवत्सदा ।**
**व्रतशून्या न कर्तव्या काचित् कालकला बुधैः ॥२७॥**

**અનુવાદ :** વિદ્વાન મનુષ્યોએ નિયમાનુસાર સદા ભોગ અને ઉપભોગરૂપ વસ્તુઓનું પ્રમાણ કરી લેવું જોઈએ. તેમનો થોડોક સમય પણ વ્રત રહિત ન જવો જોઈએ.

**વિશેષાર્થ :** જે વસ્તુ એક જ વાર ઉપયોગમાં આવતી હોય તેને ભોગ કહેવાય છે– જેમ કે ભોજ્ય પદાર્થ અને માળા વગેરે. એનાથી ઉલ્ટું જે વસ્તુ અનેક વાર ઉપયોગમાં આવતી હોય તે ઉપભોગ કહેવાય છે.–જેમ કે વસ્ત્ર આદિ. આ બન્નેય પ્રકારના પદાર્થોનું પ્રમાણ કરીને શ્રાવકે તેનાથી અધિકની ઈચ્છા ન કરવી જોઈએ. ૨૭.

(अनुष्टुभ्)

**रत्नत्रयाश्रयः कार्यस्तथा भव्यैरतन्द्रितैः ।**
**जन्मान्तरे ऽपि तच्छ्रद्धा यथा संवर्धते तराम् ॥२८॥**

**અનુવાદ :** ભવ્ય જીવોએ આળસ છોડીને રત્નત્રયનો આશ્રય એ રીતે કરવો જોઈએ કે જે રીતે તેમનું ઉક્ત રત્નત્રયવિષયક શ્રદ્ધાન (દ્રઢતા) બીજા જન્મમાં પણ અતિશય વૃદ્ધિ પામતું રહે. ૨૮.

(अनुष्टुभ्)

**विनयश्च यथायोग्यं कर्तव्यः परमेष्ठिषु ।**
**दृष्टिबोधचरित्रेषु तद्वत्सु समयाश्रितैः ॥२९॥**

**અનુવાદ :** એ ઉપરાંત શ્રાવકોએ જિનાગમના આશ્રિત થઈને અર્હદાદિ પાંચ પરમેષ્ઠી, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર તથા આ સમ્યગ્દર્શનાદિ ધારણ કરનાર જીવોનો પણ યથાયોગ્ય વિનય કરવો જોઈએ. ૨૯.

(अनुष्टुभ्)

**दर्शनज्ञानचारित्रतपःप्रभृति सिध्यति ।**
**विनयेनेति तं तेन मोक्षद्वारं प्रचक्षते ॥३०॥**

**અનુવાદ :** તે વિનય દ્વારા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને તપ આદિની સિદ્ધિ થાય છે તેથી જ તેને મોક્ષનું દ્વાર કહેવાય છે. ૩૦.

(अनुष्टुभ्)

**सत्पात्रेषु यथाशक्ति दानं देयं गृहस्थितैः ।**
**दानहीना भवेत्तेषां निष्फलैव गृहस्थता ॥३१॥**

**અનુવાદ :** ગૃહમાં સ્થિત રહેનાર શ્રાવકોએ શક્તિ પ્રમાણે ઉત્તમ પાત્રોને દાન આપવું જોઈએ કેમ કે દાન વિના તેમનો ગૃહસ્થાશ્રમ (શ્રાવકપણું) નિષ્ફળ જ થાય છે. ૩૧.

(अनुष्टुभ्)

**दानं ये न प्रयच्छन्ति निर्ग्रन्थेषु चतुर्विधम् ।**
**पाशा एव गृहास्तेषां बन्धनायैव निर्मिताः ॥३२॥**

**અનુવાદ :** જે ગૃહસ્થ દિગંબર મુનિઓને ચાર પ્રકારનું દાન આપતા નથી તેમને બંધનમાં રાખવા માટે તે ઘર જાણે જાળ જ બનાવવામાં આવી છે.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે શ્રાવક ઘરમાં રહીને અસિ–મષિ આદિરૂપ કર્મો કરે છે તેમનાથી તેને અનેક પ્રકારના પાપકર્મનો સંચય થાય છે. તેનાથી છૂટકારો મેળવવાનો ઉપાય કેવળ દાન છે. તેથી જો તે પાત્રદાન કરે નહિ તો પછી તે ઉક્ત સંચિત પાપદ્વારા સંસારમાં જ પરિભ્રમણ કરવાનો છે. આ રીતે ઉક્ત દાનહીન શ્રાવકને માટે તે બંધનના જ કારણ બની જાય છે. ૩૨.

(अनुष्टुभ्)

**अभयाहारभैषज्यशास्त्रदाने हि यत्कृते ।**
**ऋषीणां जायते सौख्यं गृही श्लाध्यः कथं न सः ॥३३॥**

**અનુવાદ :** જેના દ્વારા અભય, આહાર, ઔષધ અને શાસ્ત્રનું દાન આપવાથી મુનિઓને સુખ ઉત્પન્ન થાય છે તે ગૃહસ્થ કેમ પ્રશંસાને યોગ્ય ન હોય? અવશ્ય હોય. ૩૩.

(अनुष्टुभ्)

**समर्थोऽपि न यो दद्याद्यतीनां दानमादरात् ।**
**छिनत्ति स स्वयं मूढः परत्र सुखमात्मनः ॥३४॥**

**અનુવાદ :** જે મનુષ્ય દાન દેવા યોગ્ય હોવા છતાં પણ મુનિઓને ભક્તિપૂર્વક દાન દેતો નથી તે મૂર્ખ પરલોકમાં પોતાના સુખને પોતે જ નષ્ટ કરે છે. ૩૪.

(अनुष्टुभ्)

**दृषन्नावसमो ज्ञेयो दानहीनो गृहाश्रमः ।**
**तदारूढो भवाम्भौधौ मज्जत्येव न संशयः ॥३५॥**

**અનુવાદ :** દાનરહિત ગૃહસ્થાશ્રમને પથ્થરની નાવ સમાન સમજવો જોઈએ. તે ગૃહસ્થાશ્રમરૂપી પથ્થરની નાવ ઉપર બેઠેલો મનુષ્ય સંસારરૂપી સમુદ્રમાં ડૂબે જ છે, એમાં સંદેહ નથી. ૩૫.

(अनुष्टुभ्)

**समयस्थेषु वात्सल्यं स्वशक्त्या ये न कुर्वते ।**
**बहुपापावृतात्मानस्ते धर्मस्य पराङ्मुखाः ॥३६॥**

**અનુવાદ :** જે ગૃહસ્થ પોતાની શક્તિ અનુસાર સાધર્મી જનો પ્રત્યે પ્રેમ રાખતા નથી તે ધર્મથી વિમુખ થઈને પોતાને ઘણા પાપથી આચ્છાદિત કરે છે. ૩૬.

(अनुष्टुभ्)

**येषां जिनोपदेशेन कारुण्यामृतपूरिते ।**
**चित्ते जीवदया नास्ति तेषां धर्मः कुतो भवेत् ॥३७॥**

**અનુવાદ :** જિન ભગવાનના ઉપદેશથી દયાળુતારૂપ અમૃતથી પરિપૂર્ણ જે શ્રાવકોના હૃદયમાં પ્રાણીદયા ઉત્પન્ન થતી નથી તેમને ધર્મ ક્યાંથી હોઈ શકે? અર્થાત્ હોઈ શકે નહિ.

**વિશેષાર્થ :** આનો અભિપ્રાય એ છે કે જે ગૃહસ્થોનું હૃદય જિનાગમનો અભ્યાસ કરવાને કારણે દયાથી ભીંજાઈ ગયું છે તે જ ગૃહસ્થ વાસ્તવમાં ધર્માત્મા છે. પરંતુ એનાથી વિપરીત જેમનું ચિત્ત દયાથી ભીંજાયું નથી તેઓ કદી પણ ધર્માત્મા હોઈ શકે નહિ. કારણ કે ધર્મનું મૂળ તો તે દયા જ છે. ૩૭.

(अनुष्टुभ्)

**मूलं धर्मतरोराद्या व्रतानां धाम संपदाम् ।**
**गुणानां निधिरित्यङ्गिदया कार्या विवेकिभिः ॥३८॥**

**અનુવાદ :** પ્રાણીદયા ધર્મરૂપી વૃક્ષનું મૂળ છે, વ્રતોમાં મુખ્ય છે. સંપત્તિઓનું સ્થાન છે અને ગુણોનો ભંડાર છે. તેથી વિવેકીજનોએ તે અવશય કરવી જોઈએ. ૩૮.

(अनुष्टुभ्)

**सर्वे जीवदयाधारा गुणास्तिष्ठन्ति मानुषे ।**
**सूत्राधाराः प्रसूनानां हाराणां च सरा इव ।।३९।।**

**અનુવાદ :** મનુષ્યમાં બધા જ ગુણ જેમ પુષ્પોની હાર દોરાના આધારે રહે છે તેમ જીવદયાના આશ્રયે રહે છે.

**વિશેષાર્થ :** જેમ ફૂલના હારની પંક્તિઓ દોરાના આશ્રયે સ્થિર રહે છે તેવી જ રીતે બધા ગુણોનો સમૂહ પ્રાણીદયાના આશ્રયે સ્થિર રહે છે જો માળાની વચ્ચેનો દોરો તૂટી જાય છે તો જેમ તેના બધા ફૂલ વિખરાઈ જાય છે તેવી જ રીતે નિર્દય મનુષ્યના તે બધા ગુણ પણ દયાના અભાવમાં વિખરાઈ જાય છે–નષ્ટ થઈ જાય છે. માટે સમ્યગ્દર્શનાદિ ગુણોના અભિલાષી શ્રાવકે પ્રાણીઓના વિષયમાં દયાળુ અવશ્ય થવું જોઈએ. ૩૯.

(अनुष्टुभ्)

**यतीनां श्रावकाणां च व्रतानि सकलान्यपि ।**
**एकाहिंसाप्रसिद्धयर्थं कथितानि जिनेश्वरैः ।।४०।।**

**અનુવાદ :** જિનેન્દ્રદેવે મુનિઓ અને શ્રાવકોના બધા જ વ્રત એક માત્ર અહિંસા ધર્મની જ સિદ્ધિ માટે બતાવ્યા છે. ૪૦.

(अनुष्टुभ्)

**जीवहिंसादिसंकल्पैरात्मन्यपि हि दूषिते ।**
**पापं भवति जीवस्य न परं परपीडनात् ।।४१।।**

**અનુવાદ :** જીવને કેવળ બીજા પ્રાણીઓને કષ્ટ દેવાથી જ પાપ નથી થતું, પણ પ્રાણીની હિંસા આદિના વિચાર માત્રથી પણ આત્મા દૂષિત થતાં તે પાપ થાય છે. ૪૧.

(अनुष्टुभ्)

**द्वादशापि सदा चिन्त्या अनुप्रेक्षा महात्मभिः ।**
**तद्भावना भवत्येव कर्मणः क्षयकारणम् ।।४२।।**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**અનુવાદ :** મહાત્મા પુરુષોએ નિરંતર બારેય અનુપ્રેક્ષાઓનું ચિન્તન કરવું જોઈએ. કારણ એ છે કે તેમની ભાવના (ચિન્તન) કર્મના ક્ષયનું કારણ થાય છે. ૪૨.

(अनुष्टुभ्)

अध्रुवाशरणे चैव भव एकत्वमेव च।
अन्यत्वमशुचित्वं च तथैवास्रवसंवरौ ॥४३॥

निर्जरा च तथा लोको बोधि दुर्लभधर्मता।
द्वादशैता अनुप्रेक्षा भाषिता जिनपुङ्गवैः ॥४४॥

**અનુવાદ :** અધ્રુવ અર્થાત્ અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, તેવી જ રીતે આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મ આ જિનેન્દ્ર ભગવાન દ્વારા બાર અનુપ્રેક્ષાઓ કહેવામાં આવી છે. ૪૩–૪૪.

(अनुष्टुभ्)

अध्रुवाणि समस्तानि शरीरादीनि देहिनाम्।
तन्नाशे ऽपि न कर्तव्यः शोको दुष्कर्मकारणम् ॥४५॥

**અનુવાદ :** પ્રાણીઓનાં શરીર આદિ બધું જ નશ્વર છે. તેથી ઉક્ત શરીર આદિનો નાશ થવા છતાં પણ શોક ન કરવો જોઈએ કારણ કે શોક પાપબંધનું કારણ છે. આ રીતે વારંવાર વિચાર કરવાનું નામ અનિત્ય ભાવના છે. ૪૫.

(अनुष्टुभ्)

व्याघ्रेणाघ्रातकायस्य मृगशावस्य निर्जने।
यथा न शरणं जन्तोः संसारे न तथापदि ॥४६॥

**અનુવાદ :** જેમ નિર્જન વનમાં સિંહ દ્વારા પકડવામાં આવેલ મૃગના બચ્ચાની રક્ષા કરનાર કોઈ નથી, તેવી જ રીતે આપત્તિ (મરણ આદિ) પ્રાપ્ત થતાં તેનાથી જીવનું રક્ષણ કરનાર પણ સંસારમાં કોઈ નથી. આ રીતે વિચાર કરવો તેને અશરણભાવના કહેવામાં આવે છે. ૪૬.

(अनुष्टुभ्)

यत्सुखं तत्सुखाभासं यद्दुःखं तत्सदाञ्जसा।
भवे लोकाः सुख सत्यं मोक्ष एव स साध्यताम् ॥४७॥

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**અનુવાદ :** સંસારમાં જે સુખ છે તે સુખનો આભાસ છે–યથાર્થ સુખ નથી, પરંતુ જે દુઃખ છે તે વાસ્તવિક છે અને સદા રહેનાર છે. સાચું સુખ મોક્ષમાં જ છે. તેથી હે ભવ્યજનો! તેને જ સિદ્ધ કરવું જોઈએ. આ રીતે સંસારના સ્વરૂપનું ચિંતન કરવું, એ સંસારભાવના છે. ૪૭.

(अनुष्टुभ्)

**स्वजनो वा परो वापि नो कश्चित्परमार्थतः ।**
**केवलं स्वार्जितं कर्म जीवेनैकेन भुज्यते ।।४८।।**

**અનુવાદ :** કોઈ પણ પ્રાણી વાસ્તવમાં ન તો સ્વજન (સ્વકીય માતા-પિતા આદિ) છે અને ન પર પણ છે. જીવ દ્વારા જે કર્મ બાંધવામાં આવ્યું છે તેને જ કેવળ તે એકલો ભોગવે છે. આ રીતે વારંવાર વિચાર કરવો, તેને એકત્વભાવના કહે છે. ૪૮.

(अनुष्टुभ्)

**क्षीरनीरवदेकत्र स्थितयोर्देहदेहिनोः ।**
**भेदो यदि ततोऽन्येषु कलत्रादिषु का कथा ।।४९।।**

**અનુવાદ :** જો દૂધ અને પાણીની સમાન એક જ સ્થાનમાં રહેનાર શરીર અને જીવમાં પણ ભેદ હોય તો પ્રત્યક્ષ જ પોતાનાથી ભિન્ન દેખાતા સ્ત્રી-પુત્ર આદિના વિષયમાં ભલા શું કહેવું? અર્થાત્ તેઓ તો જીવથી ભિન્ન છે જ. આ રીતે વિચાર કરવો તેનું નામ અન્યત્વભાવના છે. ૪૯.

(अनुष्टुभ्)

**तथाशुचिरयं कायः कृमिधातुमलान्वितः ।**
**यथा तस्यैव संपर्कादन्यत्राप्यपवित्रता ।।५०।।**

**અનુવાદ :** ક્ષુદ્ર જંતુ, રસ–રુધિરાદિ ધાતુઓ તથા મળસંયુક્ત આ શરીર એવું અપવિત્ર છે કે તેના જ સંબંધથી બીજી (પુષ્પમાળા આદિ) વસ્તુઓ પણ અપવિત્ર થઈ જાય છે. આ રીતે શરીરના સ્વરૂપનો વિચાર કરવો, એ અશુચિભાવના છે. ૫૦.

(अनुष्टुभ्)

**जीवपोतो भवाम्भोधौ मिथ्यात्वादिकरन्ध्रवान् ।**
**आस्रवति विनाशार्थं कर्माम्भः सुचिरं भ्रमात् ।।५१।।**

**અનુવાદ :** સંસારરૂપી સમુદ્રમાં મિથ્યાત્વાદિરૂપ છેદોથી સંયુક્ત જીવરૂપી નાવ ભ્રમ (અજ્ઞાન અને પરિભ્રમણ)ના કારણે ઘણા કાળથી આત્મવિનાશ માટે કર્મરૂપી જળનું ગ્રહણ કરે છે.

**વિશેષાર્થ :** જેમ છિદ્રયુક્ત નાવ પરિભ્રમણ કરીને છિદ્રદ્વારા જળનું ગ્રહણ કરતી થકી અંતે સમુદ્રમાં ડૂબીને પોતાને નષ્ટ કરે છે તેવી જ રીતે આ જીવ પણ સંસારમાં પરિભ્રમણ કરતો થકો મિથ્યાત્વાદિ દ્વારા કર્મોનો આસ્રવ કરીને આ જ દુઃખમય સંસારમાં ફર્યા કરે છે. તાત્પર્ય એ છે કે દુઃખનું કારણ આ કર્મોનો આસ્રવ જ છે, તેથી તેનો ત્યાગ કરવો જોઈએ. આ જાતના વિચારનું નામ આસ્રવભાવના છે. ૫૧.

(अनुष्टुभ्)

**कर्मास्रवनिरोधोऽत्र संवरो भवति ध्रुवम् ।**
**साक्षादेतदनुष्ठान मनोवाक्कायसंवृतिः ।।५२।।**

**અનુવાદ :** કર્મોના આસ્રવને રોકવો, તે નિશ્ચયથી સંવર કહેવાય છે. આ સંવરનું સાચું અનુષ્ઠાન મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિ રોકવી તે જ છે.

**વિશેષાર્થ :** જે મિથ્યાત્વ અને અવિરતિ આદિ પરિણામો દ્વારા કર્મ આવે છે તેમને આસ્રવ તથા તેમના નિરોધને સંવર કહેવામાં આવે છે. આસ્રવ જો સંસારનું કારણ છે તો સંવર મોક્ષનું કારણ છે. તેથી આસ્રવ હેય અને સંવર ઉપાદેય છે. આ રીતે સંવરના સ્વરૂપનો વિચાર કરવો, એ સંવરભાવના કહેવાય છે. ૫૨.

(अनुष्टुभ्)

**निर्जरा शातनं प्रोक्ता पूर्वोपार्जितकर्मणाम्ः ।**
**तपोभिर्बहुभिः सा स्याद्वैराग्याश्रित चेष्टितैः ।।५३।।**

**અનુવાદ :** પૂર્વોપાર્જિત કર્મો ધીરે ધીરે નષ્ટ કરવા, તે નિર્જરા કહેવાય છે, તે વૈરાગ્યના આલંબનથી પ્રવર્તતા ઘણા તપ દ્વારા થાય છે. આ રીતે નિર્જરાના સ્વરૂપનો વિચાર કરવો, એ નિર્જરા ભાવના છે. ૫૩.

(अनुष्टुभ्)

**लोकः सर्वोऽपि सर्वत्र सापायस्थितिरध्रुवः ।**
**दुःखकारीति कर्तव्या मोक्ष एव मतिः सताम् ।।५४।।**

**અનુવાદ :** આ બધો લોક સર્વત્ર વિનાશયુક્ત સ્થિતિ સહિત, અનિત્ય અને

દુઃખદાયી છે. તેથી વિવેકી જીવોએ પોતાની બુદ્ધિ મોક્ષના વિષયમાં જ લગાવવી જોઈએ.

**વિશેષાર્થ :** આ ચૌદ રાજુ ઊંચો લોક અનાદિનિધન છે, એનો કોઈ કર્તા હર્તા નથી. જીવ પોતાના કર્મ અનુસાર આ લોકમાં પરિભ્રમણ કરતો થકો કોઈ વાર નારકી, કોઈ વાર તિર્યંચ, કોઈ વાર દેવ અને કોઈ વાર મનુષ્ય થાય છે. આમાં પરિભ્રમણ કરતા જીવને કદી નિરાકુળ સુખ પ્રાપ્ત થતું નથી. તે નિરાકુળ સુખ મોક્ષ પ્રાપ્ત થતાં જ ઉત્પન્ન થાય છે તેથી વિવેકી જીવે ઉક્ત મોક્ષની પ્રાપ્તિનો જ પ્રયત્ન કરવો જોઈએ. આ રીતે લોકના સ્વભાવનો વિચાર કરવો, એ લોકભાવના કહેવાય છે. ૫૪.

(अनुष्टुभ्)

**रत्नत्रयपरिप्राप्तिर्बोधिः सातीव दुर्लभा ।**
**लब्धा कथं कथंचिच्चेत् कार्यो यत्नो महानिह ॥५५॥**

**અનુવાદ :** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સ્વરૂપ રત્નત્રયની પ્રાપ્તિનું નામ બોધિ છે. તે અત્યંત દુર્લભ છે. જો તે કોઈ પણ ઉપાયે પ્રાપ્ત થઈ જાય તો પછી તેના વિષયમાં મહાન પ્રયત્ન કરવો જોઈએ. આ રીતે રત્નત્રયસ્વરૂપ બોધિની પ્રાપ્તિની દુર્લભતાનો વિચાર કરવો, એ બોધિદુર્લભભાવના છે. ૫૫.

(अनुष्टुभ्)

**जिनधर्मोऽयमत्यन्तं दुर्लभो भविनां मतः ।**
**तथा ग्राह्यो यथा साक्षादामोक्षं सह गच्छति ॥५६॥**

**અનુવાદ :** સંસારી પ્રાણીઓને માટે આ જૈનધર્મ અત્યંત દુર્લભ માનવામાં આવ્યો છે. ઉક્ત ધર્મને એ રીતે ગ્રહણ કરવો જોઈએ કે જેથી તે સાક્ષાત્ મોક્ષ પ્રાપ્ત થતાં સુધી સાથે જ આવે. ૫૬.

(अनुष्टुभ्)

**दुःखग्राहगणाकीर्णे संसारक्षारसागरे ।**
**धर्मपोतं परं प्राहुस्तारणार्थं मनीषिणः ॥५७॥**

**અનુવાદ :** વિદ્વાન્ પુરુષો દુઃખરૂપી હિંસક જળજંતુઓના સમૂહથી વ્યાપ્ત આ સંસારરૂપી ખારા સમુદ્રમાં તેનાથી પાર થવા માટે ધર્મરૂપી નૌકાને ઉત્કૃષ્ટ બતાવે છે.

આ રીતે ધર્મના સ્વરૂપનો વિચાર કરવો તેને ધર્મભાવના કહેવામાં આવે છે. ૫૭.

(अनुष्टुभ्)

**अनुप्रेक्षा इमाः सद्भिः सर्वदा हृदये धृताः ।**
**कुर्वते तत्परं पुण्यं हेतुर्यत्स्वर्गमोक्षयोः ।।५८।।**

**અનુવાદ :** સજ્જનો દ્વારા સદા હૃદયમાં ધારણ કરવામાં આવતી આ બાર અનુપ્રેક્ષાઓ તે ઉત્કૃષ્ટ પુણ્ય ઉત્પન્ન કરે છે કે જે સ્વર્ગ અને મોક્ષનું કારણ થાય છે. ૫૮.

(अनुष्टुभ्)

**आद्योत्तमक्षमा यत्र यो धर्मो दशभेदभाक् ।**
**श्रावकैरपि सेव्योऽसौ यथाशक्ति यथागमम् ।।५९।।**

**અનુવાદ :** જે ધર્મમાં ઉત્તમ ક્ષમા સૌથી પહેલા છે તથા જે દસ ભેદોથી સંયુક્ત છે, તે ધર્મનું સેવન શ્રાવકોએ પણ પોતાની શક્તિ અને આગમ અનુસાર કરવું જોઈએ. ૫૯.

(अनुष्टुभ्)

**अन्तस्तत्त्वं विशुद्धात्मा बहिस्तत्त्वं दयाङ्गिषु ।**
**द्वयोः सन्मीलने मोक्षस्तस्माद् द्वितयमाश्रयेत् ।।६०।।**

**અનુવાદ :** અભ્યંતર તત્ત્વ કર્મકલંક રહિત વિશુદ્ધ આત્મા અને બાહ્ય તત્ત્વ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ છે. આ બન્ને મળતાં મોક્ષ થાય છે. તેથી તે બન્નેનો આશ્રય કરવો જોઈએ. ૬૦.

(अनुष्टुभ्)

**कर्मभ्यः कर्मकार्येभ्यः पृथग्भूतं चिदात्मकम् ।**
**आत्मानं भावयेन्नित्यं नित्यानन्दपदप्रदम् ।।६१।।**

**અનુવાદ :** જે ચૈતન્યસ્વરૂપ આત્મા કર્મો તથા તેના કાર્યભૂત રાગાદિ વિભાવો અને શરીર આદિથી ભિન્ન છે તે શાશ્વતિક આનંદસ્વરૂપ પદનો અર્થાત્ મોક્ષને આપનાર આત્માનો સદા વિચાર કરવો જોઈએ. ૬૧.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(अनुष्टुभ्)

इत्युपासकसंस्कारः कृतः श्रीपद्मनन्दिना ।
येषामेतदनुष्ठानं तेषां धर्मो ऽतिनिर्मलः ।।६२।।

**અનુવાદ :** આ રીતે આ ઉપાસક સંસ્કાર અર્થાત્ શ્રાવકનું ચારિત્ર શ્રી પદ્મનંદી મુનિદ્વારા રચવામાં આવ્યું છે. જે મનુષ્ય આનું આચરણ કરે છે તેમને અત્યંત નિર્મળ ધર્મ થાય છે. ૬૨.

આ રીતે શ્રાવકાચાર સમાપ્ત થયું. ૬.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# ૭. દેશવ્રતઉદ્યોતન

[ ७. देशव्रतोद्द्योतनम् ]

(शार्दूलविक्रीडित)

बाह्याभ्यन्तरसंगवर्जनतया ध्यानेन शुक्लेन यः
कृत्वा कर्मचतुष्टयक्षयमगात् सर्वज्ञतां निश्चितम् ।
तेनोक्तानि वचांसि धर्मकथने सत्यानि नान्यानि तत्
भ्राम्यत्यत्र मतिस्तु यस्य स महापापी न भव्योऽथवा ।।१।।

**અનુવાદ :** જે બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ છોડીને તથા શુક્લ ધ્યાન દ્વારા ચાર ઘાતી કર્મોનો નાશ કરીને નિશ્ચયથી સર્વજ્ઞતાને પ્રાપ્ત થયા છે તેમના દ્વારા ધર્મના વ્યાખ્યાનમાં કહેવામાં આવેલા વચનો સત્ય છે, એનાથી ભિન્ન રાગ-દ્વેષથી દૂષિત હૃદયવાળા કોઈ અલ્પજ્ઞના વચનો સત્ય નથી. તેથી જે જીવની બુદ્ધિ ઉક્ત સર્વજ્ઞના વચનોમાં ભ્રમને પ્રાપ્ત થાય છે તે અતિશય પાપી છે, અથવા તે ભવ્ય જ નથી. ૧.

(शार्दूलविक्रीडित)

एको ऽप्यत्र करोति यः स्थितिमतिप्रीतः शुचौ दर्शने
स श्लाघ्यः खलु दुःखितो ऽप्युदयतो दुष्कर्मणः प्राणभृत् ।
अन्यैः किं प्रचुरैरपि प्रमुदितैरत्यन्तदूरीकृत-
स्फीतानन्दभरप्रदामृतपथैर्मिथ्यापथे प्रस्थितैः ।।२।।

**અનુવાદ :** જે એક પણ ભવ્ય પ્રાણી અત્યંત પ્રસન્નતાથી અહીં નિર્મળ સમ્યગ્દર્શનના વિષયમાં સ્થિતિ કરે છે તે પાપકર્મના ઉદયથી દુઃખી હોવા છતાં પણ નિશ્ચયથી પ્રશંસનીય છે. એનાથી ઉલ્ટું જે મિથ્યામાર્ગમાં પ્રવૃત્ત થઈને મહાન સુખનું પ્રદાન કરનાર મોક્ષના માર્ગથી બહુ દૂર છે તે જો સંખ્યામાં અધિક અને સુખી પણ હોય તોપણ તેમનાથી કાંઈ પ્રયોજન નથી. ૨.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે જો નિર્મળ સમ્યગ્દષ્ટિ જીવ એક પણ હોય તો તે પ્રશંસા યોગ્ય છે. પરંતુ મિથ્યામાર્ગમાં પ્રવૃત્ત થયેલા પ્રાણી સંખ્યામાં જો અધિક હોય તો પણ તે પ્રશંસનીય નથી–નિન્દનીય જ છે. નિર્મળ સમ્યગ્દષ્ટિ જીવનું પાપકર્મના ઉદયથી વર્તમાનમાં દુઃખી રહેવું એટલું હાનિકારક નથી જેટલું મિથ્યાદષ્ટિ જીવનું પુણ્યકર્મના ઉદયથી વર્તમાનમાં સુખમાં સ્થિત રહેવાનું હાનિકારક છે. ૨.

(શાર્દૂલવિક્રીડિત)

**बीजं मोक्षतरोर्दृशं भवतरोर्मिथ्यात्वमाहुर्जिनाः**
**प्राप्तायां दृशि तन्मुमुक्षुभिरलं यत्नो विधेयो बुधैः ।**
**संसारे बहुयोनिजालजटिले भ्राम्यन् कुकर्मावृतः**
**क्व प्राणी लभते महत्यपि गते काले हितां तामिह ॥३॥**

**અનુવાદ :** જિન ભગવાન્ સમ્યગ્દર્શનને મોક્ષરૂપી વૃક્ષનું બીજ તથા મિથ્યાદર્શનને સંસારરૂપી વૃક્ષનું બીજ બતાવે છે. તેથી તે સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં મોક્ષાભિલાષી વિદ્વાનોએ તેના સંરક્ષણ આદિના વિષયમાં મહાન્ પ્રયત્ન કરવો જોઈએ. કારણ એ છે કે પાપકર્મથી આછન્ન થઈને ઘણી (ચોરાસી લાખ) યોનિઓના સમૂહથી જટિલ આ સંસારમાં પરિભ્રમણ કરનાર પ્રાણી દીર્ઘ કાળ વીતવા છતાં પણ હિતકારક તે સમ્યગ્દર્શન ક્યાં પ્રાપ્ત કરી શકે છે? અર્થાત્ પ્રાપ્ત કરી શકતો નથી. ૩.

(શાર્દૂલવિક્રીડિત)

**सम्प्राप्ते ऽत्र भवे कथं कथमपि द्राधीयसानेहसा**
**मानुष्ये शुचिदर्शने च महता कार्यं तपो मोक्षदम् ।**
**नो चेल्लोकनिषेधतो ऽथ महतो मोहादशक्तेरथो**
**सम्पद्येत न तत्तदा गृहवतां षट्कर्मयोग्यं व्रतम् ॥४॥**

**અનુવાદ :** અહીં સંસારમાં જો કોઈ પ્રકારે અતિશય દીર્ઘકાળમાં મનુષ્યભવ અને નિર્મળ સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈ ગયું હોય તો પછી મહાપુરુષે મોક્ષદાયક તપનું આચરણ કરવું જોઈએ. પરંતુ જો કુટુંબીજન વગેરેના રોકવાથી, મહામોહથી અથવા અશક્તિના કારણે તે તપશ્ચરણ કરી ન શકાય તો પછી ગૃહસ્થ શ્રાવકોના છ આવશ્યક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(દેવપૂજા વગેરે) ક્રિયાઓને યોગ્ય વ્રતનું પરિપાલન તો કરવું જ જોઈએ. ૪.

(शार्दूलविक्रीडित)

दृङ्मूलव्रतमष्टधा तदनु च स्यात्पञ्चधाणुव्रतं
शीलाख्यं च गुणव्रतत्रयमतः शिक्षाश्चतस्रः पराः ।
रात्रौ भोजनवर्जनं शुचिपटात् पेयं पयः शक्तितो
मौनादिव्रतमप्यनुष्ठितमिदं पुण्याय भव्यात्मनाम् ।।५।।

**અનુવાદ :** સમ્યગ્દર્શનની સાથે આઠ મૂળગુણ, ત્યાર પછી પાંચ અણુવ્રત અને ત્રણ ગુણવ્રત તથા ચાર શિક્ષાવ્રત એ રીતે આ સાત શીલવ્રત, રાત્રે ભોજનનો પરિત્યાગ, પવિત્ર વસ્ત્રથી ગાળેલા પાણીનું પીવું, તથા શક્તિ અનુસાર મૌનવ્રત આદિ; આ બધું આચરણ ભવ્ય જીવોને પુણ્યનું કારણ થાય છે. ૫.

(शार्दूलविक्रीडित)

हन्ति स्थावरदेहिनः स्वविषये सर्वांस्त्रसान् रक्षति
ब्रूते सत्यमचौर्यवृत्तिमबलां शुद्धां निजां सेवते ।
दिग्देशव्रतदण्डवर्जनमतः सामायिकं प्रोषधं
दानं भोगयुगप्रमाणमुररीकुर्याद्गृहीति व्रती ।।६।।

**અનુવાદ :** વ્રતી શ્રાવક પોતાના પ્રયોજનના વશે સ્થાવર પ્રાણીઓનો ઘાત કરતો હોવા છતાં પણ સર્વ ત્રસ જીવોની રક્ષા કરે છે, સત્ય વચન બોલે છે, ચૌર્યવૃત્તિ (ચોરી)નો પરિત્યાગ કરે છે, શુદ્ધ પોતાની જ સ્ત્રીનું સેવન કરે છે, દિગ્વ્રત અને દેશવ્રતનું પાલન કરે છે; અનર્થદંડ (પાપોપદેશ, હિંસાદાન, અપધ્યાન, દુઃશ્રુતિ અને પ્રમાદચર્યા)નો પરિત્યાગ કરે છે; તથા સામાયિક, પ્રૌષધોપવાસ, દાન (અતિથિ સંવિભાગ) અને ભોગોપભોગ પરિમાણનો સ્વીકાર કરે છે. ૬.

(शार्दूलविक्रीडित)

देवाराधनपूजनादिबहुषु व्यापारकार्येषु सत्-
पुण्योपार्जनहेतुषु प्रतिदिनं संजायमानेष्वपि ।
संसारार्णवतारणे प्रवहणं सत्पात्रमुद्दिश्य यत्
तद्देशव्रतधारिणो धनवतो दानं प्रकृष्टो गुणः ।।७।।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**અનુવાદ :** દેશવ્રતી ધનવાન શ્રાવકને પ્રતિદિન ઉત્તમ પુણ્યોપાર્જનના કારણભૂત દેવારાધના અનેક જિનપૂજનાદિરૂપ અનેક કાર્યો હોવા છતાં પણ સંસારરૂપી સમુદ્ર પાર થવામાં નૌકાનું કામ કરનાર જે સત્પાત્રદાન છે તે તેનો મહાન ગુણ છે. અભિપ્રાય એ છે કે શ્રાવકના સમસ્ત કાર્યોમાં મુખ્ય કાર્ય સત્પાત્રદાન છે. ૭.

(शार्दूलविक्रीडित)

**सर्वो वाञ्छनि सौख्यमेव तनुभृत्तन्मोक्ष एव स्फुटं**
**दृष्ट्यादित्रय एव सिध्यति स तन्निर्ग्रन्थ एव स्थितम् ।**
**तद्वृत्तिर्वपुषो ऽस्य वृत्तिरशनात्तद्दीयते श्रावकैः**
**काले क्लिष्टतरे ऽपि मोक्षपदवी प्रायस्ततो वर्तते ।।८।।**

**અનુવાદ :** સર્વ પ્રાણી સુખની જ ઇચ્છા કરે છે, તે સુખ સ્પષ્ટપણે મોક્ષમાં જ છે, તે મોક્ષ સમ્યગ્દર્શનાદિસ્વરૂપ રત્નત્રય થતાં જ સિદ્ધ થાય છે, તે રત્નત્રય દિગંબર સાધુને જ હોય છે, ઉક્ત સાધુની સ્થિતિ શરીરના નિમિત્તે હોય છે, તે શરીરની સ્થિતિ ભોજનના નિમિત્તે હોય છે અને તે ભોજન શ્રાવકો દ્વારા આપવામાં આવે છે. આ રીતે આ અતિશય ક્લેશયુક્ત કાળમાં પણ મોક્ષમાર્ગની પ્રવૃત્તિ ઘણું કરીને તે શ્રાવકોના નિમિત્તે જ થઈ રહી છે. ૮.

(शार्दूलविक्रीडित)

**स्वेच्छाहारविहारजल्पनतया नीरुग्वपुर्जायते**
**साधूनां तु न सा ततस्तदपटु प्रायेण संभाव्यते ।**
**कुर्यादौषधपथ्यवारिभिरिदं चारित्रभारक्षमं**
**यत्तस्मादिह वर्तते प्रशमिनां धर्मो गृहस्थोत्तमात् ।।९।।**

**અનુવાદ :** શરીર ઇચ્છાનુસાર ભોજન, ગમન અને સંભાષણથી નીરોગ રહે છે. પરંતુ આ પ્રકારની ઇચ્છાનુસાર પ્રવૃત્તિ સાધુઓને સંભવ નથી. તેથી તેમનું શરીર ઘણું કરીને અસ્વસ્થ થઈ જાય છે. આવી દશામાં શ્રાવક તે શરીરને ઔષધ, પથ્ય ભોજન અને જળ દ્વારા વ્રત પરિપાલનને યોગ્ય કરે છે તેથી જ અહીં તે મુનિઓનો ધર્મ ઉત્તમ શ્રાવકના નિમિત્તે જ ચાલે છે. ૯.

(शार्दूलविक्रीडित)

व्याख्या पुस्तकदानमुन्नतधियां पाठाय भव्यात्मनां
भक्त्या यत्क्रियते श्रुताश्रयमिदं दानं तदाहुर्बुधाः ।
सिद्धे ऽस्मिन् जननान्तरेषु कतिषु त्रैलोक्यलोकोत्सव-
श्रीकारिप्रकटीकृताखिलजगत्कैवल्यभाजो जनाः ॥१०॥

**અનુવાદ :** ઉન્નત બુદ્ધિના ધારક ભવ્ય જીવોને વાંચવા માટે ભક્તિથી જે પુસ્તકનું દાન આપવામાં આવે છે અથવા તેમને તત્ત્વનું વ્યાખ્યાન આપવામાં આવે છે, તેને વિદ્વાનો શ્રુતદાન (જ્ઞાનદાન) કહે છે. આ જ્ઞાનદાન સિદ્ધ થતાં થોડા જ ભવોમાં મનુષ્ય તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લે છે જેના વડે સમસ્ત વિશ્વ સાક્ષાત્ દેખાય છે અને જે પ્રગટ થતાં ત્રણે લોકના પ્રાણી ઉત્સવની શોભા કરે છે. ૧૦.

(शार्दूलविक्रीडित)

सर्वेषामभयं प्रवृद्धकरुणैर्यद्दीयते प्राणिनां
दानं स्यादभयादि तेन रहितं दानत्रयं निष्फलम् ।
आहारौषधशास्त्रदानविधिभिः क्षुद्रोगजाड्याद्भयं
यत्तत्पात्रजने विनश्यति ततो दानं तदेकं परम् ॥११॥

**અનુવાદ :** દયાળુ પુરુષો દ્વારા જે સર્વ પ્રાણીઓને અભય આપવામાં આવે છે અર્થાત્ તેમનો ભય દૂર કરવામાં આવે છે તે અભયદાન કહેવાય છે. તેનાથી રહિત બાકીના ત્રણ પ્રકારના દાન વ્યર્થ જાય છે. આહાર, ઔષધ અને શાસ્ત્રદાનની વિધિથી પાત્રજીવોનો ક્રમે ક્ષુધાનો ભય, રોગનો ભય અને અજ્ઞાનપણાનો ભય નષ્ટ થાય છે માટે જ તે એક અભયદાન જ શ્રેષ્ઠ છે.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે ઉપર્યુક્ત ચાર દાનોમાં આ અભયદાન મુખ્ય છે. કારણ કે શેષ આહારાદિ દાનોની સફળતા આ અભયદાન ઉપર જ અવલંબે છે. એ સિવાય જો વિચાર કરવામાં આવે તો તે આહારાદિના દાનસ્વરૂપ બાકીના ત્રણ પણ આ અભયદાનની જ અંદર આવી જાય છે. એનું કારણ એ છે કે અભયદાનનો અર્થ છે પ્રાણીના સર્વ પ્રકારના ભય દૂર કરીને તેને નિર્ભય કરવા. આહારદાન દ્વારા પ્રાણીની ક્ષુધાનો ભય, ઔષધદાન દ્વારા રોગનો ભય અને શાસ્ત્રદાન દ્વારા તેના અજ્ઞાનપણાનો ભય જ દૂર કરવામાં આવે છે. ૧૧.

(शार्दूलविक्रीडित)

आहारात् सुखितौषधादतितरां नीरोगता जायते
शास्त्रात् पात्रनिवेदितात् परभवे पाण्डित्यमत्यद्भुतम् ।
एतत्सर्वगुणप्रभापरिकरः पुंसो ऽभयाद्दानतः
पर्यन्ते पुनरुन्नतोन्नतपदप्राप्तिर्विमुक्तिस्ततः ।।१२।।

**અનુવાદ :** પાત્રને આપવામાં આવેલા આહારના નિમિત્તે બીજા જન્મમાં સુખ, ઔષધના નિમિત્તે અતિશય નીરોગતા, અને શાસ્ત્રના નિમિત્તે આશ્ચર્યજનક વિદ્વત્તા પ્રાપ્ત થાય છે. અભયદાનથી પુરુષને આ બધા જ ગુણોનો સમૂહ પ્રાપ્ત થાય છે તથા અંતે ઉન્નત ઉન્નત પદો (ઈન્દ્ર અને ચક્રવર્તી આદિ)ની પ્રાપ્તિપૂર્વક મુક્તિ પણ પ્રાપ્ત થઈ જાય છે. ૧૨.

(शार्दूलविक्रीडित)

कृत्वा कार्यशतानि पापबहुलान्याश्रित्य खेदं परं
भ्रान्त्वा वारिधिमेखलां वसुमतीं दुःखेन यच्चार्जितम् ।
तत्पुत्रादपि जीवितादपि धनं प्रेयोऽस्य पन्थाः शुभो
दानं तेन च दीयतामिदमहो नान्येन तत्संगतिः ।।१३।।

**અનુવાદ :** જે ધન અતિશય ખેદના અનુભવપૂર્વક પાપપ્રચુર સેંકડો ખોટા કાર્યો કરીને તથા સમુદ્રરૂપ મેખલા સહિત અર્થાત્ સમુદ્રપર્યંત પૃથ્વીનું પરિભ્રમણ કરીને ઘણા દુઃખથી મેળવાય છે તે ધન મનુષ્યને પોતાના પુત્ર અને પ્રાણોથી પણ અધિક પ્યારૂં હોય છે તેને ખરચવાનો ઉત્તમ માર્ગ દાન છે. તેથી કષ્ટથી મેળવેલા તે ધનનું દાન કરવું જોઈએ. એનાથી વિપરીત બીજા માર્ગે (દુર્વ્યસનાદિ) અપવ્યય કરવામાં આવે તો તેનો સંયોગ ફરીથી પ્રાપ્ત થઈ શકતો નથી. ૧૩.

(शार्दूलविक्रीडित)

दानेनैव गृहस्थता गुणवती लोकद्वयोद्द्योतिका
सैव स्यान्ननु तद्विना धनवतो लोकद्वयध्वंसकृत् ।
दुर्व्यापारशतेषु सत्सु गृहिणः पापं यदुत्पद्यते
तन्नाशाय शशाङ्कशुभ्रयशसे दानं च नान्यत्परम् ।।१४।।

**અનુવાદ :** દાન દ્વારા જ ગુણયુક્ત ગૃહસ્થાશ્રમ બન્ને લોકને પ્રકાશિત કરે છે અર્થાત્ જીવને દાનના નિમિત્તે જ આ ભવ અને પરભવ બન્નેમાં સુખ પ્રાપ્ત થાય છે. એનાથી ઉલ્ટું ઉક્ત દાન વિના ધનવાન મનુષ્યનો તે ગૃહસ્થાશ્રમ બન્ને લોકને નષ્ટ કરી નાંખે છે. સેંકડો દુષ્ટ વ્યાપારોમાં પ્રવૃત્ત થતાં ગૃહસ્થને જે પાપ ઉત્પન્ન થાય છે તેને નષ્ટ કરવાનું તથા ચંદ્રમા સમાન ધવળ યશની પ્રાપ્તિનું કારણ તે દાન જ છે, તે સિવાય પાપનાશ અને યશની પ્રાપ્તિનું બીજું કોઈ કારણ હોઈ શકે નહિ. ૧૪.

(शार्दूलविक्रीडित)

पात्राणामुपयोगि यत्किल धनं तद्धीमतां मन्यते
येनानंतगुणं परत्र सुखदं व्यावर्तते तत्पुनः ।
यद्भोगाय गतं पुनर्धनवतस्तन्नष्टमेव ध्रुवं
सर्वासामिति सम्पदां गृहवतां दाने प्रधानं फलम् ॥१५॥

**અનુવાદ :** જે ધન પાત્રોના ઉપયોગમાં આવે છે તેને જ બુદ્ધિમાન મનુષ્ય શ્રેષ્ઠ માને છે કારણ કે તે અનંતગુણા સુખનું આપનાર થઈને પરલોકમાં ફરીથી પણ પ્રાપ્ત થઈ જાય છે. પરંતુ એનાથી વિપરીત જે ધનવાનનું ધન ભોગના નિમિત્તે નષ્ટ થાય છે તે નિશ્ચયથી નષ્ટ જ થઈ જાય છે અર્થાત્ દાનજનિત પુણ્યના અભાવમાં તે ફરી કદી પ્રાપ્ત થતું નથી. તેથી જ ગૃહસ્થોને સમસ્ત સંપત્તિઓના લાભનું ઉત્કૃષ્ટ ફળ દાનમાં જ પ્રાપ્ત થાય છે. ૧૫.

(शार्दूलविक्रीडित)

पुत्रे राज्यमशेषमर्थिषु धनं दत्त्वाभयं प्राणिषु
प्राप्ता नित्यसुखास्पदं सुतपसा मोक्षं पुरा पार्थिवाः ।
मोक्षस्यापि भवेत्ततः प्रथमतो दानं निदानं बुधैः
शक्त्या देयमिदं सदातिचपले द्रव्ये तथा जीविते ॥१६॥

**અનુવાદ :** પૂર્વકાળમાં અનેક રાજાઓ પુત્રને સમસ્ત રાજ્ય આપી દઈને, યાચક જનોને ધન આપીને તથા પ્રાણીઓને અભય આપીને ઉત્કૃષ્ટ તપશ્ચરણ દ્વારા અવિનશ્વર સુખના સ્થાનભૂત મોક્ષને પ્રાપ્ત થયા છે. આ રીતે તે દાન મોક્ષનું પણ પ્રધાન કારણ છે. તેથી સંપત્તિ અને જીવન અતિશય ચપળ અર્થાત્ નશ્વર હોવાથી

વિદ્વાન પુરુષોએ શક્તિ પ્રમાણે સર્વદા તે દાન અવશ્ય આપવું જોઈએ. ૧૬.

(शार्दूलविक्रीडित)

ये मोक्ष प्रति नोद्यताः सुनृभवे लब्धेऽपि दुर्बुद्धयः
ते तिष्ठन्ति गृहे न दानमिह चेत्तन्मोहपाशो दृढः ।
मत्वेदं गृहिणा यथर्द्धि विविधं दानं सदा दीयतां
तत्संसारसरित्पतिप्रतरणे पोतायते निश्चितम् ॥१७॥

**અનુવાદ :** ઉત્તમ મનુષ્યભવ પામીને પણ જે દુર્બુદ્ધિ મનુષ્ય મોક્ષના વિષયમાં ઉદ્યમ કરતા નથી તેઓ જો ઘરમાં રહેવા છતાં પણ દાન આપતા નથી તો તેમના માટે તે ઘર મોહદ્વારા નિર્મિત દૃઢ જાળ જેવું જ છે એમ સમજીને ગૃહસ્થ શ્રાવકે પોતાની સંપત્તિ અનુસાર સર્વદા અનેક પ્રકારનું દાન આપવું જોઈએ. કારણ એ છે કે તે દાન નિશ્ચયથી સંસારરૂપી સમુદ્ર પાર થવામાં નાવનું કામ કરે છે. ૧૭.

(शार्दूलविक्रीडित)

यैर्नित्यं न विलोक्यते जिनपतिर्न स्मर्यते नार्च्यते
न स्तूयेत न दीयते मुनिजने दानं च भक्त्या परम् ।
सामर्थ्ये सति तद्गृहाश्रमपदं पाषाणनावा समं
तत्रस्था भवसागरे ऽतिविषमे मज्जन्ति नश्यन्ति च ॥१८॥

**અનુવાદ :** જે મનુષ્ય પ્રતિદિન જિનેન્દ્રદેવનું ન તો દર્શન કરે છે, ન સ્મરણ કરે છે, ન પૂજન કરે છે, ન સ્તુતિ કરે છે અને સમર્થ હોવા છતાં પણ ભક્તિથી મુનિજનોને ઉત્તમ દાન પણ દેતા નથી; તેમનું ગૃહસ્થાશ્રમ પદ પથ્થરની નાવ સમાન છે. તેના ઉપર બેસીને તે મનુષ્યો અત્યંત ભયાનક સંસારરૂપી સમુદ્રમાં ગોથા ખાતા થકા નાશ જ પામવાના છે. ૧૮.

(शार्दूलविक्रीडित)

चिन्तारत्नसुरद्रुकामसुरभिस्पर्शोपलाद्या भुवि
ख्याता एव परोपकारकरणे दृष्टा न ते केनचित् ।

तैरत्रोपकृतं न केषुचिदपि प्रायो न संभाव्यते
तत्कार्याणि पुनः सदैव विदधद्दाता परं दृश्यते ।।१९।।

**અનુવાદ :** ચિન્તામણિ, કલ્પવૃક્ષ, કામધેનુ અને પારસ પથ્થર આદિ પૃથ્વીપર પરોપકાર કરવામાં કેવળ પ્રસિદ્ધ જ છે. તેમને ન તો કોઈએ પરોપકાર કરતા જોયા છે અને ન તેમણે અહીં કોઈનો ઉપકાર કર્યો પણ છે તથા એવી સંભાવના પણ ઘણું કરીને નથી. પરંતુ તેમના કાર્યો (પરોપકારાદિ) સદાય કરતા કેવળ દાતા શ્રાવક અવશ્ય જોવામાં આવે છે. તાત્પર્ય એ છે કે દાની મનુષ્ય તે પ્રસિદ્ધ ચિન્તામણિ આદિથી પણ અતિશય શ્રેષ્ઠ છે. ૧૯.

(शार्दूलविक्रीडित)

यत्र श्रावकलोक एष वसति स्यात्तत्र चैत्यालयो
यस्मिन् सोऽस्ति च तत्र सन्ति यतयो धर्मश्च तैर्वतते ।
धर्मे सत्यघसंचयो विघटते स्वर्गापवर्गाश्रयं
सौख्यं भावि नृणां ततो गुणवतां स्युः श्रावकाः संमताः।।२०।।

**અનુવાદ :** જે ગામમાં આ શ્રાવકો રહે છે ત્યાં ચૈત્યાલય થાય છે અને જ્યાં ચૈત્યાલય છે ત્યાં મુનિઓ રહે છે, તે મુનિઓ દ્વારા ધર્મની પ્રવૃત્તિ થાય છે તથા ધર્મ થતાં પાપના સમૂહનો નાશ થઈને સ્વર્ગ–મોક્ષનું સુખ પ્રાપ્ત થાય છે. તેથી ગુણવાન મનુષ્યોને શ્રાવકો ઈષ્ટ છે. ૨૦.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે જે જિનમંદિરોમાં સ્થિત થઈને મુનિઓ સ્વર્ગ–મોક્ષના સાધનભૂત ધર્મનો પ્રચાર કરે છે તે જિનમંદિર શ્રાવકો દ્વારા જ બનાવાય છે. માટે જો તે શ્રાવકો જ પરંપરાએ તે સુખના સાધન હોય તો ગુણી જનોએ તે શ્રાવકોનું યથાયોગ્ય સન્માન કરવું જ જોઈએ. ૨૦

(शार्दूलविक्रीडित)

काले दुःखमसंज्ञके जिनपतेधर्मे गते क्षीणतां
तुच्छे सामयिके जने बहुतरे मिथ्यान्धकारे सति ।
चैत्ये चैत्यगृहे च भक्तिसहितो यः सोऽपि नो दृश्यते
यस्तत्कारयते यथाविधि पुनर्भव्यः स वंद्यः सताम् ।।२१।।

**અનુવાદ :** આ દુઃખમા નામના પંચમ કાળમાં જિનેન્દ્ર ભગવાન દ્વારા પ્રરૂપિત ધર્મ ક્ષીણ થઈ ગયો છે. આમાં જૈનાગમ અથવા જૈનધર્મનો આશ્રય લેનાર માણસો થોડા અને અજ્ઞાનરૂપ અંધકારનો પ્રચાર ઘણો વધારે છે. એવી અવસ્થામાં જે મનુષ્ય જિનપ્રતિમા અને જિનગૃહના વિષયમાં ભક્તિ રાખતા હોય તે પણ જોવામાં આવતા નથી. છતાં પણ જે ભવ્ય વિધિપૂર્વક ઉક્ત જિનપ્રતિમા અને જિનગૃહનું નિર્માણ કરાવે છે તે સજ્જન પુરુષો દ્વારા વંદનીય છે. ૨૧.

(वसंततिलका)

**बिम्बादलोन्नतियवोन्नतिमेव भक्त्या**
**ये कारयन्ति जिनसद्म जिनाकृतिं च ।**
**पुण्यं तदीयमिह वागपि नैव शक्ता**
**स्तोतुं परस्य किमु कारयितुर्द्वयस्य ।।२२।।**

**અનુવાદ :** જે ભવ્ય જીવ ભક્તિથી કુન્દરૂ વૃક્ષના પાંદડા જેવડા જિનાલય અને જવ(દાણા)ના જેવડી જિનપ્રતિમાનું નિર્માણ કરાવે છે તેમના પુણ્યનું વર્ણન કરવા માટે અહીં વાણી (સરસ્વતી) પણ સમર્થ નથી. તો પછી જે ભવ્ય જીવ તે ( જિનાલય અને જિનપ્રતિમા) બન્નેનુંય નિર્માણ કરાવે છે તેમના વિષયમાં શું કહેવું? અર્થાત્ તે તો અતિશય પુણ્યશાળી છે જ. ૨૨.

**વિશેષાર્થ :** એનો અભિપ્રાય એ છે કે ભવ્ય પ્રાણી નાનામાં નાના જિનમંદિર અથવા જિનપ્રતિમાનું પણ નિર્માણ કરાવે છે તે ઘણો જ પુણ્યશાળી થાય છે. તો પછી જે ભવ્ય જીવ વિશાળ જિનભવનનું નિર્માણ કરાવીને તેમાં મનોહર જિનપ્રતિમાને પ્રતિષ્ઠિત કરાવે છે તેને તો નિઃસંદેહ અપરિમિત પુણ્યનો લાભ થવાનો છે. ૨૨.

(शार्दूलविक्रीडित)

**यात्राभिः स्नपनैर्महोत्सवशतैः पूजाभिरुल्लोचकैः**
**नैवेद्यैर्बलिभिर्ध्वजश्च कलशैस्तूर्यत्रिकैर्जागरैः ।**
**घंटाचामरदर्पणादिभिरपि प्रस्तार्य शोभां परां**
**भव्याः पुण्यमुपार्जयन्ति सततं सत्यत्र चैत्यालये ।।२३।।**

**અનુવાદ** : સંસારમાં ચૈત્યાલય થતાં અનેક ભવ્યજીવ યાત્રાઓ, (જળયાત્રાઆદિ) અભિષેકો, સેંકડો મહાન ઉત્સવો અનેક પ્રકારના પૂજા વિધાનો, ચંદરવા, નૈવેદ્ય, અન્ય ભેટો, ધ્વજાઓ, કળશો, લૌર્યત્રિકો (ગીત, નૃત્ય, વાદિત્ર), જાગરણો, ઘંટ, ચામર, દર્પણાદિ દ્વારા ઉત્કૃષ્ટ શોભાનો વિસ્તાર કરીને નિરંતર પુણ્યનું ઉપાર્જન કરે છે. ૨૩.

(शार्दूलविक्रीडित)

**ते चाणुव्रतधारिणो ऽपि नियतं यान्त्येव देवालयं**
**तिष्ठन्त्येव महर्द्धिकामरपद तत्रैव लब्ध्वा चिरम् ।**
**अत्रागत्य पुनः कुले ऽतिमहति प्राप्य प्रकृष्टं शुभा-**
**न्मानुष्यं च विरागतां च सकलत्यागं च मुक्तास्ततः ॥२४॥**

**અનુવાદ** : તે ભવ્ય જીવ જો અણુવ્રતોના પણ ધારક હોય તોપણ મરીને પછી સ્વર્ગમાં જ જાય છે અને અણિમા આદિ ઋદ્ધિ સંયુક્ત દેવપદ પ્રાપ્ત કરીને દીર્ઘકાળ સુધી ત્યાં (સ્વર્ગમાં) જ રહે છે. ત્યાર પછી મહાન્ પુણ્યકર્મના ઉદયથી મનુષ્યલોકમાં આવીને અને અતિશય પ્રશંસનીય કુળમાં ઉત્તમ મનુષ્ય થઈને વૈરાગ્ય પ્રાપ્ત થયા થકા તેઓ સમસ્ત પરિગ્રહ છોડીને મુનિ થઈ જાય છે તથા આ ક્રમે તેઓ અંતે મુક્તિ પણ પ્રાપ્ત કરી લે છે. ૨૪.

(शार्दूलविक्रीडित)

**पुंसो ऽर्थेषु चतुर्षु निश्चलतरो मोक्षः परं सत्सुखः**
**शेषास्तद्विपरीतधर्मकलिता हेया मुमुक्षोरतः ।**
**तस्मात्तत्पदसाधनत्वधरणो धर्मोऽपि नो संमतः**
**यो भोगादिनिमित्तमेव स पुनः पापं बुधैर्मन्यते ॥२५॥**

**અનુવાદ** : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોમાં કેવળ મોક્ષ પુરુષાર્થ જ સમીચીન (બાધા રહિત) સુખ યુક્ત હોઈને સદા સ્થિર રહે છે. બાકીના ત્રણ પુરુષાર્થ તેનાથી વિપરીત (અસ્થિર) સ્વભાવવાળા છે. તેથી તે મુમુક્ષુજનોએ છોડવા યોગ્ય છે. તેથી જે ધર્મ પુરુષાર્થ ઉપર્યુક્ત મોક્ષ પુરુષાર્થનો સાધક થાય છે

તે પણ આપણને ઈષ્ટ છે. પરંતુ જે ધર્મ કેવળ ભોગાદિનું જ કારણ થાય છે તેને વિદ્વાનો પાપ જ સમજે છે. ૨૫.

(शार्दूलविक्रीडित)

भव्यानामणुभिर्व्रतैरनणुभिः साध्योऽत्र मोक्षः परं
नान्यत्किंचिदिहैव निश्चयनयाज्जीवः सुखी जायते ।
सर्वं तु व्रतजातमीदृशधिया साफल्यमेत्यन्यथा
संसाराश्रयकारणं भवति यत्तद्दुःखमेव स्फुटम् ।।२६।।

**અનુવાદ :** ભવ્ય જીવોએ અણુવ્રતો અને મહાવ્રતો દ્વારા અહીં કેવળ મોક્ષ જ સિદ્ધ કરવા યોગ્ય છે, અન્ય કાંઈ પણ સિદ્ધ કરવા યોગ્ય નથી. કારણ એ છે કે નિશ્ચયનયથી જીવ તે મોક્ષમાં જ સ્થિત થઈને સુખી થાય છે. તેથી આ જાતની બુદ્ધિથી જે સર્વે વ્રતોનું પરિપાલન કરવામાં આવે છે તે સફળતા પામે છે તથા આનાથી વિપરીત તેને કેવળ તે સંસારનું કારણ થાય છે જે પ્રત્યક્ષ જ દુઃખ સ્વરૂપ છે. ૨૬.

(शार्दूलविक्रीडित)

यत्कल्याणपरंपरार्पणपरं भव्यात्मनां संसृतौ
पर्यन्ते यदनन्तसौख्यसदनं मोक्षं ददाति ध्रुवम् ।
तज्जीयादतिदुर्लभं सुनरतामुख्यैर्गुणैः प्रापितं
श्रीमत्पङ्कजनन्दिभिर्विरचितं देशव्रतोद्योतनम् ।।२७।।

**અનુવાદ :** શ્રીમાન્ પદ્મનન્દી મુનિ દ્વારા રચવામાં આવેલ જે દેશવ્રતોદ્યોતન નામનું પ્રકરણ સંસારમાં ભવ્ય જીવોને કલ્યાણ પરંપરા આપવામાં તત્પર છે, અંતે જે નિશ્ચયથી અનંત સુખના સ્થાનભૂત મોક્ષ આપે છે તથા જે ઉત્તમ મનુષ્ય પર્યાય આદિ ગુણો વડે પ્રાપ્ત કરાવાય છે; એવું તે દુર્લભ દેશવ્રતોદ્યોતન જયવંત હો. ૨૭.

આ રીતે દેશવ્રતઉદ્યોતન સમાપ્ત થયું. ૭.

# ૮. સિદ્ધસ્તુતિ

## [८. सिद्धस्तुतिः]

(शार्दूलविक्रीडित)

सूक्ष्मत्वादणुदर्शिनोऽवधिदृशः पश्यन्ति नो यान् परे
यत्संविन्महिमस्थितं त्रिभुवनं खस्थं भमेकं यथा।
सिद्धानामहमप्रमेयमहसां तेषां लघुर्मानुषो
मूढात्मा किमु वच्मि तत्र यदि वा भक्त्या महत्या वशः ।।१।।

**અનુવાદ :** સૂક્ષ્મ હોવાથી જે સિદ્ધોને પરમાણુને જોઈ શકનાર બીજા અવધિજ્ઞાની પણ જોઈ શકતા નથી તથા જેમના જ્ઞાનમાં સ્થિત ત્રણે લોક આકાશમાં સ્થિત એક નક્ષત્ર સમાન સ્પષ્ટપણે પ્રતિભાસે છે તે અપરિમિત તેજના ધારક સિદ્ધોનું વર્ણન શું મારા જેવો મૂર્ખ અને હીન મનુષ્ય કરી શકે છે? અર્થાત્ કરી શકતો નથી. છતાં પણ જે હું તેમનું કાંઈક વર્ણન અહીં કરી રહ્યો છું તે અતિશય ભક્તિને વશ થઈને જ કરી રહ્યો છું. ૧.

(शार्दूलविक्रीडित)

निःशेषामरशेखराश्रितमणिश्रेण्यर्चिताङ्घ्रिद्वया
देवास्ते ऽपि जिना यदुन्नतपदप्राप्त्यै यतन्ते तराम् ।
सर्वेषामुपरि प्रवृद्धपरमज्ञानादिभिः क्षायिकैः
युक्ता न व्यभिचारिभिः प्रतिदिनं सिद्धान् नमामो वयम् ।।२।।

**અનુવાદ :** જેમના બન્ને ચરણ સમસ્ત દેવોના મુકુટોમાં લાગેલ મણિઓની પંક્તિથી પૂજિત છે અર્થાત્ જેમના ચરણોમાં સમસ્ત દેવ પણ નમસ્કાર કરે છે, એવા તે તીર્થંકર જિનદેવ પણ જે સિદ્ધોના ઉન્નત પદને પ્રાપ્ત કરવા માટે અધિક પ્રયત્ન

કરે છે; જે સર્વની ઉપર વૃદ્ધિગત થઈને અન્ય કોઈમાં ન પ્રાપ્ત થનાર એવા અતિશય વૃદ્ધિ પામેલા કેવળજ્ઞાનાદિસ્વરૂપ ક્ષાયિક ભાવોથી સંયુક્ત છે; તે સિદ્ધોને અમે પ્રતિદિન નમસ્કાર કરીએ છીએ. ૨.

(शार्दूलविक्रीडित)

ये लोकाग्रविलम्बिनस्तदधिकं धर्मास्तिकायं विना
नो याताः सहजस्थिरामललसद्दृग्बोधसन्मूर्तयः ।
संप्राप्ताः कृतकृत्यतामसदृशाः सिद्धा जगन्मङ्गलं
नित्यानन्दसुधारसस्य च सदा पात्राणि ते पान्तु वः ।।३।।

**અનુવાદ :** જે સિદ્ધ જીવો લોકશિખરને આશ્રિત છે, આગળ ધર્મ દ્રવ્યનો અભાવ હોવાથી જે તેનાથી વધારે ઉપર ગયા નથી, જે અવિનશ્વર સ્વાભાવિક નિર્મળ દર્શન (કેવળદર્શન) અને જ્ઞાન (કેવળજ્ઞાન) રૂપ અનુપમ શરીર ધારણ કરે છે, જે કૃતકૃત્યસ્વરૂપને પ્રાપ્ત થઈ ચૂક્યા છે, અનુપમ છે, જગતને માટે મંગળસ્વરૂપ છે, તથા અવિનશ્વર સુખરૂપ અમૃતરસના પાત્ર છે; એવા તે સિદ્ધ સદા તમારી રક્ષા કરો. ૩.

(शार्दूलविक्रीडित)

ये जित्वा निजकर्मकर्कशरिपून् प्राप्ताः पदं शाश्वतं
येषां जन्मजरामृतिप्रभृतिभिः सीमापि नोल्लङ्घयते ।
येष्वैश्वर्यमचिन्त्यमेकमसमज्ञानादिसंयोजितं
ते सन्तु त्रिजगच्छिखाग्रमणयः सिद्धा मम श्रेयसे ।।४।।

**અનુવાદ :** જે સિદ્ધ પરમેષ્ઠી પોતાના કર્મરૂપી કઠોર શત્રુઓને જીતીને નિત્ય (મોક્ષ) પદને પ્રાપ્ત કરી ચૂક્યા છે; જન્મ, જરા અને મરણ આદિ પણ જેમની સીમા ઓળંગી શકતા નથી, અર્થાત્ જે જન્મ, જરા અને મરણથી મુક્ત થઈ ગયા છે; તથા જેમનામાં અસાધારણ જ્ઞાનાદિ દ્વારા અચિંત્ય અને અદ્વિતીય અનંતચતુષ્ટયસ્વરૂપ ઐશ્વર્યનો સંયોગ કરાવવામાં આવ્યો છે; એવા તે ત્રણે લોકના ચૂડામણિ સમાન સિદ્ધ પરમેષ્ઠી મારું કલ્યાણ કરો. ૪.

(शार्दूलविक्रीडित)

सिद्धो बोधमितिः स बोध उदितो ज्ञेयप्रमाणो भवेत्
ज्ञेयं लोकमलोकमेव च वदन्त्यात्मेति सर्वस्थितः ।
मूषायां मदनोज्झिते हि जठरे यादृग् नभस्तादृशः
प्राक्कायात् किमपि प्रहीण इति वा सिद्धः सदानन्दति ।।५।।

**અનુવાદ :** સિદ્ધ જીવ પોતાના જ્ઞાનપ્રમાણ છે અને તે જ્ઞાન જ્ઞેય (જ્ઞાનના વિષય) પ્રમાણ કહેવામાં આવ્યું છે. તે જ્ઞેય પણ લોક અને અલોકસ્વરૂપ છે. તેથી જ આત્મા સર્વવ્યાપક કહેવાય છે. બીબા (જેમાં ઢાળીને પાત્ર અને આભૂષણ વગેરે બનાવવામાં આવે છે)માંથી મીણ જુદું પડી જતાં તેની અંદર જેવું શુદ્ધ આકાશ બાકી રહી જાય છે એવા આકારને ધારણ કરનાર તથા પહેલાના શરીરથી કાંઈક અલ્પ એવા તે સિદ્ધ પરમેષ્ઠી સદા આનંદનો અનુભવ કરે છે.

**વિશેષાર્થ :** સિદ્ધોનું જ્ઞાન અપરિમિત છે જે સમસ્ત લોક અને અલોકનો વિષય કરે છે. આ રીતે લોક અને અલોકરૂપ અપરિમિત જ્ઞેયનો વિષય કરનાર તે જ્ઞાનથી આત્મા અભિન્ન છે–તે સ્વરૂપ છે; આ જ અપેક્ષાએ આત્માને વ્યાપક કહેવામાં આવે છે. વાસ્તવમાં તો તે પૂર્વ શરીરથી કાંઈક ન્યૂન રહીને પોતાના સીમિત ક્ષેત્રમાં જ રહે છે. પૂર્વના શરીરથી કાંઈક ન્યૂન કહેવાનું કારણ એ છે કે શરીરના ઉપાંગભૂત જે નાસિકા વગેરેના છિદ્રાદિ હોય છે ત્યાં આત્મપ્રદેશોનો અભાવ હોય છે. શરીરનો સંબંધ છૂટતાં અમૂર્તિક સિદ્ધાત્માનો આકાર કેવો રહે છે તે બતાવતાં અહીં ઉદાહરણ આપવામાં આવ્યું છે કે જેમ માટી વગેરેથી બનાવેલ પૂતળામાં મીણ ભરી દેવામાં આવ્યું હોય, અને ત્યાર પછી તેને અગ્નિનાં સંયોગ પ્રાપ્ત થતાં જેમ તે મીણ ગળી જાય અને ત્યાં તે આકારમાં શુદ્ધ આકાશ બાકી રહી જાય છે તેવી જ રીતે શરીરનો સંબંધ છૂટી જતાં તેના આકારે શુદ્ધ આત્મપ્રદેશ બાકી રહી જાય છે. ૫.

(शार्दूलविक्रीडित)

दृग्बोधौ परमौ तदावृतिहतेः सौख्यं च मोहक्षयात्
वीर्यं विघ्नविघाततो ऽप्रतिहतं मूर्तिर्न नामक्षतेः ।
आयुर्नाशवशान्न जन्ममरणे गोत्रे न गोत्रं विना
सिद्धानां न च वेदनीयविरहाद्दुःखं सुखं चाक्षजम् ।।६।।

**અનુવાદ :** સિદ્ધોને દર્શનાવરણના ક્ષયથી ઉત્કૃષ્ટ દર્શન (કેવળદર્શન), જ્ઞાનાવરણના ક્ષયથી ઉત્કૃષ્ટ જ્ઞાન (કેવળજ્ઞાન), મોહનીય કર્મના ક્ષયથી અનંત સુખ,

અંતરાયના વિનાશથી અનંતવીર્ય, નામકર્મના ક્ષયથી તેમને મૂર્તિનો અભાવ થઈને અમૂર્તપણું (સૂક્ષ્મત્વ), આયુષ્ય કર્મ નષ્ટ થઈ જવાથી જન્મ–મરણનો અભાવ થઈ અવગાહનત્વ, ગોત્ર કર્મ ક્ષીણ થઈ જવાથી ઉચ્ચ અને નીચ ગોત્રોનો અભાવ થઈને અગુરુલઘુત્વ, તથા વેદનીય કર્મ નષ્ટ થઈ જવાથી ઇન્દ્રિયજન્ય સુખ–દુઃખનો અભાવ થઈને અવ્યાબાધત્વ ગુણ પ્રગટ થાય છે. ૬.

(શાર્દૂલવિક્રીડિત)

**यैर्दुःखानि समाप्नुवन्ति विधिवज्जानन्ति पश्यन्ति नो**
**वीर्यं नैव निजं भजन्त्यसुभृतो नित्यं स्थिताः संसृतौ ।**
**कर्माणि प्रहतानि तानि महता योगेन यैस्ते सदा**
**सिद्धा नित्यचतुष्टयामृतसरिन्नाथा भवेयुर्न किम् ।।७।।**

**અનુવાદ :** જે કર્મોના નિમિત્તે નિરંતર સંસારમાં સ્થિત પ્રાણી સદા દુઃખો પામ્યા કરે છે, વિધિવત્ આત્મસ્વરૂપને જાણતો નથી, દેખતો નથી અને પોતાના સ્વાભાવિક વીર્ય (સામર્થ્ય) નો પણ અનુભવ કરતો નથી; તે કર્મોને જે સિદ્ધોએ મહાન યોગ અર્થાત્ શુક્લધ્યાન દ્વારા નષ્ટ કરી દીધા છે તે સિદ્ધ ભગવાન અવિનશ્વર અનંતચતુષ્ટયરૂપ અમૃતની નદીના અધિપતિ (સમુદ્ર) શું નહિ થાય? અર્થાત્ અવશ્ય થશે. ૭.

(શાર્દૂલવિક્રીડિત)

**एकाक्षाद्बहुकर्मसंवृतमतेर्द्व्यक्षादिजीवाः सुख-**
**ज्ञानाधिक्ययुता भवन्ति किमपि क्लेशोपशान्तेरिह ।**
**ये सिद्धास्तु समस्तकर्मविषमध्वान्तप्रबन्धच्युताः**
**सद्बोधाः सुखिनश्च ते कथमहो न स्युस्त्रिलोकाधिपाः ।।८।।**

**અનુવાદ :** સંસારમાં જે એકેન્દ્રિય જીવની બુદ્ધિ કર્મના ઘણા આવરણ સહિત છે તેની અપેક્ષાએ દ્વીન્દ્રિય આદિ જીવ અધિક સુખી અને અધિક જ્ઞાનવાન્ છે કારણ કે એમને તેની અપેક્ષાએ કર્મનું આવરણ ઓછું છે. તો પછી ભાઈ, જે સિદ્ધ જીવ સમસ્ત કર્મરૂપી ઘોર અંધકારના વિસ્તાર રહિત થઈ ગયા છે તે ત્રણે લોકના અધિપતિ થઈને ઉત્તમ જ્ઞાન (કેવળજ્ઞાન) અને અનંત સુખ સંપન્ન કેમ ન હોય? અવશ્ય હોય.

**વિશેષાર્થ :** એકેન્દ્રિય જીવોને જેટલી અધિક માત્રામાં જ્ઞાનાવરણાદિ કર્મોનું આવરણ છે તેનાથી ઉત્તરોત્તર દ્વીન્દ્રિયાદિ જીવોને તે કાંઈક કમ છે. તેથી એકેન્દ્રિયોની અપેક્ષાએ દ્વીન્દ્રિય અને

તેની અપેક્ષાએ ત્રીન્દ્રિયાદિ જીવ ઉત્તરોત્તર અધિક જ્ઞાનવાન્ અને સુખી જોવામાં આવે છે. વળી જો તે જ કર્મોનું આવરણ સિદ્ધોને પૂર્ણપણે નષ્ટ થઈ ગયું છે તો પછી તેમને અનંતજ્ઞાની અને અનંતસુખી થઈ જવામાં કાંઈ પણ સંદેહ રહેતો નથી. ૮.

(शार्दूलविक्रीडित)

यः केनाप्यतिगाढगाढमभितो दुःखप्रदैः प्रग्रहैः
बद्धोऽन्यैश्च नरो रुषा घनतरैरापादमामस्तकम् ।
एकस्मिन् शिथिले ऽपि तत्र मनुते सौख्यं स सिद्धाः पुनः
किं न स्युः सुखिनः सदा विरहिता बाह्यान्तरैर्बन्धनैः ।।९।।

**અનુવાદ :** જે મનુષ્ય કોઈ બીજા મનુષ્યદ્વારા ક્રોધને વશ થઈને પગથી માંડીને મસ્તક સુધી ચારે તરફ દુઃખદાયક દૃઢતર દોરડાઓથી જકડીને બાંધી દેવાયો હોય તે તેમાંથી કોઈ એક પણ દોરડું ઢીલું થતાં સુખનો અનુભવ કરે છે. તો પછી જે સિદ્ધ જીવ બાહ્ય અને અભ્યંતર બન્નેય બંધનોથી રહિત થઈ ગયા છે તેઓ શું સદા સુખી નહિ હોય? અર્થાત્ અવશ્ય હશે. ૯.

(शार्दूलविक्रीडित)

सर्वज्ञः कुरुते परं तनुभृतः प्राचुर्यतः कर्मणां
रेणूनां गणनं किलाधिवसतामेकं प्रदेशं घनम् ।
इत्याशास्वखिलासु बद्धमहसो दुःखं न कस्मान्मह-
न्मुक्तस्यास्य तु सर्वत्रः किमिति नो जायेत सौख्यं परम् ।।१०।।

**અનુવાદ :** જીવના એક પ્રદેશમાં સઘનરૂપે સ્થિત કર્મોના પ્રચુર પરમાણુઓની ગણતરી ફક્ત સર્વજ્ઞ જ કરી શકે છે. તો પછી જો બધી દિશાઓમાં અર્થાત્ સર્વ તરફથી આ જીવનું આત્મતેજ કર્મોથી સંબદ્ધ (રોકાયેલું) હોય તો તેને મહાન દુઃખ કેમ ન થાય? અવશ્ય થાય. એનાથી વિપરીત જે આ સિદ્ધ જીવ બધી તરફથી જ ઉક્ત કર્મોથી રહિત થઈ ગયા છે તેમને ઉત્કૃષ્ટ સુખ ન હોય શું? અર્થાત્ અવશ્ય હોય.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે આ સંસારી પ્રાણીને એક જ આત્મપ્રદેશે એટલા બધા કર્મ પરમાણુ બંધાયેલા છે કે તેમની ગણતરી કેવળ સર્વજ્ઞ જ કરી શકે છે, આપણા

જેવા કોઈ અલ્પજ્ઞ જીવ નહિ. એવી રીતે આ જીવને બધા જ (અસંખ્યાત) આત્મપ્રદેશ તે કર્મ પરમાણુઓથી બંધાયેલા છે. હવે ભલા વિચાર કરો કે આટલા અનંતાનંત કર્મ પરમાણુઓથી બંધાયેલો આ સંસારી જીવ કેટલો બધો દુઃખી અને તે બધાથી રહિત થઈ ગયેલા સિદ્ધ જીવ કેટલા બધા સુખી હશે. ૧૦.

(शार्दूलविक्रीडित)

**येषां कर्मनिदानजन्यविविधक्षुत्तृण्मुखा व्याधयः**
**तेषामन्नजलादिकौषधगणस्तच्छान्तये युज्यते ।**
**सिद्धानां तु न कर्म तत्कृतरुजो नातः किमन्नादिभिः**
**नित्यात्मोत्थसुखामृताम्बुधिगतास्तृप्तास्त एव ध्रुवम् ।।११।।**

**અનુવાદ :** જે જીવોને કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલી અનેક પ્રકારની ભૂખ–તરસ વગેરે વ્યાધિઓ થયા કરે છે તેમને આ વ્યાધિઓની શાંતિ માટે અન્ન, જળ અને ઔષધ વગેરે લેવું ઉચિત છે. પરંતુ જે સિદ્ધ જીવોને ન કર્મ છે અને તેથી ન તેનાથી ઉત્પન્ન થતી વ્યાધિઓ પણ છે તેમને આ અન્નાદિ વસ્તુઓથી શું પ્રયોજન છે? અર્થાત્ તેમને આનું કાંઈપણ પ્રયોજન રહ્યું નથી. તેઓ તો નિશ્ચયથી અવિનશ્વર આત્મમાત્રજન્ય (અતીન્દ્રિય) સુખરૂપી અમૃતના સમુદ્રમાં મગ્ન રહીને સદાય તૃપ્ત રહે છે. ૧૧.

સહજ સિદ્ધાનંદ.

(शार्दूलविक्रीडित)

**सिद्धज्योतिरतीव निर्मलतरज्ञानैकमूर्ति स्फुरद्-**
**वर्तिर्दीपमिवोपसेव्य लभते योगी स्थिरं तत्पदम् ।**
**सद्‌बुध्याथ विकल्पजालरहितस्तद्रूपतामापतं-**
**स्तादृग्जायत एव देवविनुतस्त्रैलोक्यचूडामणिः ।।१२।।**

**અનુવાદ :** જેવી રીતે બત્તી દીપકની સેવા કરીને તેનું પદ પ્રાપ્ત કરી લે છે, અર્થાત્ દીપક સ્વરૂપે પરિણમી જાય છે તેવી જ રીતે અત્યંત નિર્મળ જ્ઞાનરૂપ અસાધારણ મૂર્તિસ્વરૂપ સિદ્ધજ્યોતિની આરાધના કરીને યોગી પણ સ્વયં તેના સ્થિર પદ (સિદ્ધપદ) ને પ્રાપ્ત કરી લે છે. અથવા તે સમ્યગ્જ્ઞાન દ્વારા વિકલ્પોથી રહિત થયા થકા સિદ્ધસ્વરૂપને પ્રાપ્ત થઈને એવા થઈ જાય છે કે ત્રણે લોકના ચૂડામણિ રત્ન સમાન તેમને દેવો પણ નમસ્કાર કરે છે. ૧૨.

(शार्दूलविक्रीडित)

यत्सूक्ष्मं च महच्च शून्यमपि यन्नो शून्यमुत्पद्यते
नश्यत्येव च नित्यमेव च तथा नास्त्येव चास्त्येव च।
एकं यद्यदनेकमेव तदपि प्राप्तं प्रतीतिं दृढां
सिद्धज्योतिरमूर्ति चित्सुखमयं केनापि तल्लक्ष्यते ॥१३॥

**અનુવાદ :** જે સિદ્ધજ્યોતિ સૂક્ષ્મ પણ છે અને સ્થૂળ પણ છે, શૂન્ય પણ છે અને પરિપૂર્ણ પણ છે, ઉત્પાદ–વિનાશવાળી પણ છે અને નિત્ય પણ છે, સદ્‌ભાવરૂપ પણ છે અને અભાવરૂપ પણ છે તથા એક પણ છે અને અનેક પણ છે; એવી તે દૃઢ પ્રતીતિને પ્રાપ્ત થયેલી અમૂર્તિક, ચેતન અને સુખસ્વરૂપ સિદ્ધજ્યોતિ કોઈ વિરલા જ યોગી પુરુષદ્વારા દેખવામાં આવે છે.

**વિશેષાર્થ :** અહીં જે સિદ્ધજ્યોતિને પરસ્પર વિરુદ્ધ પ્રતીત થતાં અનેક ધર્મોથી સંયુક્ત બતાવવામાં આવેલ છે તે વિવક્ષાભેદથી બતાવેલ છે. જેમ કે–તે સિદ્ધજ્યોતિ અતીન્દ્રિય છે માટે જ સૂક્ષ્મ કહેવાય છે. પરંતુ તેમાં અનંતાનંત પદાર્થ પ્રતિભાસે છે તેથી એ અપેક્ષાએ તે સ્થૂળ પણ કહેવાય છે. તે પર (પુદ્‌ગલાદિ) દ્રવ્યોના ગુણોથી રહિત હોવાના કારણે શૂન્ય તથા અનંતચતુષ્ટય સંયુક્ત હોવાના કારણે પરિપૂર્ણ પણ છે. પર્યાયાર્થિકનયની અપેક્ષાએ તે પરિણમનશીલ હોવાથી ઉત્પાદ–વિનાશવાળી તથા દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ વિકાર રહિત હોવાથી નિત્ય પણ મનાય છે. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ તે સદ્‌ભાવ સ્વરૂપ તથા પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ અભાવ સ્વરૂપ પણ છે. તે પોતાનો સ્વભાવ છોડીને અન્ય સ્વરૂપે ન થવાને કારણે એક તથા અનેક પદાર્થોનું સ્વરૂપ પ્રતિભાસિત કરવાને કારણે અનેક સ્વરૂપે પણ છે એવી તે સિદ્ધજ્યોતિનું ચિંતન બધા કરી શકતા નથી પણ નિર્મળ જ્ઞાનના ધારક કોઈ વિશેષ યોગીજન જ તેનું ચિંતન કરે છે. ૧૩.

(शार्दूलविक्रीडित)

स्याच्छब्दामृतगर्भितागममहारत्नाकरस्नानतो
धौता यस्य मतिः स एव मनुते तत्त्वं विमुक्तात्मनः।
तत्तस्यैव तदेव याति सुमतेः साक्षादुपादेयतां
भेदेन स्वकृतेन तेन च विना स्वं रूपमेकं परम् ॥१४॥

**અનુવાદ :** 'સ્યાત્' શબ્દરૂપ અમૃતથી ગર્ભિત આગમ (અનેકાન્ત સિદ્ધાંત)

રૂપી મહાસમુદ્રમાં સ્નાન કરવાથી જેમની બુદ્ધિ નિર્મળ થઈ ગઈ છે તે જ સિદ્ધ આત્માનું રહસ્ય જાણી શકે છે. તેથી તે જ સુબુદ્ધિ જીવને જ્યાંસુધી પોતાની જાતે કરવામાં આવેલા ભેદ (સંસારી અને મુક્ત સ્વરૂપ) વિદ્યમાન છે, ત્યાં સુધી તે જ સિદ્ધસ્વરૂપ સાક્ષાત્ ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) થાય છે. ત્યાર પછી ઉપર્યુક્ત ભેદબુદ્ધ નષ્ટ થઈ જતાં કેવળ એક નિર્વિકલ્પ શુદ્ધ આત્મતત્ત્વ જ પ્રતિભાસિત થાય છે–તે વખતે તે ઉપાદાન–ઉપાદેય ભાવ પણ નષ્ટ થઈ જાય છે.

**વિશેષાર્થ :** આ ભવ્ય જીવ જ્યારે અનેકાન્તમય પરમાગમનો અભ્યાસ કરે છે ત્યારે તે વિવેકબુદ્ધિ પામીને સિદ્ધોનું યથાર્થ સ્વરૂપ જાણી લે છે. તે વખતે તે પોતાની જાતને કર્મકલંકથી લિપ્ત જાણીને તે જ સિદ્ધસ્વરૂપને ઉપાદેય (ગ્રાહ્ય) માને છે. પરંતુ જેવું તેને સ્વરૂપાચરણ પ્રગટ થાય છે કે તરત જ તેની સંસારી અને સિદ્ધ વિષયક ભેદબુદ્ધિ પણ નષ્ટ થઈ જાય છે–તે વખતે તેને ધ્યાન, ધ્યાતા અને ધ્યેયનો ભેદ જ રહેતો નથી. ત્યારે તેને સર્વ પ્રકારના વિકલ્પોથી રહિત એકમાત્ર શુદ્ધ આત્મસ્વરૂપ જ પ્રતિભાસિત થાય છે. ૧૪.

(शार्दूलविक्रीडित)

**दृष्टिस्तत्त्वविदः करोत्यविरतं शुद्धात्मरूपे स्थिता**
**शुद्धं तत्पदमेकमुल्बणमतेरन्यत्र चान्यादृशम् ।**
**स्वर्णात्तन्मयमेव वस्तु घटितं लोहाच्च मुक्त्यर्थिना**
**मुक्त्वा मोहविजृम्भितं ननु पथा शुद्धेन संचर्यताम् ।।१५।।**

**અનુવાદ :** નિર્મળ બુદ્ધિને ધારણ કરનાર તત્ત્વજ્ઞ પુરુષની દૃષ્ટિ નિરંતર શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિત થઈને એક માત્ર શુદ્ધ આત્મપદ અર્થાત્ મોક્ષપદને કરે છે. પરંતુ અજ્ઞાની પુરુષની દૃષ્ટિ અશુદ્ધ આત્મસ્વરૂપ અથવા પર પદાર્થોમાં સ્થિત થઈને સંસાર વધારે છે. ઠીક છે–સોનામાંથી બનાવાયેલ વસ્તુ (કટક–કુંડળ આદિ) સુવર્ણમય તથા લોઢામાંથી બનાવાયેલ વસ્તુ (છરી આદિ) લોહમય જ હોય છે. તેથી મુમુક્ષુ જીવે મોહથી વૃદ્ધિ પામેલ વિકલ્પ–સમૂહને છોડીને શુદ્ધ મોક્ષમાર્ગમાં ચાલવું જોઈએ. ૧૫.

(शार्दूलविक्रीडित)

**निर्दोषश्रुतचक्षुषा षडपि हि द्रव्याणि दृष्ट्वा सुधी-**
**रादत्ते विशदं स्वमन्यमिलितं स्वर्णं यथा धावकः ।**

यः कश्चित् किल निश्चिनोति रहितः शास्त्रेण तत्त्वं परं
सोऽन्धो रूपनिरूपणं हि कुरुते प्राप्तो मनःशून्यताम् ।।१६।।

**અનુવાદ :** જેવી રીતે સોની તાંબા વગેરેથી મિશ્રિત સોનું જોઈને તેમાંથી તાંબા વગેરેને જુદુ કરીને શુદ્ધ સુવર્ણનું ગ્રહણ કરે છે તેવી જ રીતે વિવેકી પુરુષ નિર્દોષ આગમરૂપ નેત્રથી છ યે દ્રવ્યોને જોઈને તેમાંથી નિર્મળ આત્મતત્ત્વનું ગ્રહણ કરે છે. જે કોઈ જીવ શાસ્ત્ર રહિત રહીને ઉત્કૃષ્ટ આત્મતત્ત્વનો નિશ્ચય કરે છે તે મૂર્ખ મન (વિવેક) રહિત હોવા છતાં ય રૂપનું અવલોકન કરવા ઇચ્છનાર અંધ સમાન છે. ૧૬.

(शार्दूलविक्रीडित)

यो हेयेतरबोधसंभृतमतिर्मुञ्चन् स हेयं परं
तत्त्वं स्वीकुरुते तदेव कथितं सिद्धत्वबीजं जिनैः ।
नान्यो भ्रान्तिगतः स्वतोऽथ परतो हेये परेऽर्थेऽस्य तद्
दुष्प्रापं शुचि वर्त्म येन परमं तद्धाम संप्राप्यते ।।१७।।

**અનુવાદ :** જેની બુદ્ધિ હેય અને ઉપાદેય તત્ત્વના જ્ઞાનથી પરિપૂર્ણ છે તે ભવ્ય જીવ હેય પદાર્થ છોડીને ઉપાદેયભૂત ઉત્કૃષ્ટ આત્મતત્ત્વનો સ્વીકાર કરે છે કારણ કે જિનેન્દ્રદેવે તેને જ મુક્તિનું બીજ બતાવ્યું છે. એનાથી વિપરિત જે જીવ હેય અને ઉપાદેય તત્ત્વના વિષયમાં સ્વતઃ અથવા પરના ઉપદેશથી ભ્રમને પ્રાપ્ત થાય છે, તે ઉક્ત આત્મતત્ત્વનો સ્વીકાર કરી શકતો નથી. તેથી તેને તે નિર્મળ મોક્ષમાર્ગ દુર્લભ થઈ જાય છે કે જેના દ્વારા તે ઉત્કૃષ્ટ મોક્ષપદ પ્રાપ્ત કરાય છે. ૧૭.

(शार्दूलविक्रीडित)

साङ्गोपाङ्गमपि श्रुतं बहुतरं सिद्धत्वनिष्पत्तये
ये ऽन्यार्थं परिकल्पयन्ति खलु ते निर्वाणमार्गच्युताः ।
मार्गं चिन्तयतो ऽन्वयेन तमतिक्रम्यापरेण स्फुटं
निःशेषं श्रुतमेति तत्र विपुले साक्षाद्विचारे सति ।।१८।।

**અનુવાદ :** અંગો અને ઉપાંગો સહિત પુષ્કળ શ્રુત (આગમ) મુક્તિની પ્રાપ્તિનું સાધન છે. જે જીવ તે શ્રુતની અન્ય સાંસારિક પ્રયોજનો માટે કલ્પના કરે છે તેઓ ખરેખર

મોક્ષમાર્ગથી ભ્રષ્ટ છે. તેનું અતિક્રમણ કરીને (અન્ય સાંસારિક પ્રયોજનો છોડીને) અપર અન્વય વડે સર્વોત્કૃષ્ટ એવા (પરંપરાગત દ્રવ્યશ્રુત વડે) જે જીવ માર્ગનું પ્રગટપણે ચિંતન કરે છે તેને તેનો વિપુલ વિચાર કરતાં, સમસ્ત શ્રુત સાક્ષાત્ પ્રાપ્ત થાય છે. ૧૮.

(शार्दूलविक्रीडित)

**निःशेषश्रुतसंपदः शमनिधेराराधनायाः फलं**
**प्राप्तानां विषये सदैव सुखिनामल्पैव मुक्तात्मनाम् ।**
**उक्ता भक्तिवशान्मयाप्यविदुषा या सापि गीः सांप्रतं**
**निःश्रेणिर्भवतादनन्तसुखतद्धामारुरुक्षोर्मम ॥१९॥**

**અનુવાદ :** જે સમસ્ત શ્રુતરૂપ સંપત્તિ સહિત અને શાંતિના સ્થાનભૂત એવા આત્મતત્ત્વની આરાધનાના ફળને પ્રાપ્ત થઈને શાશ્વત સુખ પામી ચુક્યા છે એવા તે મુક્તાત્માઓના વિષયમાં મારા જેવા અલ્પજ્ઞે જે ભક્તિવશે થોડું કાંઈક કથન કર્યું છે તે અનંત સુખથી પરિપૂર્ણ તે મોક્ષરૂપી મહેલમાં ચડવાની ઈચ્છા કરનાર એવા મારા માટે નિસરણી સમાન થાવ. ૧૯.

(शार्दूलविक्रीडित)

**विश्वं पश्यति वेत्ति शर्म लभते स्वोत्पन्नमात्यन्तिकं**
**नाशोत्पत्तियुतं तथाप्यविचलं मुक्त्यर्थिनां मानसे ।**
**एकीभूतमिदं वसत्यविरतं संसारभारोज्झितं**
**शान्तं जीवघनं द्वितीयरहितं मुक्तात्मरूपं महः ॥२०॥**

**અનુવાદ :** આ સિદ્ધાત્મારૂપ તેજ વિશ્વને દેખે અને જાણે છે, માત્ર આત્માથી ઉત્પન્ન આત્યંતિક સુખ પ્રાપ્ત કરે છે, નાશ અને ઉત્પાદ યુક્ત હોવા છતાં પણ નિશ્ચળ (ધ્રુવ) છે, મુમુક્ષુઓના હૃદયમાં એકત્રિત થઈને નિરંતર રહે છે, સંસારના ભારરહિત છે, શાન્ત છે, સઘન આત્મપ્રદેશો સ્વરૂપ છે તથા અસાધારણ છે. ૨૦

(शार्दूलविक्रीडित)

**त्यक्त्वान्यासनयप्रमाणविवृतीः सर्वं पुनः कारकं**
**संबन्धं च तथा त्वमित्यहमिति प्रायान् विकल्पानपि ।**

सर्वोपाधिविवर्जितात्मनि परं शुद्धैकबोधात्मनि
स्थित्वा सिद्धिमुपाश्रितो विजयते सिद्धः समृद्धो गुणैः ॥२१॥

**અનુવાદ :** જે નિક્ષેપ, નય અને પ્રમાણની અપેક્ષાએ કરવામાં આવતા વિવરણો, કર્તા આદિ સમસ્ત કારકો, કારક અને ક્રિયા આદિના સંબંધ, તથા 'તમે' અને 'હું' ઈત્યાદિ વિકલ્પાને પણ છોડીને કેવળ શુદ્ધ એક જ્ઞાનસ્વરૂપ તથા સમસ્ત ઉપાધિ રહિત આત્મામાં સ્થિત થઈને સિદ્ધિ પામ્યા છે એવા તે અનંત જ્ઞાનાદિ ગુણોથી સમૃદ્ધ સિદ્ધ પરમેષ્ઠી જયવંત હો. ૨૧.

(शार्दूलविक्रीडित)

तैरेव प्रतिपद्यतेऽत्र रमणीस्वर्णादिवस्तु प्रियं
तत्सिद्धैकमहः सदन्तरदृशा मन्दैर्न यैर्दृश्यते ।
ये तत्तत्त्वरसप्रभिन्नहृदयास्तेषामशेषं पुनः
साम्राज्यं तृणवद्वपुश्च परवद्भोगाश्च रोगा इव ॥२२॥

**અનુવાદ :** સંસારમાં જે મૂર્ખ જીવો ઉત્તમ અભ્યંતર નેત્ર (જ્ઞાન) થી તે સમીચીન સિદ્ધાત્મારૂપ અદ્વિતીય તેજને દેખતા નથી તેઓ જ અહીં સ્ત્રી અને સુવર્ણ આદિ વસ્તુઓને પ્રિય માને છે. પરંતુ જેમનું હૃદય તે સિદ્ધાત્મારૂપ રસથી પરિપૂર્ણ થઈ ગયું છે તેમને સમસ્ત સામ્રાજ્ય (ચક્રવર્તિપણું) તૃણ સમાન તુચ્છ લાગે છે, શરીર બીજા જેવું (અથવા શત્રુ જેવું) પ્રતિભાસે છે, તથા ભોગ રોગ સમાન જણાય છે. ૨૨.

(शार्दूलविक्रीडित)

वन्द्यास्ते गुणिनस्त एव भुवने धन्यास्त एव ध्रुवं
सिद्धानां स्मृतिगोचरं रुचिवशान्नामापि यैर्नीयते ।
ये ध्यायन्ति पुनः प्रशस्तमनसस्तान् दुर्गभूभृद्दरी-
मध्यस्थाः स्थिरनासिकाग्रिमदृशस्तेषां किमु ब्रूमहे ॥२३॥

**અનુવાદ :** જે ભવ્ય જીવ ભક્તિપૂર્વક સિદ્ધોના નામ માત્રનું પણ સ્મરણ કરે છે તે સંસારમાં નિશ્ચયથી વંદનીય છે, તેઓ જ ગુણવાન છે અને તેઓ જ પ્રશંસા યોગ્ય છે. તો પછી જે સાધુજનો દુર્ગ (દુર્ગમ સ્થાન) અથવા પર્વતની ગુફાની મધ્યમાં સ્થિત રહીને અને નાસિકાના અગ્રભાગ ઉપર પોતાના નેત્રો સ્થિર કરીને પ્રસન્ન મનથી

તે સિદ્ધોનું ધ્યાન કરે છે તેમના વિષયમાં અમે શું કહીએ? અર્થાત્ તેઓ તો અતિશય ગુણવાન અને વંદનીય છે જ. ૨૩.

(શાર્દૂલવિક્રીડિત)

यः सिद्धे परमात्मनि प्रविततज्ञानैकमूर्तौ किल
ज्ञानी निश्चयतः स एव सकलप्रज्ञावतामग्रणीः ।
तर्कव्याकरणादिशास्त्रसहितैः किं तत्र शून्यैर्यतो
यद्योगं विदधाति वेध्यविषये तद्बाणमावर्ण्यते ।।२४।।

**અનુવાદ :** જે ભવ્ય જીવ અતિશય વિસ્તૃત જ્ઞાનરૂપ અદ્વિતીય શરીરના ધારક સિદ્ધ પરમાત્માના વિષયમાં જ્ઞાનવાન્ છે તે જ નિશ્ચયથી સમસ્ત વિદ્વાનોમાં શ્રેષ્ઠ છે. પરંતુ જે સિદ્ધાત્મવિષયક જ્ઞાનથી શૂન્ય રહીને ન્યાય અને વ્યાકરણ આદિ શાસ્ત્રોના જાણકાર છે તેમનું અહીં કાંઈ પણ પ્રયોજન નથી. કારણ એ કે જે લક્ષ્યના વિષયમાં સંબંધ કરે છે તે જ બાણ કહેવાય છે.

**વિશેષાર્થ :** જે બાણ પોતાના લક્ષ્યને વીંધે છે તે જ બાણ પ્રશંસનીય મનાય છે, પણ જે બાણ પોતાનું લક્ષ્ય વીંધવામાં અસમર્થ રહે છે તે વાસ્તવમાં બાણ કહેવરાવવાને યોગ્ય નથી. એવી જ રીતે જે ભવ્ય જીવ પ્રયોજનભૂત આત્મતત્ત્વના વિષયમાં જાણકારી રાખે છે તે જ વાસ્તવમાં પ્રશંસનીય છે. એનાથી વિપરીત જે ન્યાય, વ્યાકરણ અને જ્યોતિષ આદિ અનેક વિષયોનાં પ્રકાંડ વિદ્વાન થઈને પણ જો પ્રયોજનભૂત આત્મતત્ત્વના વિષયમાં અજ્ઞાની છે તો તે નિન્દાને પાત્ર છે. કારણ એ કે આત્મજ્ઞાન વિના જીવનું કદી કલ્યાણ થઈ શકતું નથી. એ જ કારણે દ્રવ્યલિંગી મુનિ બાર અંગના પાઠી હોવા છતાં પણ અભવ્યસેનની જેમ સંસારમાં પરિભ્રમણ કરે છે અને એનાથી વિપરીત શિવભૂતિ (ભાવ-પ્રાભૃત-૫૨-૫૩) મુનિ જેવા ભવ્ય પ્રાણી કેવળ તુષ–માષ સમાન આત્મપરના વિવેકથી જ સંસારથી મુક્ત થઈ જાય છે. ૨૪.

(શાર્દૂલવિક્રીડિત)

सिद्धात्मा परमः परं प्रविलसद्बोधः प्रबुद्धात्मना
येनाज्ञायि स किं करोति बहुभिः शास्त्रैर्बहिर्वाचकैः ।
यस्य प्रोद्गतरोचिरुज्ज्वलतनुर्भानुः करस्थो भवेत्
ध्वान्तध्वंसविधौ स किं मृगयते रत्नप्रदीपादिकान् ।।२५।।

**અનુવાદ :** જે વિવેકી પુરુષે સમ્યગ્જ્ઞાનથી વિભૂષિત કેવળ ઉત્કૃષ્ટ સિદ્ધ આત્માનું

પરિજ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે તે બાહ્ય પદાર્થોનું વિવેચન કરનાર ઘણા શાસ્ત્રોથી શું કરે? અર્થાત્ તેને આમનું કાંઈ પણ પ્રયોજન રહેતું નથી. બરાબર જ છે–જેના હાથમાં કિરણોના ઉદયથી સંયુક્ત ઉજ્જ્વળ શરીરવાળો સૂર્ય સ્થિત રહે છે તે શું અંધકારને નષ્ટ કરવા માટે રત્નના દીપક આદિ ગોતે છે? અર્થાત્ ગોતતા નથી. ૨૫.

(શાર્દૂલવિક્રીડિત)

**सर्वत्र च्युतकर्मबन्धनतया सर्वत्र सद्दर्शनाः**
**सर्वत्राखिलवस्तुजातविषयव्यासक्तबोधत्विषः ।**
**सर्वत्र स्फुरदुन्नतोन्नतसदानन्दात्मका निश्चलाः**
**सर्वत्रैव निराकुलाः शिवसुखं सिद्धाः प्रयच्छन्तु नः ।।२६।।**

**અનુવાદ :** જે સિદ્ધ જીવ સમસ્ત આત્મપ્રદેશોમાં કર્મબંધનથી રહિત થઈ જવાને કારણે સર્વ આત્મપ્રદેશોમાં વ્યાપ્ત સમીચીન દર્શન સહિત છે, જેમની સમસ્ત વસ્તુઓને વિષય કરનારી જ્ઞાનજ્યોતિનો પ્રસાર સર્વત્ર થઈ રહ્યો છે અર્થાત્ જે સર્વજ્ઞ થઈ ગયા છે. જે સર્વત્ર પ્રકાશમાન શાશ્વત અનંત સુખસ્વરૂપ છે તથા જે સર્વત્ર નિશ્ચળ નિરાકુળ છે. આવા તે સિદ્ધ અમને મોક્ષસુખ પ્રદાન કરો. ૨૬.

(શાર્દૂલવિક્રીડિત)

**आत्मोत्तुङ्गगृहं प्रसिद्ध बहिराद्यात्मप्रभेदक्षणं**
**बह्वात्माध्यवसानसंगतलसत्सोपानशोभान्वितम् ।**
**तत्रात्मा विभुरात्मनात्मसुहृदो हस्तावलम्बी समा-**
**रुह्यानन्दकलत्रसंगतभुवं सिद्धः सदा मोदते ।।२७।।**

**અનુવાદ :** જે આત્મારૂપી ઉન્નત ભવન પ્રસિદ્ધ બહિરાત્મા આદિ ભેદોરૂપ ખંડો (માળ) થી સહિત તથા આત્માના પરિણામોરૂપ અનેક સુંદર પગથિયાઓની શોભા સંયુક્ત છે તેમાં આત્મારૂપ મિત્રના હાથનો આશ્રય લેનાર આ આત્મારૂપ રાજા આનંદરૂપ સ્ત્રીથી અધિષ્ઠિત પૃથ્વી ઉપર ચઢીને મુક્ત થતો થકો સદા આનંદિત રહે છે.

**વિશેષાર્થ :** જેમ અનેક સીડીઓથી સુશોભિત પાંચ સાત માળવાળા ભવનમાં મનુષ્ય કોઈ મિત્રના હાથનો સહારો લઈને તે સીડીઓના આશ્રયે અનાયાસે જ ઉપર અભીષ્ટ સ્થાનમાં પહોંચીને આનંદ પામે છે. તેવી જ રીતે આ જીવ અધઃપ્રવૃત્તકરણાદિ પરિણામોરૂપ સીડીઓ ઉપરથી

બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મારૂપ ત્રણ ખંડવાળા આત્મારૂપ ભવનમાં સ્થિત થયો થકો પોતાના આત્મારૂપી મિત્રનું હસ્તાવલંબન લઈને (આત્મલીન થઈને) શાશ્વત સુખ સંયુક્ત તે સિદ્ધક્ષેત્રમાં પહોંચી જાય છે જ્યાં તે અનંતકાળ સુધી અબાધ સુખ ભોગવે છે. ૨૭.

(शार्दूलविक्रीडित)

**सैवैका सुगतिस्तदेव च सुखं ते एव दृग्बोधने**
**सिद्धानामपरं यदस्ति सकलं तन्मे प्रियं नेतरत् ।**
**इत्यालोच्य दृढं त एव च मया चित्ते धृताः सर्वदा**
**तद्रूपं परमं प्रयातुमनसा हित्वा भवं भीषणम् ।।२८।।**

**અનુવાદ :** સિદ્ધોની જે ગતિ છે તે જ એક ઉત્તમ ગતિ છે. તેમનું જે સુખ છે તે જ એક ઉત્તમ સુખ છે. તેમનાં જે જ્ઞાન-દર્શન છે તે જ યથાર્થ જ્ઞાનદર્શન છે તથા બીજું પણ જે કાંઈ સિદ્ધોનું છે તે બધું મને પ્રિય છે. એના સિવાય બીજું કાંઈ પણ મને પ્રિય નથી. આ રીતે વિચાર કરતાં મેં ભયાનક સંસાર છોડીને અને તે સિદ્ધોના ઉત્કૃષ્ટ સ્વરૂપની પ્રાપ્તિમાં મન જોડીને મારા ચિત્તમાં નિરંતર તે સિદ્ધોને જ દૃઢતા પૂર્વક ધારણ કર્યા છે. ૨૮.

(शार्दूलविक्रीडित)

**ते सिद्धाः परमेष्ठिनो न विषया वाचामतस्तान् प्रति**
**प्रायो वच्मि यदेव तत्खलु नभस्यालेख्यमालिख्यते ।**
**तन्नामापि मुदे स्मृतं तत इतो भक्त्याथ वाचालित-**
**स्तेषां स्तोत्रमिदं तथापि कृतवानम्भोजनन्दी मुनिः ।।२९।।**

**અનુવાદ :** તે સિદ્ધ પરમેષ્ઠી વચનોના વિષય નથી તેથી જ ઘણું કરીને તેમના લક્ષ્યે જે કાંઈ હું કહી રહ્યો છું તે આકાશમાં ચિત્રલેખન બરાબર છે. છતાં પણ તેમના નામમાત્રનું સ્મરણેય આનંદ ઉત્પન્ન કરે છે, તેથી ભક્તિવિશે વાચાળ થઈને મેં–પદ્મનંદી મુનિએ–તેમનું આ સ્તોત્ર કર્યું છે. ૨૯.

આ રીતે સિદ્ધસ્તુતિ સમાપ્ત થઈ. ૮.

# ૯. આલોચના

[९. आलोचना]

(शार्दूलविक्रीडित)

यद्यानन्दनिधिं भवन्तममलं तत्त्वं मनो गाहते सिद्धस्त्ाुतिा
त्वन्नामस्मृतिलक्षणो यदि महामन्त्रो ऽस्त्यनन्तप्रभः।
यानं च त्रितयात्मके यदि भवेन्मार्गे भवद्दर्शिते
को लोकेऽत्र सतामभीष्टविषये विघ्नो जिनेश प्रभो ॥१॥

**અનુવાદ :** હે જિનેન્દ્રદેવ! જો સજ્જનોનું મન આનંદના સ્થાનભૂત આપના નિર્મળ સ્વરૂપનું અવગાહન કરે છે, જો અનંત દીપ્તિ સંપન્ન આપના નામ સ્મરણરૂપ મહામંત્ર પાસે છે અને જો આપના દ્વારા બતાવવામાં આવેલ રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગમાં ગમન છે; તો પછી અહીં લોકમાં તે સજ્જનોને પોતાના ઈષ્ટ વિષયમાં વિઘ્ન ક્યું હોઈ શકે? અર્થાત્ તેમને ઈષ્ટ વિષયમાં કોઈ બાધા ઉપસ્થિત થતી નથી. ૧.

(शार्दूलविक्रीडित)

निःसंगत्वमरागिताथ समता कर्मक्षयो बोधनं
विश्वव्यापि समं दृशा तदतुलानन्देन वीर्येण च।
ईदृग्देव तवैव संसृति परित्यागाय जातः क्रमः
शुद्धस्तेन सदा भवच्चरणयोः सेवा सतां संमता ॥२॥

**અનુવાદ :** હે દેવ! પરિગ્રહત્યાગ, વીતરાગતા, સમતા, કર્મનો ક્ષય, કેવળદર્શન સહિત સમસ્ત પદાર્થોને એક સાથે વિષય કરનારૂં જ્ઞાન (કેવળજ્ઞાન), અનંત સુખ અને અનંતવીર્ય; આ પ્રકારની આ વિશુદ્ધ પ્રવૃત્તિ સંસારથી મુક્ત

થવા માટે આપની જ થયેલી છે. તેથી સજ્જનોને સદા આપના ચરણોની આરાધના ઈષ્ટ છે. ૨.

(શાર્દૂલવિક્રીડિત)

**यद्येतस्य दृढा मम स्थितिरभूत्त्वत्सेवया निश्चितं**
**त्रैलोक्येश बलीयसोऽपि हि कुतः संसारशत्रोर्भयम् ।**
**प्राप्तस्यामृतवर्षहर्षजनकं सद्यन्त्रधारागृहं**
**पुंसः किं कुरुते शुचौ खरतरो मध्याह्नकालातपः ॥३॥**

**અનુવાદ :** હે ત્રિલોકીનાથ! જો આપની આરાધનાથી નિશ્ચયથી મારી એવી દૃઢ સ્થિતિ થઈ ગઈ છે તો પછી મને અતિશય બળવાન્ સંસારરૂપ શત્રુથી પણ ભય કેમ હોય? અર્થાત્ ન હોય. ઠીક છે–અમૃતવર્ષાથી હર્ષ ઉત્પન્ન કરનાર એવા ઉત્તમ ફુવારા યુક્ત ગૃહને પ્રાપ્ત થયેલ પુરુષને શું ગ્રીષ્મ ઋતુમાં મધ્યાહ્નકાલીન સૂર્યનો અત્યંત તીક્ષ્ણ સંતાપ પણ શું દુઃખી કરી શકે છે? અર્થાત્ કરી શકતો નથી. ૩.

(શાર્દૂલવિક્રીડિત)

**यः कश्चिन्निपुणो जगत्त्रयगतानर्थानशेषांश्चिरं**
**सारासारविवेचनैकमनसा मीमांसते निस्तुषम् ।**
**तस्य त्वं परमेक एव भगवन् सारो ह्यसारं परं**
**सर्वं मे भवदाश्रितस्य महती तेनाभवन्निर्वृतिः ॥४॥**

**અનુવાદ :** હે ભગવાન! જે કોઈ ચતુર પુરુષ સાર અને અસાર પદાર્થોનું વિવેચન કરનાર અસાધારણ મન દ્વારા નિર્દોષ રીતે ત્રણે લોકના સમસ્ત પદાર્થોનો ઘણા કાળ સુધી વિચાર કરે છે તેને કેવળ એક આપ જ સારભૂત અને અન્ય સર્વ અસારભૂત છે તેથી આપના શરણે આવેલા મને મહાન્ આનંદ પ્રાપ્ત થાય છે. ૪.

(શાર્દૂલવિક્રીડિત)

**ज्ञानं दर्शनमप्यशेषविषयं सौख्यं तथात्यन्तिकं**
**वीर्यं च प्रभुता च निर्मलतरा रूपं स्वकीयं तव ।**
**सम्यग्योगदृशा जिनेश्वर चिरात्तेनोपलब्धे त्वयि**
**ज्ञातं किं न विलोकितं न किमथ प्राप्तं न किं योगिभिः ॥५॥**

**અનુવાદ :** હે જિનેશ્વર! આપનું જ્ઞાન અને દર્શન સમસ્ત પદાર્થોનો વિષય કરનાર છે, આપનાં સુખ અને વીર્ય અનંત છે, તથા આપનું પ્રભુત્વ અતિશય નિર્મળ છે; આ પ્રકારનું આપનું નિજ સ્વરૂપ છે. તેથી જે યોગીજનોએ સમ્યક્ ધ્યાનરૂપ નેત્ર દ્વારા ચિરકાળમાં આપને પ્રાપ્ત કરી લીધા છે તેમણે શું નથી જાણ્યું? શું નથી જોયું, અને શું નથી પ્રાપ્ત કરી લીધું? અર્થાત્ એક માત્ર આપને જાણી લેવાથી તેમણે બધું જ જાણી લીધું, દેખી લીધું અને પ્રાપ્ત કરી લીધું છે. ૫.

(शार्दूलविक्रीडित)

त्वामेकं त्रिजगत्पतिं परमहं मन्ये जिनं स्वामिनं
त्वामेकं प्रणमामि चेतसि दधे सेवे स्तुवे सर्वदा ।
त्वामेकं शरणं गतोऽस्मि बहुना प्रोक्तेन किंचिद्भवे-
दित्थं तद्भवतु प्रयोजनमतो नान्येन मे केनचित् ।।६।।

**અનુવાદ :** હું એક આપને જ ત્રણે લોકના સ્વામી, ઉત્કૃષ્ટ, જિન અને પ્રભુ માનું છું. હું એક આપને જ સર્વદા નમસ્કાર કરૂં છું, આપને જ ચિત્તમાં ધારણ કરૂં છું, આપની જ સેવા કરૂં છું, આપની જ સ્તુતિ કરૂં છું, તથા એક આપના જ શરણને પ્રાપ્ત થયો છું. ઘણું કહેવાથી શું લાભ? આ રીતે જે કાંઈ પ્રયોજન સિદ્ધ થઈ શકતું હોય તે થાવ. મને આપના સિવાય અન્ય કોઈની સાથે પ્રયોજન નથી. ૬.

(शार्दूलविक्रीडित)

पापं कारितवान् यदत्र कृतवानन्यैः कृतं साध्विति
भ्रान्त्याहं प्रतिपन्नवांश्च मनसा वाचा च कायेन च ।
काले संप्रति यच्च भाविनि नवस्थानोद्गतं यत्पुन-
स्तन्मिथ्याखिलमस्तु मे जिनपते स्वं निन्दतस्ते पुरः ।।७।।

**અનુવાદ :** હે જિનેન્દ્રદેવ! મન, વચન અને કાયાથી મેં અહીં જે કાંઈ પણ અજ્ઞાનવશે પાપ કર્યું હોય, અન્ય દ્વારા કરાવ્યું હોય અને બીજાઓ દ્વારા કરાતાં 'સારું કર્યું'; એમ સ્વીકાર કર્યો હોય અર્થાત્ અનુમોદના કરી હોય; એ ઉપરાંત આ જ નવ સ્થાનો (૧ મનકૃત, ૨ મન કારિત, ૩ મન અનુમોદિત, ૪ વચનકૃત, ૫ વચનકારિત, ૬ વચનાનુમોદિત, ૭ કાયકૃત, ૮ કાયકારિત અને કાયાનુમોદિત) દ્વારા બીજા પણ

જે પાપ વર્તમાનકાળમાં કરી રહ્યો છું, અને ભવિષ્યકાળમાં કરીશ તે સર્વ મારા પાપ આપની સામે આત્મનિંદા કરવાથી મિથ્યા થાવ. ૭.

(શાર્દૂલવિક્રીડિત)

**लोकालोकमनन्तपर्यययुतं कालत्रयीगोचरं**
**त्वं जानासि जिनेन्द्र पश्यसि तरां शश्वत्समं सर्वतः ।**
**स्वामिन् वेत्सि ममैकजन्मजनितं दोषं न किंचित्कुतो**
**हेतोस्ते पुरतः स वाच्य इति मे शुद्ध्यर्थमालोचितम् ।।८।।**

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપ ત્રિકાળવર્તી અનંત પર્યાયો સહિત લોક અને અલોકને સદા સર્વ તરફથી યુગપત્ જાણો અને દેખો છો. તો પછી હે સ્વામી! આપ મારા એક જન્મમાં ઉત્પન્ન દોષોને ક્યા કારણે નથી જાણતા? અર્થાત્ અવશ્ય જાણો છો. છતાં પણ હું આલોચના પૂર્વક આત્મશુદ્ધિ માટે ઉક્ત દોષ આપની સામે પ્રગટ કરૂં છું. ૮.

(શાર્દૂલવિક્રીડિત)

**आश्रित्य व्यवहारमार्गमथवा मूलोत्तराख्यान् गुणान्**
**साधोर्धारयतो मम स्मृतिपथप्रस्थायि यद्दूषणम् ।**
**शुद्ध्यर्थं तदपि प्रभो तव पुरः सज्ज्ञोऽहमालोचितुं**
**निःशल्यं हृदयं विधेयमजडैर्भव्यैर्यतः सर्वथा ।।९।।**

**અનુવાદ :** વ્યવહાર માર્ગનો આશ્રય કરીને અથવા મૂળ અને ઉત્તર ગુણોને ધારણ કરનાર મારા જેવા સાધુને જે દૂષણ સ્મરણમાં આવી રહ્યું છે તેની પણ શુદ્ધિ માટે હે પ્રભો ! હું આપની પાસે આલોચના કરવા માટે ઉદ્યત થયો છું. કારણ એ છે કે વિવેકી ભવ્ય જીવોએ સર્વ પ્રકારે પોતાનું હૃદય શલ્યરહિત કરવું જોઈએ. ૯.

(શાર્દૂલવિક્રીડિત)

**सर्वो ऽप्यत्र मुहुर्मुहुर्जिनपते लोकैरसंख्यैर्मित-**
**व्यक्ताव्यक्तविकल्पजालकलितः प्राणी भवेत् संसृतौ ।**

तत्तावद्भिरयं सदैव निचितो दोषैर्विकल्पानुगैः
प्रायश्चित्तमियत् कुतः श्रुतगतं शुद्धिर्भवत्संनिधेः ।।१०।।

**અનુવાદ :** હે જિનેન્દ્રદેવ! અહીં સંસારમાં સર્વ પ્રાણી વારંવાર અસંખ્યાત લોકપ્રમાણ સ્પષ્ટ અને અસ્પષ્ટ વિકલ્પોના સમૂહથી સંયુક્ત હોય છે. તથા ઉક્ત વિકલ્પો અનુસાર આ પ્રાણી નિરંતર એટલા (અસંખ્યાત લોક પ્રમાણ) જ દોષોથી વ્યાપ્ત હોય છે. આટલું પ્રાયશ્ચિત્ત ભલા, આગમપ્રમાણે ક્યાંથી થઈ શકે? અર્થાત્ થઈ શકતું નથી. માટે તે દોષોની શુદ્ધિ આપની નિકટતા અથવા આરાધનાથી થાય છે. ૧૦.

(शार्दूलविक्रीडित)

भावान्तःकरणेन्द्रियाणि विधिवत्संहृत्य बाह्याश्रया-
देकीकृत्य पुनस्त्वया सह शुचिज्ञानैकसन्मूर्तिना ।
निःसंगः श्रुतसारसंगतमतिः शान्तो रहः प्राप्तवान्
यस्त्वां देव समीक्षते स लभते धन्यो भवत्संनिधिम् ।।११।।

**અનુવાદ :** હે દેવ! જે ભવ્ય જીવ ભાવમન અને ભાવેંન્દ્રિયોને નિયમાનુસાર બાહ્ય વસ્તુઓ તરફથી ખસેડીને તથા નિર્મળ અને જ્ઞાનરૂપ અદ્વિતીય ઉત્તમ મૂર્તિના ધારક આપની સાથે એકમેક કરીને પરિગ્રહરહિત, આગમના રહસ્યના જ્ઞાતા, શાન્ત અને એકાન્ત સ્થાનને પ્રાપ્ત થતા થકા આપને દેખે છે તે પ્રશંસનીય છે. તે જ આપની સમીપતા પ્રાપ્ત કરે છે. ૧૧.

(शार्दूलविक्रीडित)

त्वामासाद्य पुरा कृतेन महता पुण्येन पूज्यं प्रभुं
ब्रह्माद्यैरपि यत्पदं न सुलभं तल्लभ्यते निश्चितम् ।
अर्हन्नाथ परं करोमि किमहं चेतो भवत्संनिधा-
वद्यापि ध्रियमाणमप्यतितरामेतद्बहिर्धावति ।।१२।।

**અનુવાદ :** હે અર્હત્ દેવ! પૂર્વકૃત મહાન્ પુણ્યના ઉદયથી પૂજવાને યોગ્ય આપ જેવા સ્વામીને પામીને જે પદ બ્રહ્મા આદિને માટે પણ દુર્લભ છે તે નિશ્ચિતપણે

પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ હે નાથ! હું શું કરૂં? આપની સમીપમાં બળપૂર્વક લગાવવા છતાં પણ આ ચિત્ત હજી યે બાહ્ય પદાર્થો તરફ દોડે છે. ૧૨.

(शार्दूलविक्रीडित)

संसारो बहुदुःखदः सुखपदं निर्वाणमेतत्कृते
त्यक्त्वार्थादि तपोवनं वयमितास्तत्रोज्झितः संशयः ।
एतस्मादपि दुष्करव्रतविधेर्नाद्यापि सिद्धिर्यतो
वातालीतरलीकृतं दलमिव भ्राम्यत्यदो मानसम् ।।१३।।

**અનુવાદ :** સંસાર બહુ દુઃખદાયક છે, પરંતુ મોક્ષ સુખનું સ્થાન છે. આ મોક્ષ પ્રાપ્ત કરવા માટે અમે ધન–સંપત્તિ આદિ છોડીને તપોવનમાં આવ્યા છીએ અને તેના વિષયમાં અમે સર્વ પ્રકારનો સંદેહ પણ છોડી દીધો છે. પરંતુ આ કઠિન વ્રતવિધાનથી પણ હજી સુધી સિદ્ધિ પ્રાપ્ત ન થઈ. એનું કારણ એ છે કે વાયુસમૂહ દ્વારા ચંચળ કરવામાં આવેલા પાંદડા સમાન આ મન ભ્રમિત થઈ રહ્યું છે. ૧૩.

(शार्दूलविक्रीडित)

झम्पाः कुर्वदितस्ततः परिलसद्बाह्यार्थलाभाद्दद-
न्नित्यं व्याकुलतां परां गतवतः कार्यं विनाप्यात्मनः ।
ग्रामं वासयदिन्द्रियं भवकृतो दूरं सुहृत् कर्मणः
क्षेमं तावदिहास्ति कुत्र यमिनो यावन्मनो जीवति ।।१४।।

**અનુવાદ :** જે મન આમતેમ ભટક્યા કરે છે, બાહ્ય પદાર્થોની પ્રાપ્તિથી હર્ષ પામે છે, કોઈ પણ પ્રયોજન વિના નિરંતર જ્ઞાનમય આત્માને અતિશય વ્યાકુળ કરે છે, ઇન્દ્રિય સમૂહને વસાવે છે તથા સંસારના કારણભૂત કર્મનો પરમ મિત્ર છે; એવું તે મન જ્યાં સુધી જીવિત છે ત્યાંસુધી અહીં સંયમીનું કલ્યાણ ક્યાંથી થઈ શકે? અર્થાત્ થઈ શકતું નથી.

**વિશેષાર્થ :** આનો અભિપ્રાય એ છે કે જ્યાંસુધી મન શાન્ત થતું નથી ત્યાંસુધી સંયમનું પરિપાલન કરવા છતાં પણ કદી આત્માનું કલ્યાણ થઈ શકતું નથી. કારણ એ છે કે મનની અસ્થિરતાથી બાહ્ય ઇષ્ટાનિષ્ટ પદાર્થોમાં રાગ–દ્વેષની પ્રવૃત્તિ બની રહે છે અને જ્યાં સુધી રાગ–દ્વેષનું પરિણમન છે ત્યાંસુધી કર્મનો બંધ પણ અનિવાર્ય છે. તથા જ્યાંસુધી નવા નવા કર્મનો બંધ

થતો રહે ત્યાંસુધી દુઃખમય આ જન્મ–મરણરૂપ સંસારની પરંપરા પણ ચાલુ જ રહે છે. આ હાલતમાં આત્માને કદી શાંતિની પ્રાપ્તિ થઈ શકતી નથી. માટે આત્મકલ્યાણની ઈચ્છા કરનાર ભવ્ય જીવોએ સૌથી પહેલાં પોતાનું ચંચળ મન વશ કરવું જોઈએ. મન વશ થતાં તેના ઈશારે ચાલતી ઈન્દ્રિયો સ્વયમેવ વશ થઈ જાય છે. તો એવી અવસ્થામાં બન્ધનો અભાવ થઈ જવાથી મોક્ષ પણ કાંઈ દૂર રહેતો નથી. ૧૪.

(शार्दूलविक्रीडित)

**नूनं मृत्युभुपैति यातममलं त्वां शुद्धबोधात्मकं**
**त्वत्तस्तेन बहिर्भ्रमत्यविरतं चेतो विकल्पाकुलम् ।**
**स्वामिन् किं क्रियते ऽत्र मोहवशतो मृत्योर्न भीः कस्य तत्**
**सर्वानर्थपरंपराकृदहितो मोहः स मे वार्यताम् ।।१५।।**

**અનુવાદ :** હે સ્વામિન્! આ ચિત્ત નિર્મળ અને શુદ્ધચૈતન્યસ્વરૂપ આપને પ્રાપ્ત થયું થકું નિશ્ચયથી મૃત્યુને પ્રાપ્ત થઈ જાય છે. તેથી તે વિકલ્પોથી વ્યાકુળ થતું થકું આપના તરફથી ખસીને નિરંતર બાહ્ય પદાર્થોમાં પરિભ્રમણ કરે છે. શું કરીએ? મોહના વશે અહીં મૃત્યુનો ભય ભલા કોને નથી હોતો? અર્થાત્ તેનો ભય ઘણું કરીને બધાને હોય છે. તેથી હે પ્રભો! સમસ્ત અનર્થોની પરંપરાના કારણભૂત મારા આ મોહરૂપ શત્રુનું નિવારણ કરો. ૧૫.

(शार्दूलविक्रीडित)

**सर्वेषामपि कर्मणामतितरां मोहो बलीयानसौ**
**धत्ते चञ्चलतां बिभेति च मृतेस्तस्य प्रभावान्मनः ।**
**नो चेज्जीवति को म्रियेत क इह द्रव्यत्वतः सर्वदा**
**नानात्वं जगतो जिनेन्द्र भवता दृष्टं परं पर्ययैः ।।१६।।**

**અનુવાદ :** બધા કર્મોમાં તે મોહ અતિશય બળવાન છે. તેના જ પ્રભાવથી મન ચપળતા ધારણ કરે છે અને મૃત્યુથી ડરે છે. જો એમ ન હોત તો પછી સંસારમાં દ્રવ્યની અપેક્ષાએ કોણ જીવે છે અને કોણ મરે છે? હે જિનેન્દ્ર! આપે ફક્ત પર્યાયોની અપેક્ષાએ જ સંસારની વિવિધતા જોઈ છે.

**વિશેષાર્થ :** જો નિશ્ચયનયથી વિચાર કરવામાં આવે તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આ આત્મા

અનાદિ–નિધન છે. તેનો ન કદી જન્મ થાય છે અને ન કદી મરણ. તેના જન્મ–મરણની કલ્પના વ્યવહારી જન પર્યાયની પ્રધાનતાથી કેવળ મોહના નિમિત્તે કરે છે. જેનો તે મોહ નષ્ટ થઈ જાય છે તેનું મન ચપળતા છોડીને સ્થિર થઈ જાય છે. તેને પછી મૃત્યુનો ભય રહેતો નથી. આ રીતે તેને યથાર્થ આત્મસ્વરૂપની પ્રતીતિ થવા લાગે છે અને ત્યારે તે તરત જ પરમાનંદમય અવિનશ્વર પદને પ્રાપ્ત કરી લે છે. ૧૬.

(शार्दूलविक्रीडित)

**वातव्याप्तसमुद्रवारिलहरीसंघातवत्सर्वदा**
**सर्वत्र क्षणभङ्गुरं जगदिदं संचिन्त्य चेतो मम ।।**
**संप्रत्येतदशेषजन्मजनकव्यापारपारस्थितं**
**स्थातुं वाञ्छति निर्विकारपरमानन्दे त्वयि ब्रह्मणि ।।१७।।**

**અનુવાદ :** આ વિશ્વ વાયુથી તાડિત થયેલા સમુદ્રના જળમાં ઉત્પન્ન થતી લહેરોના સમૂહ સમાન સદા અને સર્વત્ર ક્ષણનશ્વર છે, એવો વિચાર કરીને આ મારૂં મન અત્યારે જન્મ–મરણરૂપ સંસારના કારણભૂત આ સમસ્ત પ્રવૃત્તિઓની પાર પહોંચીને અર્થાત્ આવી ક્રિયાઓ છોડીને નિર્વિકાર અને પરમાનંદસ્વરૂપ આપ પરમાત્મામાં સ્થિત થવાની ઇચ્છા કરે છે. ૧૭.

(शार्दूलविक्रीडित)

**एनः स्यादशुभोपयोगत इतः प्राप्नोति दुःखं जनो**
**धर्मः स्याच्च शुभोपयोगत इतः सौख्यं किमप्याश्रयेत् ।**
**द्वन्द्वं द्वन्द्वमिदं भवाश्रयतया शुद्धोपयोगात्पुन-**
**र्नित्यानन्दपदं तदत्र च भवानर्हन्नहं तत्र च ।।१८।।**

**અનુવાદ :** અશુભ ઉપયોગથી પાપ ઉત્પન્ન થાય છે અને એનાથી પ્રાણી દુઃખ પ્રાપ્ત કરે છે તથા શુભ ઉપયોગથી ધર્મ થાય છે અને એનાથી પ્રાણી કોઈ વિશેષ સુખ પ્રાપ્ત કરે છે. સુખ અને દુઃખનું આ કલહકારી જોડું સંસારની સહાયથી ચાલે છે. પરંતુ એનાથી વિપરીત શુદ્ધ ઉપયોગથી તે શાશ્વત સુખનું સ્થાન અર્થાત્ મોક્ષ પ્રાપ્ત થાય છે. હે અરહંત જિન! આ પદ (મોક્ષ)માં તો આપ સ્થિત છો અને હું તે પદમાં અર્થાત્ શાતા, અશાતા વેદનીયજનિત ક્ષણિક સુખ–દુઃખના સ્થાનભૂત સંસારમાં સ્થિત છું. ૧૮.

(शार्दूलविक्रीडित)

यन्नान्तर्न बहिः स्थितं न च दिशि स्थूलं न सूक्ष्मं पुमान्
नैव स्त्री न नपुंसकं न गुरुतां प्राप्तं न यल्लाघवम् ।
कर्मस्पर्शशरीरगन्धगणनाव्याहारवर्णोज्झितं
स्वच्छज्ञानदृगेकमूर्ति तदहं ज्योतिः परं नापरम् ।।१९।।

**અનુવાદ :** જે ઉત્કૃષ્ટ જ્યોતિ (ચૈતન્ય) ન તો અંદર સ્થિત છે અને ન બહાર સ્થિત છે, જે દિશાવિશેષમાં સ્થિત નથી, જે ન સ્થૂળ છે અને ન સૂક્ષ્મ છે; જે ન પુરુષ છે, ન સ્ત્રી છે અને ન નપુંસક છે; જે ન ગુરુતાને પ્રાપ્ત છે અને ન લઘુતાને પ્રાપ્ત છે; જે કર્મ, સ્પર્શ, શરીર, ગંધ, ગણના, શબ્દ અને વર્ણરહિત છે; તથા જે નિર્મળ જ્ઞાન અને દર્શનની મૂર્તિ છે; તે જ ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ હું છું–એનાથી ભિન્ન બીજું કોઈ પણ સ્વરૂપ મારું નથી.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે ભેદબુદ્ધિ રહે ત્યાંસુધી શરીર અને સ્વ અને પરની કલ્પના થાય છે. અંદર–બહાર; સ્થૂળ–સૂક્ષ્મ તથા પુરુષ–સ્ત્રી આદિ ઉપર્યુક્ત બધા વિકલ્પ એક તે શરીરના આશ્રયે જ થયા કરે છે. પણ જ્યારે તે ભેદબુદ્ધિ નષ્ટ થઈ જાય છે અને અભેદબુદ્ધિ પ્રગટ થઈ જાય છે ત્યારે તે સમસ્ત ભેદ વ્યવહાર પણ તેની સાથે જ નષ્ટ થઈ જાય છે. તે વખતે અખંડ ચિત્પિંડસ્વરૂપ એક માત્ર આત્મજ્યોતિનો જ પ્રતિભાસ થાય છે. ત્યાંસુધી કે આ નિર્વિકલ્પ અવસ્થામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આદિનો પણ ભેદ નષ્ટ થઈ જાય છે. ૧૯.

(शार्दूलविक्रीडित)

एतेनैव चिदुन्नतिक्षयकृता कार्यं विना वैरिणा
शश्वत्कर्मखलेन तिष्ठति कृतं नाथावयोरन्तरम् ।
एषोऽहं स चते पुरः परिगतो दुष्टो ऽत्र निःसार्यतां
सद्रक्षेतरनिग्रहो नयवतो धर्मः प्रभोरीदृशः ।।२०।।

**અનુવાદ :** હે સ્વામિન્! કોઈ પ્રયોજન વિના જ વૈરભાવ પામીને ઉન્નત ચૈતન્ય- સ્વરૂપનો ઘાત કરનાર આ કર્મરૂપ દુષ્ટ શત્રુ દ્વારા આપણા બન્ને વચ્ચે ઉત્પન્ન કરવામાં આવેલો ભેદ સ્થિત છે. આ હું અને તે કર્મશત્રુ બન્ને ય આપની સામે હાજર છીએ. આમાંથી આપ દુષ્ટને ખેંચીને બહાર ફેંકી દો કારણ કે, સજ્જનનું રક્ષણ કરવું

અને દુષ્ટને દંડ દેવો એ ન્યાયપ્રિય રાજાનું કર્તવ્ય હોય છે. ૨૦.

(शार्दूलविक्रीडित)

आधिव्याधिजरामृतिप्रभुतयः संबन्धिनो वर्ष्मण-
स्तद्भिन्नस्य ममात्मनो भगवतः किं कर्तुमीशा जडाः ।
नानाकारविकारकारिण इमे साक्षान्नभोमण्डले
तिष्ठन्तो ऽपि न कुर्वते जलमुचस्तत्र स्वरूपान्तरम् ॥२१॥

**અનુવાદ :** આધિ (માનસિક કષ્ટ), વ્યાધિ (શારીરિક કષ્ટ), જરા અને મૃત્યુ આદિ શરીર સાથે સંબંધ રાખનાર છે. હું ભગવાન્ આત્મા તે શરીરથી ભિન્ન છું, માટે તે શરીર સંબંધી જડ આધિ-વ્યાધિ આદિ મારૂં શું કરી શકે? અર્થાત્ એ આત્માનું કાંઈ પણ નુકશાન કરી શકતા નથી. યોગ્ય પણ છે-પ્રત્યક્ષ અનેક આકારો અને વિકારો કરનારા આ વાદળા આકાશમંડળમાં રહેવા છતાં પણ આકાશના સ્વરૂપમાં કાંઈ પણ અંતર કરતા નથી. ૨૧.

(शार्दूलविक्रीडित)

संसारातपदह्यमानवपुषा दुःखं मया स्थीयते
नित्यं नाथ यथा स्थलस्थितिमता मत्स्येन ताम्यन्मनः ।
कारुण्यामृतसंगशीतलतरे त्वत्पादपङ्केरुहे
यावद्देव समर्पयामि हृदयं तावत्परं सौख्यवान् ॥२२॥

**અનુવાદ :** જેમ પાણી સુકાઈ જતાં સ્થળ ઉપર રહેલું માછલું મનમાં અતિશય કષ્ટ પામે છે તેવી જ રીતે સંસારરૂપ ગરમીથી જલતા શરીરને ધારણ કરતો થકો અહીં રહીને હું પણ અતિશય કષ્ટ પામી રહ્યો છું. હે દેવ! જ્યાં સુધી હું દયારૂપ અમૃતના સંબંધથી અતિશય શીતળતાને પ્રાપ્ત થયેલ આપના ચરણ-કમળોમાં મારૂં હૃદય સમર્પિત કરૂં છું. ત્યાં સુધી અતિશય સુખનો અનુભવ કરૂં છું. ૨૨.

(शार्दूलविक्रीडित)

साक्षग्राममिदं मनो भवति यद्बाह्यार्थसंबन्धभाक्
तत्कर्म प्रविजृम्भते पृथगहं तस्मात्सदा सर्वथा ।

चैतन्यात्तव तत्तथेति यदि वा तत्रापि तत्कारणं
शुद्धात्मन् मम निश्चयात्पुनरिह त्वय्येव देव स्थितिः ।।२३।।

**અનુવાદ :** હે શુદ્ધ આત્મન્! ઇન્દ્રિયસમૂહ સાથે આ મન બાહ્ય પદાર્થો સાથે સંબંધ રાખે છે, માટે જ તેનાથી કર્મ વધે છે. હું તે કર્મથી સદા અને સર્વ પ્રકારે ભિન્ન છું અથવા આપના ચૈતન્યથી તે કર્મ સર્વથા ભિન્ન છે. અહીં પણ તે જ પૂર્વોક્ત (ચેતના-ચેતનત્વ) કારણ છે. હે દેવ! મારી સ્થિતિ નિશ્ચયથી અહીં આપના વિષયમાં જ છે. ૨૩.

(शार्दूलविक्रीडित)

किं लोकेन किमाश्रयेण किमुत द्रव्येण कायेन किं
किं वाग्भिः किमुतेन्द्रियैः किमसुभिः किं तैर्विकल्पैरपि ।
सर्वे पुद्गलपर्यया बत परे त्वत्तः प्रमत्तो भव-
न्नात्मन्नेभिरभिश्रयस्यतितरामालेन किं बन्धनम् ।।२४।।

**અનુવાદ :** હે આત્મન્! તારે લોકથી, આશ્રયથી, દ્રવ્યથી, શરીરથી, વચનોથી, ઇન્દ્રિયોથી, પ્રાણોથી અને તે વિકલ્પોથી પણ શું પ્રયોજન છે? અર્થાત્ એમનાથી તારે કાંઈ પણ પ્રયોજન નથી. કારણ એ છે કે આ બધી પુદ્ગલની પર્યાયો છે જે તારાથી ભિન્ન છે. ખેદ છે કે તું પ્રમાદી થઈને એમના દ્વારા વ્યર્થ જ શા માટે બંધનને પ્રાપ્ત થાય છે? ૨૪.

(शार्दूलविक्रीडित)

धर्माधर्मनभांसि काल इति मे नैवाहितं कुर्वते
चत्वारोऽपि सहायतामुपगतास्तिष्ठन्ति गत्यादिषु ।
एकः पुद्गल एव संनिधिगतो नोकर्मकर्माकृति-
वैरी बन्धकृदेष संप्रति मया भेदासिना खण्डितः ।।२५।।

**અનુવાદ :** ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ ચારે દ્રવ્ય મારું કાંઈ પણ અહિત કરતા નથી. તે ચારે તો ગતિ આદિ (સ્થિતિ, અવકાશ અને વર્તના) માં સહાયક થઈને રહ્યા છે. પરંતુ કર્મ અને નોકર્મના સ્વરૂપે પરિણમેલ આ એક પુદ્ગલરૂપ શત્રુ જ મારું સાન્નિધ્ય પામીને બંધનું કારણ થાય છે. તેથી મેં તેને આ વખતે ભેદ (વિવેક) રૂપ તલવારથી ખંડિત કરી દીધું છે. ૨૫.

(शार्दूलविक्रीडित)

रागद्वेषकृतैर्यथा परिणमेद्रूपान्तरैः पुद्गलो
नाकाशादिचतुष्टयं विरहितं मूर्त्या तथा प्राणिनाम् ।
ताभ्यां कर्मघनं भवेदविरतं तस्मादियं संसृति-
स्तस्यां दुःखपरंपरेति विदुषा त्याज्यौ प्रयत्नेन तौ ।।२६।।

**અનુવાદ :** જેમ રાગ અને દ્વેષ દ્વારા કરવામાં આવેલા પરિણામાન્તરોથી પુદ્ગલ દ્રવ્ય પરિણમે છે તેવી રીતે તે અમૂર્તિક આકાશાદિ ચાર દ્રવ્ય ઉક્ત પરિણામાન્તરોથી પરિણમતા નથી. ઉક્ત રાગ અને દ્વેષથી નિરંતર પ્રાણીઓને સદા કઠોર કર્મનો બંધ થાય છે તેનાથી (કર્મબંધથી) આ સંસાર થાય છે અને તે સંસારમાં દુઃખોની પરંપરા પ્રાપ્ત થાય છે. આ કારણે વિદ્વાન પુરુષે પ્રયત્નપૂર્વક ઉક્ત રાગ અને દ્વેષનો પરિત્યાગ કરવો જોઈએ. ૨૬.

(शार्दूलविक्रीडित)

किं बाह्येषु परेषु वस्तुषु मनः कृत्वा विकल्पान् बहून्
रागद्वेषमयान् मुधैव कुरुषे दुःखाय कर्माशुभम् ।
आनन्दामृतसागरे यदि वसस्यासाद्य शुद्धात्मनि
स्फीतं तत्सुखमेकतामुपगतं त्वं यासि रे निश्चितम् ।।२७।।

**અનુવાદ :** રે મન! તું બાહ્ય પર પદાર્થોમાં ઘણા રાગ–દ્વેષરૂપ વિકલ્પો કરીને વ્યર્થ જ દુઃખના કારણભૂત અશુભ કર્મ શા માટે કરે છે? જો તું એકત્વ (અદ્વૈતભાવ)ને પ્રાપ્ત થઈને આનંદરૂપ અમૃતના સમુદ્રભૂત શુદ્ધાત્મામાં નિવાસ કરે તો નિશ્ચયથી જ મહાન સુખ પામી શકીશ. ૨૭.

(शार्दूलविक्रीडित)

इत्यास्थाय हृदि स्थिरं जिन भवत्पादप्रसादात्सती-
मध्यात्मैकतुलामयं जन इतः शुद्ध्यर्थमारोहति ।
एनं कर्तुममी च दोषिणमितः कर्मारयो दुर्धरा-
स्तिष्ठन्ति प्रसभं तदत्र भगवन् मध्यस्थसाक्षी भवान् ।।२८।।

**અનુવાદ :** હે જિન! હૃદયમાં આવો સ્થિર વિચાર કરીને આ મનુષ્ય શુદ્ધિ માટે આપના ચરણોના પ્રસાદથી નિર્દોષ અધ્યાત્મરૂપી અદ્વિતીય ત્રાજવામાં એક તરફ ચડે છે અને બીજી તરફ તેને દોષિત કરવા માટે આ દુર્જય કર્મરૂપી શત્રુ બળપૂર્વક સ્થિત છે. તેથી હે ભગવાન્! આ વિષયમાં આપ મધ્યસ્થ (નિષ્પક્ષ) સાક્ષી છો. ૨૮.

(શાર્દૂલવિક્રીડિત)

**द्वैतं संसृतिरेव निश्चयवशादद्वैतमेवामृतं-**
**संक्षेपादुभयत्र जल्पितमिदं पर्यन्तकाष्ठागतम् ।**
**निर्गत्यादिपदाच्छनैः शबलितादन्यत्समालम्बते**
**यः सो ऽसंज्ञ इति स्फुटं व्यवहृतेर्ब्रह्मादिनामेति च ।।२९।।**

**અનુવાદ :** નિશ્ચયથી દ્વૈત (આત્મ-પરનો ભેદ) જ સંસાર અને અદ્વૈત જ મોક્ષ છે. આ એ બન્નેના વિષયમાં સંક્ષેપથી કથન છે જે ચરમ સીમાને પ્રાપ્ત છે. જે ભવ્ય જીવ ધીરે ધીરે આ વિચિત્ર પ્રથમ (દ્વૈત) પદથી નીકળીને બીજા (અદ્વૈત) પદનો આશ્રય કરે છે તે જો કે નિશ્ચયથી વાચ્ય-વાચકભાવનો અભાવ થઈ જવાના કારણે સંજ્ઞા(નામ) રહિત થઈ જાય છે; છતાં પણ વ્યવહારથી તે બ્રહ્મા આદિ (પરબ્રહ્મ, પરમાત્મા) નામને પ્રાપ્ત કરે છે. ૨૯.

(શાર્દૂલવિક્રીડિત)

**चारित्रं यदमाणि केवलदृशा देव त्वया मुक्तये**
**पुंसा तत्खलु मादृशेन विषमे काले कलौ दुर्धरम् ।**
**भक्तिर्या समभूदिह त्वयि दृढा पुण्यैः पुरोपार्जितैः**
**संसारार्णवतारणे जिन ततः सैवास्तु पोतो मम ।।३०।।**

**અનુવાદ :** હે જિનદેવ! કેવળજ્ઞાની! આપે જે મુક્તિ માટે ચારિત્ર બતાવ્યું છે તેને નિશ્ચયથી મારા જેવા પુરુષ આ વિષમ પંચમ કાળમાં ધારણ કરી શકતો નથી. તેથી પૂર્વોપાર્જિત મહાન્ પુણ્યથી અહીં જે મારી આપના વિષયમાં દૃઢ ભક્તિ થઈ છે તે જ મને આ સંસારરૂપી સમુદ્રથી પાર થવા માટે જહાજ સમાન થાય. ૩૦.

(शार्दूलविक्रीडित)

इन्द्रत्वं च निगोदतां च बहुधा मध्ये तथा योनयः
संसारे भ्रमता चिरं यदखिलाः प्राप्ता मयानन्तशः ।
तन्नापूर्वमिहास्ति किंचिदपि मे हित्वा विमुक्तिप्रदां
सम्यग्दर्शनबोधवृत्तिपदवीं तां देव पूर्णां कुरु ॥३१॥

**અનુવાદ :** હે દેવ! મેં ચિરકાળ સંસારમાં પરિભ્રમણ કરતાં અનેક વાર ઈન્દ્રપદ, નિગોદ પર્યાય તથા વચમાં પણ બીજા જે સમસ્ત અનંત ભવ પ્રાપ્ત કર્યા છે તેમાં મુક્તિ આપનાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ પરિણતિ સિવાય બીજા કોઈ પણ અપૂર્વ નથી. તેથી રત્નત્રયસ્વરૂપ જે પદવી હજી સુધી મેં કદી પ્રાપ્ત કરી નથી તે અપૂર્વ પદવી પૂર્ણ કરો. ૩૧.

(शार्दूलविक्रीडित)

श्रीवीरेण मम प्रसन्नमनसा तत्किंचिदुच्चैः पद-
प्राप्त्यर्थं परमोपदेशवचनं चित्ते समारोपितम् ।
येनास्तामिदमेकभूतलगतं राज्यं क्षणध्वंसि यत्
त्रैलोक्यस्य च तन्न मे प्रियमिह श्रीमज्जिनेश प्रभो ॥३२॥

**અનુવાદ :** હે જિનેન્દ્ર પ્રભો! શ્રી વીર ભગવાને (અથવા શ્રી વીરનન્દી ગુરુએ) પ્રસન્નચિત્ત થઈને ઉચ્ચ પદ (મોક્ષ)ની પ્રાપ્તિ માટે જે મારા ચિત્તમાં થોડા ઉત્તમ ઉપદેશરૂપ વચનોનું આરોપણ કર્યું છે તેના પ્રભાવથી ક્ષણનશ્વર જે એક પૃથ્વીનું રાજ્ય છે તે તો દૂર રહો, પરંતુ મને તે ત્રણ લોકનું રાજ્ય પણ અહીં પ્રિય નથી. ૩૨.

(शार्दूलविक्रीडित)

सूरेः पङ्कजनन्दिनः कृतिमिमामालोचनामर्हता-
मग्रे यः पठति त्रिसंध्यममलश्रद्धानताङ्गो नरः ।
योगीन्द्रैश्चिरकालरूढतपसा यत्नेन यन्मृग्यते
तत्प्राप्नोति परं पदं स मतिमानानन्दसद्म ध्रुवम् ॥३३॥

**અનુવાદ :** જે બુદ્ધિમાન મનુષ્ય નિર્મળ શ્રદ્ધાથી પોતાના શરીરને નમ્રીભૂત કરીને ત્રણે સંધ્યાકાળે અર્હંત્ ભગવાન આગળ શ્રી પદ્મનન્દિ સૂરિ દ્વારા વિરચિત આ આલોચનારૂપ પ્રકરણ ભણે છે તે નિશ્ચયથી આનંદના સ્થાનભૂત તે ઉત્કૃષ્ટ પદ પ્રાપ્ત કરે છે જેને યોગીશ્વર તપશ્ચરણ દ્વારા પ્રયત્નપૂર્વક ચિરકાળથી શોધ્યા કરે છે. ૩૩.

આ રીતે આલોચના અધિકાર સમાપ્ત થયો. ૯.

સહજ ચિદાનંદ.

# ૧૦. સદ્બોધ ચંદ્રોદય

[ १०.सद्बोधचन्द्रोदयः ]

(शार्दूलविक्रीडित)

यज्ज्ञानन्नपि बुद्धिमानपि गुरुः शक्तो न वक्तुं गिरा
प्रोक्तं चेन्न तथापि चेतसि नृणां संमाति चाकाशवत् ।
यत्र स्वानुभवस्थिते ऽपि विरला लक्ष्यं लभन्ते चिरा-
त्तन्मोक्षैकनिबन्धनं विजयते चित्तत्त्वमत्यद्भुतम् ॥१॥

**અનુવાદ :** જે ચેતન તત્ત્વને જાણવા છતાં પણ અને બુદ્ધિમાન ગુરુ પણ વાણી દ્વારા કહેવાને સમર્થ નથી તથા જો કહેવામાં આવે તો પણ જે આકાશ સમાન મનુષ્યોના હૃદયમાં સમાતું નથી તથા જેના સ્વાનુભવમાં સ્થિત હોવા છતાં પણ વિરલા મનુષ્યો જ ચિર કાળે લક્ષ્ય (મોક્ષ) ને પ્રાપ્ત કરી શકે છે; તે મોક્ષના અદ્વિતીય કારણભૂત આશ્ચર્યજનક ચેતનતત્ત્વ જયવંત હો. ૧.

(शार्दूलविक्रीडित)

नित्यानित्यतया महत्तनुतयानेकैकरूपत्ववत्
चित्तत्वं सदसत्तया च गहनं पूर्णं च शून्यं च यत् ।
तज्जीयादखिलश्रुताश्रयशुचिज्ञानप्रभाभासुरो
यस्मिन् वस्तुविचारमार्गचतुरो यः सो ऽपि संमुह्यति ॥२॥

**અનુવાદ :** જે ચેતન તત્ત્વ નિત્ય અને અનિત્ય સ્વરૂપે, સ્થૂળ અને કૃશ સ્વરૂપે, અનેક અને એક સ્વરૂપે, સત્ અને અસત્ સ્વરૂપે તથા પૂર્ણ અને શૂન્ય સ્વરૂપે ગહન છે; તથા જેના વિષયમાં સમસ્ત શ્રુતનો વિષય કરનારી એવી નિર્મળ જ્ઞાનરૂપ

જ્યોતિથી દૈદિપ્યમાન અને તત્ત્વના વિચારમાં ચતુર એવો મનુષ્ય પણ મોહ પામે છે તે ચેતન તત્ત્વ જીવિત રહે.

**વિશેષાર્થ :** તે ચિદ્રૂપ તત્ત્વ (સમજવું) ઘણું અઘરું છે કારણ કે ભિન્ન ભિન્ન અપેક્ષાએ તેનું સ્વરૂપ અનેક પ્રકારનું છે. જેમ કે–ઉક્ત ચિદ્રૂપ તત્ત્વ જો દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય છે તો પર્યાયાર્થિક નયની અપેક્ષાએ તે અનિત્ય પણ છે. જો તે અનન્ત પદાર્થોનો વિષય કરવાને કારણે સ્થૂળ છે તો મૂર્તિ રહિત હોવાના કારણે સૂક્ષ્મ પણ છે, જો તે સામાન્ય સ્વરૂપે એક છે તો વિશેષ સ્વરૂપે અનેક પણ છે, જો તે સ્વકીય દ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ સત્ છે તો પરકીય દ્રવ્યાદિચતુષ્ટયની અપેક્ષાએ અસત્ પણ છે તથા જો તે અનંતચતુષ્ટય આદિ ગુણોથી પરિપૂર્ણ છે તો રૂપ–રસાદિ રહિત હોવાના કારણે શૂન્ય પણ છે. આ રીતે તેનું સ્વરૂપ ગંભીર હોવાથી કદી સમસ્ત શ્રુતના પારગામી પણ તેના વિષયમાં મોહ પામી જાય છે. ૨.

(शार्दूलविक्रीडित)

**सर्वस्मिन्नणिमादिपङ्कजवने रम्येऽपि हित्वा रतिं**
**यो दृष्टिं शुचिमुक्तिहंसवनितां प्रत्यादराद्दत्तवान् ।**
**चेतोवृत्तिनिरोधलब्धपरमब्रह्मप्रमोदाम्बुभृत् -**
**सम्यक् साम्यसरोवरस्थितिजुषे हंसाय तस्मै नमः ।।३।।**

**અનુવાદ :** અણિમા–મહિમા આદિ આઠ ઋદ્ધિઓરૂપ રમણીય સમસ્ત કમળવન રહેવા છતાં પણ જે આત્મારૂપ હંસ તેના વિષયમાં અનુરક્ત ન થતાં આદરથી મુક્તિરૂપ હંસી ઉપર જ પોતાની દ્રષ્ટિ રાખે છે તથા જે ચિત્તવૃત્તિના નિરોધથી પ્રાપ્ત થયેલ પરબ્રહ્મસ્વરૂપ આનંદરૂપી જળથી પરિપૂર્ણ એવા સમીચીન સમતાભાવરૂપ સરોવરમાં નિવાસ કરે છે તે આત્મારૂપ હંસને નમસ્કાર હો. ૩.

(रथोद्धता)

**सर्वभावविलये विभाति यत् सत्समाधिभरनिर्भरात्मनः ।**
**चित्स्वरूपमभितः प्रकाशकं शर्मधाम नमताद्भुतं महः ।।४।।**

**અનુવાદ :** જે આશ્ચર્યજનક ચિત્સ્વરૂપ તેજ રાગ–દ્વેષાદિરૂપ વિભાવ પરિણામો નષ્ટ થતાં સમ્યક્ સમાધિના ભારને ધારણ કરનાર યોગીને શોભાયમાન થાય છે, જે સર્વ પદાર્થોનું પ્રકાશક છે તથા જે સુખનું કારણ છે તે ચિત્સ્વરૂપ તેજને નમસ્કાર કરો. ૪.

(रथोद्धता)

विश्ववस्तुविधृतिक्षमं लासज्ञालमन्तपरिवर्जितं गिराम् ।
अस्तमेत्यखिलमेकहेलया यत्र तज्जयति चिन्मयं महः ।।५।।

**અનુવાદ :** જે ચિદ્રૂપ તેજ સમસ્ત વસ્તુઓને પ્રકાશિત કરવામાં સમર્થ છે, દૈદીપ્યમાન છે, અંત રહિત અર્થાત્ અવિનશ્વર છે તથા જેના વિષયમાં સમસ્ત વચનોનો સમૂહ ક્રીડામાત્રથી જ નાશ પામે છે અર્થાત્ જે વચનનો અવિષય છે; તે ચિદ્રૂપ તેજ જયવંત હો. ૫.

(रथोद्धता)

नो विकल्परहितं चिदात्मकं वस्तु जातु मनसो ऽपि गोचरम् ।
कर्मजाश्रितविकल्परूपिणः का कथा तु वपुषो जडात्मनः ।।६।।

**અનુવાદ :** તે ચૈતન્યરૂપ તત્ત્વ સર્વ પ્રકારના વિકલ્પ રહિત છે અને ત્યાં તે મન કર્મજનિત રાગ-દ્વેષના આશ્રયે થનારા વિકલ્પ સ્વરૂપ છે. તેથી જ્યારે તે ચૈતન્ય તત્ત્વ તે મનનો પણ વિષય નથી તો પછી જડસ્વરૂપ (અચેતન) શરીરની તો વાત જ શી છે?–તેનો તો વિષય તે કદી થઈ જ શકતું નથી. ૬.

(रथोद्धता)

चेतसो न वचसोऽपि गोचरस्तर्हि नास्ति भविता खपुष्पवत् ।
शङ्कनीयमिदमत्र नो यतः स्वानुभूतिविषयस्ततो ऽस्ति तत् ।।७।।

**અનુવાદ :** જો તે ચૈતન્યરૂપ તેજ મન અને વચનનો પણ વિષય ન હોય તો તે આકાશના ફૂલ સમાન અસત્ થઈ જશે એવી પણ અહીં આશંકા ન કરવી જોઈએ કારણ કે તે સ્વાનુભવનો વિષય છે. તેથી તે સત્ જ છે, નહિ કે અસત્. ૭.

(रथोद्धता)

नूनमत्र परमात्मनि स्थितं स्वान्तमन्तमुपयाति तद्बहिः ।
तं विहाय सततं भ्रमत्यदः को बिभेति मरणान्न भूतले ।।८।।

**અનુવાદ :** અહીં પરમાત્મામાં સ્થિત થયેલું મન નિશ્ચયથી મરણને પ્રાપ્ત થઈ જાય છે. તેથી તે તેને (પરમાત્માને) છોડીને નિરંતર બાહ્ય પદાર્થોમાં વિચરે છે.

બરાબર છે–આ પૃથ્વી ઉપર મૃત્યુથી કોણ ડરતું નથી? અર્થાત્ તેનાથી બધા જ ડરે છે. ૮.

(रथोद्धता)

**तत्त्वमात्मगतमेव निश्चितं यो ऽन्यदेशनिहितं समीक्षते ।**
**वस्तु मुष्टिविधृतं प्रयत्नतः कानने मृगयते स मूढधीः ॥९॥**

**અનુવાદ :** ચૈતન્યતત્ત્વ નિશ્ચયથી પોતામાં જ સ્થિત છે, તે ચૈતન્યરૂપ તત્ત્વને જે અન્ય સ્થાનમાં સ્થિત સમજે છે તે મૂર્ખ મુઠીમાં રાખેલી વસ્તુને જાણે પ્રયત્નપૂર્વક વનમાં શોધે છે. ૯.

(रथोद्धता)

**तत्परः परमयोगसंपदां पात्रमत्र न पुनर्बहिर्गतः ।**
**नापरेण चलि [ल] तो यथेप्सितः स्थानलाभविभवो विभाव्यते ॥१०॥**

**અનુવાદ :** જે ભવ્ય જીવ આ પરમાત્મતત્ત્વમાં તલ્લીન થાય છે તે સમાધિરૂપ સંપત્તિઓનું પાત્ર થાય છે, પરંતુ જે બાહ્ય પદાર્થોમાં મુગ્ધ રહે છે તે તેમનું પાત્ર થતો નથી. યોગ્ય છે–જે બીજા માર્ગે ચાલી રહ્યો છે તેને ઈચ્છાનુસાર સ્થાનની પ્રાપ્તિરૂપ સંપત્તિ પ્રાપ્ત થઈ શકતી નથી. ૧૦.

(रथोद्धता)

**साधुलक्ष्यमनवाप्य चिन्मये यत्र सुष्ठु गहने तपस्विनः ।**
**अप्रतीतिभुवमाश्रिता जडा भान्ति नाट्यगतपात्रसंनिभाः ॥११॥**

**અનુવાદ :** જે તપસ્વી અતિશય ગહન તે ચૈતન્યસ્વરૂપ તત્ત્વના વિષયમાં લક્ષ્ય (વેધ્ય) ન પામીને અતત્ત્વશ્રદ્ધાન (મિથ્યાત્વ) રૂપ ભૂમિકાનો આશ્રય લે છે તે મૂઢબુદ્ધિ જીવ નાટકના પાત્ર સમાન લાગે છે.

**વિશેષાર્થ :** જેમ નાટકના પાત્ર રાજા, રંક અને સાધુ આદિનો વેશ લઈને તથા તે પ્રમાણે જ તેમનું ચરિત્ર બતાવીને જોનારાઓને જો કે મુગ્ધ કરી લે છે, છતાં પણ તેઓ યથાર્થ રાજા વગેરે હોતા નથી. બરાબર એ જ રીતે જે બાહ્ય તપશ્ચરણાદિ તો કરે છે, પરંતુ સમ્યગ્દર્શન રહિત હોવાના કારણે તે ચૈતન્ય તત્ત્વનો અનુભવ કરી શકતા નથી. તેઓ યોગીનો વેશ લઈને પણ વાસ્તવિક યોગી થઈ શકતા નથી. ૧૧.

(रथोद्धता)

**भूरिधर्मयुतमप्यबुद्धिमानन्धहस्तिविधिनावबुध्य यत् ।**
**भ्राम्यति प्रचुरजन्मसंकटे पातु वस्तदतिशायि चिन्महः ॥१२॥**

**અનુવાદ :** અજ્ઞાની જીવ અનેક ધર્મોવાળા જે ચેતન તત્ત્વને અંધ–હસ્તિ ન્યાયથી જાણીને અનેક જન્મ–મરણથી ભયાનક આ સંસારમાં પરિભ્રમણ કરે છે તે અનુપમ ચેતન તત્ત્વરૂપ તેજ આપ સર્વેનું રક્ષણ કરો.

**વિશેષાર્થ :** જેવી રીતે આંધળો મનુષ્ય હાથીનો યથાર્થ આકાર ન જાણતાં તેના જે અવયવ (પગ કે સૂંઢ વગેરે) નો સ્પર્શ કરે છે તેને જ હાથી સમજી લે છે, તેવી જ રીતે મિથ્યાદૃષ્ટિ જીવ અનેક ધર્મયુક્ત તે ચેતન તત્ત્વને યથાર્થ સ્વરૂપે ન જાણતાં એકાંતે કોઈ એક જ ધર્મસ્વરૂપ સમજી લે છે. એ જ કારણે તે જન્મ–મરણસ્વરૂપ આ સંસારમાં જ પરિભ્રમણ કરીને દુઃખ સહન કરે છે. ૧૨.

(रथोद्धता)

**कर्मबन्धकलितो ऽप्यबन्धनो रागद्वेषमलिनो ऽपि निर्मलः ।**
**देहवानपि च देहवर्जितश्चित्रमेतदखिलं किलात्मनः ॥१३॥**

**અનુવાદ :** આ આત્મા કર્મબંધ સહિત હોવા છતાં પણ બંધન રહિત છે, રાગ–દ્વેષથી મલિન હોવા છતાં પણ નિર્મળ છે તથા શરીર સાથે સંબંધવાળો હોવા છતાં પણ તે શરીર રહિત છે. આ રીતે આ બધું આત્માનું સ્વરૂપ આશ્ચર્યજનક છે.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે શુદ્ધ નિશ્ચયનયથી આ આત્માને ન રાગ-દ્વેષ પરિણામ છે, ન કર્મોનો બંધ છે અને ન શરીરે ય છે. તે વાસ્તવમાં વીતરાગ, સ્વાધીન અને અશરીર હોઈને સિદ્ધ સમાન છે. પરંતુ પર્યાયસ્વરૂપે તે કર્મબંધ સહિત હોઈને રાગ–દ્વેષથી મલિન અને શરીર સહિત માનવામાં આવે છે. ૧૩.

(रथोद्धता)

**निर्विनाशमपि नाशमाश्रितं शून्यमप्यतिशयेन संभृतम् ।**
**एकमेव गतमप्यनेकतां तत्त्वमीदृगपि नो विरुध्यते ॥१४॥**

**અનુવાદ :** તે આત્મતત્ત્વ વિનાશ રહિત હોવા છતાં પણ નાશને પ્રાપ્ત છે, શૂન્ય હોવા છતાં પણ અતિશયથી પરિપૂર્ણ છે તથા એક હોવા છતાં પણ અનેકતાને પ્રાપ્ત છે. આ રીતે નયવિવક્ષાથી એમ માનવામાં કાંઈ પણ વિરોધ આવતો નથી. ૧૪.

(रथोद्धता)

**विस्मृतार्थ परिमार्गणं यथा यस्तथा सहजचेतनाश्रितः ।**
**स क्रमेण परमेकतां गतः स्वस्वरूपपदमाश्रयेद्ध्रुवम् ।।१५।।**

**અનુવાદ :** જેવી રીતે મૂર્ચ્છિત મનુષ્ય સ્વાભાવિક ચેતના પામીને (હોશણાં આવીને) પોતાની ભૂલાયેલી વસ્તુની શોધ કરવા માંડે છે તેવી જ રીતે જે ભવ્ય પ્રાણી પોતાના સ્વાભાવિક ચૈતન્યનો આશ્રય લે છે તે ક્રમે કરીને એકત્વ પામી પોતાના સ્વાભાવિક ઉત્કૃષ્ટ પદ (મોક્ષ) ને નિશ્ચિતપણે જ પ્રાપ્ત કરી લે છે. ૧૫.

(रथोद्धता)

**यद्यदेव मनसि स्थितं भवेत् तत्तदेव सहसा परित्यजेत् ।**
**इत्युपाधिपरिहारपूर्णता सा यदा भवति तत्पदं तदा ।।१६।।**

**અનુવાદ :** જે જે વિકલ્પ આવીને મનમાં સ્થિત થાય છે તેને શીઘ્ર જ છોડી દેવો જોઈએ. આ રીતે જ્યારે તે વિકલ્પોનો ત્યાગ પરિપૂર્ણ થઈ જાય છે ત્યારે તે મોક્ષ પદ પણ પ્રાપ્ત થઈ જાય છે. ૧૬.

(रथोद्धता)

**संहतेषु खमनो ऽनिलेषु यद्भाति तत्त्वममलात्मनः परम् ।**
**तद्गतं परमनिस्तरङ्गतामग्निरुग्र इह जन्मकानने ।।१७।।**

**અનુવાદ :** ઈન્દ્રિય, મન અને શ્વાસોચ્છ્‌વાસ નષ્ટ થઈ ગયા પછી જે નિર્મળ આત્માનું ઉત્કૃષ્ટ સ્વરૂપ પ્રતિભાસિત થાય છે તે અતિશય સ્થિરતા પામીને અહીં જન્મ (સંસાર) રૂપ વનને બાળવા માટે તીક્ષ્ણ અગ્નિ સમાન હોય છે. ૧૭.

(रथोद्धता)

**मुक्त इत्यपि न कार्यमञ्जसा कर्मजालकलितो ऽहमित्यपि ।**
**निर्विकल्प पदवीमुपाश्रयन् संयमी हि लभते परं पदम् ।।१८।।**

**અનુવાદ :** વાસ્તવમાં ‘હું મુક્ત છું’ એ જાતનો વિકલ્પ પણ ન કરવો જોઈએ. તથા ‘હું કર્મોના સમૂહથી સંબદ્ધ છું’ એવો વિકલ્પ પણ ન કરવો જોઈએ. કારણ એ છે કે સંયમી પુરુષ નિર્વિકલ્પ પદવી પામીને જ નિશ્ચયથી ઉત્કૃષ્ટ મોક્ષપદ પામે છે. ૧૮.

(रथोद्धता)

कर्म चाहमिति च द्वये सति द्वैतमेतदिह जन्मकारणम् ।
एक इत्यपि मतिः सती न यत्साप्युपाधिरचिता तदङ्गभृत् ॥१९॥

**અનુવાદ :** હે પ્રાણી! 'કર્મ અને હું' આવા પ્રકારની બે પદાર્થોની કલ્પના થતાં જે અહીં દ્વૈતબુદ્ધિ થાય છે તે સંસારનું કારણ છે. તથા 'હું એક છું' એ જાતનો વિકલ્પ પણ યોગ્ય નથી કારણ કે તે પણ ઉપાધિથી નિર્મિત હોવાના કારણે સંસારનું જ કારણ થાય છે. ૧૯.

(रथोद्धता)

संविशुद्धपरमात्मभावना संविशुद्धपदकारणं भवेत् ।
सेतरेतकृते सुवर्णतो लोहतश्च विकृतीस्तदाश्रिते ॥२०॥

**અનુવાદ :** અતિશય વિશુદ્ધ પરમાત્મતત્ત્વની જે ભાવના છે તે અતિશય નિર્મળ મોક્ષપદનું કારણ થાય છે. તથા એનાથી વિપરીત જે ભાવના છે તે સંસારનું કારણ થાય છે. બરાબર છે–સુવર્ણથી જે પર્યાય ઉત્પન્ન થાય છે તે સુવર્ણમય અને લોહથી જે પર્યાય ઉત્પન્ન થાય છે તે લોહમય હોય છે. ૨૦.

(रथोद्धता)

कर्म भिन्नमनिशं स्वतो ऽखिलं पश्यतो विशदबोधचक्षुषा ।
तत्कृते ऽपि परमार्थवेदिनो योगिनो न सुखदुःखकल्पना ॥२१॥

**અનુવાદ :** સમસ્ત કર્મ મારાથી ભિન્ન છે, આ રીતે નિરંતર નિર્મળ જ્ઞાનરૂપ નેત્રથી દેખનારા અને યથાર્થ સ્વરૂપના વેત્તા યોગીને કર્મકૃત સુખ–દુઃખ હોવા છતાં પણ તેને ઉક્ત સુખ–દુઃખની કલ્પના હોતી નથી. ૨૧.

(रथोद्धता)

मानसस्य गतिरस्ति चेन्निरालम्ब एव पथि भास्वतो यथा ।
योगिनो दृगवरोधकारकः संनिधिर्न तमसां कदाचन ॥२२॥

**અનુવાદ :** જો યોગીના મનની ગતિ સૂર્ય સમાન નિરાધાર માર્ગમાં જ હોય તો તેને જોવામાં બાધા ઉત્પન્ન કરનાર અંધકાર (અજ્ઞાન) ની સમીપતા કદી પણ હોઈ શકે નહિ.

**વિશેષાર્થ :** જેવી રીતે નિરાધાર આકાશમાર્ગે ગમન કરનાર સૂર્ય રહે ત્યારે અંધકાર કોઈ રીતે બાધા પહોંચાડી શકતો નથી તેવી જ રીતે સમસ્ત માનસિક વિકલ્પોથી રહિત આત્મતત્ત્વમાં સંચાર કરનાર યોગીના તત્ત્વદર્શનમાં અજ્ઞાન–અંધકાર પણ બાધા પહોંચાડી શકતો નથી. ૨૨.

(रथोद्धता)

**रुग्जरादिविकृतिर्न मे ऽञ्जसा सा तनोरहमितः सदा पृथक् ।**
**मीलितेऽपि सति खे विकारिता जायते न जलदैर्विकारिभिः ।।२३।।**

**અનુવાદ :** રોગ અને જરા આદિ રૂપ વિકાર વાસ્તવમાં મારા નથી, તે તો શરીરના વિકાર છે અને હું તે શરીરથી સંબદ્ધ હોવા છતાં પણ વાસ્તવમાં તેનાથી સર્વદા ભિન્ન છું. ઠીક છે–વિકાર ઉત્પન્ન કરનાર વાદળાઓ સાથે આકાશનો મેળાપ થવા છતાં પણ તેમાં કોઈ પ્રકારનો વિકારભાવ ઉત્પન્ન થતો નથી. ૨૩.

(रथोद्धता)

**व्याधिनाङ्गमभिभूयते परं तद्गतो ऽपि न पुनश्चिदात्मकः ।**
**उत्थितेन गृहमेव दह्यते वह्निना न गगनं तदाश्रितम् ।।२४।।**

**અનુવાદ :** રોગ કેવળ શરીરને પરાધીન કરે છે પણ તેમાં સ્થિત હોવા છતાં ચેતન આત્માને પરાધીન કરતો નથી. બરાબર છે–ઉત્પન્ન થયેલી અગ્નિ કેવળ ઘરને જ બાળે છે, પરંતુ તેના આશ્રયભૂત આકાશને બાળતી નથી. ૨૪

(रथोद्धता)

**बोधरूपमखिलैरुपाधिभिर्वर्जितं किमपि यत्तदेव नः ।**
**नान्यदल्पमपि तत्त्वमीदृशं मोक्षहेतुरिति योगनिश्चयः ।।२५।।**

**અનુવાદ :** સમસ્ત ઉપાધિથી રહિત જે કાંઈ પણ જ્ઞાનરૂપ છે તે જ અમારૂં સ્વરૂપ છે, તેનાથી ભિન્ન જરાય તત્ત્વ અમારૂં નથી; આ જાતનો યોગનો નિશ્ચય મોક્ષનું કારણ થાય છે. ૨૫.

(रथोद्धता)

**योगतो हि लभते विबन्धनं योगतो ऽपि किल मुच्यते नरः ।**
**योगवर्त्म विषमं गुरोर्गिरा बोध्यमेतदखिलं मुमुक्षुणा ।।२६।।**

**અનુવાદ :** મનુષ્ય યોગના નિમિત્તે વિશેષ બંધન પ્રાપ્ત કરે છે તથા યોગના નિમિત્તે જ તેનાથી મુક્ત પણ થાય છે. આ રીતે યોગનો માર્ગ વિષમ છે. મોક્ષાભિલાષી ભવ્ય જીવે આ સમસ્ત યોગમાર્ગનું જ્ઞાન ગુરુના ઉપદેશથી પ્રાપ્ત કરવું જોઈએ. ૨૬.

(रथोद्धता)

**शुद्धबोधमयमस्ति वस्तु यद् रमणीयकपदं तदेव नः ।**
**स प्रमाद इह मोहजः क्वचित्कल्प्यते वद परो [रे] ऽपि रम्यता ।।२७।।**

**અનુવાદ :** જે શુદ્ધ જ્ઞાનરૂપ વસ્તુ છે તે જ અમારૂં રમણીય પદ છે. એનાથી ઉલ્ટું જે અન્ય કોઈ બાહ્ય જડ વસ્તુમાં પણ રમણીયતાની કલ્પના કરવામાં આવે છે તે કેવળ મોહજનિત પ્રમાદ છે. ૨૭.

(रथोद्धता)

**आत्मबोधशुचितीर्थमद्भुतं स्नानमत्र कुरुत्तोत्तमं बुधाः ।**
**यन्न यात्यपरतीर्थकोटिभिः क्षालयत्यपि मलं तदान्तरम् ।।२८।।**

**અનુવાદ :** આત્મજ્ઞાનરૂપ પવિત્ર તીર્થ આશ્ચર્યજનક છે. હે વિદ્વાનો! આપ એમાં ઉત્તમ રીતે સ્નાન કરો. જે અભ્યંતર મળ બીજા કરોડો તીર્થોથી પણ જતો નથી તેને પણ આ તીર્થ ધોઈ નાખે છે. ૨૮.

(रथोद्धता)

**चित्समुद्रतटबद्धसेवया जायते किमु न रत्नसंचयः ।**
**दुःखहेतुरमुतस्तु दुर्गतिः किं न विप्लवमुपैति योगिनः ।।२९।।**

**અનુવાદ :** ચૈતન્યરૂપ સમુદ્રના તટથી સંબંધિત સેવા દ્વારા શું રત્નોનો સંચય નથી થતો? અવશ્ય થાય છે. તથા તેનાથી દુઃખના કારણભૂત યોગીની દુર્ગતિ શું નાશ નથી પામતી? અર્થાત્ તે અવશ્યમેવ નાશ પામે છે.

**વિશેષાર્થ :** જેવી રીતે સમુદ્રના કિનારે રહેનારા માણસો પાસે કોઈ બહુમૂલ્ય રત્નોનો સંચય થઈ જાય છે તથા એનાથી તેની દુર્ગતિ (નિર્ધનતા) નાશ પામે છે તેવી જ રીતે ચૈતન્યરૂપ સમુદ્રના તટની આરાધના કરનાર યોગીને પણ અમૂલ્ય રત્નો (સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર આદિ) નો સંચય થઈ જાય છે અને એનાથી તેની દુર્ગતિ (નારક પર્યાય આદિ) પણ નષ્ટ

થઈ જાય છે. આ રીતે તેને નારકાદિ પર્યાય જનિત દુઃખ નષ્ટ થઈ જવાથી અપૂર્વ શાંતિનો લાભ થાય છે. ૨૯.

(रथोद्धता)

**निश्चयावगमनस्थितित्रयं रत्नसंचितिरियं परात्मनि ।**
**योगदृष्टिविषयीभवन्नसौ निश्चयेन पुनरेक एव हि ।।३०।।**

**અનુવાદ :** પરમાત્માના વિષયમાં જે નિશ્ચય, જ્ઞાન અને સ્થિરતા થાય છે; એ ત્રણેનું નામ જ રત્નસંચય છે. તે પરમાત્મા યોગરૂપ નેત્રનો વિષય છે. નિશ્ચયનયની અપેક્ષાએ તે રત્નત્રયસ્વરૂપ આત્મા એક જ છે, તેમાં સમ્યગ્દર્શનાદિનો ભેદ પણ દૃષ્ટિગોચર થતો નથી.

**વિશેષાર્થ :** સમ્યગ્દર્શનાદિના સ્વરૂપનો વિચાર નિશ્ચય અને વ્યવહારની અપેક્ષાએ બે પ્રકારે કરવામાં આવે છે. જેમ કે–જીવાદિ સાત તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન કરવું. એ વ્યવહાર સમ્યગ્દર્શન છે. ઉક્ત જીવાદિ તત્ત્વોનું જે યથાર્થ જ્ઞાન હોય છે, તેને વ્યવહાર સમ્યગ્જ્ઞાન કહે છે. પાપરૂપ ક્રિયાઓના પરિત્યાગને વ્યવહાર સમ્યક્ ચારિત્ર કહેવામાં આવે છે. આ વ્યવહારની અપેક્ષાએ તેમના સ્વરૂપનો વિચાર થયો. નિશ્ચયનયની અપેક્ષાએ તેમનું સ્વરૂપ આ રીતે છે. શુદ્ધ આત્માના વિષયમાં રુચિ ઉત્પન્ન થવી તે નિશ્ચય સમ્યગ્દર્શન, તે જ આત્માના સ્વરૂપને જાણવું તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન અને ઉક્ત આત્મામાં જ લીન થવું એ નિશ્ચય ચારિત્ર કહેવાય છે. આમાં વ્યવહાર જ્યાં સુધી નિશ્ચયનો સાધક છે ત્યાંસુધી જ તે ઉપાદેય છે, વાસ્તવમાં તે અસત્યાર્થ હોવાથી હેય જ છે. ઉપાદેય કેવળ નિશ્ચય જ છે, કેમકે તે યથાર્થ છે. અહીં નિશ્ચય રત્નત્રયના સ્વરૂપનું જ દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે તે નિર્મળ ધ્યાનની અપેક્ષા રાખે છે. ૩૦.

(रथोद्धता)

**प्रेरिताः श्रुतगुणेन शेमुषीकार्मुकेण शरवद् दृगादयः ।**
**बाह्यवेध्यविषये कृतश्रमाश्चिद्रणे प्रहतकर्मशत्रवः ।।३१।।**

અનુવાદ :—આગમરૂપ દોરીથી સંયુક્ત એવા બુદ્ધિરૂપ ધનુષ્યથી પ્રેરિત સમ્યગ્દર્શનાદિરૂપ બાણ ચૈતન્યરૂપ રણમાં બાહ્ય પદાર્થરૂપ લક્ષ્યના વિષયમાં પરિશ્રમ કરીને કર્મરૂપ શત્રુઓનો નાશ કરી નાખે છે.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે જેવી રીતે રણભૂમિમાં દોરીથી સુસજ્જ ધનુષ્ય દ્વારા છોડવામાં આવેલ બાણ લક્ષ્યભૂત શત્રુઓને વીંધીને તેમનો નાશ કરી નાખે છે તેવી જ રીતે અહીં

ચૈતન્યરૂપી રણભૂમિમાં આગમાભ્યાસરૂપી દોરીથી બુદ્ધિરૂપી ધનુષ્યને સજ્જ કરી તેની પ્રેરણાથી પ્રાપ્ત થયેલા સમ્યગ્દર્શનાદિરૂપી બાણો દ્વારા કર્મરૂપી શત્રુ પણ નષ્ટ કરી દેવામાં આવે છે. ૩૧.

(रथोद्धता)

**चित्तवाच्यकरणीयवर्जिता निश्चयेन मुनिवृत्तिरीदृशी ।**
**अन्यथा भवति कर्मगौरवात् सा प्रमादपदवीमुपेयुषः ॥३२॥**

**અનુવાદ :** નિશ્ચયથી મુનિની વૃત્તિ મન, વચન અને કાયાની પ્રવૃત્તિ રહિત એવી હોય છે. તાત્પર્ય એ છે કે તે મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ સહિત હોય છે. પરંતુ પ્રમાદ અવસ્થા પામેલા મુનિને કર્મની અધિકતાને કારણે તે (મુનિવૃતિ) આનાથી વિપરીત અર્થાત્ ઉપર્યુક્ત ત્રણ ગુપ્તિઓથી રહિત હોય છે. ૩૨.

(रथोद्धता)

**सत्समाधिशशलाञ्छनोदयादुल्लसत्यमलबोधवारिधिः ।**
**योगिनो ऽणुसदृशं विभाव्यते यत्र मग्नमखिलं चराचरम् ॥३३॥**

**અનુવાદ :** સમીચીન સમાધિરૂપ ચન્દ્રમાના ઉદયથી હર્ષિત થઈને યોગીનો નિર્મળ જ્ઞાનરૂપ સમુદ્ર વૃદ્ધિ પામે છે, જેમાં ડૂબેલું આ સમસ્ત ચરાચર વિશ્વ અણુ-સમાન પ્રતિભાસે છે. ૩૩.

(रथोद्धता)

**कर्मशुष्कतृणराशिरुन्नतो ऽप्युद्गते शुचिसमाधिमारुतात् ।**
**भेदबोधदहने हृदि स्थिते योगिनो झटिति भस्मसाद्भवेत् ॥३४॥**

**અનુવાદ :** પવિત્ર સમાધિરૂપ વાયુ દ્વારા યોગીના હૃદયમાં સ્થિત ભેદજ્ઞાનરૂપી અગ્નિ પ્રજ્વલિત થતાં તેમાં કર્મરૂપી સૂકા ઘાસનો ઊંચો ઢગલો પણ તરત જ ભસ્મ થઈ જાય છે. ૩૪.

(रथोद्धता)

**चित्तमत्तकरिणा न चेद्धतो दुष्टबोधवह्निनाथवा ।**
**योगकल्पतरुरेष निश्चितं वाञ्छितं फलति मोक्षसत्फलम् ॥३५॥**

**અનુવાદ :** જો તે યોગરૂપી કલ્પવૃક્ષ ઉન્મત્ત હાથી દ્વારા અથવા

મિથ્યાજ્ઞાનરૂપી અગ્નિ દ્વારા નષ્ટ કરવામાં ન આવે તો તે નિશ્ચયથી ઈષ્ટ મોક્ષરૂપી ઉત્તમ ફળ ઉત્પન્ન કરે છે. ૩૫.

(रथोद्धता)

**तावदेव मतिवाहिनी सदा धावति श्रुतगता पुरः पुरः ।**
**यावदत्र परमात्मसंविदा भिद्यते न हृदयं मनीषिणः ।।३६।।**

**અનુવાદ :** અહીં વિદ્વાન સાધુની બુદ્ધિરૂપી નદી આગમમાં સ્થિત થઈને નિરંતર ત્યાં સુધી જ આગળ આગળ દોડે છે જ્યાં સુધી તેનું હૃદય ઉત્કૃષ્ટ આત્મતત્ત્વના જ્ઞાનથી ભેદાતું નથી.

**વિશેષાર્થ :** આનો અભિપ્રાય એ છે કે વિદ્વાન સાધુને જ્યારે ઉત્કૃષ્ટ આત્માનું સ્વરૂપ સમજવામાં આવી જાય છે ત્યારે તેને શ્રુતના પરિશીલનની વિશેષ આવશ્યકતા નથી રહેતી. કારણ એ છે કે આત્મતત્ત્વનું પરિજ્ઞાન પ્રાપ્ત કરવું એ જ તો આગમના અભ્યાસનું ફળ છે, અને તે તેને પ્રાપ્ત થઈ જ ગયું છે. હવે તેને મોક્ષપદ કાંઈ દૂર નથી. ૩૬.

(रथोद्धता)

**यः कषायपवनैरचुम्बितो बोधवह्निरमलोल्लसद्दशः ।**
**किं न मोहतिमिरं विखण्डयन् भासते जगति चित्प्रदीपकः ।।३७।।**

**અનુવાદ :** જે ચૈતન્યરૂપી દીપક કષાયરૂપી વાયુથી સ્પર્શાયો નથી, જ્ઞાનરૂપી અગ્નિ સહિત છે તથા પ્રકાશમાન નિર્મળ દશાઓ (દ્રવ્ય પર્યાયો) રૂપ દશા (બત્તી) થી સુશોભિત છે, તે શું સંસારમાં મોહરૂપી અંધકારને નષ્ટ કરતો પ્રતિભાસિત નથી થતો? અર્થાત્ અવશ્ય જ પ્રતિભાસિત થાય છે. ૩૭.

(रथोद्धता)

**बाह्यशास्त्रगहने विहारिणी या मतिर्बहुविकल्पधारिणी ।**
**चित्स्वरूपकुलसद्मनिर्गता सा सती न सदृशी कुयोषिता ।।३८।।**

**અનુવાદ :** જે બુદ્ધિરૂપી સ્ત્રી બાહ્ય શાસ્ત્રરૂપી વનમાં ફરનારી છે, અનેક વિકલ્પો ધારણ કરે છે તથા ચૈતન્યરૂપી કુલીન ઘરમાંથી નીકળી ચુકી છે, તે પતિવ્રતા સમાન સમીચીન નથી, પરંતુ દુરાચારિણી સ્ત્રી સમાન છે. ૩૮.

(रथोद्धता)

यस्तु हेयमितरच्च भावयन्नाद्यतो हि परमाप्तुमीहते ।
तस्य बुद्धिरुपदेशतो गुरोराश्रयेत्स्वपदमेव निश्चलम् ।।३९।।

**અનુવાદ :** જે ભવ્ય જીવ હેય અને ઉપાદેયનો વિચાર કરતો થકો પહેલાની (હેયની) અપેક્ષાએ બીજી (ઉપાદેય) ને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે તેની બુદ્ધિ ગુરુના ઉપદેશથી સ્થિર આત્મપદ (મોક્ષ)ને જ પ્રાપ્ત કરે છે. ૩૯.

(रथोद्धता)

सुप्त एष बहुमोहनिद्रया लङ्घितः स्वमबलादि पश्यति ।
जाग्रतोच्चवचसा गुरोर्गतं संगतं सकलमेव दृश्यते ।।४०।।

**અનુવાદ :** મોહરૂપી ગાઢ નિદ્રાને વશીભૂત થઈને સૂતેલો આ જીવ સ્ત્રી–પુત્રાદિ બાહ્ય વસ્તુઓને પોતાની સમજે છે. તે જ્યારે ગુરુના ઊંચા વચન અર્થાત્ ઉપદેશથી જાગી ઉઠે છે ત્યારે સંયોગને પ્રાપ્ત થયેલ તે બધા જ બાહ્ય પદાર્થોને નશ્વર સમજવા માંડે છે. ૪૦.

(रथोद्धता)

जल्पितेन बहुना किमाश्रयेद् बुद्धिमानमलयोगसिद्धये ।
साम्यमेव सकलैरुपाधिभिः कर्मजालजनितैर्विवर्जितम् ।।४१।।

**અનુવાદ :** ઘણું કહેવાથી શું? બુદ્ધિમાન મનુષ્યે નિર્મળ યોગની સિદ્ધિ માટે કર્મસમૂહથી ઉત્પન્ન થયેલ સમસ્ત ઉપાધિ રહિત એક માત્ર સમતાભાવનો જ આશ્રય કરવો જોઈએ. ૪૧.

(रथोद्धता)

नाममात्रकथया परात्मनो भूरिजन्मकृतपापसंक्षयः ।
बोध वृत्तरुचयस्तु तद्गताः कुर्वते हि जगतां पतिं नरम् ।।४२।।

**અનુવાદ :** પરમાત્માના નામ માત્રની કથાથી જ અનેક જન્મોમાં સંચિત કરેલા પાપોનો નાશ થાય છે. તથા ઉક્ત પરમાત્મામાં સ્થિત જ્ઞાન, ચારિત્ર અને સમ્યગ્દર્શન મનુષ્યને જગતનો અધીશ્વર બનાવી દે છે. ૪૨.

(रथोद्धता)

**चित्स्वरूपपदलीनमानसो यः सदा स किल योगिनायकः।**
**जीवराशिरखिलश्चिदात्मको दर्शनीय इति चात्मसंनिभिः ।।४३।।**

**અનુવાદ :** જે મુનિનું મન ચૈતન્યસ્વરૂપમાં લીન થાય છે તે યોગીઓમાં શ્રેષ્ઠ થઈ જાય છે. સમસ્ત જીવરાશિ ચૈતન્યસ્વરૂપ છે માટે તેમને પોતાના સમાન જ ગણવા જોઈએ. ૪૩.

(रथोद्धता)

**अन्तरङ्गबहिरङ्गयोगतः कार्यसिद्धिरखिलेति योगिना।**
**आसितव्यमनिशं प्रयत्नतः स्वं परं सदृशमेव पश्यता ।।४४।।**

**અનુવાદ :** સર્વ કાર્યોની સિદ્ધિ અંતરંગ અને બહિરંગ યોગથી થાય છે. તેથી યોગીએ નિરંતર પ્રયત્નપૂર્વક સ્વ અને પરને સમદ્રષ્ટિથી દેખતા રહેવું જોઈએ.

**વિશેષાર્થ :** યોગ શબ્દના બે અર્થ છે–મન, વચન અને કાયાની પ્રવૃત્તિ અને સમાધિ. એમાં મન, વચન અને કાયની પ્રવૃત્તિરૂપ જે યોગ છે તે બે પ્રકારનો છે–શુભ અને અશુભ. આમાં શુભ યોગથી પુણ્ય અને અશુભ યોગથી પાપનો આસ્રવ થાય છે અને તે પ્રમાણે જ જીવને સાંસારિક સુખ અને દુઃખની પ્રાપ્તિ થાય છે. આ બન્નેય પ્રકારના યોગ શરીર સાથે સંબદ્ધ હોવાના કારણે બહિરંગ કહેવાય છે. અંતરંગ યોગ સમાધિ છે. એનાથી જીવને અવિનશ્વર પદની પ્રાપ્તિ થાય છે. અહીં ગ્રન્થકર્તાએ સ્વ અને પરમાં સમબુદ્ધિ રાખતા યોગીને આ અંતરંગ યોગમાં સ્થિત રહેવા તરફ સંકેત કર્યો છે. ૪૪.

(रथोद्धता)

**लोक एष बहुभावभावितः स्वार्जितेन विविधेन कर्मणा।**
**पश्यतोऽस्य विकृतीर्जडात्मनः क्षोभमेति हृदयं न योगिनः ।।४५।।**

**અનુવાદ :** આ જનસમૂહ પોતાના કમાયેલા અનેક પ્રકારના કર્મ અનુસાર અનેક અવસ્થાઓ પામે છે. તે અજ્ઞાનીના વિકારો જોઈને યોગીનું મન ક્ષોભ પામતું નથી. ૪૫.

(रथोद्धता)

**सुप्त एष बहुमोहनिद्रया दीर्घकालमविरामया जनः।**
**शास्त्रमेतदधिगम्य सांप्रतं सुप्रबोध इह जायतामिति ।।४६।।**

**અનુવાદ :** આ પ્રાણી નિરંતર રહેનારી મોહરૂપ ગાઢ નિદ્રાથી ઘણા કાળ સુધી સૂતો છે. હવે તેણે અહીં આ શાસ્ત્રનો અભ્યાસ કરીને જાગૃત (સમ્યગ્જ્ઞાની) થઈ જવું જોઈએ. ૪૬.

(रथोद्धता)

चित्स्वरूपगगने जयत्यसावेकदेशविषयापि रम्यता ।
ईषदुद्गतवचःकरैः परैः पद्मनन्दिवदनेन्दुना कृता ॥४७॥

**અનુવાદ :** પદ્મનંદી મુનિના મુખરૂપ ચંદ્રમા દ્વારા કિંચિત્ ઉદય પામેલા ઉત્કૃષ્ટ વચનરૂપ કિરણોથી કરવામાં આવેલી તે રમણીયતા એક દેશનો વિષય કરતી હોવા છતાં પણ ચૈતન્યરૂપ આકાશમાં જયવંત હો. ૪૭.

(शार्दूलविक्रीडित)

त्यक्ताशेषपरिग्रहः शमधनो गुप्तित्रयालंकृतः
शुद्धात्मानमुपाश्रितो भवति यो योगी निराशस्ततः ।
मोक्षो हस्तगतो ऽस्य निर्मलमतेरेतावतैव ध्रुवं
प्रत्यूहं कुरुते स्वभावविषमो मोहो व वैरी यदि ॥४८॥

**અનુવાદ :** જે યોગીએ સમસ્ત પરિગ્રહનો પરિત્યાગ કરી દીધો છે, જે શાંતિરૂપ સંપત્તિ સહિત છે, ત્રણ ગુપ્તિઓથી અલંકૃત છે તથા શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરીને આશા રહિત (ઈચ્છા કે તૃણા રહિત) થઈ ગયા છે તેના માર્ગમાં સ્વભાવથી દુષ્ટ તે મોહરૂપી શત્રુ જો વિઘ્ન ન કરે તો એટલા માત્રથી જ મોક્ષ આ નિર્મળબુદ્ધિ યોગીના હાથમાં સ્થિત (છે એમ) સમજવું જોઈએ. ૪૮.

(शार्दूलविक्रीडित)

त्रैलोक्ये किमिहास्ति को ऽपि स सुरः किं वा नरः किं फणी
यस्माद्भीर्मम यामि कातरतया यस्याश्रयं चापदि ।
उक्तं यत्परमेश्वरेण गुरुणा निःशेषवाञ्छाभयं
भ्रान्तिक्लेशहरं हृदि स्फुरति चेत्तत्त्वमत्यद्भुतम् ॥४९॥

**અનુવાદ :** મહાન પરમેશ્વર દ્વારા કહેવામાં આવેલું જે ચૈતન્યતત્ત્વ સમસ્ત ઈચ્છા, ભય, ભ્રાન્તિ અને ક્લેશ દૂર કરે છે તે આશ્ચર્યજનક ચૈતન્યતત્ત્વ જો હૃદયમાં

પ્રકાશમાન છે તો પછી ત્રણે લોકમાં અહીં શું એવો કોઈ દેવ છે, એવો કોઈ મનુષ્ય છે અથવા એવો કોઈ સર્પ છે; જેનાથી મને ભય ઉત્પન્ન થાય અથવા આપત્તિ આવતાં હું ડરી જઈને તેના શરણે જાઉં? અર્થાત્ ઉપર્યુક્ત ચૈતન્યસ્વરૂપ હૃદયમાં સ્થિત રહેતાં કદી કોઈનો ભય રહેતો નથી અને તેથી કોઈના શરણે જવાની પણ આવશ્યકતા રહેતી નથી. ૪૯.

(शार्दूलविक्रीडित)

**तत्त्वज्ञानसुधार्णवं लहरिभिर्दूरं समुल्लासयन्**
**तृष्णापत्रविचित्रचित्तकमले संकोचमुद्रां दधत् ।**
**सद्विद्याश्रितभव्यकैरवकुले कुर्वन् विकासश्रियं**
**योगीन्द्रोदयभूधरे विजयते सद्बोधचन्दोदयः ।।५०।।**

**અનુવાદ :** જે સદ્બોધચન્દ્રોદય (સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રનો ઉદય) તત્ત્વજ્ઞાનરૂપી અમૃતના સમુદ્રને તત્ત્વવિચારરૂપ લહેરો દ્વારા દૂરથી જ પ્રગટ કરે છે, તૃષ્ણારૂપી પાંદડાઓથી વિચિત્ર એવા ચિત્તરૂપી કમળને સંકોચે છે તથા સમ્યગ્જ્ઞાનનો આશ્રય પામેલા ભવ્ય જીવો રૂપ કુમુદોના સમૂહને વિકસિત કરે છે; તે સદ્‌બોધ ચન્દ્રોદય (આ પ્રકરણ) મુનીન્દ્રરૂપી ઉદયાચળ પર્વત ઉપર જયવંત થાય છે. ૫૦.

આ રીતે સદ્‌બોધચંદ્રોદય અધિકાર સમાપ્ત થયો. ૧૦.

# ૧૧. નિશ્ચયપંચાશત્

## [११. निश्चयपञ्चाशत् ]

(आर्या)

दुर्लक्ष्यं जयति परं ज्योतिर्वाचां गणः कवीन्द्राणाम् ।
जलमिव वज्रे यस्मिन्नलब्धमध्या बहिर्लुठति ।।१।।

**અનુવાદ :** જેવી રીતે જળ વજ્રની મધ્યમાં પ્રવેશ ન પામતાં બહાર જ દડી પડે છે તેવી જ રીતે જે ઉત્કૃષ્ટ જ્યોતિની મધ્યમાં મહાકવિઓના વચનોનો સમૂહ પણ પ્રવેશ ન પામતાં બહાર જ રહી જાય છે, અર્થાત્ જેનું વર્ણન મહાકવિ પણ પોતાની વાણી દ્વારા કરી શકતા નથી તથા જે ઘણી મુશ્કેલીથી દેખી શકાય છે તે ઉત્કૃષ્ટ જ્યોતિ જયવંત હો. ૧.

(आर्या)

मनसो ऽचिन्त्यं वाचामगोचरं यन्महस्तनोर्भिन्नम् ।
स्वानुभवमात्रगम्यं चिद्रूपममूर्तमव्याद्वः ।।२।।

**અનુવાદ :** જે ચૈતન્યરૂપ તેજના વિષયમાં મનથી કાંઈ વિચાર કરી શકાતો નથી, વચનથી કાંઈ કહી શકાતું નથી તથા જે શરીરથી ભિન્ન, અનુભવ માત્રથી ગમ્ય અને અમૂર્ત છે; તે ચૈતન્યરૂપ તેજ આપ લોકોની રક્ષા કરો. ૨.

(आर्या)

वपुरादिपरित्यक्ते मज्जत्यानन्दसागरे मनसि ।
प्रतिभाति यत्तदेकं जयति परं चिन्मयं ज्योतिः ।।३।।

**અનુવાદ :** મનથી બાહ્ય શરીરાદિ તરફથી ખસીને આનંદરૂપ સમુદ્રમાં ડૂબી જતાં

જે જ્યોતિ પ્રતિભાસિત થાય છે તે ઉત્કૃષ્ટ ચૈતન્યસ્વરૂપ જ્યોતિ જયવંત હો. ૩.

(आर्या)

स जयति गुरुर्गरीयान् यस्मामलवचनरश्मिभिर्झगिति ।
नश्यति तन्मोहतमो यदविषयो दिनकरादीनाम् ।।४।।

**અનુવાદ :** જે અજ્ઞાનરૂપ અંધકાર સૂર્યાદિ દ્વારા નષ્ટ કરી શકાતો નથી તે જે ગુરુના નિર્મળ વચનરૂપ કિરણોદ્વારા શીઘ્ર જ નષ્ટ થઈ જાય છે તે શ્રેષ્ઠ ગુરુ જયવંત હો. ૪.

(आर्या)

आस्तां जरादिदुःखं सुखमपि विषयोद्भवं सतां दुःखम् ।
तैर्मन्यते सुखं यत्तन्मुक्तौ सा च दुःसाध्या ।।५।।

**અનુવાદ :** વૃદ્ધત્વ આદિના નિમિત્તે ઉત્પન્ન થનારૂં દુઃખ તો દૂર જ રહે, પરંતુ વિષયભોગોથી ઉત્પન્ન થયેલું સુખ પણ સાધુ પુરુષોને દુઃખરૂપ જ પ્રતિભાષિત થાય છે. તેઓ જેને વાસ્તવિક સુખ માને છે તે સુખ મુક્તિમાં છે અને તે ઘણી મુશ્કેલીથી સિદ્ધ કરી શકાય છે. ૫.

(आर्या)

श्रुतपरिचितानुभूतं सर्वं सर्वस्य जन्मने सुचिरम् ।
न तु मुक्तयेऽत्र सुलभा शुद्धात्मज्योतिरुपलब्धिः ।।६।।

**અનુવાદ :** લોકમાં સર્વ પ્રાણીઓએ ચિરકાળથી જન્મ–મરણરૂપ સંસારના કારણભૂત વસ્તુઓના વિષયમાં સાંભળ્યું છે, પરિચય પ્રાપ્ત કર્યો છે તથા અનુભવ પણ કર્યો છે. પરંતુ જે શુદ્ધ આત્માની જ્યોતિ મુક્તિના કારણભૂત છે તેની ઉપલબ્ધિ તેમને સુલભ નથી. ૬.

(आर्या)

बोधोऽपि यत्र विरलो वृत्तिर्वाचामगोचरे बाढम् ।
अनुभूतिस्तत्र पुनर्दुर्लक्ष्यात्मनि परं गहनम् ।।७।।

**અનુવાદ :** જે આત્મા વચનોથી અગોચર છે–વિકલ્પાતીત છે–તે આત્મતત્ત્વના

વિષયમાં પ્રાયઃ જ્ઞાન જ થતું નથી. તેના વિષયમાં સ્થિતિ તો વિશેષ કઠિન છે અને તેનો અનુભવ તો દુર્લભ જ છે. તે આત્મતત્ત્વ અત્યંત દુર્ગમ છે. ૭.

(आर्या)

**व्यवहृतिरबोधजनबोधनाय कर्मक्षयाय शुद्धनयः ।**
**स्वार्थं मुमुक्षुरहमिति वक्ष्ये तदाश्रितं किंचित् ॥८॥**

**અનુવાદ :** વ્યવહારનય અજ્ઞાનીજનોને પ્રતિબોધ કરવા માટે છે, પરંતુ શુદ્ધ નિશ્ચયનય કર્મોના નાશનું કારણ છે. તેથી મોક્ષની અભિલાષા રાખનાર હું (પદ્મનંદી) સ્વના નિમિત્તે શુદ્ધ નિશ્ચયનયના આશ્રયે પ્રયોજનભૂત આત્મસ્વરૂપનું વર્ણન કરૂં છું. ૮.

(आर्या)

**व्यवहारो ऽभूतार्थो भूतार्थो देशितस्तु शुद्धनयः ।**
**शुद्धनयमाश्रिता ये प्राप्नुवन्ति यतयः पदं परमम् ॥९॥**

**અનુવાદ :** વ્યવહારનયને અસત્ય પદાર્થનો વિષય કરનાર અને નિશ્ચયનયને યથાર્થ વસ્તુનો વિષય કરનાર કહેવામાં આવેલ છે. જે મુનિ શુદ્ધ નિશ્ચયનયનો આશ્રય લે છે તે ઉત્કૃષ્ટ પદ (મોક્ષ) ને પ્રાપ્ત કરે છે. ૯.

(आर्या)

**तत्त्वं वागतिवर्ति व्यवहृतिमासाद्य जायते वाच्यम् ।**
**गुणपर्ययादिविवृतेः प्रसरति तच्चापि शतशाखम् ॥१०॥**

**અનુવાદ :** વસ્તુનું યથાર્થ સ્વરૂપ વચન અગોચર છે અર્થાત્ તે વચન દ્વારા કહી શકાતું નથી. તે વ્યવહારનો આશ્રય લઈને જ વચન દ્વારા કહેવાને યોગ્ય બને છે તે પણ ગુણો અને પર્યાયો આદિના વિવરણથી સેંકડો શાખાઓમાં વિસ્તાર પામે છે. ૧૦.

(आर्या)

**मुख्योपचारविवृतिं व्यवहारोपायतो यतः सन्तः ।**
**ज्ञात्वा श्रयन्ति शुद्धं तत्त्वमिति व्यवहृतिः पूज्या ॥११॥**

**અનુવાદ :** સજ્જન મનુષ્ય વ્યવહારનયના આશ્રયે જ મુખ્ય અને ઉપચારભૂત

કથન જાણીને શુદ્ધ સ્વરૂપનો આશ્રય લે છે તેથી તે વ્યવહાર (પૂજ્ય) ગ્રાહ્ય છે. ૧૧.

(आर्या)

आत्मनि निश्चयबोधस्थितयो रत्नत्रयं भवक्षतये ।
भूतार्थपथप्रस्थितबुद्धेरात्मैव तत्त्रितयम् ।।१२।।

**અનુવાદ :** આત્માના વિષયમાં દ્રઢતા (સમ્યગ્દર્શન), જ્ઞાન અને સ્થિતિ (ચારિત્ર)રૂપ રત્નત્રય સંસારના નાશનું કારણ છે. પરંતુ જેની બુદ્ધિ શુદ્ધ નિશ્ચયનયના માર્ગમાં પ્રવૃત્ત થઈ ચુકી છે તેને તે ત્રણે (સમ્યગ્દર્શનાદિ) એક આત્મસ્વરૂપ જ છે– તેનાથી ભિન્ન નથી. ૧૨.

(आर्या)

सम्यक्सुखबोधदृशां त्रितयमखण्डं परात्मनो रूपम् ।
तत्तत्र तत्परो यः स एव तल्लब्धिकृतकृत्यः ।।१३।।

**અનુવાદ :** સમ્યક્ સુખ (ચારિત્ર), જ્ઞાન અને દર્શન આ ત્રણેની એકતા પરમાત્માનું અખંડ સ્વરૂપ છે. તેથી જે જીવ ઉપર્યુક્ત પરમાત્મસ્વરૂપમાં લીન થાય છે તે જ તેમની પ્રાપ્તિથી કૃતકૃત્ય થાય છે. ૧૩.

(आर्या)

अग्नाविवोष्णभावः सम्यग्बोधो ऽस्ति दर्शनं शुद्धम् ।
ज्ञातं प्रतीतमाभ्यां सत्स्वास्थ्यं भवति चारित्रम् ।।१४।।

**અનુવાદ :** જેવી રીતે અભેદ સ્વરૂપે અગ્નિમાં ઉષ્ણતા રહે છે તેવી જ રીતે આત્મામાં જ્ઞાન છે. આ પ્રકારની પ્રતીતિનું નામ શુદ્ધ સમ્યગ્દર્શન અને તે જ પ્રકારે જાણવાનું નામ સમ્યગ્જ્ઞાન છે. આ બન્નેની સાથે ઉક્ત આત્માના સ્વરૂપમાં સ્થિત થવાનું નામ સમ્યક્ચારિત્ર છે. ૧૪.

(आर्या)

विहिताभ्यासा बहिरर्थवेध्यसंबन्धिनो दृगादिशराः ।
सफलाः शुद्धात्मरणे छिन्दितकर्मारिसंघाताः ।।१५।।

**અનુવાદ :** જે સમ્યગ્દર્શન આદિરૂપ બાણ બાહ્ય વસ્તુરૂપ વેધ્ય (લક્ષ્ય)

સાથે સંબંધ રાખે છે તથા જેમણે આ કાર્યનો અભ્યાસ પણ કર્યો છે તે સમ્યગ્દર્શનાદિરૂપ બાણ શુદ્ધ આત્મારૂપ રણમાં કર્મરૂપ શત્રુઓના સમૂહનો નાશ કરીને સફળ થાય છે. ૧૫.

(आर्या)

**हिंसोज्झित एकाकी सर्वोपद्रवसहो वनस्थो ऽपि ।**
**तरुरिव नरो न सिध्यति सम्यग्बोधादृते जातु ।।१६।।**

**અનુવાદ :** જે મનુષ્ય વૃક્ષ સમાન હિંસા કર્મ રહિત છે, એકલો છે અર્થાત્ કોઈ સહાયકની અપેક્ષા રાખતો નથી, સમસ્ત ઉપદ્રવો સહન કરે છે તથા વનમાં સ્થિત પણ છે છતાં પણ તે સમ્યગ્જ્ઞાન વિના કદી પણ સિદ્ધ થઈ શકતો નથી.

**વિશેષાર્થ :** વનમાં એકલું રહેલ જે વૃક્ષ ઠંડી અને ગરમી આદિના ઉપદ્રવો સહન કરે છે તથા સ્થાવર હોવાના કારણે હિંસાકર્મથી પણ રહિત છે છતાં ય સમ્યગ્જ્ઞાન રહિત હોવાના કારણે જેમ તે કદી મુક્તિ પામી શકતું નથી તે જ રીતે મનુષ્ય સાધુ થઈને સર્વ પ્રકારના ઉપદ્રવો અને પરિષહો સહન કરે છે, ઘર છોડીને વનમાં એકાકીપણે રહે છે તથા પ્રાણીઓના ઘાતથી વિરત છે; છતાં પણ જો તેણે સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી તો તે પણ કદી મુક્ત થઈ શકતો નથી. ૧૬.

(आर्या)

**अस्पृष्टमबद्धमनन्यमयुतमविशेषभ्रमोपेतः ।**
**यः पश्यत्यात्मानं स पुमान् खलु शुद्धनयनिष्ठः ।।१७।।**

**અનુવાદ :** જે ભવ્ય જીવ ભ્રમરહિત થઈને પોતાને કર્મથી અસ્પૃષ્ટ, બંધરહિત, એક, પરના સંયોગ રહિત તથા પર્યાયના સંબંધ રહિત શુદ્ધ દ્રવ્યસ્વરૂપને દેખે છે તેને નિશ્ચયથી શુદ્ધ નયમાં નિષ્ઠા રાખનાર સમજવો જોઈએ. ૧૭.

(आर्या)

**शुद्धाच्छुद्धमशुद्धं ध्यायन्नाप्नोत्यशुद्धमेव स्वम् ।**
**जनयति हेम्नो हैमं लोहाल्लो [लौ] हं नरः कटकम् ।।१८।।**

**અનુવાદ :** જીવ શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ આત્માનું ધ્યાન કરતો શુદ્ધ જ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે તથા વ્યવહારનયનું અવલંબન લઈને અશુદ્ધ આત્માનો વિચાર કરતો અશુદ્ધ જ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે. બરાબર છે–મનુષ્ય સોનામાંથી સોનામય કડું અને લોઢામાંથી લોહમય કડું જ ઉત્પન્ન કરે છે. ૧૮.

(आर्या)

सानुष्ठानविशुद्धे दृग्बोधे जृम्भिते कुतो जन्म ।
उदिते गभस्तिमालिनि किं न विनश्यति तमो नैशम् ।।१९।।

**અનુવાદ :** ચારિત્ર સહિત વિશુદ્ધ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વૃદ્ધિ પામતાં ભલા જન્મ–મરણરૂપ સંસાર ક્યાંથી રહી શકે? અર્થાત્ રહી શકતો નથી. ઠીક છે–સૂર્યનો ઉદય થતાં શું રાત્રિનો અંધકાર નષ્ટ નથી થતો? અવશ્ય જ તે નષ્ટ થઈ જાય છે. ૧૯.

(आर्या)

आत्मभुवि कर्मबीजाच्चित्ततरुर्यत्फलं फलति जन्म ।
मुक्त्यर्थिना स दाह्यो भेदज्ञानोग्रदावेन ।।२०।।

**અનુવાદ :** આત્મારૂપ પૃથ્વી ઉપર કર્મરૂપ બીજથી ઉત્પન્ન થયેલ આ ચિત્તરૂપ વૃક્ષ જે સંસારરૂપ ફળ ઉત્પન્ન કરે છે તેને મોક્ષાભિલાષી જીવે ભેદજ્ઞાનરૂપ તીક્ષ્ણ તીવ્ર અગ્નિ દ્વારા બાળી નાખવું જોઈએ. ૨૦.

(आर्या)

अमलात्मजलं समलं करोति मम कर्मकर्दमस्तदपि ।
का भीतिः सति निश्चितभेदकरज्ञानकतकफले ।।२१।।

**અનુવાદ :** જોકે કર્મરૂપી કીચડ મારા નિર્મળ આત્મારૂપ જળને મલિન કરે છે તો પણ નિશ્ચિત ભેદને પ્રગટ કરનાર જ્ઞાન (ભેદજ્ઞાન) રૂપ નિર્મળી ફળ હોતાં મને તેનાથી ભય શાનો? અર્થાત્ કાંઈ પણ ભય નથી.

**વિશેષાર્થ :** જેમ કીચડથી મલિન કરવામાં આવેલું પાણી નિર્મળી ફળ (ફટકડી) નાખતાં સ્વચ્છ થઈ જાય છે તેવી જ રીતે કર્મના ઉદયથી ઉત્પન્ન દુષ્ટ ક્રોધાદિ વિકારો દ્વારા મલિન થયેલ આત્મા સ્વ-પરના ભેદજ્ઞાન દ્વારા નિશ્ચયથી નિર્મળ થઈ જાય છે. તેથી વિવેકી (ભેદજ્ઞાની) જીવને કર્મકૃત તે મલિનતાનો કાંઈ પણ ભય રહેતો નથી. ૨૧.

(आर्या)

अन्योऽहमन्यमेतच्छरीरमपि किं पुनर्न बहिरर्थाः ।
व्यभिचारी यत्र सुतस्तत्र किमरयः स्वकीयाः स्युः ।।२२।।

**અનુવાદ :** જો હું અન્ય છું અને આ શરીર પણ અન્ય છે તો શું પ્રત્યક્ષ ભિન્ન દેખાતાં બાહ્ય પદાર્થ (સ્ત્રી–પુત્ર આદિ) મારાથી ભિન્ન નથી? અર્થાત્ તેઓ તો અવશ્ય જ ભિન્ન છે. બરાબર છે જ્યાં પોતાનો પુત્ર જ વ્યભિચારી હોય અર્થાત્ પોતાને અનુકૂળ ન હોય ત્યાં શું શત્રુ પોતાને અનુકૂળ હોઈ શકે? અર્થાત્ હોઈ શકે નહિ. ૨૨.

(आर्या)

**व्याधिस्तुदति शरीरं न माममूर्तं विशुद्धबोधमयम् ।**
**अग्निर्दहति कुटीरं न कुटीरासक्तमाकाशम् ।।२३।।**

અનુવાદ :–રોગ શરીરને પીડા કરે છે, તે અમૂર્ત અને નિર્મળ જ્ઞાનસ્વરૂપ મને (આત્માને) પીડા કરતો નથી. યોગ્ય છે–અગ્નિ ઝુંપડીને જ બાળે છે, નહિ કે ઝુંપડી સાથે આકાશને પણ. ૨૩.

(आर्या)

**वपुराश्रितमिदमखिलं क्षुधादिभिर्भवति किमपि यदसातम् ।**
**नो निश्चयेन तन्मे यदहं बाधाविनिर्मुक्तः ।।२४।।**

**અનુવાદ :** ભૂખ–તરસ વગેરે દ્વારા જે કાંઈ પણ દુઃખ થાય છે તે બધું શરીરાશ્રિત છે. નિશ્ચયથી તે (દુઃખ) મને નથી કારણ કે હું સ્વભાવે બાધા રહિત છું. ૨૪.

(आर्या)

**नैवात्मनो विकारः क्रोधादिः किंतु कर्मसंबन्धात् ।**
**स्फटिकमणेरिव रक्तत्वमाश्रितात्पुष्पतो रक्तात् ।।२५।।**

**અનુવાદ :** ક્રોધ આદિ વિકાર આત્માના નથી, પરંતુ તેઓ કર્મ સાથે સંબંધવાળા હોવાને લીધે તેનાથી ભિન્ન છે. જેમ–લાલ ફૂલના આશ્રયે સ્ફટિકમણિને પ્રાપ્ત થયેલ લાલિમા વાસ્તવમાં તેની નથી હોતી. ૨૫.

(आर्या)

**कुर्यात्कर्म विकल्पं किं मम तेनातिशुद्धरूपस्य ।**
**मुखसंयोगजविकृतेर्न विकारी दर्पणो भवति ।।२६।।**

**અનુવાદ :** કર્મ વિકલ્પ ભલે કરે, અતિશય શુદ્ધ સ્વરૂપ યુક્ત એવા મારી તેના દ્વારા શી હાનિ થઈ શકે? કાંઈ પણ નહિ. બરાબર છે-મુખના સંયોગથી ઉત્પન્ન થયેલ વિકારના કારણે કાંઈ દર્પણ વિકારયુક્ત થઈ જતું નથી. ૨૬.

(आर्या)

**आस्तां बहिरुपधिचयस्तनुवचनविकल्पजालमप्यपरम् ।**
**कर्मकृतत्वान्मत्तः कुतो विशुद्धस्य मम किंचित् ॥२७॥**

**અનુવાદ :** બાહ્ય ઉપાધિઓનો સમૂહ (સ્ત્રી-પુત્ર-ધનાદિ) તો દૂર જ રહો, પરંતુ શરીર અને વચન સંબંધી વિકલ્પોનો સમૂહ પણ કર્મકૃત હોવાના કારણે મારાથી ભિન્ન છે. હું સ્વભાવે શુદ્ધ છું તેથી કોઈ પણ વિકાર મારો ક્યાંથી હોઈ શકે? ન હોઈ શકે. ૨૭.

(आर्या)

**कर्म परं तत्कार्यं सुखमसुखं वा तदेव परमेव ।**
**तस्मिन् हर्षविषादौ मोही विदधाति खलु नान्यः ॥२८॥**

**અનુવાદ :** કર્મ ભિન્ન છે તથા તેના કાર્યભૂત જે સુખ અને દુઃખ છે તે પણ ભિન્ન છે. કર્મના કાર્યભૂત તે સુખ અને દુઃખમાં નિશ્ચયથી અજ્ઞાની જીવ જ હર્ષ અને વિષાદ કરે છે, નહિ કે જ્ઞાની જીવ. ૨૮.

(आर्या)

**कर्म न यथा स्वरूपं न तथा तत्कार्यकल्पनाजालम् ।**
**तत्रात्ममतिविहीनो मुमुक्षुरात्मा सुखी भवति ॥२९॥**

**અનુવાદ :** જેવી રીતે કર્મ આત્માનું સ્વરૂપ નથી તેવી જ રીતે તેના કાર્યભૂત વિકલ્પોનો સમૂહ પણ આત્માનું સ્વરૂપ નથી. તેથી તેમનામાં આત્મબુદ્ધિ અર્થાત્ મમત્વબુદ્ધિથી રહિત થયેલ મોક્ષાભિલાષી જીવ સુખી થાય છે. ૨૯.

(आर्या)

**कर्मकृतकार्यजाते कर्मैव विधौ तथा निषेधे च ।**
**नाहमतिशुद्धबोधो विधूतविश्वोपधिर्नित्यम् ॥३०॥**

**અનુવાદ :** કર્મકૃત કાર્યસમૂહ (રાગ–દ્વેષાદિ) અને તેની વિધિ તથા નિષેધમાં કર્મ જ કારણ છે. હું (આત્મા) નથી. હું તો સદા અતિશય નિર્મળ જ્ઞાનસ્વરૂપ હોઈને સમસ્ત ઉપાધિ રહિત છું. ૩૦.

(आर्या)

बाह्यायामपि विकृतौ मोही जागर्ति सर्वदात्मेति।
किं नोपभुक्तहेमो हेम ग्रावाणमपि मनुते ।।३१।।

**અનુવાદ :** અજ્ઞાની જીવ કર્મકૃત બાહ્ય વિકારમાં પણ નિરંતર 'હું છું' એમ માને છે. બરાબર છે.–જેણે ધતૂરાનું ફળ ખાધું હોય તે શું પથ્થરને પણ સુવર્ણ નથી માનતો? માને જ છે.

**વિશેષાર્થ :** જેવી રીતે ધતૂરાનું ફળ ખાઈને મનુષ્ય તેના ઉન્માદથી પથ્થરને પણ સુવર્ણ માને છે તેવી જ રીતે મિથ્યાજ્ઞાની જીવ મિથ્યાત્વના પ્રભાવથી જે બાહ્ય વિકાર (રાગ–દ્વેષ, સ્ત્રી, પુત્ર અને ધન આદિ) કર્મજનિત હોઈને આત્માથી ભિન્ન છે તેમને તે પોતાના માને છે. ૩૧.

(आर्या)

सति द्वितीये चिन्ता कर्म ततस्तेन वर्तते जन्म।
एको ऽस्मि सकलचिन्तारहितो ऽस्मि मुमुक्षुरिति नियतम् ।।३२।।

**અનુવાદ :** આત્માથી ભિન્ન કોઈ બીજો પદાર્થ હોતાં તેને માટે ચિન્તા ઉત્પન્ન થાય છે, તેનાથી કર્મનો બંધ થાય છે તથા તે કર્મબંધથી ફરી જન્મ પરંપરા ચાલે છે. પરંતુ હું નિશ્ચયથી એક છું અને તેથી સમસ્ત ચિન્તાઓથી રહિત થયો થકો મોક્ષનો અભિલાષી છું. ૩૨.

(आर्या)

याद्दश्यपि ताद्दश्यपि परतश्चिन्ता करोति खलु बन्धम्।
किं मम तया मुमुक्षोः परेण किं सर्वदैकस्य ।।३३।।

**અનુવાદ :** અન્ય પદાર્થના નિમિત્તે જે કોઈ પણ પ્રકારની ચિન્તા થાય છે તે નિશ્ચયથી કર્મબંધ કરે છે. મોક્ષના ઈચ્છુક મારે તે ચિન્તાથી અને પરવસ્તુઓથી પણ શું પ્રયોજન છે? અર્થાત્ એમનાથી મારે કાંઈ પણ પ્રયોજન નથી. કારણ એ છે કે હું એમનાથી ભિન્ન હોઈને સર્વદા એક સ્વરૂપ છું. ૩૩.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(आर्या)

मयि चेतः परजातं तच्च परं कर्म विकृतिहेतुरतः ।
किं तेन निर्विकारः केवलमहममलबोधात्मा ।।३४।।

**અનુવાદ :** મારામાં જે ચિત્ત છે તે પરથી ઉત્પન્ન થયેલ છે અને તે પર (જેનાથી ચિત્ત ઉત્પન્ન થયું છે) કર્મ છે કે જે વિકારનું કારણ છે. તેથી મારે તેનાથી શું પ્રયોજન છે? કાંઈ પણ નથી. કારણ કે હું વિકાર રહિત, એક અને નિર્મળ જ્ઞાનસ્વરૂપ છું. ૩૪.

(आर्या)

त्याज्या सर्वा चिन्तेति बुद्धिराविष्करोति तत्तत्त्वम् ।
चन्द्रोदयायते यच्चैतन्यमहोदधौ झगिति ।।३५।।

**અનુવાદ :** સર્વ ચિન્તા ત્યાગવા યોગ્ય છે. આ જાતની બુદ્ધિ તે તત્ત્વને પ્રગટ કરે છે કે જે ચૈતન્યરૂપ મહાસમુદ્રની વૃદ્ધિમાં શીઘ્ર જ ચન્દ્રમાનું કામ કરે છે.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે જેવી રીતે ચન્દ્રમાનો ઉદય થતાં સમુદ્ર વૃદ્ધિ પામે છે તેવી જ રીતે 'સર્વ પ્રકારની ચિન્તા હેય છે' આ ભાવનાથી ચૈતન્યસ્વરૂપ પણ વૃદ્ધિ પામે છે. ૩૫.

(आर्या)

चैतन्यमसंपृक्तं कर्मविकारेण यत्तदेवाहम् ।
तस्य च संसृतिजन्मप्रभृति न किंचित्कुतश्चिन्ता ।।३६।।

**અનુવાદ :** જે ચેતન તત્ત્વ કર્મકૃત વિકારના સંસર્ગ રહિત છે તે જ હું છું. તેને (ચૈતન્યસ્વરૂપ આત્માને) સંસાર અને જન્મ-મરણાદિ કાંઈ પણ નથી. તો પછી ભલા મારે (આત્માને) ચિન્તા ક્યાંથી હોઈ શકે? અર્થાત્ હોઈ શકે નહિ. ૩૬.

(आर्या)

चित्तेन कर्मणा त्वं बद्धो यदि बध्यते त्वया तदतः ।
प्रतिबन्दीकृतमात्मन् मोचयति त्वां न संदेहः ।।३७।।

**અનુવાદ :** હે આત્મન્! તું મન દ્વારા કર્મથી બંધાયો છો, જો તું તે મનને

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

બાંધી દે અર્થાત્ તેને વશ કરી લે તો એનાથી તે પ્રતિબંદી સ્વરૂપ થઈને તને છોડાવી દેશે, એમાં શંકા નથી. ૩૭.

(आर्या)

**नृत्वतरोर्विषयसुखच्छायालाभेन किं मनःपान्थ ।**
**भवदुःखक्षुत्पीडित तुष्टोऽसि गृहाण फलममृतम् ।।३८।।**

**અનુવાદ :** હે સાંસારિક દુઃખરૂપ ક્ષુધાથી પીડિત મનરૂપ પથિક! તું મનુષ્ય પર્યાયરૂપ વૃક્ષની વિષયસુખરૂપ છાયાની પ્રાપ્તિથી જ શા માટે સંતુષ્ટ થાય છે? તેનાથી તું અમૃતરૂપ ફળનું ગ્રહણ કર.

**વિશેષાર્થ :** જેમ સૂર્યના તાપથી સંતપ્ત કોઈ મુસાફર માર્ગમાં છાયાયુક્ત વૃક્ષ મેળવીને તેની કેવળ છાયાથી જ સંતુષ્ટ થઈ જાય છે, જો તે તેમાં લાગેલા ફળોનું ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે તો તેને એનાથી પણ ક્યાંય અધિક સુખ પ્રાપ્ત થઈ શકે. બરાબર એ જ પ્રમાણે આ જીવ મનુષ્ય પર્યાય પામીને તેનાથી પ્રાપ્ત થતા વિષયસુખનો અનુભવ કરતો થકો એટલા માત્રથી જ સંતુષ્ટ થઈ જાય છે. પરંતુ તે અજ્ઞાનવશ એમ નથી વિચારતો કે આ મનુષ્ય પર્યાયથી તો તે અજર–અમર પદ (મોક્ષ) પ્રાપ્ત કરી શકાય છે કે જે અન્ય દેવાદિ પર્યાયથી (મેળવવું) દુર્લભ છે. તેથી અહીં મનને સંબોધન કરીને એ ઉપદેશ આપવામાં આવ્યો છે કે તું આ દુર્લભ મનુષ્ય પર્યાય પામીને તે અસ્થિર વિષય સુખમાં જ સંતુષ્ટ ન થા, પરંતુ સ્થિર મોક્ષસુખ પ્રાપ્ત કરવાનો ઉદ્યમ કર. ૩૮.

(आर्या)

**स्वान्तं ध्वान्तमशेषं दोषोज्झितकर्मबिम्बमिव मार्गे ।**
**विनिहन्ति निरालम्बे संचरदनिशं यतीशानाम् ।।३९।।**

**અનુવાદ :** મુનિઓનું મન સૂર્યબિંબ સમાન આલંબન રહિત માર્ગે નિરંતર સંચાર કરતું થકું દોષ રહિત થઈને સમસ્ત અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરે છે.

**વિશેષાર્થ :** જેમ સૂર્યનું બિંબ નિરાધાર આકાશમાર્ગે ગમન કરતુ થકું દોષા (રાત્રિ) ના સંબંધ રહિત થઈને સમસ્ત અંધકારનો નાશ કરી નાખે છે તેવી જ રીતે મુનિઓનું મન અનેક પ્રકારના સંકલ્પ–વિકલ્પરૂપ આશ્રય રહિત મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થઈને દોષોના સંસર્ગ રહિત થતું થકું સમસ્ત અજ્ઞાનનો નાશ કરી નાખે છે. ૩૯.

(आर्या)

**संविच्छिखिना गलिते तनुमूषाकर्ममदनमयवपुषि ।**
**स्वमिव स्वं चिद्रूपं पश्यन् योगी भवति सिद्धः ।।४०।।**

**અનુવાદ :** સમ્યગ્જ્ઞાનરૂપ અગ્નિના નિમિત્તે શરીરરૂપ બીબામાંથી કર્મરૂપ મીણનું શરીર ગળી જતાં આકાશ સમાન પોતાના ચૈતન્ય સ્વરૂપને દેખનાર યોગી સિદ્ધ થઈ જાય છે.

**વિશેષાર્થ :** જેમ અગ્નિના સંબંધથી બીબામાં રહેલું મીણ ગળી જતાં ત્યાં શુદ્ધ આકાશ જ બાકી રહી જાય છે તેવી જ રીતે સમ્યગ્જ્ઞાન દ્વારા શરીરમાંથી કાર્મણ પિંડ નિર્જીર્ણ થઈ જતાં પોતાનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પ્રગટ થઈ જાય છે. તેનું અવલોકન કરતા યોગી સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત થઈ જાય છે. ૪૦.

(आर्या)

**अहमेव चित्स्वरूपश्चिद्रूपस्याश्रयो मम स एव ।**
**नान्यत् किमपि जडत्वात्प्रीतिः सदृशेषु कल्याणी ।।४१।।**

**અનુવાદ :** હું જ ચિત્સ્વરૂપ છું અને ચિત્સ્વરૂપ જે હું છું તેથી મારો આશ્રય પણ તે જ ચિત્સ્વરૂપ છે. તેના સિવાય જડ હોવાથી બીજો કોઈ મારે આધાર હોઈ શકે નહિ એ યોગ્ય પણ છે કેમ કે સમાન વ્યક્તિઓમાં જે પ્રેમ હોય છે તે જ કલ્યાણકારક થાય છે. ૪૧.

(आर्या)

**स्वपरविभागावगमे जाते सम्यक् परे परित्यक्ते ।**
**सहजैकबोधरूपे तिष्ठत्यात्मा स्वयं सिद्धः ।।४२।।**

**અનુવાદ :** સ્વ અને પરના વિભાગનું (ભેદનું) જ્ઞાન થઈ જતાં આ આત્મા સારી રીતે પરને છોડીને સ્વયં સિદ્ધ થયો થકો એક પોતાના સ્વાભાવિક જ્ઞાનસ્વરૂપમાં સ્થિત થઈ જાય છે. ૪૨.

(आर्या)

**हेयोपादेयविभागभावनाकथ्यमानमपि तत्त्वम् ।**
**हेयोपादेयविभागभावनावर्जितं विद्धि ।।४३।।**

**અનુવાદ :** હેય અને ઉપાદેયના વિભાગની ભાવનાથી કહેવામાં આવતું તત્ત્વ પણ તે હેય–ઉપાદેયવિભાગની ભાવના રહિત છે એમ જાણવું જોઈએ.

**વિશેષાર્થ :** પર પદાર્થ હેય છે અને ચૈતન્યમય આત્માનું સ્વરૂપ ઉપાદેય છે, એ રીતે વ્યવહારનયની અપેક્ષાએ હેય–ઉપાદેય વિભાગની ભવનાથી જોકે આત્મતત્ત્વનું વર્ણન કરવામાં આવે છે; છતાં પણ નિશ્ચયનયની અપેક્ષાએ તે સમસ્ત વિકલ્પોથી રહિત હોવાને કારણે ઉક્ત હેય–ઉપાદેયવિભાગની ભાવનાથી પણ રહિત છે. ૪૩.

(आर्या)

**प्रतिपद्यमानमपि च श्रुताद्विशुद्धं परात्मनस्तत्त्वम् ।**
**उररीकरोतु चेतस्तदपि न तच्चेतसो गम्यम् ।।४४।।**

**અનુવાદ :** જો કે મન આગમની સહાયથી વિશુદ્ધ પરમાત્માનું સ્વરૂપ જાણીને જ તેનો સ્વીકાર કરે છે છતાં પણ તે આત્મતત્ત્વ વાસ્તવમાં તે મનનો વિષય નથી.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે આત્મતત્ત્વનું પરિજ્ઞાન આગમ દ્વારા થાય છે અને તે આગમના વિચારમાં મન કારણ છે કારણ કે મન વિના કોઈ પ્રકારનો ય વિચાર સંભવિત નથી. આ રીતે તે આત્મતત્ત્વનો સ્વીકાર કરવામાં જો કે મન કારણ થાય છે, છતાં પણ નિશ્ચયનયની અપેક્ષાએ તે આત્મતત્ત્વ કેવળ સ્વાનુભવ દ્વારા જ ગમ્ય છે, નહિ કે અન્ય મન આદિ દ્વારા. ૪૪.

(आर्या)

**अहमेकाक्यद्वैतं द्वैतमहं कर्मकलित इति बुद्धेः ।**
**आद्यमनपायि मुक्तेरितरविकल्पं भवस्य परम् ।।४५।।**

**અનુવાદ :** "હું એકલો છું." આ પ્રકારની બુદ્ધિથી અદ્વૈત તથા "હું કર્મ સંયુક્ત છું" આ પ્રકારની બુદ્ધિથી દ્વૈત થાય છે. આ બન્નેમાંથી પ્રથમ વિકલ્પ (અદ્વૈત) અવિનશ્વર મુક્તિનું કારણ અને દ્વિતીય (દ્વૈત) વિકલ્પ કેવળ સંસારનું કારણ છે. ૪૫.

(आर्या)

**बद्धो मुक्तो ऽहमथ द्वैते सति जायते ननु द्वैतम् ।**
**मोक्षायेत्सुभयमनोविकल्परहितो भवति मुक्तः ।।४६।।**

**અનુવાદ :** હું બદ્ધ છું અથવા મુક્ત છું, આ પ્રકારની દ્વૈતબુદ્ધિ થતાં નિશ્ચયથી

દ્વૈત થાય છે. તેથી જે યોગી મોક્ષના નિમિત્તે આ બન્ને વિકલ્પોથી રહિત થઈ ગયા છે તે મુક્ત થઈ જાય છે. ૪૬.

(आर्या)

**गतभाविभवद्भावाभावप्रतिभावभावितं चित्तम् ।**
**अभ्यासाच्चिद्रूपं परमानन्दान्वितं कुरुते ।।४७।।**

**અનુવાદ :** ભૂત, ભવિષ્ય અને વર્તમાન પદાર્થોના અભાવની ભાવનાથી પરિપૂર્ણ ચિત્ત અભ્યાસના બળથી ચૈતન્યસ્વરૂપને ઉત્કૃષ્ટ આનંદથી સહિત કરી દે છે.

**વિશેષાર્થ :** નિશ્ચયથી હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું, તેના સિવાય બીજો કોઈ પણ પદાર્થ મારો ન તો થયો હતો, ન વર્તમાનમાં છે અને ન ભવિષયમાં થવાનો; આ પ્રકારે જ્યારે આ મન અદ્વૈતની ભાવનાથી દૃઢતા પામી જાય છે ત્યારે જીવને પરમાનંદસ્વરૂપ પદ પ્રાપ્ત થાય છે. ૪૭.

(आर्या)

**बद्धं पश्यन् बद्धो मुक्तं मुक्तो भवेत्सदात्मानम् ।**
**याति यदीयेन पथा तदेव पुरमश्नुते पान्थः ।।४८।।**

**અનુવાદ :** જે જીવ આત્માને નિરંતર કર્મથી બંધાયેલો દેખે છે તે કર્મથી બંધાયેલો જ રહે છે પરંતુ જે તેને મુક્ત દેખે છે તે મુક્ત થઈ જાય છે. બરાબર છે–મુસાફર જે નગરના માર્ગે ચાલે છે તે જ નગરમાં તે પહોંચે છે. ૪૮.

(आर्या)

**मा गा बहिरन्तर्वा साम्यसुधापानवर्धितानन्द ।**
**आस्स्व यथैव तथैव च विकारपरिवर्जितः सततम् ।।४९।।**

**અનુવાદ :** હે સમતારૂપી અમૃતના પાનથી વૃદ્ધિગત આનંદને પ્રાપ્ત આત્મન્! તું બાહ્ય તત્ત્વ અથવા અંતસ્તત્ત્વમાં ન જા. તું જે રીતે નિરંતર વિકાર રહિત થવાય તે જ પ્રકારે સ્થિત થઈ જા. ૪૯.

(आर्या)

**तज्जयति यत्र लब्धे श्रुतभुवि मत्यापगातिधावन्ती ।**
**विनिवृत्ता दूरादपि झगिति स्वस्थानमाश्रयति ।।५०।।**

**અનુવાદ :** જે ચૈતન્યસ્વરૂપ પ્રાપ્ત થતાં આગમરૂપ પૃથ્વી ઉપર વેગથી દોડતી બુદ્ધિરૂપી નદી દૂરથી પાછી વળીને તરત જ પોતાના સ્થાનનો આશ્રય લે છે તે ચૈતન્યસ્વરૂપ જયવંત રહે.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે જ્યાં સુધી ચૈતન્યસ્વરૂપની ઉપલબ્ધિ નથી થતી ત્યાં સુધી જ બુદ્ધિ આગમના અભ્યાસમાં પ્રવૃત્ત થાય છે, પરંતુ જેવો ઉક્ત ચૈતન્યસ્વરૂપનો અનુભવ પ્રાપ્ત થાય છે કે તરત જ તે બુદ્ધિ આગમ તરફથી વિમુખ થઈને તે ચૈતન્યસ્વરૂપમાં જ લીન થઈ જાય છે. એનાથી જ જીવને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. ૫૦.

(आर्या)

**तन्नमत गृहिताखिलकालत्रयगतजगत्त्रयव्याप्ति ।**
**यत्रास्तमेति सहसा सकलोऽपि हि वाक्परिस्पन्दः ।।५१।।**

**અનુવાદ :** જે આત્મજ્યોતિમાં ત્રણે કાળ અને ત્રણે લોકના બધા જ પદાર્થો પ્રતિભાસિત થાય છે તથા જે પ્રગટ થવાથી બધી જ વચન પ્રવૃત્તિ સહસા નષ્ટ થઈ જાય છે તે આત્મજ્યોતિને નમસ્કાર કરો. ૫૧.

(आर्या)

**तन्नमत विनष्टाखिलविकल्पजालद्रुमाणि परिकलिते ।**
**यत्र वहन्ति विदग्धा दग्धवनानीव हृदयानि ।।५२।।**

**અનુવાદ :** જે આત્મતેજને જાણી લેતાં ચતુર જનો બળેલા વન સમાન વિનાશ પામેલા સમસ્ત વિકલ્પસમૂહરૂપ વૃક્ષો યુક્ત હૃદયો ધારણ કરે છે તે આત્મતેજને નમસ્કાર કરો.

**વિશેષાર્થ :** જેમ વનમાં અગ્નિ લાગતાં સર્વ વૃક્ષો બળીને નાશ પામી જાય છે તેવી જ રીતે વિવેકી મનુષ્યના હૃદયમાં આત્મતેજ પ્રગટ થઈ જતાં સમસ્ત વિકલ્પસમૂહ નષ્ટ થઈ જાય છે. આવા આત્મતેજને નમસ્કાર કરવા જોઈએ. ૫૨.

(आर्या)

**बद्धो वा मुक्तो वा चिद्रूपो नयविचारविधिरेषः ।**
**सर्वनयपक्षरहितो भवति हि साक्षात्समयसारः ।।५३।।**

**અનુવાદ :** ચૈતન્ય સ્વરૂપ બદ્ધ છે અથવા મુક્ત છે, એ તો નયોને આશ્રિત

વિચારનું વિધાન છે. વાસ્તવમાં સમયસાર (આત્મસ્વરૂપ) સાક્ષાત્ આ બધા નયપક્ષોથી રહિત છે. ૫૩.

(आर्या)

नयनिक्षेपप्रमितिप्रभृतिविकल्पोज्झित परं शान्तम् ।
शुद्धात्मानुभूतिगोचरमहमेकं धाम चिद्रूपम् ।।५४।।

**અનુવાદ :** જે ચૈતન્ય સ્વરૂપ તેજ નય, નિક્ષેપ અને પ્રમાણ આદિ વિકલ્પો રહિત, ઉત્કૃષ્ટ, શાન્ત, એક અને શુદ્ધ અનુભવનો વિષય છે તે જ હું છું. ૫૪.

(आर्या)

ज्ञाते ज्ञातमशेषं दृष्टे दृष्टं च शुद्धचिद्रूपे ।
निःशेषबोध्यविषयौ दृग्बोधौ यन्न तद्भिन्नौ ।।५५।।

**અનુવાદ :** શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું જ્ઞાન થઈ જતાં બધું જ જણાઈ જાય છે તથા તેને જોઈ લેતાં બધું જ દેખવામાં આવી જાય છે. કારણ એ કે સમસ્ત જ્ઞેય પદાર્થોનો વિષય કરનાર દર્શન અને જ્ઞાન ઉક્ત ચૈતન્યસ્વરૂપથી ભિન્ન નથી. ૫૫.

(आर्या)

भावे मनोहरेऽपि च काचिन्नियता च जायते प्रीतिः ।
अपि सर्वाः परमात्मनि दृष्टे तु स्वयं समाप्यन्ते ।।५६।।

**અનુવાદ :** મનોહર પદાર્થના વિષયમાં પણ કાંઈક નિયમિત (મર્યાદિત) જ પ્રીતિ ઉત્પન્ન થાય છે. પરંતુ પરમાત્માના દર્શન થતાં સર્વ પ્રકારની પ્રીતિ સ્વયમેવ નષ્ટ થઈ જાય છે. ૫૬.

(आर्या)

सन्नप्यसन्निव विदां जनसामान्यो ऽपि कर्मणो योगः ।
तरणपटूनामृद्धः पथिकानामिव सरित्पूरः ।।५७।।

**અનુવાદ :** જેમ તરવામાં કુશળ મુસાફરો માટે વૃદ્ધિગત થયેલો નદીનો પ્રવાહ હોવા છતાં પણ ન હોવા બરાબર છે—તેને તેઓ કાંઈ પણ બાધક માનતા નથી– તેવી જ રીતે વિદ્વાનોને જનસાધારણમાં રહેતો કર્મનો સંબંધ વિદ્યમાન હોવા છતાં પણ અવિદ્યમાન જેવો લાગે છે. ૫૭.

(आर्या)

**मृगयमाणेन सुचिरं रोहणभुवि रत्नमीप्सितं प्राप्य।**
**हेयाहेयश्रुतिरपि विलोक्यते लब्धतत्त्वेन ।।५८।।**

**અનુવાદ :** જેમ લાંબા કાળથી રોહણ પર્વતની ભૂમિમાં ઇચ્છિત રત્ન ગોતનાર મનુષ્ય તેને મેળવીને હેય અને ઉપાદેયની શ્રુતિનું પણ અવલોકન કરે છે−આ ગ્રહણ કરવા યોગ્ય છે કે ત્યાગવા યોગ્ય, એ પ્રકારનો વિચાર કરે છે−તેવી જ રીતે તત્ત્વજ્ઞ પુરુષ આત્મારૂપ રોહણભૂમિમાં ચિરકાળથી ઇચ્છિત આત્મતત્ત્વરૂપ રત્નને ગોતતો થકો તેને પ્રાપ્ત કરીને હેય−ઉપાદેય શ્રુતિનું પણ અવલોકન કરે છે. ૫૮.

(आर्या)

**कर्मकलितो ऽपि मुक्तः सश्रीको दुर्गतो ऽप्यहमतीव।**
**तपसा दुःख्यपि च सुखी श्रीगुरुपादप्रसादेन ।।५९।।**

**અનુવાદ :** હું કર્મથી સંયુક્ત હોવા છતાં પણ શ્રીગુરુદેવના ચરણોના પ્રસાદથી મુક્ત જેવો જ છું, અત્યંત દરિદ્ર હોવા છતાં પણ ધનવાન છું, તથા તપથી દુઃખી હોવા છતાં પણ સુખી છું.

**વિશેષાર્થ :** તત્ત્વજ્ઞ જીવ વિચાર કરે છે કે જો કે હું પર્યાયની અપેક્ષાએ કર્મથી બંધાયેલો છું, દરિદ્રી છું અને તપથી દુઃખી પણ છું તો પણ ગુરુએ જે મને શુદ્ધ આત્મસ્વરૂપનો બોધ કરાવ્યો છે તેથી હું એ જાણી ગયો છું કે વાસ્તવમાં ન હું કર્મથી બંધાયો છું, ન દરિદ્રી છું અને ન તપથી દુઃખી પણ છું. કારણ એ છે કે નિશ્ચયથી હું કર્મબંધ રહિત, અનંત ચતુષ્ટયરૂપ લક્ષ્મીસહિત અને પરમાનંદથી પરિપૂર્ણ છું. આ પરપદાર્થ શુદ્ધ આત્મસ્વરૂપ ઉપર કાંઈ પણ પ્રભાવ પાડી શકતા નથી. ૫૯.

(आर्या)

**बोधादस्ति न किंचित्कार्यं यद्दृश्यते मलात्तन्मे।**
**आकृष्टयन्त्रसूत्राद्दारुनरः स्फुरति नटकानाम् ।।६०।।**

**અનુવાદ :** મારે જ્ઞાન સિવાય બીજું કાંઈ પણ કાર્ય નથી. બીજું જો કાંઈ પણ દેખાય છે તે કર્મમળથી દેખાય છે. જેમ−નટોનો કાષ્ટમય પુરુષ (કઠપુતળી) યંત્રની દોરી ખેંચવાથી નાચે છે.

**વિશેષાર્થ :** જેમ નટ દ્વારા કઠપુતલીના યંત્રની દોરી ખેંચવામાં આવતાં તે કઠપુતળી નાચ્યા કરે છે તેવી જ રીતે પ્રાણી કર્મરૂપ દોરીથી પ્રેરિત થઈને ચાર ગતિસ્વરૂપ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે, નિશ્ચયથી જોવામાં આવે તો જીવ કર્મબંધ રહિત શુદ્ધ જ્ઞાતા દ્રષ્ટા છે, તેને કોઈ પણ બાહ્ય પર પદાર્થ સાથે પ્રયોજન નથી. ૬૦.

(आर्या)

**निश्चयपञ्चाशत् पद्मनन्दिनं सूरिमाश्रिभिः कैश्चित् ।**
**शब्दैः स्वशक्तिसूचितवस्तुगुणैर्विरचितेयमिति ।।६१।।**

**અનુવાદ :** પદ્મનન્દી મુનિનો આશ્રય લઈને પોતાની શક્તિથી (વાચક શક્તિથી) વસ્તુના ગુણોને સૂચિત કરનાર કેટલાક શબ્દો દ્વારા આ 'નિશ્ચય પંચાશત્' પ્રકરણ રચવામાં આવ્યું છે. ૬૧.

(उपेन्द्रवज्रा)

**तृणं नृपश्रीः किमु वच्मि तस्यां न कार्यमाखण्डलसंपदोऽपि ।**
**अशेषवाञ्छाविलयैकरूपं तत्त्वं परं चेतसि चेन्ममास्ते ।।६२।।**

**અનુવાદ :** જો મારા મનમાં સમસ્ત ઇચ્છાઓના અભાવરૂપ અનુપમ સ્વરૂપવાળું ઉત્કૃષ્ટ આત્મતત્ત્વ સ્થિત હોય તો પછી રાજ્યલક્ષ્મી તૃણ સમાન તુચ્છ છે. તેના વિષયમાં તો શું કહું? પરંતુ મને તો ત્યારે ઇન્દ્રની સંપત્તિનું ય કાંઈ પ્રયોજન નથી. ૬૨.

આ રીતે નિશ્ચયપંચાશત્ અધિકાર સમાપ્ત થયો. ૧૧.

# ૧૨. બ્રહ્મચર્યરક્ષાવર્તિ

[૧૨. ब्रह्मचर्यरक्षावर्तिः]

(शार्दूलविक्रीडित)

भ्रूक्षेपेण जयन्ति ये रिपुकुलं लोकाधिपाः केचन
द्राक् तेषामपि येन वक्षसि दृढं रोपः समारोपितः।
सोऽपि प्रोद्गतविक्रमः स्मरभटः शान्तात्मभिर्लीलया
यैः शस्त्रग्रहवर्जितैरपि जितस्तेभ्यो यतिभ्यो नमः ॥१॥

**અનુવાદ :** જે કેટલાય રાજા ભ્રૂકુટિની વક્રતાથી જ શત્રુઓને જીતી લે છે તેમના પણ વક્ષસ્થળમાં જેણે દૃઢતાથી બાણનો આઘાત કર્યો છે એવા તે પરાક્રમી કામદેવરૂપ સુભટને જે શાન્ત મુનિઓએ શસ્ત્ર વિના જ સહેલાઈથી જીતી લીધો છે તે મુનિઓને નમસ્કાર હો. ૧.

(शार्दूलविक्रीडित)

आत्मा ब्रह्म विविक्तबोधनिलयो यत्तत्र चर्यं परं
स्वाङ्गासंगविवर्जितैकमनसस्तद्ब्रह्मचर्यं मुनेः।
एवं सत्यबलाः स्वमातृभगिनीपुत्रीसमाः प्रेक्षते
वृद्धाद्या विजितेन्द्रियो यदि तदा स ब्रह्मचारी भवेत् ॥२॥

**અનુવાદ :** બ્રહ્મ શબ્દનો અર્થ નિર્મળ જ્ઞાનસ્વરૂપ આત્મા છે, તે આત્મામાં લીન થવાનું નામ બ્રહ્મચર્ય છે. જે મુનિનું મન પોતાના શરીર સંબંધે પણ મમત્વ રહિત થઈ ગયું છે તેને જ તે બ્રહ્મચર્ય હોય છે. આમ થતાં જો ઇન્દ્રિયવિજયી થઈને વૃદ્ધા વગેરે (યુવતી, બાળા) સ્ત્રીઓને ક્રમશઃ પોતાની માતા, બહેન અને પુત્રી સમાન સમજે છે તો તે બ્રહ્મચારી થાય છે.

**વિશેષાર્થ :** વ્યવહાર અને નિશ્ચયની અપેક્ષાએ બ્રહ્મચર્યના બે ભેદ કરી શકાય છે. આમાં મૈથુન ક્રિયાના ત્યાગને વ્યવહાર બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. તે પણ અણુવ્રત અને મહાવ્રતના ભેદથી બે પ્રકારનું છે. પોતાની પત્નીને છોડીને બાકીની બધી સ્ત્રીઓને યથાયોગ્ય માતા, બહેન અને પુત્રી સમાન માનીને તેમના પ્રત્યે રાગપૂર્વક વ્યવહાર ન કરવો; તેને બ્રહ્મચર્યાણુવ્રત અથવા સ્વદારસંતોષ પણ કહેવામાં આવે છે. તથા અન્ય સ્ત્રીઓની જેમ પોતાની પત્નીના વિષયમાં પણ અનુરાગબુદ્ધિ ન રાખવી, એ બ્રહ્મચર્ય મહાવ્રત કહેવાય છે જે મુનિને હોય છે. પોતાના વિશુદ્ધ આત્મસ્વરૂપમાં જ રમણ કરવાનું નામ નિશ્ચય બ્રહ્મચર્ય છે . આ તે મહામુનિઓને હોય છે જે અન્ય બાહ્ય પદાર્થોના વિષયમાં તો શું, પરંતુ પોતાના શરીરના વિષયમાં પણ નિઃસ્પૃહ થઈ ગયા છે. આ જાતના બ્રહ્મચર્યનું જ સ્વરૂપ પ્રસ્તુત શ્લોકમાં નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે. ૨.

(शार्दूलविक्रीडित)

**स्वप्ने स्यादतिचारिता यदि तदा तत्रापि शास्त्रोदितं**
**प्रायश्चित्तविधिं करोति रजनीभागानुगत्या मुनिः ।**
**रागोद्रेकतया दुराशयतया सा गौरवात् कर्मणः**
**तस्य स्याद्यदि जाग्रतोऽपि हि पुनस्तस्यां महच्छोधनम् ।।३।।**

**અનુવાદ :** જો સ્વપ્નમાં પણ કદાચ બ્રહ્મચર્યના વિષયમાં અતિચાર (દોષ) ઉત્પન્ન થાય છે તો મુનિ તેના વિષયમાં પણ રાત્રિવિભાગ અનુસાર વિધિપૂર્વક પ્રાયશ્ચિત્ત કરે છે. અને જો કર્મોદયવશ રાગની પ્રબળતાથી અથવા દુષ્ટ અભિપ્રાયથી જાગૃત અવસ્થામાં તેવો અતિચાર થાય તો તેમને મહાન પ્રાયશ્ચિત્ત કરવું પડે છે. ૩.

(शार्दूलविक्रीडित)

**नित्यं खादति हस्तिसूकरपलं सिंहो बली तद्रति-**
**र्वर्षणैकदिने शिलाकणचरे पारावते सा सदा ।**
**न ब्रह्मव्रतमेति नाशमथवा स्यान्नैव भुक्तेर्गुणा-**
**त्तद्रक्षां दृढ एक एव कुरुते साधोर्मनः संयमः ।।४।।**

**અનુવાદ :** જે બળવાન સિંહ નિરંતર હાથી અને સુવ્વરનું માંસ ખાય છે તેને અનુરાગ (સંભોગ) વર્ષમાં કેવળ એક દિવસને માટે હોય છે. એનાથી ઉલ્ટું જે કબૂતર કાંકરા ખાય છે તેને તે અનુરાગ નિરંતર રહ્યા કરે છે. અથવા ભોજનના ગુણથી–ગરિષ્ટ ભોજન અથવા લૂખૂં સૂકું ભોજન કરવા અથવા ઉપવાસ કરવાથી–

તે બ્રહ્મચર્યનો ન તો નાશ થાય છે અને ન રક્ષા ય થાય છે. તેની રક્ષા તો દ્રઢતાથી નિગ્રહ પ્રાપ્ત કરાવવામાં આવેલ એક સાધુનું મન જ કરે છે. ૪.

(शार्दूलविक्रीडित)

चेतः संयमनं यथावदवनं मूलव्रतानां मतं
शेषाणां च यथाबलं प्रभवतां बाह्यं मुनेर्ज्ञानिनः ।
तज्जन्यं पुनरान्तरं समरसीभावेन चिच्चेतसो
नित्यानन्दविधायि कार्यजनकं सर्वत्र हेतुद्वयम् ।।५।।

**અનુવાદ :** મૂળગુણોનું તથા શક્તિ અનુસાર ઉત્પન્ન થતાં શેષ (ઉત્તર) ગુણોનું વિધિપૂર્વક રક્ષણ કરવું, એ જ્ઞાની મુનિનો બાહ્ય મનોસંયમ કહેવાય છે. આનાથી ફરી તે અંતરંગ સંયમ ઉત્પન્ન થાય છે જે ચૈતન્ય અને ચિત્તના એકરૂપ થઈ જવાથી શાશ્વત સુખ ઉત્પન્ન કરે છે. બરાબર છે–સર્વ બાહ્ય અને અભ્યંતર આ બન્નેય કારણ કાર્યના જનક થાય છે. ૫.

(शार्दूलविक्रीडित)

चेतोभ्रान्तिकरी नरस्य मदिरापीतिर्यथा स्त्री तथा
तत्संगेन कुतो मुनेर्व्रतविधिः स्तोकोऽपि संभाव्यते ।
तस्मात्संसृतिपातभीतमतिभिः प्राप्तैस्तपोभूमिकां
कर्तव्यो व्रतिभिः समस्तयुवतित्यागे प्रयत्नो महान् ।।६।।

**અનુવાદ :** જેમ મદ્યપાન મનુષ્યનું ચિત્ત ભ્રાન્તિયુક્ત કરી મૂકે છે તેવી જ રીતે સ્ત્રી પણ તેના ચિત્તને ભ્રાન્તિયુક્ત કરી મૂકે છે. તો પછી ભલા તેના સંગથી મુનિને થોડાય વ્રતાચરણની સંભાવના ક્યાંથી હોઈ શકે? ન હોઈ શકે. તેથી જેમની બુદ્ધિ સંસાર પરિભ્રમણથી ભય પામી છે તથા જે તપનું અનુષ્ઠાન કરે છે તે સંયમી મનુષ્યોએ સમસ્ત સ્ત્રીઓના ત્યાગનો પ્રયત્ન કરવો જોઈએ. ૬.

(शार्दूलविक्रीडित)

मुद्धर्त्तोरि दृढार्गला भवतरोः सेके ऽङ्गना सारिणी
मोहव्याधविनिर्मिता नरमृगस्याबन्धने वागुरा ।

यत्संगेन सतामपि प्रसरति प्राणातिपातादि तत्
तद्वार्तापि यतेर्यतित्वहतये कुर्यान्न किं सा पुनः ।।७।।

**અનુવાદ :** જે સ્ત્રી મોક્ષરૂપી મહેલના દ્વારની મજબૂત ભોગળ (બન્ને બારણાને રોકનાર ખાસ લાકડું આગળિયા) સમાન છે, જે સંસારરૂપ વૃક્ષને સીંચવા માટે સારિણી (નાની નદી કે ઝારી) સમાન છે, જે પુરુષરૂપ હરણને બાંધવા માટે જાળ સમાન છે તથા જેના સંગથી સજ્જનોને પણ પ્રાણઘાતાદિ (હિંસાદિ) દોષ વધે છે; તે સ્ત્રીનું નામ લેવું પણ જો મુનિવ્રતના નાશનું કારણ થતું હોય તો ભલા તે સ્વયં શું ન કરી શકે? અર્થાત્ તે બધા વ્રત–નિયમાદિનો નાશ કરે છે. ૭.

(शार्दूलविक्रीडित)

तावत्पूज्यपदस्थितिः परिलसत्तावद्यशो जृम्भते
तावच्छुभ्रतरा गुणाः शुचिमनस्तावत्तपो निर्मलम् ।
तावद्धर्मकथापि राजति यतेस्तावत्स दृश्यो भवेद्
यावन्न स्मरकारि हारि युवते रागान्मुखं वीक्षते ।।८।।

**અનુવાદ :** જ્યાં સુધી કામનું ઉદ્દીપન કરનાર યુવાન સ્ત્રીનું મનોહર મુખ અનુરાગ પૂર્ણ દૃષ્ટિથી દેખતા નથી ત્યાંસુધી જ મુનિની પૂજ્ય પદમાં સ્થિતિ રહી શકે છે. ત્યાં સુધી જ તેમની મનોહર કીર્તિનો વિસ્તાર થાય છે. ત્યાંસુધી જ તેના નિર્મળ ગુણ વિદ્યમાન રહે છે. ત્યાંસુધી જ તેનું મન પવિત્ર રહે છે, ત્યાંસુધી જ નિર્મળ તપ રહે છે, ત્યાંસુધી જ ધર્મકથા સુશોભિત રહે છે અને ત્યાંસુધી જ તે દર્શનને યોગ્ય રહે છે. ૮.

(शार्दूलविक्रीडित)

तेजोहानिमपूततां व्रतहतिं पापं प्रपातं पथो
मुक्ते रागितयाङ्गनास्मृतिरपि क्लेशं करोति ध्रुवम् ।
तत्सांनिध्यविलोकनप्रतिवचःस्पर्शादयः कुर्वते
किं नानर्थपरंपरामिति यतेस्त्याज्याबला दूरतः ।।९।।

**અનુવાદ :** રાગબુદ્ધિથી કરવામાં આવેલું સ્ત્રીનું સ્મરણ પણ જો નિશ્ચયથી મુનિના તેજની હાનિ, અપવિત્રતા, વ્રતનો વિનાશ, પાપ, મોક્ષમાર્ગથી પતન અને ક્લેશ કરે છે. તો ભલા તેની સમીપતા, દર્શન, વાર્તાલાપ અને સ્પર્શ આદિ શું અનર્થોની નવી પરંપરા નથી કરતાં? અર્થાત્ અવશ્ય કરે છે. તેથી સાધુએ એવી સ્ત્રીનો દૂરથી જ ત્યાગ કરવો જોઈએ. ૯.

(शार्दूलविक्रीडित)

**वेश्या स्याद्धनतस्तदस्ति न यतेश्चेदस्ति सो स्यात् कुतो**
**नात्मीया युवतिर्यतित्वमभवत्तत्त्यागतो यत्पुरा ।**
**पुंसोऽन्यस्य च योषितो यदि रतिश्छिन्नो नृपात्तत्पतेः**
**स्यादापज्जननद्वयक्षयकरी त्याज्यैव योषा यतेः ॥१०॥**

**અનુવાદ :** વેશ્યા ધનથી પ્રાપ્ત થાય છે અને ધન મુનિ પાસે હોતું નથી. કદાચ જો તે ધન પણ તેની પાસે હોય તો ય તે ક્યાંથી પ્રાપ્ત થાય? અર્થાત્ તેની પ્રાપ્તિ દુર્લભ છે. એ સિવાય જો પોતાની જ સ્ત્રી મુનિ પાસે હોય તો એ પણ સંભવિત નથી; કારણ કે પૂર્વે તેનો ત્યાગ કરીને તો મુનિધર્મનો સ્વીકાર કર્યો છે. જો કોઈ બીજા પુરુષની સ્ત્રી સાથે અનુરાગ કરવામાં આવે તો રાજા દ્વારા તથા તે સ્ત્રીના પતિ દ્વારા ઇન્દ્રિય છેદન આદિ કષ્ટને પ્રાપ્ત થાય છે તેથી સાધુએ બન્ને લોકનો નાશ કરનારી સ્ત્રીનો ત્યાગ જ કરવો જોઈએ. ૧૦.

(शार्दूलविक्रीडित)

**दारा एव गृहं न चेष्टकचित तत्तैर्गृहस्थो भवेत्**
**तत्त्यागे यतिरादधाति नियतं स ब्रह्मचर्यं परम् ।**
**वैकल्यं किल तत्र चेत्तदपरं सर्वं विनष्टं व्रतं**
**पुंसस्तेन विना तदा तदुभयभ्रष्टत्वमापद्यते ॥११॥**

**અનુવાદ :** સ્ત્રી જ ઘર છે, ઈંટોથી નિર્મિત ઘર વાસ્તવમાં ઘર નથી. તે સ્ત્રીરૂપ ઘરના સંબંધથી જ શ્રાવક ગૃહસ્થ થાય છે અને તેનો ત્યાગ કરીને સાધુ નિયમિત ઉત્કૃષ્ટ બ્રહ્મચર્ય ધારણ કરે છે. જો તે બ્રહ્મચર્યના વિષયમાં વિકળતા (દોષ) હોય તો પછી અન્ય સર્વ વ્રત નષ્ટ થઈ જાય છે. આ રીતે તે બ્રહ્મચર્ય વિના પુરુષ બન્નેય

લોકમાંથી ભ્રષ્ટ થાય છે અર્થાત્ તેનો આ લોક અને પરલોક બન્નેય બગડે છે. ૧૧.

(शार्दूलविक्रीडित)

संपद्येत दिनद्वयं यदि सुखं नो भोजनादेस्तदा
स्त्रीणामप्यतिरूपगर्वितधियामङ्गं शवाङ्गायते ।
लावण्याद्यपि तत्र चञ्चलमिति श्लिष्टं च तत्तद्गतां
दृष्ट्वा कुङ्कुमकाजलादिरचनां मा गच्छ मोहं मुने ।।१२।।

**અનુવાદ :** જો બે દિવસ જ ભોજન આદિનું સુખ પ્રાપ્ત ન થાય તો પોતાના સૌન્દર્યનું અત્યંત અભિમાન કરનારી તે સ્ત્રીઓનું શરીર મૃત શરીર સમાન થઈ જાય છે. સ્ત્રીના શરીરમાં સંબદ્ધ લાવણ્ય આદિ પણ વિનશ્વર છે તેથી હે મુને! તેના શરીર ઉપર લગાડેલ કુમકુમ અને કાજળ આદિની રચના જોઈને તું મોહ ન પામ. ૧૨.

(शार्दूलविक्रीडित)

रम्भास्तम्भमृणालहेमशशभृन्नीलोत्पलाद्यैः पुरा
यस्य स्त्रीवपुषः पुरः परिगतैः प्राप्ता प्रतिष्ठा न हि ।
तत्पर्यन्तदशां गतं विधिवशात्क्षिप्तं क्षतं पक्षिभि-
र्भीतैश्छादितनासिकैः पितृवने दृष्टं लघु त्यज्यते ।।१३।।

**અનુવાદ :** પૂર્વે જે સ્ત્રી-શરીરની આગળ કેળનું થડ, કમળનાળ, સુવર્ણ, ચન્દ્રમા અને નીલકમળ આદિ પ્રતિષ્ઠા પામી શક્યા નથી તે શરીર જ્યારે દૈવવશે મરણ અવસ્થાને પ્રાપ્ત થતાં સ્મશાનમાં ફેંકી દેવામાં આવે છે અને પક્ષી તેને આમતેમ ખોતરીને છિન્ન ભિન્ન કરી નાખે છે ત્યારે આવી અવસ્થામાં તેને જોઈને ભય પામેલા લોકો નાક બંધ કરીને તરત જ છોડી દે છે–ત્યારે તેના ઉપર અનુરાગ કરવો તો દૂર રહ્યો પણ તે અવસ્થામાં તેઓ તેને જોઈ પણ શકતા નથી. ૧૩.

(शार्दूलविक्रीडित)

अङ्गं यद्यपि योषितां प्रविलसत्तारुण्यलावण्यवद्
भूषावत्तदपि प्रमोदजनकं मूढात्मनां नो सताम् ।
उच्छूनैर्बहुभिः शवैरतितरां कीर्णं श्मशानस्थलं
लब्ध्वा तुष्यति कृष्णकाकनिकरो नो राजहंसव्रजः ।।१४।।

**અનુવાદ :** જો કે શોભાયમાન યૌવન અને સૌન્દર્યથી પરિપૂર્ણ સ્ત્રીઓના શરીર આભૂષણોથી વિભૂષિત છે તો પણ તે મૂર્ખજનોને જ આનંદ ઉત્પન્ન કરે છે, નહિ કે સજ્જન મનુષ્યોને. બરાબર છે–ઘણા સડી–ગળી ગયેલા મૃત શરીરોથી અત્યંત વ્યાપ્ત સ્મશાનભૂમિમાં આવીને કાળા કાગડાઓનો સમૂહ જ સંતુષ્ટ થાય છે, નહિ કે રાજહંસોનો સમૂહ. ૧૪.

(शार्दूलविक्रीडित)

यूकाधाम कचाः कपालमजिनाच्छन्नं मुखं योषितां
तच्छिद्रे नयने कुचौ पलभरौ बाहू तते कीकसे ।
तुन्दं मूत्रमलादिसद्म जघनं प्रस्यन्दिवर्चोगृहं
पादस्थूणमिदं किमत्र महतां रागाय संभाव्यते ॥१५॥

**અનુવાદ :** સ્ત્રીઓના વાળ જુઓનું ઘર છે, મસ્તક અને મુખ ચામડાથી ઢંકાયેલું છે, બન્ને આંખ તે મુખના છિદ્ર છે, બન્ને સ્તન માંસથી પરિપૂર્ણ છે, બન્ને ભૂજાઓ લાંબા હાડકાં છે, પેટ મળ–મૂત્રાદિનું સ્થાન છે. યોનિ વહેતા મળનું ઘર છે અને પગ થાંભલા સમાન છે. આવી અવસ્થામાં આ સ્ત્રીનું શરીર અહીં શું મહાન્ પુરુષોને અનુરાગનું કારણ હોઈ શકે? અર્થાત્ તેમને માટે તે અનુરાગનું કારણ પણ હોતું નથી. ૧૫.

(शार्दूलविक्रीडित)

कार्याकार्यविचारशून्यमनसो लोकस्य किं ब्रूमहे
यो रागान्धतयादरेण वनितावक्त्रस्य लालां पिबेत् ।
श्लाघ्यास्ते कवयः शशाङ्कवदिति प्रव्यक्तवाग्डम्बरै-
श्चर्मानद्धकपालमेतदपि यैरग्रे सतां वर्ण्यते ॥१६॥

**અનુવાદ :** જેનું મન કર્તવ્ય અને અકર્તવ્યના વિચાર રહિત છે અને તેથી જે રાગમાં અંધ બનીને ઉત્સુકતાથી સ્ત્રીના મુખની લાળ પીએ છે, તે મનુષ્યના વિષયમાં અમે શું કહીએ? પરંતુ જે કવિઓ પોતાના સ્પષ્ટ વચનોના વિસ્તારથી સજ્જનો આગળ ચામડાથી આચ્છાદિત આ કપાળયુક્ત મુખને ચંદ્રમા સમાન સુંદર બતાવે છે તેઓ પણ પ્રશંસનીય ગણાય છે–જે વાસ્તવમાં નિંદાને પાત્ર છે. ૧૬.

(शार्दूलविक्रीडित)

एष स्त्रीविषये विनापि हि परप्रोक्तोपदेशं भृशं
रागान्धो मदनोदयादनुचितं किं किं न कुर्याज्जनः ।
अप्येतत्परमार्थबोधविकलः प्रौढं करोति स्फुरत्-
शृङ्गारं प्रविधाय काव्यमसकृल्लोकस्य कश्चित्कविः ।।१७।।

**અનુવાદ :** આ જનસમૂહ બીજાઓના ઉપદેશ વિના પણ કામ ઉદ્દીપ્ત થવાથી રાગથી અંધ બનીને સ્ત્રીના વિષયમાં ક્યું ક્યું નિન્દ્ય કાર્ય નથી કરતા? અર્થાત્ ઉપદેશ વિના જ તે સ્ત્રીની સાથે અનેક પ્રકારની નિન્દનીય ચેષ્ટાઓ કરે છે. વળી હેય-ઉપાદેયના જ્ઞાન રહિત કોઈ કવિ નિરંતર શૃંગાર રસથી પરિપૂર્ણ કાવ્ય રચીને તે લોકોના ચિત્તને વિશેષપણે રાગથી પુષ્ટ કરે છે. ૧૭.

(शार्दूलविक्रीडित)

दारार्थादि परिग्रहः कृतगृहव्यापारसारो ऽपि सन्
देवः सोऽपि गृही नरः परधनस्त्रीनिस्पृहः सर्वदा ।
यस्य स्त्री न तु सर्वथा न च धनं रत्नत्रयालङ्कृतो
देवानामपि देव एव स मुनिः केनात्र नो मन्यते ।।१८।।

**અનુવાદ :** જે ગૃહસ્થ સ્ત્રી અને ધન આદિ પરિગ્રહ સહિત હોઈને ઘરના ઉત્તમ વ્યાપાર આદિ કાર્યો કરતો થકો પણ કદી પરધન અને પરસ્ત્રીની ઈચ્છા કરતો નથી તે ગૃહસ્થ મનુષ્ય (હોવા છતાં) પણ દેવ (પ્રશંસનીય) છે. વળી જેમની પાસે સર્વથા ન તો સ્ત્રી છે અને ન ધન પણ છે તથા જે રત્નત્રયથી વિભૂષિત છે તે મુનિ તો દેવોના પણ દેવ (દેવોથી પણ પૂજ્ય) છે. તેમને ભલા અહીં કોણ માનતું નથી? અર્થાત્ તેમની બધા જ પૂજા કરે છે. ૧૮.

(शार्दूलविक्रीडित)

कामिन्यादि विनात्र दुःखहतये स्वीकुर्वते तच्च ये
लोकास्तत्र सुखं पराश्रिततया तद्दुःखमेव ध्रुवम् ।
हित्वा तद्विषयोत्थमन्तविरसं स्तोकं यदाध्यात्मिकं
तत्त्वैकदृशां सुखं निरुपमं नित्यं निजं नीरजम् ।।१९।।

**અનુવાદ :** અહીં સ્ત્રી આદિ વિના જે દુઃખ થાય છે તેને નષ્ટ કરવા માટે લોકો ઉક્ત સ્ત્રી આદિનો સ્વીકાર કરે છે પરંતુ તે સ્ત્રી આદિના નિમિત્તે જે સુખ થાય છે તે વાસ્તવમાં પરને આધીન હોવાથી દુઃખ જ છે. તેથી વિવેકી જનો પરિણામે અહિતકારક અને પ્રમાણમાં અલ્પ તે વિષયજન્ય સુખ છોડીને તત્ત્વદર્શીઓના તે અનુપમ સુખનો સ્વીકાર કરે છે જે આત્માધીન, નિત્ય, આત્મિક (સ્વાધીન) અને પાપરહિત છે. ૧૯.

(શાર્દૂલવિક્રીડિત)

सौभाग्यादिगुणप्रमोदसदनैः पुण्यैर्युतास्ते हृदि
स्त्रीणां ये सुचिरं वसन्ति विलसत्तारुण्यपुण्यश्रियाम् ।
ज्योतिर्बोधमयं तदन्तरदृशा कायात्पृथक् पश्यतां
येषां ता न तु जातु ते ऽपि कृतिनस्तेभ्यो नमः कुर्वते ॥२०॥

**અનુવાદ :** જે મનુષ્ય શોભાયમાન યૌવનની પવિત્ર શોભાથી સંપન્ન એવી સ્ત્રીઓના હૃદયમાં ચિરકાળ સુધી નિવાસ કરે છે તે સૌભાગ્યાદિ ગુણો અને આનંદના સ્થાનભૂત પુણ્યયુક્ત હોય છે. અર્થાત્ જેમને ઉત્તમ સ્ત્રીઓ ચાહે છે તે પુણ્યાત્મા પુરુષ છે. પરંતુ અભ્યંતર નેત્રથી જ્ઞાનમય જ્યોતિને શરીરથી ભિન્ન દેખનાર જે સાધુઓના હૃદયમાં તે સ્ત્રીઓ કદી પણ નિવાસ કરતી નથી તે પુણ્યશાળી મુનિઓને તે પૂર્વોક્ત (સ્ત્રીઓના હૃદયમાં રહેનાર) પુણ્યાત્મા પુરુષો પણ નમસ્કાર કરે છે. ૨૦.

(શાર્દૂલવિક્રીડિત)

दुष्प्रापं बहुदुःखराशिरशुचि स्तोकायुरल्पज्ञता-
ज्ञातप्रान्तदिनं जराहतमतिः प्रायो नरत्वं भवे ।
अस्मिन्नेव तपस्ततः शिवपदं तत्रैव साक्षात्सुखं
सौख्यार्थीति विचिन्त्य चेतसि तपः कुर्यान्नरो निर्मलम् ॥२१॥

**અનુવાદ :** સંસારમાં જે મનુષ્યપર્યાય દુર્લભ છે, ઘણા દુઃખોના સમૂહથી વ્યાપ્ત છે, અપવિત્ર છે, અલ્પ આયુસહિત છે, જેના અંત (મરણ)નો દિવસ અલ્પજ્ઞતાને કારણે જાણી શકાતો નથી, તથા જેમાં વૃદ્ધાવસ્થાને કારણે બુદ્ધિ પ્રાયઃ કુંઠિત થઈ જાય છે; તે મનુષ્ય પર્યાયમાં જ તપ કરી શકાય છે અને મોક્ષપદની

પ્રાપ્તિ આ તપથી થાય છે અને વાસ્તવિક સુખ તે મોક્ષમાં જ છે. મનમાં આવો વિચાર કરીને મોક્ષસુખાભિલાષી મનુષ્યે આ દુર્લભ મનુષ્ય પર્યાયમાં નિર્મળ તપ કરવું જોઈએ. ૨૧.

(शार्दूलविक्रीडित)

उक्तेयं मुनि पद्मनन्दिभिषजा द्वाभ्यां युतायाः शुभा
सद्वृत्तौषधविंशतेरुचितवागर्थाम्भसा वर्तिता ।
निर्ग्रन्थैः परलोकदर्शनकृते प्रोद्यत्तपोवार्धकै-
श्चेतश्चक्षुरनङ्गरोगशमनी वर्तिः सदा सेव्यताम् ॥२२॥

**અનુવાદ :** બાવીશ ઉત્તમ છન્દો (પદ્યો) રૂપ ઔષધિ (બાવીશ શ્લોકમાં રચિત આ બ્રહ્મચર્ય પ્રકરણ) ની જે આ બત્તી પદ્મનન્દી મુનિરૂપ વૈદ્ય દ્વારા બતાવવામાં આવી છે, શ્રેષ્ઠ છે, યોગ્ય શબ્દ અને અર્થરૂપ જળથી જેનું ઉદ્વર્તન કરવામાં આવ્યું છે તથા જે ચિત્તરૂપ ચક્ષુના કામરૂપ રોગને શાંત કરે છે, તેનું સેવન તપોવૃદ્ધ સાધુઓએ પરલોકદર્શન માટે નિરંતર કરવું જોઈએ.

**વિશેષાર્થ :** અહીં શ્રી પદ્મનન્દી મુનિએ જે આ બાવીશ શ્લોકમય બ્રહ્મચર્ય પ્રકરણ રચ્યું છે તેને તેમણે ઔષધિની બત્તી (રૂમાં ઔષધ રેડીને આંખમાં નાખવા માટે બનાવેલી વાટ અથવા અંજનશલાકા) ની ઉપમા આપી છે. અભિપ્રાય તેનો એ છે કે જેમ ઉત્તમ વૈદ્ય દ્વારા બતાવાયેલ શ્રેષ્ઠ આંજણ સળી દ્વારા આંખોમાં આંજતાં મનુષ્યની આંખોનો રોગ (ફૂલું વગેરે) દૂર થઈ જાય છે અને પછી તે બીજા લોકોને સ્પષ્ટ જોવા લાગે છે. તેવી જ રીતે જે ભવ્ય જીવ પદ્મનન્દિ મુનિ દ્વારા ઉત્તમોત્તમ શબ્દો અને અર્થનો આશ્રય લઈને રચાયેલ આ બ્રહ્મચર્ય પ્રકરણનું મનન કરે છે તેમના ચિત્તનો કામરોગ (વિષય વાંછા) નષ્ટ થઈ જાય છે અને ત્યારે તે મુનિવ્રત ધારણ કરીને પરલોક (બીજો ભવ) જોવામાં સમર્થ થઈ જાય છે. તાત્પર્ય એ કે આમ કરવાથી દુર્ગતિનું દુઃખ નષ્ટ થઈને તેમને કાં તો મોક્ષની પ્રાપ્તિ થઈ જાય છે અથવા તો બીજા ભવમાં દેવાદિની ઉત્તમ પર્યાય પ્રાપ્ત થાય છે. ૨૨.

આ રીતે બ્રહ્મચર્યરક્ષાવર્તી નામનો અધિકાર સમાપ્ત થયો. ૧૨.

# ૧૩. ઋષભસ્તોત્ર

## [१३. ऋषभस्त्रोत्रम् ]

(आर्या)

जय उसह णाहिणंदण तिहुवणणिलएक्कदीव तित्थयर ।
जय सयलजीववच्छल णिम्मलगुणरयणणिहि णाह ॥१॥

**અનુવાદ :** હે ઋષભ જિનેન્દ્ર! નાભિ રાજાના પુત્ર, આપ ત્રણ લોકરૂપ ગૃહને પ્રકાશિત કરવા માટે અદ્વિતીય દીપક સમાન છો, ધર્મતીર્થના પ્રવર્તક છો, સમસ્ત પ્રાણીઓના વિષયમાં વાત્સલ્યભાવ ધારણ કરો છો તથા નિર્મળ ગુણોરૂપ રત્નોનાં સ્થાન છો. આપ જયવંત હો. ૧.

(आर्या)

सयलसुरासुरमणिमउडकिरणकब्बुरियपायपीढ तुमं ।
धण्णा पेच्छंति थुणंति जवंति झायंति जिणणाह ॥२॥

**અનુવાદ :** નમસ્કાર કરતાં સર્વ દેવો અને અસુરોના મણિમય મુગટોના કિરણોથી જેમની પાદપીઠ (પગ રાખવાનું આસન) વિચિત્ર વર્ણની થઈ રહી છે, એવા હે ઋષભ જિનેન્દ્ર! પુણ્યાત્મા જીવ આપના દર્શન કરે છે, સ્તુતિ કરે છે, જપ કરે છે અને ધ્યાન પણ કરે છે. ૨.

(आर्या)

चम्मच्छिणा वि दिट्ठे तइ तइलोए ण माइ महहरिसो ।
णाणच्छिणा उणो जिण ण-याणिमो किं परप्फुरइ ॥३॥

**અનુવાદ :** હે જિન! ચર્મમય નેત્રથી પણ આપના દર્શન થતાં જે મહાન

હર્ષ ઉત્પન્ન થાય છે તે ત્રણે લોકમાં સમાતો નથી. તો પછી જ્ઞાનરૂપ નેત્રથી આપના દર્શન થતાં કેટલો આનંદ પ્રાપ્ત થાય, એ અમે જાણતાં નથી. ૩.

(आर्या)

तं जिण णाणमणंतं विसईकयसयलवत्थुवित्थारं ।
जो थुणइ सो पयासइ समुद्दकहमवडसालूरो ।।४।।

**અનુવાદ :** હે જિનેન્દ્ર! જે જીવ સમસ્ત વસ્તુઓના વિસ્તારનો વિષય કરનાર આપના અનંત જ્ઞાનની સ્તુતિ કરે છે તે પોતાને પેલા કૂપમંડુક (કૂવામાં રહેનાર દેડકા) સમાન પ્રકટ કરે છે જે કુવામાં રહેવા છતાં પણ સમુદ્રના વિસ્તારાદિ બતાવે છે.

**વિશેષાર્થ :** જેમ કૂવામાં રહેનારો તુચ્છ દેડકો કદી સમુદ્રનો વિસ્તાર આદિ બતાવી શકતો નથી તેવી જ રીતે અલ્પજ્ઞ મનુષ્ય આપના તે અનંત જ્ઞાનની સ્તુતિ કરી શકતો નથી કે જેમાં સમસ્ત દ્રવ્યો અને તેમના અનંત ગુણ તથા પર્યાયો યુગપત્ પ્રતિભાસિત થઈ રહ્યા છે. ૪.

(आर्या)

अम्हारिसाण तुह गोत्तकित्तणेण वि जिणेस संचरइ ।
आएसं मग्गंती पुरओ हियइच्छिया लच्छी ।।५।।

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપના નામના કીર્તનથી-કેવળ નામના સ્મરણ માત્રથી પણ અમારા જેવા મનુષ્યોની સામે મનચાહી લક્ષ્મી આજ્ઞા માગતી ઉપસ્થિત થાય છે. ૫.

(आर्या)

जासि सिरी तइ संते तुव अवइण्णम्मि तीए णट्ठाए ।
संके जणियाणिट्ठा दिट्ठा सव्वट्ठसिद्धी वि ।।६।।

**અનુવાદ :** હે ભગવન્! આપ સર્વાર્થસિદ્ધિમાં સ્થિત હતા તે વખતે તેની જે શોભા હતી તે આપનો અહીં અવતાર થતાં નષ્ટ થઈ ગઈ. તેથી મને એવી આશંકા થાય છે કે તે વખતે સર્વાર્થસિદ્ધિ પણ એવી દેખવામાં આવી કે જાણે તેનું અનિષ્ટ જ થઈ ગયું હોય.

**વિશેષાર્થ :** જે વખતે ભગવાન ઋષભ જિનેન્દ્રનો જીવ સર્વાર્થસિદ્ધિમાં વિદ્યમાન હતો તે વખતે ભાવિતીર્થંકર ત્યાં રહેવાથી તેની શોભા નિરાળી જ હતી. પછી જ્યારે તે ત્યાંથી ચ્યુત

થઈને મરુદેવી માતાના ગર્ભમાં અવતર્યા ત્યારે સર્વાર્થસિદ્ધિની તે શોભા નષ્ટ થઈ ગઈ હતી. આ બાબતમાં અહીં એવી ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે કે ભગવાન્ ઋષભ જિનેન્દ્ર ચ્યુત થતાં તે સર્વાર્થસિદ્ધિ જાણે વિધવા જ થઈ ગઈ હતી તેથી તે વખતે તે સૌભાગ્યશ્રી વિનાની દેખાઈ. ૬.

(आर्या)

**णाहिघरे वसुहारावडणं जं सुइरमिहं तुहोयरणा।**
**आसि णहाहि जिणेसर तेण धरा वसुमई जाया ।।७।।**

**અનુવાદ :** હે જિનેશ્વર! આપે અવતાર લેવાથી નાભિ રાજાના ઘેર આકાશમાંથી જે લાંબા સમય સુધી (પંદર માસ સુધી) ધનની ધારાનો વરસાદ થયો–રત્નોની વર્ષા થઈ—તેથી આ પૃથ્વી 'વસુમતી (ધનવાળી)' એવા સાર્થક નામવાળી બની. ૭.

(आर्या)

**स च्चिय सुरणवियपया मरुएवी पहु ठिओ सि जंगब्भे।**
**पुरओ पट्टो बज्झइ मज्झे से पुत्तवंतीणं ।।८।।**

**અનુવાદ :** હે ભગવાન્! જે મરૂદેવીના ગર્ભમાં તમારા જેવા પ્રભુ સ્થિત હતા તેમના જ ચરણોમાં તે વખતે દેવોએ નમસ્કાર કર્યા હતા. તે વખતે પુત્રવતી સ્ત્રીઓમાં તેમની સમક્ષ તેમને પટ્ટ બાંધવામાં આવ્યો હતો અર્થાત્ સમસ્ત પુત્રવતી સ્ત્રીઓની વચ્ચે તીર્થંકર જેવા પુત્રરત્નને જન્મ આપનાર એક તે જ મરૂદેવીને પુત્રવતી તરીકે પ્રસિદ્ધ કરવામાં આવી હતી. ૮.

(आर्या)

**अंकत्थे तइ दिट्ठे जंतेण सुरायलं सुरिंदेण।**
**अणिमेसत्तबहुत्तं सयलं णयणाण पडिवण्णं ।।९।।**

**અનુવાદ :** હે જિનેન્દ્ર! સુમેરુ પર્વત ઉપર જતી વખતે ઇન્દ્રને ખોળામાં બેઠેલા આપના દર્શન થતાં તે પોતાના નેત્રોની નિર્નિમેષતા (પલકારાનો અભાવ) અને અધિકતા (હજારની સંખ્યા) ને સફળ સમજવા લાગ્યાં.

**વિશેષાર્થ :** એ આગમ પ્રસિદ્ધ વાત છે કે દેવોના નેત્ર નિર્નિમેષ (પલકારા વિનાના) હોય છે. તે પ્રમાણે ઇન્દ્રના નેત્ર નિર્નિમેષ તો હતા જ, સાથોસાથ તેમની સંખ્યા પણ એક હજાર હતી. ઇન્દ્રે જ્યારે આ નેત્રોથી પ્રભુના દર્શન કર્યા ત્યારે તેમણે તેને સફળ માન્યા. આ સુયોગ અન્ય

મનુષ્ય આદિને પ્રાપ્ત થતો નથી. કારણ કે તેમને બે જ નેત્ર હોય છે અને તે પણ સનિમેષ. તેથી તેઓ જ્યારે ત્રિલોકીનાથના દર્શન કરે છે ત્યારે તેમને વચ્ચે વચ્ચે પલક બીડાઈ જવાથી એકાગ્રતા પણ રહેતી નથી. તેઓ તે દેવોની જેમ ઘણા સમય સુધી એકટક દ્રષ્ટિથી ભગવાનના દર્શન કરી શકતા નથી. ૯.

(आर्या)

**तित्थत्तणमावण्णो मेरू तुह जम्मण्हाणजलजोए।**
**तं तस्स सूरपमुहा पयाहिणं जिण कुणंति सया ॥१०॥**

**અનુવાદ :** હે જિન! તે વખતે મેરુ પર્વત આપના જન્માભિષેકના જળના સંબંધથી તીર્થસ્વરૂપ બની ગયો હતો તેથી જ જાણે સૂર્ય–ચન્દ્રાદિ જ્યોતિષી દેવ નિરંતર તેની પ્રદક્ષિણા કર્યા કરે છે. ૧૦.

(आर्या)

**मेरुसिरे पडणुच्छलियणीरताडणपणट्ठदेवाणं।**
**तं वित्तं तुह ण्हाणं तह जह णहमासि संकिण्णं ॥११॥**

**અનુવાદ :** જન્માભિષેક વખતે મેરૂ પર્વતના શિખર ઉપરથી નીચે પડીને ઊંચે ઊછળતા જળના આઘાતથી કાંઈક ખેદ પામેલા દેવો દ્વારા આપનો તે જન્માભિષેક એવી રીતે સંપન્ન થયો કે જેથી આકાશ તે દેવો અને જળથી ભરાઈ ગયું. ૧૧.

(आर्या)

**णाह तुह जम्मण्हाणे हरिणो मेरुम्मि णच्चमाणस्स।**
**वेल्लिरभुयाहि भग्गा तइ अज्ज वि भंगुरा मेहा ॥१२॥**

**અનુવાદ :** હે નાથ! આપના જન્માભિષેક મહોત્સવમાં મેરુ પર્વત ઉપર નૃત્ય કરતા ઈન્દ્રની ચંચળ ભુજાઓથી નાશ પામેલા વાદળા અત્યારે પણ ભંગુર (વિનશ્વર) જોવામાં આવે છે. ૧૨.

(आर्या)

**जाण बहुएहिं वित्ती जाया कप्पद्दुमेहिं तेहिं विणा।**
**एक्केण वि ताण तए पयाण परिकप्पिया णाह ॥१३॥**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**અનુવાદ :** હે નાથ! ભોગભૂમિના સમયમાં જે પ્રજાજનોની આજીવિકા ઘણાં કલ્પવૃક્ષો દ્વારા સંપન્ન થઈ હતી તેમની તે આજીવિકા તે કલ્પવૃક્ષોના અભાવમાં એક માત્ર આપના દ્વારા સંપન્ન (પ્રદર્શિત) કરવામાં આવી હતી.

**વિશેષાર્થ :** પૂર્વે અહીં (ભરતક્ષેત્રમાં) જ્યારે ભોગભૂમિની પ્રવૃત્તિ હતી ત્યારે પ્રજાજનોની આજીવિકા ઘણા (દસ પ્રકારનાં) કલ્પવૃક્ષો દ્વારા સંપન્ન થતી હતી. પરંતુ જ્યારે ત્રીજા કાળનો અંત આવવામાં પલ્યનો આઠમો ભાગ બાકી હતો ત્યારે તે કલ્પવૃક્ષ ધીરે ધીરે નષ્ટ થઈ ગયા હતા. તે વખતે ભગવાન્ આદિ જિનેન્દ્રે તેમને કર્મભૂમિને યોગ્ય અસિ--મસિ આદિ આજીવિકાના સાધનોનું શિક્ષણ આપ્યું હતું. જેમ કે શ્રી સમન્તભદ્રાચાર્ય સ્વામીએ કહ્યું પણ છે–**प्रजापतिर्या प्रथमं जिजीविषु : शशास कृष्यादिषु कर्मसु प्रजाः । प्रबुद्धतत्त्वः पुनरद्भुतोदयो ममत्वतो निर्विविदे विदांवरः ॥** અભિપ્રાય એ છે કે જે ઋષભ જિનેન્દ્ર પહેલાં કલ્પવૃક્ષો નષ્ટ થઈ જતાં આજીવિકા નિમિત્તે વ્યાકુળતા પામેલી પ્રજાને પ્રજાપતિ રૂપે કૃષિ આદિ છ કર્મોનું શિક્ષણ આપ્યું હતું તે જ ઋષભ જિનેન્દ્ર પછી વસ્તુસ્વરૂપ જાણીને સંસાર, શરીર અને ભોગોથી વિરક્ત થતાં થકા આશ્ચર્યજનક અભ્યુદયને પ્રાપ્ત થયા અને સર્વ વિદ્વાનોમાં અગ્રેસર થઈ ગયા. બૃ. સ્વ. સ્તો. ૨. આ રીતે જે પ્રજાજન ભોગભૂમિના સમયમાં અનેક કલ્પવૃક્ષોથી આજીવિકા સમ્પન્ન કરતા હતા તેમણે કર્મભૂમિના પ્રારંભમાં એકમાત્ર ઉક્ત ઋષભ જિનેન્દ્રથી જ તે આજીવિકા સમ્પન્ન કરી હતી. તેઓ ઋષભ જિનેન્દ્ર પાસેથી અસિ, મસિ અને કૃષિ આદિ કર્મોનું શિક્ષણ મેળવીને આનંદપૂર્વક આજીવિકા મેળવવા લાગ્યા હતા. ૧૩.

(आर्या)

**पहुणा तए सणाहा धरासि तीए कहण्णहा वूढो ।**
**णवधणसमयसमुल्लसियसासछम्मेण रोमंचो ॥१४॥**

**અનુવાદ :** હે ભગવન્! તે વખતે પૃથ્વી આપ જેવા પ્રભુને પામીને સનાથ થઈ હતી. જો એમ ન થયું હોય તો પછી તે નવીન વર્ષાકાળના સમયે પ્રગટ થયેલા ધાન્યાંકુરોના બ્હાને રોમાંચ કેવી રીતે ધારણ કરી શકત? ૧૪.

(आर्या)

**विज्जु व्व घणे रंगे दिट्ठपणट्ठा पणच्चिरी अमरी ।**
**जइया तइया वि तए रायसिरी तारिसी दिट्ठा ॥१५॥**

**અનુવાદ :** હે ભગવન્! જ્યારે આપે વાદળાની વચ્ચે ક્ષણમાં નષ્ટ થનારી વીજળી સમાન રંગભૂમિ ઉપર જોત જોતામાં મૃત્યુ પામનારી નૃત્ય કરતી નીલાંજના

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

અપ્સરાને જોઈ હતી ત્યારે આપે રાજ્યલક્ષ્મીને પણ એ જ રીતે ક્ષણભંગુર સમજી લીધી હતી.

**વિશેષાર્થ :** કોઈ વખતે ભગવાન્ ઋષભ જિનેન્દ્ર અનેક રાજા મહારાજાઓથી વીંટળાઈને સિંહાસન ઉપર બિરાજમાન હતા. તે વખતે તેમની સેવા કરવા માટે ઈન્દ્ર અનેક ગંધર્વો અને અપ્સરાઓ સાથે ત્યાં આવ્યા. તેણે ભક્તિવશે ત્યાં અપ્સરાઓનું નૃત્ય શરૂ કરાવ્યું. તેણે ભગવાનને રાજ્યભોગથી વિરક્ત કરવાની ઈચ્છાથી આ કાર્યમાં એવા પાત્રની (નીલાંજનાની) નિમણુંક કરી કે જેનું આયુષ્ય તરત જ પૂર્ણ થવાનું હતું. તે પ્રમાણે નીલાંજના રસ, ભાવ અને લય સાથે નૃત્ય કરી રહી હતી કે એટલામાં તેનું આયુષ્ય સમાપ્ત થઈ ગયું. અને તે દેખતાં દેખતાં ક્ષણવારમાં અદૃશ્ય થઈ ગઈ. જોકે ઈન્દ્રે રસભંગના ભયથી ત્યાં બીજી તેવી જ અપ્સરા તત્કાળ ખડી કરી દીધી હતી, છતાં પણ ભગવાન ઋષભ જિનેન્દ્ર એનાથી અજાણ ન રહ્યા. આથી તેમના હૃદયમાં ઘણો વૈરાગ્ય થયો. (આ. પુ. ૧૭, ૧-૧૧.) ૧૫.

(आर्या)

**वेरग्गदिणे सहसा वसुहा जुण्णं व जं मुक्का।**
**देव तए सा अज्ज वि विलवइ सरिजलरवा वराई ।।१६।।**

**અનુવાદ :** હે દેવ! આપે વૈરાગ્યના દિવસે પૃથ્વીને જીર્ણ તૃણ સમાન એકાએક જ છોડી દીધી હતી, તેથી તે બિચારી આજ પણ નદીજળના ધ્વનિના બ્હાને વિલાપ કરી રહી છે. ૧૬.

(आर्या)

**अइसोहिओ सि तइया काउस्सग्गट्ठिओ तुमं णाह।**
**धम्मिक्कघरारंभे उब्भीकयमूलखंभो व्व ।।१७।।**

**અનુવાદ :** હે નાથ! આપ કાર્યોત્સર્ગમાં સ્થિત થઈને એવા અત્યંત શોભતા હતા, જાણે ધર્મરૂપી અદ્વિતીય મહેલના નિર્માણમાં ઉપર ખડો કરવામાં આવેલો મૂળ સ્તંભ જ હોય! ૧૭.

(आर्या)

**हिययत्थझाणसिहिडज्झमाण सहसा सरीरधूमो व्व।**
**सहइ जिण तुज्झ सीसे महुयरकुलसंणिहो केसभरो ।।१८।।**

**અનુવાદ :** હે જિન! આપના શિર ઉપર જે ભમરાઓના સમૂહ સમાન કાળા

કેશોનો ભાર છે તે એવો શોભે છે જાણે હૃદયમાં રહેલી ધ્યાનરૂપી અગ્નિથી સહસા બળનાર શરીરનો ધૂમાડો જ હોય! ૧૮.

(आर्या)

**कम्मकलंकचउक्के णट्ठे णिम्मलसमाहिभूईए।**
**तुह णाणदप्पणे च्चिय लोयालोयं पडिप्फलियं ॥१९॥**

**અનુવાદ :** હે ભગવાન! નિર્મળ ધ્યાનરૂપ સંપત્તિથી ચાર ઘાતિ કર્મરૂપ કલંક નષ્ટ થઈ જતાં પ્રગટ થયેલ આપના જ્ઞાન (કેવલજ્ઞાન) રૂપ દર્પણમાં જ લોક અને અલોક પ્રતિબિંબિત થવા લાગ્યા હતા. ૧૯.

(आर्या)

**आवरणाईणि तए समूलमुम्मूलियाइ दट्ठूण।**
**कम्मचउक्केण मुयं व णाह भीएण सेसेण ॥२०॥**

**અનુવાદ :** હે નાથ! તે વખતે જ્ઞાનાવરણાદિ ચાર ઘાતી કર્મોને મૂળમાંથી નષ્ટ થયેલાં જોઈને શેષ (વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર) ચાર આઘાતી કર્મ ભયથી જ જાણે મરેલા સમાન (અનુભાગથી ક્ષીણ) થઈ ગયા હતા. ૨૦.

(आर्या)

**णाणामणिणिम्माणे देव ठिओ सहसि समवसरणम्मि।**
**उवरिं व संणिविट्ठो जियाण जोईण सव्वाणं ॥२१॥**

**અનુવાદ :** હે દેવ! વિવિધ પ્રકારના મણિઓથી નિર્મિત સમવસરણમાં સ્થિત આપ જીતી લેવામાં આવેલા સર્વ યોગીઓની ઉપર બેઠેલા જેવા સુશોભિત થાવ છો.

**વિશેષાર્થ :** જિનેન્દ્ર ભગવન્ સમવસરણ સભામાં ગંધકૂટીમાં સ્વભાવથી જ સર્વથી ઉપર વિરાજમાન રહે છે. એ બાબત ઉપર અહીં એ ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે કે તેમણે પોતાની અભ્યંતર અને બાહ્ય લક્ષ્મી દ્વારા સર્વ યોગીઓને જીતી લીધા હતા. તેથી તેઓ જાણે તે બધા યોગીઓની ઉપર સ્થિત હતા. ૨૧.

(आर्या)

**लोउत्तरा वि सा समवसरणसोहा जिणेस तुह पाए।**
**लहिऊण लहइ महिमं रविणो णलिणि व्व कुसुमट्ठा [ड्ढा] ॥२२॥**

**અનુવાદ :** હે જિનેશ! તે સમવસરણની શોભા જો કે અલૌકિક હતી, છતાં પણ તે આપના પાદ (ચરણો) ને પ્રાપ્ત કરીને એવી મહિમા પામી કે જેથી પુષ્પોથી વ્યાપ્ત કમલિની સૂર્યના પાદ (કિરણો) ને પામીને મહિમા પ્રાપ્ત કરે છે. ૨૨.

(आर्या)

**णिद्दोसो अकलंको अजडो चंदो ब्व सहसि तं तह वि।**
**सीहासणायलत्थो जिणिंद कयकुवलयाणंदो ॥२३॥**

**અનુવાદ :** હે જિનેન્દ્ર! સિંહાસનરૂપ ઉદયાચળ ઉપર સ્થિત આપ ચન્દ્રમા સમાન કુવલય (પૃથ્વીમંડળ, ચંદ્રપક્ષે કુમુદ) ને આનંદિત કરો છો; તેથી જ તે ચન્દ્રમા સમાન સુશોભિત થાવ છો, તો પણ આપમાં તે ચન્દ્રમાની અપેક્ષાએ વિશેષતા છે– કારણ કે જેવી રીતે આપ અજ્ઞાનાદિ દોષોથી રહિત હોવાને કારણે નિર્દોષ છો તેવી રીતે ચન્દ્રમા નિર્દોષ નથી–તે સદોષ છે કારણ કે તે દોષો (રાત્રિ) સાથે સંબંધ રાખે છે. આપ કર્મમળ રહિત હોવાના કારણે અકલંક છો, પરંતુ ચન્દ્રમા કલંક (કાળા ચિહ્ન) સહિત જ છે. આપ જડતા (અજ્ઞાનતા) રહિત હોવાને કારણે અજડ છો પરંતુ ચન્દ્રમા અજડ નથી, પણ જડ છે–હિમગ્રસ્ત છે. ૨૩.

(आर्या)

**अच्छंतु ताव इयरा फुरियविवेया णमंतसिरसिहरा।**
**होइ असोओ रुक्खो वि णाह तह संणिहाणत्थो ॥२४॥**

**અનુવાદ :** હે નાથ! જેમને વિવેક પ્રગટ થયો છે તથા જેમનું શિરરૂપ શિખર આપને નમસ્કાર કરવામાં નમ્રીભૂત થાય છે એવા બીજા ભવ્ય જીવ તો દૂર જ રહ્યા પરંતુ આપની સમીપમાં સ્થિત વૃક્ષ પણ અશોક થઈ જાય છે.

**વિશેષાર્થ :** અહીં ગ્રન્થકર્તા ભગવાન ઋષભ જિનેન્દ્રની સ્તુતિ કરતાં તેમની સમીપે રહેલ આઠ પ્રાતિહાર્યોમાંથી પ્રથમ અશોક વૃક્ષનો ઉલ્લેખ કરે છે તે વૃક્ષ જો કે નામથી જ 'અશોક' પ્રસિદ્ધ છે, છતાં પણ તેઓ પોતાના શબ્દચાતુર્યથી એમ વ્યક્ત કરે છે કે જો જિનેન્દ્ર ભગવાનની કેવળ સમીપતા જ પામીને તે સ્થાવર વૃક્ષ પણ અશોક (શોક રહિત) થઈ જાય છે તો ભલા જે વિવેકી જીવ તેમની સમીપમાં રહીને તેમને ભક્તિપૂર્વક નમસ્કાર આદિ કરે છે તેઓ શોક રહિત કેમ ન થાય? અવશ્ય જ તેઓ શોક રહિત થઈને અનુપમ સુખ પ્રાપ્ત કરશે. ૨૪.

(आर्या)

**छत्तत्तयमालंबियणिम्मलमुत्ताहलच्छला तुज्झ ।**
**जणलोयणेसु वरिसइ अमयं पि व णाह बिंदूहिं ।।२५।।**

**અનુવાદ :** હે નાથ! આપના ત્રણ છત્ર લટકતા નિર્મળ મોતિઓના બ્હાને જાણે બિંદુઓ દ્વારા ભવ્યજનોનાં નેત્રોમાં અમૃતની વર્ષા જ કરે છે.

**વિશેષાર્થ :** ભગવાન ઋષભ જિનેન્દ્રના શિર ઉપર જે ત્રણ છત્ર અવસ્થિત હતા તેમની ચારે તરફ જે સુન્દર મોતી લટકતા હતા તે લોકોના નેત્રોમાં એવા લાગતા હતા કે જાણે તે ત્રણ છત્ર તે મોતીઓના બ્હાને અમૃતબિન્દુઓની જ વર્ષા કરી રહ્યા હોય. ૨૫.

(आर्या)

**कयलोयलोयगुप्पलहरिसाइ सुरेसहत्थचलियाइं ।**
**तुह देव सरय हरकिरणकयाइं व चमराइं ।।२६।।**

**અનુવાદ :** હે દેવ! લોકોનાં નેત્રોરૂપ નીલકમળોને હર્ષિત કરનાર જે ચમર ઈન્દ્રના હાથે આપના ઉપર ઢોળવામાં આવતા હતા તે શરદ કાળના ચન્દ્રમાના કિરણોથી કરવામાં આવ્યા હોય તેવા લાગતા હતા. ૨૬.

(आर्या)

**विहलीकयपचसरे पंचसरो जिण तुमम्मि काऊण ।**
**अमरकयपुप्फविट्ठिच्छला बहू मुवइ कुसुमसरे ।।२७।।**

**અનુવાદ :** હે જિન આપના વિષયમાં પોતાના પાંચ બાણોને વ્યર્થ જોઈને તે કામદેવ દેવો દ્વારા કરવામાં આવતી પુષ્પવૃષ્ટિનાં બ્હાને જાણે આપના ઉપર ઘણાં પુષ્પમય બાણો છોડી રહ્યા છે.

**વિશેષાર્થ :** કામદેવનું એક નામ પંચશર પણ છે જેનો અર્થ થાય છે પાંચ બાણોવાળા આ બાણ પણ તેમના લોહમય ન હોતા પુષ્પમય માનવામાં આવે છે. તે આ જે બાણો દ્વારા કેટલાય અવિવેકી પ્રાણીઓને જીતીને તેમને વિષયાસક્ત કર્યા કરે છે. મૂળમાં અહીં ભગવાન ઋષભજિનેન્દ્ર ઉપર જે દેવોદ્વારા પુષ્પોની વર્ષા કરવામાં આવી રહી હતી તેની ઉપર આ ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે કે તે પુષ્પવર્ષા નથી પણ જ્યારે ભગવાનને પોતાને વશ કરવા માટે તે કામદેવે તેમની ઉપર પોતાના પાંચે બાણ ચલાવ્યા અને છતાં પણ તેઓ તેને વશ ન થયા ત્યારે તેણે જાણે તેમના ઉપર એક સાથે ઘણા બાણો છોડવા જ શરૂ કર્યા હતા. ૨૭.

(आर्या)

**एस जिणो परमप्पा णाणी अण्णाण सुणह मा वयणं।**
**तुह दुंदुही रसंतो कहइ व तिजयस्स मिलियस्स ॥२८॥**

અનુવાદ :—હે ભગવન્! શબ્દ કરતી થકી તમારી ભેરી ત્રણે લોકના સર્વ પ્રાણીઓને જાણે એમ કહી રહી હતી કે હે ભવ્ય જીવો! આ જિનદેવ જ જ્ઞાની પરમાત્મા છે, બીજા કોઈ પરમાત્મા નથી; તેથી એક જિનેન્દ્રદેવ સિવાય તમે બીજાઓનો ઉપદેશ ન સાંભળો. ૨૮.

(आर्या)

**रविणो संतावयरं ससिणो उण जड्डयायरं देव।**
**संतावजडत्तहरं तुज्झ च्चिय पहु पहावलयं ॥२९॥**

અનુવાદ :—હે દેવ! સૂર્યનું પ્રભામંડળ તો સંતાપ કરનાર છે અને ચંદ્રનું પ્રભામંડળ જડતા (શીતપણું) ઉત્પન્ન કરે છે. પરંતુ હે પ્રભો! સંતાપ અને જડતા (અજ્ઞાનતા) આ બન્નેને દૂર કરનાર પ્રભામંડળ એક આપનું જ છે. ૨૯.

(आर्या)

**मंदरमहिज्जमाणंबुरासिणिग्घोससंणिहा तुज्झ।**
**वाणी सुहा ण अण्णा संसारविसस्स णासयरी ॥३०॥**

અનુવાદ :—મેરુ પર્વત વડે મથવામાં આવતા સમુદ્રની ધ્વનિ સમાન ગંભીર આપની ઉત્તમ વાણી અમૃત સ્વરૂપ હોઈને સંસારરૂપ વિષને નષ્ટ કરનાર છે, એના સિવાય બીજા કોઈની વાણી તે સંસારરૂપ વિષને નષ્ટ કરી શકતી નથી.

વિશેષાર્થ :—જિનેન્દ્ર ભગવાનની જે દિવ્યધ્વનિ ખરે છે તે તાળવું, કંઠ અને હોઠ આદિના વ્યાપારરહિત નિરક્ષર હોય છે. તેનો અવાજ સમુદ્ર અથવા મેઘગર્જના સમાન ગંભીર હોય છે. તેમાં એક આ વિશેષતા હોય છે કે જેથી શ્રોતાગણને એવું જ લાગે છે કે ભગવાન આપણી ભાષામાં જ ઉપદેશ આપી રહ્યા છે. ક્યાંક એવો પણ ઉલ્લેખ મળે છે કે તે દિવ્યધ્વનિ હોય છે તો નિરક્ષર જ, પણ તેને માગધદેવ અર્ધમાગધી ભાષામાં પરિણમાવે છે. તે દિવ્યધ્વનિ સ્વભાવથી ત્રણે સંધ્યાકાળે નવ મુહૂર્ત સુધી જ ખરે છે. પરંતુ ગણધર, ઈન્દ્ર અને ચક્રવર્તી આદિના પ્રશ્ન અનુસાર કોઈ વાર તે અન્ય સમયમાં પણ ખરે છે. તે એક યોજન સુધી સંભળાય છે.

ભગવાન જિનેન્દ્ર વીતરાગ અને સર્વજ્ઞ હોય છે તેથી તેમના દ્વારા નિર્દિષ્ટ તત્ત્વના વિષયમાં કોઈ પ્રકારનો સંદેહ આદિ કરી શકાતો નથી. કારણ એ છે કે વચનમાં અસત્યપણું કાં તો કષાયવશ જોવામાં આવે છે અથવા તો અલ્પજ્ઞતાને કારણે, અને તે જિનેન્દ્ર ભગવાનમાં રહ્યા નથી. માટે તેમની વાણીને અહીં અમૃત સમાન સંસાર વિષનાશક બતાવવામાં આવી છે. ૩૦.

(आर्या)

**पत्ताण सारणि पिव तुज्झ गिरं सा गई जडाणं पि।**
**जा मोक्खतरुट्ठाणे असरिसफलकारणं होइ ॥३१॥**

અનુવાદ :—હે જિનેન્દ્રદેવ! ક્યારી સમાન તમારી વાણીને પ્રાપ્ત થયેલ અજ્ઞાની જીવોની પણ તે અવસ્થા થાય છે જે મોક્ષરૂપ વૃક્ષના સ્થાનમાં અનુપમ ફળનું કારણ થાય છે.

વિશેષાર્થ :—જેવી રીતે ઉત્તમ ક્યારી બનાવીને તેમાં લગાવવામાં આવેલું વૃક્ષ જળસિંચન પામીને ઇચ્છિત ફળ આપે છે તેવી જ રીતે જે ભવ્ય જીવ મોક્ષરૂપ વૃક્ષની ક્યારી સમાન તે જિનવાણી પામીને (સાંભળીને) તે પ્રમાણે મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થાય છે તેમને અવશ્ય જ તેનાથી અનુપમ ફળ (મોક્ષસુખ) પ્રાપ્ત થાય છે. ૩૧.

(आर्या)

**पोयं पिव तुह वयणं संलीणा फुडमहोकयजडोहं।**
**हेलाए च्चिय जीवा तरंति भवसायरमणंत्तं ॥३२॥**

અનુવાદ :—જેવી રીતે જલૌઘ અર્થાત્ પાણીના સમૂહને અધઃકૃત (નીચે કરનારી) નૌકાનો આશ્રય લઈને પ્રાણી અનાયાસ જ અપાર સમુદ્રનો પાર પામી જાય છે, તેવી જ રીતે જડૌઘ અર્થાત્ અજ્ઞાન સમૂહને અધઃકૃત (તિરસ્કૃત) કરનારી આપની વાણીરૂપ નૌકાનો આશ્રય લઈને ભવ્ય જીવ પણ અનાયાસે જ અનંત સંસારરૂપ સમુદ્રને પાર થઈ જાય છે, એ સ્પષ્ટ છે. ૩૨.

(आर्या)

**तुह वयणं चिय साहइ णूणमणेयंतवादवियडवहं।**
**तह हिययपईइअरं सव्वत्तणमप्पणो णाह ॥३३॥**

અનુવાદ :—હે નાથ! હૃદયમાં પ્રતીતિ ઉત્પન્ન કરનારી આપની વાણી જ

નિશ્ચયથી અનેકાન્તવાદરૂપ કઠિન માર્ગને તથા આત્માના સર્વજ્ઞત્વને પણ સિદ્ધ કરે છે.૩૩.

(आर्या)

**विप्पडिवज्जइ जो तुह गिराए मइसुइबलेण केवलिणो।**
**वरदिट्ठिदिट्ठिणहजंतपविखगणणे वि सो अंधो ॥३४॥**

અનુવાદ :—હે ભગવાન! જે મનુષ્ય પોતાના મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના બળ ઉપર આપના જેવા કેવળીની વાણીના વિષયમાં-તેના દ્વારા નિરૂપિત તત્ત્વસ્વરૂપમાં-વિવાદ (સંદેહાદિ) પામે છે, તેનું આ આચરણ તે અંધ મનુષ્ય સમાન છે, જે કોઈ નિર્મળ નેત્રોવાળા અન્ય મનુષ્ય દ્વારા દેખવામાં આવેલા એવા આકાશમાં સંચાર કરતાં પક્ષીઓની ગણતરી (સંખ્યા)માં વિવાદ કરે છે. ૩૪.

(आर्या)

**भिण्णाण परणयाणं एक्केक्कमसंगया णया तुज्झ।**
**पावंति जयम्मि जयं मज्झम्मि रिऊण किं चित्तं ॥३५॥**

અનુવાદ :—હે ભગવન્! જગતમાં આપના પૃથક્ પૃથક્ એક એક નય શત્રુભૂત ભિન્ન ભિન્ન પરમતોની મધ્યમાં જો જય પામે છે તો એમાં આશ્ચર્ય શું છે! કાંઈ પણ નહિ. ૩૫.

(आर्या)

**अण्णस्स जए जीहा कस्स सयाणस्स वण्णणे तुज्झ।**
**जत्थ जिण ते वि जाया सुरगुरुपमुहा कई कुंठा ॥३६॥**

અનુવાદ :—હે જિન! જગતમાં તમારા વર્ણનમાં જે બૃહસ્પતિ આદિ કવિ પણ કુંઠિત (અસમર્થ) થઈ ગયા છે તેમાં ભલા અન્ય ક્યા બુદ્ધિમાનની જીભ સમર્થ થઈ શકે? અર્થાત્ આપના ગુણોનું કીર્તન જ્યાં બૃહસ્પતિ આદિ પણ કરી શક્યા નથી તો પછી બીજો ક્યો એવો કવિ છે જે આપના તે ગુણોનું પૂર્ણપણે કીર્તન કરી શકે? ૩૬.

(आर्या)

**सो मोहथेणरहिओ पयासिओ पहु सुपहो तए तइया।**
**तेणज्ज वि रयणजुया णिव्विग्घं जंति णिव्वाणं ॥३७॥**

અનુવાદ :—હે પ્રભો! તે વખતે આપે મોહરૂપ ચોર રહિત તે સુમાર્ગ (મોક્ષમાર્ગ) પ્રગટ કર્યો હતો કે જેથી આજે પણ મનુષ્ય રત્નો (રત્નત્રય) સહિત થઈને નિર્બાધપણે મોક્ષમાં જાય છે.

વિશેષાર્થ :—જેમ શાસનના સારા પ્રબંધથી ચોર રહિત કરવામાં આવેલા માર્ગે મનુષ્ય ઇચ્છિત ધન લઈને નિર્બાધપણે ગમનાગમન કરે છે, તેવી જ રીતે ઋષભદેવ ભગવાને પોતાના દિવ્ય ઉપદેશ દ્વારા જે મોક્ષમાર્ગને મોહરૂપ ચોરથી રહિત કરી દીધો હતો તેના ઉપર ચાલીને સાધુ પુરુષો અત્યારે પણ સમ્યગ્દર્શનાદિરૂપ અનુપમ રત્નો સાથે નિર્વિઘ્નપણે ઇચ્છિત સ્થાન (મોક્ષ) પ્રાપ્ત કરે છે. ૩૭.

(आर्या)

**उम्मुद्दियम्मि तम्मि हु मोक्खणिहाणम्मि गुणणिहाण तए ।**
**केहिं ण जुण्णतिणाइ व इयरणिहाणेहिं भुवणम्मि ।।३८।।**

અનુવાદ :—હે ગુણનિધાન! આપના દ્વારા તે મોક્ષરૂપ નિધિ (ખજાનો) ખોલી નાખવામાં આવતા લોકમાં ક્યા ભવ્ય જીવોએ રત્ન–સુવર્ણાદિ રૂપ બીજા ખજાના જીર્ણ ઘાસ સમાન છોડ્યા નહોતા? અર્થાત્ ઘણાએ તેમનો ત્યાગ કરી જિનદીક્ષાનો સ્વીકાર કર્યો હતો. ૩૮.

(आर्या)

**मोहमहाफणिडक्को जणो विरायं तुमं पमुत्तूण ।**
**इयराणाए कह पहु विचेयणो चेयणं लहइ ।।३९।।**

અનુવાદ :—હે પ્રભુ! મોહરૂપી મહા સર્પદ્વારા કરડાવાથી મૂર્ચ્છા પામેલો મનુષ્ય આપ વીતરાગને છોડીને બીજાની આજ્ઞા (ઉપદેશ)થી કેવી રીતે ચેતના પામી શકે? અર્થાત્ પામી શકે નહિ.

વિશેષાર્થ :—જેમ સર્પ કરડવાથી મૂર્ચ્છા પામેલો મનુષ્ય મંત્ર જાણનારના ઉપદેશથી નિર્વિષ બનીને ચેતનપણું પ્રાપ્ત કરી લે છે તેવી જ રીતે મોહથી ગ્રસાયેલ સંસારી પ્રાણી આપના સદુપદેશથી અવિવેક છોડીને પોતાનું ચૈતન્યસ્વરૂપ પ્રાપ્ત કરી લે છે. ૩૯.

(आर्या)

**भवसायरम्मि धम्मो धरइ पडंतं जणं च्चेय ।**
**सवरस्स व परमारणकारणमियराण जिणणाह ।।४०।।**

અનુવાદ :—હે જિનેન્દ્ર! સંસારરૂપ સમુદ્રમાં પડતા પ્રાણીનું રક્ષણ આપનો જ ધર્મ કરે છે. બીજાઓનો ધર્મ તો ભીલના ધર્મ (ધનુષ્ય) સમાન અન્ય જીવોને મારવાનું જ કારણ થાય છે. ૪૦.

(आर्या)

**अण्णो को तुह पुरओ वग्गइ गरुयत्तणं पयासंतो ।**
**जम्मि तइ परमियत्तं केसणहाणं पि जिण जायं ।।४१।।**

અનુવાદ :—હે જિન! જે આપના વાળ અને નખ પણ પરિમિતતા પામ્યા અર્થાત્ વૃદ્ધિરહિત થઈ ગયા હતા તેવા આપની આગળ બીજો કોણ પોતાનો મહિમા પ્રગટ કરતો થકો જઈ શકે? અર્થાત્ કોઈ જઈ શકે નહિ.

વિશેષાર્થ :—કેવળજ્ઞાન પ્રગટતાં નખ અને વાળની વૃદ્ધિ થતી નથી. એ બાબત ઉપર અહીં એમ ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે કે તે નખકેશની વૃદ્ધિનો અભાવ જાણે એમ સૂચન કરતો હતો કે આ જિનેન્દ્ર ભગવાન સર્વશ્રેષ્ઠ છે, એમની આગળ બીજા કોઈનો પ્રભાવ રહી શકતો નથી. ૪૧.

(आर्या)

**सहइ शरीरं तुह पहु तिहुयणजणणयणबिंबविच्छुरियं ।**
**पडिसमयमच्चियं चारुतरलणीलुप्पलेहिं व ।।४२।।**

અનુવાદ :—હે પ્રભો! આપના શરીર ઉપર જે ત્રણે લોકના પ્રાણીઓના નેત્રોનું પ્રતિબિંબ પડી રહ્યું હતું તેનાથી વ્યાપ્ત તે શરીર એવું લાગતું હતું કે જાણે તે નિરંતર સુંદર અને ચંચળ નીલકમળો દ્વારા પૂજા પામી રહ્યું હોય. ૪૨.

(आर्या)

**अहमहमियाए णिवडंति णाह छुहियालिणो व्व हरिचक्खू ।**
**तुज्झ च्चिय णहपहसरमज्झट्ठियचलणकमलेसुं ।।४३।।**

અનુવાદ :—હે નાથ! તમારા જ નખોની કાન્તિરૂપ સરોવરની મધ્યમાં સ્થિત ચરણરૂપ કમળો ઉપર જે ઇન્દ્રના નેત્રો પડે છે તે એવા દેખાય છે કે જાણે અહમહમિકા અર્થાત્ હું પહેલાં પહોંચું, હું પહેલાં પહોંચું, આ રૂપે ભૂખ્યા ભ્રમર જ તેમની ઉપર પડી રહ્યા હોય. ૪૩.

(आर्या)

**कणयकमलाणमुवरिं सेवा तुह विबुहकप्पियाण तुहं ।**
**अहियसिरीणं तत्तो जुत्तं चरणाण संचरणं ।।४४।।**

અનુવાદ :—હે ભગવન્! આપની સેવા માટે દેવો દ્વારા રચવામાં આવેલા સુવર્ણમય કમળો ઉપર જે આપના ચરણોનો સંચાર થતો હતો તે યોગ્ય જ હતું કેમ કે આપના ચરણોની શોભા તે કમળો કરતાં વધારે હતી. ૪૪.

(आर्या)

**सइ-हरिकयकण्णसुहो गिज्ज़इ अमरेहिं तुह जसो सग्गे ।**
**मण्णे तं सोउमणो हरिणो हरिणंकवमल्लीणो ।।४५।।**

અનુવાદ :—હે જિનેન્દ્ર! સ્વર્ગમાં ઇન્દ્રાણી અને ઇન્દ્રના કાનોને સુખ આપનારું જે દેવોદ્વારા આપનું યશોગાન કરવામાં આવે છે તે સાંભળવા માટે ઉત્સુક થઈને જ જાણે હરણે ચન્દ્રનો આશ્રય લીધો છે, એમ હું સમજું છું. ૪૫.

(आर्या)

**अलियं कमले कमला कमकमले तुह जिणिंद सा वसइ ।**
**णहकिरणणिहेण घडंति णयजणे से कडक्खछडा ।।४६।।**

અનુવાદ :—હે જિનેન્દ્ર! કમળમાં લક્ષ્મી રહે છે એમ કહેવું અસત્ય છે; કારણ કે તે તો આપના ચરણકમળમાં રહે છે, તેથી જ તો નમસ્કાર કરતા જનો ઉપર આપના નખોના કિરણોના બ્હાને તેના નેત્રકટાક્ષોની કાન્તિ સંગ પામી શકે છે. ૪૬.

(आर्या)

**जे कयकुवलयहरिसे तुमम्मि विद्देसिणो स ताणं पि ।**
**दोसो ससिम्मि वा आहयाण जह वाहिआवरणं ।।४७।।**

અનુવાદ :—હે જિનેન્દ્ર! કુવલય અર્થાત્ ભૂમંડળને હર્ષિત કરનાર આપના વિષયમાં જે વિદ્વેષ રાખે છે તે તેમનો જ દોષ છે. જેમ–કુવલય (કુમુદ)ને પ્રફુલ્લિત કરનાર ચન્દ્રના વિષયમાં જે મૂર્ખ બહારનું આવરણ કરે છે તો તે તેમનો જ દોષ હોય છે, નહિ કે ચન્દ્રનો. અભિપ્રાય એમ છે કે જેવી રીતે કોઈ ચન્દ્રનો પ્રકાશ

(ચાંદની) રોકવા માટે જો બાહ્ય આવરણ કરે છે તો તે તેનો જ દોષ ગણવામાં આવે છે, નહિ કે ચન્દ્રનો, કારણ કે તે તો સ્વભાવે પ્રકાશક અને આહ્લાદજનક જ છે. એવી જ રીતે જો કોઈ અજ્ઞાની જીવ આપને પામીને પણ આત્મહિત કરતો નથી તો એ તેનો જ દોષ છે, નહિ કે આપનો. કારણ કે આપ તો સ્વભાવથી બધા જ પ્રાણીઓના હિતકારક છો. ૪૭.

(आर्या)

**को इह हि उव्वरंतो जिण जयसंहरणमरणवणसिहिणो ।**
**तुह पयथुइणिज्झरणी वारणमिणमो ण जइ होंति ॥४८॥**

અનુવાદ :—હે જિન! જો આપના ચરણોની સ્તુતિરૂપ આ નદી રોકનારી (ઓલવનારી) ન હોત તો પછી અહીં જગતનો સંહાર કરનારી મૃત્યુરૂપ દાવાગ્નિથી કોણ બચી શકતું હતું? અર્થાત્ કોઈ બાકી ન રહી શકત. ૪૮.

(आर्या)

**करजुवलकमलमउले भालत्थे तुह पुरो कए वसइ ।**
**सग्गापवग्गकमला कुणंति तं तेण सप्पुरिसा ॥४९॥**

અનુવાદ :—હે ભગવન્! આપની આગળ નમસ્કાર કરતી વખતે મસ્તક ઉપર સ્થિત બન્ને હાથરૂપ કમળની કળીમાં સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી નિવાસ કરે છે, તેથી સજ્જન પુરુષ તેને (બન્ને હાથ કપાળ ઉપર સ્થિત) કર્યા કરે છે. ૪૯.

(आर्या)

**वियलइ मोहणधूली तुह पुरओ मोहठगपरिट्ठविया ।**
**पणवियसीसाओ तआ पणवियसीसा बुहा होंति ॥५०॥**

અનુવાદ :—હે જિનેન્દ્ર! તમારી આગળ નમ્રીભૂત થયેલા શિરથી મોહરૂપ ઠગ દ્વારા સ્થાપિત કરવામાં આવેલી મોહનધૂળ (મોહ પમાડનારી ધૂળ) નાશ પામી જાય છે, તેથી વિદ્વાનો શિર નમાવીને આપને નમસ્કાર કરે છે. ૫૦.

(आर्या)

**बंभप्पमुहा सण्णा सव्वा तुह जे भणंति अण्णस्स ।**
**ससिजोण्हा खज्जोए जडेहि जोडिज्जए तेहिं ॥५१॥**

અનુવાદ :—હે ભગવન્! જે લોકો આપના બ્રહ્મા આદિ સર્વ નામોને બીજા (વિધાતા આદિ) ના બતાવે છે તે મૂર્ખ જાણે ચન્દ્રની ચાંદનીને આગિયા સાથે જોડે છે.

વિશેષાર્થ :—જેમ આગિયાનો પ્રકાશ કદી ચાંદની સમાન થઈ શકતો નથી તેવી જ રીતે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ઇત્યાદિ જે આપના સાર્થક નામ છે તે દેવરૂપે મનાતા બીજાઓના કદી થઈ શકતા નથી. તે સર્વ તો આપના જ નામ છે. જેમ કે–त्वामव्यय विभुमचिन्त्संख्यमाद्यं ब्रह्माणमीश्वरमनन्तमनङ्गकेतुम्! योगीश्वरं विदितयोगमनेकमेकं ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः।। बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्त्वं शंकरोऽसि भुवनत्रयशंकरत्वात्। धातासि धीर शिवमार्गविधेर्विधानाद् व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोऽसि [भक्तामर० २४-२५]।। ૫૧.

(आर्या)

**तं चेव मोक्खपयवी तं चिय सरणं जणस्स सव्वस्स।**
**तं णिक्वारणविज्ञो जाइजरामरणवाहिहरो ।।५२।।**

અનુવાદ :—હે જિનેન્દ્ર! તમે જ મોક્ષમાર્ગ છો. તમે જ સર્વ પ્રાણીઓને શરણભૂત છો; તથા તમે જ જન્મ, જરા અને મરણરૂપ વ્યાધિને નષ્ટ કરનાર નિસ્વાર્થ વૈદ્ય છો. ૫૨.

(आर्या)

**किच्छाहिं समुवलद्धे कयकिच्चा जम्मि जोइणो होंति।**
**तं परमकारणं जिण ण तुमाहिंतो परो अस्थि ।।५३।।**

અનુવાદ :—હે અર્હન્! જે આપને કષ્ટપૂર્વક પ્રાપ્ત કરીને (જાણીને) યોગીજન કૃતકૃત્ય થઈ જાય છે તે તમે જ તે કૃતકૃત્યતાના ઉત્કૃષ્ટ કારણ છો, તમારા સિવાય બીજા કોઈ તેનું કારણ થઈ શકતું નથી. ૫૩.

(आर्या)

**सुहमो सि तह ण दीससि जह पहु परमाणुपेच्छएहिं पि।**
**गुरुवो तह बोहमए जह तइ सव्वं पि संमायं ।।५४।।**

અનુવાદ :—હે પ્રભો! તમે એવા સૂક્ષ્મ છો કે જેથી પરમાણુને દેખનારા પણ તમને દેખી શકતા નથી તથા તમે એવા સ્થૂળ છો કે જેથી અનંત જ્ઞાનસ્વરૂપ આપમાં આખું ય વિશ્વ સમાઈ જાય છે. ૫૪.

( आर्या )

**णीसेसवत्थुसत्थे हेयमहेयं णिरूवमाणस्स ।**
**तं परमप्पा सारो सेसमसारं पलालं वा ।।५५।।**

અનુવાદ :—હે ભગવન્! સમસ્ત વસ્તુઓના સમૂહમાં આ હેય છે અને આ ઉપાદેય છે, એવું નિરૂપણ કરનાર શાસ્ત્રનો સાર તમે પરમાત્મા જ છો, બાકી બધુ પરાળ (પૂળા) સમાન નિઃસાર છે. ૫૫.

( आर्या )

**धरइ परमाणुलीलं जगग्भे तिहुयणं पि तं पि णहं ।**
**अंतो णाणस्स तुह इयरस्स ण एरिसी महिमा ।।५६।।**

અનુવાદ :—હે સર્વજ્ઞ! જે આકાશના ગર્ભમાં ત્રણે ય લોક પરમાણુની લીલા ધારણ કરે છે અર્થાત્ પરમાણુ સમાન જણાય છે, તે આકાશ પણ આપના જ્ઞાનમાં પરમાણુ જેવું લાગે છે. આવો મહિમા બ્રહ્મા-વિષ્ણુ વગેરે કોઈ બીજાનો નથી. ૫૬.

( आर्या )

**भुवणत्थुय थुणइ जइ जए सरस्सई संतयं तुहं तह वि ।**
**ण गुणंतं लहइ तहिं को तरइ जडो जणो अण्णो ।।५७।।**

અનુવાદ :—હે ભુવનસ્તુત! જો સંસારમાં તમારી સ્તુતિ સરસ્વતી પણ નિરંતર કરે તો પણ તે જો તમારા ગુણોનો અંત પામતી નથી તો પછી બીજો ક્યો મૂર્ખ મનુષ્ય તે ગુણસમુદ્રમાં તરી શકે? અર્થાત્ આપના સર્વ ગુણોની સ્તુતિ કોઈ પણ કરી શકતું નથી. ૫૭.

( आर्या )

**खयरि व्व संचरंती तिहुयणगुरु तुह गुणोहगयणम्मि ।**
**दूरं पि गया सुइरं कस्स गिरा पत्तपेरंता ।।५८।।**

અનુવાદ :—હે ત્રિભુવનપતે! આપના ગુણસમૂહરૂપ આકાશમાં પક્ષિણી (અથવા વિદ્યાધરી) સમાન ચિરકાળથી સંચાર કરનારી કોઈની વાણીએ દૂર જઈને પણ શું તેનો (આકાશનો, ગુણસમૂહનો) અંત મેળવ્યો છે? અભિપ્રાય એ છે કે જેમ

પક્ષી ચિરકાળ સુધી ગમન કરીને પણ આકાશનો અંત પામતું નથી તેવી જ રીતે ચિરકાળ સુધી સ્તુતિ કરીને પણ કોઈની વાણી આપના ગુણોનો અંત પામી શકતી નથી. ૫૮.

(आर्या)

**जत्थ असक्को सक्को अणीसरो ईसरो फणीसो वि ।**
**तुह थोत्ते तत्थ कई अहममई तं खमिज्ञासु ॥५९॥**

અનુવાદ :—હે ભગવન્! તમારા જે સ્તોત્રના વિષયમાં ઈન્દ્ર અશક્ત છે, ઈશ્વર (મહાદેવ) અનીશ્વર (અસમર્થ) છે તથા ધરણેન્દ્ર પણ અસમર્થ છે; તે તારા સ્તોત્રના વિષયમાં હું નિર્બુદ્ધિ કવિ (કેવી રીતે) સમર્થ થઈ શકું? અર્થાત્ થઈ શકું નહિ. તેથી ક્ષમા કરો. ૫૯.

(आर्या)

**तं भव्वपोमणंदी तेयणिही णेसरु व्व णिद्दोसो ।**
**मोहंधयारहरणे तुह पाया मम पसीयंतु ॥६०॥**

અનુવાદ :—હે જિન! તમે સૂર્ય સમાન પદ્મનન્દી અર્થાત્ ભવ્યજીવોરૂપ કમળોને આનંદિત કરનાર, તેજના ભંડાર અને નિર્દોષ અર્થાત્ અજ્ઞાનાદિ દોષરહિત (સૂર્યના પક્ષે–દોષો રહિત) છો. તમારા પાદ (ચરણ) સૂર્યના પાદ (કિરણો) સમાન મારા મોહરૂપ અંધકારનો નાશ કરવામાં પ્રસન્ન થાવ. ૬૦.

આ રીતે ઋષભસ્તોત્ર સમાપ્ત થયું. ૧૩.

# ૧૪. જિનવર સ્તવન

## [१४. जिनवरस्तवनम् ]

(आर्या)

दिट्ठे तुमम्मि जिणवर सहलीहूआइं मज्झ णयणाइं ।
चित्तं गत्त च लहुं अमिएण व सिंचियं जायं ।।१।।

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપના દર્શન થતાં મારા નેત્ર સફળ થઈ ગયા તથા મન અને શરીર તરત જ અમૃત સિંચાઈ ગયા હોય તેમ શાન્ત થઈ ગયા છે. ૧.

(आर्या)

दिट्ठे तुमम्मि जिणवर दिट्ठिहरासेसमोहतिमिरेण ।
तह णट्ठं जइ दिट्ठं जहट्ठियं तं मए तच्चं ।।२।।

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપના દર્શન થતાં દર્શનમાં બાધા પહોંચાડનાર સમસ્ત મોહ (દર્શનમોહ) રૂપ અંધકાર એવી રીતે નષ્ટ થઈ ગયો છે કે જેથી મેં જેવું છે તેવું તત્ત્વ જોઈ લીધું છે–સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લીધું છે. ૨.

(आर्या)

दिट्ठे तुमम्मि जिणवर परमाणंदेण पूरियं हिययं ।
मज्झ तहा जह मण्णे मोक्खं पिव पत्तमप्पाणं ।।३।।

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં મારૂં અંતઃકરણ એવા ઉત્કૃષ્ટ આનંદથી પરિપૂર્ણ થઈ ગયું છે કે જેથી હું મને મુક્તિ પ્રાપ્ત થયેલ જ સમજું છું. ૩.

(आर्या)

दिट्ठे तुमम्मि जिणवर णट्ठं चिय मण्णियं महापावं।
रविउग्गमे णिसाए ठाइ तमो कित्तियं कालं।।४।।

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં હું મહાપાપને નષ્ટ થયેલું જ માનું છું. બરાબર છે—સૂર્યનો ઉદય થતાં રાત્રિનો અંધકાર ભલા કેટલો વખત ટકી શકે છે? અર્થાત્ ટકતો નથી, તે સૂર્યનો ઉદય થતાં જ નષ્ટ થઈ જાય છે. ૪.

(आर्या)

दिट्ठे तुमम्मि जिणवर सिज्झइ सो को वि पुण्णपब्भारो।
होइ जणो जेण पहु इहपरलोयत्थसिद्धीणं।।५।।

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં એવો કોઈ અપૂર્વ પુણ્યનો સમૂહ સિદ્ધ થાય છે કે જેથી પ્રાણી આ લોક અને પરલોક સંબંધી ઈષ્ટ સિદ્ધિઓનો સ્વામી બની જાય છે. ૫.

(आर्या)

दिट्ठे तुमम्मि जिणवर मण्णे तं अप्पणो सुकयलाहं।
होही सो जेणासरिससुहणिही अक्खओ मोक्खो।।६।।

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપના દર્શન થતાં હું મને એવા પુણ્યલાભવાળો માનું છું કે જેથી મને અનુપમ સુખના ભંડારસ્વરૂપ તે અવિનશ્વર મોક્ષ પ્રાપ્ત થશે. ૬.

(आर्या)

दिट्ठे तुमम्मि जिणवर संतोसो मज्झ तह परो जाओ।
इंदविहवो वि जणइ ण तण्हालेसं पि जह हियए।।७।।

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં મને એવો ઉત્કૃષ્ટ સંતોષ ઉત્પન્ન થયો છે કે જેથી મારા હૃદયમાં ઈન્દ્રનો વૈભવ પણ લેશમાત્ર તૃષ્ણા ઉત્પન્ન કરતો નથી. ૭.

(आर्या)

दिट्ठे तुमम्मि जिणवर वियारपडिवज्जिए परमसंते।
जस्स ण हिट्ठी दिट्ठी तस्स ण णवजम्मविच्छेओ।।८।।

**અનુવાદ :** હે જિનેન્દ્ર! રાગાદિ વિકાર રહિત અને અતિશય શાંત એવા આપના દર્શન થતાં જેની દૃષ્ટિ હર્ષ પામતી નથી તેને નવીન જન્મનો નાશ થઈ શકતો નથી અર્થાત્ તેની સંસાર પરંપરા ચાલતી જ રહેશે. ૮.

(आर्या)

**दिट्ठे तुमम्मि जिणवर जं मह कज्जंतराउलं हिययं।**
**कइया वि हवइ पुव्वज्ज़ियस्य कम्मस्स सो दोसो॥९॥**

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપનું દર્શન થયા પછી ય જો મારું હૃદય કોઈવાર બીજા કોઈ મહાન્ કાર્યથી વ્યાકુળ થાય છે તો તે પૂર્વોપાર્જિત કર્મના દોષથી થાય છે. ૯.

(आर्या)

**दिट्ठे तुमम्मि जिणवर अच्छउ जम्मंतरं ममेहावि।**
**सहसा सुहेहिं घडियं दुक्खेहिं पलाइयं दूरं॥१०॥**

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપના દર્શન થતાં અન્ય જન્મના સુખની ઈચ્છા તો દૂર રહો, પરંતુ તેનાથી આ લોકમાં પણ મને અકસ્માત્ સુખ પ્રાપ્ત થયું છે અને સર્વ દુઃખો દૂર ભાગી ગયા છે. ૧૦.

(आर्या)

**दिट्ठे तुमम्मि जिणवर बज्झइ पट्टो दिणम्मि अज्जयणे।**
**सहलत्तणेण मज्झे सव्वदिणाणं पि सेसाणं॥११॥**

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપના દર્શન થતાં બાકીના બધા જ દિવસોમાં આજના દિવસે સફળતાનો પટ્ટ બાંધવામાં આવ્યો છે. અભિપ્રાય એમ છે કે આટલા દિવસોમાં આજનો આ મારો દિવસ સફળ થયો છે કારણ કે આજ મને ચિરસંચિત પાપનો નાશ કરનારૂં આપનું દર્શન પ્રાપ્ત થયું છે. ૧૧.

(आर्या)

**दिट्ठे तुमम्मि जिणवर भवणमिणं तुज्झ मह महग्धतरं।**
**सव्वाणं पि सिरीणं संकेयघरं व पडिहाइ॥१२॥**

**અનુવાદ** : હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં આ તમારૂં મહા-મૂલ્યવાન ઘર (જિનમંદિર) મને બધી લક્ષ્મીઓના સંકેતગૃહ સમાન પ્રતિભાસે છે. અભિપ્રાય એ કે અહીં દર્શન કરતાં મને સર્વ પ્રકારની લક્ષ્મી પ્રાપ્ત થશે. ૧૨.

(आर्या)

**दिट्ठे तुमम्मि जिणवर भत्तिजलोल्लं समासियं छेत्तं।**
**जं तं पुलयमिसा पुण्यबीयमंकुरियमिव सहइ ॥१३॥**

**અનુવાદ** : હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં ભક્તિરૂપ જળથી ભીંજાયેલા ખેતર (શરીર) ને જે પુણ્યરૂપ બીજ પ્રાપ્ત થયું હતું તે જાણે રોમાંચના બ્હાને અંકુરિત થઈને જ શોભી રહ્યું છે. ૧૩.

(आर्या)

**दिट्ठे तुमम्मि जिणवर समयामयसायरे गहीरम्मि।**
**रायाइदोसकलुसे देवे को मण्णए सयाणो ॥१४॥**

**અનુવાદ** : હે જિનેન્દ્ર! સિદ્ધાન્તરૂપ અમૃતના સમુદ્ર અને ગંભીર એવા આપના દર્શન થતાં ક્યો બુદ્ધિમાન મનુષ્ય રાગાદિ-દોષોથી મલિનતાને પ્રાપ્ત થયેલ દેવોને માને? અર્થાત્ કોઈ પણ બુદ્ધિમાન મનુષ્ય તેમને દેવ માનતો નથી. ૧૪.

(आर्या)

**दिट्ठे तुमम्मि जिणवर मोक्खो अइदुल्लहो वि संपडइ।**
**मिच्छत्तमलकलंकी मणो ण जइ होइ पुरिसस्स ॥१५॥**

**અનુવાદ** : હે જિનેન્દ્ર! જો પુરુષનું મન મિથ્યાત્વરૂપ મળથી મલિન ન હોય તો આપનું દર્શન થતાં અત્યંત દુર્લભ મોક્ષ પણ પ્રાપ્ત થઈ શકે છે. ૧૫.

(आर्या)

**दिट्ठे तुमम्मि जिणवर चम्ममएणच्छिणा वि तं पुण्णं।**
**जं जणइ पुरो केवलदंसणणाणाइं णयणाइं ॥१६॥**

**અનુવાદ** : હે જિનેન્દ્ર! ચર્મમય નેત્રથી પણ આપનું દર્શન થતાં તે પુણ્ય પ્રાપ્ત થાય છે કે જે ભવિષ્યમાં કેવળદર્શન અને કેવળજ્ઞાનરૂપ નેત્રોને ઉત્પન્ન કરે છે. ૧૬.

(आर्या)

दिट्ठे तुमम्मि जिणवर सुकयत्थो मण्णिओ ण जेणप्पा।
सो बहुयबुड्डणुब्बुड्डणाइं भवसायरे काही ।।१७।।

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં જે જીવ પોતાને અતિશય કૃતાર્થ (કૃતકૃત્ય) માનતો નથી તે સંસારરૂપ સમુદ્રમાં અનેકવાર ગોથા ખાશે. ૧૭.

(आर्या)

दिट्ठे तुमम्मि जिणवर णिच्छयदिट्ठीए होइ जं किं पि।
ण गिराए गोचरं तं साणुभवत्थं पि किं भणिमो ।।१८।।

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં જે કાંઈ પણ થાય છે તે નિશ્ચયદૃષ્ટિએ વચનનો વિષય નથી, તે તો કેવળ સ્વાનુભવનો જ વિષય છે. તેથી તે વિષયમાં ભલા અમે શું કહી શકીએ? અર્થાત્ કાંઈ કહી શકતા નથી–તે અનિર્વચનીય છે. ૧૮.

(आर्या)

दिट्ठे तुमम्मि जिणवर दट्ठव्वावहिविसेसरूवम्मि।
दंसणसुद्धीए गयं दाणिं मह णत्थि सव्वत्था ।।१९।।

**અનુવાદ :** હે જિનેન્દ્ર! દેખવા યોગ્ય પદાર્થોના સીમાવિશેષ સ્વરૂપ (સર્વથી અધિક દર્શનીય) આપનું દર્શન થતાં જે દર્શનવિશુદ્ધિ થઈ છે તેનાથી આ વખતે એ નિશ્ચય થયો છે કે સર્વ બાહ્ય પદાર્થ મારા નથી. ૧૯.

(आर्या)

दिट्ठे तुमम्मि जिणवर अहियं सुहिया समुज्जलो होइ।
जणदिट्ठी को पेच्छइ तद्दंसणसुहयरं सूरं ।।२०।।

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં લોકોની દૃષ્ટિ અતિશય સુખયુક્ત અને ઉજ્જવળ થઈ જાય છે. પછી ભલા ક્યો બુદ્ધિમાન મનુષ્ય તે દૃષ્ટિને સુખકારક એવા સૂર્યનું દર્શન કરે? અર્થાત્ કોઈ કરે નહિ. ૨૦.

(आर्या)

**दिट्ठे तुमम्मि जिणवर बुहम्मि दोसोज्झियम्मि वीरम्मि ।**
**कस्स किर रमइ दिट्ठी जडम्मि दोसायरे खत्थे ।।२१।।**

**અનુવાદ :** હે જિનેન્દ્ર! જ્ઞાની, દોષરહિત અને વીર એવા આપને જોઈ લીધા પછી કોની દૃષ્ટિ ચન્દ્રમા તરફ રમે? અર્થાત્ આપનું દર્શન કરીને પછી કોઈને ય ચન્દ્રમાના દર્શનની ઇચ્છા રહેતી નથી. કારણ કે તેનું સ્વરૂપ આપનાથી વિપરીત છે– આપ જ્ઞાની છો, પરંતુ તે જડ (મૂર્ખ, શીતળ) છે. આપ દોષોજ્ઝિત અર્થાત્, અજ્ઞાનાદિ દોષોથી રહિત છો. પરંતુ તે દોષાકર (દોષોની ખાણ, રાત્રિ કરનાર) છે તથા આપ વીર અર્થાત્ કર્મશત્રુઓને જીતનાર સુભટ છો પરંતુ તે ખસ્થ (આકાશમાં સ્થિત) અર્થાત્ ભયભીત થઈને આકાશમાં છુપાઈને રહેનાર છે. ૨૧.

(आर्या)

**दिट्ठे तुमम्मि जिणवर चिंतामणिकामधेणुकप्पतरू ।**
**खज्जोय व्व पहाए मज्झ मणे णिप्पहा जाया ।।२२।।**

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં મારા મનમાં ચિંતામણી, કામધેનુ અને કલ્પવૃક્ષ પણ એવી રીતે કાન્તિહીન (ફીક્કા) થઈ ગયા છે જેમ પ્રભાત થઈ જતાં આગિયા કાન્તિહીન થઈ જાય છે. ૨૨.

(आर्या)

**दिट्ठे तुमम्मि जिणवर रहसरसो मह मणम्मि जो जाओ ।**
**आणंदंसुमिसा सो तत्तो णीहरइ बहिरंतो ।।२३।।**

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં મારા મનમાં જે હર્ષરૂપ જળ ઉત્પન્ન થયું છે તે જાણે હર્ષના કારણે ઉત્પન્ન થયેલ આંસુઓના બહાને અંદરની બહાર જ નીકળી રહ્યું છે. ૨૩.

(आर्या)

**दिट्ठे तुमम्मि जिणवर कल्लाणपरंपरा पुरो पुरिसे ।**
**संचरइ अणाहूया वि ससहरे किरणमाल व्व ।।२४।।**

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં કલ્યાણની પરંપરા (સમૂહ) બોલાવ્યા વિના જ પુરુષની આગળ એવી રીતે ચાલે છે જેમ ચન્દ્રમાની આગળ તેના કિરણોનો સમૂહ ચાલે છે. ૨૪.

(आर्या)

**दिट्ठे तुमम्मि जिणवर दिसवल्लीओ फलंति सव्वाओ।**
**इट्ठं अहुल्लिया वि हु वरिसइ सुण्णं पि रयणेहिं ।।२५।।**

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં સર્વ દિશાઓરૂપ વેલ ફૂલો વિના પણ ઈષ્ટ ફળ આપે છે તથા ખાલી આકાશ પણ રત્નોની વર્ષા કરે છે. ૨૫.

(आर्या)

**दिट्ठे तुमम्मि जिणवर भव्वो भयवज्जिओ हवे णवरं।**
**गयणिद्दं चिय जायइ जोण्हापसरे सरे कुमुयं ।।२६।।**

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં ભવ્ય જીવ સહસા ભય અને નિદ્રાથી એ રીતે રહિત (પ્રબુદ્ધ) થઈ જાય છે, જેમ ચાંદનીનો વિસ્તાર થતાં સરોવરમાં કુમુદ (સફેદકમળ) નિદ્રારહિત (પ્રફુલ્લિત) થઈ જાય છે. ૨૬.

(आर्या)

**दिट्ठे तुमम्मि जिणवर हियएणं मह सुहं समुल्लसियं।**
**सरिणाहेणिव सहसा उग्गमिए पुण्णिमाइंदे ।।२७।।**

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં મારૂં હૃદય સહસા એવી રીતે સુખપૂર્વક હર્ષ પામ્યું છે જેમ પૂર્ણિમાના ચન્દ્રનો ઉદય થતાં સમુદ્ર આનંદ (વૃદ્ધિ) પામે છે. ૨૭.

(आर्या)

**दिट्ठे तुमम्मि जिणवर दोहिमि चक्खूहिं तह सुही अहिय।**
**हियए जह सहसच्छोहोमि त्ति मणोरहो जाओ ।।२८।।**

**અનુવાદ :** હે જિનેન્દ્ર! બે જ આંખો વડે આપના દર્શન થતાં હું એટલો બધો સુખી થયો છું કે જેથી મારા હૃદયમાં એવો મનોરથ ઉત્પન્ન થયો છે કે હું સહસ્રાક્ષ (હજાર નેત્રોવાળો) અર્થાત્ ઈન્દ્ર બનીશ. ૨૮.

(आर्या)

दिट्ठे तुमम्मि जिणवर भवो वि मित्तत्तणं गओ एसो ।
एयम्मि ठियस्स जओ जायं तुह दंसणं मज्झ ॥२९॥

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં આ સંસાર પણ મિત્રતાને પ્રાપ્ત થયો છે. એનું કારણ એ છે કે તેમાં સ્થિત રહેવા છતાં પણ મને આપનું દર્શન પ્રાપ્ત થયું છે. ૨૯.

(आर्या)

दिट्ठे तुमम्मि जिणवर भव्वाणं भूरिभत्तिजुत्ताणं ।
सव्वाओ सिद्धिओ होंति पुरो एक्कलीलाए ॥३०॥

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં અતિશય ભક્તિયુક્ત ભવ્ય જીવો પાસે બધી સિદ્ધિઓ એક રમત માત્રમાં જ (અનાયાસે જ) આવીને પ્રાપ્ત થાય છે. ૩૦.

(आर्या)

दिट्ठे तुमम्मि जिणवर सुहगइसंसाहणेक्कबीयम्मि ।
कंठगयजीवियस्स वि धीरं संपज्जए परमं ॥३१॥

**અનુવાદ :** હે જિનેન્દ્ર! શુભ ગતિ સાધવામાં અનુપમ બીજભૂત એવા આપનું દર્શન થતાં મરણોન્મુખ પ્રાણીને પણ ઉત્કૃષ્ટ ધૈર્ય પ્રાપ્ત થાય છે. ૩૧.

(आर्या)

दिट्ठे तुमम्मि जिणवर कमम्मि सिद्धे ण किं पुणो सिद्धं ।
सिद्धियरं को णाणी महइ ण तुह दंसणं तम्हा ॥३२॥

**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપના દર્શનથી આપના ચરણ સિદ્ધ થતાં શું ન સિદ્ધ થયું? અર્થાત્ આપના ચરણોના પ્રસાદથી બધું જ સિદ્ધ થઈ જાય છે તેથી ક્યો જ્ઞાની પુરુષ સિદ્ધિ આપનાર આપના દર્શનને ચાહતો નથી? અર્થાત્ બધા જ વિવેકીજનો આપના દર્શનની અભિલાષા કરે છે. ૩૨.

(आर्या)

दिट्ठे तुमम्मि जिणवर पोम्मकयं दंसणत्थुइं तुज्झ ।
जो पहु पढइ तियालं भवजालं सो समोसरइ ॥३३॥

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**અનુવાદ :** હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં જે ભવ્ય જીવ પદ્મનન્દી મુનિદ્વારા રચવામાં આવેલી આપની આ દર્શન સ્તુતિ ત્રણે સંધ્યાકાળે વાંચે છે, તે હે પ્રભો! પોતાના સંસાર સમૂહનો નાશ કરે છે. ૩૩.

(आर्या)

**दिट्ठे तुमम्मि जिणवर भणियमिणं जणियजणमणाणंदं ।**
**सव्वेहिं पढिज्जंतं णंदउ सुइरं धरावीढे ॥३४॥**

**અનુવાદ :** હે જિનેન્દ્ર ! આપના દર્શન કરીને મેં ભવ્યજનોના મનને આનંદિત કરનાર જે દર્શન સ્તોત્ર કહ્યું છે તે સર્વને વાંચવાનો વિષય બનીને પૃથ્વીતળ ઉપર ચિરકાળ સુધી સમૃદ્ધિ પામો. ૩૪.

આ રીતે જિનદર્શનસ્તુતિ સમાપ્ત થઈ. ૧૪.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# ૧૫. શ્રુતદેવતા સ્તુતિ

[१५. श्रुतदेवतास्तुति]

(वंशस्थ)

जयत्यशेषामरमौलिलालितं सरस्वति त्वत्पदपङ्कजद्वयम् ।
हृदि स्थितं यज्जनजाड्यनाशनं रजोविमुक्तं श्रयतीत्यपूर्वताम् ।।१।।

**અનુવાદ :** હે સરસ્વતી! જે તારાં બન્ને ચરણ-કમળ હૃદયમાં સ્થિત થઈને લોકોની જડતા (અજ્ઞાન) નષ્ટ કરનાર તથા રજ (પાપરૂપ ધૂળ) રહિત થતાં થકાં તે જડ અને ધૂળવાળા કમળની અપેક્ષાએ અપૂર્વતા (વિશેષતા) પામે છે તે તારાં બન્ને ચરણકમળ સર્વ દેવોના મુકુટોથી સ્પર્શિત થયા થકા જયવંત હો. ૧.

(वंशस्थ)

अपेक्षते यन्न दिनं न यामिनीं न चान्तरं नैव बहिश्च भारति ।
न तापकृज्जाड्यकरं न तन्महः स्तुवे भवत्याः सकलप्रकाशकम् ।।२।।

**અનુવાદ :** હે સરસ્વતી! જે તારૂં તેજ ન દિવસની અપેક્ષા રાખે છે કે ન રાત્રિની ય અપેક્ષા રાખે છે, ન અભ્યંતરની અપેક્ષા રાખે છે અને ન બાહ્યની પણ અપેક્ષા રાખે છે, તથા ન સંતાપ કરે છે ન જડતા પણ કરે છે; તે સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરનાર તારા તેજની હું સ્તુતિ કરૂં છું.

**વિશેષાર્થ :}** અભિપ્રાય એ છે કે સરસ્વતીનું તેજ સૂર્ય અને ચન્દ્રના તેજની અપેક્ષાએ અધિક શ્રેષ્ઠ છે. એનું કારણ એ છે કે સૂર્યનું તેજ જ્યાં દિવસની અપેક્ષા રાખે છે ત્યાં ચન્દ્રમાનું તેજ રાત્રિની અપેક્ષા રાખે છે, એવી જ રીતે સૂર્યનું તેજ જો સંતાપ કરે છે તો ચન્દ્રનું તેજ જડતા (શીતળતા) કરે છે. એ સિવાય આ બન્નેય તેજ કેવળ બાહ્ય અર્થને અને તેને પણ અલ્પ માત્રામાં જ પ્રકાશિત કરે છે, નહિ કે અંતઃ તત્ત્વને. પરંતુ સરસ્વતીનું તેજ દિવસ અને રાત્રિની અપેક્ષા ન કરતાં સર્વદા વસ્તુઓને પ્રકાશિત કરે છે. તે ન તો સૂર્યપ્રકાશ સમાન મનુષ્યને સંતપ્ત કરે છે અને

ન ચન્દ્રપ્રકાશ સમાન જડતા ય કરે છે, પરંતુ તે લોકોનો સંતાપ નષ્ટ કરીને તેમની જડતા (અજ્ઞાન) પણ દૂર કરે છે. એ સિવાય તે જેવી રીતે બાહ્ય પદાર્થોને પ્રકાશિત કરે છે તેવી જ રીતે અંતઃતત્ત્વને પણ પ્રગટ કરે છે. તેથી તે સરસ્વતીનું તેજ સૂર્ય અને ચન્દ્રના તેજની અપેક્ષાએ અધિક શ્રેષ્ઠ હોવાના કારણે સ્તુતિ કરવા યોગ્ય છે. ૨.

(वंशस्थ)

**तव स्तवे यत्कविरस्मि सांप्रतं भवत्प्रसादादपि लब्धपाटवः ।**
**सवित्रि गङ्गासरिते ऽर्घदायको भवामि तत्तज्जलपूरिताञ्जलिः ।।३।।**

**અનુવાદ :** હે સરસ્વતી માતા! તારા જ પ્રસાદથી નિપુણતા પ્રાપ્ત કરીને જે હું આ વખતે તારી સ્તુતિના વિષયમાં કવિ થયો છું અર્થાત્ કવિતા કરવાને ઉદ્યત થયો છું તે આ પ્રમાણે છે કે જેમ જાણે હું ગંગા નદીનું પાણી ખોબામાં ભરીને તેનાથી તે જ ગંગા નદીને અર્ઘ્ય આપવા માટે જ ઉદ્યત થયો હોઉં. ૩.

(वंशस्थ)

**श्रुतादिकेवल्यपि तावकीं श्रियं स्तुवन्नशक्तो ऽहमिति प्रपद्यते ।**
**जयेति वर्णद्वयमेव मादृशा वदन्ति यद्देवि तदेव साहसम् ।।४।।**

**અનુવાદ :** હે દેવી! જ્યારે તારી લક્ષ્મીની સ્તુતિ કરતાં શ્રુતકેવળીઓ પણ એ સ્વીકાર કરે છે કે 'અમે સ્તુતિ કરવામાં અસમર્થ છીએ' તો પછી મારા જેવો અલ્પજ્ઞ મનુષ્ય જે તારા વિષયમાં 'જય' અર્થાત્ 'તું જયવંત હો' એવા બે જ અક્ષર કહે છે તેને પણ સાહસ જ સમજવું જોઈએ. ૪.

(वंशस्थ)

**त्वमत्र लोकत्रयसद्मनि स्थिता प्रदीपिका बोधमयी सरस्वती ।**
**तदन्तरस्थाखिलवस्तुसंचयं जनाः प्रपश्यन्ति सदृष्टयो ऽप्यतः ।।५।।**

**અનુવાદ :** હે સરસ્વતી! તમે ત્રણ લોકરૂપ ભવનમાં સ્થિત તે જ્ઞાનમય દીપક છો કે જેના દ્વારા દૃષ્ટિહીન (અંધ) મનુષ્યોની સાથે દૃષ્ટિયુક્ત (દેખતા) મનુષ્ય પણ ઉક્ત ત્રણે લોકરૂપ ભવનમાં સ્થિત સમસ્ત વસ્તુઓના સમૂહને દેખે છે.

**વિશેષાર્થ :** અહીં સરસ્વતીને દીપકની ઉપમા આપીને તેનાથી પણ કાંઈક વિશેષતા પ્રગટ કરવામાં આવી છે. તે આ રીતે–દીપક દ્વારા કેવળ સદૃષ્ટિ (આંખોવાળા) પ્રાણીઓને જ

પદાર્થનું દર્શન થાય છે, નહિ કે દૃષ્ટિહીન મનુષ્યોને પણ. પરંતુ સરસ્વતીમાં આ વિશેષતા છે કે તેના પ્રસાદથી જેવી રીતે દૃષ્ટિયુક્ત મનુષ્ય પદાર્થનું જ્ઞાન પ્રાપ્ત કરે છે તેવી જ રીતે દૃષ્ટિહીન (અંધ) મનુષ્ય પણ તેના દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે છે. ત્યાં સુધી કે સરસ્વતીની ઉત્કર્ષતાથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને જીવ સમસ્ત વિશ્વને પણ દેખવામાં સમર્થ બની જાય છે કે જે દીપક દ્વારા સંભવ નથી. ૫.

(वंशस्थ)

**नभःसमं वर्त्म तवातिनिर्मलं पृथु प्रयातं विबुधैर्न कैरिह ।**
**तथापि देवि प्रतिभासते तरां यदेतदक्षुण्णमिव क्षणेन तु ।।६।।**

**અનુવાદ :** હે દેવી! તારો માર્ગ આકાશ સમાન અત્યંત નિર્મળ અને વિસ્તૃત છે, આ માર્ગે ક્યા વિદ્વાને ગમન નથી કર્યું? અર્થાત્ તે માર્ગે અનેક વિદ્વાનો ચાલતા રહ્યા છે. છતાં પણ એ ક્ષણ વાર માટે અતિશય અનભ્યસ્ત જેવો (પરિચય ન હોય તેવો) જ પ્રતિભાસે છે.

**વિશેષાર્થ :** જ્યારે કોઈ વિશિષ્ટ નગર આદિના પાર્થિવ રસ્તે જનસમૂહ ગમનાગમન કરે છે ત્યારે તે અક્ષુણ્ણ ન રહેતાં તેમના પગલાં આદિથી અંકિત થઈ જાય છે, તે સિવાય તે સંકુચિત થવાથી થોડા જ મનુષ્ય તેના ઉપરથી આવી જઈ શકે છે, એક સાથે અનેક માણસો નહિ. પરંતુ સરસ્વતીનો માર્ગ આકાશ સમાન નિર્મળ અને વિશાળ છે. જેમ આકાશ માર્ગે જો કે અનેક વિબુધ (દેવો) અને પક્ષી આદિ એકી સાથે પ્રતિદિન નિર્બાધપણે ગમનાગમન કરે છે, તો પણ તે તૂટ-ફૂટથી રહિત હોવાને કારણે વિકૃત થતો નથી, અને તેથી એવું લાગે છે કે જાણે અહીંથી કોઈનો સંચાર જ થયો નથી. એવી જ રીતે સરસ્વતીનો પણ માર્ગ એટલો વિશાળ છે કે તેના ઉપરથી અનેક વિદ્વાનો કેટલે ય દૂર કેમ ન જાય છતાં પણ તેનો ન તો અંત આવે છે અને ન તેમાં કોઈ પ્રકારનો વિકાર પણ થઈ જાય છે. તેથી તે સદાય અક્ષુણ્ણ બની રહે છે. ૬.

(वंशस्थ)

**तदस्तु तावत्कवितादिकं नृणां तव प्रभावात्कृतलोकविस्मयम् ।**
**भवेत्तदप्याशु पदं यदीक्षते तपोभिरुग्रैर्मुनिभिर्महात्मभिः ।।७।।**

**અનુવાદ :** હે દેવી! તારા પ્રભાવથી મનુષ્ય જે લોકોને આશ્ચર્ય ઉત્પન્ન કરનારી કવિતા આદિ કરે છે તે તો દૂર જ રહો, કારણ કે તેનાથી તો તે પદ (મોક્ષ) પણ શીઘ્ર પ્રાપ્ત થઈ જાય છે કે જેને મહાત્મા મુનિજનો તીવ્ર તપશ્ચરણ દ્વારા દેખી શકે છે. ૭.

(वंशस्थ)

**भवत्कला यत्र न वाणि मानुषे न वेत्ति शास्त्रं स चिरं पठन्नपि ।**
**मनागपि प्रीतियुतेन चक्षुषा यमीक्षसे कैर्न गुणैः स भूष्यते ।।८।।**

**અનુવાદ :** હે વાણી! જે મનુષ્યમાં આપની કળા નથી તે ચિરકાળ સુધી વાંચવા છતાં પણ શાસ્ત્ર જાણી શકતો નથી અને તમે જેની તરફ પ્રીતિયુક્ત નેત્રથી જરાક પણ દેખો છો તે ક્યા ક્યા ગુણોથી વિભૂષિત નથી થતા? અર્થાત્ તે અનેક ગુણોથી સુશોભિત થઈ જાય છે. ૮.

(वंशस्थ)

**स सर्ववित्पश्यति वेत्ति चाखिलं न वा भवत्या रहितो ऽपि बुध्यते ।**
**तदत्र तस्यापि जगत्त्रयप्रभोस्त्वमेव देवि प्रतिपत्तिकारणम् ।।९।।**

**અનુવાદ :** હે દેવી! જે સર્વજ્ઞ સમસ્ત પદાર્થોને દેખે અને જાણે છે તે પણ તમારા વિના રહીને નથી દેખતા-જાણતા. તેથી ત્રણે લોકના અધિપતિ તે સર્વજ્ઞને પણ જ્ઞાનનું કારણ તમે જ છો. ૯.

(वंशस्थ)

**चिरादतिक्लेशशतैर्भवाम्बुधौ परिभ्रमन् भूरि नरत्वमश्नुते ।**
**तनूभृदेतत्पुरुषार्थसाधनं त्वया विना देवि पुनः प्रणश्यति ।।१०।।**

**અનુવાદ :** હે દેવી! દીર્ઘકાળથી સંસારરૂપ સમુદ્રમાં પરિભ્રમણ કરતાં પ્રાણી સેંકડો મહાન કષ્ટો સહન કરીને પુરુષાર્થ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ)ના સાધનરૂપ જે મનુષ્યપર્યાય પ્રાપ્ત કરે છે તે પણ તારા વિના નષ્ટ થઈ જાય છે. ૧૦.

(वंशस्थ)

**कदाचिदम्ब त्वदनुग्रहं विना श्रुते ह्यधीते ऽपि न तत्त्वनिश्चयः ।**
**ततः कुतः पुंसि भवद्विवेकिता त्वया विमुक्तस्य तु जन्म निष्फलम् ।।११।।**

**અનુવાદ :** હે માતા! જો કદાચ મનુષ્ય તારા અનુગ્રહ વિના શાસ્ત્રનું અધ્યયન પણ કરે તો પણ તેને તત્ત્વનો નિશ્ચય થઈ શકતો નથી. તો આવી અવસ્થામાં ભલા તેને વિવેક બુદ્ધિ ક્યાંથી થઈ શકે? અર્થાત્ થઈ શકતી નથી. હે દેવી! તારા વિના તો પ્રાણીનો જન્મ નિષ્ફળ થાય છે. ૧૧.

(वंशस्थ)

**विधाय मातः प्रथमं त्वदाश्रयं श्रयन्ति तन्मोक्षपदं महर्षयः ।**
**प्रदीपमाश्रित्य गृहे तमस्तते यदीप्सितं वस्तु लभेत मानवः ।।१२।।**

**અનુવાદ :** હે માતા! મહામુનિ જ્યારે પહેલાં તારૂં અવલંબન લે છે ત્યારે જ તે મોક્ષપદનો આશ્રય લે છે. બરાબર છે–મનુષ્ય અંધકારથી વ્યાપ્ત ઘરમાં દીપકનો આશ્રય લઈને જ ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરે છે. ૧૨.

(वंशस्थ)

**त्वयि प्रभूतानि पदानि देहिनां पदं तदेकं तदपि पयच्छसि ।**
**समस्तशुक्लापि सुवर्णविग्रहा त्वमत्र मातः कृतचित्रचेष्टिता ।।१३।।**

**અનુવાદ :** હે માતા! તમારા વિષયમાં પ્રાણીઓનાં અનેક પદ છે, અર્થાત્ પ્રાણી અનેક પદો દ્વારા તમારી સ્તુતિ કરે છે, તો પણ તમે તેમને તે એક જ પદ (મોક્ષ) આપો છો. તમે સમ્પૂર્ણ રીતે શ્વેત હોવા છતાં પણ ઉત્તમ વર્ણમય (અકારાદિ અક્ષર સ્વરૂપ) શરીરવાળા છો. હે દેવી! તમારી આ પ્રવૃત્તિ અહીં આશ્ચર્ય ઉત્પન્ન કરે છે.

**વિશેષાર્થ :** સરસ્વતી પાસે મનુષ્યનાં અનેક પદ છે, પરંતુ તે તેમને એક જ પદ આપે છે; આ રીતે જો કે અહીં શબ્દથી વિરોધ લાગે છે, પરંતુ યથાર્થપણે વિરોધ નથી. કારણ એ કે અહીં 'પદ' શબ્દના બે અર્થ છે.–શબ્દ અને સ્થાન. તેથી અહીં એ ભાવ નીકળે છે કે મનુષ્ય અનેક શબ્દો દ્વારા જે સરસ્વતીની સ્તુતિ કરે છે તેથી તે તેમને અદ્વિતીય મોક્ષપદનું પ્રદાન કરે છે. એવી જ રીતે સરસ્વતી પૂર્ણપણે ધવલ (શ્વેત) છે તે સુવર્ણ જેવા શરીરવાળી કેવી રીતે હોઈ શકે? એ પણ જો કે વિરોધ લાગે છે, પરંતુ વાસ્તવમાં વિરોધ અહીં કાંઈ પણ નથી. કારણ એ કે શુક્લ શબ્દથી અભિપ્રાય અહીં નિર્મળનો અને વર્ણ શબ્દથી અભિપ્રાય અકારાદિ અક્ષરોનો છે. તેથી જ એનો ભાવ એ થયો કે અકારાદિ ઉત્તમ વર્ણોરૂપ શરીરવાળી તે સરસ્વતી પૂર્ણપણે નિર્મળ છે. ૧૩.

(वंशस्थ)

**समुद्रघोषाकृतिरर्हति प्रभौ यदा त्वमुत्कर्षमुपागता भृशम् ।**
**अशेषभाषात्मतया त्वया तदा कृतं न केषां हृदि मातरद्भुतम् ।।१४।।**

**અનુવાદ :** હે માતા! જ્યારે તમે અર્હંત્ ભગવાનના વિષયમાં સમુદ્રના શબ્દ સમાન આકાર ધારણ કરીને અતિશય ઉત્કર્ષ પામો છો ત્યારે સમસ્ત ભાષાઓમાં

પરિણમીને તમે ક્યા જીવોના હૃદયમાં આશ્ચર્ય નથી કરતા? અર્થાત્ સર્વે જીવોને આશ્ચર્યચકિત કરો છો.

**વિશેષાર્થ :** જિનેન્દ્ર ભગવાનની જે સમુદ્રના શબ્દ સમાન ગંભીર દિવ્યધ્વનિ ખરે છે એ જ વાસ્તવમાં સરસ્વતીની સર્વોત્કૃષ્ટતા છે. એને જ ગણધરદેવ બાર અંગોમાં ગૂંથે છે, તેમાં આ અતિશય વિશેષ છે કે જેનાથી તે સમુદ્રના શબ્દ સમાન અક્ષરમય ન હોવા છતાં પણ શ્રોતાજનોને પોતપોતાની ભાષા સ્વરૂપે પ્રતીત થાય છે અને તેથી તેને સર્વભાષાત્મક કહેવામાં આવે છે. ૧૪.

(वंशस्थ)

**सचक्षुरप्येष जनस्त्वया विना यदन्ध एवेति विभाव्यते बुधैः ।**
**तदस्य लोयत्रितयस्य लोचनं सरस्वति त्वं परमार्थदर्शने ।।१५।।**

**અનુવાદ :** હે સરસ્વતી! આ મનુષ્ય તમારા વિના આંખો સહિત હોવા છતાં પણ વિદ્વાનો દ્વારા અંધ (અજ્ઞાની) જ ગણાય છે. તેથી ત્રણે લોકના પ્રાણીઓને યથાર્થ તત્ત્વનું દર્શન (જ્ઞાન) કરાવવામાં તમે અનુપમ નેત્ર સમાન છો. ૧૫.

(वंशस्थ)

**गिरा नरप्राणितमेति सारतां कवित्ववक्तृत्वगुणेन सा च गीः ।**
**इदं द्वयं दुर्लभमेव ते पुनः प्रसादलेशादपि जायते नृणाम् ।।१६।।**

**અનુવાદ :** જેમ વાણી દ્વારા મનુષ્યોનું જીવન શ્રેષ્ઠત્વ પામે છે તેવી જ રીતે તે વાણી પણ કવિત્વ અને વક્તૃત્વ ગુણો દ્વારા શ્રેષ્ઠતા પામે છે. આ બન્ને (કવિત્વ અને વકતૃત્વ) જો કે દુર્લભ જ છે, તો પણ હે દેવી! તારી થોડીક પ્રસન્નતાથી ય તે બન્ને ગુણ મનુષ્યોને પ્રાપ્ત થઈ જાય છે. ૧૬.

(वंशस्थ)

**नृणां भवत्संनिधिसंस्कृतं श्रवो विहाय नान्यद्धितमक्षयं च तत् ।**
**भवेद्विवेकार्थमिद परं पुनर्विमूढतार्थं विषयं स्वमर्पयत् ।।१७।।**

**અનુવાદ :** હે સરસ્વતી! તમારી સમીપતાથી સંસ્કાર પામેલા શ્રવણ (કાન) સિવાય મનુષ્યોનું બીજું કોઈ અવિનશ્વર હિત નથી. તમારી સમીપતાથી સંસ્કાર પામેલ આ શ્રવણ વિવેકનું કારણ થાય છે અને પોતાને વિષય તરફ પ્રવૃત્તિ કરાવનારા બીજું શ્રવણ અવિવેકનું કારણ થાય છે.

**વિશેષાર્થ :** અભિપ્રાય આનો એ છે કે જે મનુષ્ય પોતાના કાને જિનવાણીનું શ્રવણ કરે છે તેમના કાન સફળ છે. એનાથી તેમને અવિનશ્વર સુખની પ્રાપ્તિ થાય છે. પરંતુ જે મનુષ્ય તે કાનોથી જિનવાણી ન સાંભળતાં અન્ય રાગવર્ધક કથા આદિ સાંભળે છે તે વિવેક રહિત બનીને વિષયભોગમાં પ્રવૃત્ત થાય છે અને આ રીતે અંતે અસહ્ય દુઃખ ભોગવે છે. ૧૭.

(वंशस्थ)

**कृतापि ताल्वोष्ठपुटादिभिर्नृणां त्वमादिपर्यन्तविवर्जितस्थितः ।**
**इति त्वयापिदृशधर्मयुक्त्या स सर्वथैकान्तविधिर्विचूर्णितः ।।१८।।**

**અનુવાદ :** હે ભારતી! જો કે તું મનુષ્યોના તાળવું અને હોઠ આદિ દ્વારા ઉત્પન્ન કરાયેલી છે તો પણ તારી સ્થિતિ આદિ અંત રહિત છે, અર્થાત્ તું અનાદિનિધન છે. આ જાતના ધર્મ (અનેકાન્ત) યુક્ત તે સર્વથા એકાન્તવિધાનને નષ્ટ કરી નાખ્યું છે.

**વિશેષાર્થ :** વાણી કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય પણ છે. તે વર્ણ-પદ વાક્યરૂપ વાણી તાળવું અને હોઠ આદિ સ્થાનોમાંથી ઉત્પન્ન થાય છે તેથી જ પર્યાય સ્વરૂપે અનિત્ય છે. સાથે જ દ્રવ્યસ્વરૂપે તેનો વિનાશ સંભવિત નથી તેથી દ્રવ્યસ્વરૂપે અથવા અનાદિપ્રવાહથી તે નિત્ય પણ છે. આ રીતે અનેકાન્તસ્વરૂપ તે વાણી સમસ્ત એકાન્તમતોનું નિરાકરણ કરે છે. ૧૮.

(वंशस्थ)

**अपि प्रयाता वशमेकजन्मनिद्युधेनुचिन्तामणिकल्पपादपाः ।**
**फलन्ति हि त्वं पुनरत्र वा परे भवे कथं तैरुपमीयसे बुधैः ।।१९।।**

**અનુવાદ :** કામધેનુ, ચિન્તામણિ અને કલ્પવૃક્ષ એ આધીન થઈને એક જન્મમાં જ ફળ આપે છે, પરંતુ હે દેવી! તું આ ભવમાં અને પરભવમાં પણ ફળ આપે છે. તો પછી ભલા વિદ્વાન મનુષ્યો તને આમની ઉપમા કેવી રીતે આપે? અર્થાત્ તું એમની ઉપમાને યોગ્ય નથી–તેમનાથી શ્રેષ્ઠ છે. ૧૯.

(वंशस्थ)

**अगोचरो वासरकृन्निशाकृतोर्जनस्य यच्चेतसि वर्तते तमः ।**
**विभिद्यते वागधिदेवते त्वया त्वमुत्तमज्योतिरिति प्रणीयसे ।।२०।।**

**અનુવાદ :** હે વાગધિદેવતે! લોકોના ચિત્તમાં જે અંધકાર (અજ્ઞાન) સ્થિત છે તે સૂર્ય અને ચન્દ્રનો વિષય નથી અર્થાત્ તેને ન તો સૂર્ય નષ્ટ કરી શકે છે અને ન ચન્દ્ર પણ. પરંતુ હે દેવી! તેને (અજ્ઞાન અંધકારને) તું નષ્ટ કરે છે. તેથી તને 'ઉત્તમ જ્યોતિ' અર્થાત્ સૂર્ય-ચન્દ્રથી પણ શ્રેષ્ઠ દીપ્તિ ધારણ કરનાર કહેવામાં આવે છે. ૨૦.

(वंशस्थ)

**जिनेश्वरस्वच्छसरः सरोजिनी त्वमङ्गपूर्वादिसरोजराजिता ।**
**गणेशहंसव्रजसेविता सदा करोषि केषां न मुदं परामिह ॥२१॥**

**અનુવાદ :** હે સરસ્વતી! તમે જિનેન્દ્રરૂપ સરોવરની કમલિની થઈને અંગપૂર્વાદિરૂપ કમળોથી શોભાયમાન અને નિરંતર ગણધરરૂપ હંસોના સમૂહની સેવા પામતી થકી અહીં ક્યા જીવોને ઉત્કૃષ્ટ હર્ષ નથી આપતી? અર્થાત્ સર્વ જીવોને આનંદિત કરો છો. ૨૧.

(वंशस्थ)

**परात्मतत्त्वप्रतिपत्तिपूर्वकं परं पदं यत्र सति प्रसिद्ध्यति ।**
**कियत्ततस्ते स्फुरतः प्रभावतो नृपत्वसौभाग्यवराङ्गनादिकम् ॥२२॥**

**અનુવાદ :** હે દેવી! જ્યાં તારા પ્રભાવથી આત્મા અને પર (શરીરાદિ)નું જ્ઞાન થઈ જવાથી પ્રાણીને ઉત્કૃષ્ટ પદ (મોક્ષ) સિદ્ધ થઈ જાય છે ત્યાં તે તારા દેદીપ્યમાન પ્રભાવ આગળ રાજાપણું, સૌભાગ્ય અને સુંદર સ્ત્રી આદિ શી વસ્તુ છે? અર્થાત્ કાંઈ પણ નથી.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે જિનવાણીની ઉપાસનાથી જીવને હિત અને અહિતનો વિવેક ઉત્પન્ન થાય છે અને એથી તેને સર્વોત્કૃષ્ટ મોક્ષપદ પણ પ્રાપ્ત થઈ જાય છે. આવી અવસ્થામાં તેની ઉપાસનાથી રાજ્યપદ આદિ પ્રાપ્ત થવામાં ભલા શી કઠિનાઈ હોય? કાંઈ પણ નહિ. ૨૨.

(वंशस्थ)

**त्वदङ्घ्रिपद्मद्वयभक्तिभाविते तृतीयमुन्मीलति बोधलोचनम् ।**
**गिरामधीशे सह केवलेन यत् समाश्रितं स्पर्धमिवेक्षते ऽखिलम् ॥२३॥**

**અનુવાદ :** હે વચનોની અધીશ્વરી! જે તારા બન્ને ચરણોરૂપ કમળોની

ભક્તિથી પરિપૂર્ણ છે તેને પૂર્ણ શ્રુતજ્ઞાનરૂપ તે ત્રીજું નેત્ર પ્રગટ થાય છે કે જે જાણે કેવળજ્ઞાન સાથે સ્પર્ધા પામીને જ તેના વિષયભૂત સમસ્ત વિશ્વને દેખે છે.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે જિનવાણીની આરાધનાથી દ્વાદશાંગરૂપ પૂર્ણ શ્રુતનું જ્ઞાન પ્રાપ્ત થાય છે જે વિષયની અપેક્ષાએ કેવળજ્ઞાનની સમાન જ છે. વિશેષતા બન્નેમાં કેવલ એ જ છે કે જ્યાં શ્રુતજ્ઞાન તે બધા પદાર્થોને પરોક્ષ (અવિશદ) સ્વરૂપે જાણે છે. ત્યાં કેવળજ્ઞાન તેમને પ્રત્યક્ષ (વિશદ) સ્વરૂપે જાણે છે. આ જ વાતને લક્ષ્યમાં રાખીને એમ કહેવામાં આવ્યું છે કે તે શ્રુતજ્ઞાનરૂપ ત્રીજું નેત્ર જાણે કેવળજ્ઞાન સાથે સ્પર્ધા જ કરે છે. ૨૩.

(वंशस्थ)

त्वमेव तीर्थं शुचिबोधवारिमत् समस्तलोकत्रयशुद्धिकारणम् ।
त्वमेव चानन्दसमुद्रवर्धने मृगाङ्कमूर्तिः परमार्थदर्शिनाम् ।।२४।।

**અનુવાદ :** હે દેવી! નિર્મળ જ્ઞાનરૂપજળથી પરિપૂર્ણ તમે જ તે તીર્થ છો કે જે ત્રણે લોકના સમસ્ત પ્રાણીઓને શુદ્ધ કરે છે. તથા તત્ત્વના યથાર્થસ્વરૂપને દેખનાર જીવોના આનન્દરૂપ સમુદ્રને વધારવામાં ચન્દ્રમાની મૂર્તિ ધારણ કરનાર પણ તમે જ છો. ૨૪.

(वंशस्थ)

त्वयादिबोधः खलु संस्कृतो व्रजेत् परेषु बोधेष्वखिलेसु हेतुताम् ।
त्वमक्षि पुंसामतिदूरदर्शने त्वमेव संसारतरोः कुठारिका ।।२५।।

**અનુવાદ :** હે વાણી! તમારા દ્વારા સંસ્કાર પામેલ પ્રથમજ્ઞાન (મતિજ્ઞાન) અથવા અક્ષરબોધ બીજા સમસ્ત (શ્રુતજ્ઞાનાદિ) જ્ઞાનોમાં કારણ બને છે. હે દેવી! તમે મનુષ્યોને દૂર ક્ષેત્રે રહેલી વસ્તુઓ દેખાડવામાં નેત્ર સમાન બનીને તેમનું સંસારરૂપ વૃક્ષ કાપવા માટે કુહાડીનું કામ કરો છો. ૨૫.

(वंशस्थ)

यथाविधानं त्वमनुस्मृता सती गुरूपदेशो ऽयमवर्णभेदतः ।
न ताः श्रियस्ते न गुणा न तत्पदं यच्छसि प्राणभृते न यच्छुभे ।।२६।।

**અનુવાદ :** હે શુભે! જે પ્રાણી તારું વિધિપૂર્વક સ્મરણ કરે છે–અધ્યયન કરે છે–તેને એવી કોઈ લક્ષ્મી નથી, એવા કોઈ ગુણ નથી તથા એવું કોઈ પદ નથી, જેને તું વર્ણભેદ વિના–બ્રાહ્મણત્વ આદિની અપેક્ષા ન કરતાં–ન આપતી હો. આ ગુરુનો

૩૦૩
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ઉપદેશ છે. અભિપ્રાય એ છે કે તું તારૂં સ્મરણ કરનારા (જિનવાણીના ભક્તો)ને સમાનરૂપે અનેક પ્રકારની લક્ષ્મી, અનેક ગુણો અને ઉત્તમપદનું પ્રદાન કરે છે. ૨૬.

(वंशस्थ)

**अनेकजन्मार्जितपापपर्वतो विवेकवज्रेण स येन भिद्यते ।**
**भवद्वपुःशास्त्रघनान्निरेति तत्सदथवाक्यामृतभारमेदुरात् ।।२७।।**

**અનુવાદ :** હે ભારતી! જે વિવેકરૂપ વજ્રદ્વારા અનેક જન્મોમાં કમાયેલ તે પાપરૂપ પર્વત ખંડિત કરાય છે તે વિવેકરૂપ વજ્ર સમીચીન અર્થ સંપન્ન વાક્યો રૂપ અમૃતના ભારથી પરિપૂર્ણ એવા તારા શ્રુતમય શરીર મેઘ વડે પ્રગટે છે.

**વિશેષાર્થ :** અહીં વિવેકમાં વજ્રનો આરોપ કરીને એમ બતાવવામાં આવ્યું છે કે જેવી રીતે વજ્ર દ્વારા મોટા મોટા પર્વત ખંડિત કરવામાં આવે છે તેવી જ રીતે વિવેકરૂપ વજ્ર દ્વારા બળવાન્ કર્મરૂપ પર્વત નષ્ટ કરવામાં આવે છે. વજ્ર જેમ જળ ભરપૂર વાદળામાં ઉત્પન્ન થાય છે તેવી જ રીતે આ વિવેક પણ સમીચીન અર્થના બોધક વાક્યરૂપ જળથી પરિપૂર્ણ એવા સરસ્વતીના શરીરભૂત શાસ્ત્રરૂપ મેઘમાંથી ઉત્પન્ન થાય છે. તાત્પર્ય એ છે કે જિનવાણીના પરિશીલનથી તે વિવેકબુદ્ધિ પ્રગટ થાય છે જેના પ્રભાવથી નવીન કર્મોનો સંવર અને પૂર્વસંચિત કર્મોની નિર્જરા થઈને અવિનશ્વર સુખ પ્રાપ્ત થઈ જાય છે. ૨૭.

(वंशस्थ)

**तमांसि तेजांसि विजित्य वाङ्मयं प्रकाशयद्यत्परमं महन्महः ।**
**न लुप्यते तैर्न च तैः प्रकाश्यते स्वतः प्रकाशात्मकमेव नन्दतु ।।२८।।**

**અનુવાદ :** શબ્દમય શાસ્ત્ર (દ્રવ્યશ્રુત) અંધકાર અને તેજ (સૂર્ય–ચન્દ્રાદિની પ્રભા) ને જીતી ને જે ઉત્કૃષ્ટ મહાન્ તેજ પ્રગટ કરે છે તે ન અંધકાર દ્વારા લુપ્ત કરી શકાય છે અને ન અન્ય તેજ દ્વારા પ્રકાશિત પણ કરી શકાય છે. તે સ્વસંવેદનસ્વરૂપ તેજ વૃદ્ધિ પામો.

**વિશેષાર્થ :** જિનવાણીના અભ્યાસથી અજ્ઞાનભાવ નષ્ટ થઈને કેવળજ્ઞાનરૂપ જે અપૂર્વ જ્યોતિ પ્રગટ થાય છે તે સૂર્ય–ચન્દ્રાદિના પ્રકાશની અપેક્ષાએ ઉત્કૃષ્ટ છે. એનું કારણ એ છે કે સૂર્ય–ચન્દ્રાદિનો પ્રકાશ નિયમિત (ક્રમશઃ દિવસ અને રાત્રિ) સમયમાં રહીને સીમિત પદાર્થોને જ પ્રગટ કરે છે. પરંતુ તે કેવળજ્ઞાનરૂપ પ્રકાશ દિવસ અને રાત્રિની અપેક્ષા ન કરતાં–સર્વકાળે રહીને–ત્રણે લોક અને ત્રણે કાળનાં સમસ્ત પદાર્થોને પ્રગટ કરે છે. આ કેવળજ્ઞાનરૂપ પ્રકાશને નષ્ટ કરવામાં અંધકાર (કર્મ) સમર્થ નથી–તે સ્વ–પરપ્રકાશકસ્વરૂપે સદા સ્થિર રહે છે. ૨૮.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

(वंशस्थ)

तव प्रसादः कवितां करोत्यतः कथं जडस्तत्र घटेत मादृशः ।
प्रसीद तत्रापि मयि स्वनन्दने न जातु माता विगुणे ऽपि निष्ठुरा ॥२९॥

**અનુવાદ :** હે સરસ્વતી! તારી પ્રસન્નતા જ કવિતા કરે છે કારણ કે મારા જેવો મૂર્ખ મનુષ્ય ભલા તે કવિતા કરવા કેવી રીતે યોગ્ય થઈ શકે? થઈ શકતો નથી. તેથી તું મૂર્ખ એવા મારા ઉપર પણ પ્રસન્ન થા, કારણ કે માતા પોતાના ગુણ વિનાના પુત્ર પ્રત્યે પણ કઠોર થતી નથી. ૨૯.

(वंशस्थ)

इमामधीते श्रुतदेवतास्तुतिं कृतिं पुमान् यो मुनिपद्मनन्दिनः ।
स याति परां कवितादिसद्गुणप्रबन्धसिन्धोः क्रमतो भवस्य च ॥३०॥

**અનુવાદ :** જે મનુષ્ય પદ્મનન્દી મુનિની કૃતિસ્વરૂપ આ શ્રુતદેવીની સ્તુતિ વાંચે છે તે કવિતાદિ ઉત્તમોત્તમ ગુણોના વિસ્તારરૂપ સમુદ્રના તથા ક્રમે કરીને સંસારના પણ પારને પ્રાપ્ત થઈ જાય છે. ૩૦.

(शार्दूलविक्रीडित)

कुण्ठास्ते ऽपि बृहस्पतिप्रभृतयो यास्मन् भवन्ति ध्रुवं
तस्मिन् देवि तव स्तुतिव्यतिकरे मन्दा नराः के वयम् ।
तद्वाक्चापलमेतदश्रुतवतामस्माकमम्ब त्वया
क्षन्तव्यं मुखरत्वकारणमसौ येनातिभक्तिग्रहः ॥३१॥

**અનુવાદ :** હે દેવી! જે તારા સ્તુતિ સમૂહની બાબતમાં નિશ્ચયથી તે બૃહસ્પતિ આદિ પણ કુંઠિત (અસમર્થ) થઈ જાય છે તેના વિષયમાં અમારા જેવા મંદબુદ્ધિ મનુષ્ય કોણ હોય? અર્થાત્ અમારા જેવા તો તારી સ્તુતિ કરવામાં સર્વથા અસમર્થ છે. તેથી હે માતા! શાસ્ત્રજ્ઞાન રહિત અમારી જે આ વચનોની ચંચળતા, અર્થાત્ સ્તુતિરૂપ વચનપ્રવૃત્તિ છે, તેને તું ક્ષમા કર. કારણ એ છે કે આ વાચાળતા (બકવાદ)નું કારણ તે તારી અતિશય ભક્તિરૂપ ગ્રહ (પિશાચ) છે. અભિપ્રાય એ કે હું એને યોગ્ય ન હોવા છતાં પણ જે આ સ્તુતિ કરી છે તે કેવળ તારી ભક્તિને વશ થઈને જ કરી છે. ૩૧.

આ રીતે સરસ્વતીસ્તોત્ર સમાપ્ત થયું. ૧૫.

*

# ૧૬. સ્વયંભૂસ્તુતિ

## [१६. स्वयंभूस्तुति]

(वंशस्थ)

स्वयंभुवा येन समुद्धतं जगज्जडत्वकूपे पतितं प्रमादतः।
परात्मतत्त्वप्रतिपादनोल्लसद्वचोगुणैरादिजिनः स सेव्यताम् ॥१॥

**અનુવાદ :** સ્વયંભૂ અર્થાત્ પોતે જ પ્રબોધને પ્રાપ્ત થયેલા જે આદિ (ઋષભ) જિનેન્દ્રે, પ્રમાદને વશ થઈને અજ્ઞાનતારૂપ કૂવામાં પડેલા જગતના પ્રાણીઓનો પરતત્ત્વ અને આત્મતત્ત્વ (અથવા ઉત્કૃષ્ટ આત્મતત્ત્વ)ના ઉપદેશમાં શોભાયમાન વચનરૂપ ગુણોથી ઉદ્ધાર કર્યો છે, તે આદિ જિનેન્દ્રની આરાધના કરવી જોઈએ.

**વિશેષાર્થ :** અહીં શ્લોકમાં યોજાયેલી ગુણ શબ્દના બે અર્થ છે–હિતકારત્વ આદિ ગુણ અને દોરડું. તેનો અભિપ્રાય એ છે કે જેમ કોઈ મનુષ્ય જો અસાવધાનીથી કૂવામાં પડી જાય છે તો બીજા દયાળુ મનુષ્ય કૂવામાં દોરડું નાખીને તેની મદદથી તેમને બહાર કાઢી લે છે. એ જ રીતે ભગવાન આદિ જિનેન્દ્રે જે અનેક પ્રાણી અજ્ઞાન વશ થઈને ધર્મના માર્ગથી વિમુખ થઈ રહ્યા થકા કષ્ટ ભોગવી રહ્યા હતા તેમનો હિતોપદેશ દ્વારા ઉદ્ધાર કર્યો હતો–તેમને મોક્ષમાર્ગમાં લગાવ્યા હતા. તેમણે તેમને એવા વચનો દ્વારા પદાર્થનું સ્વરૂપ સમજાવ્યું હતું કે જે હિતકારક હોવા ઉપરાંત તેમને મનોહર પણ લાગતું હતું. 'हितं मनोहारि च दुर्लभं वचः' આ કથન અનુસાર એ સર્વ સાધારણને સુલભ નથી. ૧.

(वंशस्थ)

भवारिरेको न पराऽस्ति देहिनां सुहृच्च रत्नत्रयमेक एव हि।
स दुर्जयो येन जितस्तदाश्रयात्ततोऽजितान्मे जिनतोऽस्तु सत्सुखम् ॥२॥

**અનુવાદ :** પ્રાણીઓનો સંસાર જ એક ઉત્કૃષ્ટ શત્રુ તથા રત્નત્રય જ એક

ઉત્કૃષ્ટ મિત્ર છે. એના સિવાય બીજા કોઈ શત્રુ અથવા મિત્ર નથી. જેણે તે રત્નત્રયરૂપ મિત્રના અવલંબનથી તે દુર્જય સંસારરૂપ શત્રુને જીતી લીધો છે તે અજિત જિનેન્દ્રથી મને સમીચીન સુખ પ્રાપ્ત થાવ. ૨.

(वंशस्थ)

पुनातु नः संभवतीर्थकृज्जिनः पुनः पुनः संभवदुःखदुःखिताः ।
तदर्तिनाशाय विमुक्तिवर्त्मनः प्रकाशकं यं शरणं प्रपेदिरे ।।३।।

**અનુવાદ :** વારંવાર જન્મ–મરણરૂપ સંસારના દુઃખથી પીડિત પ્રાણી તે પીડા દૂર કરવા માટે મોક્ષમાર્ગ પ્રકાશિત કરનાર જે સંભવનાથ તીર્થંકરના શરણને પામ્યા હતા તે સંભવ જિનેન્દ્ર અમને પવિત્ર કરો. ૩.

(वंशस्थ)

निजैर्गुणैरप्रतिमैर्महानजो न तु त्रिलोकीजनतार्चनेन यः ।
यतो हि विश्वं लघु तं विमुक्तये नमामि साक्षादभिनन्दनं जिनम् ।।४।।

**અનુવાદ :** અજ અર્થાત્ જન્મ–મરણ રહિત જે અભિનન્દન જિનેન્દ્ર પોતાના અનુપમ ગુણો દ્વારા મહિમા પામ્યા છે, નહિ કે ત્રણે લોકના પ્રાણીઓ દ્વારા કરવામાં આવતી પૂજાથી; તથા જેની આગળ વિશ્વ તુચ્છ છે અર્થાત્ જે પોતાના અનન્તજ્ઞાન દ્વારા સમસ્ત વિશ્વને સાક્ષાત્ જાણે–દેખે છે તે અભિનંદન જિનને હું મુક્તિની પ્રાપ્તિ માટે નમસ્કાર કરું છું. ૪.

(वंशस्थ)

नयप्रमाणादिविधानसद्घटं प्रकाशितं त तत्त्वमतीव निर्मलम् ।
यतस्त्वया तत्सुमतेऽत्र तावकं तदन्वयं नाम नमो ऽस्तु ते जिनः ।।५।।

**અનુવાદ :** હે સુમતિ જિનેન્દ્ર! આપે નય અને પ્રમાણ આદિની વિધિથી સંગત તત્ત્વ (વસ્તુ સ્વરૂપ) અતિશય નિર્દોષ રીતે પ્રકાશિત કર્યું હતું, માટે જ આપનું સુમતિ (सु शोभना मतिर्यस्यासौ सुमतिः=ઉત્તમ બુદ્ધિમાન) એ નામ સાર્થક છે. હે જિન! આપને નમસ્કાર હો. ૫.

(वंशस्थ)

रराज पद्मप्रभतीर्थकृत्सदस्यशेषलोकत्रयलोकमध्यगः ।
नभस्युडुव्रातयुतः शशी यथा वचो ऽमृतैर्वर्षति यः स पातुनः ।।६।।

**અનુવાદ :** જેમ આકાશમાં તારાઓના સમૂહથી યુક્ત થઈને ચંદ્ર શોભે છે તેવી જ રીતે જે પદ્મપ્રભ તીર્થંકરના સમવસરણ સભામાં ત્રણે લોકના સમસ્ત પ્રાણીઓની વચ્ચે સ્થિત થઈને શોભાયમાન થયા હતા તથા જેમણે ત્યાં વચનરૂપી અમૃતની વર્ષા કરી હતી તે પદ્મપ્રભ જિનેન્દ્ર અમારી રક્ષા કરો. ૬.

(वंशस्थ)

**नरामराहीश्वरपीडने जयी धृतायुधो धीरमना झषध्वजः ।**
**विनापि शस्त्रैर्ननु येन निर्जितो जिनं सुपार्श्वं प्रणमामि तं सदा ।।७।।**

**અનુવાદ :** જે સાહસી મીનકેતુ (કામદેવ) શસ્ત્ર ધારણ કરી ચક્રવર્તી, ઇન્દ્ર અને ધરણેન્દ્રને પણ પીડિત કરીને તેમના ઉપર વિજય મેળવે છે એવા તે કામદેવ સુભટને પણ જેમણે શસ્ત્ર વિના જ જીતી લીધો તે સુપાર્શ્વ જિનને હું સદા પ્રણામ કરું છું.

**વિશેષાર્થ :** સંસારમાં કામદેવ (વિષય વાસના) અત્યંત પ્રબળ મનાય છે. બીજાઓની તો વાત જ શી છે? પરંતુ ઇન્દ્ર, ધરણેન્દ્ર અને ચક્રવર્તી આદિ પણ તેને વશ (થયેલા) દેખવામાં આવે છે. એવા સુભટ તે કામદેવ ઉપર તેઓ જ વિજય મેળવી શકે છે જેમના હૃદયમાં આત્મ-પરનો વિવેક જાગૃત છે. ભગવાન સુપાર્શ્વ એવા જ વિવેકી મહાપુરુષ હતા. તેથી તેમને ઉક્ત કામદેવ ઉપર વિજય મેળવવા માટે કોઈ શસ્ત્રાદિની પણ જરૂર ન પડી. તેમણે એક માત્ર વિવેકબુદ્ધિથી તેને હરાવી દીધો હતો. માટે તે નમસ્કાર કરવાને યોગ્ય છે. ૭.

(वंशस्थ)

**शशिप्रभो वागमृतांशुभिः शशी परं कदाचिन्न कलङ्कसंगतः ।**
**न चापि दोषाकरतां ययौ यतिर्जयत्यसौ संसृतितापनाशनः ।।८।।**

**અનુવાદ :** ચન્દ્રમા સમાન પ્રભાવાળા ચન્દ્રપ્રભ જિનેન્દ્ર જો કે વચનરૂપ અમૃતના કિરણોથી ચન્દ્રમા હતા, પરંતુ જેમ ચન્દ્રમા કલંક (કાળા ચિહ્ન) સહિત છે તેમ તેઓ કલંક (પાપ-મળ) સહિત કદી નહોતા, તથા જેમ ચન્દ્રમા દોષકર (રાત્રિ કરનાર) છે તેમ તેઓ દોષકર (દોષોની ખાણ) નહોતા. અર્થાત્ તેઓ અજ્ઞાનાદિ સર્વ દોષરહિત હતા. તે સંસારનો સંતાપ નષ્ટ કરનાર ચન્દ્રપ્રભ મુનીન્દ્ર જયવંત હો. ૮.

(वंशस्थ)

**यदीयपादद्वितयप्रणामतः पतत्यधो मोहनधूलिरङ्गिनाम् ।**
**शिरोगता मोहठकप्रयोगतः स पुष्पदंतः सततं प्रणम्यते ।।९।।**

**અનુવાદ :** જેના બન્ને ચરણોમાં નમસ્કાર કરતી વખતે મોહરૂપ ઠગના પ્રયત્નથી પ્રાણીઓના શિરમાં સ્થિત થયેલ મોહન ધૂળ (મોહજનક પાપરજ) નીચે પડી જાય છે તે પુષ્પદંત ભગવાનને હું નિરન્તર પ્રણામ કરૂં છું.

**વિશેષાર્થ :** પ્રાણીઓના મસ્તકમાં જે અજ્ઞાનતાને કારણે અનેક પ્રકારના દુર્વિચાર ઉત્પન્ન થાય છે તે જિનેન્દ્ર ભગવાનના નામસ્મરણ, ચિન્તન અને વંદનથી નષ્ટ થઈ જાય છે. અહીં ઉપર્યુક્ત દુર્વિચારોમાં મોહ દ્વારા સ્થાપિત ધૂળનો આરોપ કરીને આ ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે કે મોહદ્વારા જે પ્રાણીઓના મસ્તક ઉપર મોહનધૂળ સ્થાપવામાં આવે છે તે જાણે કે પુષ્પદંત જિનેન્દ્રને પ્રણામ કરવાથી (મસ્તક નમાવવાથી) અનાયાસે જ નષ્ટ થઈ જાય છે. ૯.

(वंशस्थ)

सतां यदीयं वचनं सुशीतलं यदेव चन्द्रादपि चन्दनादपि ।
तदत्र लोके भवतापहारि यत् प्रणम्यते किं न स शीतलो जिनः ॥१०॥

**અનુવાદ :** લોકમાં જેમના વચન સજ્જન પુરુષોને માટે ચન્દ્ર અને ચન્દનથી પણ અધિક શીતળ તથા સંસારનો તાપ નષ્ટ કરનાર છે તે શીતલ જિનને શું પ્રણામ ન કરવા જોઈએ? અર્થાત્ અવશ્ય જ તે પ્રણામ કરવા યોગ્ય છે. ૧૦.

(वंशस्थ)

जगत्त्रये श्रेय इतो ह्ययादिति प्रसिद्धनामा जिन एष वन्द्यते ।
यतो जनानां बहुभक्तिशालिनां भवन्ति सर्वे सफला मनोरथाः ॥११॥

**અનુવાદ :** ત્રણે લોકમાં પ્રાણીઓ આ શ્રેયાંસ જિન દ્વારા શ્રેય અર્થાત્ કલ્યાણને પ્રાપ્ત થયા છે, તેથી જે 'શ્રેયાન્' એવા સાર્થક નામે પ્રસિદ્ધ છે તથા જેના નિમિત્તે અનેક ભક્તિ કરનાર મનુષ્યોના સર્વ મનોરથ (અભિલાષાઓ) સફળ થાય છે તે શ્રેયાંસ જિનેન્દ્રને પ્રણામ કરૂં છું. ૧૧.

(वंशस्थ)

पदाब्जयुग्मे तव वासुपूज्य तज्जनस्य पुण्यं प्रणतस्य तद्भवेत् ।
यतो न सा श्रीरिह हि त्रिविष्टपे न तत्सुखं यन्न पुरः प्रधावति ॥१२॥

**અનુવાદ :** હે વાસુપૂજ્ય! તારા ચરણ યુગલમાં પ્રણામ કરતાં પ્રાણીને તે પુણ્ય ઉત્પન્ન થાય છે જેનાથી ત્રણે લોકમાં અહીં એવી કોઈ લક્ષ્મી નથી અને એવું કોઈ સુખ પણ નથી કે જે તેની આગળ દોડતું ન હોય.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે વાસુપૂજ્ય જિનેન્દ્રના ચરણકમળમાં નમસ્કાર કરવાથી જે પુણ્યબંધ થાય છે તેનાથી સર્વ પ્રકારની લક્ષ્મી અને ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. ૧૨.

(वंशस्थ)

**मलेर्विमुक्तो विमलो न कैर्जिनो यथार्थनामा भुवने नमस्कृतः ।**
**तदस्य नामस्मृतिरप्यसंशयं करोति वैमल्यमघात्मनामपि ।।१३।।**

**અનુવાદ :** જે વિમળ જિનેન્દ્ર કર્મ-મળ રહિત થઈને 'વિમળ' એવું સાર્થક નામ ધારણ કરે છે તેમને લોકમાં ભલા ક્યા ભવ્ય જીવોએ નમસ્કાર નથી કર્યા? અર્થાત્ બધા ભવ્ય જીવોએ તેમને નમસ્કાર કર્યા છે. તેથી તેમના નામનું સ્મરણ પણ નિશ્ચયથી પાપી જીવોને પણ તે પાપ-મળ નષ્ટ કરીને તેમને વિમળ (નિર્મળ) કરે છે. ૧૩.

(वंशस्थ)

**अनन्तबोधादिचतुष्टयात्मकं दधाम्यनन्तं हृदि तद्गुणाशया ।**
**भवेद्यदर्थी ननु तेन सेव्यते तदन्वितो भूरितृषेव सत्सरः ।।१४।।**

**અનુવાદ :** જે અનંતજિન અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય આ અનંતચતુષ્ટયસ્વરૂપ છે તેને હું તે જ ગુણો (અનંતચતુષ્ટય) પ્રાપ્ત કરવાની ઈચ્છાથી હૃદયમાં ધારણ કરું છું. બરાબર પણ છે-જે જે ગુણના અભિલાષી હોય છે તે તે જ ગુણયુક્ત મનુષ્યની સેવા કરે છે. જેમ કે-અતિશય તરસવાળો અર્થાત્ પાણીનો અભિલાષી મનુષ્ય ઉત્તમ તળાવની સેવા કરે છે. ૧૪.

(वंशस्थ)

**नमोऽस्तु धर्माय जिनाय मुक्तये सुधर्मतीर्थप्रविधायिने सदा ।**
**यमाश्रितो भव्यजनो ऽतिदुर्लभां लभेत कल्याणपरंपरां पराम् ।।१५।।**

**અનુવાદ :** જે ધર્મનાથ જિનેન્દ્રના શરણે ગયેલા ભવ્ય જીવ અતિશય દુર્લભ ઉત્કૃષ્ટ કલ્યાણની પરંપરા પ્રાપ્ત કરે છે એવા તે ઉત્તમ ધર્મતીર્થના પ્રવર્તક ધર્મનાથ જિનેન્દ્રને હું મુક્તિપ્રાપ્તિની ઈચ્છાથી નમસ્કાર કરૂં છું. ૧૫.

(वंशस्थ)

**विधाय कर्मक्षयमात्मशान्तिकृज्जगत्सु यः शान्तिकरस्ततो ऽभवत् ।**
**इति स्वमन्यं प्रति शान्तिकारणं नमामि शान्तिं जिनमुन्नतश्रियम् ।।१६।।**

**અનુવાદ :** જે શાન્તિનાથ જિનેન્દ્ર કર્મોનો નાશ કરીને પ્રથમ તો પોતે પોતાની શાન્તિ કરનાર થયા અને ત્યાર પછી જગત્‌ના બીજા પ્રાણીઓને પણ શાન્તિનું કારણ થયા. આ રીતે જે સ્વ અને પર બન્નેની ય શાન્તિનું કારણ છે તે ઉત્કૃષ્ટ લક્ષ્મી (સમવસરણાદિરૂપ બાહ્ય તથા અનંતચતુષ્ટયસ્વરૂપ અંતરંગ લક્ષ્મી) યુક્ત શાન્તિનાથ જિનેન્દ્રને હું નમસ્કાર કરૂં છું. ૧૬.

(वंशस्थ)

**दयाङ्गिनां चिद् द्वितयं विमुक्तये परिग्रहद्वन्द्वविमोचनेन तत् ।**
**विशुद्धमासीदिह यस्य मादृशां स कुन्थुनाथो ऽस्तु भवप्रशान्तये ।।१७।।**

**અનુવાદ :** સંસારમાં જે કુન્થુનાથ જિનેન્દ્રને મુક્તિ માટે અંતરંગ અને બાહ્ય બન્ને ય પ્રકારના પરિગ્રહ છોડી દેવાથી પ્રાણીઓની દયા અને ચૈતન્ય (કેવળજ્ઞાન) આ બે વિશુદ્ધ ગુણ પ્રગટ થયા હતા તે કુંથુનાથ જિનેન્દ્ર મારા જેવા છદ્મસ્થ પ્રાણીઓને સંસારની શાન્તિ (નાશ)નું કારણ થાવ. ૧૭.

(वंशस्थ)

**विभान्ति यस्याङ्घ्रिनखा नमत्सुरस्फुरच्छिरोरत्नमहो ऽधिकप्रभाः ।**
**जगद्‌गृहे पापतमोविनाशना इव प्रदीपाः स जिनो जयत्यरः ।।१८।।**

**અનુવાદ :** નમસ્કાર કરતા દેવોના પ્રકાશમાન શિરોરત્ન (ચૂડામણિ)ની કાન્તિથી અધિક કાન્તિવાળા જેના પગોના નખ, સંસારરૂપ ઘરમાં પાપરૂપ અંધકાર નષ્ટ કરનાર દીપક સમાન શોભાયમાન થાય છે તે અરનાથ જિનેન્દ્ર જયવંત હો. ૧૮.

(वंशस्थ)

**सुहृत्सुखी स्यादहितः सुदुःखितः स्वतो ऽप्युदासीनतमादपि प्रभोः ।**
**यतः स जीयाज्जिनमल्लिरेकतां गतो जगद्विस्मयकारिचेष्टितः ।।१९।।**

**અનુવાદ :** અત્યંત ઉદાસીનતા (વીતરાગતા) ને પ્રાપ્ત થયેલ હોવા છતાં પણ જે મલ્લિ પ્રભુના નિમિત્તે મિત્ર સ્વયં સુખી અને શત્રુ સ્વયં અતિશય દુઃખી થાય છે, આ રીતે જેમની પ્રવૃત્તિ વિશ્વને માટે આશ્ચર્યજનક છે તથા જે અદ્વૈતભાવને પ્રાપ્ત થયા છે તે મલ્લિ જિનેન્દ્ર જયવંત થાવ.

**વિશેષાર્થ :** જે પ્રાણી શત્રુને દુઃખી અને મિત્રને સુખી કરે છે તે કદી ઉદાસીન રહી શકતો નથી. પરંતુ મલ્લિ જિનેન્દ્ર ન તો શત્રુ પ્રત્યે દ્વેષ રાખતા હતા અને ન મિત્ર પ્રત્યે અનુરાગ. છતાં પણ તેમનો ઉત્કર્ષ જોઈને તેઓ સ્વભાવથી જ ક્રમશઃ દુઃખી અને સુખી થતા હતા. તેથી અહીં તેમની પ્રવૃત્તિને આશ્ચર્યકારી કહેવામાં આવી છે. ૧૯.

(वंशस्थ)

**विहाय नूनं तृणवत्स्वसंपदं मुनिर्व्रतैर्यो ऽभवदत्र सुव्रतः ।**
**जगाम तद्धाम विरामवर्जितं सुबोधदृङ्मे स जिनः प्रसीदतु ।।२०।।**

**અનુવાદ :** જે મુનિસુવ્રત અહીં પોતાની સંપત્તિ તૃણ સમાન છોડીને વ્રતો (મહાવ્રતો) દ્વારા સુવ્રત (ઉત્તમ વ્રતોના ધારક) મુનિ થયા હતા અને ત્યારપછી તે અવિનશ્વર પદ (મોક્ષ) પણ પામ્યા હતા તે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનથી વિભૂષિત મુનિસુવ્રત જિનેન્દ્ર મારા ઉપર પ્રસન્ન થાવ. ૨૦.

(वंशस्थ)

**परं परायत्ततयातिदुर्बलं चलं खसौख्यं यदसौख्यमेव तत् ।**
**अदः प्रमुच्यात्मसुखे कृतादरो नमिर्जिनो यः स ममास्तु मुक्तये ।।२१।।**

**અનુવાદ :** જે ઇન્દ્રિયસુખ પર (કર્મ) ને આધીન હોવાના કારણે આત્માથી પર અર્થાત્ ભિન્ન છે, અતિશય દુર્બળ છે તથા વિનશ્વર છે તે વાસ્તવમાં દુઃખરૂપ જ છે. જેણે તે ઇન્દ્રિયસુખ છોડીને આત્મિક સુખના વિષયમાં આદર કર્યો હતો તે નેમિનાથ જિનેન્દ્ર મારા માટે મુક્તિનું કારણ થાવ. ૨૧.

(वंशस्थ)

**अरिष्टसंकर्तनचक्रनेमिताम् उपागतो भव्यजनेषु यो जिनः ।**
**अरिष्टनेमिर्जगतीति विश्रुतः स ऊर्जयन्ते जयतादितः शिवम् ।।२२।।**

**અનુવાદ :** જે અશુભકર્મ કાપવા માટે ચક્રની ધાર સમાન હોવાથી જગતમાં ભવ્ય જીવો વચ્ચે 'અરિષ્ટનેમિ' એવા સાર્થક નામથી પ્રસિદ્ધ થઈને ગિરનાર પર્વત ઉપરથી મુક્તિ પામ્યા છે તે નેમિનાથ જિનેન્દ્ર જયવંત હો. ૨૨.

(वंशस्थ)

**यदूर्ध्वदेशे नभसि क्षणादहिप्रभोः फणारत्नकरैः प्रधावितम् ।**
**पदातिभिर्वा कमठाहतेः कृते करोतु पार्श्वः स जिनो ममामृतम् ।।२३।।**

**અનુવાદ :** જેની ઉપર આકાશમાં ધરણેન્દ્રની ફેણો સંબંધી રત્નોના કિરણ કમઠના આઘાત માટે અર્થાત્ તેનો ઉપદ્રવ વ્યર્થ કરવા માટે ક્ષણમાત્રમાં પાયદળ સેનાની જેમ દોડ્યા હતા તે પાર્શ્વનાથ જિનેન્દ્ર મને અમૃત અર્થાત્ મોક્ષ આપો. ૨૩.

(वंशस्थ)

**त्रिलोकलोकेश्वरतां गतो ऽपि यः स्वकीयकायेऽपि तथापि निःस्पृहः ।**
**स वर्धमानो ऽन्त्यजिनो नताय मे ददातु मोक्षं मुनिपद्मनन्दिने ।।२४।।**

**અનુવાદ :** ત્રણ લોકના પ્રાણીઓમાં પ્રભુતાને પ્રાપ્ત હોવા છતાં પણ જે પોતાના શરીરના વિષયમાં પણ મમત્વ ભાવ રહિત છે તે વર્ધમાન અંતિમ તીર્થંકર નમ્રીભૂત થયેલ મને પદ્મનન્દીને મોક્ષ પ્રદાન કરો. ૨૪.

આ રીતે સ્વયંભૂસ્તોત્ર સમાપ્ત થયું. ૧૬.

સહજ ચિદાનંદ.

# ૧૭. સુપ્રભાતાષ્ટકમ્

## [१७. सुप्रभाताष्टकम् ]

(शार्दूलविक्रीडित)

**निःशेषावरणद्वयस्थितिनिशाप्रान्ते ऽन्तरायक्षया[यो]-**
**द्द्योते मोहकृते गते च सहसा निद्राभरे दूरतः ।**
**सम्यग्ज्ञानदृगक्षियुग्ममभिता विस्फारितं यत्र त-**
**ल्लब्धं यैरिह सुप्रभातमचलं तेभ्यो जिनेभ्यो नमः ॥१॥**

**અનુવાદ :** જે સુપ્રભાતમાં સમસ્ત જ્ઞાનાવરણ અને દર્શનાવરણ આ બે આવરણ કર્મોની સ્થિતિરૂપ રાત્રિનો અંત થઈને અન્તરાય કર્મના ક્ષયરૂપી પ્રકાશ થઈ જતાં તથા શીઘ્ર જ મોહકર્મથી નિર્મિત નિદ્રાભાર સહસા દૂર થઈ જતાં સમીચીન જ્ઞાન અને દર્શનરૂપ નેત્રયુગલ સર્વ તરફ વિસ્તાર પામ્યા છે અર્થાત્ ખૂલી ગયાં છે એવા તે સ્થિર સુપ્રભાતને જેમણે પ્રાપ્ત કરી લીધું છે તે જિનેન્દ્રદેવોને નમસ્કાર હો.

**વિશેષાર્થ :** જેમ પ્રભાત થઈ જતાં રાત્રિનો અંત થઈને ધીરે ધીરે સૂર્યનો પ્રકાશ ફેલાવા માંડે છે તથા લોકોની નિદ્રા દૂર થઈને તેમના નેત્રયુગલ ખુલી જાય છે કે જેથી તે સર્વ તરફ જોવા લાગી જાય છે. બરાબર એ જ રીતે જિનેન્દ્રદેવોને જે અપૂર્વ પ્રભાતનો લાભ થયા કરે છે તેમાં રાત્રિ સમાન તેમના જ્ઞાનાવરણ અને દર્શનાવરણ કર્મોની સ્થિતિનો અંત થાય છે, અંતરાયકર્મનો ક્ષય જ પ્રકાશ છે, મોહકર્મજનિત અવિવેકરૂપ નિદ્રાનો ભાર નષ્ટ થઈ જાય છે. ત્યારે તેમના કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ બન્ને નેત્રો ખુલી જાય છે જેથી તેઓ સમસ્ત વિશ્વને સ્પષ્ટપણે જાણવા અને દેખવા લાગે છે. એવા તે અલૌકિક, અવિનશ્વર સુપ્રભાતને પ્રાપ્ત કરનાર જિનેન્દ્રોને અહીં નમસ્કાર કરવામાં આવ્યા છે. ૧.

(शार्दूलविक्रीडित)

**यत्सच्चक्रसुखप्रदं यदमलं ज्ञानप्रभाभासुरं**
**लोकालोकपदप्रकाशनविधिप्रौढं प्रकृष्टं सकृत् ।**

उद्भूते सति यत्र जीवितमिव प्राप्तं परं प्राणिभिः
त्रैलोक्याधिपतेर्जिनस्य सततं तत्सुप्रभातं स्तुवे ।।२।।

**અનુવાદ :** જે સુપ્રભાત સત્ચક્ર અર્થાત્ સજ્જનોને સુખ આપનાર (અથવા ઉત્તમ ચક્રવાક પક્ષીઓને સુખ આપનાર અથવા સમીચીન ચક્રરત્ન ધારણ કરનાર ચક્રવર્તીને સુખ આપનાર), નિર્મળ, જ્ઞાનની પ્રભાથી પ્રકાશમાન, લોક અને અલોકરૂપ સ્થાનને પ્રકાશિત કરવાની વિધિમાં ચતુર અને ઉત્કૃષ્ટ છે તથા જે એકવાર પ્રગટ થતાં જાણે પ્રાણી ઉત્કૃષ્ટ જીવનને જ પ્રાપ્ત કરી લે છે; એવા તે ત્રણ લોકના અધિપતિસ્વરૂપ જિનેન્દ્ર ભગવાનના સુપ્રભાતની હું નિરંતર સ્તુતિ કરૂં છું. ૨.

(शार्दूलविक्रीडित)

एकान्तोद्धतवादिकौशिकशतैर्नष्टं भयादाकुले-
र्जातं यत्र विशुद्धखेचरनुतिव्याहारकोलाहलम् ।
यत्सद्धर्मविधिप्रवर्धनकरं तत्सुप्रभातं परं
मन्ये ऽर्हत्परमेष्टिनो निरुपमं संसारसंतापहृत् ।।३।।

**અનુવાદ :** જે સુપ્રભાતમાં સર્વથા એકાન્તવાદથી ઉદ્ધત સેંકડો પ્રવાદીરૂપ ઘૂવડ પક્ષી ભયથી વ્યાકુળ થઈને નષ્ટ થઈ ગયા છે, જે આકાશગામી વિદ્યાધરો અને દેવો દ્વારા કરવામાં આવતી વિશુદ્ધ સ્તુતિના શબ્દથી શબ્દાયમાન છે, જે સમીચીન ધર્મવિધિને વધારનાર છે, ઉપમા સહિત અર્થાત્ અનુપમ છે અને સંસારનો સંતાપ નષ્ટ કરનાર છે, એવા તે અરહંત પરમેષ્ઠીના સુપ્રભાતને જ હું ઉત્કૃષ્ટ સુપ્રભાત માનું છું. ૩.

(शार्दूलविक्रीडित)

सानन्दं सुरसुन्दरीभिरभितः शक्रैर्यदा गीयते
प्रातः प्रतरधीश्वरं यदतुलं वैतालिकैः पठ्यते ।
यच्चाश्रावि नभश्चरैश्च फणिभिः कन्याजनाद्गायत-
स्तद्वन्दे जिनसुप्रभातमखिलत्रैलोक्यहर्षप्रदम् ।।४।।

**અનુવાદ :** ઈન્દ્રો સાથે દેવાંગનાઓ જે સુપ્રભાતનું આનંદપૂર્વક સર્વ તરફ ગાન

કરે છે, ભાટચારણો પોતાના સ્વામીનું લક્ષ્ય રાખીને જે અનુપમ સુપ્રભાતની સ્તુતિ કરે છે તથા જે સુપ્રભાત વિષે વિદ્યાધર અને નાગકુમાર જાતિના દેવ ગાતી કન્યાઓ પાસેથી સાંભળે છે; આ રીતે સમસ્ત ત્રણે લોકને હર્ષિત કરનાર તે જિન ભગવાનના સુપ્રભાતને હું વંદન કરૂં છું. ૪.

(शार्दूलविक्रीडित)

उद्द्योते सति यत्र नश्यति तरां लोके ऽघचौरो ऽचिरं
दोषेशो ऽन्तरतीव यत्र मलिनो मन्दप्रभो जायते ।
यत्रानीतितमस्ततेर्विघटनाज्जाता दिशो निर्मला
वन्द्यं नन्दतु शाश्वतं जिनपतेस्तत्सुप्रभातं परम् ।।५।।

**અનુવાદ :** જે સુપ્રભાતનો પ્રકાશ થતાં લોકમાં પાપરૂપી ચોર અત્યંત જલ્દી નષ્ટ થઈ જાય છે, જે સુપ્રભાતના પ્રકાશમાં દોષેશ અર્થાત્ મોહરૂપ ચન્દ્રમા અંદર અતિશય મલિન થઈને મન્દ તેજવાળો થઈ જાય છે તથા જે સુપ્રભાત થતાં અન્યાયરૂપ અંધકારનો સમૂહ ન થઈ જવાથી દિશાઓ નિર્મળ થઈ જાય છે; એવા તે વંદનીય અને અવિનશ્વર જિન ભગવાનનું ઉત્કૃષ્ટ સુપ્રભાત વૃદ્ધિને પ્રાપ્ત થાવ.

**વિશેષાર્થ :** પ્રભાતનો સમય થતાં રાત્રે સંચાર કરનાર ચોર ભાગી જાય છે, દોષેશ (રાત્રિનો સ્વામી ચન્દ્રમા) મલિન અને ઝાંખા પ્રકાશવાળો (ફીક્કો) થઈ જાય છે અને રાત્રિજનિત અંધકાર નષ્ટ થઈ જવાથી દિશાઓ નિર્મળ થઈ જાય છે. એ જ રીતે જિન ભગવાનને જે અનુપમ સુપ્રભાતનો લાભ થાય છે તે થતાં ચોર સમાન ચિરકાલીન પાપ તરત જ નષ્ટ થઈ જાય છે, દોષેશ (દોષોના સ્વામી મોહ) કાન્તિહીન થઈને દૂર ભાગી જાય છે તથા અન્યાય અને અત્યાચાર નષ્ટ થઈ જવાથી બધી બાજુએ પ્રસન્નતા છવાઈ જાય છે. તે જિનેન્દ્રદેવનું સુપ્રભાત વંદનીય છે. ૫.

(शार्दूलविक्रीडित)

मार्गं यत्प्रकटीकरोति हरते दोषानुषङ्गस्थितिं
लोकानां विदधाति दृष्टिमचिरादर्थावलोकक्षमाम् ।
कामासक्तधियामपि कृशयति प्रीतिं प्रियायामिति
प्रातस्तुल्यतयापि को ऽपि महिमापूर्वः प्रभातो ऽर्हताम् ।।६।।

**અનુવાદ :** અરહંતોનું પ્રભાત માર્ગ પ્રગટ કરે છે. દોષોના સંબંધની સ્થિતિ

નષ્ટ કરે છે, લોકોની દૃષ્ટિ તરત જ પદાર્થોને દેખવામાં સમર્થ બનાવે છે તથા વિષયભોગમાં આસક્ત બુદ્ધિવાળા પ્રાણીઓની સ્ત્રીવિષયક પ્રીતિ કૃશ (નિર્બળ) કરે છે. આ રીતે તે અરહંતોનું પ્રભાત જો કે પ્રભાતકાળ તુલ્ય જ છે, છતાં પણ તેનો કોઈ અપૂર્વ જ મહિમા છે.

**વિશેષાર્થ :** જેવી રીતે પ્રભાત થતાં માર્ગ પ્રગટ દેખાવા માંડે છે તેવી જ રીતે અરહંતોના આ પ્રભાતમાં પ્રાણીઓને મોક્ષનો માર્ગ દેખાવા લાગે છે, જેમ પ્રભાત દોષા (રાત્રિના) સંગનો નાશ કરે છે તેવી જ રીતે આ અરહંતોનું પ્રભાત રાગદ્વેષાદિરૂપ દોષોની સંગતિ નષ્ટ કરે છે. જેમ પ્રભાત લોકોની દૃષ્ટિને તરત જ ઘટ-પટાદિ પદાર્થો દેખવામાં સમર્થ કરી દે છે તેવી જ રીતે આ અરહંતોનું પ્રભાત પ્રાણીઓની દૃષ્ટિ (જ્ઞાન) ને જીવાદિ સાત તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ દેખવા-જાણવામાં સમર્થ કરી દે છે તથા જેમ પ્રભાત થઈ જતાં કામી જનની સ્ત્રીવિષયક પ્રીતિ ઓછી થઈ જાય છે તેવી જ રીતે તે અરહંતોના પ્રભાતમાં પણ કામીજનની વિષયેચ્છા ઓછી થઈ જાય છે. આ રીતે અરહંતોનું તે પ્રભાત પ્રસિદ્ધ પ્રભાત સમાન હોઈને પણ અપૂર્વ જ મહિમા ધારણ કરે છે. ૬.

(शार्दूलविक्रीडित)

**यद्भानोरपि गोचरं न गतवान् चित्ते स्थितं तत्तमो**
**भव्यानां दलयत्तथा कुवलये कुर्याद्विकाशश्रियम् ।**
**तेजः सौख्यहतेरकर्तृ यदिदं नक्तंचराणामपि**
**क्षेमं वो विदधातु जैनमसमं श्रीसुप्रभातं सदा ।।७।।**

**અનુવાદ :** ભવ્ય જીવોના હૃદયમાં સ્થિત જે અંધકાર સૂર્યગોચર થયો નથી અર્થાત્ જેને સૂર્ય પણ નષ્ટ કરી શક્યો નથી તેને જે જિન ભગવાનનું સુપ્રભાત નષ્ટ કરે છે, જે કુવલય (ભૂમંડળ) ના વિષયમાં વિકાસલક્ષ્મી (પ્રમોદ) કરે છે-લોકના સર્વે પ્રાણીઓને હર્ષિત કરે છે તથા જે નિશાચરો (ચન્દ્ર અને રાક્ષસ આદિ) ના પણ તેજ અને સુખનો ઘાત કરતું નથી; તે જિન ભગવાનનું અનુપમ સુપ્રભાત સર્વદા આપ સૌનું કલ્યાણ કરો.

**વિશેષાર્થ :** લોકપ્રસિદ્ધ પ્રભાતની અપેક્ષાએ જિનભગવાનના આ સુપ્રભાતમાં અપૂર્વતા છે. તે આ રીતે-પ્રભાતનો સમય કેવળ રાત્રિનો અંધકાર નષ્ટ કરે છે, તે જીવોના અભ્યંતર અંધકાર (અજ્ઞાન) ને નષ્ટ કરી શકતો નથી; પરંતુ જિન ભગવાનનું તે સુપ્રભાત ભવ્ય જીવોના હૃદયમાં સ્થિત તે અજ્ઞાનાન્ધકારને પણ નષ્ટ કરે છે, લોકપ્રસિદ્ધ પ્રભાત કુવલય (સફેદ કમળ) ને વિકસિત નથી

કરતું પણ મુકુલિત જ કરે છે (બીડાઈ જાય છે); પરંતુ જિન ભગવાનનું સુપ્રભાત તે કુવલય (ભૂમંડળના સમસ્ત જીવો) ને વિકસિત (પ્રમુદિત) જ કરે છે. લોકપ્રસિદ્ધ પ્રભાત નિશાચરો (ચન્દ્ર, ચોર અને ઘૂવડ વગેરે)ના તેજ અને સુખનો નાશ કરે છે પરંતુ જિન ભગવાનનું તે સુપ્રભાત તેમના તેજ અને સુખનો નાશ નથી કરતું. આ રીતે તે જિન ભગવાનનું અપૂર્વ સુપ્રભાત સર્વ પ્રાણીઓને માટે કલ્યાણકારી છે. ૭.

(शार्दूलविक्रीडित)

**भव्याम्भोरुहनन्दिकेवलरविः प्राप्नोति यत्रोदयं**
**दुष्कर्मोदयनिद्रया परिहृतं जागर्ति सर्वं जगत् ।**
**नित्यं यैः परिपठ्यते जिनपतेरेतत्प्रभाताष्टकं**
**तेषामाशु विनाशमेति दुरितं धर्मः सुखं वर्धते ॥८॥**

**અનુવાદ :** જે સુપ્રભાતમાં ભવ્યજીવોરૂપ કમળોને આનંદિત કરનાર કેવળજ્ઞાનરૂપ સૂર્ય ઉદય પામે છે તથા સંપૂર્ણ જગત્ (જગતના જીવ) પાપકર્મના ઉદયરૂપ નિદ્રાથી છૂટકારો પામીને જાગે છે અર્થાત્ પ્રબોધ પામે છે તે જિન ભગવાનના સુપ્રભાતની સ્તુતિ સ્વરૂપ આ પ્રભાતાષ્ટક જે જીવ નિરંતર ભણે છે તેમના પાપ તરત જ નાશ પામે છે તથા ધર્મ અને સુખ વૃદ્ધિ પામે છે.

**વિશેષાર્થ :** જેમ સુપ્રભાત થતાં કમળોને પ્રફુલ્લિત કરનાર સૂર્ય ઉદય પામે છે તેવી જ રીતે જિન ભગવાનના તે સુપ્રભાતમાં ભવ્ય જીવોને પ્રફુલ્લિત કરનાર કેવળજ્ઞાનરૂપ સૂર્ય ઉદય પામે છે તથા જેમ પ્રભાત થતા જગતના પ્રાણી નિદ્રા રહિત થઈને જાગી ઉઠે છે તેવી જ રીતે જિન ભગવાનના પ્રભાતમાં જગતના સર્વ પ્રાણી પાપકર્મના ઉદયસ્વરૂપ નિદ્રારહિત થઈને જાગી જાય છે-પ્રબોધ પામી જાય છે આ રીતે આ જિન ભગવાનનું સુપ્રભાત અનુપમ છે. તેના વિષયમાં જે શ્રી પદ્મનન્દી મુનિએ આઠ શ્લોકોમાં આ સ્તુતિ કરી છે તે વાંચવાથી પ્રાણીઓના પાપનો વિનાશ અને ધર્મ તથા સુખની અભિવૃદ્ધિ થાય છે. ૮.

આ રીતે સુપ્રભાતાષ્ટક સમાપ્ત થયું. ૧૭.

# ૧૮. શાન્તિનાથ સ્તોત્ર

[१८. शान्तिनाथ स्तोत्रम्]

(शार्दूलविक्रीडित)

त्रैलोक्याधिपतित्वसूचनपरं लोकेश्वरैरुद्धृतं
यस्योपर्युपरीन्दुमण्डलनिभं छत्रत्रयं राजते ।
अश्रान्तोद्गतकेवलोज्ज्वलरुचा निर्भर्त्सितार्कप्रभं
सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्रीशान्तिनाथः सदा ।।१।।

**અનુવાદ :** જે શાન્તિનાથ ભગવાનના એક એક ઉપર ઈન્દ્રો દ્વારા ધારણ કરવામાં આવતા ચન્દ્રમંડળ સમાન ત્રણ છત્ર ત્રણે લોકની પ્રભુતા સૂચિત કરતા નિરન્તર ઉદયમાન રહેનાર કેવળજ્ઞાનરૂપ નિર્મળ જ્યોતિ દ્વારા સૂર્યના પ્રકાશને તિરસ્કૃત કરીને સુશોભિત થાય છે તે પાપરૂપ કાલિમાંથી રહિત શ્રી શાન્તિનાથ જિનેન્દ્ર આપણી સદા રક્ષા કરો. ૧.

(शार्दूलविक्रीडित)

देवः सर्वविदेष एष परमो नान्यस्त्रिलोकीपतिः
सन्त्यस्यैव समस्ततत्त्वविषया वाचः सतां संमताः ।
एतद्घोषयतीव यस्य विबुधैरास्फालितो दुन्दुभिः
सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्रीशान्तिनाथः सदा ।।२।।

**અનુવાદ :** જેની ભેરી દેવો દ્વારા તાડિત થઈને જાણે એ જ ઘોષણા કરે છે કે ત્રણે લોકના સ્વામી અને સર્વજ્ઞ આ શાન્તિનાથ જિનેન્દ્ર જ ઉત્કૃષ્ટ દેવ છે અને બીજા નથી; તથા સમસ્ત તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ પ્રગટ કરનાર એમના જ

વચન સજ્જનોને ઈષ્ટ છે, બીજા કોઈના ય વચન તેમને ઈષ્ટ નથી; તે પાપરૂપ કાલિમા રહિત શ્રી શાન્તિનાથ જિનેન્દ્ર આપણી સદા રક્ષા કરો. ૨.

(शार्दूलविक्रीडित)

दिव्यस्त्रीमुखपङ्कजैकमुकुरप्रोल्लासिनानामणि-
स्फारीभूतविचित्ररश्मिरचितानम्रामरेन्द्रायुधैः ।
सच्चित्रीकृतवातवर्त्मनि लसत्सिंहासने यः स्थितः
सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्रीशान्तिनाथः सदा ।।३।।

**અનુવાદ :** જે શાન્તિનાથ જિનેન્દ્ર દેવાંગનાઓના મુખકમળરૂપ અનુપમ દર્પણમાં દેદીપ્યમાન અનેક મણિઓના ફેલાતાં વિચિત્ર કિરણો દ્વારા રચવામાં આવેલા કેટલાક નમ્રીભૂત મેઘધનુષ્યો દ્વારા આકાશને સમીચીનપણે વિચિત્ર (અનેક વર્ણમય) કરનાર સિંહાસન ઉપર સ્થિત છે તે પાપરૂપ કાલિમા રહિત શ્રી શાન્તિનાથ ભગવાન સદા આપણી રક્ષા કરો. ૩.

(शार्दूलविक्रीडित)

गन्धाकृष्टमधुव्रतजरुतैर्व्यापारिता कुर्वती
स्तोत्राणीव दिवः सुरः सुमनसां वृष्टिर्यदग्रे ऽभवत् ।
सेवायातसमस्तविष्टपपतिस्तुत्याश्रयस्पर्द्धया
सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्रीशान्तिनाथः सदा ।।४।।

**અનુવાદ :** જે શાન્તિનાથ જિનેન્દ્રની આગળ દેવો દ્વારા વ્યાપારિત થયેલી અર્થાત્ કરવામાં આવતી જે આકાશમાંથી ફૂલોની વર્ષા થઈ હતી તે ગન્ધદ્વારા આકર્ષેલા ભ્રમરસમૂહના શબ્દોથી જાણે સેવાના નિમિત્તે આવેલા સમસ્ત લોકના સ્વામી દ્વારા કરવામાં આવતી સ્તુતિના નિમિત્ત સ્પર્ધા પામીને સ્તુતિઓ જ કરી રહી હતી, તે પાપરૂપ કાલિમા રહિત શ્રી શાન્તિનાથ જિનેન્દ્ર આપણી સદા રક્ષા કરો. ૪.

(शार्दूलविक्रीडित)

खद्योतौ किमुतानलस्य कणिके शुभ्राभ्रलेशावथ
सूर्याचन्द्रमसाविति प्रगुणितौ लोकाक्षियुग्मैः सुरैः ।

तर्क्येते हि यदग्रतो ऽतिविशदं तद्यस्य भामण्डलं
सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्रीशान्तिनाथः सदा ।।५।।

**અનુવાદ :** જે શાન્તિનાથ ભગવાનનું અત્યંત નિર્મળ તે ભામંડળ છે કે જેની આગળ લોકોના બન્ને નેત્ર તથા દેવ સૂર્ય અને ચન્દ્રના વિષયમાં એવી કલ્પના કરે છે કે આ શું બે આગિયા છે અથવા અગ્નિના બે તણખા છે, અથવા સફેદ વાદળના બે ટૂકડા છે, તે પાપરૂપ કાલિમા રહિત શ્રી શાન્તિનાથ જિનેન્દ્ર આપણી સદા રક્ષા કરો.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે ભગવાન શાન્તિનાથ જિનેન્દ્રનું પ્રભામંડળ એટલું નિર્મળ અને દેદીપ્યમાન હતું કે તેની આગળ સૂર્ય–ચન્દ્ર લોકોને આગિયા, અગ્નિકણ અથવા સફેદ વાદળાના ટૂકડા સમાન કાન્તિહીન લાગતા હતા. ૫.

(शार्दूलविक्रीडित)

यस्याशोकतरुर्विनिद्रसुमनोगुच्छप्रसक्तैः क्वणद्-
भृङ्गैर्भक्तियुतः प्रभोरहरहर्गायन्निवास्ते यशः ।
शुभ्रं साभिनयो मरुच्चललतापर्यन्तपाणिश्रिया
सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्रीशान्तिनाथः सदा ।।६।।

**અનુવાદ :** જે શ્રી શાન્તિનાથ જિનેન્દ્રનું અશોકવૃક્ષ વિકસિત પુષ્પોના ગુચ્છોમાં આસક્ત થઈને શબ્દ કરનાર ભમરા દ્વારા જાણે ભક્તિયુત થઈને પ્રતિદિન પ્રભુના ધવલ યશનું ગાન કરતું તથા વાયુથી ચંચળ લતાઓના પર્યન્તભાગરૂપ ભુજાઓની શોભાથી જાણે અભિનય (નૃત્ય) કરતું સ્થિત છે તે પાપરૂપ કાલિમારહિત શ્રી શાન્તિનાથ જિનેન્દ્ર આપણી સદા રક્ષા કરો. ૬.

(शार्दूलविक्रीडित)

विस्तीर्णाखिलवस्तुतत्त्वकथनापारप्रवाहोज्ज्वला
निःशेषार्थिषेवितातिशिशिरा शैलादिवोत्तुङ्गतः ।
प्रोदभूता हि सरस्वती सुरनुता विश्वं पुनाना यतः
सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्रीशान्तिनाथः सदा ।।७।।

**અનુવાદ :** ઉન્નત પર્વત સમાન જે શાન્તિનાથ જિનેન્દ્રથી ઉત્પન્ન થયેલી દિવ્ય વાણીરૂપ સરસ્વતી નામની નદી (અથવા ગંગા) વિસ્તીર્ણ સમસ્ત વસ્તુસ્વરૂપના વ્યાખ્યાનરૂપ અપાર પ્રવાહથી ઉજ્જ્વળ, સર્વ યાચકો વડે સેવિત, અતિશય શીતળ, દેવોથી સ્તુતિ પામેલ અને વિશ્વને પવિત્ર કરનારી છે; તે પાપરૂપ કાલિમા રહિત શ્રી શાન્તિનાથ જિનેન્દ્ર આપણી સદા રક્ષા કરો.

**વિશેષાર્થ :** અહીં ભગવાન શાન્તિનાથની વાણીની સરસ્વતી નદી સાથે તુલના કરતાં એમ બતાવવામાં આવ્યું છે કે જેવી રીતે સરસ્વતી નદી અપાર નિર્મળ જળપ્રવાહથી યુક્ત છે તેવી જ રીતે ભગવાનની વાણી વિસ્તીર્ણ સમસ્ત પદાર્થોના સ્વરૂપના કથનરૂપ પ્રવાહથી સંયુક્ત છે, જેમ સ્નાનાદિના અભિલાષી જનો તે નદીની સેવા કરે છે તેવી જ રીતે તત્ત્વના જિજ્ઞાસુ જીવો ભગવાનની તે વાણીની પણ સેવા કરે છે, જેમ નદી ગરમીથી પિડાયેલા પ્રાણીઓને સ્વભાવથી શીતળ કરનારી છે તેવી જ રીતે ભગવાનની તે વાણી પણ પ્રાણીઓના સંસારરૂપ સંતાપનો નાશ કરીને તેમને શીતળ કરનારી છે, નદી જો ઊંચા પર્વત ઉપરથી ઉત્પન્ન થાય છે તો તે વાણી પર્વત સમાન ગુણોથી ઉન્નતિ પામેલા જિનેન્દ્ર ભગવાનથી ઉત્પન્ન થઈ છે, જો દેવ નદીની સ્તુતિ કરે છે તો તેઓ ભગવાનની તે વાણીની પણ સ્તુતિ કરે છે; તથા જો નદી શારીરિક બાહ્ય મળ દૂર કરીને વિશ્વને પવિત્ર કરે છે તો તે ભગવાનની વાણી પ્રાણીઓના અભ્યંતર મળ (અજ્ઞાન અને રાગ-દ્વેષ) ને દૂર કરીને તેમને પવિત્ર કરે છે. આ રીતે તે શાન્તિનાથ જિનેન્દ્રની વાણી નદી સમાન હોવા છતાં પણ તેનાથી ઉત્કૃષ્ટ છે, કારણ કે તે તો કેવળ પ્રાણીઓના બાહ્ય મળ જ દૂર કરી શકે છે પરંતુ તે ભગવાનની વાણી તેમનો અભ્યંતર મળ પણ દૂર કરે છે. ૭.

(शार्दूलविक्रीडित)

**लीलोद्वेलितबाहुकङ्कणरणत्कारप्रहृष्टैः सुरैः**
**चञ्चच्चन्द्रमरीचिसंचयसमाकारैश्चलच्चामरैः ।**
**नित्यं यः परिवीज्यते त्रिजगतां नाथस्तथाप्यस्पृहः**
**सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्रीशान्तिनाथः सदा ॥८॥**

**અનુવાદ :** ત્રણે લોકોના સ્વામી જે શાન્તિનાથ જિનેન્દ્રની ઉપર રમતમાત્રમાં ઉંચકેલી ભુજાઓમાં સ્થિત કંકણના શબ્દથી હર્ષ પામેલા દેવ સદા પ્રકાશમાન ચન્દ્રકિરણોના સમૂહ સમાન આકારવાળા ચંચળ ચામરો ઢોળે છે, તો પણ જે ઈચ્છારહિત છે; તે પાપરૂપ કાલિમા રહિત શ્રી શાન્તિનાથ જિનેન્દ્ર આપણી સદા રક્ષા કરો. ૮.

(शार्दूलविक्रीडित)

निःशेषश्रुतबोधवृद्धमतिभिः पायैरुदारैरपि
स्तोत्रैर्यस्य गुणार्णवस्य हरिभिः पारो न संप्राप्यते।
भव्याम्भोरुहनन्दिकेवलरविर्भक्त्या मयापि स्तुतः
सो ऽस्मान् पातु निरञ्जनो जिनपतिः श्रीशान्तिनाथः सदा ॥९॥

**અનુવાદ :** સમસ્ત શાસ્ત્રજ્ઞાનથી વૃદ્ધિ પામેલી બુદ્ધિવાળા ઇન્દ્રો પણ અનેક મહાન સ્તોત્રો દ્વારા જે શાન્તિનાથ જિનેન્દ્રના ગુણસમૂહનો પાર પામતા નથી તે ભવ્ય જીવોરૂપ કમળોને પ્રફુલ્લિત કરનાર એવા કેવળજ્ઞાનરૂપ સૂર્ય સંયુક્ત જિનેન્દ્રની મેં જે સ્તુતિ કરી છે તે કેવળ ભક્તિને વશ થઈને જ કરી છે. તે પાપરૂપ કાલિમા રહિત શ્રી શાન્તિનાથ જિનેન્દ્ર આપણી સદા રક્ષા કરો. ૯.

આ રીતે શાન્તિનાથ સ્તોત્ર સમાપ્ત થયું. ૧૮.

સહજ ચિદાનંદ.

# ૧૯. શ્રીજિનપૂજાષ્ટક

[१९. श्रीजिनपूजाष्टकम् ]

(वसंततिलका)

जातिर्जरामरणमित्यनलत्रयस्य
जिवाश्रितस्य बहुतापकृतो यथावत् ।
विध्यापनाय जिनपादयुगाग्रभूमौ
धारात्रयं प्रवरवारिकृतं क्षिपामि ।।१।।

**અનુવાદ :** જન્મ, જરા અને મરણ આ જીવના આશ્રયે રહેનાર ત્રણ અગ્નિઓ બહુ સંતાપ કરનારી છે. હું તેમને શાન્ત કરવા માટે જિન ભગવાનના ચરણ યુગલ આગળ વિધિપૂર્વક ઉત્તમ જળથી નિર્મિત ત્રણ ધારાઓનું ક્ષેપણ કરૂં છું. ૧. જળધારા.

(वसंततिलका)

यद्वद्वचो जिनपतेर्भवतापहारि
नाहं सुशीतलमपीह भवामि तद्वत् ।
कर्पूरचन्दनमितीव मयार्पितं सत्
त्वत्पादपङ्कजसमाश्रयणं करोति ।।२।।

**અનુવાદ :** જેવી રીતે જિન ભગવાનની વાણી સંસારનો સંતાપ દૂર કરનારી છે તેવી રીતે શીતળ હોવા છતાં પણ હું તે સંતાપ દૂર કરી શકતો નથી, આ જાતના વિચારથી જ જાણે મારા દ્વારા ભેટ કરવામાં આવેલ કપૂર મિશ્રિત તે ચન્દન હે ભગવાન્! આપના ચરણકમળોનો આશ્રય કરે છે. ૨. ચંદન.

(वसंततिलका)

राजत्यसौ शुचितराक्षतपुञ्जराजि-
र्दत्ताधिकृत्य जिनमक्षतमक्षधूर्तैः ।
वीरस्य नेतरजनस्य तु वीरपट्टो
बद्धः शिरस्यतितरां श्रियमातनोति ।।३।।

**અનુવાદ :** ઈન્દ્રિયરૂપ ધૂર્તોદ્વારા બાધા નહીં પામેલા એવા જિન ભગવાનના આશ્રયે આપવામાં આવેલી તે અતિશય પવિત્ર અક્ષતના પુંજની પંક્તિ સુશોભિત થાય છે. બરાબર છે–પરાક્રમી પુરુષના શિર ઉપર બાંધવામાં આવેલ વીરપટ્ટ જેમ અત્યંત શોભા વિસ્તારે છે તેમ કાયર પુરુષના શિર ઉપર બાંધવામાં આવેલ તેવી શોભા વિસ્તારતો નથી. ૩. અક્ષત.

(वसंततिलका)

साक्षादपुष्पशर एव जिनस्तदेनं
संपूजयामि शुचिपुष्पशरैर्मनोज्ञैः ।
नान्यं तदाश्रयतया किल यन्न यत्र
तत्तत्र रम्यमधिकां कुरुते च लक्ष्मीम् ।।४।।

**અનુવાદ :** આ જિનેન્દ્ર પ્રત્યક્ષ અપુષ્પશર અર્થાત્ પુષ્પશર (કામ) રહિત છે, તેથી હું તેની મનોહર અને પવિત્ર પુષ્પશરો (પુષ્પના હારો) થી પૂજા કરૂં છું. અન્ય (બ્રહ્મા આદિ) કોઈની પણ હું તેમનાથી પૂજા કરતો નથી. કારણ કે તે પુષ્પશર અર્થાત્ કામને આધીન છે. બરાબર છે–જે રમણીય વસ્તુ જ્યાં ન હોય તે ત્યાં અધિક શોભા આપે છે.

**વિશેષાર્થ :** પુષ્પશરના બે અર્થ થાય છે, પુષ્પરૂપ બાણોના ધારક કામદેવ તથા પુષ્પમાળા. અહીંશ્લેષની મુખ્યતાથી ઉક્ત બન્ને અર્થની વિવક્ષા કરીને એમ બતાવવામાં આવ્યું છે કે જિન ભગવાન પાસે પુષ્પશર (કામવાસના) નથી, તેથી હું તેની પુષ્પશરોથી (પુષ્પમાળાઓથી) પૂજા કરૂં છું. અન્ય હરિ, હર અને બ્રહ્મા આદિ પુષ્પશર સહિત છે; માટે તેમની પુષ્પશરોથી પૂજા કરવામાં કાંઈ પણ શોભા નથી. એ જ વાત પુષ્ટ કરવા માટે એમ પણ કહી દેવામાં આવ્યું છે કે જ્યાં જે વસ્તુ નથી ત્યાં જ તે વસ્તુ મૂકવાથી શોભા થાય

છે, નહિ કે જ્યાં તે વસ્તુ વિદ્યમાન હોય ત્યાં મૂકવાથી. તાત્પર્ય એ છે કે જિનેન્દ્ર ભગવાન જ જગત્‌વિજયી કામદેવ રહિત હોવાના કારણે પુષ્પો દ્વારા પૂજવાને યોગ્ય છે, નહિ કે ઉક્ત કામ પીડિત હરિ-હર આદિ. કારણ એ છે કે પૂજક જેમ કામરહિત જિનેન્દ્રની પૂજાથી સ્વયં પણ કામરહિત થઈ જાય છે તેવી રીતે કામ પીડિત અન્યની પૂજા કરવાથી તે કદી પણ તેનાથી રહિત થઈ શકતા નથી. ૪. પુષ્પ.

(वसंततिलका)

**देवो ऽयमिन्द्रियबलप्रलयं करोति**
**नैवेद्यमिन्द्रियबलप्रदखाद्यमेतत् ।**
**चित्रं तथापि पुरतः स्थितमर्हतो ऽस्य**
**शोभां बिभर्ति जगतो नयनोत्सवाय ॥५॥**

**અનુવાદ :** આ ભગવાન ઇન્દ્રિયનું બળ નષ્ટ કરે છે અને આ નૈવેદ્ય ઇન્દ્રિયનું બળ આપનાર ખાદ્ય (ભક્ષ્ય) છે છતાં પણ આશ્ચર્ય છે કે આ અરહંત ભગવાનની આગળ સ્થિત તે નૈવેદ્ય જગત્‌ના પ્રાણીઓના નેત્રોને આનંદદાયક શોભા ધારણ કરે છે. ૫. નૈવેદ્ય.

(वसंततिलका)

**आरार्तिकं तरलवह्निशिखं विभाति**
**स्वच्छे जिनस्य वपुषि प्रतिबिम्बितं सत् ।**
**ध्यानानलो मृगयमाण इवावशिष्टं**
**दग्धुं परिभ्रमति कर्मचयं प्रचण्डः ॥६॥**

**અનુવાદ :** ચંચળ અગ્નિશિખાથી સંયુક્ત આરતીનો દીપક જિન ભગવાનના સ્વચ્છ શરીરમાં પ્રતિબિંબિત થઈને એવો શોભે છે કે જાણે તે બાકી રહેલા (અઘાતિ) કર્મસમૂહને બાળવા માટે શોધતી તીવ્ર ધ્યાનરૂપ અગ્નિ જ ફરી રહી હોય. ૬. દીપ.

(वसंततिलका)

**कस्तूरिकारसमयीरिव पत्रवल्लीः**
**कुर्वन् मुखेषु चलनैरिह दिग्वधूनाम् ।**

हर्षादिव प्रभुजिनाश्रयणेन वात-
प्रेङ्खद्वपुर्नटति पश्यत धूपधूमः ।।७।।

**અનુવાદ :** જુઓ, વાયુથી કંપતા શરીરવાળો ધૂપનો ધૂમાડો પોતાના કંપનથી (ચંચળતાથી) જાણે અહીં દિશાઓરૂપ સ્ત્રીઓના મુખમાં કસ્તૂરીના રસમાંથી બનાવેલી પત્રવલ્લી (ગાલ ઉપર કરવામાં આવતી રચના) ને કરતો થકો જિન ભગવાનના આશ્રયથી પ્રાપ્ત થયેલ હર્ષથી નાચી જ રહ્યો છે. ૭. ધૂપ.

(वसंततिलका)

उच्चैःफलाय परमामृतसंज्ञकाय
नानाफलैर्जिनपतिं परिपूजयामि ।
तद्भक्तिरेव सकलानि फलानि दत्ते
मोहेन तत्तदपि याचत एव लोकः ।।८।।

**અનુવાદ :** હું ઉત્કૃષ્ટ અમૃત નામનું ઉન્નત ફળ (મોક્ષ) પ્રાપ્ત કરવા માટે અનેક ફળોથી જિનેન્દ્રદેવની પૂજા કરૂં છું. જો કે જિનેન્દ્રની ભક્તિ જ સમસ્ત ફળો આપે છે, તો પણ મનુષ્ય અજ્ઞાનથી ફળની યાચના કર્યા કરે છે. ૮. ફળ.

(वसंततिलका)

पूजाविधिं विधिवदत्र विधाय देवे
स्तोत्रं च संमदरसाश्रितचित्तवृत्तिः ।
पुष्पाञ्जलिं विमलकेवललोचनाय
यच्छामि सर्वजनशान्तिकराय तस्मै ।।९।।

**અનુવાદ :** હર્ષરૂપ જળથી પરિપૂર્ણ મનોવ્યાપાર સહિત હું અહીં વિધિપૂર્વક જિનભગવાનના વિષયમાં પૂજાવિધાન અને સ્તુતિ કરીને નિર્મળ કેવળજ્ઞાનરૂપ નેત્ર સંયુક્ત થઈને સર્વ જીવોને શાન્તિ પ્રદાન કરનાર તે જિનેન્દ્રને પુષ્પાંજલિ આપું છું. ૯. અર્ઘ.

(वसंततिलका)

श्रीपद्मनन्दितगुणौघ न कार्यमस्ति
पूजादिना यदपि ते कृतकृत्यतायाः ।

स्वश्रेयसे तदपि तत्कुरुते जनोऽर्हन्
कार्या कृषिः फलकृते न तु भूपकृत्यै ॥१०॥

**અનુવાદ :** મુનિ પદ્મ (પદ્મનન્દી) દ્વારા જેના ગુણ સમૂહની સ્તુતિ કરવામાં આવી છે એવા હે અરહંતદેવ! જો કે કૃતકૃત્યતા પામી જવાથી તમને પૂજા આદિથી કાંઈ પણ પ્રયોજન રહ્યું નથી, તો પણ મનુષ્ય પોતાના કલ્યાણ માટે તમારી પૂજા કરે છે. બરાબર પણ છે–ખેતી પોતાનું જ પ્રયોજન સિદ્ધ કરવા માટે કરવામાં આવે છે, નહિ કે રાજાનું પ્રયોજન સિદ્ધ કરવા માટે.

**વિશેષાર્થ :** જેમ ખેડૂત જે ખેતી કરે છે તેમાંથી તે કેટલોક ભાગ જો કે કરરૂપે રાજાને પણ આપે છે તો પણ તે રાજાના નિમિત્તે કાંઈ ખેતી કરતો નથી પરંતુ પોતાના જ પ્રયોજન (કુટુંબ પરિપાલન આદિ) ને સાધવા માટે તે કરે છે. બરાબર એવી જ રીતે ભક્તજનો જે જિનેન્દ્ર આદિની પૂજા કરે છે તે કાંઈ તેમને પ્રસન્ન કરવા માટે કરતા નથી, પરંતુ પોતાના આત્મપરિણામોની નિર્મળતા માટે જ કરે છે. કારણ એ છે કે જિન ભગવાન તો વીતરાગ (રાગ-દ્વેષ રહિત) છે, તેથી તેનાથી તેમની પ્રસન્નતા તો સંભવતી નથી; છતાં પણ તેનાથી પૂજા કરનારાને પરિણામોમાં જે નિર્મળતા ઉત્પન્ન થાય છે તેનાથી તેના પાપકર્મોનો રસ ક્ષીણ થાય છે અને પુણ્યકર્મોનો અનુભાગ વૃદ્ધિ પામે છે. આ રીતે દુઃખનો વિનાશ થઈને તેને સુખની પ્રાપ્તિ સ્વયમેવ થાય છે. આચાર્યપ્રવર શ્રી સમન્તભદ્ર સ્વામીએ પણ એમ જ કહ્યું છે–न पूजयार्थस्त्वयि वीतरागे न निन्दया नाथ विवान्तवैरे। तथापि ते पुण्यगुणस्मृतिर्नः पुनातु चित्तं दुरिताञ्जनेभ्यः ॥ અર્થાત્ હે ભગવન્! આપ વીતરાગ છો તેથી આપને પૂજાનું કાંઈ પ્રયોજન રહ્યું નથી તથા આપ વૈરભાવ (દ્વેષ બુદ્ધિ) થી પણ રહિત છો તેથી નિન્દાનું પણ આપને કાંઈ પ્રયોજન રહ્યું નથી. છતાં પણ પૂજા આદિ દ્વારા થતું આપના પવિત્ર ગુણનું સ્મરણ અમારા ચિત્તને પાપરૂપ કાલિમાથી બચાવે છે. [સ્વયંભૂ સ્તોત્ર. ૫૭]. ૧૦.

આ રીતે જિનપૂજાષ્ટક સમાપ્ત થયું. ૧૯.

# ૨૦. શ્રી કરુણાષ્ટક

## [२०. करुणाष्टम्]

(आर्या)

त्रिभुवनगुरो जिनेश्वर परमानन्दैककारण कुरुष्व ।
मयि किंकरेऽत्र करुणां तथा यथा जायते मुक्तिः ॥१॥

**અનુવાદ :** ત્રણે લોકના ગુરુ અને ઉત્કૃષ્ટ સુખના અદ્વિતીય કારણ એવા હે જિનેશ્વર! આ દાસ ઉપર એવી કૃપા કરો કે જેથી મને મુક્તિ પ્રાપ્ત થઈ જાય. ૧.

(आर्या)

निर्विण्णो ऽहं नितरामर्हन् बहुदुःखया भवस्थित्या ।
अपुनर्भवाय भवहर कुरु करुणामत्र मयि दीने ॥२॥

**અનુવાદ :** હે સંસારના નાશક અરહંત! હું અનેક દુઃખ ઉત્પન્ન કરનાર આ સંસારવાસનાથી અત્યંત વિરક્ત થયો છું. આપ આ દીન ઉપર એવી કૃપા કરો કે જેથી મારે ફરી જન્મ ન લેવો પડે અર્થાત્ હું મુક્ત થઈ જાઉં. ૨.

(आर्या)

उद्धर मां पतितमतो विषमाद्भवकूपतः कृपां कृत्वा ।
अर्हन्नलमुद्धरणे त्वमसीति पुनः पुनर्वच्मि ॥३॥

**અનુવાદ :** હે અરહંત! આપ કૃપા કરીને આ ભયાનક સંસારરૂપ કૂવામાં પડેલા મારો તેનાથી ઉદ્ધાર કરો. આપ તેમાંથી ઉદ્ધાર કરવા માટે સમર્થ છો. તેથી હું વારંવાર આપને નિવેદન કરૂં છું. ૩.

(आर्या)

त्वं कारुणिकः स्वामी त्वमेव शरणं जिनेश तेनाहम् ।
मोहरिपुदलितमानः पूत्कारं तव पुरः कुर्वे ।।४।।

**અનુવાદ :** હે જિનેશ! તમે જ દયાળુ છો, તમે જ પ્રભુ છો, અને તમે જ રક્ષક છો. તેથી મોહરૂપ શત્રુદ્વારા જેનું માનમર્દન કરવામાં આવ્યું છે એવો હું આપની પાસે પોકારીને કહું છું. ૪.

(आर्या)

ग्रामपतेरपि करुणा परेण केनाप्युपद्रुते पुंसि ।
जगतां प्रभोर्न किं तव जिन मयि खलकर्मभिः प्रहते ।।५।।

**અનુવાદ :** હે જિન! જે એક ગામના સ્વામી હોય છે તે પણ કોઈ બીજા દ્વારા પીડિત મનુષ્ય ઉપર દયા કરે છે. તો પછી જો આપ ત્રણે ય લોકના સ્વામી છો તો શું દુષ્ટ કર્મો દ્વારા પીડિત મારા ઉપર દયા નહિ કરો? અર્થાત્ અવશ્ય કરશો. ૫.

(आर्या)

अपहर मम जन्म दयां कृत्वेत्येकत्र वचसि वक्तव्ये ।
तेनातिदग्ध इति मे देव बभूव प्रलापित्वम् ।।६।।

**અનુવાદ :** હે દેવ! આપ કૃપા કરીને મારા જન્મ (જન્મ-મરણરૂપ સંસાર)નો નાશ કરો, એ જ એક વાત મારે આપને કહેવાની છે. પરંતુ હું તો જન્મથી અતિશય બળેલો છું અર્થાત્ પીડિત છું તેથી હું ઘણો બકવાદી બન્યો છું. ૬.

(आर्या)

तव जिनचरणाब्जयुगं करुणामृतसंगशीतलं यावत् ।
संसारातपतप्तः करोमि हृदि तावदेव सुखी ।।७।।

**અનુવાદ :** હે જિન! સંસારરૂપ તડકાથી સંતાપ પામેલો હું જ્યાંસુધી દયારૂપ અમૃતની સંગતિથી શીતળતા પામેલા તમારા બન્ને ચરણકમળોને હૃદયમાં ધારણ કરું છું ત્યાંસુધી જ સુખી રહું છું. ૭.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



(आर्या)

**जगदेकशरण भगवन्नसमश्रीपद्मनन्दितगुणौघ ।**
**किं बहुना कुरु करुणाम् अत्र जने शरणमापन्ने ।।८।।**

**અનુવાદ :** જગતના પ્રાણીઓના અદ્વિતીય રક્ષક તથા અસાધારણ લક્ષ્મી સંપન્ન અને મુનિ પદ્મનન્દી દ્વારા સ્તુતિ કરાયેલ ગુણસમૂહ સહિત એવા હે ભગવન્! હું વધારે શું કહું? શરણે આવેલા આ જન (મારા) ઉપર આપ દયા કરો. ૮.

આ રીતે કરુણાષ્ટક સમાપ્ત થયું. ૨૦.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# ૨૧. ક્રિયાકાંડચૂલિકા

[२१. क्रियाकाण्डचूलिका]

(शार्दूलविक्रीडित)

सम्यग्दर्शनबोधवृत्तसमताशीलक्षमाद्यैर्घनैः
संकेताश्रयवज्जिनेश्वर भवान् सर्वैर्गुणैराश्रितः ।
मन्ये त्वय्यवकाशलब्धिरहितैः सर्वत्र लोके वयं
संग्राह्या इति गर्वितैः परिहृतो दोषैरशेषैरपि ।।१।।

**અનુવાદ :** હે જિનેશ્વર! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સમતા, શીલ અને ક્ષમા આદિ સર્વ ગુણોએ જે સંકેતગૃહ સમાન આપનો સઘનરૂપે આશ્રય કર્યો છે; તેથી મને એમ લાગે છે આપનામાં સ્થાન પ્રાપ્ત ન થવાથી 'લોકમાં અમે સર્વત્ર સંગ્રહ કરવાને યોગ્ય છીએ' એ જાતનું અભિમાન પામીને જ જાણે કે બધા દોષોએ આપને છોડી દીધા છે.

**વિશેષાર્થ :** જિન ભગવાનમાં સમ્યગ્દર્શન, આદિ બધા ઉત્તમોત્તમ ગુણો હોય છે. પરંતુ દોષ તેમનામાં એક પણ હોતો નથી. તેથી ગ્રન્થકારે અહીં આ ઉત્પ્રેક્ષા કરી છે કે તેમની અંદર એટલા બધા ગુણો પ્રવેશી ચુક્યા હતા કે દોષોને માટે ત્યાં સ્થાન જ રહ્યું નહોતું. તેથી જાણે તેમનાથી તિરસ્કૃત થવાને કારણે દોષોને એ અભિમાન જ ઉત્પન્ન થયું હતું કે લોકમાં અમારો સંગ્રહ તો બધા જ કરવા ઈચ્છે છે તો પછી જો આ જિન અમારી ઉપેક્ષા કરે છે તો અમે એમની પાસે કદી પણ નહિ જઈએ. આ અભિમાનને કારણે જ તે દોષોએ જિનેન્દ્રદેવને છોડી દીધા હતા. ૧.

(वसंततिलका)

यस्त्वामनन्तगुणमेकविभुं त्रिलोक्याः
स्तौति प्रभूतकवितागुणगर्वितात्मा ।

आरोहति द्रुमशिरः स नरो नभो ऽन्तं
गन्तुं जिनेन्द्र मतिविभ्रमतो बुधो ऽपि ।।२।।

**અનુવાદ :** હે જિનેન્દ્ર! કવિતા કરવા યોગ્ય અનેક ગુણો હોવાથી અભિમાન પામેલો જે મનુષ્ય અનંત ગુણો સહિત અને ત્રણે લોકના અદ્વિતીય પ્રભુસ્વરૂપ તમારી સ્તુતિ કરે છે તે વિદ્વાન હોવા છતાં પણ જાણે બુદ્ધિની વિપરીતતાથી (મૂર્ખતાથી) આકાશનો અંત પામવા માટે વૃક્ષના શિખર ઉપર જ ચડે છે.

**વિશેષાર્થ :** જેમ અનંત આકાશનો અંત પામવો અસંભવ છે તેવી જ રીતે ત્રિલોકીનાથ (જિનેન્દ્ર)ના અનંત ગુણોનો પણ સ્તુતિ દ્વારા અંત પામવો અસંભવ જ છે. છતાં પણ જે વિદ્વાન કવિ સ્તુતિ દ્વારા તેમના અનંત ગુણોનું કીર્તન કરવા ઇચ્છે છે, તો એમ સમજવું જોઈએ કે તે પોતાના કવિત્વ ગુણના અભિમાનથી જ તેમ કરવાને ઉદ્યત થયો છે. ૨.

(वसंततिलका)

शक्नोति कर्तुमिह कः स्तवनं समस्त-
विद्याधिपस्य भवतो विबुधार्चिताङ्घ्रेः ।
तत्रापि तज्जिनपते कुरुते जनो यत्
तच्चित्तमध्यगतभक्तिनिवेदनाय ।।३।।

**અનુવાદ :** જે સમસ્ત વિદ્યાઓના સ્વામી છે તથા જેમના ચરણ દેવો દ્વારા પૂજવામાં આવ્યા છે એવા આપની સ્તુતિ કરવા માટે અહીં કોણ સમર્થ છે? અર્થાત્ કોઈપણ સમર્થ નથી. છતાં પણ હે જિનેન્દ્ર! જે મનુષ્ય આપની સ્તુતિ કરે છે તે પોતાના ચિત્તમાં રહેતી ભક્તિ પ્રગટ કરવા માટે જ કરે છે. ૩.

(वसंततिलका)

नामापि देव भवतः स्मृतिगोचरत्वं
वाग्गोचरत्वमथ येन सुभक्तिभाजा ।
नीतं लभेत स नरो निखिलार्थसिद्धिं
साध्वी स्तुतिर्भवतु मां किल कात्र चिन्ता ।।४।।

**અનુવાદ :** હે દેવ! જે મનુષ્ય અતિશય ભક્તિયુક્ત થઈને આપના નામને

પણ સ્મૃતિનો વિષય અથવા વચનનો વિષય બનાવે છે–મનથી આપના નામનું ચિન્તન તથા વચનથી કેવળ તેનું ઉચ્ચારણ જ કરે છે–તેના સર્વ પ્રકારના પ્રયોજન સિદ્ધ થાય છે. એવી હાલતમાં મારે શી ચિન્તા છે? અર્થાત્ કાંઈ પણ નથી. તે ઉત્તમ સ્તુતિ જ પ્રયોજન સિદ્ધ કરનારી થાવ. ૪.

(वसंततिलका)

**एतावतैव मम पूर्यत एव देव**
**सेवां करोमि भवतश्चरणद्वयस्य ।**
**अत्रैव जन्मनि परत्र च सर्वकालं**
**न त्वामितः परमहं जिन याचयामि ।।५।।**

**અનુવાદ :** હે દેવ! હું આ જન્મમાં તથા બીજા જન્મમાં પણ નિરંતર આપના ચરણયુગલની સેવા કરતો રહું, એટલા માત્રથી જ મારૂં પ્રયોજન પૂર્ણ થઈ જાય છે. હે જિનેન્દ્ર! એથી અધિક હું આપની પાસે બીજું કાંઈ માગતો નથી. ૫.

(वसंततिलका)

**सर्वागमावगमतः खलु तत्त्वबोधो**
**मोक्षाय वृत्तमपि संप्रति दुर्घटं नः ।**
**जाड्यात्तथा कुतनुतस्त्वयि भक्तिरेव**
**देवास्ति सैव भवतु क्रमतस्तदर्थम् ।।६।।**

**અનુવાદ :** હે દેવ! મુક્તિના કારણભૂત જે તત્ત્વજ્ઞાન છે તે નિશ્ચયથી સમસ્ત આગમો જાણી લેવાથી પ્રાપ્ત થાય છે અને તે અમે જડબુદ્ધિ હોવાથી અમારે માટે દુર્લભ જ છે. એ જ રીતે તે મોક્ષના કારણભૂત જે ચારિત્ર છે તે પણ શરીરની દુર્બળતાથી આ વખતે અમને પ્રાપ્ત થઈ શકતું નથી એ કારણે આપના વિષયમાં જે મારી ભક્તિ છે તે જ ક્રમશઃ મને મુક્તિનું કારણ થાવ. ૬.

(मालिनी)

**हरति हरतु वृद्धं वार्धकं कायकान्तिं**
**दधति दधतु दूरं मन्दतामिन्द्रियाणि ।**

भवति भवतु दुःखं जायतां वा विनाशः
परमिह जिननाथे भक्तिरेका ममास्तु ।।७।।

**અનુવાદ :** વૃદ્ધિને પ્રાપ્ત થયેલ વૃદ્ધાવસ્થા જો શરીરની કાંતિ નષ્ટ કરે છે તો કરો, જો ઇન્દ્રિયો અત્યંત શિથિલતા ધારણ કરે છે તો કરો, જો દુઃખ થાય છે તો થાવ તથા જો વિનાશ થાય છે તો પણ ભલે થાય. પરંતુ અહીં મારી એક માત્ર જિનેન્દ્રના વિષયમાં ભક્તિ બની રહો. ૭.

(वसंततिलका)

अस्तु त्रयं मम सुदर्शनबोधवृत्त-
संबन्धि यान्तु च समस्तदुरीहितानि ।
याचे न किंचिदपरं भगवन् भवन्तं
नाप्राप्तमस्ति किमपीह यतस्त्रिलोक्याम् ।।८।।

**અનુવાદ :** હે ભગવાન્! મને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સંબંધી ત્રણ અર્થાત્ રત્નત્રય પ્રાપ્ત થાવ. તથા મારી સમસ્ત દુશ્ચેષ્ટાઓ નષ્ટ થઈ જાવ, એથી અધિક હું આપની પાસે બીજું કાંઈ નથી માગતો; કારણ કે ત્રણે લોકમાં હજી સુધી જે પ્રાપ્ત ન થયું હોય એવું અન્ય કાંઈ પણ નથી.

**વિશેષાર્થ :** અહીં જિનેન્દ્ર ભગવાન પાસે કેવળ એક એ જ યાચના કરવામાં આવી છે કે આપની કૃપાથી મારી દુષ્ટ વૃત્તિ નષ્ટ થઈને મને રત્નત્રયની પ્રાપ્તિ થાવ, એ સિવાય બીજી કોઈ પણ યાચના કરવામાં આવી નથી. એનું કારણ એ આપવામાં આવ્યું છે કે અનંતકાળથી આ સંસારમાં પરિભ્રમણ કરતાં પ્રાણીએ ઇન્દ્ર અને ચક્રવર્તી આદિના પદ તો અનેક વાર પ્રાપ્ત કરી લીધાં, પરંતુ રત્નત્રયની પ્રાપ્તિ તેને હજી સુધી કદી થઈ નથી. તેથી તે પૂર્વે નહિ પ્રાપ્ત થયેલા રત્નત્રયની જ અહીં યાચના કરવામાં આવી છે. નીતિકાર પણ એ જ કહે કે लोको 'ह्यभिनवप्रियः' અર્થાત્ જનસમૂહ નવી નવી વસ્તુ પ્રત્યે જ અનુરાગ કર્યા કરે છે. ૮.

(वसंततिलका)

धन्यो ऽस्मि पुण्यनिलयो ऽस्मि निराकुलो ऽस्मि
शान्तो ऽस्मि नष्टविपदस्मि विदस्मि देव ।

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



श्रीमज्जिनेन्द्र भवतो ऽङ्घ्रियुगं शरण्यं
प्राप्तो ऽस्मि चेदहमतीन्द्रियसौख्यकारि ।।९।।

**અનુવાદ :** હે શ્રીમદ્ જિનેન્દ્રદેવ! હું અતીન્દ્રિય સુખ (મોક્ષસુખ) કરનાર, આપના ચરણયુગલનું શરણ પ્રાપ્ત કરી ચૂક્યો છું; માટે હું ધન્ય છું, પુણ્યનું સ્થાન છું, આકુળતા રહિત છું, શાન્ત છું, વિપત્તિઓ રહિત છું અને જ્ઞાતા પણ છું. ૯.

(वसंततिलका)

रत्नत्रये तपसि पङ्क्तिविधे च धर्मे
मूलोत्तरेषु च गुणेष्वथ गुप्तिकार्ये ।
दर्पात्प्रमादत उतागसि मे प्रवृत्ते
मिथ्यास्तु नाथ जिनदेव तव प्रसादात् ।।१०।।

**અનુવાદ :** હે નાથ! હે જિનદેવ! રત્નત્રય, તપ, દસ પ્રકારના ધર્મ, મૂળગુણ, ઉત્તરગુણ અને ગુપ્તિરૂપ કાર્ય; આ બધાના વિષયમાં અભિમાનથી અથવા પ્રમાદથી મારી સદોષ પ્રવૃત્તિ થઈ હોય તે આપના પ્રસાદથી મિથ્યા થાવ. ૧૦.

(उपेन्द्रवज्रा)

मनोवचो ऽङ्गैः कृतमङ्गिपीडनं
प्रमोदितं कारितमत्र यन्मया ।
प्रमादतो दर्पत एतदाश्रयं
तऽस्तु मिथ्या जिन दुष्कृतं मम ।।११।।

**અનુવાદ :** હે જિન! પ્રમાદથી અથવા અભિમાનથી જે મેં અહીં મન, વચન અને શરીરથી પ્રાણીઓનું પીડન સ્વયં કર્યું હોય, બીજાઓ પાસે કરાવ્યું હોય અથવા પ્રાણીને પીડા ઉપજાવતા જીવને જોઈને હર્ષ પ્રગટ કર્યો હોય; તેના આશ્રયે થનાર મારૂં તે પાપ મિથ્યા થાવ. ૧૧.

(शार्दूलविक्रीडित)

चिन्तादुष्परिणामसंततिवशादुन्मार्गगाया गिरः
कायात्संवृतिवर्जितादनुचितं कर्मार्जितं यन्मया ।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

तन्नाशं व्रजतु प्रभो जिनपते त्वत्पादपद्मस्मृते-
रेषा मोक्षफलप्रदा किल कथं नास्मिन् समर्था भवेत् ॥१२॥

**અનુવાદ :** હે જિનેન્દ્ર પ્રભો! ચિન્તાને કારણે ઉત્પન્ન થયેલ અશુભ પરિણામોને વશ થઈને અર્થાત્ મનની દુષ્ટ વૃત્તિથી, કુમાર્ગમાં પ્રવૃત્ત થયેલી વાણી અર્થાત્ સાવદ્ય વચન દ્વારા તથા સંવર રહિત શરીર દ્વારા જે મેં અનુચિત (પાપ) કર્મ ઉત્પન્ન કર્યું છે તે તમારા ચરણ-કમળના સ્મરણથી નાશ પામો. બરાબર પણ છે જે તમારા ચરણ-કમળનું સ્મરણ મોક્ષરૂપ ફળ આપે છે તે આ (પાપવિનાશ) કાર્યમાં કેમ સમર્થ ન થાય? અવશ્ય થશે. ૧૨.

(वसंततिलका)

वाणी प्रमाणमिह सर्वविदस्त्रिलोकी-
सद्मन्यसौ प्रवरदीपशिखासमाना ।
स्याद्वादकान्तिकलिता नृसुराहिवन्द्या
कालत्रये प्रकटिताखिलवस्तुतत्त्वा ॥१३॥

**અનુવાદ :** જે સર્વજ્ઞની વાણી (જિનવાણી) ત્રણ લોકરૂપ ઘરમાં ઉત્તમ દીપકની શિખા સમાન થઈને સ્યાદ્વાદરૂપ પ્રભા સહિત છે; મનુષ્ય, દેવ અને નાગકુમારોથી વંદનીય છે; તથા ત્રણે કાળની વસ્તુઓના સ્વરૂપને પ્રગટ કરનારી છે; તે અહીં પ્રમાણ (સત્ય) છે.

**વિશેષાર્થ :** અહીં જિનવાણીને દીપશિખા સમાન બતાવીને તેના કરતાં પણ તેમાં કાંઈક વિશેષતા પ્રગટ કરવામાં આવી છે. જેમ કે–દીપશિખા ઘરની અંદરની જ વસ્તુઓને પ્રકાશિત કરે છે પણ જિનવાણી ત્રણે લોકની અંદરની બધી જ વસ્તુઓને પ્રકાશિત કરે છે. દીપક જો પ્રભાસહિત હોય છે તો તે વાણી પણ અનેકાન્તરૂપ પ્રભાસહિત છે; દીપશિખાને જો કેટલાક મનુષ્યો જ વંદન કરે છે તો જિનવાણીને મનુષ્યો, દેવો અને અસુરો પણ વંદન કરે છે; તથા દીપશિખા જો વર્તમાનની કેટલીક જ વસ્તુઓને પ્રગટ કરે છે તો તે જિનવાણી ત્રણેય કાળની સમસ્ત વસ્તુઓને પ્રગટ કરે છે. આ રીતે દીપશિખા સમાન હોવા છતાં પણ તે જિનવાણીનું સ્વરૂપ અપૂર્વ જ છે. ૧૩.

(पृथ्वी)

क्षमस्व मम वाणि तज्जिनपतिश्रुतादिस्तुतौ
यदूनमभवन्मनोवचनकायवैकल्यतः ।

**अनेकभवसंभवैर्जडिमकारणैः कर्मभिः**
**कुतोऽत्र किल मादृशे जननि तादृशं पाटवम् ।।१४।।**

**અનુવાદ :** હે વાણી! જિનેન્દ્ર અને સરસ્વતી આદિની સ્તુતિના વિષયમાં મન, વચન અને શરીરની વિકળતાના કારણે જે કાંઈ ખામી રહી હોય તેને હે માતા! તું ક્ષમા કર. કારણ એ છે કે અનેક ભવોમાં ઉપાર્જિત અને અજ્ઞાન ઉત્પન્ન કરનાર કર્મોનો ઉદય રહેવાથી મારા જેવા મનુષ્યમાં તેવી નિપુણતા ક્યાંથી હોઈ શકે? અર્થાત્ હોઈ શકે નહિ. ૧૪.

(अनुष्टुभ)

**पल्लवो ऽयं क्रियाकाण्डकल्पशाखाग्रसंगतः ।**
**जीयादशेषभव्यानां प्रार्थितार्थफलप्रदः ।।१५।।**

**અનુવાદ :** સમસ્ત ભવ્ય જીવોને ઈષ્ટ ફળ આપનાર આ ક્રિયાકાંડરૂપ કલ્પવૃક્ષની શાખાના અગ્રભાગે લાગેલ નવીન પત્ર જયવંત હો. ૧૫.

(भुजंगयालप्रयात्त)

**क्रियाकाण्डसंबन्धिनी चूलिकेयं**
**नरैः पठ्यते यैस्त्रिसंध्यं च तेषाम् ।**
**वपुर्भारतीचित्तवैकल्यतो या**
**न पूर्णा क्रिया सापि पूर्णत्वमेति ।।१६।।**

**અનુવાદ :** જે મનુષ્ય ક્રિયાકાંડ સંબંધી આ ચૂલિકા ત્રણે સંધ્યાકાળે ભણે છે તેમની શરીર, વાણી અને મનની વિકળતાને કારણે જે ક્રિયા પૂર્ણ ન થઈ હોય તે પણ પૂર્ણ થઈ જાય છે. ૧૬.

(पृथ्वी)

**जिनेश्वर नमो ऽस्तु ते त्रिभुवनैकचूडामणे**
**गतो ऽस्मि शरणं विभो भवभिया भवन्तं प्रति ।**
**तदाहतिकृते बुधैरकथि तत्त्वमतन्मया-**
**श्रितं सुदृढचेतसा भवहरस्त्वमेवात्र यत् ।।१७।।**

**અનુવાદ :** હે જિનેશ્વર! હે ત્રણ લોકના ચૂડામણિ વિભો! તમને નમસ્કાર હો. હું સંસારના ભયથી આપના શરણે આવ્યો છું. વિદ્વાનોએ તે સંસારનો નાશ કરવા માટે આ જ તત્ત્વ બતાવ્યું છે, તેથી મેં દૃઢચિત્ત કરીને આનું જ આલંબન લીધું છે કારણ એ છે કે અહીં સંસારનો નાશ કરનાર તમે જ છો. ૧૭.

(वसंततिलका)

**अर्हन् समाश्रितसमस्तनरामरादि-**
**भव्याब्जनन्दिवचनांशुरवेस्तवाग्रे ।**
**मौखर्यमेतदबुधेन मया कृतं यत्-**
**तद्भूरिभक्तिरभसस्थितमानसेन ॥१८॥**

**અનુવાદ :** હે અરહંત! જેમ સૂર્ય પોતાના કિરણો દ્વારા સમસ્ત કમળોને પ્રફુલ્લિત કરે છે તેવી જ રીતે આપ પણ સભા (સમવસરણ) માં આવેલ સમસ્ત મનુષ્ય અને દેવ આદિ ભવ્ય જીવો રૂપ કમળોને પોતાના વચનરૂપ કિરણો દ્વારા પ્રફુલ્લિત કરો છો. આપની આગળ જે વિદ્વતા વિનાના મેં આ વાચાળતા (સ્તુતિ) કરી છે તે કેવળ આપની મહાન ભક્તિના વેગમાં મન સ્થિત હોવાથી અર્થાત્ મનમાં અતિશય ભક્તિ હોવાથી જ કરી છે. ૧૮.

આ રીતે ક્રિયાકાંડચૂલિકા સમાપ્ત થઈ. ૨૧.

# ૨૨. એકત્વભાવનાદશક

## [२२. एकत्वभावनादशकम् ]

(अनुष्टुभ् )

स्वानुभूत्यैव यद्गम्यं रम्यं यच्चात्मवेदिनाम् ।
जल्पे तत्परमं ज्योतिरवाङ्मानसगोचरम् ।।१।।

**અનુવાદ :** જે પરમ જ્યોતિ કેવળ સ્વાનુભવથી જ ગમ્ય (પ્રાપ્ત કરવા યોગ્ય) તથા આત્મજ્ઞાનીઓને રમણીય છે તે વચન અને મનના અવિષયભૂત પરમ (ઉત્કૃષ્ટ) જ્યોતિના વિષયમાં હું કાંઈક કહું છું . ૧.

(अनुष्टुभ् )

एकत्वैकपदप्राप्तमात्मतत्त्वमवैति यः ।
आराध्यते स एवान्येस्तस्याराध्यो न विद्यते ।।२।।

**અનુવાદ :** જે ભવ્ય જીવ એકત્વ ( અદ્વૈત) રૂપ અદ્વિતીયપદને પામેલ આત્મતત્ત્વને જાણે છે તે પોતે જ બીજાઓ દ્વારા આરાધાય છે અર્થાત્ બીજા પ્રાણી તેની જ આરાધના કરે છે, તેના આરાધ્ય (પૂજનીય) બીજું કોઈ રહેતું નથી. ૨.

(अनुष्टुभ् )

एकत्वज्ञो बहुभ्यो ऽपि कर्मभ्यो न बिभेति सः ।
योगी सुनौगतो ऽम्भोधिजलेभ्य इव धीरधीः ।।३।।

**અનુવાદ :** જેમ ઉત્કૃષ્ટ નાવને પ્રાપ્ત થયેલ ધીરબુદ્ધિ (સાહસી) મનુષ્ય સમુદ્રના અપરિમિત જળથી ડરતો નથી તેવી જ રીતે એકત્વનો જાણકાર તે યોગી ઘણા કર્મોથી પણ ડરતો નથી. ૩.

(अनुष्टुभ्)

चैतन्यैकत्वसंवित्तिर्दुर्लभा सैव मोक्षदा ।
लब्धा कथं कथंचिच्चेच्चिन्तनीया मुहुर्मुहुः ।।४।।

**અનુવાદ :** ચૈતન્યરૂપ એકત્વનું જ્ઞાન દુર્લભ છે, પરંતુ મોક્ષ આપનાર તે જ છે. જો તે કોઈ પણ પ્રકારે પ્રાપ્ત થઈ જાય તો તેનું વારંવાર ચિંતન કરવું જોઈએ. ૪.

(अनुष्टुभ्)

मोक्ष एव सुखं साक्षात्तच्च साध्यं मुमुक्षुभिः ।
संसारे ऽत्र तु तन्नास्ति यदस्ति खलु तन्न तत् ।।५।।

**અનુવાદ :** વાસ્તવિક સુખ મોક્ષમાં છે અને તે મુમુક્ષુજનો દ્વારા સિદ્ધ કરવા યોગ્ય છે. અહીં સંસારમાં તે સુખ નથી. અહીં જે સુખ છે તે નિશ્ચયથી યથાર્થ સુખ નથી. ૫.

(अनुष्टुभ्)

किंचित्संसारसंबन्धि बन्धुरं नेति निश्चयात् ।
गुरूपदेशतो ऽस्माकं निःश्रेयसपदं प्रियम् ।।६।।

**અનુવાદ :** સંસાર સંબંધી કોઈ પણ વસ્તુ રમણીય નથી, આ જાતનો અમને ગુરુના ઉપદેશથી નિશ્ચય થઈ ગયો છે. એ જ કારણે અમને મોક્ષપદ પ્યારૂં છે. ૬.

(अनुष्टुभ्)

मोहोदयविषाक्रान्तमपि स्वर्गसुखं चलम् ।
का कथापरसौख्यानामलं भवसुखेन मे ।।७।।

**અનુવાદ :** મોહના ઉદયરૂપ વિષથી મિશ્રિત સ્વર્ગનું સુખ પણ જો નશ્વર હોય તો ભલા બીજા તુચ્છ સુખોના સંબંધોમાં શું કહેવું? અર્થાત્ તે તો અત્યંત વિનશ્વર અને હેય છે જ. તેથી મને એવા સંસારસુખથી બસ થાવ–હું એવું સંસારસુખ ચાહતો નથી. ૭.

(अनुष्टुभ्)

लक्ष्यीकृत्य सदात्मानं शुद्धबोधमयं मुनिः ।
आस्ते यः सुमतिश्चात्र सो ऽप्यमुत्र चरन्नपि ।।८।।

**અનુવાદ :** જે નિર્મળ બુદ્ધિ ધારણ કરનાર મુનિ આ લોકમાં નિરંતર શુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્માનું લક્ષ્ય રાખીને રહે છે તે પરલોકમાં સંચાર કરવા છતાં પણ તે જ રીતે રહે છે. ૮.

(अनुष्टुभ्)

**वीतरागपथे स्वस्थः प्रस्थितो मुनिपुङ्गवः ।**
**तस्य मुक्तिसुखप्राप्तेः कः प्रत्यूहो जगत्त्रये ।।९।।**

**અનુવાદ :** જે શ્રેષ્ઠ મુનિ આત્મલીન થઈને વીતરાગમાર્ગ અર્થાત્ મોક્ષમાર્ગમાં પ્રસ્થાન કરી રહ્યો છે તેને મોક્ષસુખની પ્રાપ્તિમાં ત્રણે લોકમાં કોઈ પણ વિઘ્ન ઉપસ્થિત થઈ શકતું નથી. ૯.

(अनुष्टुभ्)

**इत्येकाग्रमना नित्यं भावयन् भावनापदम् ।**
**मोक्षलक्ष्मीकटाक्षालिमालासद्म स जायते ।।१०।।**

**અનુવાદ :** આ રીતે એકાગ્રમન થઈને જે મુનિ સર્વદા આ ભાવનાપદ (એકત્વ ભાવના) ને ભાવે છે તે મુક્તિરૂપ લક્ષ્મીની કટાક્ષ પંક્તિઓની માળાનું સ્થાન બની જાય છે, અર્થાત્ તેને મોક્ષ પ્રાપ્ત થઈ જાય છે. ૧૦.

(अनुष्टुभ्)

**एतज्जन्मफलं धर्मः स चेदस्ति ममामलः ।**
**आपद्यपि कुतश्चिन्ता मृत्योरपि कुतो भयम् ।।११।।**

**અનુવાદ :** આ મનુષ્ય જન્મનું ફળ ધર્મની પ્રાપ્તિ છે. તે નિર્મળ ધર્મ જો મારી પાસે છે તો પછી મને આપત્તિના વિષયમાં પણ શી ચિન્તા છે તથા મૃત્યુથી પણ શો ડર છે? અર્થાત્ તે ધર્મ હોતાં ન તો આપત્તિની ચિન્તા રહે છે અને ન મરણનો ડર પણ રહે છે. ૧૧.

આ રીતે એકત્વભાવના દશક અધિકાર સમાપ્ત થયો. ૨૨.

❁

# ૨૩. પરમાર્થવિંશતિ

[२३. परमार्थविंशतिः]

(शार्दूलविक्रीडित)

मोहद्वेषरतिश्रिता विकृतयो दृष्टाः श्रुताः सेविताः
वारंवारमनन्तकालविचरत्सर्वाङ्गिभिः संसृतौ ।
अद्वैतं पुनरात्मनो भगवतो दुर्लक्ष्यमेकं परं
बीजं मोक्षतरोरिदं विजयते भव्यात्मभिर्वन्दितम् ।।१।।

**અનુવાદ :** સંસારમાં અનંતકાળથી વિચરણ કરતાં સર્વ પ્રાણીઓએ મોહ, દ્વેષ અને રાગના નિમિત્તે થતાં વિકારો વારંવાર જોયા છે, સાંભળ્યા છે અને સેવ્યા પણ છે. પરંતુ ભગવાન આત્માનું એક અદ્વૈત જ કેવળ દુર્લક્ષ્ય છે અર્થાત્ તેને હજી સુધી જોયો નથી, સાંભળ્યો નથી અને સેવન પણ કર્યું નથી. ભવ્ય જીવોથી વંદિત મોક્ષરૂપ વૃક્ષના બીજભૂત આ અદ્વૈત જયવંત હો. ૧.

(शार्दूलविक्रीडित)

अन्तर्बाह्यविकल्पजालरहितां शुद्धैकचिद्रूपिणीं
वन्दे तां परमात्मनः प्रणयिनीं कृत्यान्तगां स्वस्थताम् ।
यत्रानन्तचतुष्टयामृतसरित्यात्मानमन्तर्गतं
न प्राप्नोति जरादिदुःसहशिखो जन्मोग्रदावानलः ।।२।।

**અનુવાદ :** જે સ્વસ્થતા અંતરંગ અને બાહ્ય વિકલ્પોના સમૂહ રહિત છે, શુદ્ધ એક ચૈતન્યસ્વરૂપ સહિત છે, પરમાત્માની વલ્લભા (પ્રિયતમા) છે, કૃત્ય

(કાર્ય) નો અંત પામી ચૂકી છે અર્થાત્ કૃતકૃત્ય છે તથા અનંતચતુષ્ટયરૂપ અમૃતની નદી સમાન હોવાથી જેની અંદર પ્રાપ્ત થયેલ આત્માને જરા (વૃદ્ધત્વ) આદિરૂપ અસહ્ય જ્વાળાવાળી જન્મ (સંસાર) રૂપ તીક્ષ્ણ વનાગ્નિ પ્રાપ્ત થતી નથી; એવી તે અનંતચતુષ્ટયસ્વરૂપ સ્વસ્થતાને હું નમસ્કાર કરું છું. ૨.

(शार्दूलविक्रीडित)

एकत्वस्थितये मतिर्यदनिशं संजायते मे तया-
प्यानन्दः परमात्मसंनिधिगतः किंचित्समुन्मीलति ।
किंचित्कालमवाप्य सैव सकलैः शीलैर्गुणैराश्रितां
तामानन्दकलां विशालविलसद्बोधां करिष्यत्यसौ ।।३।।

**અનુવાદ :** એકત્વ (અદ્વૈત) માં સ્થિતિ, માટે જે મારી નિરંતર બુદ્ધિ થાય છે તેના નિમિત્તે પરમાત્માની સમીપતાને પ્રાપ્ત થયેલ આનંદ થોડો એક પ્રગટ થાય છે. તે જ બુદ્ધિ થોડો કાળ પામીને અર્થાત્ થોડા જ સમયમાં સમસ્ત શીલ અને ગુણોના આધારભૂત અને પ્રગટ થયેલ વિપુલ જ્ઞાન (કેવળજ્ઞાન) સંપન્ન તે આનંદની કળા ઉત્પન્ન કરશે. ૩.

(शार्दूलविक्रीडित)

केनाप्यस्ति न कार्यमाश्रितवता मित्रेण चान्येन वा
प्रेमाङ्गे ऽपि न मेऽस्ति संप्रति सुखी तिष्ठाम्यहं केवलः ।
संयोगेन यदत्र कष्टमभवत्संसारचक्रे चिरं
निर्विण्णः खलु तेन तेन नितरामेकाकिता रोचते ।।४।।

**અનુવાદ :** મારે આશ્રયમાં પ્રાપ્ત થયેલ કોઈ પણ મિત્ર અથવા શત્રુનું પ્રયોજન નથી, મને આ શરીરમાં પણ પ્રેમ રહ્યો નથી, અત્યારે હું એકલો જ સુખી છું. અહીં સંસાર પરિભ્રમણમાં ચિરકાળથી જે મને સંયોગના નિમિત્તે કષ્ટ થયું છે તેનાથી હું વિરક્ત થયો છું તેથી હવે મને એકાકીપણું (અદ્વૈત) અત્યંત રુચે છે. ૪.

(शार्दूलविक्रीडित)

यो जानाति स एव पश्यति सदा चिद्रूपतां न त्यजेत्
सो ऽहं नापरमस्ति किंचिदपि मे तत्त्वं सदेतत्परम् ।
यच्चान्यत्तदशेषमन्यजनितं क्रोधादि कायादि वा
श्रुत्वा शास्त्रशतानि संप्रति मनस्येतच्छ्रुतं वर्तते ।।५।।

**અનુવાદ :** જે જાણે છે તે જ દેખે છે અને તે નિરંતર ચૈતન્યસ્વરૂપને છોડતો નથી. તે જ હું છું, એનાથી ભિન્ન બીજું મારૂં કોઈ સ્વરૂપ નથી. આ સમીચીન ઉત્કૃષ્ટ તત્ત્વ છે. ચૈતન્યસ્વરૂપથી ભિન્ન જે ક્રોધાદિ વિભાવભાવ અથવા શરીર આદિ છે તે સર્વ અન્ય અર્થાત્ કર્મથી ઉત્પન્ન થયા છે. સેંકડો શાસ્ત્રો સાંભળીને અત્યારે મારા મનમાં આ જ એક શાસ્ત્ર (અદ્વૈત તત્ત્વ) વર્તમાન છે. ૫.

(शार्दूलविक्रीडित)

हीनं संहननं परीषहसहं नाभूदिदं सांप्रतं
काले दुःख[ष]मसंज्ञके ऽत्र यदपि प्रायो न तीव्रं तपः ।
कश्चिन्नातिशयस्तथापि यदसावार्तं हि दुष्कर्मणा-
मन्तः शुद्धचिदात्मगुप्तमनसः सर्वं परं तेन किम् ।।६।।

**અનુવાદ :** જો કે અત્યારે આ સંહનન (હાડકાનું બંધન) પરીષહો (ક્ષુધા, તૃષા આદિ) સહન કરી શકતું નથી અને આ દુઃષમા નામના પાંચમા કાળે તીવ્ર તપ પણ સંભવિત નથી, તો પણ એ કોઈ ખેદની વાત નથી, કેમ કે એ અશુભ કર્મોની પીડા છે. અંદર શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મામાં મનને સુરક્ષિત કરનાર મને તે કર્મકૃત પીડાથી શું પ્રયોજન છે? અર્થાત્ કાંઈ પણ નથી. ૬.

(शार्दूलविक्रीडित)

सद्दृग्बोधमयं विहाय परमानन्दस्वरूपं परं
ज्योतिर्नान्यदहं विचित्रविलसत्कर्मैकतायामपि ।
कार्ष्ण्यो कृष्णपदार्थसंनिधिवशाज्जाते मणौ स्फाटिके
यत्तस्मात्पृथगेव स द्वयकृतो लोके विकारो भवेत् ।।७।।

**અનુવાદ :** અનેક પ્રકારના વિલાસવાળા કર્મો સાથે મારી એકતા હોવા છતાં પણ જે ઉત્કૃષ્ટ જ્યોતિ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ઉત્કૃષ્ટ આનંદસ્વરૂપ છે તે જ હું છું, તેના સિવાય હું બીજું નથી. બરાબર પણ છે–સ્ફટિકમણિમાં કાળા પદાર્થના સંબંધથી કાળાશ ઉત્પન્ન થવા છતાં પણ તે તે મણિથી ભિન્ન જ હોય છે. કારણ એ છે કે લોકમાં જે કાંઈ વિકાર થાય છે તે બે પદાર્થોના નિમિત્તે જ થાય છે.

**વિશેષાર્થ :** જો કે સ્ફટિકમણિમાં કોઈ બીજા કાળા પદાર્થના નિમિત્તે કાલિમા અને જપાપુષ્પના સંસર્ગથી લાલિમા અવશ્ય જોવામાં આવે છે પરંતુ તે વાસ્તવિક રીતે તેની નથી હોતી તે સ્વભાવથી નિર્મળ અને શ્વેતવર્ણનો જ રહે છે. જ્યાં સુધી તેની પાસે કોઈ અન્ય રંગની વસ્તુ રહે છે ત્યાં સુધી તેમાં બીજો રંગ જોવામાં આવે છે અને તે ત્યાંથી ખસી જતાં પછી સ્ફટિકમણિમાં તે વિકૃત રંગ રહેતો નથી. બરાબર એ જ રીતે આત્માની સાથે જ્ઞાનાવરણાદિ અનેક કર્મોનો સંયોગ રહે ત્યાંસુધી જ તેમાં અજ્ઞાન અને રાગ-દ્વેષ આદિ વિકારભાવ જોવામાં આવે છે. પરંતુ તે વાસ્તવમાં તેના નથી, તે તો સ્વભાવથી શુદ્ધ જ્ઞાન–દર્શન–સ્વરૂપ જ છે. વસ્તુમાં જે વિકારભાવ થાય છે તે કોઈ બીજા પદાર્થના નિમિત્તે જ થાય છે. માટે તે તેનો કહી શકાતો નથી, કારણ કે તે થોડા જ વખત સુધી રહે છે જેમ— અગ્નિના સંયોગથી જળમાં રહેતી ઉષ્ણતા થોડા સમય (અગ્નિ સંયોગ) સુધી જ રહે છે, ત્યારપછી શીતળતા જ તેમાં રહે છે, જે સદા રહેનારી છે. ૭.

(शार्दूलविक्रीडित)

**आपत्सापि यतेः परेण सह यः संगो भवेत्केनचित्**
**सापत्सुष्ठु गरीयसी पुनरहो यः श्रीमतां संगमः ।**
**यस्तु श्रीमदमद्यपानविकलैरुत्तानितास्यैर्नृपैः**
**संपर्कः स मुमुक्षुचेतसि सदा मृत्योरपि क्लेशकृत ॥८॥**

**અનુવાદ :** સાધુને કોઈ પરવસ્તુ સાથે જે સંયોગ થાય છે તે પણ તેમને આપત્તિસ્વરૂપ લાગે છે, વળી જે શ્રીમાનો (ધનવાનો) સાથે તેમનો સમાગમ થાય છે તે તો તેમને અતિશય મહાન આપત્તિસ્વરૂપ લાગે છે. એ ઉપરાંત સંપત્તિના અભિમાનરૂપ મદ્યપાનથી વિકળ થઈને ઊંચું મુખ રાખનારા એવા રાજાઓ સાથે જે સંયોગ થાય છે તે તો તે મોક્ષાભિલાષી સાધુના મનમાં નિરંતર મૃત્યુથી પણ અધિક કષ્ટકારક હોય છે. ૮.

(शार्दूलविक्रीडित)

स्निग्धा मा मुनयो भवन्तु गृहिणो यच्छन्तु मा भोजनं
मा किंचिद्धनमस्तु मा वपुरिदं रुग्वर्जितं जायताम् ।
नग्नं मामवलोक्य निन्दतु जनस्तत्रापि खेदो न मे
नित्यानन्दपदप्रदं गुरुवचो जागर्ति चेच्चेतसि ।।९।।

**અનુવાદ :** જો મારા હૃદયમાં નિત્ય આનંદપ્રદ અર્થાત્ મોક્ષપદ આપનારી ગુરુની વાણી જાગે છે તો મુનિજનો સ્નેહ કરનાર ભલે ન હોય, ગૃહસ્થો જો ભોજન ન આપે તો ન આપો, મારી પાસે કાંઈ પણ ધન ન હોય, આ શરીર રોગ રહિત ન હો અર્થાત્ રોગવાળુ પણ હો તથા મને નગ્ન જોઈને લોકો નિન્દા પણ કરો; તો પણ મને તેમાં જરાય ખેદ નહિ થાય. ૯.

(शार्दूलविक्रीडित)

दुःखघ्यालसमाकुले भववने हिंसादिदोषद्रुमे
नित्यं दुर्गतिपल्लिपातिकुपथे भ्राम्यन्ति सर्वे ऽङ्गिनः ।
तन्मध्ये सुगुरुप्रकाशितपथे प्रारब्धयानो जनः
यात्यानन्दकरं परं स्थिरतरं निर्वाणमेकं परम् ।।१०।।

**અનુવાદ :** જે સંસારરૂપી વન દુઃખોરૂપ સર્પો (અથવા હાથીઓ) થી વ્યાપ્ત છે. હિંસા આદિ દોષરૂપ વૃક્ષો સહિત છે તથા નરકાદિ દુર્ગતિરૂપ ભીલ વસ્તી તરફ જતા કુમાર્ગથી યુક્ત છે, તેમાં સર્વ પ્રાણી સદા પરિભ્રમણ કરે છે. ઉક્ત સંસારરૂપી વનની અંદર જે મનુષ્ય ઉત્તમ ગુરુ દ્વારા બતાવવામાં આવેલા માર્ગે (મોક્ષમાર્ગમાં) ગમન શરૂ કરી દે છે તે તે અદ્વિતીય મોક્ષરૂપ નગરને પ્રાપ્ત થાય છે, જે આનંદ આપનાર છે, ઉત્કૃષ્ટ છે તથા અત્યંત સ્થિર (અવિનશ્વર) પણ છે. ૧૦.

(शार्दूलविक्रीडित)

यत्सातं यदसातमङ्गिषु भवेत्तत्कर्मकार्यं तत-
स्तत्कर्मैव तदन्यदात्मन इदं जानन्ति ये योगिनः ।
ईदृग्भेदविभावनाश्रितधियां तेषां कुतो ऽहं सुखी
दुःखी चेति विकल्पकल्मषकला कुर्यात्पदं चेतसि ।।११।।

**અનુવાદ :** પ્રાણીઓને જે સુખ-દુઃખનો અનુભવ થાય છે તે કર્મ (શાતા અને અશાતા વેદનીય)નું કાર્ય છે તેથી તે કર્મ જ છે અને તે આત્માથી ભિન્ન છે આ વાત જે યોગી જાણે છે તથા જેમની બુદ્ધિ આ જાતના ભેદની ભાવનાનો આશ્રય લઈ ચૂકી છે તે યોગીઓના મનમાં 'હું સુખી છું. અથવા હું દુઃખી છું' આ પ્રકારના વિકલ્પથી મલિન કળા ક્યાંથી સ્થાન પ્રાપ્ત કરી શકે? અર્થાત્ તે યોગીઓના મનમાં તેવો વિકલ્પ કદી ઉત્પન્ન થતો નથી. ૧૧.

(शार्दूलविक्रीडित)

देवं तत्प्रतिमां गुरुं मुनिजनं शास्त्रादि मन्यामहे
सर्वं भक्तिपरा वयं व्यवहृते मार्गे स्थिता निश्चयात् ।
अस्माकं पुनरेकताश्रयणतो व्यक्तीभवच्चिद्गुण-
स्फारीभूतमतिप्रबन्धमहसामात्मैव तत्त्वं परम् ॥१२॥

**અનુવાદ :** વ્યવહારમાર્ગમાં સ્થિત અમે ભક્તિમાં તત્પર થઈને જિનદેવ, જિનપ્રતિમા, ગુરુ, મુનિજન અને શાસ્ત્ર આદિ સર્વેને માનીએ છીએ. પરંતુ નિશ્ચયથી અભેદ (અદ્વૈત)નો આશ્રય લેવાથી પ્રગટ થયેલ ચૈતન્યગુણથી પ્રકાશમાં આવેલી બુદ્ધિના વિસ્તારરૂપ તેજ સહિત અમારે માટે કેવળ આત્મા જ ઉત્કૃષ્ટ તત્ત્વ રહે છે.

**વિશેષાર્થ :** જીવ જ્યાંસુધી વ્યવહારમાર્ગમાં સ્થિત રહે છે ત્યાં સુધી તે જિન ભગવાન અને તેમની પ્રતિમા આદિને પૂજ્ય માનીને યથાયોગ્ય તેમની પૂજા આદિ કરે છે. એથી તેને પુણ્યકર્મનો બંધ થાય છે જે નિશ્ચયમાર્ગની પ્રાપ્તિનું સાધન થાય છે. પછી જ્યારે તે નિશ્ચયમાર્ગ ઉપર આરૂઢ થઈ જાય છે ત્યારે તેની બુદ્ધિ અભેદ (અદ્વૈત)નો આશ્રય લઈ લે છે. તે એમ સમજવા લાગે છે કે સ્ત્રી, પુત્ર અને મિત્ર તથા જે શરીર નિરંતર આત્મા સાથે સંબંધવાળું રહે છે તે પણ મારૂં નથી; હું ચૈતન્યનો એક પિંડ છું–તેના સિવાય અન્ય કાંઈ પણ મારું નથી. આ અવસ્થામાં તેને પૂજ્ય–પૂજકભાવનું દ્વૈત પણ રહેતું નથી. કારણ એ છે કે પૂજ્ય–પૂજકભાવરૂપ બુદ્ધિ પણ રાગની પરિણતિ છે જે પુણ્યબંધનું કારણ થાય છે. આ પુણ્યકર્મ પણ જીવને દેવેન્દ્ર અને ચક્રવર્તી આદિના પદોમાં સ્થિત કરીને સંસારમાં જ પરતંત્ર રાખે છે. માટે આ દૃષ્ટિએ તે પૂજ્ય–પૂજકભાવ પણ હેય છે. ઉપાદેય કેવળ એક સચ્ચિદાનંદમય આત્મા જ છે. પરંતુ જ્યાંસુધી પ્રાણીને આ પ્રકારની દૃઢતા પ્રાપ્ત નથી થતી ત્યાંસુધી તેણે વ્યવહારમાર્ગનું આલંબન લઈને જિનપૂજનાદિ શુભ કાર્યો કરવા જ જોઈએ, નહિ તો તેનો સંસાર દીર્ઘ થઈ શકે છે. ૧૨.

(शार्दूलविक्रीडित)

वर्षं हर्षमपाकरोतु तुदतु स्फीता हिमानी तनुं
घर्मः शर्महरो ऽस्तु दंशमशकं क्लेशाय संपद्यताम् ।
अन्यैर्वा बहुभिः परीषहभटैरारभ्यतां मे मृति-
र्मोक्षं प्रत्युपदेशनिश्चलमतेर्नात्रापि किंचिद्भयम् ।।१३।।

**અનુવાદ :** જો હું મોક્ષવિષયક ઉપદેશથી બુદ્ધિની સ્થિરતા પ્રાપ્ત કરી લઉં છું તો ભલે વર્ષાકાળ મારો હર્ષ નષ્ટ કરે, વિસ્તૃત મહાન્ શીત શરીરને પીડિત કરે, ઘામ (સૂર્યનો તાપ) સુખનું અપહરણ કરે, ડાંસ-મચ્છર ક્લેશનું કારણ થાય અથવા બીજા પણ અનેક પરીષહરૂપ સુભટ મારા મરણની પણ શરૂઆત કરી દે; તો પણ એમનો મને કાંઈ પણ ભય નથી. ૧૩.

(शार्दूलविक्रीडित)

चक्षुर्मुख्यहृषीककर्षकमयो ग्रामो मृतो मन्यते
चेद्रूपादिकृषिक्षमां बलवता बोधारिणा त्याजितः ।
तच्चिन्तां न च सो ऽपि संप्रति करोत्यात्मा प्रभुः शक्तिमान्
यत्किंचिद्भवितात्र तेन च भवो ऽप्यालोक्यते नष्टवत् ।।१४।।

**અનુવાદ :** જે શક્તિશાળી આત્મારૂપ પ્રભુ ચક્ષુ આદિ ઇન્દ્રિયોરૂપ કિસાનોથી નિર્મિત ગામને મરેલું સમજે છે તથા જે જ્ઞાનરૂપ બળવાન શત્રુ દ્વારા રૂપાદિ વિષયરૂપ ખેતીની ભૂમિથી ભ્રષ્ટ કરવામાં આવ્યું છે, છતાં પણ જે કાંઈ થવાનું છે તેના વિષયમાં અત્યારે ચિન્તા કરતો નથી. આ રીતે સંસારને નષ્ટ થયા સમાન દેખે છે.

**વિશેષાર્થ :** જેમ કોઈ શક્તિશાળી ગામના સ્વામીની જો અન્ય પ્રબળ શત્રુ દ્વારા ખેતી યોગ્ય જમીન છીનવી લેવામાં આવે તો તે પોતાના ખેડૂતોથી પરિપૂર્ણ તે ગામને મરેલા જેવું માને છે. છતાં પણ તે ભવિતવ્યને મુખ્ય માનીને તેની કાંઈ ચિંતા કરતો નથી. બરાબર એ જ પ્રમાણે સર્વ શક્તિમાન આત્માને જ્યારે સમ્યગ્જ્ઞાનરૂપ શત્રુ દ્વારા રૂપ-રસાદિરૂપ ખેતી યોગ્ય ભૂમિથી ભ્રષ્ટ કરી દેવામાં આવે છે-વિવેકબુદ્ધિ ઉત્પન્ન થતાં જ્યારે તે રૂપ-રસાદિસ્વરૂપ ઇન્દ્રિયવિષયોમાં અનુરાગ રહિત થઈ જાય છે, ત્યારે તે પણ તે ઇન્દ્રિયરૂપ કિસાનોના ગામને મરેલું સમજે છે અને તેની કાંઈ પણ ચિંતા કરતો નથી. પરંતુ ત્યારે તે પોતાના સંસારને નષ્ટ

થયેલા જેવો સમજવા લાગે છે. તાત્પર્ય એ છે કે એકત્વબુદ્ધિ ઉત્પન્ન થતાં જીવને ઇન્દ્રિય વિષયોમાં અનુરાગ રહેતો નથી. તે વખતે તે ઇન્દ્રિયોને નષ્ટ થયા સમાન માનીને મુક્તિને હાથમાં આવેલી જ સમજે છે. ૧૪.

(શાર્દૂલવિક્રીડિત)

**कर्मक्षत्युपशान्तिकारणवशात्सद्देशनाया गुरो-**
**रात्मैकत्वविशुद्धबोधनिलयो निःशेषसंगोज्झितः ।**
**शश्वत्तद्गतभावनाश्रितमना लोके वसन् संयमी**
**नावद्येन स लिप्यते ऽब्जदलवत्तोयेन पद्माकरे ।।१५।।**

**અનુવાદ :** જે સંયમી કર્મના ક્ષય અથવા ઉપશમના કારણ વશે તથા ગુરુના સદ્ઉપદેશથી આત્માની એકતા વિષય નિર્મળ જ્ઞાનનું સ્થાન બની ગયા છે, જેમણે સમસ્ત પરિગ્રહનો પરિત્યાગ કરી દીધો છે તથા જેમનું મન નિરંતર આત્માની એકતાની ભાવનાને આશ્રિત રહે છે; તે સંયમી પુરુષ લોકમાં રહેવા છતાં પણ એ રીતે પાપથી લેપાતા નથી જેવી રીતે તળાવમાં સ્થિત કમળપત્ર પાણીથી લેપાતું નથી. ૧૫.

(શાર્દૂલવિક્રીડિત)

**गुर्वङ्घ्रिद्वयदत्तमुक्तिपदवीप्राप्त्यर्थनिर्ग्रन्थता-**
**जातानन्दवशान्ममेन्द्रियसुखं दुःखं मनो मन्यते ।**
**सुस्वादुः प्रतिभासते किल खलस्तावत्समासादितो**
**यावन्नो सितशर्करातिमधुरा संतर्पिणी लभ्यते ।।१६।।**

**અનુવાદ :** ગુરુના ચરણયુગલ દ્વારા મુક્તિ પદવી પ્રાપ્ત કરવા માટે જે નિર્ગ્રન્થતા (દિગંબરત્વ) આપવામાં આવ્યું છે તેના નિમિત્તે ઉત્પન્ન થયેલ આનંદના પ્રભાવથી મારું મન ઇન્દ્રિયવિષયજનિત સુખને દુઃખરૂપ જ માને છે. બરાબર છે– પ્રાપ્ત થયેલો ખોળ (તેલ કાઢી લીધા પછી જે તલ આદિનો ભાગ શેષ રહે છે) ત્યાં સુધી જ સ્વાદિષ્ટ લાગે છે જ્યાંસુધી અતિશય મીઠી સફેદ સાકર (મિશ્રી) તૃપ્ત કરનાર પ્રાપ્ત થતી નથી. ૧૬.

(શાર્દૂલવિક્રીડિત)

**निर्ग्रन्थत्वमुदा ममोज्ज्वलतरध्यानाश्रितस्फीतया**
**दुर्ध्यानाक्षसुखं पुनः स्मृतिपथप्रस्थाय्यपि स्यात्कुतः ।**

**निर्गत्योद्गतवातबोधितशिखिज्वालाकरालाद् गृहा-**
**च्छीतां प्राप्य च वापिकां विशति कस्तत्रैव धीमान् नरः ।।१७।।**

**અનુવાદ :** અતિશય નિર્મળ ધ્યાનના આશ્રયે વિસ્તાર પામેલ નિર્ગ્રન્થતા જનિત આનંદ પ્રાપ્ત થઈ જતાં ખોટા ધ્યાનથી ઇન્દ્રિયસુખ સ્મરણનો વિષય ક્યાંથી થઈ શકે? અર્થાત્ નિર્ગ્રન્થતાજન્ય સુખની સામે ઇન્દ્રિયવિષયજન્ય સુખ તુચ્છ લાગે છે, તેથી તેની ચાહ નષ્ટ થઈ જાય છે. બરાબર છે–ઉત્પન્ન થયેલ વાયુ દ્વારા પ્રગટ કરવામાં આવેલ અગ્નિની જ્વાળાથી ભયાનક એવા ઘરની અંદરથી નીકળીને શીતળ વાવને પ્રાપ્ત કરતો ક્યો બુદ્ધિમાન પુરુષ ફરીથી તે જ જલતા ઘરમાં પ્રવેશ કરે? અર્થાત્ કોઈ કરતો નથી. ૧૭.

(શાર્દૂલવિક્રીડિત)

**जायेतोद्गतमोहतो ऽभिलषिता मोक्षे ऽपि सा सिद्धिहृत्**
**तद् भूतार्थपरिग्रहो भवति किं क्वापि स्पृहालुर्मुनिः ।**
**इत्यालोचनसंगतैकमनसा शुद्धात्मसंबन्धिना**
**तत्त्वज्ञानपरायणेन सततं स्थात् व्यमग्राहिणा ।।१८।।**

**અનુવાદ :** મોહના ઉદયથી જે મોક્ષના વિષયમાં પણ અભિલાષા થાય છે તે સિદ્ધિ (મુક્તિ)ને નષ્ટ કરે છે તેથી ભૂતાર્થ (સત્યાર્થ) અર્થાત્ નિશ્ચયનયને ગ્રહણ કરનાર મુનિ શું કોઈ પણ પદાર્થના વિષયમાં ઇચ્છાયુક્ત હોય છે? અર્થાત્ નથી હોતો. આ રીતે મનમાં ઉપર્યુક્ત વિચાર કરીને શુદ્ધ આત્મા સાથે સંબંધ રાખતા મુનિએ પરિગ્રહ રહિત થઈને નિરંતર તત્ત્વજ્ઞાનમાં તત્પર રહેવું જોઈએ. ૧૮.

(શાર્દૂલવિક્રીડિત)

**जायन्ते विरसा रसा विघटते गोष्ठीकथाकौतुकं**
**शीर्यन्ते विषयास्तथा विरमति प्रीतिः शरीरे ऽपि च ।**
**मौनं च प्रतिभासते ऽपि च रहः प्रायो मुमुक्षोश्चितः**
**चिन्तायामपि यातुमिच्छति समं दोषेर्मनः पञ्चताम् ।।१९।।**

**અનુવાદ :** ચૈતન્યસ્વરૂપ આત્માના ચિંતનમાં મુમુક્ષુ જનોના રસ નીરસ થઈ

જાય છે, ભેગા મળીને પરસ્પર ચાલતી કથાઓનું કુતૂહલ નષ્ટ થઈ જાય છે, ઇન્દ્રિયવિષય વિલીન થઈ જાય છે, શરીરની બાબતમાં પણ પ્રેમનો અંત આવી જાય છે, એકાંતમાં મૌન પ્રતિભાસિત થાય છે તથા તેવી દશામાં દોષોની સાથે મન પણ મરવાની ઇચ્છા કરે છે.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે જ્યાંસુધી પ્રાણીનું આત્મસ્વરૂપ તરફ લક્ષ્ય નથી હોતું ત્યાંસુધી તેને સંગીત સાંભળવામાં, નૃત્ય પરિપૂર્ણ નાટક આદિ દેખવામાં, પરસ્પર કથા–વાર્તા કરવામાં તથા શૃંગારાદિપૂર્ણ નવલકથા આદિ વાંચવા–સાંભળવામાં આનંદ આવે છે. પરંતુ જેવો તેના હૃદયમાં આત્મસ્વરૂપનો બોધ ઉદય પામે છે તેવો જ તેને ઉપર્યુક્ત ઇન્દ્રિયવિષયોના નિમિત્તે પ્રાપ્ત થતો રસ (આનંદ) નીરસ પ્રતિભાસવા લાગે છે. અન્ય ઇન્દ્રિય વિષયોની તો વાત જ શું, પરંતુ તે વખતે તેને પોતાના શરીર ઉપર પણ અનુરાગ રહેતો નથી. તે એકાંતસ્થાનમાં મૌનપૂર્વક સ્થિત થઈને આત્માનંદમાં મગ્ન રહે છે અને આ રીતે તે અજ્ઞાનાદિ દોષો અને સમસ્ત માનસિક વિકલ્પોથી રહિત થઈને અજર-અમર બની જાય છે. ૧૯.

(शार्दूलविक्रीडित)

**तत्त्वं वागतिवर्ति शुद्धनयतो यत्सर्वपक्षच्युतं**
**तद्वाच्यं व्यवहारमार्गपतितं शिष्यार्पणे जायते ।**
**प्रागल्भ्यं न तथास्ति तत्र विवृतौ बोधो न ताद्दग्विधः**
**तेनायं ननु माद्दशो जडमतिर्मौनाश्रितस्तिष्ठति ।।२०।।**

**અનુવાદ :** જે તત્ત્વ શુદ્ધનિશ્ચયનયની અપેક્ષાએ વચનનો અવિષય (અવક્તવ્ય) તથા નિત્યત્વાદિ સર્વ વિકલ્પો રહિત છે તે જ શિષ્યોને આપવાના વિષયમાં અર્થાત્ શિષ્યોને પ્રબોધ કરાવવા માટે વ્યવહારમાર્ગમાં પડીને વચનનો વિષય પણ થાય છે. તે આત્મતત્ત્વનું વિવરણ કરવા માટે ન તો મારામાં તેવી પ્રતિભાશાલિતા (નિપુણતા) છે અને ન તે પ્રકારનું જ્ઞાનેય છે. માટે મારા જેવો મન્દબુદ્ધિ મનુષ્ય મૌનનું અવલંબન લઈને જ સ્થિત રહે છે.

**વિશેષાર્થ :** જો શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ વસ્તુના શુદ્ધ સ્વરૂપનો વિચાર કરવામાં આવે તો તે વચનો દ્વારા કહી જ શકાતું નથી. પરંતુ તેનું પરિજ્ઞાન શિષ્યોને પ્રાપ્ત થાય, તે માટે વચનોનો આશ્રય લઈને તેમના દ્વારા તેમને બોધ કરાવવામાં આવે છે. આ વ્યવહારમાર્ગ છે, કારણ કે વાચ્ય–વાચકનો આ દ્વૈતભાવ ત્યાં જ સંભવે છે, નહિ કે નિશ્ચયમાર્ગમાં. ગ્રન્થકર્તા શ્રી પદ્મનન્દિ મુનિ પોતાની લઘુતા પ્રગટ કરતાં અહીં કહે છે કે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



વ્યવહારમાર્ગનું અવલંબન લઈને પણ જે પ્રતિભા અથવા જ્ઞાન દ્વારા શિષ્યોને તે આત્મતત્ત્વનો બોધ કરાવી શકાય છે તે મારામાં નથી, તેથી હું તેનું વિશેષ વિવરણ ન કરતાં મૌનનો જ આશ્રય લઉં છું. ૨૦.

આ રીતે પરમાર્થવિંશતિ અધિકાર સમાપ્ત થયો. ૨૩.

સહજ ચિદાનંદ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# ૨૪. શરીરાષ્ટક

## [२४. शरीराष्टकम् ]

(शार्दूलविक्रीडित)

दुर्गन्धाशुचिधातुभित्तिकलितं संछादितं चर्मणा
विष्मूत्रादिभृतं क्षुधादिविलसद्दुःखाखुभिश्छिद्रितम् ।
क्लिष्टं कायकुटीरकं स्वयमपि प्राप्तं जरावह्निना
चेदेतत्तदपि स्थिरं शुचितरं मूढो जनो मन्यते ।।१।।

**અનુવાદ :** જે શરીરરૂપી ઝૂંપડી દુર્ગંધયુક્ત અપવિત્ર રસ, રુધિર અને અસ્થિ આદિ ધાતુઓરૂપ ભીંતો (દીવાલો) ને આશ્રિત છે, ચામડાથી વિંટળાયેલ છે, વિષ્ટા અને મૂત્રાદિથી પરિપૂર્ણ છે તથા પ્રગટ થયેલ ભૂખ, તરસ આદિ દુઃખોરૂપ ઉંદરોદ્વારા છિદ્રોવાળી કરવામાં આવી છે; આવી તે શરીરરૂપ ઝૂંપડી જો કે પોતે જ વૃદ્ધત્વરૂપ અગ્નિ દ્વારા પ્રાપ્ત કરાય છે તો પણ અજ્ઞાની મનુષ્ય તેને સ્થિર અને અતિશય પવિત્ર માને છે.

**વિશેષાર્થ :** અહીં શરીરને ઝુંપડીની ઉપમા આપીને એમ બતાવ્યું છે કે જેમ વાંસ આદિથી નિર્મિત ભીંતોના આશ્રયે રહેતી ઝુંપડી ઘાસ કે પાંદડાઓથી ઢંકાયેલી રહે છે. એમાં ઉંદરો દ્વારા જે અહીં તહીં છિદ્રો કરવામાં આવે છે તેનાથી તે નબળી થઈ જાય છે. તેમાં જો કદાચ આગ લાગી જાય તો તે જોતજોતામાં જ ભસ્મ થઈ જાય છે. બરાબર એ જ જાતનું આ શરીર પણ છે–એમાં ભીંતોના સ્થાને દુર્ગંધવાળી અને અપવિત્ર રસ-રુધિરાદિ ધાતુઓ છે, ઘાસ આદિના સ્થાને એને ઢાંકનાર ચામડું છે. તથા અહીં ઉંદરોના સ્થાને ભૂખ–તરસ આદિથી થતું વિપુલ દુઃખ છે જે તેને નિરંતર નિર્બળ બનાવે છે. આ રીતે ઝુંપડી સમાન હોવા છતાં પણ તેના કરતાં શરીરમાં એ વિશેષતા છે કે તે તો સમય પ્રમાણે નિયમથી વૃદ્ધત્વ (બુઢાપા) થી વ્યાપ્ત થઈને નાશ પામવાનું છે. પરંતુ તે ઝુંપડી તો કદાચ જ અસાવધાનીને કારણે અગ્નિ આદિથી વ્યાપ્ત થઈને નષ્ટ થાય

છે. આવી અવસ્થા હોવા છતાં પણ આશ્ચર્ય એ જ કે અજ્ઞાની પ્રાણી તેને સ્થિર અને પવિત્ર સમજીને તેના નિમિત્તે અનેક પ્રકારનાં દુઃખો સહન કરે છે. ૧.

(शार्दूलविक्रीडित)

दुर्गन्धं कृमिकीटजालकलितं नित्यं स्रवद्दूरसं
शौचस्नानविधानवारिविहितप्रक्षालनं रुग्भूतम् ।
मानुष्यं वपुराहुरुन्नतधियो नाडीव्रणं भेषजं
तत्रान्नं वसनानि पट्टकमहो तत्रापि रागी जनः ।।२।।

**અનુવાદ :** જે આ મનુષ્યનું શરીર દુર્ગન્ધ સહિત છે, લટ અને ક્ષુદ્ર જંતુઓના સમૂહથી વ્યાપ્ત છે, નિરંતર વહેતા પરસેવા અને નાક આદિના દૂષિત રસથી પરિપૂર્ણ છે, પવિત્રતા સૂચક સ્નાનને સિદ્ધ કરનાર જળથી જેને ધોવામાં આવે છે, છતાં પણ જે રોગોથી પરિપૂર્ણ છે; એવા તે મનુષ્યના શરીરને ઉત્કૃષ્ટ બુદ્ધિના ધારક વિદ્વાનો નસ સાથે સંબંધવાળા ગૂમડા આદિના જખ્મ સમાન બતાવે છે. તેમાં અન્ન (આહાર) તો ઔષધ સમાન છે અને વસ્ત્ર પાટા સમાન છે છતાં પણ આશ્ચર્ય છે કે તેમાં પણ મનુષ્ય અનુરાગ કરે છે.

**વિશેષાર્થ :** અહીં મનુષ્યના શરીરને જખ્મ સમાન બતાવીને બન્નેમાં સમાનતા બતાવવામાં આવી છે. જેમ કે–જેવી રીતે ઘાવ દુર્ગંધસહિત હોય છે તેવી જ રીતે આ શરીર પણ દુર્ગન્ધ યુક્ત છે, ઘાવમાં જેવી રીતે કૃમિ અને બીજા નાના નાના જંતુઓનો સમૂહ રહે છે તેવી જ રીતે શરીરમાં પણ તે રહે જ છે. ઘાવમાંથી જો નિરંતર પરૂ અને લોહી વગેરે વહ્યા કરે છે તો આ શરીરમાંથી પણ નિરંતર પરસેવો વગેરે વહ્યા જ કરે છે. ઘાવને જો જળથી ધોઈને સ્વચ્છ કરવામાં આવે છે તો આ શરીરને પણ જળથી સ્નાન કરાવીને સ્વચ્છ કરવામાં આવે છે, ઘાવ જેમ રોગથી પૂર્ણ છે તેવી જ રીતે શરીર પણ રોગોથી પરિપૂર્ણ છે. ઘાવને રુઝવવા માટે જો દવા લગાડવામાં આવે છે તો શરીરને ભોજન આપવામાં આવે છે, તથા જો ઘાવને પાટાથી બાંધવામાં આવે છે તો આ શરીરને પણ વસ્ત્રોથી ઢાંકવામાં આવે છે. આ રીતે શરીરમાં ઘાવની સમાનતા હોવા છતાં પણ આશ્ચર્ય એક એ જ છે કે ઘાવને તો મનુષ્ય ઈચ્છતો નથી પરંતુ આ શરીરમાં તે અનુરાગ કરે છે. ૨.

(उपजाति)

नृणामशेषाणि सदैव सर्वथा वपूंषि सर्वाशुचिभाञ्जि निश्चितम् ।
ततः क एतेषु बुधः प्रपद्यते शुचित्वमम्बुप्लुतिचन्दनादिभिः ।।३।।

**અનુવાદ :** મનુષ્યોના સમસ્ત શરીર સદા અને સર્વ પ્રકારે નિયમથી અપવિત્ર રહે છે. તેથી આ શરીરોના વિષયમાં ક્યો બુદ્ધિમાન મનુષ્ય જળનિર્મિત સ્નાન અને ચન્દન આદિ દ્વારા પવિત્રતાનો સ્વીકાર કરે? અર્થાત્ કોઈ પણ બુદ્ધિમાન મનુષ્ય સ્વભાવથી અપવિત્ર તે મનુષ્ય શરીરને સ્નાનાદિ દ્વારા શુદ્ધ માની શકતા નથી. ૩.

(शार्दूलविक्रीडित)

**तिक्तेष्वा [क्ष्वा]कुफलोपमं वपुरिदं नैवोपभोग्यं नृणां**
**स्याच्चेन्मोहकुजन्मरन्ध्ररहितं शुष्कं तपोघर्मतः ।**
**नान्तर्गौरवितं तदा भवनदीतारे क्षमं जायते**
**तत्तत्तत्र नियोजितं वरमथासारं सदा सर्वथा ।।४।।**

**અનુવાદ :** આ મનુષ્યોનું શરીર કડવી તુંબડી સમાન છે, તેથી તે ઉપભોગ યોગ્ય નથી, જો તે મોહ અને કુજન્મરૂપ છિદ્રોરહિત, તપરૂપ ઘામ(તડકા) થી શુષ્ક (સૂકાયેલ) અને અંદર ગુરુતા રહિત હોય તો સંસારરૂપ નદી પાર કરાવવામાં સમર્થ થાય છે. માટે તેને મોહ અને કુજન્મરહિત કરીને તપમાં લગાવવું તે ઉત્તમ છે. એ વિના તે સદા અને સર્વ પ્રકારે નિઃસાર છે.

**વિશેષાર્થ :** અહીં મનુષ્યના શરીરને કડવી તુંબડીની ઉપમા આપીને એમ બતાવ્યું છે કે જેમ કડવી તુંબડી ખાવા યોગ્ય હોતી નથી તેવી જ રીતે આ શરીર પણ અનુરાગ યોગ્ય નથી. જો તે તુંબડી છેદ રહિત, તડકામાં સૂકવેલી અને વચમાં ગૌરવ (ભારેપણા) રહિત હોય તો નદીમાં તરવાના કામમાં આવે છે. બરાબર એ જ રીતે જો આ શરીર પણ મોહ અને દુષ્કુળરૂપ છેદ રહિત, તપથી ક્ષીણ અને ગૌરવ (અભિમાન) રહિત હોય તો તે સંસારરૂપી નદી પાર થવામાં સહાયક થાય છે. તેથી જે ભવ્ય પ્રાણી સંસારરૂપ નદીથી પાર થઈને શાશ્વત સુખ પ્રાપ્ત કરવા ઈચ્છે છે તેમણે આ દુર્લભ મનુષ્ય શરીરને તપ આદિમાં લગાવવું જોઈએ. નહિતર તેને ફરીથી પ્રાપ્ત કરવું બહુ મુશ્કેલ થશે. ૪.

(मालिनी)

**भवतु भवतु यादृक् तादृगेतद्वपुर्मे**
**हृदि गुरुवचनं चेदस्ति तत्तत्त्वदर्शि ।**
**त्वरितमसमसारानन्दकन्दायमाना**
**भवति यदनुभावादक्षया मोक्षलक्ष्मीः ।।५।।**

**અનુવાદ :** જો હૃદયમાં જીવાદિ પદાર્થોના યથાર્થ સ્વરૂપને પ્રગટ કરનાર ગુરુનો ઉપદેશ સ્થિત હોય તો મારૂં જેવું આ શરીર હોય તે તેવું બની રહો અર્થાત્ તેનાથી મને કોઈ જાતનો ખેદ નથી. એનું કારણ એ છે કે ઉક્ત ગુરુના ઉપદેશના પ્રભાવથી અસાધારણ અને ઉત્કૃષ્ટ આનંદના કારણભૂત અવિનશ્વર મોક્ષલક્ષ્મી શીઘ્ર જ પ્રાપ્ત થાય છે. ૫.

(शार्दूलविक्रीडित)

पर्यन्ते कृमयो ऽथ वह्निवशतो भस्मैव मत्स्यादनात्
विष्टा स्यादथवा वपुःपरिणतिस्तस्येदृशी जायते ।
नित्यं नैव रसायनादिभिरपि क्षय्येव यत्तत्कृते
कः पापं कुरुते बुधो ऽत्र भविता कष्टा यतो दुर्गतिः ।।६।।

**અનુવાદ :** આ શરીર અંતે અર્થાત્ પ્રાણરહિત થતાં કીડાસ્વરૂપ અથવા અગ્નિને વશ થઈને ભસ્મસ્વરૂપ અથવા માછલીઓએ ખાવાથી વિષ્ઠા (મળ) સ્વરૂપ થઈ જાય છે, તે શરીરનું પરિણમન એવું જ થાય છે. ઔષધિ આદિ દ્વારા પણ નિત્ય નથી. પરંતુ વિનશ્વર જ છે, તો ભલા ક્યો વિદ્વાન્ મનુષ્ય એના વિષયમાં પાપકાર્ય કરે? અર્થાત્ કોઈ પણ વિદ્વાન્ તેના નિમિત્તે પાપકર્મ કરતો નથી. કારણ એ છે કે તે પાપથી નરકાદિ દુર્ગતિ જ પ્રાપ્ત થાય છે. ૬.

(शार्दूलविक्रीडित)

संसारस्तनुयोग एष विषयो दुःखान्यतो देहिनो
वह्नेर्लोहसमाश्रितस्य घनतो घाताद्यतो निष्ठुरात् ।
त्याज्या तेन तनुर्मुमुक्षुभिरियं युक्त्वा महत्या तया
नो भूयो ऽपि ययात्मनो भवकृते तत्संनिधिर्जायते ।।७।।

**અનુવાદ :** આ શરીરનો સંબંધ જ સંસાર છે, તેનાથી વિષયમાં પ્રવૃત્તિ થાય છે જેથી પ્રાણીને દુઃખ થાય છે. બરાબર છે—લોઢાનો આશ્રય લેનાર અગ્નિને કઠોર ઘણના ઘા સહન કરવા પડે છે. તેથી મોક્ષાર્થી ભવ્ય જીવોએ આ શરીર એવી મહાન્ યુક્તિથી છોડવું જોઈએ કે જેથી સંસારના કારણભૂત તે શરીરનો સંબંધ આત્મા સાથે ફરીથી ન થઈ શકે.

**વિશેષાર્થ :** પહેલાં લોઢાને અગ્નિમાં ખૂબ તપાવવામાં આવે છે. પછી તેને ઘણથી ટીપી–ટીપીને તેના સાધનો બનાવવામાં આવે છે. આ કાર્યમાં જેમ લોઢાની સંગતિથી નકામા જ અગ્નિને પણ ઘણથી કરાતા ઘા સહેવા પડે છે તેવી જ રીતે શરીરની સંગતિથી આત્માને પણ તેની સાથે અનેક પ્રકારના દુઃખ સહેવા પડે છે. તેથી ગ્રન્થકાર કહે છે કે તપ આદિ દ્વારા તે શરીરને આ રીતે છોડવાનો પ્રયાસ કરવો જોઈએ. કે જેથી ફરીથી તેની પ્રાપ્તિ ન થાય. કારણ એ છે કે આ મનુષ્ય શરીરની પ્રાપ્તિ કરીને જો તેના દ્વારા સાધ્ય સંયમ અને તપ આદિનું આચરણ ન કર્યું તો પ્રાણીને તે શરીર ફરી ફરી પ્રાપ્ત થતું જ રહેશે અને તેથી શરીરની સાથે કષ્ટો પણ સહન કરવા જ પડશે. ૭.

(शार्दूलविक्रीडित)

**रक्षापोषविधौ जनो ऽस्य वपुषः सर्वः सदैवोद्यतः**
**कालदिष्टजरा करोत्यनुदिनं तज्जर्जरं चानयोः ।**
**स्पर्धामाश्रितयोर्द्वयोर्विजयिनी सैका जरा जायते**
**साक्षात्कालपुरःसरा यदि तदा कास्था स्थिरत्वे नृणाम् ॥८॥**

**અનુવાદ :** સર્વ પ્રાણી આ શરીરના રક્ષણ અને પોષણમાં નિરંતર પ્રયત્નશીલ રહે છે, ત્યાં કાળદ્વારા આદિષ્ટ જરા–મૃત્યુથી પ્રેરિત વૃદ્ધાવસ્થા તેને પ્રતિદિન નિર્બળ કરે છે. આ રીતે જાણે પરસ્પર સ્પર્ધા પામેલા જ આ બન્નેમાં એક પેલી વૃદ્ધાવસ્થા જ વિજયી થાય છે કારણ કે તેની આગળ સાક્ષાત્ કાળ (યમરાજ) સ્થિત છે. આવી હાલતમાં જ્યાં શરીરની આ સ્થિતિ છે તો પછી તેની સ્થિરતામાં મનુષ્યોનો ક્યો પ્રયત્ન ચાલી શકે? અર્થાત્ તેનો કોઈ પણ પ્રયત્ન ચાલી શકતો નથી. ૮.

આ રીતે શરીરાષ્ટક અધિકાર સમાપ્ત થયો. ૨૪.

# ૨૫. સ્નાનાષ્ટક

[२५. स्नानाष्टकम् ]

(શાર્દૂલવિક્રીડિત)

सन्माल्यादि यदीयसंनिधिवशादस्पृश्यतामाश्रयेद्
विष्मूत्रादिभृतं रसादिघटितं बीभत्सु यत्पूति च ।
आत्मानं मलिनं करोत्यपि शुचिं सर्वाशुचिनामिदं
संकेतैकगृहं नृणां वपुरपां स्नानात्कथं शुद्धयति ।।१।।

**અનુવાદ :** જે શરીરની સમીપતાને કારણે ઉત્તમ માળા આદિ અડવાને પણ યોગ્ય રહેતાં નથી, જે મળ અને મૂત્ર આદિથી ભરેલું છે, રસ અને રુધિર આદિ સાત ધાતુઓથી રચાયેલું છે, ભયાનક છે; દુર્ગન્ધયુક્ત છે અને જે નિર્મળ આત્માને પણ મલિન કરે છે; એવું સમસ્ત અપવિત્રતાઓના એક સંકેતગૃહ સમાન આ મનુષ્યોનું શરીર જળના સ્નાનથી કેવી રીતે શુદ્ધ થઈ શકે? અર્થાત્ થઈ શકે નહિ. ૧.

(શાર્દૂલવિક્રીડિત)

आत्मातीव शुचिः स्वभावत इति स्नानं वृथास्मिन् परे
कायश्चाशुचिरेव तेन शुचितामभ्येति नो जातुचित् ।
स्नानस्योभयथेत्यभूद्विफलता ये कुर्वते तत्पुनस्-
तेषां भूजलकीटकोटिहननात्पापाय रागाय च ।।२।।

**અનુવાદ :** આત્મા તો સ્વભાવથી અત્યંત પવિત્ર છે, તેથી તે ઉત્કૃષ્ટ આત્માના વિષયમાં સ્નાન વ્યર્થ જ છે; તથા શરીર સ્વભાવથી અપવિત્ર જ છે. તેથી તે પણ કદી તે સ્નાન દ્વારા પવિત્ર થઈ શકતું નથી. આ રીતે સ્નાનની વ્યર્થતા બન્નેય પ્રકારે સિદ્ધ થાય છે. છતાં પણ જે લોકો તે સ્નાન કરે છે તે તેને માટે કરોડો પૃથ્વીકાયિક,

જળકાયિક અને અન્ય જંતુઓની હિંસાનું કારણ હોવાથી પાપ અને રાગનું જ કારણ થાય છે.

**વિશેષાર્થ :** અહીં સ્નાન આવશ્યકતાનો વિચાર કરતાં આ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે તેનાથી શું આત્મા પવિત્ર થાય છે કે શરીર? તેના ઉત્તરમાં વિચાર કરતાં એ ચોક્કસ પ્રતીત થાય છે કે ઉક્ત સ્નાન દ્વારા આત્મા તો પવિત્ર થતો નથી કારણ કે તે પોતે જ પવિત્ર છે. વળી તેનાથી શરીરની શુદ્ધિ થતી હોય, તો એ પણ કહી શકાતું નથી; કારણ કે તે સ્વભાવથી જ અપવિત્ર છે. જેમ કોલસાને પાણીથી ઘસી ઘસીને ધોવા છતાં પણ તે કદી કાળાપણું છોડી શકતો નથી અથવા મળથી ભરેલો ઘડો કદી બહાર સાફ કરવાથી શુદ્ધ થઈ શકતો નથી. તેવી જ રીતે મળ–મૂત્રાદિથી પરિપૂર્ણ આ સપ્તધાતુમય શરીર પણ કદી સ્નાન દ્વારા શુદ્ધ થઈ શકતું નથી. આ રીતે બન્નેય પ્રકારે સ્નાનની વ્યર્થતા સિદ્ધ થાય છે. છતાં પણ જે લોકો સ્નાન કરે છે તેઓ જળકાયિક, પૃથ્વીકાયિક અને અન્ય ત્રસ જીવોનો પણ તેના દ્વારા ઘાત કરે છે; માટે તે કેવળ હિંસાજનિત પાપના ભાગીદાર થાય છે. તે સિવાય તેઓ શરીરની બાહ્ય સ્વચ્છતામાં રાગ પણ રાખે છે, એ પણ પાપનું જ કારણ છે. અભિપ્રાય એ છે કે નિશ્ચયદૃષ્ટિથી વિચાર કરતાં સ્નાન દ્વારા શરીર તો શુદ્ધ થતું નથી, ઉલ્ટું જીવહિંસા અને આરંભ આદિ જ તેનાથી થાય છે. એ જ કારણે મુનિઓના મૂળગુણોમાં જ તેનો નિષેધ કરવામાં આવ્યો છે. પરંતુ વ્યવહારની અપેક્ષાએ તે અનાવશ્યક નથી, પરંતુ ગૃહસ્થને માટે તે આવશ્યક પણ છે. કારણ કે તેના વિના શરીર તો મલિન રહે જ છે. સાથે મન પણ મલિન રહે છે. સ્નાન વિના જિનપૂજાદિ શુભ કાર્યોમાં પ્રસન્નતા પણ રહેતી નથી. હા, એ અવશ્ય છે કે બાહ્ય શુદ્ધિની સાથે જ અભ્યંતર શુદ્ધિનું પણ ધ્યાન જરૂર રાખવું જોઈએ. જો અંતરંગમાં મદ–માત્સર્યાદિ ભાવ હોય તો કેવળ આ બાહ્ય શુદ્ધિ કાર્યકારી નહિ થાય. ૨.

(शार्दूलविक्रीडित)

**चित्ते प्राग्भवकोटिसंचितरजःसंबन्धिताविर्भवन्-**
**मिथ्यात्वादिमलव्यपायजनकः स्नानं विवेकः सताम् ।**
**अन्यद्वारिकृतं तु जन्तुनिकरव्यापादनात्पापकृ-**
**न्नो धर्मो न पवित्रता खलु ततः काये स्वभावाशुचौ ।।३।।**

**અનુવાદ :** ચિત્તમાં પૂર્વના કરોડો ભવોમાં સંચિત થયેલી પાપકર્મરૂપી ધૂળના સંબંધથી પ્રગટ થતા મિથ્યાત્વ આદિરૂપ મળને નષ્ટ કરનાર જે વિવેકબુદ્ધિ ઉત્પન્ન થાય છે તે જ વાસ્તવમાં સજ્જન પુરુષોનું સ્નાન છે. એનાથી ભિન્ન જે જળકૃત સ્નાન છે તે પ્રાણીસમૂહને પીડાજનક હોવાથી પાપ કરનાર છે. તેનાથી ન તો ધર્મ સંભવે છે અને ન સ્વભાવથી અપવિત્ર શરીરની પવિત્રતા પણ સંભવે છે. ૩.

(शार्दूलविक्रीडित)

सम्यग्बोधविशुद्धवारिणि लसत्सद्दर्शनोर्मिव्रजे
नित्यानन्दविशेषशैत्यसुभगे निःशेषपापद्रुहि ।
सत्तीर्थे परमात्मनामनि सदा स्नानं कुरुध्वं बुधाः
शुद्ध्यर्थं किमु धावत त्रिपथगामालपयासाकुलाः ।।४।।

**અનુવાદ :** હે વિદ્વાનો! જે પરમાત્મા નામનું સમીચીન તીર્થ સમ્યગ્જ્ઞાનરૂપ નિર્મળ જળથી પરિપૂર્ણ છે, શોભાયમાન સમ્યક્દર્શનરૂપ લહેરોના સમૂહથી વ્યાપ્ત છે, અવિનશ્વર આનંદવિશેષરૂપ (અનંતસુખ) શૈત્યથી મનોહર છે તથા સમસ્ત પાપોને નષ્ટ કરનાર છે. તેમાં તમે નિરંતર સ્નાન કરો. વ્યર્થ પરિશ્રમથી વ્યાકુળ થઈને શુદ્ધિ માટે ગંગા તરફ કેમ દોડો છો? અર્થાત્ ગંગા આદિમાં સ્નાન કરવાથી કાંઈ અંતરંગ શુદ્ધિ થઈ શકતી નથી, તે તો પરમાત્માના સ્મરણ અને તેના સ્વરૂપ ચિંતન આદિથી જ થઈ શકે છે, માટે તેમાં જ અવગાહન કરવું જોઈએ. ૪.

(शार्दूलविक्रीडित)

नो दृष्टः शुचितत्त्वनिश्चयनदो न ज्ञानरत्नाकरः
पापैः क्वापि न दृश्यते च समतानामातिशुद्धो नदी ।
तेनैतानि विहाय पापहरणे सत्यानि तीर्थानि ते
तीर्थाभाससुरापगादिषु जडा मज्जन्ति तुष्यन्ति च ।।५।।

**અનુવાદ :** પાપી જીવોએ ન તત્ત્વના નિશ્ચયરૂપ પવિત્ર નદ (વિશેષ નદી) જોયેલ છે અને ન જ્ઞાનરૂપ સમુદ્ર પણ જોયો છે તેઓ સમતા નામની અતિશય પવિત્ર નદી પણ ક્યાંક જોતા નથી તેથી તે મૂર્ખાઓ પાપનો નાશ કરવાના વિષયમાં યથાર્થભૂત આ સમીચીન તીર્થો છોડીને તીર્થ જેવા જણાતા ગંગા આદિ તીર્થાભાસોમાં સ્નાન કરીને સંતુષ્ટ થાય છે. ૫.

(शार्दूलविक्रीडित)

नो तीर्थं न जलं तदस्ति भुवने नान्यत्किमप्यस्ति तत्
निःशेषाशुचि येन मानुषवपुः साक्षादिदं शुद्ध्यति ।

आधिव्याधि जरामृतिप्रभृतिभिर्व्याप्तं तथैतत्पुनः
शश्वत्तापकरं यथास्य वपुषो नामाप्यसह्यं सताम् ।।६।।

**અનુવાદ :** સંસારમાં એવું કોઈ તીર્થ નથી, એવું કોઈ જળ નથી તથા અન્ય પણ એવી કોઈ વસ્તુ નથી; જેના દ્વારા પૂર્ણપણે અપવિત્ર આ મનુષ્યનું શરીર પ્રત્યક્ષમાં શુદ્ધ થઈ શકે, આધિ (માનસિક કષ્ટ), વ્યાધિ ( શારીરિક કષ્ટ), ઘડપણ (વૃદ્ધાવસ્થા) અને મરણ આદિથી વ્યાપ્ત આ શરીર નિરંતર એટલું સંતાપકારક છે કે સજ્જનોને તેનું નામ લેવું પણ અસહ્ય લાગે છે. ૬.

(शार्दूलविक्रीडित)

सर्वैस्तीर्थजलैरपि प्रतिदिनं स्नातं न शुद्धं भवेत्
कर्पूरादिविलेपनैरपि सदा लिप्तं च दुर्गन्धभृत् ।
यत्नेनापि च रक्षितं क्षयपथप्रस्थायि दुःखप्रदं
यत्तस्माद्वपुषः किमन्यदशुभं कष्टं च किं प्राणिनाम् ।।७।।

**અનુવાદ :** જો આ શરીરને પ્રતિદિન સમસ્ત તીર્થોના જળથી પણ સ્નાન કરાવવામાં આવે તો પણ તે શુદ્ધ થઈ શકતું નથી, જો એને કપૂર અને કુંકુમ આદિ સુગંધી લેપો દ્વારા લેપ પણ કરવામાં આવે તો પણ તે દુર્ગન્ધ ધારણ કરે છે તથા જો એનું પ્રયત્નપૂર્વક રક્ષણ પણ કરવામાં આવે તો પણ તે ક્ષયના માર્ગે જ પ્રસ્થાન કરશે અર્થાત્ નષ્ટ થશે. આ રીતે જે શરીર સર્વ પ્રકારે દુઃખ આપે છે તેનાથી વધારે પ્રાણીઓને બીજું ક્યું અશુભ અને કષ્ટ હોઈ શકે? અર્થાત્ પ્રાણીઓને સૌથી અધિક અશુભ અને કષ્ટ આપનાર આ શરીર જ છે, અન્ય કોઈ નથી. ૭.

(शार्दूलविक्रीडित)

भव्या भुरिभवार्जितोदितमहद्दृङ्मोहसर्पोल्लसन-
मिथ्याबोधविषप्रसंगविकला मन्दीभवद्दृष्टयः ।
श्रीमत्पङ्कजनन्दिवक्तशशभृद्बिम्बप्रसूतं परं
पीत्वा कर्णपुटेर्भवन्तु सुखिनः स्नानाष्टकाख्यामृतम् ।।८।।

**અનુવાદ :** જે ભવ્ય જીવ અનેક જન્મોમાં ઉપાર્જિત થઈને ઉદયને પ્રાપ્ત થયેલ

એવા દર્શનમોહનીયરૂપ મહાસર્પથી પ્રગટ થયેલ મિથ્યાજ્ઞાનરૂપ વિષના સંસર્ગથી વ્યાકુળ છે, તથા એ જ કારણે જેમની સમ્યગ્દર્શનરૂપ દૃષ્ટિ અતિશય મંદ થઈ ગઈ છે તે ભવ્ય જીવ શ્રીમાન્ પદ્મનન્દિ મુનિના મુખરૂપ ચંદ્રબિંબથી ઉત્પન્ન થયેલ આ ઉત્કૃષ્ટ 'સ્નાનાષ્ટક' નામનું અમૃત કાનવડે પીને સુખી થાવ.

**વિશેષાર્થ :** જો કોઈ વાર કોઈ પ્રાણીને ઝેરી સર્પ કરડી જાય છે તો તે શરીરમાં ફેલાતા તેના વિષથી અત્યંત વ્યાકુળ થઈ જાય છે તથા તેની દૃષ્ટિ (નજર) મંદ પડી જાય છે. સૌભાગ્યવશે જો તે વખતે ચંદ્રબિંબમાંથી ઉત્પન્ન થયેલ અમૃતની પ્રાપ્તિ થઈ જાય, તો તે તેને પીને વિષરહિત થયો થકો પૂર્વ ચેતના પ્રાપ્ત કરી લે છે. બરાબર એવી જ રીતે જે પ્રાણી સર્પ સમાન અનેક ભવોમાં ઉપાર્જિત દર્શનમોહનીયના ઉદયથી મિથ્યાભાવને પ્રાપ્ત થયેલ જ્ઞાન (મિથ્યાજ્ઞાન) દ્વારા વિવેકશૂન્ય થઈ ગયા છે તથા જેમનું સમ્યગ્દર્શન મંદ પડી ગયું છે તેઓ જો પદ્મનન્દિ મુનિએ રચેલ આ 'સ્નાનાષ્ટક' પ્રકરણ કાનો વડે સાંભળે તો અવિવેક નષ્ટ થઈ જવાથી તેઓ અવશ્યમેવ પ્રબોધ પામે, કારણ કે આ સ્નાનાષ્ટક પ્રકરણ અમૃત સમાન સુખ આપનાર છે. ૮.

આ રીતે સ્નાનાષ્ટક અધિકાર સમાપ્ત થયો. ૨૫.

સહજ ચિદાનંદ.

# ૨૬. બ્રહ્મચર્યાષ્ટક

## [२६. ब्रह्मचर्याष्टकम् ]

(द्रुतविलम्बित)

भवविवर्धनमेव यतो भवेदधिकदुःखकरं चिरमङ्गिनाम् ।
इति निजाङ्गनयापि न तन्मतं मतिमतां सुरतं किमुतो ऽन्यथा ।।१।।

**અનુવાદ :** મૈથુન (સ્ત્રીસેવન) પ્રાણીઓનો સંસાર વધારીને તેમને ચિરકાળ સુધી અધિક દુઃખ આપે છે તેથી બુદ્ધિમાન મનુષ્યોને જ્યાં પોતાની સ્ત્રી સાથે પણ તે મૈથુન કર્મ ઈષ્ટ નથી તો પછી ભલા અન્ય પ્રકારે અર્થાત્ પરસ્ત્રી આદિની સાથે તો તે તેમને ઈષ્ટ કેમ હોય? અર્થાત્ તેની તો બુદ્ધિમાન મનુષ્ય કદી ઈચ્છા જ કરતા નથી. ૧.

(द्रुतविलम्बित)

पशव एव रते रतमानसा इति बुधैः पशुकर्म तदुच्यते ।
अभिधया ननु सार्थकयानया पशुगतिः पुरतो ऽस्य फलं भवेत् ।।२।।

**અનુવાદ :** આ મૈથુનકર્મમાં પશુઓનું જ મન અનુરક્ત રહે છે, તેથી વિદ્વાન મનુષ્ય તેને પશુકર્મ એ સાર્થક નામે કહે છે. તથા આગળના ભવમાં એનું ફળ પણ પશુગતિ અર્થાત્ તિર્યંચગતિની પ્રાપ્તિ થાય છે.

**વિશેષાર્થ :** આનો અભિપ્રાય એ છે કે જે મનુષ્ય નિરંતર વિષયાસક્ત રહે છે તે પશુઓથી પણ હલકાં છે. કારણ કે પશુઓને તો ઘણું કરીને એને માટે કાંઈક નિશ્ચિત સમય જ રહે છે; પરંતુ આવા મનુષ્યોને એના માટે કોઈ પણ સમય નિશ્ચિત હોતો નથી– તેઓ નિરંતર કામાસક્ત રહે છે. એનું ફળ એ થાય છે કે આગામી ભવમાં તેમને તે તિર્યંચ

પર્યાયની પ્રાપ્તિ જ થાય છે જ્યાં ઘણું કરીને હિતાહિતનો કોઈ પણ વિવેક રહેતો નથી. તેથી શાસ્ત્રકારોએ પરસ્પરના વિરોધ રહિત જ ધર્મ, અર્થ અને કામ–આ ત્રણે પુરુષાર્થોના સેવનનું વિધાન કર્યું છે. ૨.

(द्रुतविलम्बित)

**यदि भवेदबलासु रतिः शुभा किल निजासु सतामिह सर्वथा ।**
**किमिति पर्वसु सा परिवर्जिता किमिति वा तपसे सततं बुद्धैः ।।३।।**

**અનુવાદ :** જો લોકમાં સજ્જન પુરુષોને પોતાની સ્ત્રીના વિષયમાં પણ કરવામાં આવતો અનુરાગ શ્રેષ્ઠ લાગતો હોય તો પછી વિદ્વાન્ પર્વ (આઠમ, ચૌદશ વગેરે) ના દિવસોમાં અથવા તપના નિમિત્તે તેનો નિરંતર ત્યાગ કેમ કરાવેત? અર્થાત્ ન કરાવેત.

**વિશેષાર્થ :** અભિપ્રાય એ છે કે પરસ્ત્રી આદિની સાથે કરવામાં આવતું મૈથુનકર્મ તો સર્વથા નિન્દનીય છે જ, પરંતુ સ્વસ્ત્રીની સાથે કરવામાં આવતું તે કર્મ નિન્દનીય જ છે. હા, એટલું જરૂર છે કે તે પરસ્ત્રી આદિની અપેક્ષાએ કાંઈક ઓછું નિન્દનીય છે. એ જ કારણે વિવેકી ગૃહસ્થ આઠમ–ચૌદસ વગેરે પર્વના દિવસોમાં સ્વસ્ત્રીસેવનનો પણ ત્યાગ કરતા રહે છે તથા મુમુક્ષુ જનો તો તેનો સર્વથા જ ત્યાગ કરીને તપનું ગ્રહણ કરે છે. ૩.

(द्रुतविलम्बित)

**रतिपतेरुदयान्नरयोषितोरशुचिनोर्वपुषोः परिघट्टनात् ।**
**अशुचि सुष्ठुतरं तदितो भवेत्सुखलवे विदुषः कथमादरः ।।४।।**

**અનુવાદ :** કામ (વેદ)ના ઉદયથી પુરુષ અને સ્ત્રીના અપવિત્ર શરીરો (જનનેન્દ્રિયો) ઘસાવાથી જે અત્યંત અપવિત્ર મૈથુનકર્મ તથા તેનાથી જે અલ્પ સુખ થાય છે તેના વિષયમાં ભલા વિવેકી જીવને કેવી રીતે આદર થઈ શકે? અર્થાત્ થઈ શકતો નથી. ૪.

(द्रुतविलम्बित)

**अशुचिनि प्रसभं रतकर्मणि प्रतिशरीरि रतिर्यदपि स्थिता ।**
**चिदरिमोहविजृम्भणदूषणादियमहो भवतीति निबोधिता ।।५।।**

**અનુવાદ :** પ્રત્યેક પ્રાણીમાં જે અપવિત્ર મૈથુનકર્મના વિષયમાં બળપૂર્વક

અનુરાગ સ્થિત રહે છે તે ચેતનના શત્રુભૂત મોહના વિસ્તારરૂપ દોષથી થાય છે. એનું કારણ અવિવેક છે. ૫.

(द्रुतविलम्बित)

**निरवशेषयमद्रुमखण्डने शितकुठारहतिर्ननु मैथुनम् ।**
**सततमात्महितं शुभमिच्छता परिहृतिर्व्रतिनास्य विधीयते ।।६।।**

**અનુવાદ :** નિશ્ચયથી આ મૈથુનકર્મ સમસ્ત સંયમરૂપ વૃક્ષને ખંડિત કરવામાં તીક્ષ્ણ કુહાડીના આઘાત સમાન છે. તેથી નિરંતર ઉત્તમ આત્મહિતની ઇચ્છા કરનાર સાધુ એનો ત્યાગ કરે છે. ૬.

(द्रुतविलम्बित)

**मधु यथा पिबतो विश्रतिस्तथा वृजिनकर्मभृतः सुरते मतिः ।**
**न पुनरेतदभीष्टमिहाङ्गिनां न च परत्र यदायति दुःखदम् ।।७।।**

**અનુવાદ :** જેમ મદ્ય પીનાર પુરુષને વિકાર થાય છે તેવી જ રીતે પાપ કર્મ ધારણ કરનાર પ્રાણીને મૈથુનના વિષયમાં બુદ્ધિ થાય છે. પરંતુ એ પ્રાણીઓને ન આ લોકમાં ઇષ્ટ છે અને ન પરલોકમાં ય. કારણ કે તે ભવિષ્યમાં દુઃખદાયક છે. ૭.

(द्रुतविलम्बित)

**रतिनिषेधविधौ यततां भवेच्चपलतां प्रविहाय मनः सदा ।**
**विषयसौख्यमिदं विषसंनिभं कुशलमस्ति न भुक्तवतस्तव ।।८।।**

**અનુવાદ :** હે મન, તું ચંચળતા છોડીને નિરંતર મૈથુનના પરિત્યાગની વિધિમાં પ્રયત્ન કર, કારણ કે આ વિષયસુખ વિષસમાન દુઃખદાયક છે. તેથી એને ભોગવતાં તારૂં કલ્યાણ થઈ શકશે નહીં.

**વિશેષાર્થ :** જેમ વિષના ભક્ષણથી પ્રાણીને મરણજન્ય દુઃખ ભોગવવું પડે છે તેવી જ રીતે આ મૈથુનવિષયક અનુરાગથી પણ પ્રાણીને જન્મ–મરણના અનેક દુઃખ સહન કરવા પડે છે. તેથી અહીં મનને સંબોધિત કરીને એમ કહેવામાં આવ્યું છે કે હે મન! તું આ લોક અને પરલોક બન્ને ય લોકમાં દુઃખ આપનાર તે વિષયભોગને છોડવાનો પ્રયત્ન કર, નહિ તો તારૂં અહિત અનિવાર્ય છે. ૮.

(द्रुतविलम्बित)

युवतिसंगतिवर्जनमष्टकं प्रति मुमुक्षुजनं भणितं मया ।
सुरतरागसमुद्रगता जनाः कुरुत मा क्रुधमत्र मुनौ मयि ॥९॥

**અનુવાદ :** મેં સ્ત્રી સંસર્ગના પરિત્યાગવિષયક જે આ આઠ શ્લોકોનું પ્રકરણ રચ્યું છે તે મોક્ષાભિલાષી જનોનું લક્ષ્ય કરીને રચ્યું છે. તેથી જે પ્રાણી મૈથુનના અનુરાગરૂપ સમુદ્રમાં મગ્ન થઈ રહ્યા છે, તે મારા (પદ્મનન્દિ મુનિ) ઉપર ક્રોધ ન કરો. ૯.

આ રીતે બ્રહ્મચર્યાષ્ટક સમાપ્ત થયું. ૨૬.

આ રીતે પદ્મનન્દિ મુનિ દ્વારા વિરચિત **'પદ્મનન્દિ–પંચવિંશતિ'** ગ્રન્થ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.